શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા


# શ્રી ભગવતી સૂત્ર - ૨

ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

ગણધર રચિત પાંચમું અંગ

# શ્રી ભગવતીસૂત્ર – ૨

શતક : ૫ થી ૭

(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: અનુવાદિકા :**
ડૉ. શ્રી આરતીબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન
PARASDHAM
પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –
**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -
**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –
**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –
**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

જેની વિશાળતાએ ભેદભાવને
વિલીન કર્યા હતાં,
જેના વાત્સલ્યે સહુને સમાવ્યા હતાં,
જેની વિચક્ષણતાએ અનેક
શાસન સેવાના કાર્યો થયા હતાં,
જેની વિલક્ષણતાએ વિશિષ્ટ સંતનો
આદર્શ ખડો કર્યો હતો,
સૌરાષ્ટ્રવાસીઓને અભેદ ભાવે
શ્રદ્ધા, ભક્તિ અને સંત સેવાના
સંસ્કારનું સીંચન કરનાર,
મમ શ્રદ્ધામૂર્તિ, યશોનામી,
યશોધામી, કલ્યાણકામીના,
કર કમળોમાં ભગવતી સૂત્રના
અનુવાદનું નજરાણું શ્રદ્ધા ભક્તિ
સભર હૃદયે સમર્પણ કરું છું.

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા
સાધ્વી આરતી

## તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ
ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં
ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ હ્રીં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ એવંચ અનુમન્યતે ચ
અહં "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય-
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સહ-
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે-
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ
સુન્દરં સ્યાત્
અર્પતે-
આનંદ મંગલમ્

27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

પ્રધાન સંપાદિકા ભાવયોગિની
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
સહસંપાદિકા
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

સાંનિધ્ય
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

## સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




## શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પદ્માબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
## સૌ. ડો. નીતા ઈપ્સિત શાહ

જેના હૈયે શ્રી નવકાર તેને શું કરશે સંસાર ? નવકાર મંત્રને સતત હૈયે ધારણ કરી, તે સંસ્કાર વારસો પોતાના પરિવારમાં વહેંચનારા માતુશ્રી **કુસુમબેન** અને પિતાશ્રી **શાંતિલાલભાઈ શાહ** સાચા અર્થમાં કુટુંબના મોભી બનીને રહ્યા છે.

લાગણીશીલ, ઉદારદિલા બંને સુપુત્રો **શ્રી ઈપ્સિતભાઈ** અને **શ્રી ભાષિતભાઈ** તથા બંને પુત્રવધુઓ ડૉ. સૌ. **નીતાબેન** અને સૌ. **દર્શિતાબેન** સંપ, સ્નેહ, તપ, ત્યાગ જેવા ઉમદા ગુણોથી કુટુંબની એકતાને અખંડિત રાખી રહ્યા છે.

સેવાપ્રેમી ડો. નીતા શાહ અંધેરી ઉપાશ્રયમાં હોમિયોપેથી ડોક્ટર તરીકે પોતાની સેવા આપી અનેક લોકોના દર્દ મીટાવી રહ્યા છે. સાથે સાધુ-સાધ્વીઓની વૈયાવચ્ચ કરી જીવનને ધન્ય બનાવી રહ્યા છે અને માતા-પિતા સૌ. **મંજુલાબેન રજનીકાંત મોદી**ના નામને ઉજ્જવળ કરી રહ્યા છે. ભાઈ-ભાભી શ્રી ભાવેશ - દિપીકા, શ્રી હેમલ - દિપ્તીના ઉમદા ભાવોને સાર્થક કરી રહ્યા છે.

પૂ. ગુરુદેવ **શ્રી નમ્રમુનિ મ. સા.** ના પ્રેરણા, પરિચય અને સત્સંગે સુપુત્ર જૈનમ્, સુપુત્રી ત્રીશા, મિત્રા અને જીનિતાની જીવન દિશા બદલાઈ ગઈ છે. ઉપાશ્રયે ન આવતી ત્રિશા ગુરુદેવ પાસે આવવા લાગી તેટલું જ નહીં પણ પૂજ્યવરા પૂ. મુક્તાબાઈ મ. ની નાદુરસ્ત તબિયતના સમયે હોસ્પીટલમાં સેવામાં પહોંચી જતી. ત્રિશાને ગુરુ સત્સંગનો એવો રંગ લાગ્યો કે પાર્લા મુકામે આગમ મહોત્સવ અને આગમપૂજનના સુઅવસરે આગમના શ્રુતાધાર બનવાના ભાવ જાગ્યા અને તેના તે ભાવને વધાવી લેતા ઈપ્સિતભાઈ માતુશ્રીના નામે શ્રુતાધાર બની ધન્યભાગી બન્યા. તમારી શ્રુતસેવાથી ગુરુપ્રાણ પ્રકાશન - પારસધામ આપનું ૠણી છે.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્‌વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે - બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ - બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

## વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 13 |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 17 |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 19 |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 21 |
| અભિગમ | 23 |
| સંપાદકીય | 29 |
| સંપાદન અનુભવો | 47 |
| અનુવાદિકાની કલમે | 49 |
| ૩૨ અસ્વાધ્યાય | 54 |
| **શાસ્ત્ર પ્રારંભ** | |
| **શતક–૫** | |
| શતક પરિચય | ૧ |
| **શતક–૫, ઉદ્દે.–૧ : સંક્ષિપ્ત સાર** | ૩ |
| દશ ઉદ્દેશકોનાં નામ | ૫ |
| ચંપાનગરી | ૬ |
| સૂર્યભ્રમણ વિધિ | ૭ |
| જંબૂદ્વીપના વિભાગોમાં દિવસ–રાત્રિ | ૯ |
| દિવસ રાત્રિનું કાલમાન | ૧૧ |
| વર્ષાદિ ૠતુઓના પ્રથમ સમય, આવલિકાદિ | ૧૬ |
| અયન વગેરેનો પ્રારંભ | ૧૮ |
| લવણ સમુદ્રાદિમાં દિવસ–રાત્રિ આદિ | ૨૧ |
| **શતક–૫, ઉદ્દે.–૨ : સંક્ષિપ્ત સાર** | ૨૬ |
| દિશા વિદિશામાં ચારે પ્રકારના વાયુ | ૨૭ |
| દ્વીપ સમુદ્રમાં પરસ્પર વાયુનો સંચાર | ૨૮ |
| ચારે પ્રકારના વાયુને વહેવાના કારણ | ૩૦ |
| ઓદનાદિ અને મદિરાની પૂર્વ–પશ્ચાદવસ્થા | ૩૨ |
| અસ્થિ : અંગારાદિની પૂર્વ–પશ્ચાદવસ્થા | ૩૪ |
| લવણ સમુદ્રની સ્થિતિ, સ્વરૂપ આદિ | ૩૫ |
| **શતક–૫, ઉદ્દે.–૩ : સંક્ષિપ્ત સાર** | ૩૬ |
| આયુષ્ય વિષયક અન્યતીર્થિકોની માન્યતા | ૩૭ |
| આયુષ્ય બંધના સ્થાન અને સમય | ૪૦ |
| **શતક–૫, ઉદ્દે.–૪ : સંક્ષિપ્ત સાર** | ૪૩ |
| છદ્મસ્થ અને કેવળીની શબ્દ શ્રવણ શક્તિ | ૪૫ |
| હાસ્ય અને તેનાથી કર્મબંધ | ૪૮ |
| નિદ્રા અને તેનાથી કર્મબંધ | ૫૦ |
| હરિણૈગમેષી દેવ દ્વારા ગર્ભાપહરણ | ૫૧ |
| અતિમુક્તક કુમાર શ્રમણ | ૫૨ |
| પ્રભુ મહાવીર અને દેવનો મનોગત વાર્તાલાપ | ૫૫ |
| દેવો માટે શબ્દપ્રયોગનો વિવેક | ૫૯ |
| દેવોની ભાષા | ૬૦ |
| કેવળી અને છદ્મસ્થની જ્ઞાનશક્તિમાં તફાવત | ૬૧ |
| વૈમાનિક દેવોની મનોલબ્ધિ | ૬૪ |
| અનુત્તરોપપાતિક દેવોની મનોલબ્ધિ | ૬૬ |
| કેવળીનું અતીન્દ્રિય જ્ઞાન | ૬૮ |
| કેવળી ભગવાનની કાયિક અશક્યતા | ૬૯ |
| ચતુર્દશ પૂર્વીનું લબ્ધિ સામર્થ્ય | ૭૧ |
| **શતક–૫, ઉદ્દે.–૫ : સંક્ષિપ્ત સાર** | ૭૩ |
| છદ્મસ્થ મુક્તિ નિષેધ | ૭૪ |
| એવંભૂત–અનેવંભૂત વેદના | ૭૪ |
| કુલકર, તીર્થંકરાદિની સંખ્યા. | ૭૬ |
| **શતક–૫, ઉદ્દે.–૬ : સંક્ષિપ્ત સાર** | ૮૦ |
| અલ્પાયુ અને દીર્ઘાયુ બંધના કારણ | ૮૨ |

| | |
|---|---|
| વાસણ આદિના સંબંધથી લાગતી ક્રિયાઓ | ૮૫ |
| અગ્નિકાયમાં મહાકર્મ અને અલ્પકર્મ | ૮૮ |
| ધનુર્ધારી અને ધનુષના જીવોને લાગતી ક્રિયા | ૮૯ |
| અન્યતીર્થિકોનો મનુષ્યલોક સંબંધી ભ્રમ | ૯૨ |
| નૈરયિકોની વિકુર્વણા શક્તિ | ૯૩ |
| દોષોને નિર્દોષ માનનારની આરાધના–વિરાધના | ૯૪ |
| આચાર્ય–ઉપાધ્યાયની ગતિ | ૯૭ |
| મિથ્યા દોષારોપણનું દુષ્ફળ | ૯૭ |
| **શતક–૫, ઉદ્દે.–૭ : સંક્ષિપ્ત સાર** | ૯૯ |
| પરમાણુ પુદ્ગલનું કંપન | ૧૦૧ |
| પુદ્ગલોનું અવગાહન અને છેદન | ૧૦૪ |
| પુદ્ગલોની સાર્ધતા સમધ્યતા | ૧૦૬ |
| પરમાણુ આદિ પુદ્ગલોની પરસ્પર સ્પર્શના | ૧૦૮ |
| દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ અપેક્ષા પુદ્ગલોની સ્થિતિ | ૧૧૩ |
| પુદ્ગલોનો અંતરકાલ | ૧૧૫ |
| પુદ્ગલ દ્રવ્યોની સ્થિતિઓનું અલ્પબહુત્વ | ૧૧૮ |
| જીવોમાં આરંભ અને પરિગ્રહ | ૧૨૦ |
| પાંચ હેતુ–અહેતુઓનું નિરૂપણ | ૧૨૩ |
| **શતક–૫, ઉદ્દે.–૮ : સંક્ષિપ્ત સાર** | ૧૨૮ |
| નિર્ગ્રંથી પુત્ર અને નારદ પુત્ર અણગાર | ૧૩૧ |
| સપ્રદેશી–અપ્રદેશી પુદ્ગલોનું અલ્પબહુત્વ | ૧૩૬ |
| જીવોની હાનિ, વૃદ્ધિ અને અવસ્થિતિ | ૧૩૯ |
| જીવોમાં સોપચયાદિ ચાર ભંગ | ૧૪૩ |
| **શતક–૫, ઉદ્દે.–૯ : સંક્ષિપ્ત સાર** | ૧૪૮ |
| રાજગૃહના સ્વરૂપનો તાત્ત્વિક દષ્ટિએ નિર્ણય | ૧૫૦ |
| પ્રકાશ અને અંધકાર | ૧૫૧ |
| ચોવીસ દંડકમાં સમયનું જ્ઞાન | ૧૫૪ |
| પાર્શ્વાપત્ય સ્થવિરો અને પ્રભુ મહાવીર | ૧૫૫ |
| દેવલોક | ૧૫૯ |
| **શતક–૫, ઉદ્દે.–૧૦** | |
| ચંદ્ર સંબંધી સંક્ષિપ્ત કથન | ૧૬૧ |

| | |
|---|---|
| **શતક–૬** | |
| શતક પરિચય | ૧૬૨ |
| **શતક–૬, ઉદ્દે.–૧ : સંક્ષિપ્ત સાર** | ૧૬૩ |
| દશ ઉદ્દેશકોનાં નામ | ૧૬૪ |
| વેદના અને નિર્જરાનો સંબંધ | ૧૬૫ |
| ચોવીસ દંડકના જીવોમાં કરણ અને વેદના | ૧૬૯ |
| વેદના અને નિર્જરાની ચૌભંગી | ૧૭૨ |
| **શતક–૬, ઉદ્દે.–૨** | |
| જીવોનો આહાર (સંક્ષિપ્ત પાઠ) | ૧૭૫ |
| **શતક–૬, ઉદ્દે.–૩ : સંક્ષિપ્ત સાર** | ૧૭૭ |
| ઉદ્દેશકના વિષયો | ૧૭૯ |
| કર્મ અને જીવ માટે વસ્ત્ર અને પુદ્ગલનું દષ્ટાંત | ૧૭૯ |
| પ્રયોગથી કે સ્વભાવથી કર્મ અને પુદ્ગલોપચય | ૧૮૨ |
| કર્મ પુદ્ગલોચય સાદિ સાંત કે અનાદિ અનંત | ૧૮૪ |
| જીવના સાદિ સાન્ત વગેરે ચતુર્ભંગ | ૧૮૬ |
| આઠ કર્મોની સ્થિતિ | ૧૮૭ |
| ૫૦ બોલ ઉપર કર્મબંધક–અબંધક | ૧૯૦ |
| પંદર દ્વારોનું અલ્પબહુત્વ | ૨૦૩ |
| **શતક–૬, ઉદ્દે.–૪ : સંક્ષિપ્ત સાર** | ૨૦૫ |
| જીવોમાં સપ્રદેશતા–અપ્રદેશતા | ૨૦૭ |
| વર્ણિત વિષયના દ્વારોનું સંકલન | ૨૧૯ |
| પ્રત્યાખ્યાન અને આયુષ્ય | ૨૨૩ |
| **શતક–૬, ઉદ્દે.–૫ : સંક્ષિપ્ત સાર** | ૨૨૭ |
| તમસ્કાય | ૨૨૯ |
| આઠ કૃષ્ણરાજિઓ | ૨૩૭ |
| લોકાન્તિક દેવો | ૨૪૪ |
| **શતક–૬, ઉદ્દે.–૬ : સંક્ષિપ્ત સાર** | ૨૪૯ |
| ચોવીસ દંડકોના આવાસ, વિમાન આદિ | ૨૫૦ |
| મારણાંતિક સમુદ્ઘાત | ૨૫૧ |
| **શતક–૬, ઉદ્દે.–૭ : સંક્ષિપ્ત સાર** | ૨૫૬ |

| | |
|---|---|
| ધાન્યોનો યોનિકાલ | ૨૫૭ |
| ગણનાકાલ | ૨૫૯ |
| ઉપમાકાલ | ૨૬૧ |
| સુષમસુષમાકાલના ભાવ | ૨૬૪ |
| **શતક–૬, ઉદ્દે.–૮ : સંક્ષિપ્ત સાર** | ૨૬૬ |
| નરક અને દેવલોકની નીચે રહેલા દ્રવ્યો | ૨૬૮ |
| જીવોના આયુષ્ય બંધના પ્રકાર | ૨૭૨ |
| અસંખ્ય દ્વીપ સમુદ્ર | ૨૭૭ |
| દ્વીપ સમુદ્રોના શુભ નામ | ૨૭૮ |
| **શતક–૬, ઉદ્દે.–૯ : સંક્ષિપ્ત સાર** | ૨૮૦ |
| જ્ઞાનાવરણીય કર્મબંધ સાથે અન્ય કર્મબંધ | ૨૮૧ |
| દેવોનું વિકુર્વણા સામર્થ્ય | ૨૮૧ |
| દેવોનું જ્ઞાન સામર્થ્ય | ૨૮૪ |
| **શતક–૬, ઉદ્દે.–૧૦ : સંક્ષિપ્ત સાર** | ૨૮૭ |
| અન્યના સુખ દુઃખનું પ્રદર્શન અશક્ય | ૨૮૮ |
| જીવનું સ્વરૂપ | ૨૯૦ |
| જીવના સુખ–દુઃખ વેદન સંબંધી સિદ્ધાંત | ૨૯૨ |
| એક ક્ષેત્રાવગાઢ પુદ્ગલાહાર | ૨૯૩ |
| કેવલી ભગવાનનું જ્ઞાન–દર્શન સામર્થ્ય | ૨૯૪ |
| **શતક–૭** | |
| શતક પરિચય | ૨૯૬ |
| **શતક–૧, ઉદ્દે.–૧ : સંક્ષિપ્ત સાર** | ૨૯૮ |
| દશ ઉદ્દેશકના નામ | ૩૦૦ |
| જીવની અનાહારકતા | ૩૦૧ |
| જીવની સર્વ અલ્પાહારતા | ૩૦૩ |
| લોક સંસ્થાન | ૩૦૪ |
| ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા | ૩૦૫ |
| શ્રાવકના વ્રતની વિશાળતા | ૩૦૬ |
| નિર્દોષ આહારદાનનો લાભ | ૩૦૭ |
| કર્મરહિત જીવની ઊર્ધ્વગતિ | ૩૦૯ |
| દુઃખીને દુઃખનો સ્પર્શ | ૩૧૨ |
| ઉપયોગ રહિત અણગારને સાંપરાયિક ક્રિયા | ૩૧૩ |
| ગૌચરીના દોષો | ૩૧૫ |
| સાધુની સમગ્ર આહાર વિધિ | ૩૨૦ |
| **શતક–૭, ઉદ્દે.–૨ : સંક્ષિપ્ત સાર** | ૩૨૫ |
| સુપ્રત્યાખ્યાન અને દુષ્પ્રત્યાખ્યાન | ૩૨૭ |
| મૂળગુણ પ્રત્યાખ્યાન, ઉત્તરગુણ પ્રત્યાખ્યાન | ૩૨૯ |
| ચોવીસ દંડકમાં મૂલોત્તરગુણ પ્રત્યાખ્યાન | ૩૩૩ |
| અલ્પબહુત્વ : મૂલોત્તરગુણ પ્રત્યાખ્યાની | ૩૩૪ |
| દેશ અને સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાની | ૩૩૫ |
| દેશ અને સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની | ૩૩૬ |
| સંયત તથા પ્રત્યાખ્યાની આદિ | ૩૩૮ |
| જીવોની શાશ્વતતા–અશાશ્વતતા | ૩૪૦ |
| **શતક–૭, ઉદ્દે.–૩ : સંક્ષિપ્ત સાર** | ૩૪૨ |
| વનસ્પતિનો અલ્પ અને અધિક આહાર | ૩૪૩ |
| મૂળ, કંદ આદિનો સંબંધ અને આહાર | ૩૪૪ |
| કંદમૂળમાં અનંત અને વિભિન્ન જીવ | ૩૪૫ |
| લેશ્યાની અપેક્ષાએ અલ્પ–મહા કર્મત્વ | ૩૪૬ |
| વેદના અને નિર્જરા | ૩૪૮ |
| નૈરયિકાદિની શાશ્વતતા–અશાશ્વતતા | ૩૫૨ |
| **શતક–૭, ઉદ્દે.–૪** | |
| સંસાર સમાપન્નક જીવ (સંક્ષિપ્ત પાઠ) | ૩૫૫ |
| **શતક–૭, ઉદ્દે.–૫** | |
| ખેચર તિર્યંચ પંચેન્દ્રિય (સંક્ષિપ્ત પાઠ) | ૩૫૭ |
| **શતક–૭, ઉદ્દે.–૬ : સંક્ષિપ્ત સાર** | ૩૫૯ |
| આયુષ્યબંધ અને વેદન | ૩૬૧ |
| મહાવેદના અને અલ્પવેદના | ૩૬૨ |
| અનાભોગનિર્વર્તિત આયુષ્યબંધ | ૩૬૪ |
| કર્કશ–અકર્કશ વેદનીય કર્મબંધ | ૩૬૫ |
| શાતા–અશાતાવેદનીય કર્મબંધનાં કારણો | ૩૬૭ |
| દુઃષમ દુઃષમાકાલ | ૩૬૮ |
| **શતક–૭, ઉદ્દે.–૭ : સંક્ષિપ્ત સાર** | ૩૭૫ |

| | | | |
|---|---|---|---|
| સંવૃત્ત અણગારને લાગતી ક્રિયા | ૩૭૬ | **આકૃતિ સૂચિ** | |
| કામભોગ | ૩૭૭ | ચાર દિશાઓ અને વિદિશાઓ | ૮ |
| ભોગી અને ક્ષીણભોગી | ૩૮૧ | સૂર્યનું પરિભ્રમણ | ૯ |
| અકામનિકરણ અને પ્રકામનિકરણ વેદન | ૩૮૪ | સૂર્યના ઉદય–અસ્તથી થતી દિવસ–રાત્રિ | ૧૦ |
| **શતક–૭, ઉદ્દે.–૮ : સંક્ષિપ્ત સાર** | ૩૮૭ | સૂર્યના માંડલા | ૧૫ |
| છદ્મસ્થની સિદ્ધિનો નિષેધ | ૩૮૮ | દેશ કે સર્વ સકંપ–અકંપની અવસ્થા | ૧૦૩ |
| હાથી અને કુંથુવામાં જીવત્વની સમાનતા | ૩૮૮ | પરમાણુ અને સ્કંધની સ્પર્શનાઓ | ૧૧૨ |
| પાપકર્મનું ફળ : દુઃખ | ૩૮૯ | તમસ્કાય | ૨૩૫ |
| સંજ્ઞાઓના દશ પ્રકાર | ૩૯૦ | કૃષ્ણરાજિ અને લોકાંતિક વિમાન | ૨૪૨ |
| નૈરયિકોની દશ પ્રકારની વેદના | ૩૯૧ | વાટે વહેતા જીવની આહારકતા–અનાહારકતા | ૩૦૩ |
| હાથી અને કુંથુવાની ક્રિયામાં સમાનતા | ૩૯૧ | **કોષ્ટક સૂચિ** | |
| આધાકર્મ દોષનું ફળ | ૩૯૨ | સાતકુલકર | ૭૭ |
| **શતક–૭, ઉદ્દે.–૯ : સંક્ષિપ્ત સાર** | ૩૯૩ | ચોવીસ તીર્થંકર અને તેના માતા–પિતા આદિ | ૭૭ |
| અસંવૃત્ત અણગારનું વિકુર્વણા સામર્થ્ય | ૩૯૫ | બાર ચક્રવર્તી | ૭૮ |
| મહાશિલાકંટક સંગ્રામ | ૩૯૭ | બલદેવ–વાસુદેવ | ૭૯ |
| રથમૂસલ સંગ્રામ | ૪૦૨ | પુદ્‌ગલોની પરસ્પર સ્પર્શનાના ભંગ | ૧૧૨ |
| સંગ્રામમાં મરનારાઓ સંબંધી લોકવાદ | ૪૦૪ | પુદ્‌ગલ દ્રવ્યની સ્થિતિ અને અંતર | ૧૧૮ |
| વઢણ નાગનત્તુઆ અને તેના મિત્રની ગતિ | ૪૧૧ | સપ્રદેશી–અપ્રદેશીની પરસ્પર નિયમા–ભજના | ૧૩૬ |
| **શતક–૭, ઉદ્દે.–૧૦ : સંક્ષિપ્ત સાર** | ૪૧૩ | હાનિ, વૃદ્ધિ અને સોપચયાદિનો તફાવત | ૧૪૬ |
| કાલોદાયીની પંચાસ્તિકાય વિષયક તત્ત્વચર્ચા | ૪૧૫ | અંધકાર અને પ્રકાશની અપેક્ષાએ જીવોનું વિભાજન | ૧૫૩ |
| કાલોદાયીના પુણ્ય–પાપ વિષયક પ્રશ્નો | ૪૨૦ | આઠ કર્મોની સ્થિતિ અને અબાધાકાલ | ૧૮૯ |
| અગ્નિના સમારંભ કરનારને લાગતી ક્રિયા | ૪૨૨ | ૧૫ દ્વારના માધ્યમથી કર્મનો બંધ–અબંધ | ૨૦૨ |
| પ્રકાશમાન પુદ્‌ગલો | ૪૨૪ | ૧૪ દ્વારમાં ઘણા જીવોની અપેક્ષાએ કાલાદેશની | |
| કાલોદાયી અણગારની અંતિમ આરાધના | ૪૨૫ | સપ્રદેશી–અપ્રદેશીના ભંગ | ૨૨૦ |
| **પરિશિષ્ટ–૧** | | કૃષ્ણરાજિ | ૨૪૩ |
| મહાશિલાકંટક અને રથમુસલ સંગ્રામ પછીનું | ૪૨૭ | લોકાંતિક દેવ | ૨૪૮ |
| કથા વિવરણ | | દેવોનું જ્ઞાન સામર્થ્ય | ૨૮૬ |
| **પરિશિષ્ટ–૨** | | આહારક–અનારક | ૩૦૩ |
| વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૪૩૧ | મહાશિલાકંટક સંગ્રામ–રથમુસલ સંગ્રામની વિશેષતા | ૪૦૪ |
| | | ❖❖❖ | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **નામ** | : શ્રી ડુંગરસિંહભાઇ. |
| **જન્મ** | : વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : માંગરોળ. |
| **પિતાશ્રી** | : ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઇ બદાણી. |
| **માતુશ્રી** | : સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઇ. |
| **જન્મ સંકેત** | : માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : ચાર બેન – બે ભાઇ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : સ્વયં, માતુશ્રી હીરબાઇ, બહેન વેલબાઇ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઇ. |
| **સંયમ સાધના** | : અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


શ્રી ગુરુપ્રાણ પ્રકાશન

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

નમઃ ભગવતી માત રે । આજે શ્રીમદ્ ભગવતી શાસ્ત્ર પર આમુખ નિમિત્તે થોડો પ્રકાશ કે મંતવ્ય રજૂ કરવાનો અવસર મળ્યો છે. તે સુંદર રીતે આલેખી શકાય તેવી વીરપ્રભુ પ્રત્યે પ્રાર્થના... હકીકતમાં ભગવતી સૂત્ર તે જ્ઞાનસાગર છે. જેમ તરંગથી ઉછળતો મહાસાગર ઘુઘવાટ કરીને મોટા મોજા ઉત્પન્ન કરે છે અને પુનઃ તે મોજા તેમાં શમી જાય છે તે રીતે આ શાસ્ત્રના વિષયોનું ચિંતન કરતી વખતે તર્કના કે બુધ્ધિના મોજાઓ ઉછળે છે પરંતુ સાંગોપાંગ અધ્યયન કરતાં બધાં મોજાઓ શમી જાય છે અને સ્થિર પ્રકાશની પ્રાપ્તિ થાય છે.

ભગવતી શાસ્ત્રમાં જેમ તત્ત્વજ્ઞાનના પ્રકરણોની પ્રરૂપણા થઈ છે, તે રીતે કોઈ ઐતિહાસિક ઘટનાઓનો પણ સ્પર્શ કરી ઘટનાના માધ્યમથી સામાજિક હિંસાત્મક ધારણાઓનો સ્પષ્ટ પ્રતિવાદ કરવામાં આવ્યો છે. આવી એક ઘટનાનો સ્પર્શ કરી તેના કેટલાક આંતરિક ભાવોને નિહાળીએ.

જૈન શાસ્ત્રોમાં વૈશાલી અને રાજગૃહીના ગણતંત્ર રાજાઓ તથા રાજવીઓ સાથે ભયંકર યુધ્ધ થયું છે અને તેમાં કરોડો માણસો માર્યા ગયા હોય તેવો ઉલ્લેખ છે. આ યુધ્ધ જૈનશાસ્ત્રોમાં રાજગૃહીના રાજા કુણિકના નામે છે. જ્યારે બૌધ્ધ શાસ્ત્રોમાં પણ આવા જ યુધ્ધની ઘટના જોવા મળે છે જેમાં અશોકરાજાના નામે યુધ્ધ થયું હોય તેવો આભાસ છે. તે બૌધ્ધ શાસ્ત્રોના ઈતિહાસ પ્રમાણે ભગવાન બુધ્ધે વૈશાલીનો નાશ થશે તેવી ભવિષ્યવાણી કરી હતી. બંને શાસ્ત્રોમાં એક હકીકત સ્પષ્ટ થાય છે કે વૈશાલીનો નાશ થયો હતો અને ગણતંત્ર માર્યું ગયું હતું. જેમાં નવમલ્લી અને નવ લિચ્છવીનો ઉલ્લેખ છે. આખા યુધ્ધને **'મહાશિલાકંટક'** તથા **'રથમુસલ'** તેવું નામ આપવામાં આવ્યું છે અને તેનું વિશદ્ વર્ણન પણ છે.

સૌથી મોટી વાત એ છે કે આખું યુધ્ધ પૂરું થયા પછી ભગવાન મહાવીર સ્વયં આ

યુધ્ધની ફલશ્રુતિ ગૌતમને સંભળાવે છે કારણ કે ભગવાનના પટ્ટધર મહાજ્ઞાની શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ યુધ્ધના વિષયમાં પ્રશ્ન કરી યુધ્ધ કેવું અહિતકારક છે તે બાબત ભગવાનના શબ્દો સાંભળવા પોતે તત્પર બન્યા છે.

ભગવાને કહ્યું, હે ગૌતમ ! આ રીતે ગૌતમને સંબોધીને યુધ્ધ વિશે પ્રભુ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરે છે. ભગવાનનો અભિપ્રાય સાંભળ્યા પહેલાં આપણે એક પ્રચલિત પ્રવાદનો ઉલ્લેખ કરશું. યુધ્ધને અને હિંસાત્મક કાર્યને ઉત્તેજના આપવા માટે તે સમયના વિધાતાઓ યુધ્ધને મહત્વ આપીને એમ કહેતાં હતાં કે ક્ષત્રિયો લડતાં લડતાં યુધ્ધમાં મરે તો સ્વર્ગમાં જાય છે. તે ઉપરાંત યુધ્ધ એ રાજધર્મ છે. રાજાઓએ પોતાનો વિસ્તાર વધારવા માટે યુધ્ધ કરવું જોઈએ. આવા નીતિશાસ્ત્રો પણ સ્થાપિત કર્યા હતાં. યુધ્ધને કારણે થતી બરબાદી અને ભયંકર હિંસાનું તાંડવ, તે વિષય ઉપર જરા પણ દ્રષ્ટિપાત કર્યા વિના યુધ્ધ એ જાણે કોઈ મોટો રાજધર્મ હોય અને ક્ષત્રિયો માટે જાણે કોઈ મોટા મહોત્સવનો સુઅવસર હોય તેમ વર્ણન કરતાં હતા. આ હિંસાત્મક ભાવોને સ્પષ્ટ રીતે પડકારીને ભગવાન મહાવીરે ગૌતમને જવાબ આપતા કહ્યું કે, આ યુધ્ધમાં મરનાર કે મારનાર ક્રોધાદિ કષાયો અને અહંકારથી ભરેલા આત્માઓ નરકગામી થયા છે અને પશુયોનિમાં ચાલ્યા ગયા છે. ફક્ત એક જ જીવ એવો હતો કે જે સાચી રીતે હિંસાને સંકુચિત કરીને પોતાનું કર્તવ્ય બજાવવા માટે તેણે લડાઈ કરી છે. તે પ્રવિત્ર આત્મા જીવનની સમાપ્તિ સમયે જે કાંઈ યુધ્ધ કર્યું છે તેનો પણ પ્રશ્ચાતાપ કરીને, પોતાના આત્માને નિર્મળ કરીને ઊંચ ગતિને પ્રાપ્ત થયો છે.

આ આખું પ્રકરણ મનુષ્યની આંખ ઉઘાડી દે તેવું સ્પષ્ટ અને માનવજાતિને મિથ્યા ભાવોથી મુક્ત થવા માટે ઉત્તમ ઔષધિ જેવું છે. ભગવતી જેવા શાસ્ત્રમાં આ વિધાન ખરેખર ઘણું જ મહત્વપૂર્ણ છે. આધ્યાત્મિક ભાવોને સ્પર્શ કરીને સામાજિક કુપ્રથા સામે ઘોર વિદ્રોહ કર્યો છે અને સત્ય હકીકત પ્રગટ કરી છે. આખું પ્રકરણ ઘણું જ રોમાંચક છે.

જૈનદર્શન તે પર્યાયવાદી દર્શન છે. કેટલાંક અન્ય આધ્યાત્મિક દર્શનો દશ્યમાન જગતને જ્ઞાનનો વિકાર માને છે અને આખા જગતને માયાવી માને છે. જ્યારે જૈનદર્શન એ

વિશ્વને વાસ્તવિક માને છે. જીવ અને અજીવ એવા પદાર્થોનું શાશ્વત અસ્તિત્ત્વ છે અને બંને તત્ત્વોનું યર્થાથ જ્ઞાન, એ જ સાચી ઉત્ક્રાંતિનું કારણ બની શકે છે. જો જીવાજીવનું જ્ઞાન ન હોય અથવા તત્ત્વોની સાચી જાણકારી ન હોય તો સાધકની સાધનામાં સ્ખલના થાય. અર્થાત્ કેટલુંક ખોટું ક્રિયમાણ થાય છે. ઘણી વખત કશું ખોટું ન કરનાર કરતાં માઠી રીતે કરનાર વધારે અપરાધનું કારણ બને છે. કોઈને દવા ન આપવી તે એટલું અહિતકારક નથી જેટલું કાઈને ખોટી દવા આપી દેવી. આ જ રીતે સાધનાના રૂપમાં પણ સાચી રીત અપનાવવી જોઈએ તેનો આ શાસ્ત્રમાં પૂર્ણ રીતે પ્રકાશ પાથરી તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. કોઈપણ વ્રતસાધના અથવા નિયમની સાધનામાં કે તેવા પ્રત્યાખ્યાનની વ્યાખ્યામાં બે વિભાગ પાડ્યા છે. (૧) કુપ્રત્યાખ્યાન અને (૨) સુપ્રત્યાખ્યાન અર્થાત્ ખોટી રીતે કરેલા નિયમ અને સારી રીતે કરેલા નિયમ.

ખોટી રીતે કરેલાં નિયમોમાં વિવેકનો અભાવ હોવાથી એક તરફ જીવ એક વ્રત ધારણ કરે છે પણ તેનું પાલન કરવામાં બીજા કેટલાક અનર્થ થતાં હોય, તેનું ધ્યાન હોતું નથી. અહીં આટલો ઈશારો કરીને આ શતકમાં કુપ્રત્યાખ્યાન અને સુપ્રત્યાખ્યાન એવો જ વિભાગ કરેલો છે તે ઘણો આવશ્યક છે. તે સમયની જે કાંઈ ધાર્મિક અનુષ્ઠાનોની પધ્ધતિ હતી તેમાં ઘણો અનર્થ પણ થયો હતો છતાં તેને ધાર્મિક નિયમોથી જોડી દેવાના કારણે ઉત્તમ સાધના માનવામાં આવતી હતી. આ શતકમાં આ વિવરણ પણ ધાર્મિક રીતે સાચી ઉત્ક્રાંતિનો નિર્દેષ કરે છે.

આ બધાં શતકમાં અર્થાત્ પાંચ, છ અને સાત શતકમાં ઘણા ઘણા વિષયો છે. ભગવતી શાસ્ત્રના આ બધાં પ્રકરણો વૈજ્ઞાનિક ભાવે લખાયેલા હોવાથી એક સૂક્ષ્મ વિજ્ઞાનની દૃષ્ટિ પણ આપે છે. સૌથી મોટી વાત એ છે કે ગૌતમસ્વામી સ્વયં પ્રશ્નકર્તા છે અને ભગવાન મહાવીરે તેના જવાબ રૂપે પ્રરૂપણા કરી છે, તેનો જ્ઞાનભરેલો સાક્ષાત ઉલ્લેખ જોવા મળે છે. વાંચતા એમ લાગે છે કે પ્રભુ અત્યારે નથી પરંતુ આ શાસ્ત્રમાં સાક્ષાત ભગવાન મહાવીર બિરાજમાન હોય તેવો આભાસ થાય છે. મૂર્તિ કે ચિત્ર તે દેહનો ફોટો છે જ્યારે આ જ્ઞાનાત્મક ભાવો તે આત્માનું અભ્યંતર ચિત્ર છે. દુઃખની વાત એ છે કે ધાર્મિક માણસોએ

મૂર્તિની જેટલી પૂજા કરી છે તેટલી શાસ્ત્રની પૂજા નથી કરી. મૂર્તિને શણગારીને કરોડોના મંદિરો ઊભા કર્યા છે. તે જ રીતે શાસ્ત્રોનો ઉદ્‌ઘોષ કરનારાએ જ્ઞાન મંદિરો ઊભા કર્યા હોત તો આજે જૈન સમાજ ક્રિયાકાંડ અને તપશ્ચર્યામાં જેટલો આગળ છે તેટલો જ્ઞાનમાં પછાત ન હોત. આપણે ઈચ્છીએ કે ભગવાન મહાવીરની વાણીનો આ શાસ્ત્ર દ્વારા વિશેષ ઉદ્‌ઘોષ થાય તો તેમના સાચા દર્શન કરી શકાય.

આ શતકોમાં બાળમુનિ અયવંતામુનિ કુમારનું સહજ કાવ્યમય ઉદાહરણ છે. એક બાળમુનિ કેવી સહજ ચેષ્ઠા કરે છે અને નિર્દોષ ભાવોને મુનિ હોવા છતાં બાલક્રીડા કરવા લાગે છે. બાળકના આ સ્વભાવને તેના રત્નાધિકમુનિઓ પણ સમજી શક્યા નથી. તે બાલમુનિની પ્રતિકૂળ ક્રિયા સમજીને શંકા કરી બેસે છે કે શું આ દીક્ષા ઉચિત છે ? પરંતુ સહવર્તી બધાં આજ્ઞાકારી સંતો છે અને સ્વયં ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન છે. એટલે સ્વયં કશો નિર્ણય ન કરતાં મનમાં ઉપજેલા દુર્ભાવોને સંચિત રાખી પ્રભુને ચરણે જાય છે.

જુઓ, ત્રિલોકીનાથની મહાનતા અને પ્રભુની ઉચ્ચ કોટિની સમીક્ષા. પ્રભુ સ્વયં જવાબ આપે છે કે આ બાળમુનિ તો મોક્ષના મોતી છે. તમે જે કાંઇ તેમના માટે અઘટિત વિચાર કર્યા હોય, તો તેનું પ્રાયશ્ચિત કરવા જેવું છે. સંતો કશુંજ બોલે તે પહેલાં જ પ્રભુ સ્વયં તેનું સમાધાન આપે છે. ધન્ય છે પ્રભુની આ મહાન દષ્ટીને અને બાલસુલભ પ્રાકૃતિક ભાવોને ન્યાય આપીને કોઈપણ પ્રકારના વ્રતાત્મક દુરાગ્રહથી દૂર રહીને જે કાંઇ ન્યાય આપવામાં આવ્યો છે તે આ શતકનું એક ઝગમગતું ઝવાહર છે. એક અંધકારમાં ચમકતું રાત્રિના તારા જેવું નક્ષત્ર છે.

આ બધાં પ્રકરણો પર અનુવાદક સતિજીઓ અને વિદ્વદ્વર્ય જ્ઞાન સાધકો પૂરો પ્રકાશ નાંખવાના છે એટલે વધારે અન્ય કોઈ ઉદાહરણો ન દેતા એટલું જ કહેશું કે રાગ દ્વેષથી પર રહી સમ અવસ્થાની સાધના કરી બધાં શતકનું અધ્યયન કરવામાં આવે તો શાસ્ત્રની આ જ્ઞાનગંગા જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપક્ષમ કરી અભ્યાસીના આંતરિક ક્ષેત્રમાં સ્વયં પ્રવાહિત થશે અને ભગવતીના પ્રગટ – અપ્રગટ, ગુપ્ત અને ઉદ્‌ઘાટિત બધાં ભાવો દષ્ટિગત થવાથી

જેવું શાસ્ત્રનું મંગલમય નામ છે તેવા મંગલભાવો પ્રગટ થશે અને અભ્યાસીનું મન નંદનવનની યાત્રા કરશે.

આવા ગહન શાસ્ત્રનો અભ્યાસ કરી અમારા સાધનાશીલ સતીજીઓ આજે ભગવતીસૂત્રના આ ભાગને પ્રકાશિત કરી રહ્યાં છે. તે ફક્ત અભિનંદનને પાત્ર છે એટલું જ નહીં પરંતુ આ ધર્મ સાહિત્યની સેવા કરીને, સાહિત્યમૂર્તિનું કંડારણ કરી જે જ્ઞાનમંદિર અર્પણ કરી રહ્યા છે તે બદ્દલ કોઈપણ પ્રકારે ઉપકાર વાળી શકાય તેમ નથી. એક માત્ર ઉપકારનો રસ્તો એ જ છે કે શાસ્ત્રનું અધ્યયન કરી શબ્દે શબ્દે તેનું આલેખન કરનાર ભગવાન દેવાધિદેવને પ્રણામ કરવાની સાથે સાથે ગુજરાતી ભાષામાં આવો સુંદર અનુવાદ કરી જ્ઞાનનો ખજાનો જે સુલભ કર્યો છે તેવા તે સતીજીઓના ઉપકાર માટે નતમસ્તક બની જવાય છે. તેઓ હજી વધારે જ્ઞાન પ્રકાશ કરતાં રહે એવી પ્રાર્થના કરતાં રહેવી તે જ ઉત્તમ શ્રેયમાર્ગ છે.

આ આગમ પ્રકાશનના પ્રણેતા અને દોરવણી આપી સાચું નેતૃત્વ કરનાર પૂજ્ય લીલમબાઈ મહાસતીજી સહુના શ્રધ્ધાસ્પદ બન્યા છે અને એ જ રીતે આગમજ્ઞાતા જેઓએ શાસ્ત્રનું અમૃત ઘોળી ઘોળીને પીધું છે તેવા પૂજ્ય શ્રી ત્રિલોકમુનિજી મહારાજ, તેઓએ આ જ્ઞાનાત્મક ભાવોના સંચાલનમાં ઉચ્ચ કોટિનું માર્ગદર્શન આપ્યું છે. શાસ્ત્રનું અર્થઘટન કરવામાં તેઓના સૂક્ષ્મ ઉપયોગના દર્શન કરાવ્યા છે. આ મુનિશ્વરને હું અહીં ભાવ ભક્તિ સાથે અભિવંદના પાઠવું છું કે તેઓએ ઐતિહાસિક કાર્યમાં પોતાનું યોગદાન આપીને મહદ્ ઉપકાર કર્યો છે.

ભગવતી સૂત્રની વિશાળતાને લક્ષ્યમાં રાખીને પ્રકાશકમંડળ દ્વારા શાસ્ત્રના પાંચ ખંડ કરી, પાંચ વિભાગમાં વિસ્તાર કરી પાંચ ભાગ પ્રકાશિત કર્યા છે તેના ઉપર લક્ષ રાખી આમુખ લખવામાં આવ્યો છે. બધા આમુખમાં મુખ્ય શાસ્ત્રની મહત્તા તો પ્રદર્શિત કરી જ છે પરંતુ દરેક ખંડની અલગ અલગ વિશેષતા હોવાથી થોડા નમૂના આપ્યા છે. પરંતુ અહીં એટલું સૂચન આપતા સંકોચ થાય છે કે જો આ શાસ્ત્રના એક એક ભાવોને સારી રીતે વાગોળવામાં આવે તો તેમાં રહેલી અધૂરી કડી (૧) શાસ્ત્રની મીંમાસા. (૨) શાસ્ત્ર ઉપરનું મહાભાષ્ય, તે

પૂર્ણ થઈ શકે. આચાર્ય ભગવંતોએ શાસ્ત્ર ઉપર ફક્ત ટીકા કરીને અને સ્થાનકવાસી સંતોએ ફક્ત ટબા લખી જે મૌન સેવ્યું છે તે વારસામાં મળેલી તાળુ બંધ કરેલી સોનાની પેટી જેવું છે, તેની અંદર રહેલા રત્નો ગુપ્ત રહી જાય છે. મને લાગે છે કે મેં આ અનઅધિકાર સૂચન આપ્યું છે છતાં મહત્ત્વપૂર્ણ હોવાથી સૂચિત કર્યુ છે.

મને આવો આ આમુખ લખવાનો શુભઅવસર મળતા જે સ્વાધ્યાયની તક સાંપડી છે તે બદ્દલ મને પ્રેરિત કરનાર જ્ઞાની આત્માઓનો હું અહીં ઉપકાર માનું છું.

**- પૂ. જયંતમુનિ મ.સા.**

**પેટરબાર.**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

**પામરતા પલટાવે, સમ્યક્ત્વમાં સુલટાવે તેવી જિનવાણી જનજનમાં વસી જજો,**
**આગમ અવલોકતા અરિહંત બનવાના પરમ પ્રાણ મમ અંતરમાં પ્રગટી જજો,**
**પરમ ઉપકારી 'ઉજમ' 'ફૂલ' 'આમ્ર' 'પ્રભા' ગુરુણી દેવોને વિનીત ભાવે વંદન હજો,**
**સંપાદન કાર્ય કરવાની કુશળતા યથાર્થ બને તેવી કૃપા સદા વરસતી રહેજો.**

પ્રિય પાઠક ગણ ! સુવ્રતી જિનશાસન પ્રેમી વાચકગણ !

ત્રણે ય લોકના તમામ જીવોના ત્રિવિધ તાપ, સંતાપ, ઉતાપને શાંત ઉપશાંત–પ્રશાંત કરી, સંપૂર્ણ ત્રણે ય લોક, અલોક અને લોકાલોકના અનંત જ્ઞાન સહિતનું આત્મિક વાસ્તવિક સુખ પ્રાપ્ત કરાવે, જન્મ મરણના ફેરા ટાળે, તિમિરમાંથી પ્રકાશ પુંજ પ્રગટાવે, પરમ તત્ત્વના મર્મને ખોલી સ્વરૂપ તરફ લઈ જાય, વિવિધ વિષયોના વહેમની બાધા પીડાને નાશ કરે, તેવું વિવાહ પ્રજ્ઞપ્તિ નામનું પાંચમું અંગ, જેનું બીજું નામ છે ભગવતી સૂત્ર, તેનો બીજો ભાગ, પાંચ–છ–સાત એમ ત્રણ શતકનું સંપુટ, ત્રીસ ઉદ્દેશકની શોભાથી અલંકૃત, જાણે કે ત્રીસ મહામોહનીય સ્થાનનો નાશ કરી નિર્મોહ દશા પ્રગટ કરાવવા માટે આશ્ચર્યજનક **विचित केवली पण्णत्तं धम्मं** ની વિવિધ વાતોની જાણ કરનારું, મનમોહક, ચિત્તરંજક, હૃદયદ્રાવક–ભયભંજક, વૈરાગ્યજનક, વિરતિપ્રેરક, આ આગમ આપ સમક્ષ ઉપસ્થિત કરી રહ્યા છીએ. વધાવી લેજો; મન, વચન, કાયાના ત્રણે યોગ એકત્વ કરી, અહોભાવથી સર્વજગતની જંજાળથી વિરામ પામી, સત્કાર સન્માન કરશો, તો ભવોદધિથી અવશ્ય પાર પામી જશો.

**નમસ્તુભ્યમ્ નમસ્તુભ્યમ્ મા ભગવતી ! નમસ્તુભ્યમ્ નમસ્તુભ્યમ્.**
પ્રથમ ભાગમાં ચાર શતક અર્પણ કર્યા હતા, અરિહંત પિતાની સુપુત્રી જિનવાણી ભગવતીમૈયા છે. તેમણે પ્રભુના સર્વાંગમાંથી પસાર થઈ શ્રી મુખેથી જન્મ ધારણ કર્યો છે તથા ગણધર દ્વારા રચિત સૂત્રરૂપ ગ્રંથિત વસ્ત્રનો સ્વાંગ સજ્યો છે, તેવા ભગવતી મૈયા એકતાલીસ શતકની પ્રયોગશાળા રચી મુમુક્ષુઓને શિક્ષણ આપી રહ્યા છે. તે શિક્ષણ પામવા માટે આપણી જ કલુષિત વૃત્તિથી પુષ્ટિ પામી ઊભા થયેલા, ચેતનધારા

અને કર્મધારાના ધારાવાહી પ્રવાહમાં વહેતાં તેનાથી જન્મ પામેલા પેલા બે કુમાર જેનું નામ છે કષાયાનંદકુમાર અને વિષયાનંદ કુમાર. તે ભગવતીના પહેલા ભાગમાં મોહરાજા અને દુર્ગુણા મહારાણી પાસેથી નાસી છૂટેલા, સાંતતા દેવી પાસે આવેલા, શુક્લપક્ષી–પરિત્ત સંસારી બની ચૂકેલા બાલ્યાવસ્થાથી મુક્ત બનીને તરુણાવસ્થામાં પ્રવેશી ઉદાસીન વૃત્તિ કેળવી રહેલા છે. જેઓ પ્રયોગશાળામાં પ્રવેશ કરી નવા–નવા પ્રયોગો જાણે છે. જાણી–સાંભળી જીવનમાં ઉતારવાની કોશિષ કરી રહ્યા છે. આજે તેઓ નિર્ણય કરીને આવ્યા છે કે અંધકારમાં હવે જવું નથી. પ્રકાશ તરફ ગતિ વધારવી છે, જ્ઞાન વિકાસ ધારાએ જોરદાર પુરુષાર્થ ઉપાડી, વિશુદ્ધિ થાય તેવા પ્રશસ્ત ભાવોની પરિણામ ધારા દ્વારા ભગવતી મૈયાનો વિનય શુશ્રૂષા કરતાં ઉપરોક્ત સૂત્રનું ઉચ્ચારણ કરતાં ચરણોમાં નમસ્કાર કરી, અંજલી જોડી, શાળામાં આવી ઊભા રહ્યા છે. ભગવતી મૈયાએ બંને કુમારો ઉપર વરદ હસ્ત ફેલાવી, બેસી જવાનો ઈશારો કરે છે. બંને કુમારો અદબપૂર્વક બેસી જાય છે.

[ભગવતી મૈયા] બોલો કુમારો ! આજે શું શીખશો ? તમારી જે ભાવના હોય તે ભાવ ખોલું.

[બંને કુમાર] મા ! ચાર શતક ખંડના ચાલીશ પ્રયોગો બરાબર બેસી ગયા. હવે પાંચમા, છટ્ઠા, સાતમા શતક ખંડના ભાવોને પ્રકાશો. મા ! હવે અજ્ઞાન અંધકારમાં જવું નથી, પ્રકાશ ભણી પ્રગતિ કરાવો. આ રીતનો ઉત્તર સાંભળી માતા પ્રસન્ન થયા. ત્રણ શતકના ત્રીસ ઉદ્દેશકના ભાવો પ્રકાશવા માટે શ્રુતજ્ઞાનરૂપ વદનમાંથી વાણી વહેવડાવી.

પ્રિય બાળકો ! તમારી સમાન જિજ્ઞાસુ ઈન્દ્રભૂતિ ગૌતમ ગણધર, અણગારો, દેવો, શ્રાવક–શ્રાવિકા, અન્યતીર્થિકો વગેરેએ તીર્થંકરોને પ્રશ્નો પૂછ્યા છે. તેના જવાબો અનંતજ્ઞાની વીતરાગે યથાર્થ ભાવોથી યુક્ત પાઠવ્યા છે. તે જ ભાવો તમારી સમક્ષ કહું છું.

**પ્રયોગ–૧ :–** હે કુમારો ! તમારી જીજ્ઞાસાનુસાર હું તમોને સૂર્યના પ્રકાશ વિષે સમજાવું. સૂર્ય પોતે જ પ્રકાશપુંજ છે, તેણે ક્યારે ય અંધકાર જોયો જ નથી. તે અપ્રમત્ત યોગી થઈને જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં પ્રકાશ પાથરતો જાય છે. અંધકારના પુદ્ગલોને પણ પ્રકાશમય બનાવી દે છે, ઉષ્મા અર્પે છે, સ્ફૂર્તિમાન બનાવી જાગૃત કરે છે. તે જ્યાં દેખાય છે ત્યાં તે તાપ દિશાને **પૂર્વ** દિશા કહેવાય છે. સૂર્ય, તે જ્યોતિષી દેવોનું નિવાસ સ્થાન છે, શાશ્વત છે, ચાલતાં ઘર જેવું છે, તે હંમેશાં ચાલતાં જ રહે છે. અઢીદ્વીપમાં તેનો

ગોળાકારરૂપ મંડલાકારે માર્ગ છે. તે માર્ગમાં ઘૂમ્યા કરે છે. તેનું વહન આભિયોગિક દેવો સિંહ આદિના રૂપો બનાવીને કરે છે. તે વિમાન રત્નમય છે, તેમાં પૃથ્વીકાય એકેન્દ્રિય જીવો આતપ નામકર્મની પ્રકૃતિ બાંધીને ઉત્પન્ન થાય છે. અસંખ્યાત અસંખ્યાત જીવોને આતપ નામકર્મનો ઉદય એકસાથે હોવાથી તે પ્રચંડ તાપ અને પ્રકાશ આપે છે. તેમાં રહેનાર જે સૂર્ય ઈન્દ્ર છે તે તો પંચેન્દ્રિય છે. તે ઈન્દ્ર, વિમાનમાં રહેલી શય્યામાં ઉપપાત–જન્મથી જન્મ ધારણ કરે છે. અનેક દેવો તેની સેવામાં તત્પર રહે છે. તે સૂર્ય વિમાનની ગતિ પ્રમાણે દિવસ–રાત્રિની વધઘટ; હેમંત, શરદ, વર્ષા ઋતુ વગેરે વિવિધ પ્રકારના પરિવર્તનોનું વિશ્લેષણપૂર્વક ગણિત અવધારી લો.

**પ્રયોગ–૨ :–** વાય તે વાયુ. તેમાં એકેન્દ્રિય વાયુકાયના જીવો ઉપજે અને મરે. તેઓને વૈક્રિય સહિત ચાર શરીર હોય છે. તે (૧) સહજ રીતે વહે છે. (૨) વૈક્રિય શરીર ધારણ કરીને પણ વહે છે (૩) દેવકૃત પ્રયોગથી પણ વહે છે. તે વાયુ , દ્વીપનો હોય, સમુદ્રનો હોય, શાંત હોય, વાવાઝોડા આદિ રૂપે હોય, પરવાયુ રૂપ હોય અને પથ્ય વાયુરૂપ પણ હોય તેમ તેના ઘણાં ભેદો હોય છે.

હે કુમારો ! વનસ્પતિકાયાદિ જીવોના શરીર જ્યાં સુધી અગ્નિથી સ્પર્શ ન પામે ત્યાં સુધી તે વનસ્પતિકાયાદિના શરીર કહેવાય અને અગ્નિકાયમાં પસાર થયા પછી અગ્નિકાય જીવોના શરીરો કહેવાય છે. તે જીવોને અભય આપવાથી તમારા જીવનમાં અંધકાર ક્યારેય આવશે નહીં.

**પ્રયોગ–૩ :–** જીવોના આયુષ્ય વિષયક અન્યતીર્થિકો શું માને છે અને પ્રભુના અનંત જ્ઞાનમાં યથાર્થ ભાવો શું છે ? તે જીવોના આયુષ્યને માટે જાળના સમાન ઉદાહરણ દ્વારા સત્ય માન્યતા ભગવાને રજુ કરી છે.

પ્રિય કુમારો ! જીવના બાંધેલા પુણ્ય અને પાપ પ્રમાણે કર્મની ગ્રંથિકા બંધાય છે. સાત કર્મના ફળને ભોગવવા માટે ભોગાયતન રૂપ શરીર મેળવવું પડે છે. રાગ–દ્વેષ તે બીયારણ છે. તેમાંથી કાર્મણ શરીર, તેજસ શરીર અંકુરિત થઈ સંસારી જીવો પાસે કાયમી રહે છે. તે બંને શરીરમાં સંસાર ભોગવવા યોગ્ય અવયવો નહીં હોવાથી સ્થૂલ શરીર ઉત્પન્ન કરવું પડે છે; તેને ઔદારિક શરીર તથા વૈક્રિય શરીર કહેવાય છે. આ બે શરીર દ્વારા જીવ ઈન્દ્રિય જન્ય પુદ્ગલનો આનંદ ભોગવે છે. તે પુદ્ગલાનંદી જીવને ફક્ત અમુક સમય મર્યાદા સુધીનું ઔદારિક, વૈક્રિય શરીર પ્રાપ્ત થાય છે. તે મર્યાદાનું

નામ જ આયુષ્ય કર્મ છે. સાતકર્મના ફળ ભોગવવા માટે નવા ભવનું આયુષ્ય બાંધવું પડે છે. પ્રત્યેક જીવના આયુષ્ય કર્મ અલગ–અલગ રીતે બંધાય છે. એક જીવ એક ભવમાં એક જ આયુષ્ય ભોગવે છે, બે ભવના આયુષ્ય એક સમયમાં એકી સાથે એક જીવ ક્યારેય ભોગવી શકતો નથી. આ ભવના ભોગવાતા આયુષ્યના અંતભાગ સાથે આગામી ભવના આયુષ્યનો પ્રથમ ભાગ અરસ પરસ બંધાય છે, તે ગ્રંથિકા કહેવાય છે. તે બંધાય છે આ ભવમાં; પછી તેને ભોગવવા જવું પડે છે પરભવમાં. ત્યાં પણ નવું શરીર ઉત્પન્ન કરીને ભોગવવું પડે છે. આ રીતે ભગવતી મૈયાએ અનેક સૂક્ષ્માતિસૂક્ષ્મ વાતો સમજાવી નિર્ણય કરાવ્યો કે જીવ એકભવમાં એક આયુષ્ય ભોગવે છે, બે આયુષ્ય ભોગવતો નથી.

**પ્રયોગ–૪ :–** આ પ્રયોગમાં શબ્દ ધ્વનિનું વિજ્ઞાન સમજાવ્યું. શબ્દ કાનની સાથે જ્યારે સ્પૃષ્ટ થાય ત્યારે સંભળાય. કયા પ્રકારના વાજીંત્રનો ધ્વનિ છે, કઈ વ્યક્તિનો કે કયા પદાર્થમાંથી ધ્વનિ કેવો બહાર આવી રહ્યો છે, તેને છદ્મસ્થ મનુષ્ય કાનના માધ્યમ દ્વારા સાંભળીને નિર્ણય કરે છે. કેવળજ્ઞાની ભગવાન શ્રોતેન્દ્રિયાદિના માધ્યમ વિના પ્રત્યક્ષ કે પરોક્ષ શબ્દાદિ પદાર્થનું વર્ણન કેવળજ્ઞાન વડે જાણે–દેખે સમજે છે. તેઓ ઈન્દ્રિયાતીત વસ્તુને આરપાર જાણવાની શક્તિ ધરાવે છે. આ વાત સાંભળી કુમારોએ પ્રશ્ન કર્યો–

હે માતા ! કેવળી ભગવાન પદાર્થોને જાણી–દેખી હાસ્યાદિ કરે ? મારા વ્હાલા કુમારો ! હાસ્ય, ક્રીડા, વિનોદ, નિદ્રા કર્મના આવરણવાળા છદ્મસ્થ જીવોને જ હોય છે. કેવળીને મોહજન્ય હાસ્યાદિ ક્રીડા કંઈ ઉત્પન્ન ન જ થાય કારણ કે તેઓએ મોહકર્મ નષ્ટ કરી દીધું છે. તે તો સદા પ્રસન્ન બની સ્વ ગુણમાં રમે છે. આ રીતે કર્મધારી તથા કેવળી વચ્ચેનો તફાવત સમજાવ્યો. ત્યાર પછી દેવોનું ગર્ભ સાહરણ કરવાનું સામર્થ્ય દર્શાવ્યું. ત્યારપછી બાલસુલભ સહજ સંસ્કાર મોક્ષગામી આત્મામાં પણ કેવી રીતે ઊભરી આવે છે અને કાચા પાણીમાં **મારી નાવ તરે નાવ તરે** તેવી ક્રીડા કરતા બાલમુનિ અતિમુક્તક અણગારની વાત ભગવતી મૈયાએ બંને કુમારોને સંભળાવી; નજરે નિહાળવા છતાં મુનિવરોએ હીલણા, નિંદા, ખિંસણા કરી કર્મ બાંધવા નહીં, તે સમયે પ્રભુ મહાવીરે સ્થવિર મુનિ ભગવંતોને દીધેલી હિતશિક્ષાની વાતનો સંદર્ભ તે બંને કુમારોને સમજાવ્યો. અરિહંત પરમાત્મા સતત ઉપયોગમાં તલ્લીન રહે છે. ત્રિકાળ સંબંધી સર્વ વાતને જાણતા હોવા છતાં મનોવિજ્ઞાની દેવો અથવા કોઈપણ વ્યક્તિ મનોલબ્ધિ દ્વારા જ્યારે પ્રશ્ન પૂછે ત્યારે તેને સમજાવવા માટે જ કેવળી મનોયોગનો પ્રયોગ કરે છે. તેનું રહસ્ય ગૌતમ સ્વામી કેમ સમજ્યા તે વિસ્તારથી કહ્યું.

દેવો માટે વપરાતા 'નોસંયતનો અસંયત' એવા મૃદુ શબ્દનું રહસ્ય અને અર્ધમાગધી દેવભાષાનું જાણપણું કરાવ્યું. ચરમ શરીરીને કેવળી ભગવાનની જેમ છદ્મસ્થ અણગાર જાણી કે જોઈ ન શકે. પરંતુ કેવળી કે કેવળી ઉપાસક વગેરે પાસેથી સાંભળીને આગમાદિ પ્રમાણથી છદ્મસ્થ જાણી શકે છે. પ્રમાણના ભેદ–પ્રભેદ, કેવળી–છદ્મસ્થ વચ્ચેનો તફાવત, કુમારોને સમજાવ્યો.

કેવળી ભગવાન સમર્થ હોવા છતાં અને તેઓમાં સ્વ શક્તિનું સંપૂર્ણ સામર્થ્ય પ્રગટ થયેલું હોય તોપણ પરદ્રવ્યથી ઉત્પન્ન કરેલા કર્મજન્ય પૌદ્‌ગલિક અંગોપાંગ રૂપ ઉપકરણોને તેઓએ જે જગ્યા પર, જે આકાશપ્રદેશો પર રાખ્યા હોય, ત્યાંથી ઉપાડીને ફરી પાછા તે જ આકાશપ્રદેશો પર રાખી શકે નહીં, તેવી અંગોપાંગરૂપ ઉપકરણોની સૂક્ષ્માતિસૂક્ષ્મ અસ્થિરતા સમજાવીને કહ્યું કે પરદ્રવ્યની ક્રિયામાં, ચલ સ્વભાવમાં કંઈ ફેરફાર કરી શકાતો નથી; તેવો પરમાર્થ પ્રરૂપ્યો તથા શ્રુત કેવળીનું લબ્ધિ પ્રયોગ સામર્થ્ય ઘટ, પટ, કટ, રથ, છત્ર, દંડ આદિને ઉત્કરિકા ભેદ વડે ભેદાતા એકમાંથી હજાર રૂપ દેખાડી શકે છે; તે વાતનો મર્મ સમજાવ્યો.

**પ્રયોગ–૫ :–** કેવલી ભગવાન દ્વારા નિર્દિષ્ટ સંયમ સંવર આદિનું પાલન કરનાર છદ્મસ્થ મનુષ્ય સિદ્ધ થઈ શકતા નથી. તેઓ સંયમ તપ દ્વારા ઘનઘાતી કર્મનો ક્ષય કરી અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ કરી કેવળી થયા પછી જ અઘાતિકર્મનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

જીવો પોતાના બાંધેલા કર્મ પ્રમાણે જે વેદનાનો અનુભવ કરે તેને એવંભૂત વેદના કહે છે અને કરેલા કર્મ પ્રમાણે વેદના ન અનુભવે, પરિવર્તિત કરીને અનુભવે તેને અનેવંભૂત વેદના કહે છે. કાળના બે પ્રકાર છે– અવસર્પિણી અને ઉત્સર્પિણી. ભરત, ઐરવત ક્ષેત્રમાં કુલકરો, તીર્થંકરો, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ તેમના માતા– પિતા, સ્ત્રીરત્ન વગેરે થયા તેના નામો વિવિધતાથી દર્શાવ્યા.

**પ્રયોગ–૬ :–** આધાકર્મી આહારદાનથી અલ્પાયુ બંધાય છે. હિંસા, અસત્ય અને નિંદા વગેરે કારણોથી અશુભ દીર્ઘ આયુષ્ય બંધાય છે. સુપાત્રને નિર્દોષદાન આદર ભાવે આપવાથી શુભ દીર્ઘાયુષ્ય બંધાય છે. હે કુમારો ! સુપાત્રદાનનો અવસર આવે તો ક્યારે ય ચૂકતા નહીં. બીજી વાત મૈયાએ સંભળાવી કે કરિયાણાનો વેપારી કરીયાણુ વેચે, ખરીદનાર ખરીદે પરંતુ જ્યાં સુધી માલિકી ન છૂટે, ખરીદનારના ઘરમાં ન પહોંચે

ત્યાં સુધી ભાંડ–ધન વગેરે સંબંધી ક્રિયા વિક્રેતાને લાગે છે. આરંભિકીથી લઈને મિથ્યાદર્શન પ્રત્યયિક ક્રિયા ક્યારે લાગે કે ન લાગે તેનું વર્ણન સમજાવ્યું. અગ્નિના જીવોની અલ્પ અને મહાક્રિયાનું રહસ્ય સમજાવ્યું. તીર મારવાથી કોઈ પ્રાણીનું મૃત્યુ થાય ત્યારે મારનાર વ્યક્તિ, મારવામાં વપરાયેલ તે ધનુષ્ય, તે ધનુષ્યની દોરી, તીર વગેરે સર્વ અવયવો, જે જીવના શરીરમાંથી બન્યા હોય તે જીવોને પાંચ ક્રિયા લાગે તેનું કારણ સમજાવ્યું. ત્યારબાદ પાચંસો યોજન સુધી નારકીઓથી ખીચોખીચ ભરેલો નરક લોક અને નારકીનું વિકુર્વણા સામર્થ્ય સમજાવ્યું.

આધાકર્મ આહાર કરીને આલોચના કરનાર સાધુઓનું આરાધકપણું અને આધાકર્મ આદિ દોષોવાળા આહાર લેવામાં પાપ નથી તેવી પ્રરૂપણા કરનારનું અને તેવા આહાર દેનાર, લેનાર અનુમોદન આપનારનું વિરાધકપણું સ્પષ્ટ કર્યું :

ખેદ રહિત આહ્લાદ ભાવે શિષ્યાદિનો સ્વીકાર કરી તેની સારણા, વારણા ધારણા કરનાર આચાર્ય, ઉપાધ્યાયમાંથી કેટલાક ગુરુ ભગવંતો તે જ ભવે સિદ્ધ થાય, કેટલાક બે ભવ ગ્રહણ કરી સિદ્ધ થાય, નહીં તો ત્રીજે ભવે જરૂર સિદ્ધ થાય.

જીભનો દુરુપયોગ કરી અન્ય પર આરોપ–આક્ષેપ મૂકનારને તેવા જ કર્મનો બંધ થાય અને તે કર્મના ઉદય સમયે તેવા આક્ષેપો આવે તે કથન દ્વારા કર્મના મર્મને સમજાવ્યો.

**પ્રયોગ–૭ :–** હે કુમારો ! કેવળી પ્રરૂપિત પુદ્‌ગલ પરમાણુ વગેરેની વાતો ઘણી સમજવા જેવી છે. પરમાણુનું કંપન, પરમાણુ અને સ્કંધનો આશ્રય, છેદન, ભેદન, દગ્ધ થવું, ભીંજાવું, સ્ખલન આદિ; સાર્ધ, સમધ્ય, સપ્રદેશ, અનર્ધ, અમધ્ય, અપ્રદેશ આદિ વિકલ્પો; તેની વિવિધ અવસ્થાની સ્થિતિ, અંતર, દ્રવ્યાદિ સ્થાનઆયુ આદિ; અલ્પબહુત્વ વગેરે જાણી પર દ્રવ્ય પુદ્‌ગલના મમત્વથી દૂર રહેજો.

હે કુમારો ! ૨૪ દંડકના જીવો પૃથ્વી, પાણી આદિ જીવોની ઘાત કરવાના કારણે આરંભી છે અને સચિત્ત અચિત્ત મિશ્ર પદાર્થોના ગ્રહણ અને મમત્વના કારણે સપરિગ્રહી છે, આ આરંભ પરિગ્રહ જ અંધકારરૂપ છે. કર્મબંધના કારણભૂત હેતુ અને કર્મબંધના અકારણભૂત અહેતુનું જ્ઞાન, શ્રદ્ધા આદિ અને તેના દ્વારા થતાં છદ્મસ્થમરણ, અજ્ઞાનમરણ, કેવલીમરણ વગેરે રહસ્યમયી વાતો તમે જાણો અને આરંભ પરિગ્રહના ત્યાગી બની જાઓ.

**પ્રયોગ–૮ :–** પ્રભુ મહાવીરના નિર્ગ્રંથીપુત્ર અને નારદપુત્ર અણગાર નામના બે શિષ્યનો તત્ત્વસંબંધી વાર્તાલાપ ભગવતી મૈયાએ બંને કુમારોને સંભળાવ્યો.

વાત સમજવી હોય તો કેવો વિનય કરવો જોઈએ, તે શિક્ષા નારદપુત્ર અણગારના જીવનથી આપી.

આ લોકમાં જીવો ક્યાં વધે કે ઘટે નહીં, અવસ્થિત જ રહે છે પરંતુ નરકાદિ ગતિમાં જીવની વધ–ઘટ અને ક્યારેક અવસ્થિત અવસ્થા હોય તે તથા ચય, ઉપચય, નિરુપચય, નિરપચય ઈત્યાદિ જીવની અવસ્થાનું વર્ણન કર્યું.

**પ્રયોગ–૯ :–** પૃથ્વી–જલાદિ સચિત્ત, કૂટ–શૈલ વગેરે અચિત્ત પદાર્થોથી યુક્ત રાજગૃહ નગર સંબંધી પ્રશ્નોત્તરી; ઉદ્યોત, પ્રકાશ, અંધકારની પ્રશ્નોત્તરી; મનુષ્ય ક્ષેત્રમાં સમયાદિ; પાર્શ્વનાથના શિષ્યોની અનંતરાત્રિ વિષયક ચર્ચાના માધ્યમથી ભગવાનનું મંતવ્ય કુમારો સમક્ષ પ્રગટ કર્યું.

**પ્રયોગ–૧૦ :–** સૂર્યના પ્રથમ પ્રયોગમાં કહેલા વિષયની જેમ ચંદ્રના વિષયમાં પણ ભગવતી મૈયાએ સમજાવ્યું.

પાંચમા શતકના દશ પ્રયોગ દ્વારા બંને કુમારોને તાત્પર્ય સમજાઈ ગયું કે આત્મા સમ્યક્ સૂર્ય પ્રકાશ પામી જાય તો ક્યારે ય અંધકારમાં જવું ન પડે. દશમો પ્રયોગ પૂરો કરી છઠા ખંડનો પ્રયોગ શિખડાવવા માટે અગિયારમા પ્રયોગમાં ભગવતી મૈયાએ પ્રવેશ કરાવ્યો.

**પ્રયોગ–૧૧ :–** [ભગવતી મૈયા] કુમારો ! જીવે બાંધેલા કર્મને ભોગવવા પડે છે, તે ભોગવતી વેળાએ કોઈક આત્માને મહાવેદના થાય છે. ભોગવી લીધા પછી તે ખરી પડે છે, તેને નિર્જરા કહે છે. તે નિર્જરા કોઈને અલ્પ કે કોઈને મહા થાય છે; તેની પણ ચૌભંગી થાય છે. આ રીતે નારકીથી લઈને સર્વાર્થસિદ્ધ વિમાનના જીવો માટે વર્ણન કર્યું છે. કર્મ બાંધવા–વેદવા–નિર્જરા વગેરેનો અનાદિ ક્રમ ચાલુ છે પરંતુ મર્મ એ જ છે કે કર્મ ભોગવતાં પ્રશસ્ત નિર્જરા થવી જોઈએ. નિર્જરા થયા પછી તે જ પુદ્ગલ પરમાણુ કાર્મણ વર્ગણા બની પાછા કર્મરૂપે બંધાવા ન જોઈએ, તેના માટે એવો ધ્રુવ પ્રયોગ દર્શાવ્યો કે શ્રમણોની નિર્જરા જ પ્રશસ્ત છે. કારણ કે નવા કર્મ ન બંધાય તેની સાવધાની જયણા તેની પાસે હોય છે. તેણે માટે ઉદાહરણ આપ્યું કે જેમ તૃણનો ઢગલો હોય તેમાં ફક્ત

અગ્નિની ચિનગારી મૂકે કે તે તુરંત બળી ભસ્મીભૂત થઈ જાય છે અને જેમ લોખંડની ગરમ લોઢી ઉપર જળનું બિન્દુ ભસ્મીભૂત થઈ જાય છે, તેમ અણગારોનાં નવા કર્મ ન બંધાતા જૂના કર્મક્ષય થઈ જાય છે. બાકીના જીવોના કર્મોનો ક્ષય કર્દમથી ખરડાયેલા વસ્ત્રની જેમ દુસ્તર હોય છે વગેરે વિસ્તાર સમજાવ્યો.

**પ્રયોગ–૧૨ :–** જીવોને પ્રાપ્ત થયેલા કરણની વ્યાખ્યા કર્યા પછી ભગવતી મૈયાએ કહ્યું કે અધ્યાત્મક્ષેત્રમાં કર્મનું નાટક કેવું અદ્ભુત હોય છે તે વાત સાંભળો. વીતરાગ વિજ્ઞાન દર્શાવે છે કે કરણનું પોષણ કરવા માટે આહાર લેવો પડે છે; તે આહારના પુદ્‌ગલો કેવા હોય તેનું વિશદ વર્ણન આપણે સમજવું હોય તો પ્રજ્ઞાપના સૂત્રમાંથી જાણી જોઈ શકાશે.

**પ્રયોગ–૧૩ :–** [ભગવતી મૈયા] કુમારો! આજનો પ્રયોગ વધારે સૂક્ષ્મ છે. જે કર્મકરણ છે તે ત્રણે ય કરણમાં બળ પૂરે છે. તે સંસારનો મુખ્ય રાજા છે. તેના તંત્રથી જીવ મહાકર્મવાન, ક્રિયાવાન, આશ્રવવાન થઈ જાય છે. તેથી જીવ પાસે કર્મનો સ્ટોક જમા થાય છે. તેને ચય–ઉપચય નામથી સંબોધાય છે. તે પુદ્‌ગલકર્મ રજનો ચય–ઉપચય કેવી રીતે થાય ? તેના માટે કોરાકટ વસ્ત્રનું ઉદાહરણ પરમાત્માએ આપ્યું છે– જેમ કોરુકટ વસ્ત્ર સ્વભાવથી પડ્યું–પડ્યું ચારે ય દિશાઓમાંથી આવતી રજ પકડી પીળું પડી જાય છે અને પુરુષ પ્રયોગથી પણ મેલું થતાં–થતાં મસોતાના રૂપમાં પરિવર્તન પામી જાય છે, તેમ જીવ મહાપાપાશ્રવની ક્રિયા કરીને અશુભવર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિનો ચય ઉપચય વારંવાર કરતો મલિન પરિણામથી પરિણત થતો દુઃખરૂપે પરિણમી જાય છે. તેથી સ્વયં દુઃખી થતો પોતાનો સંસાર દુઃખમય કરે છે.

બીજી રીતે જોઈએ તો કોરુકટ વસ્ત્ર વાપરવાથી મેલું થયાં પછી તેને વારંવાર ધોઈ સાફ કરવામાં આવે તો સારું અને સ્વચ્છ થઈ જાય છે, તેમ જીવ શુભ પરિણામથી અલ્પાશ્રવ અને અલ્પ ક્રિયાવાળો બને છે ત્યારે વર્ણાદિને શુભરૂપે પરિણત કરતો સુખી થાય છે અને પોતાના સંસારને સુખી કરે છે. બંને પ્રકારની ક્રિયાઓ મહા તથા અલ્પ હોવા છતાં એ સંસારની છે. તેથી બહુકર્મ–અલ્પકર્મ ક્રિયા દ્વારા બંધાય છે. તે કર્મના જ્ઞાનાવરણીયાદિ રૂપ આઠ વિભાગ થાય છે તેની સ્થિતિ, વેદ, લેશ્યાદિ અનેક ભેદ–પ્રભેદ રૂપ સંસારનો ઈતિહાસ રચાય છે.

આ પ્રયોગનો મર્મ એ જ છે કે વસ્ત્ર સ્વભાવ અને પ્રયોગ બંને પ્રકારે મલિન

થાય છે. ત્યારે જીવ કર્માદિ ત્રણ યોગના પ્રયોગથી જ મલિન થાય છે પરંતુ સ્વભાવથી મલિન થતો નથી. જીવ જો સ્વભાવમાં જ રમણ કરે તો કર્મનો સંપૂર્ણ સ્ટોક ખાલી થઈ જાય છે અને તે ચરમભવી થઈને મોક્ષમાં જાય છે. હે કુમારો ! આ વીતરાગ વિજ્ઞાન છે. તેને ચારે ય બાજુઓથી સમજી, જાણી, દરેક પાસાઓને તપાસી, પઠન, પાઠન કરશો તો સુખ–દુઃખરૂપ સંસારના મૂળભૂત કર્મના કરેલા ચય ઉપચયાદિ સ્ટોકને ખાલી કરી, નિર્જરા કરી મોક્ષ પ્રાપ્ત કરશો.

**પ્રયોગ–૧૪ :–** ભગવતી મૈયાએ કુમારોને સમજાવતાં કહ્યું કે આત્માના અસંખ્યાત પ્રદેશ ઉપર કર્મનો સ્ટોક જે જમા થાય છે, તેમાં પણ અજાયબી ભરેલી પ્રક્રિયાઓ છે.

પરમાણુ શુદ્ધ દ્રવ્ય ક્યારે ય એકલું આવતું નથી. તે પણ તેનો સ્વભાવ ઢાંકીને અશુદ્ધ બની અનેક પરમાણુ સાથે સંયોગ સંબંધ જોડી કર્મસ્કંધનો પોષાક પહેરીને આવે છે તેથી તેને સપ્રદેશ કહેવાય છે. પરમાણુ પોતે અપ્રદેશ છે. જેવો બીજા પરમાણુ સાથે સંબંધ જોડાયો તેવો તે સપ્રદેશ બની જાય છે.

તેથી કર્મકરણ સપ્રદેશી છે તેના દ્વારા જ્યારે નવી–નવી પર્યાયોનો આવિર્ભાવ કરવો હોય ત્યારે પહેલા સમયે જે પર્યાયપણે ઉત્પન્ન થવું હોય તે તેના માટે અપ્રદેશ છે અને પછી બીજા સમયે પર્યાય ઉત્પન્ન થઈ જાય એટલે સપ્રદેશ છે, તેમ કાલાદેશથી કહેવાય છે. તે નારકીથી લઈને ચોવીસ દંડકના જીવો માટે જાણવું. આહારક, ભવ્યાદિથી લઈને પર્યાપ્તિ દ્વાર સુધી કોઈને સપ્રદેશી અથવા અપ્રદેશી કહીને ત્રણ ભાંગા અથવા છ ભાંગાની પ્રક્રિયાઓથી વાસિત કરાય છે. આ બધી પ્રક્રિયાની પદ્ધતિને તોડવાની એક અપૂર્વ પદ્ધતિ છે– પ્રત્યાખ્યાન.

જે જીવ સર્વથી પ્રત્યાખ્યાન ગ્રહણ કરે છે, તેને **પ્રત્યાખ્યાની** કહેવાય છે. જેઓ પ્રત્યાખ્યાન ગ્રહણ કરતા નથી, તે **અપ્રત્યાખ્યાની** કહેવાય છે અને જેઓ દેશથી પ્રત્યાખ્યાન કરે છે તેને **પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની** કહેવાય છે. મનુષ્ય આ ત્રણે ય પ્રકારના હોય છે. તિર્યંચ પંચેન્દ્રિય બે પ્રકારના અને બાવીસ દંડકના જીવો એક પ્રકારના એટલે અપ્રત્યાખ્યાની હોય છે.

હે કુમારો! ચોવીસ દંડકમાં માત્ર વૈમાનિક દેવો ત્રણે ય પ્રકારના નિર્વર્તિત આયુષ્યને ભોગવી રહ્યા હોય છે અને બાકીના સર્વ જીવો માત્ર અપ્રત્યાખ્યાન નિર્વર્તિત

આયુષ્યને જ ભોગવે છે.

**પ્રયોગ–૧૫ :–** કુમારોને ભગવતીમૈયાએ ચૌદમો પ્રયોગ સમજાવ્યો. તે સમજી કુમારો ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા અને તેમાંથી એક સવાલ પૂછી બેઠા– મા ! જો જીવ પ્રત્યાખ્યાન ન કરે તો ક્યાં જાય ? તેનો જવાબ દેતા ભગવતી મૈયાએ કહ્યું કે તે ભ્રમણ કરતાં–કરતાં એકેન્દ્રિયમાં પહોંચી જાય છે. તેમાં પણ મલિન ભાવોથી અશુભ લેશ્યાના કારણે તેઓને તમસ્કાય રૂપે ઉત્પન્ન થવું પડે છે. તે છેક અરૂણવર સમુદ્રમાં કાળા વર્ણાદિરૂપ પરિણતિ પામીને પાણીરૂપે(ગાઢ ધુમ્મસ) ઉત્પન્ન થાય છે. અસંખ્યાત અસંખ્યાત જીવોના સમૂહરૂપે હોવાથી તેનો વિસ્તાર ૧૭૨૧ યોજન સુધી ઊંચે એક સરખો હોય છે અને ઉપર જતાં ઊંચે પાંચમા દેવલોક સુધી ફેલાઈ છે, ત્યાં અસંખ્યાત યોજન વિસ્તાર પામે છે. તેમાં કોઈ પ્રવેશ કરે તો તેના અંધકારમાં તે જોઈ શકાતા નથી. તે તમસ્કાયમાં પાણીરૂપે રહેલા જીવો કોઈને માટે ઉપકારનું કાર્ય કરી શકતા નથી; ફક્ત પોતાના કર્મ દ્વારા તેમાં જન્મ–મરણ કરે છે. તેના તેર નામ છે વગેરે વાતો બહુ વિસ્તારથી સમજાવી.

તેની સાથે આઠ કૃષ્ણરાજીની વાત પણ સમજાવી તે પણ બહુ ભયંકર કાળા વર્ણવાળી છે. તેમાં પૃથ્વીકાયના જીવો અશુભ લેશ્યાથી ઉત્પન્ન થાય છે અને ત્યાં જ જન્મ–મરણ કર્યા કરે છે. આ સર્વ પરિણામ કર્મરાજાનું છે. કૃષ્ણરાજીના આઠ આકાશાન્તરમાં આઠ લોકાંતિક વિમાનો છે અને આઠ વિમાનોની મધ્યમાં એક વિમાન નવમું છે. તે વિમાનોની શય્યામાં મહાપુણ્યશાળી આત્માઓ દેવરૂપે ઉત્પન્ન થાય છે. તે દેવોને લોકાંતિક કહેવાય છે.

તાત્પર્ય એ જ છે કે શુભાશુભ કર્મના પરિણામ રૂપ જુદા–જુદા ભવોની પ્રાપ્તિ થાય છે. પાંચમા દેવલોકમાં કૃષ્ણરાજી પર્વત પૃથ્વીકાયરૂપ છે. કાળા અશુભ વર્ણવાળા જીવો તેમાં છે અને તેના અવકાશાંતરમાં એટલે કૃષ્ણરાજી રૂપ અશુભ પુદ્ગલોના આશ્રયે રહેલા શુભ પુદ્ગલ પરિણામવાળા લોકાંતિક વિમાનોમાં બહુ પુણ્યશાળી દેવો પાંચ ઈન્દ્રિય ધારણ કરી ઉત્પન્ન થાય છે, તેઓ સમકિતી હોય છે. જેઓ તીર્થંકર પરમાત્માને દીક્ષાના ભાવ ઉત્પન્ન થાય કે તુર્તજ મૃત્યુલોકમાં આવી હાથ જોડી સંબોધન કરે છે– હે **પ્રભુ ! ધર્મ માર્ગ પ્રવર્તાવો**. તે દેવો પ્રાયઃ એકાવતારી હોય છે. આ રીતે કર્મનું અદ્ભુત રહસ્ય ભગવતી મૈયાએ પ્રકાશ્યું.

**પ્રયોગ–૧૬ :–** [ભગવતી મૈયા] કુમારો ! મારા હૈયાની ધરતી પર અરિહંત પરમાત્માની દિવ્યવાણી વરસી ગઈ છે. તે વાણીમાં ભીંજાતા ભીંજાતા પ્રશ્ન ઊઠ્યો કે આ જીવને રહેવાના સ્થાન આવાસ કેટલા હશે. તેના જવાબમાં નીચેના સ્તરની વ્યાખ્યા કરતા ભગવાને કહ્યું– અધોલોકની સાત પૃથ્વી છે. રત્નપ્રભાથી લઈને છેક અનુતર વિમાન સુધીના આખા લોકમાં જીવના આવાસ સ્થાનો છે. તે આવાસ સ્થાનોમાં જીવ ક્યારેક મારણાંતિક સમુદ્‌ઘાત કરીને ઉત્પત્તિ સ્થાન સુધી આત્મપ્રદેશ ફેલાવી ત્યાં જાય અને પાછા વળે છે; અને બીજીવાર મારણાંતિક સમુદ્‌ઘાત કરી એટલે મૃત્યુ પામી, ઉત્પત્તિના સ્થાને જાય છે, આહાર લે છે, પરિણમાવે છે, તેમજ શરીર બાંધે છે. આ છે કર્મની વિચિત્રતા. વિચિત્રતાનું કારણ એ છે કે આયુષ્ય કર્મની સ્થિતિ થોડી હોય અને કર્મ દલિકો વધારે હોય, તેને ક્ષય કરવા માટે મારણાંતિક સમુદ્‌ઘાત કરવી પડે છે. જે આત્માઓને સમ કર્મ દલિકો હોય તે મારણાંતિક સમુદ્‌ઘાત કર્યા વિના જ આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુ પામી ઉત્પત્તિ સ્થાનમાં પહોંચી જાય છે અને પહોંચતા જ ત્યાં આહાર લે છે, પરિણમાવે છે અને પછી શરીર બાંધે છે.

**પ્રયોગ–૧૭ :–** આ શરીરનું પોષક તત્ત્વ વનસ્પતિ રૂપ ધાન્ય છે. તે પણ જીવ છે. તેનું વાવેતર કરતાં અનેક ધાન્ય રૂપે જીવો ઉત્પન્ન થાય છે. તે ધાન્યની ઉત્પાદક શક્તિ કેટલાક વર્ષ સુધી હોય શકે તેની વાત સૂક્ષ્મ રીતે સમજાવી. જીવની ઉત્પાદશક્તિના કાળને દર્શાવતાં, વ્યવહાર પરમાણુથી લઈને પલ્યોપમ, સાગરોપમ તથા ઉત્સર્પિણી, અવસર્પિણી સુધીના માપરૂપ અંકગણિતનું તથા ભરતાદિ ક્ષેત્રના મનુષ્યના આકાર પ્રકારનું જ્ઞાન આપ્યું.

**પ્રયોગ–૧૮ :–** કુમારો ! રત્નપ્રભાદિ સાત નરક પૃથ્વીની નીચે ***યાવત્*** ઈષત્‌પ્રાગભારા પૃથ્વીની નીચે ઘર–દુકાન વગેરે ત્યાં કોઈ બનાવતું નથી ફક્ત ત્યાં વાદળાઓના સમૂહનો ગડગડાટ–ગર્જના અને વર્ષાદિ હોય છે; તે પણ દેવો અસુરકુમારો કે નાગકુમારો કરે છે. તે કરવાનો ક્યાં કોનો કેટલો અધિકાર છે, તેનું વર્ણન વિસ્તારથી સમજાવ્યું.

આ વાર્તાલાપ પછી એક માર્મિક વાત ભગવતીમૈયાએ કુમારોને સમજાવી કુમારો ! આ કાર્ય દેવો કરે તે કૃત્રિમ અચિત્ત વિક્રિયા હોય છે, પરંતુ પ્રત્યેક જીવો જે પૃથ્વી આદિ રૂપે વાસ્તવિક ઉત્પન્ન થાય છે તે જીવો તેના ભવમાં પોતાના કર્મ પ્રમાણે છઠ્ઠીના લેખ લખે છે. અર્થાત્ આયુષ્ય બાંધવાના ટાઈમે છ કર્મની પ્રક્રિયા સર્જાય છે.

જેમ કે– (૧) જીવે ચાર ગતિમાંથી જે ગતિમાં જવાની સામગ્રી એકત્રિત કરી છે તે પ્રમાણે ગતિની સાથે આયુષ્ય નિધત્તરૂપ નિર્માણ થાય છે તેને ગતિ નિદ્ધત્તાયુ કહે છે. (૨) ઈન્દ્રિયની જાતિ એકથી લઈને પાંચ સુધીની કર્મ પ્રમાણે પ્રાપ્તિ થાય; તેની સાથે આયુષ્ય નિધત્ત થાય છે તેથી જાતિ નિધત આયુ (૩) કેટલો સમય રહેવાનું છે તે નિર્ણય થાય તેને સ્થિતિ નિદ્ધતાયુ (૪) લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ કેટલા પ્રમાણમાં મળે તેનો નિશ્ચય કરે તે અવગાહના નિદ્ધત્તાયુ (૫) કેટલા પ્રમાણના પુદ્‌ગલ પરમાણુને ભોગવશે તે પ્રદેશ નિદ્ધતાયુ (૬) તેનો અનુભવ આત્મા કેવી રીતે કરશે, તે અનુભાગ નિધત્તાયુ. આ રીતે છ લેખ લખીને પુણ્ય–પાપનું પાથેય લઈને જીવ જન્મે છે. તેમાં ફેરફાર કરી શકાતો નથી. તેથી વૃદ્ધની કહેવત છે કે છઠ્ઠીના લખિયા લેખ લલાટે મિથ્યા ન થાય. ત્યારબાદ પાણીના જીવોનું અસ્તિત્વ દર્શાવીને કહ્યું છે કે– તે પાણીના અસંખ્યાત જીવોને વાયુકાયનો સહારો મળતાં જ લવણસમુદ્રમાં તોફાન થાય છે. આવું તોફાન બાદર વાયરો ક્યાં–ક્યાં સર્જી શકે તેની વાતનું નિરૂપણ કર્યું.

**પ્રયોગ–૧૯ :–** સંસારી જીવ પાસે હંમેશાં આઠ કર્મ હોય છે. તેમાંથી ક્યારેક જીવ આઠ પ્રકારના, ક્યારેક સાત પ્રકારના તો ક્યારેક છ પ્રકારના પણ કર્મ બાંધે છે. આ પ્રમાણે નવા કર્મનો બંધ પાડતા જીવ ચારગતિમાં પરિભ્રમણ કરે છે. કોઈકવાર ઋદ્ધિવાળો દેવ થાય તો તેની શક્તિનો પ્રયોગ કેવા પ્રકારે થાય છે તે વર્ણનમાં એક વર્ણવાળા એક આકાર– વાળા રૂપ બહારના પુદ્‌ગલો લઈને દેવો બનાવી શકે છે તથા એક કલરમાંથી બીજા કલરરૂપે બહારના પુદ્‌ગલો લઈને પરિણત કરી શકે છે. તેમજ ગંધ–રસ–સ્પર્શ બધામાં પરિવર્તન કરવાની દેવોની શક્તિ છે. પરંતુ બહારની સામગ્રી લઈ મિશ્રણ કરે ત્યારે જ તે થઈ શકે છે. ત્યાર બાદ તેનામાં જાણવાની શક્તિ કેવી છે તે વર્ણન કરતા ભગવતીમૈયા કહે છે કે અશુદ્ધલેશી દેવ ઉપયોગવાન હોય તો પણ શુદ્ધલેશી અશુદ્ધલેશી દેવને જાણી શકતા નથી. શુદ્ધલેશી દેવ પણ જ્ઞાનમાં ઉપયોગવાન બને ત્યારે જ શુદ્ધ કે અશુદ્ધલેશી અન્ય દેવ–દેવીને જાણી શકે છે, અન્યથા નહીં. તેવા સંદર્ભનું વિશદ વર્ણન સમજાવ્યું.

**પ્રયોગ–૨૦ :–** [ભગવતીમૈયા] કુમારો ! ભગવાન એમ કહે છે– જગતના જેટલા જીવો છે તે પ્રત્યેક જીવને દુઃખ તથા સુખ કેટલા પ્રમાણમાં છે, કેવડું છે તેને કોઈ જ્ઞાની દેખાડી શકવા સમર્થ હોતા નથી. કારણ કે આત્મા પોતે અરૂપી છે. સુખ દુઃખ વગેરે તે આત્માના ગુણ છે તે પણ અરૂપી છે. માટે દેખાડી ન શકાય પરંતુ અનુભવી શકાય છે.

તે અનુભવના સ્તર ઉપર સંસારી જીવોના હાવ ભાવ ઉપસે છે. તેનાથી અનુમાન કરી શકાય છે કે આ જીવ દુઃખી છે અથવા સુખી છે. સર્વજ્ઞ પુરુષો તે લોકોને સુખ–દુઃખના કારણો દર્શાવી દે છે પરંતુ કોઈનો અનુભવ કોઈને કરાવી શકાતો નથી, દેખાડી શકાતો નથી.

જીવ નિયમા ચૈતન્ય છે અને ચૈતન્ય ભાવ નિયમા જીવ છે; તે તેની સ્વભાવિક પર્યાય હોવાથી તાદાત્મ્ય સંબંધ હોય છે. તેથી કદી ચૈતન્ય વિના જીવ રહી શકતો નથી અને જીવ વિના ચૈતન્ય કદી હોય જ નહીં. તો પછી નારકી જીવ છે કે જીવ નારકી છે ? આવો પ્રશ્ન ગૌતમને થયો ત્યારે હે કુમારો ! ભગવાને કહ્યું કે નારકી નિયમથી જીવ છે, પરંતુ જીવ નારકી હોય શકે અથવા તો ન પણ હોય શકે. કારણ કે નારકાદિ પર્યાય વૈભાવિક, સાંયોગિક પર્યાય છે તેથી જીવથી વિયુક્ત થઈ શકે છે. એવી જ રીતે ચોવીસ દંડકમાં જીવ છે પરંતુ જીવ માત્ર દંડકમાં હોય તેવો નિયમ એકાંત નથી, ભજનાથી હોય છે વગેરે વગેરે. કુમારો ! જીવો એકાંતે દુઃખ વેદતા નથી; ક્યારેક તેઓ સુખ પણ વેદે છે. તેમજ જીવો એકાંતે સુખ વેદતા નથી; ક્યારેક તેઓ દુઃખ પણ વેદે છે. તેના અલગ–અલગ કારણો હોય છે, જેને કેવળી જાણે–દેખે છે. આ રીતે ભગવતી મૈયાએ કુમારોને અલૌકિક પ્રયોગનું જ્ઞાન કરાવી સાતમા ખંડમાં અપૂર્વ પ્રયોગનું જ્ઞાન કરાવવા પ્રવેશ કરાવ્યો.

**પ્રયોગ–૨૧ :–** કુમારો ! જીવોનો સ્વભાવ અનાહારક હોય છે. જીવદ્રવ્યને ક્યારે ય પુદ્ગલાદિ અન્ય દ્રવ્યને ગ્રહણ કરવાની જરૂર નથી. છતાં એ જ્યાં સુધી કર્મધારી હોય ત્યાં સુધી કર્મને ટકાવી રાખવા તેને નવા પુદ્ગલો આહારરૂપે ગ્રહણ કરવા પડે છે. જીવ શરીરમાંથી નીકળે ત્યારે આહારી હોય અથવા ન હોય. અનાહારી રહે તો એક, બે, ત્રણ સમય સુધી રહે છે પછી આહારી થઈ જાય છે. જીવ ઉત્પન્ન થતી વેળાએ અને મૃત્યુ પામતી વેળાએ અલ્પ આહારી હોય છે. આ રીતે સંસારી જીવોને જન્મ–મરણ વગેરે રમત રમવાનું મેદાન છે લોક. તે લોકનો આકાર સુપ્રતિષ્ઠિત ત્રણ શરાવલાના આકાર જેવો છે, નીચેના ભાગમાં વિસ્તારવાળો વચમાં સાંકડો ઉપર મૃંદગ સમાન છે. સંપૂર્ણ આકાર કમ્મર પર બે હાથ રાખી પહોળા પગ કરી ઊભેલા(ગોળ ફરતા) મનુષ્યના આકાર જેવો છે. આ બધુ અર્હં જિન કેવળી જાણે છે, જોવે છે. ત્યારપછી તેઓ અઘાતીકર્મ ક્ષય કરીને મોક્ષમાં જાય છે.

ભગવતી મૈયાએ કુમારોને શ્રમણોપાસકની સામાયિકમાં સાંપરાયયિકી ક્રિયા

લાગવાનું અને આરંભી હિંસાથી અહિંસા વ્રતમાં અતિચાર ન લાગવાનું રહસ્ય સમજાવ્યું. શ્રમણોને એષણિક આહાર આપવાથી સમાધિનો, સમ્યક્ત્વનો તેમજ મોક્ષ પ્રાપ્તિનો લાભ થાય. કર્મ રહિત જીવની ઊર્ધ્વગતિના કારણો દષ્ટાંત સહિત સમજાવી દુઃખી જીવ દુઃખથી વ્યાપ્ત(બદ્ધ) હોય છે પરંતુ દુઃખ રહિત જીવ દુઃખથી વ્યાપ્ત હોતો નથી.

ઉપયોગ રહિત અણગારને, કોઈપણ કાર્ય કરે ત્યારે ક્રોધ, માન, માયા, લોભ હાજર હોવાથી સાંપરાયિક ક્રિયા લાગે છે. સિદ્ધાંતાનુસાર વર્તતા સાધુને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે. સૂત્ર વિરુદ્ધ ઉપયોગરહિત વર્તનારને સાંપરાયિક ક્રિયા લાગે છે. પછી તે ભલે આહાર દોષ રહિત લાવ્યો હોય, પરંતુ આહાર કરતા સારા–નરસાના સંયોગ કરીને, સ્વાદ માણીને ભોજન કરવામાં આવે તો તે આહાર દોષિત ગણાય છે. ભાવ સાથે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી તેના ભેદો પ્રભેદો થાય છે. અહો ભવ્યો ! આહાર ઉપર સંસારીનો મોટો ઈતિહાસ સર્જાય છે. આહારની મર્યાદા જાળવવાથી નીરોગી કાયા, સ્વસ્થ ચિત્ત, મનોહર મન બને છે. અનાસક્તયોગ કેળવતા જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**પ્રયોગ–૨૨ :–** કુમારો ! પચ્ચખાણનો બહુ બહુ મહિમા છે. તેના બે પ્રકાર છે– સુપચ્ચખાણ અને દુષ્પચ્ચખાણ. કોઈક જીવો મેં પચ્ચક્ખાણ કર્યા છે, તેમ બોલે છે; છતાં હિંસાદિ દોષો કરે છે, કારણ કે તેને જીવાદિ તત્ત્વનું જ્ઞાન હોતું નથી. આ ત્રસ, સ્થાવર છે અથવા આ જીવ છે, આ અજીવ છે, તેવું જાણપણુ કર્યું ન હોય, ત્યાં સુધી જીવોની દયા પાળી શકાતી નથી. તેથી દુષ્પ્રત્યાખ્યાન થાય છે. જેઓને જાણપણુ છે તેઓ સુપ્રત્યાખ્યાની છે. તેમાં પણ મૂળગુણ ઉત્તરગુણ વગેરે ભેદ–પ્રભેદ સમજી લેવા જરૂરી છે. પ્રત્યાખ્યાન કર્યા વિના રાગદ્વેષ ઓછા થતા નથી.

**પ્રયોગ–૨૩ :–** કુમારો ! વનસ્પતિકાયિકના જીવો છ ઋતુ પ્રમાણે અલ્પાહારી કે મહાહારી હોય છે. તેઓના અનેક ભેદ પ્રભેદ થાય છે. જેમ કે સાધારણ, પ્રત્યેક વનસ્પતિ વગેરે. જીવો, લેશ્યાને આધારે અલ્પકર્મી, ભારેકર્મી બને છે, તે પ્રમાણે તેઓને વેદના ભોગવવી પડે છે. તે વેદનાને કર્મ કહે છે અને નિર્જરાને નોકર્મ કહે છે; આ તેનુંરહસ્ય છે. શાશ્વત, અશાશ્વતના વિશાળભાવોને સ્યાદવાદ શૈલીથી આપણે સમજવા જોઈએ.

**પ્રયોગ–૨૪ :–** કુમારો ! આ આખોલોક સંસારી જીવોથી છ પ્રકારે ભરેલો છે. પૃથ્વીકાયાદિ તે જીવોની બે ક્રિયા ચાલ્યા કરે છે– સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા. મિથ્યાત્વ ક્રિયા વડે સંસારમાં પરિભ્રમણ થાય છે સ્થિતિ, આયુષ્ય, ભવસ્થિતિ, સામાન્ય

કાયસ્થિતિ, નિર્લેપકાળ વગેરે વગેરે સર્જન વિસર્જન થયા કરે છે.

**પ્રયોગ–૨૫ :–** જીવના ઉત્પત્તિ સ્થાનને યોનિ કહે છે. તેમાંય તિર્યંચ યોનિના અનેક પ્રકાર હોય છે. યોનિ સાથે જાતિ, કુળ કોટિનું વર્ણન સમજવા જેવું છે.

**પ્રયોગ–૨૬ :–** ભગવતીમૈયા બોલ્યા– કુમારો ! આ પ્રયોગ બહુ સૂક્ષ્મ છે. આમાં જીવના અધ્યવસાયનું આંદોલન છે. આ ભવમાં બધા જીવો અનાભોગથી આયુષ્યનો બંધ કરે છે તેને પરભવમાં વેદે છે. પૂર્વભવમાં અને માર્ગમાં જીવને અલ્પ વેદના હોય કે મહાવેદના; પરંતુ ઉત્પન્ન થયા પછી નારકી નરક ભવમાં મહાવેદના વેદે અને દેવલોકમાં દેવ અલ્પવેદના વેદે છે. મનુષ્ય, તિર્યંચ સ્વસ્થાને ઉત્પન્ન થયા પછી બંને પ્રકારની વેદના વેદે છે. જીવોપરની અનુકંપાથી જીવને શાતા વેદનીય બંધાય છે અને જીવોને પરિતાપ, દુઃખ આપવાથી અશાતા વેદનીય બંધાય છે. મનુષ્ય પ્રાણાતિપાતાદિ ૧૮ પાપસ્થાનક દ્વારા કર્કશ વેદના–તીવ્ર અશાતા વેદનીય અને ૧૮ પાપની વિરતિ દ્વારા અકર્કશ વેદનીય એટલે ઉત્કૃષ્ટ પુણ્ય બાંધે છે. ભરત ઐરવત ક્ષેત્રમાં દુઃખમાદુઃખમી નામના છઠ્ઠા કાલ વિભાગ(આરા)માં જીવની દુર્દશા કેવી થાય ? તેનું હૃદયદ્રાવક ચિત્ર આપણે ઉદ્દેશક ખોલી ખોલીને જોશું. તમારે આ પ્રયોગમાં ખૂબ ચિત્તની એકાગ્રતા કરવી પડશે માટે ફક્ત માહિતી આપી છે.

**પ્રયોગ–૨૭ :–** કુમારો ! આ પ્રયોગમાં બિલકુલ કષાયથી શાંત તથા ક્ષીણ થયેલા આત્માને હલન–ચલન કરવાની ક્રિયામાં ફક્ત ઈર્યાપથિકી નામની જ ક્રિયા લાગે છે, તેને સંવૃત અણગાર કહેવાય છે. આપણે બધાને આ સ્થાનમાં પહોંચવાનું છે. બાકી તો સર્વ જીવો રૂપી; સચેત–અચેત કામ ભોગવતા,પાંચ ઈન્દ્રિયના વિષયોમાં એવા રાચતા, મન દ્વારા ઉત્થાનાદિ ક્રિયા કરતા દેવલોકમાં, મનુષ્યલોકમાં, તિર્યંચલોકમાં ફજેત ફાળકાની જેમ ફરે છે. ક્યારેક કામભોગ ભોગવવામાં સમર્થ તો ક્યારેક અસમર્થ; કર્મ પ્રમાણે થયા કરે છે, પરંતુ પરમાવધિજ્ઞાન કે કેવળજ્ઞાન મેળવીને જીવ ક્ષીણભોગી થાય અને તે જ ભવે મુક્ત થાય તેને પણ આપણે આ ઉદ્દેશક ખોલીને વિચાર વિમર્શ કરશું.

**પ્રયોગ–૨૮ :–** કુમારો ! જે સંવૃત અણગાર બને છે તે સંપૂર્ણ કર્મનો ક્ષય કરી, કેવળ જ્ઞાન પામી ત્રણ યોગનું રૂંધન કરી, તૈજસ કાર્મણશરીરથી મુક્ત બની સિદ્ધ થાય છે; તેને ફરવું પડતુ નથી. તેઓ લોકાગ્રે પહોંચીને આત્માના અનંતગુણમય વૈભવમાં વિલાસ કરે છે. જીવનું શુદ્ધ સ્વરૂપ પણ આ જ છે. જ્યાં સુધી આ સ્વરૂપ પ્રગટ થાય નહીં, ત્યાં

સુધી જીવાત્મા સમાન હોવા છતાં કુંથુવામાં ઉત્પન્ન થાય ત્યારે નાનું બની રહેવાનું, હાથીમાં ઉત્પન્ન થાય ત્યારે મોટું બનીને રહેવાનું, પાપમય ક્રિયા કરીએ ત્યારે નારકી થઈને ભોગવવાનું, પુણ્યમય ક્રિયા કરીએ ત્યારે દેવ થઈને ભોગવવાનું, પુણ્ય પાપમય ક્રિયામાં દુઃખ સુખ મિશ્રિત થઈને તિર્યંચ કે મનુષ્યમાં જઈને ભોગવવાનું હોય છે. તેમાં આહારાદિ સંજ્ઞા ઉત્પન્ન થયા કરે છે. પરતંત્રપણે દસ પ્રકારની વેદના ભોગવવી પડે છે, ઈત્યાદિ વિસ્તાર આ ઉદ્દેશકમાં આપણે જોઈશું.

**પ્રયોગ–૨૯ :–** કુમારો ! સંસારનો ત્યાગ કર્યા બાદ અણગારોને અનેક લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. લબ્ધિને જ્યારે જીરવી શકતા નથી ત્યારે તે તેનો પ્રયોગ કરે છે, તેને અસંવૃત પ્રમત્ત અણગાર કહેવાય. તેની પ્રયોગ કરવાની શક્તિ કેવી હોય તે આ ઉદ્દેશકમાં દર્શાવી છે. આ બધી શક્તિઓ કેમ ખુલે, કેમ બંધ થાય, તેનું વિજ્ઞાન અર્હં જિન ભગવાન સંપૂર્ણપણે જાણે છે, દેખે છે. પ્રભુ મહાવીર અર્હં જ્યારે વિચરતા હતાં ત્યારે જ એક પ્રસંગ રાજા શ્રેણિક અને કોણિક વિષયક બની ગયો છે. ભૌતિક સામગ્રીની આસક્તિ માનવને કેવું કેવું પાપ બંધાવે છે ? તીવ્ર કષાય કેવા વેગ પકડી, રથમૂસળ, મહાશિલાકંટક યુદ્ધ કરાવે છે ? તેની સંપૂર્ણ વિગત આ ઉદ્દેશકમાં છે. ભોગને ભોગવતા વિવેકી આત્મા યુદ્ધ કરતાં યુદ્ધભૂમિમાંથી બહાર નીકળી આલોચના કરી, અનશન કરે તો તેની સદ્ગતિ થાય છે. આલોચના ન કરે તો તિર્યંચ–નરકગતિમાં ઉત્પન્ન થાય છે; તેનું આબેહૂબ વર્ણન આ ઉદ્દેશકમાં કોણિકના ચરિત્ર દ્વારા વર્ણવીશ; તેથી તમારી જિજ્ઞાસાવૃત્તિ વૈરાગ્યવંતી બની રહે.

**પ્રયોગ–૩૦ :–** પ્યારા કુમારો ! ભાગ્ય ખુલે અને પુણ્યનો ઉદય જાગે, ત્યારે તાપસ સંન્યાસીને પણ આપણા પરમ પિતા તીર્થંકર પરમાત્મા પાસે આવવાનું મન થાય છે. તેવા અનેક તાપસોમાં એક કાલોદાયી નામના તાપસ ખૂબ હળુકર્મી હતા. તે પ્રભુ પાસે આવે છે. છ દ્રવ્ય વિષયક પંચાસ્તિકાયના પ્રશ્નો કરે છે, સમાધાન પામી દીક્ષા અંગીકાર કરી, ખૂબ ઊંડાણપૂર્વક તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી, પુણ્ય–પાપનો વિપાક કેવો થાય અને કેવી રીતે પરિણમે તે જાણી પ્રભુ ચરણોમાં રહી પ્રયોગ કરતાં સંપૂર્ણ કર્મક્ષય કરી મોક્ષ પામી જાય છે. આ રીતે ત્રીસ પ્રયોગનો સંકેત તમને મેં કર્યો. હવે આપણે તેમને ખોલીને વાંચશું તેથી તેમાં તમે પ્રવીણ બની જશો.

આ ત્રીસ પ્રયોગ કુમારોએ સાંભળ્યા, અવધાર્યા, માતા સાંતતા દેવી પાસે

પુલ્લકિત હૈયે ભાવો વ્યક્ત કરી. પ્રયોગને વર્તનમાં મુકવા લાગ્યા. એક સમય એવો આવ્યો કે સમ્યગ્દર્શનનો **સૂર્ય** વૈરાગ્યરૂપ **વાયરાથી** દર્શન મોહકર્મની **ગ્રંથિકા** તોડી. ત્યારે અનાદિના આત્મપ્રદેશ ઉપર જામેલા અનંતાનુબંધી કષાયોના ચિત્કાર રૂપ **શબ્દનું, છદ્મ** = આવરણનું **આયુષ્ય** તોડી, **એવંભૂત અનેવંભૂત** વેદના વેદી મિથ્યાત્વના પુદ્ગલોને **કંપાવી, નિર્ગ્રંથી** પુત્ર બનવા રૂપ વિજય પામી, દર્શનમોહરૂપી રાજગૃહ છોડાવ્યું અને આંશિક **ચંદ્ર** સમી શીતલતા અનુભવી.

વિષયાનંદકુમાર અને કષાયાનંદ કુમાર, બંને કુમારો નવી **વેદના** ભોગવવી ન પડે માટે સાત્વિક **આહાર** કરી. **મહાઆશ્રવ**ના દ્વાર રોકવાની કોશિશ કરવા લાગ્યા. **સપ્રદેશ** રૂપ કર્મ **તમસ્કાય**(અંધકાર)રૂપ પરિણત ન થાય તેવો **ભવિક** પુરુષાર્થ કરવા લાગ્યા. **શાલી** આદિ ધાન્યમાં, **પૃથ્વી**કાયાદિમાં ઉત્પન્ન થવાનું **કર્મ** ન બંધાઈ જાય તથા જૈનદર્શનમાં શંકા કંખા કરી અન્યતીર્થિક ન થઈ જવાય તેની કાળજીપૂર્વક સાવધાની રાખતાં સમ્યક્ દર્શનરૂપ સૂર્યના પ્રકાશમાં પ્રગતિ કરવા લાગ્યા.

વિકૃતિ ન આવે તેવો **આહાર**, **વિરતિ** ગ્રહણ કરવાની તાલાવેલી, **સ્થાવર જીવો**ની દયા, સંયમની પાંખ મળે તો **પક્ષી** બની ઊડી જઈએ તેવી તમન્ના, અનેક ભવોના **આયુષ્ય** બંધ તોડી **અણગાર**પણુ પ્રાપ્ત કરવા જાગૃત બની ગયા. **છદ્મસ્થ**પણુ કેમ જાય, **અસંવૃત**પણુ કેમ છૂટી જાય, **અન્યતીર્થિક** ભાવોના અધ્યવસાય ક્યારેય ન થાય તેમ શુદ્ધ દ્રવ્યને જાણી શુદ્ધ બની જઈએ; તેવા ભાવ હિંડોળે ઝૂલવા લાગ્યા. આ રીતે બંને આનંદ મગ્નકુમારો સમ્યગ્દૃષ્ટિ બની ગયા. હવે દેશવિરતિ સન્મુખ થશે તેની વાત વ્હાલા પ્રિય પાઠકો ! આપણે અવસરે કરશું.

## આભાર : સાધુવાદ : ધન્યવાદ :–

પ્રસ્તુત આગમ ભગવતી સૂત્રના આ બીજા ભાગના અનુવાદિકા તથા સહસંપાદિકા અમારા સુશિષ્યા **ડો. સાધ્વી આરતીબાઈ મ.** છે. જેમણે અનુવાદ સ્વાધ્યાય કરવાનો જે પુરુષાર્થ ઉપાડ્યો તે ઘણો ઘણો પ્રશંસનીય છે. હું તેમની કદર કરું છું, ધન્યવાદ આપી ભૂરી ભૂરી પ્રશંસા કરું છું અને શુભ કામના કરતાં કહું છું કે તમે આગમનું ઊંડું અવલોકન કરી, અરિહંત બની જવા નિર્બાધ સંયમ યાત્રાનું નિર્વહન કરતા રહો. એ જ મંગલ ભાવના.

આ આગમને સુશોભિત બનાવનાર, આગમના પાઠ પ્રમાણે વાસ્તવિક અર્થ કરી, સુંદર હાર્દના ભાવભરી અલંકૃત કરનાર, સમયજ્ઞ આગમ મનીષી **પૂ. ત્રિલોક–મુનિવર્ય**ને શતકોટિ વંદના.

સહ સંપાદિકા વિદુષી સાધ્વી **સુબોધિકાશ્રી**ને અનેકશઃ ધન્યવાદ. અમારા આ આગમ અવગાહન કરાવનાર સહયોગી દરેક સાધ્વીવૃંદને સાધુવાદ.

શ્રમણોપાસક મુકુંદભાઈ, ધીરૂભાઈ વગેરેને ધન્યવાદ. ગુરુપ્રાણ ફાઉન્ડેશન સભ્ય શ્રી પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવથી ભરેલા ભામાશા શ્રીયુત **રમણિકભાઈ** અને આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દૃઢસંકલ્પી તપસ્વિની વિજયાબેન તથા ભક્તિસભર શ્રી માણેકચંદ ભાઈ શેઠના સુપુત્ર નરબંકા રોયલપાર્ક સ્થા. જૈન સંઘના યુવાપ્રમુખશ્રી **ચંદ્રકાંતભાઈ શેઠ** તથા કાર્યાન્વિત સર્વ સભ્યગણો, કાર્યકર્તાઓ, મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા તેમના સહયોગી રામાનુજભાઈ, જીજ્ઞેશભાઈ, નીતાબેન અને સાબીરભાઈ તથા આગમના દાનદાતાઓ વગેરેને અભિનંદન સાથે અનેકશઃ ધન્યવાદ.

આ આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા, પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશક, સંપાદકોનો આભાર સહ અનેકશઃ સાધુવાદ.

આગમ અવગાહન કરવામાં ઉપયોગ શૂન્યતાના યોગે ત્રુટી રહી જવા પામી હોય, જિનવાણી વિરુદ્ધ લખાયું કે છપાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્......

***વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માંગુ પુનઃ પુનઃ ક્ષમાપના.***
***મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના.***

**પ. પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ. સ. ના**

**સુશિષ્યા – આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

કેવું હશે એ અદ્ભુત નયનરમ્ય દશ્ય ! જ્યાં સર્વજ્ઞ તીર્થંકર ભગવાન મહાવીર સદેહે સ્ફટિકરત્નના સિંહાસન પર વીતરાગ ભાવમાં બિરાજમાન હશે અને સુવિનીત શિષ્ય ગણધર ગૌતમ તેમની સન્મુખ કંઈક સમાધાન મેળવી લેવાની જિજ્ઞાસાપૂર્વક સ્થિત હશે. ગૌતમ એક પછી એક પ્રશ્ન પૂછતા જાય અને કરૂણાનિધાન પ્રભુ તેનું સમાધાન કરતા જાય, પરંપરાએ તેમાંથી જ આગમગ્રંથોનું સર્જન થાય. તે દશ્ય કેવળ આપણાં મનનો વિષય છે.

તે જ રીતે સૌરાષ્ટ્રમાં ગિરપ્રદેશમાં વિસાવદર નામનું એક ગામ, તેનાથી સાતેક કિ.મી. દૂર એક ઘટાદાર આંબાવાડી. જ્યાં તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. આત્મસાધના અર્થે બિરાજમાન હતાં. તેઓશ્રીના પાવન સાંનિધ્યમાં પૂ. વીરમતીબાઈ મ. આદિ ઠા.૪ અમે સહુ શ્રી ભગવતી સૂત્રની વાચના કરી રહ્યા હતાં. શાસ્ત્રના ગહનતમ ભાવો વાંચતા જઈએ અને પૂ. ગુરુદેવના મૌન સાંનિધ્ય માત્રથી તે ભાવો સમજાતા જાય તે દશ્ય અમારા માનસપટ પર અંકિત થઈ ગયું છે. જ્યારે જ્યારે શ્રી ભગવતી સૂત્ર હાથમાં આવે ત્યારે પૂ. ગુરુદેવ સ્મૃતિપટ પર આવે છે.

પૂ. ગુરુદેવની અસીમ કૃપાથી જ શ્રી ભગવતી સૂત્ર ભાગ – ૨ના સંપાદન કાર્યનો પ્રારંભ કર્યો. પૂર્વાચાર્યો રચિત ટીકાગ્રંથો, અન્ય પ્રકાશિત ભગવતી સૂત્ર તથા અન્ય ગ્રંથોના આધારે સંપાદન કાર્ય કર્યું છે.

શતક – ૫/૧ ના પ્રશ્નોત્તર ચંપાનગરીની પવિત્ર ધરા પર થયા છે. તે કાલની ચંપાનગરી અને વર્તમાનની ચંપાનગરીમાં ઘણું પરિવર્તન થયું હોય, તેમ છતાં ઔપપાતિક સૂત્ર તથા અન્ય ગ્રંથોના આધારે વિવેચનમાં ચંપાનગરીનો ઈતિહાસ આપ્યો છે.

શતક – ૫/૫ માં શાસ્ત્રકારે તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ ઉત્તમ પુરુષોની સંખ્યાનું માત્ર કથન કર્યું છે. પાઠકોની જિજ્ઞાસાપૂર્તિ માટે શ્રી સમવાયાંગ સૂત્રના આધારે તે દરેકના નામ, તેમના માતા-પિતાના નામ વગેરેના કોષ્ટકો આપ્યા છે.

શતક – ૫/૬ માં પુદ્ગલ પરમાણુ અને સ્કંધનું કંપન તથા પરમાણુ અને સ્કંધની પરસ્પર સ્પર્શનાનું કથન છે. આ વિષય ઘણો ગહન છે. તેને સરળતાથી સમજાવવા માટે

વિવેચનમાં કંપન અને સ્પર્શના માટેના સાંકેતિક ચિહ્નો આપ્યા છે. તેના દ્વારા વિષયને સ્પષ્ટ કરીને છેલ્લે સંપૂર્ણ વિષયને આવરી લેતા કોષ્ટકો તૈયાર કર્યા છે.

શતક – ૭/૯ માં મહાશિલાકંટક તથા રથમૂસલ સંગ્રામનું વર્ણન છે. પાઠકોની રસવૃધ્ધિ માટે આ મહાસંગ્રામ પછી તેના મુખ્ય પાત્રો રાજા કોણિક તથા ચેડા રાજાના જીવનની ઘટનાઓ 'તીર્થંકર ચરિત્ર'ના આધારે પરિશિષ્ટમાં આપી છે.

દિશા, સૂર્યના ઉદય – અસ્ત, સૂર્ય પરિભ્રમણ, તેનાથી થતાં દિવસ–રાત્રિના કાલમાનમાં થતી હાનિ – વૃધ્ધિ, તમસ્કાય વગેરે વિષયોને આકૃતિ દ્વારા સ્પષ્ટ કર્યા છે. ચિત્રો જોતાં જ પાઠકોને તે તે વિષયોનું તાદશ્ય થઈ જાય છે. આ રીતે શ્રી ભગવતી સૂત્રના ગહતમ ભાવોને જન–જન સુધી પહોંચાડવાનું એક માત્ર લક્ષ રાખીને અમે વિધ–વિધ રીતે પુરુષાર્થ કર્યો છે.

આ કાર્ય કરતાં અમે સ્વાધ્યાયના અપૂર્વ આનંદની અનુભૂતિ કરી છે.

કોઈ પણ કાર્યની પૂર્ણતા પાંચ સમવાયથી થાય છે. તેમાં પ્રત્યક્ષ અને પરોક્ષ પણે અનેક વ્યક્તિઓનું યોગદાન હોય જ છે. તે જ રીતે આ મહદ્કાર્યમાં અનંત ઉપકારી તપસમ્રાટ ગુરુદેવની અસીમ કૃપા, ગુરુણીમૈયાનું પાવન સાંનિધ્ય, તેઓશ્રીની પ્રેરણા તથા આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા.નું મળતું યથોચિત માર્ગદર્શન તેમ જ ગુરુકૂલવાસી સર્વ સતિજીઓ સદ્ભાવના રૂપ સહયોગે અમારા કાર્યને સહજ અને સરળ બનાવ્યું છે.

સર્વ વડિલોના ઋણનો સ્વાકાર કરીને, તેઓને ભાવવંદન કરીને વિરામ પામીએ છીએ.

અલ્પક્ષયોપશમવશ જિનાજ્ઞાથી ઓછી, અધિક, વિપરીત પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

સદા ઋણી માત–તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત–તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.

શ્રી ભગવતી સૂત્ર ભા.–૨માં શતક–૫ થી ૭ નો સમાવેશ કર્યો છે. તેમાં જીવજગતની સ્વાભાવિક અને વૈભાવિક વિવિધ શક્તિ, સ્થિતિ તેમજ જડ જગતમાં મુખ્યતયા પુદ્દગલ દ્રવ્યનું વિસ્તૃત વિવેચન છે.

આ શતકોમાં કથાનુયોગનું સ્થાન નહીંવત્ છે. સૂત્રકારે ઐવંતાકુમાર શ્રમણના જીવનનો પ્રસંગ સંક્ષિપ્ત રીતે રજૂ કરી સાધકોને દોષ દર્શનથી દૂર રહેવાનો સંકેત કર્યો છે, રથમૂસલ અને મહાશિલાકંટક સંગ્રામનું વિસ્તૃત અને રોમાંચક વર્ણન ગૃહસ્થોને ધર્મશ્રદ્ધા સાથે ન્યાય સંપન્નતાનો સંદેશ આપે છે.

તમસ્કાય, કૃષ્ણરાજિ જેવા અગમ્ય વિષયોનું વર્ણન આ શતકોની મૌલિકતા છે. ગાઢ ધુમ્મસરૂપે પાણીના સૂક્ષ્મ જીવોનું મધ્યલોકના સમુદ્રમાંની ઉપર ઉર્ધ્વલોકના પાંચમા દેવલોક સુધી અર્થાત્ અસંખ્યાત યોજન સુધી હંમેશાં એક જ સ્થાને એક જ આકારે સ્થિત રહેવું, પાણીના જીવોની અત્યંત સઘનતાથી તીવ્રતમ અંધકારનું છવાઈ જવું, દેવોને માટે દુર્ગમ્ય બની જવું. ખરેખર ! તે વિષયનું તલસ્પર્શી વર્ણન બુદ્ધિગમ્ય કે ઈન્દ્રિયગમ્ય નથી.

લોકના શાશ્વત સ્થાનોનું આ પ્રકારનું વિશદ્ વર્ણન જૈન આગમ ગ્રંથોની સૂક્ષ્મતા, ગહનતા અને ગંભીરતાને પ્રગટ કરે છે.

સૂર્યોદય, સૂર્યાસ્ત, દિવસના કાલમાનની પ્રતિદિન થતી વધઘટ, તેનું ચોક્કસ માપ, તેના કારણો વગેરે વિષયોનું ક્રમબદ્ધ વર્ણન આજના ખગોળશાસ્ત્રીઓ માટે માર્ગદર્શક છે.

આયુષ્યબંધ, આયુષ્ય સાથે નિધત્ત અને નિકાચિત્ત થતો અન્ય પ્રકૃતિબંધ, દીર્ઘાયુષ્ય અને અલ્પાયુબંધના કારણો વગેરે અનેક વિષયો કર્મ સિદ્ધાંતની સચોટતાને સિદ્ધ કરીને સાધકને સાવધાન કરે છે. જૈન દર્શનાનુસાર જીવ પોતાના કર્માનુસાર

પરભવમાં જાય છે. તેમાં ઈશ્વર પ્રેરણા વગેરે કોઈ પણ અન્ય કારણો અંશ માત્ર પણ નિમિત્ત બનતા નથી. જીવ પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી જ આ ભવના કૃત્યો અનુસાર જ પરભવનું આયુષ્ય બાંધે છે.

જીવ પરભવનું આયુષ્ય ક્યારે બાંધે ? આયુબંધ સાથે અન્ય કઈ કર્મ પ્રકૃતિઓને બાંધે તે બધી કર્મપ્રકૃતિઓ ક્યારે અને કેવી રીતે ઉદયમાં આવે ? વગેરે વિષયોનું ક્રમબદ્ધ વર્ણન કર્મ સિદ્ધાંતની સચોટતાને સિદ્ધ કરીને સાધકને સાવધાન કરે છે.

સંક્ષેપમાં ભગવતી સૂત્ર–ર મુમુક્ષુઓને જડ જગતનું દર્શન કરાવી, તેનાથી ચૈતન્ય શક્તિની વિશેષતાને પ્રદર્શિત કરી, તેની અનુભૂતિ માટે સત્પુરુષાર્થની પ્રેરણા આપે છે.

## પ્રસ્તુત સંસ્કરણ :–

ભગવતી સૂત્રના અનેક સંસ્કરણ ઉપલબ્ધ હોવા છતાં ગુજરાતી ભાષીઓને લક્ષમાં લઈને ન અતિ વિસ્તૃત, ન અતિ સંક્ષિપ્ત, તેવા વિવેચન સહ પ્રસ્તુત સંસ્કરણ તૈયાર થયું છે. જેમાં મૂળપાઠ, કઠિન શબ્દાર્થ, ભાવાર્થ, વિષયાનુસાર શીર્ષકો, વિષયાનુસાર વિવેચન આપ્યું છે. વિષયબોધની સુગમતા, કઠિન વિષયોની સરળતા અને સ્પષ્ટતા માટે આવશ્યક્તાનુસાર ચાર્ટ તૈયાર કર્યા છે. જે સ્વાધ્યાયીઓ માટે અત્યંત ઉપયોગી છે. કથાનકોના પ્રારંભમાં તે કથાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. જેથી વાચકો કથાના સારભાગને શીઘ્ર પ્રાપ્ત કરી શકે છે.

આ રીતે અનેક પ્રકારે આ વિશાળકાય સૂત્રરાજના વિષયને મારા ક્ષયોપશમ અનુસાર સરળ અને સ્પષ્ટ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જે જનજનના તત્ત્વબોધનું કારણ અને આચાર વિશુદ્ધિનું પ્રેરક બની શકશે તે નિર્વિવાદ છે.

શ્રી ભગવતીસૂત્રની વિશાળતાને લક્ષમાં લઈને તેનું પાંચ ભાગમાં વિભાજન કર્યું છે. જેમાં ભાગ–૧માં શતક ૧ થી ૪, ભાગ–ર માં શતક ૫ થી ૭, ભાગ–૩માં શતક–૮ થી ૧ર, ભાગ–૪માં શતક–૧૩ થી ર૩, ભાગ–૫માં શતક–ર૪ થી ૪૧નો સમાવેશ કર્યો છે.

શ્રુત પરંપરાને અક્ષુણ્ણ બનાવવાના પૂર્વાચાર્યોના પ્રકૃષ્ટ પ્રત્યનોમાં પ્રસ્તુત

સંસ્કરણ નક્કર કડીનું કામ કરી રહ્યું છે.

**પ્રસ્તુત સંસ્કરણમાં આધારભૂત ગ્રંથો :–**

પ્રસ્તુત સંસ્કરણમાં મૂળપાઠમાં સૈલાના દ્વારા પ્રકાશિત શ્રી ભગતવી સૂત્રને આધારભૂત તરીકે સ્વીકાર્યું છે. તેમ જ અનેક સ્થાને યુવાચાર્ય મહાપ્રજ્ઞજી કૃત શ્રી ભગવતી સૂત્ર અંગ સુત્તાણિ ખંડ–ર તથા 'મહાવીર જૈન વિદ્યાલયના ભગવતી સૂત્ર'ના આધારે પાઠનું સંશોધન કર્યું છે. ભાવાર્થ અને વિવેચનમાં શ્રી બેચરદાસજી કૃત ભગવતી સૂત્ર, સૈલાના–ભગવતી સૂત્ર, યુવાચાર્ય શ્રી મધુકરમુનિ કૃત ભગવતી સૂત્ર, ખંડ–૧ પૂ. ઘાસીલાલજી મ.સા. કૃત ભગવતી સૂત્ર, આગમ દિવાકર પૂ. જનક મુનિ મ. સા. લેખિત ભગવતી ઉપક્રમ, આગમ મનીષી પૂ. તિલોક મુનિ મ.સા. લેખિત જૈનાગમ નવનીત ભાગ ૭ને આધારભૂત બનાવ્યા છે.

**આભાર દર્શન :–** આ ઉમદાકાર્યના ઉદ્‌ભવનું પ્રબળ નિમિત્ત પ્રાતઃ સ્મરણીય ઉપકારી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા. નું જન્મ શતાબ્દી વર્ષ છે.

જેમની ઉજ્જવળ પરંપરા રૂપ જિન શાસનમાં સ્થાન પામ્યા, આગમનું જ્ઞાન પામ્યા, જીવન જીવવાનું વિજ્ઞાન પામ્યા, તેવા અનંત ઉપકારી ગુરુવર્યોની ઉપકાર સ્મૃતિ નિમિત્તે અનાદિની અરતિને દૂર કરી, અખંડ **રતિ** આનંદને પ્રાપ્ત કરવા આ વિશાળ આયોજનનું નિર્માણ થયું છે. આ આયોજનને પૂર્ણ કરવા મુખ્યતયા પૂ. મુક્ત–લીલમ ગુરુણી સહ તેમના પરિવારના સાધ્વીજીઓ પોતાનું યોગદાન આપી રહ્યા છે.

આજે ગુરુ પ્રાણ આગમ બત્રીસીનું ૧૫મું પુષ્પ પ્રકાશિત થઈ રહ્યું છે. આ પાવન પ્રસંગે સહુ પ્રથમ આગમ સ્રોત સમ ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી. સૂત્ર સંકલન કર્તા શ્રી સુધર્માસ્વામી, આગમલિપિબદ્ધ કર્તા પૂર્વધર શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને હૃદય પટ પર સ્થાપિત કરી શ્રદ્ધાપૂર્વક નતમસ્તકે વંદન કરું છું. જેણે આગમ સાહિત્યને પ્રવાહિત કર્યું, તેવા આચાર્ય ભગવંતો તથા મમ શ્રદ્ધામૂર્તિ પૂ. જય–માણેક–પ્રાણ– ગુરુવર પ્રતિ શ્રદ્ધાભાવ પ્રગટ કરું છું.

તેમ જ **અનંત ઉપકારી પૂ. તપસ્વી ગુરુદેવ !** શ્રી ભગવતી સૂત્રના પ્રકાશન સમયે આપ સ્મૃતિ પટ પર પધારો છો, આપના પાવન સાનિધ્યમાં આપે બે બે વાર શ્રી ભગવતી સૂત્રની વાચના મને કરાવી અને તે જ આગમ લેખનનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત

થયું. પારદષ્ટા એવા આપે ભાવિના ભાવને જાણીને જ કદાચ આ પ્રકારનું આયોજન કર્યું હોય તેમ વર્તમાને પ્રતીત થાય છે. આ વિશાળકાય ગ્રંથનું આલેખન તે મારી બુદ્ધિ અને શક્તિની બહારની વાત છે, તેમ છતાં તે કાર્ય સહજ, સરળ, સરસ રીતે નિર્વિઘ્ને પૂર્ણ થયું છે, તે આપની જ કૃપાનું અનન્ય પરિણામ છે.

મારી જીવનનૈયાના સુકાની, ઉપકારી પૂ. ગુરુણીદેવા પૂજ્યવરા પૂ. મુક્તાબાઈ મ. તથા ભાવયોગિની પૂ. લીલમબાઈ મ., આ મહાકાર્યના ઉદ્દભવિકા અમારા વડીલ ગુરુભગિની પૂ. ઉષાબાઈ મ., તેમજ મમ સંયમી જીવનના સહયોગિની ગુરુભગિની પૂ. વીરમતિબાઈ મ. પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરું છું.

અમ આયોજનના પાયાના પથ્થર સમ, આગમ ભેખધારી પૂ. ત્રિલોકમુનિ મ.સા. પોતાની તીક્ષ્ણ પ્રજ્ઞાથી આ આગમનું સંશોધન કર્યું છે.

જેણે આગમ વાંચનને જ પોતાનું જીવન બનાવ્યું છે તેવા ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ. મારા લેખનનું શુદ્ધિકરણ કરી મુખ્ય સંપાદક બન્યા છે. યુવાસંત પૂ. નમ્રમુનિ મ.સા. એ તેમાં આવશ્યક સૂચનો કર્યા છે. મમ સહચારિણી સાધ્વી સુબોધિકાએ પોતાની આગવી સુઝ–બુઝથી સહ સંપાદનની ફરજ અદા કરી છે. અમ ગુરુકુલવાસી પૂ. બિંદુબાઈ મ. પૂ. પ્રબોધિકાબાઈ મ. આદિ સર્વ સતીજીઓ મારી સફળતાના સહયોગી છે.

પૂ. ગુરુપ્રાણ ફાઉન્ડેશનના પ્રમુખ અને સક્રિય કાર્યકર્તા શ્રીયુત ચંદ્રકાંતભાઈ શેઠ વગેરે આ વિરાટ કાર્યને વેગવતું બનાવવા પુરુષાર્થ કરી શ્રુતસેવાનો અનોખો લાભ લઈ રહ્યા છે. ભાઈશ્રી નહેલે આગમને મુદ્રિત કરીને, સ્વાધ્યાય પ્રેમી શ્રી મુકુંદભાઈએ પ્રુફ સંશોધન કરીને તથા ધીરૂભાઈએ સહકાર આપીને જિનવાણીને વધાવી છે.

શ્રીમતિ જાસુદબેન સુરજમલભાઈ મહેતાએ આ આગમના શ્રુતાધાર બનીને જિનવાણી પ્રત્યેની શ્રદ્ધા પ્રગટ કરી છે.

**આગમજ્ઞાન પ્રદાતા પૂજ્યવરોનો છે અનંત ઉપકાર,**
**ભગવદ્ ભાવો પ્રગટાવવા જિનવાણીનો કરું છું સત્કાર.**

**વિશ્વમાં ગુરુ 'પ્રાણ'નો વર્તી રહ્યો છે સદા જય જયકાર**
**સહભાગી બન્યા મુજ કાર્યમાં સહુનો કરું છું ઋણ સ્વીકાર....**

મારી અલ્પબુદ્ધિ સામર્થ્યે અને મંદ ક્ષયોપશમે શ્રી ભગવતી સૂત્રના ગંભીર ભાવોના રહસ્યોને હું સમજી ન શકી હોઉં અને શ્રુતલેખનમાં ભગવદ્વાણીની કોઈ પણ પ્રકારે આશાતના થઈ હોય તો પંચ પરમેષ્ઠી ભગવંતોની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં.....

અંતે......

**ગણિપટિકનું ગૌરવ છે તું મા ભગવતી,**
**સુધર્માનું સંકલન સૂત્ર છે તું મા ભગવતી,**
**ગૌતમનો જિજ્ઞાસા સ્રોત છે તું મા ભગવતી,**
**ભવ્યજનોનો અંતસ્તોષ છે તું મા ભગવતી,**
**અહર્નિશ વંદન હો તુજને મા ભગવતી,**
**મુજ અંતઃસ્રોત પ્રવાહિત કરજે મા ભગવતી,**
**મુજ સંયમ ધનનું રક્ષણ કરજે મા ભગવતી,**
**ભગવદ્ ભાવોને પ્રગટાવજે તું મા ભગવતી.......**

**પૂ. મુક્ત–લીલમગુરુણીના સુશિષ્યા**
**સાધ્વી આરતી.**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી ભગવતી સૂત્ર

ગણધર રચિત પાંચમું અંગ

## ભાગ - ૨

## શતક : ૫ થી ૭

મૂળપાઠ, ભાવાર્થ,
વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. ડૉ. આરતીબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# શતક–૫

## પરિચય

★ આ શતકમાં દશ ઉદ્દેશક છે. જેમાં અનેક વિષયોનું સંકલન છે.

★ **ઉદ્દેશક–૧ :–** વિવિધ દિશાઓમાં સૂર્યનો ઉદય, અસ્ત, દિવસ અને રાત્રિનું કાલમાન, જંબૂદ્વીપ આદિમાં વર્ષાઋતુથી લઈને ઉત્સર્પિણી–અવસર્પિણી સુધીના કાલના પ્રારંભનું નિરૂપણ છે.

★ **ઉદ્દેશક–૨ :–** વિવિધ દષ્ટિકોણથી ચાર પ્રકારના વાયુ; ચોખા, અંગાર આદિની પૂર્વ–પશ્ચાદવસ્થા; લવણ સમુદ્રની પહોળાઈ, ઊંડાઈ, સંસ્થાનાદિનો સંક્ષિપ્ત ઉલ્લેખ છે.

★ **ઉદ્દેશક–૩ :–** એક જીવ દ્વારા એક સમયમાં બે આયુષ્યવેદનની અન્યતીર્થિકોની માન્યતાનું નિરાકરણ, એક જીવમાં એક સમયમાં એક જ આયુષ્ય વેદનની સ્વમાન્યતાનું નિરૂપણ, ચોવીસ દંડક અને ચતુર્વિધ યોનિની અપેક્ષાએ આયુષ્ય સંબંધી વિચારણા છે.

★ **ઉદ્દેશક–૪ :–** છદ્મસ્થ અને કેવળીની શબ્દશ્રવણશક્તિ; છદ્મસ્થ અને કેવળીમાં હાસ્ય, ઔત્સુક્ય, નિદ્રા, પ્રચલા આદિનું અસ્તિત્વ નાસ્તિત્વ; હરિણૈગમેષી દેવ દ્વારા ગર્ભાપહરણ; અતિમુક્તક કુમારની બાલચેષ્ટા અને ભગવદ્ પ્રદત્ત સમાધાન, દેવના મનોગત પ્રશ્ન અને પ્રભુએ કરેલું મનોમન સમાધાન, દેવભાષા, અનુત્તરૌપપાતિક દેવનું અસીમ મનોસામર્થ્ય; ચૌદપૂર્વધારીનું લબ્ધિ સામર્થ્ય આદિ વિવિધ વિષયોનું વર્ણન છે.

★ **ઉદ્દેશક–૫ :–** સર્વ પ્રાણીઓની એવંભૂત અને અનેવંભૂત વેદના, જંબૂદ્વીપમાં કુલકર, તીર્થંકરાદિ શ્લાઘનીય પુરુષોનો નામોલ્લેખ છે.

★ **ઉદ્દેશક–૬ :–** અલ્પાયુ અને દીર્ઘાયુના કારણભૂત કર્મબંધના કારણો; વિવિધ પ્રસંગોમાં ક્રેતા, વિક્રેતા, ધનુર્ધારી, ધનુષ સંબંધિત જીવ આદિને લાગતી ક્રિયા; અગ્નિકાયના જીવો ક્યારે મહાકર્મા અને ક્યારે અલ્પકર્મા છે ? નૈરયિકોની વિકુર્વણા; આધાકર્મી આહારનું ફળ અને આચાર્ય–ઉપાધ્યાયની ગતિનો નિર્દેશ છે.

★ **ઉદ્દેશક–૭ :–** પરમાણુ અને સ્કંધોનું કંપન, અવગાહન, પ્રવેશ; પરમાણુ અને સ્કંધોમાં સાર્ધ આદિ; પરમાણુ અને સ્કંધોનો પરસ્પર સ્પર્શ; દ્રવ્યાદિગત પુદ્ગલોની કાલાપેક્ષયા સ્થિતિ, અંતર અને અલ્પ–બહુત્વ; ૨૪ દંડકના જીવોમાં આરંભ અને પરિગ્રહ; પંચહેતુ અહેતુનું નિરૂપણ છે.

★ **ઉદ્દેશક–૮ :–** પુદ્ગલોમાં દ્રવ્યાદિની અપેક્ષાએ સપ્રદેશતા–અપ્રદેશતા વિષયક નિર્ગ્રંથીપુત્ર અણગાર

અને નારદપુત્ર અણગારનો વાર્તાલાપ, સંસારી અને સિદ્ધ જીવોની હાનિ–વૃદ્ધિ અને અવસ્થિતિનું કાલમાન, જીવોમાં સોપચય સાપચય આદિ વિષયોની પ્રરૂપણા છે.

★ **ઉદ્દેશક–૯ :–** રાજગૃહનું સ્વરૂપ, સમસ્ત જીવોના નિવાસ સ્થાનમાં પ્રકાશ અને અંધકાર તથા સમયાદિ કાલજ્ઞાન, પાર્શ્વાપત્ય સ્થવિરો દ્વારા લોક સંબંધી સમાધાન અને દેવોના ભેદ–પ્રભેદોનું વર્ણન છે.

★ **ઉદ્દેશક–૧૦ :–** ચંદ્રના ઉદય, અસ્ત આદિનું અતિદેશપૂર્વક સંક્ષિપ્ત વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સૂર્યની ચારે ય દિશામાં થતી નિરંતર ગતિ; તેના કારણે ભિન્ન–ભિન્ન દિશામાં થતાં સૂર્યોદય અને સૂર્યાસ્ત; ભિન્ન–ભિન્ન ક્ષેત્રમાં થતાં દિવસ અને રાત્રિનું કાલમાન તેમજ કાલના વિવિધ એકમોનું નિરૂપણ છે.

★ સૂર્યનું અસ્તિત્વ ત્રિકાલ શાશ્વત છે. તે સદાય ઉદીયમાન જ છે. તેમ છતાં તેની ગતિના આધારે અને તેના પ્રકાશની સીમાના કારણે જે જે ક્ષેત્રોમાંથી તે પસાર થાય; તે તે ક્ષેત્રમાં સૂર્યોદય અને દિવસનું વ્યપદેશ કરાય છે, તેમજ જે ક્ષેત્રમાંથી સૂર્ય દૂર થઈ જાય તે તે ક્ષેત્રમાં સૂર્યાસ્ત અને રાતનો વ્યપદેશ કરાય છે.

★ જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. બંને સૂર્ય એક જ મંડલ પર સામ સામા રહેતાં મેરુપર્વતની પ્રદક્ષિણા કરે છે. તેથી એક સાથે સામસામા પૂર્વ–પશ્ચિમ કે ઉત્તર દક્ષિણ બે ક્ષેત્રમાં દિવસ અને બે ક્ષેત્રમાં રાત્રિ થાય છે.

★ સૂર્ય ઈશાન કોણમાં ઉદિત થઈ અગ્નિકોણમાં અસ્ત થાય છે, તે જ રીતે ક્રમશઃ ચારે કોણમાં ઉદિત થઈ ત્યારપછીના કોણમાં અસ્ત થાય છે. આ ઉદય, અસ્તના આધારે જ જ્યારે પૂર્વ–પશ્ચિમ વિભાગમાં (પૂર્વ મહાવિદેહ–પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં) દિવસ હોય ત્યારે ઉત્તર–દક્ષિણ વિભાગમાં (ઐરવત–ભરત ક્ષેત્રમાં) રાત હોય છે અને જ્યારે પૂર્વ–પશ્ચિમ વિભાગમાં રાત હોય ત્યારે ઉત્તર–દક્ષિણ વિભાગમાં દિવસ થાય છે.

★ સૂર્યને ગતિ કરવાના ૧૮૪ મંડલ(મંડલાકાર નિશ્ચિત માર્ગ) છે. તેમાં ૬૫ મંડલ જંબૂદ્વીપમાં અને ૧૧૯ મંડલ લવણ સમુદ્રમાં છે. સૂર્ય નિરંતર ગતિ કરતાં ક્રમશઃ આભ્યંતર મંડલથી બાહ્ય મંડલ તરફ અને બાહ્ય મંડલથી આભ્યંતર મંડલ તરફ ગતિ કરે છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ પર હોય ત્યારે મોટામાં મોટો ૧૮ મુહૂર્તનો દિવસ અને નાનામાં નાની ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે. રાત્રિ દિવસ બંને મળીને હંમેશાં ૩૦ મુહૂર્ત જ થાય છે. સર્વાભ્યંતર મંડલથી ક્રમશઃ બાહ્યમંડલ તરફ તેની ગતિ થતાં પ્રતિદિન લગભગ દોઢ મિનિટ જેટલો દિવસ ઘટે અને રાત્રિ વધે છે. આ રીતે ગતિ કરતાં કરતાં સૂર્ય જ્યારે સર્વ બાહ્યમંડલ પર આવે ત્યારે દિવસ ઘટતાં ઘટતાં ૧૨ મુહૂર્તનો અને રાત્રિ વધતાં વધતાં ૧૮ મુહૂર્તની થઈ જાય છે. આ દિવસ રાત્રિનું કાલમાન ચારે ય વિભાગમાં એક સરખું રહે છે અને પ્રત્યેક વિભાગમાં આ રીતે વધઘટ થાય છે.

★ સૂર્યની ગતિના આધારે બે પ્રતિપક્ષી દિશામાં ક્રમશઃ સૂર્યોદય થાય છે. તેથી વર્ષાઋતુ, અયન આદિ પલ્યોપમ, સાગરોપમ સુધીના કાલના પ્રત્યેક એકમો નિષ્પન્ન થાય છે પરંતુ તથા પ્રકારના ક્ષેત્ર

સ્વભાવના યોગે ઉત્તર–દક્ષિણ વિભાગમાં જ ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળનું પરિવર્તન થાય છે અને પૂર્વ–પશ્ચિમ વિભાગમાં સદા અવસ્થિત કાલ રહે છે અર્થાત્ ત્યાં ઉત્સર્પિણી અવસર્પિણી કાલ હોતા નથી.

★ લવણ સમુદ્રમાં ચાર સૂર્ય અને ચાર ચંદ્ર છે. ત્યાં પણ સૂર્યની ગતિ, રાત દિવસ, તેનું કાલમાન આદિ જંબૂદ્વીપ પ્રમાણે જાણવું.

★ ધાતકી ખંડમાં બાર સૂર્ય અને બાર ચંદ્ર છે. કાલોદધિ સમુદ્રમાં ૪ર સૂર્ય અને ૪ર ચંદ્ર છે. પુષ્કરાર્દ્ધ દ્વીપમાં ૭ર સૂર્ય અને ૭ર ચંદ્ર છે. તે પ્રત્યેક ક્ષેત્રમાં સૂર્યની ગતિ આદિ ભાવો જંબૂદ્વીપ પ્રમાણે જાણવા જોઈએ.

આ રીતે આ ઉદ્દેશકમાં સૂર્યની ગતિનું અને તેના પરિમાણનું વિસ્તૃત વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–પ : ઉદ્દેશક–૧

## રવિ

**દશ ઉદ્દેશકોના નામ :–**

**૧** **चंपरवि अणिल गंठिय, सद्दे छउमाउ एयण णियंठे ।**
**रायगिहं चंपचंदिमा य, दस पंचमम्मि सए ॥**

**ભાવાર્થ :–** આ શતકમાં દશ ઉદ્દેશક છે, તેના નામ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) ચંપારવિ, (૨) અનિલ–વાયુ, (૩) ગ્રંથી, (૪) શબ્દ, (૫) છદ્મસ્થ, (૬) આયુષ્ય, (૭) એજન, (૮) નિર્ગ્રંથ, (૯) રાજગૃહ, (૧૦) ચંપાચંદ્રિમ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં દર્શાવેલા ઉદ્દેશકના નામો, તેના આદ્ય અથવા મુખ્ય વિષયોના આધારે છે.

(૧) **चंपरवि** :– પ્રથમ ઉદ્દેશકમાં ચંપાનગરીમાં પુછાયેલા સૂર્ય વિષયક પ્રશ્નોત્તર હોવાથી તેનું નામ 'ચંપરવિ' છે.

(૨) **अणिल** :– બીજા ઉદ્દેશકમાં વિવિધ દષ્ટિકોણથી ચાર પ્રકારના વાયુનું પ્રતિપાદન હોવાથી તેનું નામ 'અનિલ' છે.

(૩) **गंठिय** :– ત્રીજા ઉદ્દેશકમાં જાલગ્રંથીના ઉદાહરણથી એક સમયમાં બે આયુષ્ય વેદન સંબંધી મિથ્યા માન્યતાનું પ્રરૂપણ હોવાથી તેનું નામ 'ગ્રંથી' છે.

(૪) **सद्दे** :– ચોથા ઉદ્દેશકમાં છદ્મસ્થ અને કેવળીની શબ્દશ્રવણશક્તિ વિષયક નિરૂપણ હોવાથી તેનું નામ 'શબ્દ' છે.

(૫) **छउमा** :– પાંચમા ઉદ્દેશકમાં છદ્મસ્થ સંબંધી વક્તવ્યતા હોવાથી તેનું નામ 'છદ્મસ્થ' છે.

(૬) **आउ** :– છઠ્ઠા ઉદ્દેશકમાં અલ્પાયુ, દીર્ઘાયુ બંધના કારણો વગેરે આયુષ્ય સંબંધી કથન હોવાથી તેનું નામ 'આયુષ્ય' છે.

(૭) **एयण** :– સાતમા ઉદ્દેશકમાં પુદ્‍ગલના કંપનાદિની વિચારણા હોવાથી તેનું નામ 'એજન' છે.

(૮) **णियंठे** :– આઠમા ઉદ્દેશકના પ્રારંભમાં નિર્ગ્રંથ નામના અણગારના પ્રશ્નોત્તર હોવાથી તેનું નામ

'નિર્ગ્રંથ' છે.

(૯) **रायगिहं** :– નવમા ઉદ્દેશકના પ્રારંભમાં રાજગૃહના સ્વરૂપ વિષયક પ્રશ્નોત્તર હોવાથી તેનું નામ 'રાજગૃહ' છે.

(૧૦) **चंपचंदिम** :– દશમા ઉદ્દેશકમાં ચંપાનગરીમાં પુછાયેલા ચંદ્ર વિષયક પ્રશ્નોનું સમાધાન હોવાથી તેનું નામ 'ચંપાચંદ્રિમ' છે.

## ચંપાનગરી :–

**૨ तेणं कालेणं तेणं समएणं चंपा णामं णयरी होत्था** *वण्णओ* । **तीसे णं चंपाए णयरीए पुण्णभद्दे णामं चेइए होत्था,** *वण्णओ* । **सामी समोसढे** *जाव* **परिसा पडिगया।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે ચંપા નામની નગરી હતી. તે ચંપાનગરીની બહાર પૂર્ણભદ્ર નામનું વ્યંતરા–યતન હતું. નગરી અને વ્યંતરાયતનનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણી લેવું જોઈએ. એકદા ત્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ ભગવાનને વંદન કરવા અને ધર્મોપદેશ સાંભળવા ગઈ. ધર્મોપદેશ સાંભળીને પરિષદ પાછી ફરી ગઈ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ઉપોદ્ઘાતરૂપે ચંપાનગરીના પૂર્ણભદ્ર નામક વ્યંતરાયતનમાં ભગવાન મહાવીરનું પદાર્પણ, સમવસરણ, દર્શન–વંદનને માટે પરિષદનું આગમન તથા ધર્મોપદેશ શ્રવણ અને ત્યાર પછી પરિષદનું પુનર્ગમન આદિનું સંક્ષિપ્ત દિગ્દર્શન કરાવ્યું છે. જેથી પાઠક તે સ્પષ્ટતયા સમજી શકે કે પ્રથમ ઉદ્દેશકમાં વર્ણિત વિષયોનું નિરૂપણ ચંપાનગરીમાં થયું હતું.

**ચંપાનગરીનો ઐતિહાસિક પરિચય :–** ઔપપાતિક સૂત્રમાં ચંપાનગરીનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. તદનુસાર 'ચંપા' સમૃદ્ધ નગરી હતી. કથાનકોના માધ્યમે તેની અનેક ઐતિહાસિક વિશેષતાઓ પ્રગટ થાય છે.

(૧) શ્રેણિક રાજાના આકસ્મિક મૃત્યુ પછી તે શોકના કારણે તેના પુત્ર સમ્રાટ કોણિક પોતાની રાજધાની રાજગૃહી નગરીમાં રહી શકતા ન હતા. તેથી તેણે વાસ્તુ–શાસ્ત્રીઓ સાથે વિચાર વિનિમય કરીને એક વિશાલ ચંપાવૃક્ષવાળા સ્થાનને પસંદ કરીને પોતાની રાજધાની માટે ચંપાનગરી વસાવી હતી. નિરયાવલિકા સૂત્રાનુસાર શ્રેણિકના રાજ્યમાં તે નામની નગરી હતી. તેને જ કોણિકે પોતાની રાજધાની તરીકે સ્વીકારી હતી.

(૨) આ ચંપાનગરીમાં દધિવાહન રાજાની પુત્રી ચંદનબાળાનો જન્મ થયો હતો.

(૩) પાંડવકુલભૂષણ પ્રસિદ્ધ દાનવીર કર્ણે આ નગરીને અંગદેશની રાજધાની બનાવી હતી.

(૪) દશવૈકાલિક સૂત્રના રચયિતા આચાર્ય શય્યંભવસૂરિએ રાજગૃહમાંથી આવેલા પોતાના લઘુવયસ્ક પુત્ર મનકને આ નગરીમાં દીક્ષા આપી હતી અને અહીં જ દશવૈકાલિક સૂત્રની રચના કરી હતી.

(૫) બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીનો જન્મ દીક્ષા વગેરે આ જ નગરીમાં થયા હતા.

(૬) આ નગરીના બંધ થયેલા દરવાજાને સતી સુભદ્રાએ પોતાના શીલના ચમત્કારથી ખોલ્યા હતા; પોતાનું કલંક નિવારવા માટે, કાચા સૂતરના તાંતણે ચાલણી બાંધીને, કૂવામાંથી પાણી કાઢી, તે પાણી છાંટી ત્રણ દરવાજા ખોલ્યા હતા.

(૭) વર્તમાનમાં ચંપાનગરી ચંપારણના ભાગલપુરની નજીક એક જિલ્લારૂપે છે.

(૮) મહાત્મા ગાંધીજીએ ચંપારણમાં પ્રથમ સત્યાગ્રહ કર્યો હતો.

## સૂર્યની ભ્રમણ વિધિ :–

**૩ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे गोयमगोत्तेणं** *जाव* **एवं वयासी–**

**जंबुद्दीवे णं भंते ! दीवे सूरिया उदीणपाईणमुग्गच्छ पाईणदाहिणमागच्छंति, पाईणदाहिणमुग्गच्छ दाहिणपडीणमागच्छंति, दाहिणपडीणमुग्गच्छ पडीणउदीण–मागच्छंति, पडीणउदीणमुग्गच्छ उदीणपाईणमागच्छंति ?**

**हंता गोयमा ! जंबुद्दीवे णं दीवे सूरिया उदीणपाईणमुग्गच्छ** *जाव* **उदीण–पाईणमागच्छंति ।**

**શબ્દાર્થ :– उग्गच्छ** = આવીને, પ્રગટ થઈને, ઉદય પામીને **आगच्छंति** = આવે છે, અસ્ત થાય છે.

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જ્યેષ્ઠ અંતેવાસી શિષ્ય ગૌતમ ગોત્રીય આદિ વિશેષણથી વિશેષિત ઈન્દ્રભૂતિ અણગારે આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઉત્તરપૂર્વ(ઈશાનકોણ)માં ઉદય પામીને પૂર્વદક્ષિણ(અગ્નિકોણ)માં આવે છે, અસ્ત થાય છે; અગ્નિકોણમાં ઉદય પામીને દક્ષિણપશ્ચિમ(નૈઋત્ય–કોણ)માં અસ્ત થાય છે; નૈઋત્યકોણમાં ઉદય પામીને પશ્ચિમોત્તર(વાયવ્યકોણ)માં અસ્ત થાય છે; વાયવ્યકોણમાં ઉદય પામીને ઈશાનકોણમાં અસ્ત થાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! જંબૂદ્વીપમાં સૂર્ય ઉત્તરપૂર્વ(ઈશાનકોણ)માં ઉદિત થઈને અગ્નિકોણ(પૂર્વ–દક્ષિણ)માં અસ્ત થાય છે ***યાવત્*** વાયવ્યકોણમાં ઉદય પામીને ઈશાનકોણમાં અસ્ત થાય છે વગેરે પૃચ્છાનુ–

સાર જાણવું.


## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ભરત, ઐરવત, પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ આ ચાર ક્ષેત્રોની અપેક્ષાએ ચાર કોણોમાં સૂર્યના પ્રગટ થવાનું અને ક્રમશઃ અસ્ત થવાનું નિરૂપણ છે.

તે ચારે કોણનો ક્રમ આ પ્રમાણે છે– (૧) ઈશાનકોણ (૨) અગ્નિકોણ (૩) નૈઋત્યકોણ (૪) વાયવ્યકોણ. બે દિશાઓની વચ્ચે આ કોણ હોય છે, તેને વિદિશા પણ કહે છે. પ્રત્યેક કોણ બે દિશાના સંયોગથી બને છે, તેથી સૂત્રમાં તેના નામ બે–બે દિશાનો સંયોગ કરીને આપ્યા છે. યથા– ઉત્તરપૂર્વ, પૂર્વદક્ષિણ, દક્ષિણપશ્ચિમ અને પશ્ચિમઉત્તર. દિશા બે પ્રકારની હોય છે– ક્ષેત્ર દિશા અને તાપ દિશા.

**ક્ષેત્ર દિશા :–** લોક કે જંબૂદ્વીપમાં જે સ્થાયી દિશાનું વિભાજન છે તે ક્ષેત્ર દિશા કહેવાય છે. દિશાઓ મેરુપર્વતથી પ્રારંભ થાય છે. તે પ્રારંભમાં બે પ્રદેશી હોય છે અને ત્યારપછી નિરંતર બે–બે પ્રદેશની વૃદ્ધિ સાથે વિસ્તૃત થતી જાય છે. ચારે વિદિશાઓ સર્વત્ર એક પ્રદેશી હોય છે.


ચાર દિશાઓ અને વિદિશાઓ




**તાપ દિશા :–** સૂર્યોદય અને સૂર્યાસ્તના આધારે નિશ્ચિત થતી દિશાને તાપ દિશા કહે છે. જેમ કે– જે ક્ષેત્રમાં જે દિશાથી સૂર્યોદય થાય છે તે ક્ષેત્રમાં તે પૂર્વ દિશા અને તદનુરૂપ પશ્ચિમ આદિ દિશા હોય છે, અહીં ક્ષેત્ર દિશાની અપેક્ષાએ વર્ણન છે.

જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. તે બંને સૂર્ય સામસામી દિશામાં હોય છે. એક સૂર્ય ઈશાનકોણમાં હોય તો બીજો નૈઋત્યકોણમાં હોય છે. આ બંને સૂર્ય ગતિમાન છે, તેથી એક દિશામાં ઉદય થાય છે અને ગતિ કરતાં બીજી દિશામાં આવે તેને અસ્ત કહે છે.

## સૂર્યનું પરિભ્રમણ



## જંબૂદ્વીપના વિભાગોમાં દિવસ રાત્રિ :–

**૪ जया णं भंते ! जंबुद्दीवे दीवे दाहिणड्ढे दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि दिवसे भवइ; जया णं उत्तरड्ढे दिवसे भवइ, तया णं जंबुदीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमे णं राई भवइ ?**

**हंता गोयमा ! जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे दिवसे भवइ** *जाव* **पुरत्थिम पच्चत्थिमे णं राई भवइ ।**

**શબ્દાર્થ :– दाहिणड्ढे** = દક્ષિણ વિભાગ **उत्तरड्ढे** = ઉત્તરી વિભાગ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના દક્ષિણ વિભાગમાં દિવસ હોય છે ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ દિવસ હોય છે ? જ્યારે જંબૂદ્વીપના ઉત્તર વિભાગમાં દિવસ હોય છે, ત્યારે શું મેરુપર્વતથી પૂર્વ–પશ્ચિમમાં રાત્રિ હોય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે પ્રમાણે હોય છે. જ્યારે જંબૂદ્વીપના દક્ષિણ વિભાગમાં દિવસ હોય છે ત્યારે ઉત્તર વિભાગમાં પણ દિવસ હોય છે અને જ્યારે ઉત્તર વિભાગમાં દિવસ હોય છે, ત્યારે પૂર્વ–પશ્ચિમ વિભાગમાં રાત્રિ હોય છે.

**૫ जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं दिवसे भवइ, तया णं पच्चत्थिमे णं वि दिवसे भवइ, जया णं पच्चत्थिमे णं दिवसे भवइ; तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तर–दाहिणे णं राई भवइ ?**

**हंता गोयमा ! जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं दिवसे भवइ** *जाव* **उत्तर–दाहिणे णं राई भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના મેરુપર્વતથી પૂર્વમાં દિવસ હોય છે, ત્યારે શું પશ્ચિમમાં પણ દિવસ હોય છે ? અને જ્યારે પશ્ચિમમાં દિવસ હોય છે, ત્યારે શું જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર– દક્ષિણમાં રાત્રિ હોય છે ?


**ઉત્તર–** હા, ગૌતમ ! તે પ્રમાણે હોય છે. જ્યારે જંબૂદ્વીપના મેરુપર્વતની પૂર્વમાં દિવસ હોય છે, ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે અને તે સમયે ઉત્તર, દક્ષિણમાં રાત્રિ હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ વિભાગ રૂપ પૂર્વ વિદેહ, પશ્ચિમ વિદેહ, ઐરવત ક્ષેત્ર અને ભરત ક્ષેત્રમાં થતાં દિવસ–રાતનું નિરૂપણ છે.

**સૂર્યના ઉદય–અસ્તનો વ્યવહાર :–** સૂર્યના ઉદય–અસ્તનું નિરૂપણ વ્યવહાર અપેક્ષાએ એટલે દર્શકોની દષ્ટિએ કરવામાં આવે છે. સૂર્ય હંમેશાં ભૂમંડલ પર વિદ્યમાન હોય છે. તે સદા ઉદીયમાન છે પરંતુ સૂર્યની ગતિના કારણે જ્યારે જે ક્ષેત્રના મનુષ્યોની દષ્ટિથી તે દૂર થઈ જાય અને ન દેખાય ત્યારે તે ક્ષેત્રના લોકો 'સૂર્ય અસ્ત થઈ ગયો છે' એ પ્રકારનો વ્યવહાર કરે છે તેમજ સૂર્ય જે ક્ષેત્રના મનુષ્યની દષ્ટિનો વિષય બને છે તે ક્ષેત્રના લોકો "સૂર્યોદય થયો" એ પ્રકારનો વ્યવહાર કરે છે. આ રીતે મનુષ્યોની(દષ્ટિની) અપેક્ષાએ સૂર્યના ઉદય અને અસ્તનો વ્યવહાર થાય છે. સૂર્યના ઉદયથી રાત્રિનો અંત અને દિવસનો પ્રારંભ થાય છે તથા સૂર્યના અસ્તથી દિવસનો અંત અને રાત્રિનો પ્રારંભ થાય છે. સૂર્ય સમભૂમિથી ૮૦૦ યોજન ઉપર રહીને સદા આકાશમાં જ પરિભ્રમણ કરે છે.

સૂર્યના ઉદય–અસ્તથી થતી દિવસ–રાત્રિ



**ઉદય, અસ્ત અને દિવસ રાત્રિનું કારણ :–** યદ્યપિ સૂર્ય સર્વ દિશાઓમાં ગતિ કરે છે, તથાપિ તેનો પ્રકાશ મર્યાદિત ક્ષેત્રમાં જ ફેલાય છે. જેટલા ક્ષેત્રમાં, જે દેશમાં, જેટલો સમય સૂર્યનો પ્રકાશ રહે, તેટલા ક્ષેત્રમાં, તે દેશમાં, તેટલો સમય દિવસ રહે છે અને શેષ ક્ષેત્રમાં, શેષ દેશમાં, તેટલો સમય રાત્રિ રહે છે. આ રીતે સૂર્ય ગતિશીલ હોવાથી અને સૂર્યનું પ્રકાશ ક્ષેત્ર મર્યાદિત હોવાથી રાત્રિ–દિવસનો વ્યવહાર નિર્બાધપણે થાય છે.

**સૂર્યના સીમિત પ્રકાશનું કારણ :–** સૂર્યવિમાન પૃથ્વીકાયમય રત્નોનું છે. તે રત્ન સમૂહની પ્રકાશ શક્તિ સીમિત હોય છે. જેમ દીપક, બલ્બ, ટયુબલાઈટ અને મણી વગેરેમાં પ્રકાશ ફેલાવવાની એક ક્ષેત્ર સીમા હોય છે તેમ સૂર્યવિમાનના રત્નસમૂહની પણ પ્રકાશ ક્ષમતા સીમિત છે. તેનું વિસ્તૃત વર્ણન જંબૂદ્વીપ–પ્રજ્ઞપ્તિ વગેરે સૂત્રોમાં છે.

**એક જ સમયે બે દિશાઓમાં દિવસ કેમ ? :–** જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. તેથી એક જ સમયે બે દિશામાં દિવસ અને બે દિશામાં રાત્રિ હોય છે. જ્યારે એક સૂર્ય ઉત્તરમાં દિવસ કરે ત્યારે બીજો સૂર્ય દક્ષિણમાં દિવસ કરે અને શેષ બે દિશા પૂર્વ અને પશ્ચિમમાં સૂર્ય પ્રકાશના અભાવે રાત્રિ થાય છે. જ્યારે એક સૂર્ય પૂર્વમાં દિવસ કરે ત્યારે બીજો સૂર્ય પશ્ચિમમાં દિવસ કરે છે અને શેષ બે દિશા ઉત્તર અને દક્ષિણમાં સૂર્ય પ્રકાશના અભાવે રાત્રિ થાય છે. આ રીતે બે સૂર્યની ગતિશીલતા અને પ્રકાશની સીમિતતાના કારણે દિવસ રાત્રિની અપેક્ષાએ જંબૂદ્વીપના ચાર વિભાગ થાય છે અને તેમાંથી બે વિભાગમાં દિવસ અને બે વિભાગમાં રાત્રિ થાય છે.

**उत्तरड्ढे दाहिणड्ढे :–** સામાન્ય રીતે **अड्ढे** શબ્દ અર્ધ અર્થમાં પ્રયુક્ત થાય છે. પરંતુ પ્રસ્તુતમાં તે વિભાગ અર્થમાં પ્રયુક્ત થયો છે. જંબૂદ્વીપના ચાર વિભાગ વિવક્ષિત છે– (૧) પૂર્વી વિભાગ (૨) પશ્ચિમી વિભાગ (૩) ઉત્તરી વિભાગ (૪) દક્ષિણી વિભાગ. તેમાં ઉત્તર દક્ષિણના વિભાગ માટે ક્રમશઃ **उत्तरड्ढे** અને **दाहिणड्ढे** શબ્દ પ્રયોગ થયો છે.

## દિવસ અને રાત્રિનું કાલમાન :–

**६ जया णं भंते ! जंबुद्दीवे दीवे दाहिणड्ढे उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जया णं उत्तरड्ढे उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमे णं जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ?**

**हंता गोयमा ! जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ** *जाव* **दुवालस मुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ નામક દ્વીપના દક્ષિણ વિભાગમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તર વિભાગમાં પણ ઉત્કૃષ્ટ ૧૮ મૂહૂર્તનો દિવસ હોય છે અને જ્યારે ઉત્તર વિભાગમાં

ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે શું જંબૂદ્વીપના મેરુપર્વતથી પૂર્વ–પશ્ચિમમાં જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે પ્રમાણે હોય છે. જ્યારે જંબૂદ્વીપના દક્ષિણ વિભાગમાં મોટામાં મોટો ૧૮ મુહૂર્તનો દિવસ હોય, ત્યારે ઉત્તર વિભાગમાં પણ ૧૮ મુહૂર્તનો દિવસ હોય અને પૂર્વ અને પશ્ચિમમાં નાનામાં નાની બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

**૭ जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं उक्कोसए अट्ठार– समुहुत्ते दिवसे भवइ तया णं जंबुद्दीवे दीवे पच्चत्थिमेण वि उक्कोसेणं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जया णं पच्चत्थिमे णं उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं भंते ! जंबुद्दीवे दीवे उत्तरदाहिणे दुवालसमुहुत्ता जहण्णिया राई भवइ ?**

**हंता गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના મેરુપર્વતથી પૂર્વમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે શું જંબૂદ્વીપથી પશ્ચિમમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય અને જ્યારે પશ્ચિમમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે શું જંબૂદ્વીપના ઉત્તર અને દક્ષિણમાં જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય ?

**ઉત્તર–** હા ગૌતમ ! આ જ રીતે હોય છે.

**૮ जया णं भंते ! जंबुद्दीवे दीवे दाहिणड्ढे अट्ठारस मुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं उत्तरड्ढे अट्ठारस मुहुत्ताणंतरे दिवसे भवइ, जया णं उत्तरड्ढे अट्ठारस मुहुत्ताणंतरे दिवसे भवइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमे णं साइरेगा दुवालस मुहुत्ता राई भवइ ?**

**हंता गोयमा ! एवं चेव ।**

**શબ્દાર્થ :– मुहुत्तांतरे** = મુહૂર્તથી કંઈક ન્યૂન **साइरेगा** = સાતિરેક, કંઈક અધિક.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધમાં ૧૮ મુહૂર્તથી કંઈક ન્યૂનનો દિવસ હોય ત્યારે શું ઉત્તરાર્દ્ધમાં ૧૮ મુહૂર્તથી કંઈક ન્યૂનનો દિવસ હોય અને જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૮ મૂહૂર્તથી કંઈક ન્યૂનનો દિવસ હોય ત્યારે શું જંબૂદ્વીપમાં મેરુપર્વતથી પૂર્વ–પશ્ચિમ દિશામાં કંઈક અધિક ૧૨ મુહૂર્તની રાત્રિ હોય ?

**ઉત્તર–** હા ગૌતમ ! આ જ રીતે હોય છે.

**૯ जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं अट्ठारस**

मुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं पच्चत्थिमे णं अट्ठारस मुहुत्ताणंतरे दिवसे भवइ, जया णं पच्चत्थिमे णं अट्ठारस मुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणे णं साइरेगा दुवालस मुहुत्ता राई भवइ ?

हंता गोयमा ! एवं चेव ।

एवं एएणं कमेणं ओसारेयव्वं– सत्तरस मुहुत्ते दिवसे तेरस मुहुत्ता राई भवइ; सत्तरस मुहुत्ताणंतरे दिवसे साइरेगा तेरस मुहुत्ता राई, सोलस मुहुत्ते दिवसे चोद्दस मुहुत्ता राई, सोलस मुहुत्ताणंतरे दिवसे साइरेगा चउद्दसमुहुत्ता राई, पण्णरस मुहुत्ते दिवसे पण्णरस मुहुत्ता राई, पण्णरस मुहुत्ताणंतरे दिवसे साइरेगा पण्णरस मुहुत्ता राई, चोद्दस मुहुत्ते दिवसे सोलस मुहुत्ता राई, चोद्दस मुहुत्ताणंतरे दिवसे साइरेगा सोलस मुहुत्ता राई, तेरस मुहुत्ते दिवसे सत्तरस मुहुत्ता राई, तेरस मुहुत्ताणंतरे दिवसे, साइरेगा सत्तरस मुहुत्ता राई ।

**શબ્દાર્થ :–** **ओसारेयव्वं** = ઘટાડતા જવું, ક્રમિક વધઘટ કરવી **अट्ठारस्स मुहुत्ताणंतरे** = અઢાર મુહૂર્તથી ન્યૂન.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના મેરુપર્વતથી પૂર્વમાં ૧૮ મુહૂર્તાનન્તરનો દિવસ હોય, ત્યારે શું પશ્ચિમમાં ૧૮ મુહૂર્તાનન્તરનો દિવસ હોય અને જ્યારે પશ્ચિમમાં ૧૮ મુહૂર્તાનન્તરનો દિવસ હોય, ત્યારે શું જંબૂદ્વીપના મેરુપર્વતથી ઉત્તર–દક્ષિણમાં સાતિરેક બાર મુહૂર્તની રાત્રિ હોય ?

**ઉત્તર–** હા ગૌતમ ! એ જ રીતે હોય છે. આ રીતે ઉક્ત ક્રમથી દિવસ અને રાત્રિનું પરિમાણ ક્રમશઃ વધારવું અને ઘટાડવું , જેમ કે–

જ્યારે ૧૭ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ૧૩ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૭ મુહૂર્તાનન્તરનો દિવસ હોય છે ત્યારે સાધિક ૧૩ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૬ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ૧૪ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૬ મુહૂર્તાનન્તરનો દિવસ હોય છે ત્યારે સાધિક ૧૪ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૫ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ૧૫ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૫ મુહૂર્તાનન્તરનો દિવસ હોય છે ત્યારે સાધિક ૧૫ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૪ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ૧૬ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૪ મુહૂર્તાનન્તરનો દિવસ હોય છે ત્યારે સાધિક ૧૬ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૩ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ૧૭ મુહૂર્તની રાત્રિ હોય છે.

જ્યારે ૧૩ મુહૂર્તાનન્તરનો દિવસ હોય છે ત્યારે સાધિક ૧૭ મુહૂર્તની રાત્રિ હોય છે.

**१० जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि दुवालस मुहुत्ते दिवसे भवइ । जया णं उत्तरड्ढे दुवालस मुहुत्ते दिवसे भवइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम-पच्चत्थिमे णं उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ ?**

**हंता गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધમાં જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય, ત્યારે શું ઉત્તરાર્દ્ધમાં પણ જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય અને જ્યારે ઉત્તરાર્દ્ધમાં જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય ત્યારે શું જંબૂદ્વીપના મેરુપર્વતથી પૂર્વ અને પશ્ચિમમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તની રાત્રિ હોય ?

**ઉત્તર–** હા ગૌતમ ! આ જ રીતે કથન કરવું જોઈએ.

**११ जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरित्थिमे णं जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ, तया णं पच्चत्थिमे णं वि जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ, जया णं पच्चत्थिमे णं तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणे णं उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ ?**

**हंता गोयमा ! एवं चेव ।**


**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતથી પૂર્વમાં જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હોય, ત્યારે શું પશ્ચિમમાં પણ એ પ્રમાણે હોય અને જ્યારે પશ્ચિમમાં આ પ્રમાણે ૧૨ મુહૂર્તનો દિવસ હોય ત્યારે શું જંબૂદ્વીપના મેરુ પર્વતથી ઉત્તર અને દક્ષિણમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તની રાત્રિ હોય ?

**ઉત્તર–** હા, ગૌતમ ! આ જ રીતે હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપમાં દિવસ અને રાત્રિની વધઘટનો સિદ્ધાંત સમજાવ્યો છે.

**દિવસ રાત્રિની કાલગણના અને સૂર્યના માંડલા :–** દિવસ અને રાત્રિ બંને મળીને ૩૦ મુહૂર્તની અહોરાત્રિ હોય છે. જ્યારે દિવસ નાનો થાય ત્યારે રાત્રિ મોટી થાય છે અને જ્યારે રાત્રિ મોટી થાય ત્યારે દિવસ ટૂંકો થઈ જાય છે. ૩૦ મુહૂર્તની અહોરાત્રિમાંથી દિવસનો જેટલો ભાગ વધે અથવા ઘટે છે, તેટલો જ ભાગ રાત્રિનો ઘટે અથવા વધે છે.




સૂર્યના કુલ ૧૮૪ મંડલ છે. તેમાંથી જંબૂદ્વીપમાં ૬૫ અને લવણ સમુદ્રમાં શેષ ૧૧૯ મંડલ છે. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે સૂર્ય આભ્યંતર મંડળથી બાહ્ય મંડળ તરફ ગતિ કરે છે. જંબૂદ્વીપના ૬૫ મંડળમાંથી મેરૂપર્વતની નજીકના પ્રથમ મંડલને સર્વાભ્યંતર મંડલ કહે છે. ત્યાંથી સૂર્યના પરિભ્રમણનો પ્રારંભ થાય છે. પરિભ્રમણ કરતો કરતો સૂર્ય ૧૮૪મા મંડલ પર આવે છે અને તે સર્વ બાહ્ય મંડલ કહેવાય છે.

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં હોય છે ત્યારે ૧૮ મુહૂર્તનો દિવસ અને ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે. જ્યારે સૂર્ય આભ્યંતર મંડલથી બાહ્ય મંડલ તરફ ગતિ કરે છે ત્યારે દિવસ ઘટે છે અને રાત્રિ વધે છે. સર્વાભ્યંતર મંડલ પરથી સૂર્ય બીજા મંડલ પર આવે અર્થાત્ બીજા મંડલ પર ગતિ કરે ત્યારે ૨/૬૧ મુહૂર્ત દિવસ ઘટે છે. તેની મિનિટ કાઢવા માટે ૨/૬૧ x ૪૮/૧ = ૯૬/૬૧, ૧–૩૫/૬૧, લગભગ દોઢ મિનિટની થાય છે. તેટલી રાત્રિ વધે છે અને દિવસ ઘટે છે. તેને શાસ્ત્રીય ભાષામાં અષ્ટાદશ મુહૂર્તાનન્તરનો દિવસ થાય તેમ કહ્યું છે. આ રીતે ક્રમશઃ પ્રત્યેક મંડલે ૨/૬૧ મુહૂર્તનો દિવસ ઘટતાં ઘટતાં જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલે પહોંચી જાય અર્થાત્ ૧૮૪મા મંડલે ગતિ કરે ત્યારે ૨/૬૧ × ૧૮૩ = ૬ મુહૂર્ત દિવસ ઘટે છે. પ્રથમ મંડલથી ૧૮૪મા મંડલની વચ્ચે ૧૮૩ મંડલનું અંતર રહે છે. તેથી ૨/૬૧ નો ૧૮૩થી ગુણાકાર કર્યો છે. સૂર્ય પ્રથમ મંડલે હોય ત્યારે ૧૮ મુહૂર્તનો દિવસ અને ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે અને સૂર્ય સર્વબાહ્ય ૧૮૪મા મંડલે આવે ત્યારે ૧૨ મુહૂર્તનો દિવસ અને ૧૮ મુહૂર્તની રાત્રિ થાય છે.

તે રીતે સૂર્ય બાહ્યમંડલથી આભ્યંતર મંડલ તરફ ગતિ કરે, ત્યારે દિવસ ક્રમશઃ વધતો જાય અને રાત્રિ ઘટતી જાય છે. વધઘટનું પરિમાણ પૂર્વવત્ જાણવું. આ રીતે સૂર્યની ગતિ અનુસાર રાત–દિવસના પરિમાણમાં વધઘટ થાય છે.

મોટામાં મોટો દિવસ ૧૮ મુહૂર્તનો અને નાનામાં નાનો દિવસ ૧૨ મુહૂર્તનો થાય છે. તે રીતે મોટામાં મોટી રાત્રિ ૧૮ મુહૂર્તની અને નાનામાં નાની રાત્રિ ૧૨ મુહૂર્તની થાય છે. આ રીતે પ્રતિદિન લગભગ દોઢ મિનિટથી કંઈક અધિક વધઘટ દિવસ અને રાતમાં થાય છે.

**સૂર્ય મંડલની અપેક્ષાએ દિવસ–રાત્રિનું પરિમાણ :–**

(૧) સૂર્ય જ્યારે બીજાથી ૩૨મા મંડલના અર્દ્ધ ભાગમાં પરિભ્રમણ કરતો હોય ત્યારે દિવસ ૧૭ મુહૂર્તનો અને રાત્રિ ૧૩ મુહૂર્તની હોય છે.

(૨) સૂર્ય જ્યારે ૩૩મા મંડલના અર્દ્ધ ભાગમાં પરિભ્રમણ કરતો હોય ત્યારે દિવસ એક મુહૂર્તના ૨/૬૧ ભાગ ન્યૂન ૧૭ મુહૂર્તનો અને રાત્રિ એક મુહૂર્તના ૨/૬૧ ભાગ અધિક ૧૩ મુહૂર્તની હોય છે.

(૩) સૂર્ય જ્યારે ૬૨મા મંડલને પૂર્ણ કરે ત્યારે ૧૬ મુહૂર્તનો દિવસ અને ૧૪ મુહૂર્તની રાત્રિ હોય છે.

(૪) સૂર્ય જ્યારે ૯૩મા મંડલના અર્દ્ધ ભાગમાં પરિભ્રમણ કરતો હોય ત્યારે ૧૫ મુહૂર્તનો દિવસ અને ૧૫ મુહૂર્તની રાત્રિ થાય છે.

(૫) સૂર્ય જ્યારે ૧૨૩મા મંડલને પૂર્ણ કરે ત્યારે ૧૪ મુહૂર્તનો દિવસ અને ૧૬ મુહૂર્તની રાત્રિ થાય છે.

(૬) સૂર્ય જ્યારે ૧૫૪મા મંડલના અર્દ્ધ ભાગમાં પરિભ્રમણ કરતો હોય ત્યારે ૧૩ મુહૂર્તનો દિવસ અને ૧૭ મુહૂર્તની રાત્રિ થાય છે.

(૭) સૂર્ય જ્યારે સર્વ બાહ્ય ૧૮૪મા મંડલને પૂર્ણ કરે, ત્યારે ૧૨ મુહૂર્તનો દિવસ અને ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે.

આ રીતે સૂર્ય એક માસમાં સાડા ત્રીસ મંડલ પસાર કરે ત્યારે એક મુહૂર્તની વધઘટ થાય છે. તેથી છ મહિનામાં ૬ × ૩૦ ૧/૨ = ૧૮૩ મંડલ પાર કરે છે. યથા– ૧+૩૦૧/૨ = ૩૧૧/૨+૩૦૧/૨ = ૬૨+૩૦૧/૨ = ૯૨૧/૨ + ૩૦૧/૨ = ૧૨૩+૩૦૧/૨ = ૧૫૩૧/૨+૩૦૧/૨ = ૧૮૪. આ રીતે પ્રથમ મંડલ પર ગતિ કરતો સૂર્ય ૧૮૩ મંડલ પસાર કરીને છ મહિનામાં ૧૮૪મા મંડલ પર આવે છે. ત્યારે દિવસ અને રાત્રિના કાલમાનમાં છ મુહૂર્તની વધઘટ થાય છે.

## વર્ષા આદિ ત્રણ ઋતુનો પ્રથમ સમય, આવલિકાદિ :–

**૧૨ जया णं भंते ! जंबुद्दीवे दीवे दाहिणड्ढे वासाणं पढमे समए पडिवज्जइ तया णं उत्तरड्ढे वि वासाणं पढमे समए पडिवज्जइ; जया णं उत्तरड्ढे वासाणं पढमे समए पडिवज्जइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम– पच्चत्थिमे णं अणंतर– पुरक्खडे समयंसि वासाणं पढमे समए पडिवज्जइ ?**

**हंता गोयमा ! एवं चेव ।**

**શબ્દાર્થ :– अणंतर पुरक्खडे समयंसि** = અનંતર પુરસ્કૃત સમય, એક સમય પછી, તે સમય પછીનો સમય.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના દક્ષિણ વિભાગમાં વર્ષાઋતુ(ચોમાસાની ઋતુ)નો પ્રથમ સમય હોય ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ વર્ષાઋતુનો પ્રથમ સમય હોય અને જ્યારે ઉત્તર વિભાગમાં વર્ષાઋતુનો પ્રથમ સમય હોય ત્યારે જંબૂદ્વીપના મેરુપર્વતથી પૂર્વ–પશ્ચિમમાં એક સમય પછી વર્ષાઋતુનો પ્રથમ સમય હોય ?

**ઉત્તર–** હા, ગૌતમ ! આ જ રીતે હોય છે અર્થાત્ જ્યારે જંબૂદ્વીપના દક્ષિણ વિભાગમાં વર્ષાઋતુનો પ્રથમ સમય હોય છે, ત્યારે ઉત્તર વિભાગમાં પણ પ્રથમ સમય હોય છે અને પૂર્વ–પશ્ચિમમાં એક સમય પછી વર્ષાઋતુનો પ્રથમ સમય હોય છે.

**१३ जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं वासाणं पढमे समए पडिवज्जइ तया णं पच्चत्थिमे वि वासाणं पढमे समए पडिवज्जइ । जया णं पच्चत्थिमे णं वासाणं पढमे समए पडिवज्जइ तया णं मंदरस्स पव्वयस्स उत्तर दाहिणे णं अणंतरपच्छाकडसमयंसि वासाणं पढमे समए पडिवण्णे भवइ ?**

**हंता गोयमा ! एवं चेव ।**

**एवं जहा समएणं अभिलावो भणिओ वासाणं तहा आवलियाए वि भाणियव्वो; एवं आणपाणूण वि, थोवेण वि, लवेण वि, मुहुत्तेण वि, अहोरत्तेण वि, पक्खेण वि, मासेण वि, उउणा वि, एएसिं सव्वेसिं जहा समयस्स अभिलावो तहा भाणियव्वो।**

**શબ્દાર્થ :– अणंतर पच्छाकड समयंसि** = અનંતર પશ્ચાત્કૃત સમય, એક સમય પહેલાં, તે સમયથી પહેલાંનો સમય **अभिलावो** = સંપૂર્ણ કથન, આલાપક, સૂત્રોચ્ચારણ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતથી પૂર્વમાં વર્ષાઋતુનો પ્રથમ સમય હોય, ત્યારે પશ્ચિમમાં પણ શું વર્ષાઋતુનો પ્રથમ સમય હોય અને જ્યારે પશ્ચિમમાં વર્ષાઋતુનો પ્રથમ સમય હોય ત્યારે મેરુપર્વતથી ઉત્તર–દક્ષિણમાં એક સમય પહેલાં વર્ષાઋતુનો પ્રથમ સમય હોય ?

**ઉત્તર–** હા, ગૌતમ ! આ જ રીતે હોય છે અર્થાત્ જ્યારે જંબૂદ્વીપના મેરુપર્વતની પૂર્વમાં વર્ષાઋતુનો પ્રારંભ થાય ત્યારે પશ્ચિમમાં પણ વર્ષાઋતુનો પ્રારંભ થાય અને જ્યારે પશ્ચિમમાં વર્ષાઋતુનો પ્રારંભ થાય ત્યારે ઉત્તર દક્ષિણમાં એક સમય પહેલાં વર્ષાઋતુનો પ્રારંભ થઈ ગયો હોય છે.

જે રીતે વર્ષાઋતુના પ્રથમ સમયના વિષયમાં કહ્યું છે તે જ રીતે વર્ષાઋતુના પ્રારંભની પ્રથમ આવલિકાના વિષયમાં પણ કહેવું જોઈએ. તે જ રીતે આનપાન, સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ,

ઋતુ આ સર્વના વિષયમાં પણ કથન કરવું જોઈએ.

**૧૪ जया णं भंते ! जंबुद्दीवे दीवे दाहिणड्ढे हेमंताणं पढमे समए पडिवज्जइ तया णं उत्तरड्ढे वि हेमंताणं पढमे समए पडिवज्जइ ? एवं जहा वासाणं पुच्छा तहा भाणियव्वा *जाव* उउणा वि । एवं गिम्हाण वि आलावगो भाणियव्वो । एवं एए तीसं आलावगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપના દક્ષિણ વિભાગમાં હેમંત ઋતુનો પ્રથમ સમય હોય ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ હેમંત ઋતુનો પ્રથમ સમય હોય ? આ રીતે વર્ષાઋતુની પૃચ્છાની જેમ સમય, આવલિકાથી લઈ ઋતુપર્યંતનું કથન હેમંત ઋતુના સંબંધમાં પણ કરવું જોઈએ. તે જ રીતે ગ્રીષ્મ ઋતુનું સંપૂર્ણ કથન કરવું જોઈએ. આ રીતે વર્ષાઋતુ, હેમંતઋતુ અને ગ્રીષ્મઋતુ આ ત્રણેનું સમાન વર્ણન છે. તેથી ત્રણે ઋતુના ત્રીસ આલાપક થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપના ચાર વિભાગોની અપેક્ષાએ વર્ષા આદિ ત્રણ ઋતુઓના પ્રથમ સમય, આવલિકાદિનું નિરૂપણ છે.

ઋતુઓનો પ્રારંભ પહેલાં ઉત્તર દક્ષિણ વિભાગમાં થાય છે, પછી તેના અનંતર સમયે પૂર્વ–પશ્ચિમ વિભાગમાં થાય છે.

**तीसं आलावगा :–** સમય, આવલિકા, આનપાન, સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ અને ઋતુ સુધીના દશ એકમો છે. તે દશની વર્ષાદિ ત્રણ ઋતુમાં પૃચ્છા કરવાથી ત્રીસ આલાપક(પૃચ્છાના વિકલ્પ) થાય છે.

**अणंतर पुरक्खडसमयंसि :–** એક સમય પછીના સમયને અનંતર પુરસ્કૃત સમય કહે છે. દક્ષિણ વિભાગમાં પ્રારંભ થનારી વર્ષાઋતુના પ્રારંભની અપેક્ષાએ અનંતર સમયે(પછીના સમયે) પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં વર્ષાઋતુનો પ્રારંભ થાય છે.

**अणंतर पच्छाकडसमयंसि :–** એક સમય પહેલાંના સમયને અનંતર પશ્ચાત્કૃત સમય કહે છે. પૂર્વપશ્ચિમ વિભાગમાં પ્રારંભ થનારી વર્ષાઋતુના પ્રારંભની અપેક્ષાએ ઉત્તર દક્ષિણ વિભાગમાં એક સમય પહેલાં વર્ષાઋતુનો પ્રારંભ થાય છે.

**અયન વગેરેનો પ્રારંભ :–**

**૧૫ जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणड्ढे पढमे अयणे**

**पडिवज्जइ, तया णं उत्तरड्ढे वि पढमे अयणे पडिवज्जइ ? एवं जहा समएणं अभिलावो तहेव अयणेण वि भाणियव्वो** *जाव* **अणंतर पच्छाकडसमयंसि पढमे अयणे पडिवण्णे भवइ ।**

**जहा अयणेणं अभिलावो तहा संवच्छरेण वि भाणियव्वो । एवं जुएण वि, वाससएण वि, वाससहस्सेण वि, वाससयसहस्सेण वि आलावगो भाणियव्वो । एवं पुव्वंगे, पुव्वे, तुडियंगे, तुडिए, अडडंगे, अडडे, अववंगे, अववे, हूहूयंगे, हूहूए, उप्पलंगे, उप्पले, पउमंगे, पउमे, णलिणंगे, णलिणे, अत्थणिउरंगे, अत्थणिउरे, अउयंगे, अउए, णउयंगे, णउए, पउयंगे, पउए चूलियंगे, चूलिया, सीसपहेलियंगे, सीसपहेलिया; एवं पलिओवमेण, सागरोवमेण वि आलावगो भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જંબૂદ્વીપના મેરુપર્વતથી દક્ષિણ વિભાગમાં જ્યારે પ્રથમ 'અયન' (૬ માસ) હોય છે ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ પ્રથમ 'અયન' હોય છે ? આ રીતે જેમ(ઋતુમાં) પ્રથમ સમય વિષયક આલાપક કહ્યા, તેમ 'અયન' ના વિષયમાં પણ કહેવા જોઈએ ***યાવત્*** (ઉત્તર દક્ષિણમાં) એક સમય પહેલાં પ્રથમ અયન થાય છે.

જે રીતે 'અયન' ના સંબંધમાં કહ્યું, તે જ રીતે સંવત્સરના વિષયમાં પણ કહેવું જોઈએ. તેમજ યુગ, વર્ષશત, વર્ષ સહસ્ર, વર્ષ શતસહસ્રના સંબંધમાં કહેવું જોઈએ. આ જ રીતે ક્રમશઃ પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અડડ, અવવાંગ, અવવ, હૂહૂકાંગ, હૂહૂક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનુપુરાંગ, અર્થનુપુર, અયુતાંગ, અયુત, નયુતાંગ, નયુત, પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ અને સાગરોપમ આ સર્વના સંબંધમાં પણ પૂર્વોક્ત પ્રકારે કહેવું જોઈએ.

**१६ जया णं भंते ! जंबुद्दीवे दीवे दाहिणड्ढे ओसप्पिणी पडिवज्जइ तया णं उत्तरड्ढे वि ओसप्पिणी पडिवज्जइ; जया णं उत्तरड्ढे ओसप्पिणी पडिवज्जइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम पच्चत्थिमे णं णेवत्थि ओसप्पिणी, णेवत्थि उस्सप्पिणी; अवट्ठिए णं तत्थ काले पण्णत्ते समणाउसो ?**

**हंता गोयमा ! एवं चेव । जहा ओसप्पिणीए आलावओ भणिओ तहा उस्सप्पिणीए वि भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ નામક દ્વીપના દક્ષિણ વિભાગમાં અવસર્પિણીકાલ હોય ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ અવસર્પિણીકાલ હોય અને જ્યારે ઉત્તર વિભાગમાં અવસર્પિણીકાલ હોય ત્યારે શું જંબૂદ્વીપના મંદર પર્વતની પૂર્વ–પશ્ચિમમાં અવસર્પિણીકાલ હોતો નથી, ઉત્સર્પિણીકાલ

પણ નથી પરંતુ હે આયુષ્યમાન્ શ્રમણપુંગવ ! ત્યાં શું અવસ્થિતકાલ હોય ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે જ રીતે હોય છે અર્થાત્ પ્રશ્નગત સંપૂર્ણ વર્ણન ઉત્તરમાં પણ કહેવું. જે રીતે અવસર્પિણીના વિષયમાં આલાપક કહ્યો છે, તે જ રીતે ઉત્સપિર્ણીના વિષયમાં પણ કહેવો.

## વિવેચન :–

પૂર્વ સૂત્રોમાં વર્ષાદિ ત્રણ ઋતુમાં સમય, આવલિકા, આનપાન–શ્વાસોચ્છ્વાસ આદિ કાલના ૧૦ વિભાગ વિષયક પૃચ્છા છે અને પ્રસ્તુત સૂત્રોમાં ત્યાર પછીના કાલવિભાગના અન્ય એકમ અયન અને યુગથી પ્રારંભ કરી ઉત્સર્પિણી અવસર્પિણી કાલ સુધીનું નિરૂપણ છે.

**णेवत्थि ओसप्पिणी :–** ઉત્તર અને દક્ષિણ વિભાગમાં ઉત્સર્પિણીકાલ અને અવસર્પિણીકાલ હોય છે પરંતુ પૂર્વપશ્ચિમ વિભાગમાં ઉત્સર્પિણી–અવસર્પિણીકાલ હોતા નથી. ત્યાં કાલનું પરિવર્તન થતું નથી પરંતુ સદાને માટે સમાન કાલ હોય છે. આગમમાં તેને માટે નોઉત્સર્પિણી–નોઅવસર્પિણી શબ્દપ્રયોગ છે.

**अयन :–** છ મહીનાનું એક અયન થાય છે. બે અયનનું એક વર્ષ હોય છે. સમયાદિ એકમોમાં અયન અગિયારમું એકમ છે. **युग** = પાંચ વર્ષનો એક યુગ થાય છે.

**अयणे पडिवज्जइ :–** અયન પૂર્ણ થાય છે અર્થાત્ જ્યારે ઉત્તર દક્ષિણ વિભાગોમાં પ્રથમ અયન પૂર્ણ થાય છે તેના અનંતર સમયે(એક સમય પછી)પૂર્વ પશ્ચિમ વિભાગોમાં પ્રથમ અયન પૂર્ણ થાય છે.

**કાલના સમસ્ત એકમોનું પરિમાણ :–** કાલના સૂક્ષ્મ, અભેદ્ય અને નિરવયવ અંશને **સમય** કહે છે. તે ગણનાકાલનું આદ્ય એકમ છે. અસંખ્યાત સમયોના સમુદાયને **આવલિકા** કહે છે. સંખ્યાત આવલિકા પ્રમાણ કાલને **આણપ્રાણ** કહે છે. તેનું બીજુ નામ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ છે. હૃષ્ટ–પુષ્ટ, નીરોગી, સ્વસ્થ વ્યક્તિને એક વાર શ્વાસ લેવા અને મૂકવામાં જેટલો સમય લાગે તેને **આણપ્રાણ** કહે છે.

અસંખ્યાત સમય = ૧ આવલિકા
સંખ્યાત આવલિકા = ૧ આણપ્રાણ
૭ આણપ્રાણ = ૧ સ્તોક
૭ સ્તોક = ૧ લવ
૭૭ લવ અથવા ૩૭૭૩ આણપ્રાણ = ૧ મુંહૂર્ત
૩૦ મુંહૂર્ત = ૧ અહોરાત્રિ
૧૫ અહોરાત્ર = ૧ પક્ષ
૨ પક્ષ = ૧ માસ
૨ માસ = ૧ ઋતુ
૩ ઋતુ = ૧ અયન
૨ અયન = ૧ સંવત્સર
૫ સંવત્સર = ૧ યુગ
૨૦ યુગ = ૧ શત વર્ષ
૧૦ શત વર્ષ = ૧ સહસ્ર વર્ષ
૧૦૦ સહસ્ર વર્ષ = ૧ લાખ વર્ષ
૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ
૮૪ લખા પૂર્વ = ૧ ત્રુટિતાંગ
૮૪ લાખ ત્રુટિતાંગ = ૧ ત્રુટિત

પૂર્વ સંખ્યાઓને ૮૪–૮૪ લાખથી ગુણતાં ત્યાર પછીની સંખ્યા પ્રાપ્ત થાય છે. આ રીતની ગણના પૂર્વથી લઈને શીર્ષપ્રહેલિકાપર્યંત થાય છે. શીર્ષપ્રહેલિકામાં ૫૪ આંકડા અને ૧૪૦ શૂન્ય હોય છે. તે ગણનાકાલનું અંતિમ એકમ છે. જોકે શીર્ષપ્રહેલિકા પછી પણ સંખ્યાતકાલ છે પરંતુ તે કાળની ગણના ઉપમા દ્વારા કરાય છે. દસ કોટા કોટી પલ્યોપમ = ૧ સાગરોપમ, ૧૦ કોટા કોટી સાગરોપમ = ૧ ઉત્સર્પિણીકાલ અને ૧૦ કોટાકોટી સાગરોપમ = એક અવસર્પિણીકાલ આ રીતે ૨૦ કોટાકોટી સાગરોપમ = ૧ કાલચક્ર.

પલ્યોપમ અને સાગરોપમ આ બંને એકમો ગણનાના વિષય નથી, તે ઉપમાના વિષય છે; તેથી તેને ઉપમાકાલ કહે છે. પલ્યોપમ અને સાગરોપમનું વિસ્તૃત વિવેચન શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં છે.

**અવસર્પિણીકાલ :–** જે કાલમાં જીવોના સંઘયણ, સંસ્થાન ઉત્તરોત્તર હીન–ન્યૂન થતા જાય છે, આયુષ્ય અને અવગાહના ઘટતી જાય છે તથા ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર–પરાક્રમનો ક્રમશઃ હ્રાસ થતો જાય છે; પુદ્ગલોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હીન થતા જાય છે અને શુભભાવોમાં હાનિ અને અશુભ– ભાવોમાં વૃદ્ધિ થતી જાય છે, તેને અવસર્પિણીકાલ કહે છે. આ કાલ દસ ક્રોડાક્રોડી સાગરોપમનો છે. તેના છ વિભાગ(આરા) હોય છે. એક પ્રકારે તે અર્ધકાલચક્ર છે.

અવસર્પિણીકાલના પ્રથમ વિભાગ અર્થાત્ પ્રથમ આરા માટે **पढमा ओसप्पिणी** શબ્દ પ્રયોગ થયો છે. અવસર્પિણી કાલના છ આરા પૂર્ણ થાય ત્યારે ઉત્સર્પિણી કાલનો પ્રારંભ થાય છે.

**ઉત્સર્પિણીકાલ :–** જે કાલમાં જીવોના સંઘયણ અને સંસ્થાન ઉત્તરોત્તર અધિકાધિક શુભ થતા જાય છે; આયુષ્ય અને અવગાહના વધતી જાય છે; ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર–પરાક્રમની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે તથા પુદ્ગલોના વર્ણાદિ શુભ થતા જાય છે; અશુભતમ ભાવ ક્રમશઃ અશુભતર, અશુભ, શુભ, શુભતર અને શુભતમ થાય છે અને ઉચ્ચતમ અવસ્થા આવી જાય છે, તેને ઉત્સર્પિણીકાલ કહે છે. આ કાલ પણ દશ ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે, તેના પણ છ વિભાગ(આરા) હોય છે. તે પણ અર્ધકાલ ચક્ર કહેવાય છે. ઉત્સર્પિણીકાલના પ્રથમ વિભાગ અર્થાત્ પ્રથમ આરા માટે **पढमा उस्सप्पिणी** શબ્દ પ્રયોગ થયો છે.

એક અવસર્પિણીકાલ અને ઉત્સર્પિણીકાલ મળીને એક કાલચક્ર થાય છે. ઉત્સર્પિણીકાલના છ આરા પૂર્ણ થાય ત્યારે ફરી અવસર્પિણીકાલનો પ્રારંભ થાય છે. આ રીતે કાલચક્ર સતત ફર્યા જ કરે છે.

## લવણ સમુદ્રાદિમાં દિવસ રાત્રિ આદિ :–

**૧૭ लवणे णं भंते ! समुद्दे सूरिया उदीण पाईणमुग्गच्छ पाईणदाहिणमागच्छंति, पुच्छा ?**

**गोयमा ! जच्चेव जंबुद्दीवस्स वत्तव्वया भणिया तच्चेव सव्वा**

**अपरिसेसिया लवणसमुद्दस्स वि भाणियव्वा, णवरं अभिलावो इमो णेयव्वो– जया णं भंते ! लवणे समुद्दे दाहिणड्ढे दिवसे भवइ, तं चेव** *जाव* **तया णं लवणसमुद्दे पुरत्थिम–पच्चत्थिमे णं राई भवइ ।**

**एवं एएणं अभिलावेणं णेयव्वं** *जाव* **जया णं भंते ! लवणसमुद्दे दाहिणड्ढे ओसप्पिणी पडिवज्जइ तया णं उत्तरड्ढे वि ओसप्पिणी पडिवज्जइ, जया णं उत्तरड्ढे ओसिप्पिणी पडिवज्जइ तया णं लवणसमुद्दे पुरत्थिम–पच्चत्थिमेणं णेवत्थि ओसप्पिणी, णेवत्थि उस्सप्पिणी, अवट्ठिएणं तत्थ काले पण्णत्ते समणाउसो ?**

**हंता गोयमा ! एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લવણ સમુદ્રમાં સૂર્ય ઈશાનકોણમાં ઉદય પામી અગ્નિકોણમાં અસ્ત થાય છે ? ઈત્યાદિ સૂત્ર ૩ થી ૧૬ની સમાન પ્રશ્ન પૂછવા.

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપના સૂર્યના સંબંધમાં જે વક્તવ્યતા કહી છે તે સંપૂર્ણ વક્તવ્યતા અહીં લવણ સમુદ્રગત સૂર્યના સંબંધમાં પણ કહેવી જોઈએ. વિશેષતા એ છે કે આ વક્તવ્યતામાં પાઠના ઉચ્ચારણમાં જંબૂદ્વીપ શબ્દની જગ્યાએ લવણ સમુદ્ર શબ્દનો પ્રયોગ કરવો, તે આ પ્રમાણે છે– હે ભગવન્! જ્યારે લવણ સમુદ્રના દક્ષિણ વિભાગમાં દિવસ હોય ત્યારે ઉત્તર વિભાગમાં પણ દિવસ હોય અને ત્યારે લવણ સમુદ્રના પૂર્વ–પશ્ચિમમાં રાત્રિ હોય ? આ અભિલાપ દ્વારા સર્વ વર્ણન કરતાં અંતે આ કથન કરવું જોઈએ કે– હે ભગવન્ ! જ્યારે લવણ સમુદ્રના દક્ષિણ વિભાગમાં અવસર્પિણીકાલ હોય ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ અવસર્પિણીકાલ હોય જ્યારે ઉત્તર વિભાગમાં અવસર્પિણીકાલ હોય ત્યારે શું લવણ સમુદ્રના પૂર્વ–પશ્ચિમમાં અવસર્પિણીકાલ હોતો નથી, ઉત્સર્પિણીકાલ હોતો નથી પરંતુ હે આયુષ્યમાન્ શ્રમણપુંગવ ! શું ત્યાં અવસ્થિત(અપરિવર્તનીય)કાલ હોય ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે જ રીતે હોય છે.

**१८ धायइसंडे णं भंते ! दीवे सूरिया उदीणपाईणमुग्गच्छ पाईणदाहिणमागच्छंति, पुच्छा ?**

**गोयमा ! जच्चेव जंबुद्दीवस्स वत्तव्वया भणिया तच्चेव सव्वा अपरिसेसिया धायइसंडस्स वि भाणियव्वा, णवरं इमेणं अभिलावेणं सव्वे आलावगा भाणियव्वा– जया णं भंते ! धायइसंडे दीवे दाहिणड्ढे दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि, जया णं उत्तरड्ढे दिवसे भवइ तया णं धायइसंडे दीवे मंदराणं पुरत्थिमपच्चत्थिमे णं राई भवइ ?**

हंता गोयमा ! एवं चेव ।

एवं एएणं अभिलावेणं णेयव्वं *जाव* जया णं भंते ! धायइसंडे दाहिणड्ढे ओसप्पिणी पडिवज्जइ तया णं उत्तरड्ढे वि ? जया णं उत्तरड्ढे ओसप्पिणी पडिवज्जइ तया णं धायइसंडे दीवे मंदराणं पव्वयाणं पुरत्थिम-पच्चत्थिमे णं णेवत्थि ओसप्पिणी णेवत्थि उस्सप्पिणी, अवट्ठिए णं तत्थ काले पण्णत्ते समणाउसो ?

हंता गोयमा ! एवं चेव ।

जहा लवणसमुद्दस्स वत्तव्वया तहा कालोदस्स वि भाणियव्वा, णवरं कालोदस्स णामं भाणियव्वं ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધાતકીખંડ દ્વીપમાં સૂર્ય ઈશાનકોણમાં ઉદય પામીને, શું અગ્નિકોણમાં અસ્ત થાય છે ? ઈત્યાદિ પ્રશ્ન કરવા.

**ઉત્તર–** હે ગૌતમ ! જે વક્તવ્યતા જંબૂદ્વીપના સંબંધમાં કહી છે, તે જ પ્રમાણે સંપૂર્ણ વક્તવ્યતા ધાતકીખંડના વિષયમાં પણ કહેવી જોઈએ પરંતુ વિશેષતા એ છે કે આ પાઠના ઉચ્ચારણ સમયે જંબૂદ્વીપ શબ્દની જગ્યાએ ધાતકીખંડ શબ્દ પ્રયોગ દ્વારા સર્વ આલાપક કહેવા, તે આ પ્રમાણે છે–

**પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે ધાતકીખંડના દક્ષિણ વિભાગમાં દિવસ હોય ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ દિવસ હોય અને જ્યારે ઉત્તર વિભાગમાં દિવસ હોય ત્યારે શું ધાતકીખંડ દ્વીપના(બંને) મેરુ પર્વતોની પૂર્વ–પશ્ચિમમાં રાત્રિ હોય ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે જ રીતે હોય છે. આ અભિલાપ દ્વારા કથન કરતાં અંતે આ કથન કરવું કે–

**પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે દક્ષિણ વિભાગમાં અવસર્પિણી હોય ત્યારે શું ઉત્તર વિભાગમાં પણ અવસર્પિણી હોય ? અને જ્યારે ઉત્તર વિભાગમાં અવસર્પિણી હોય ત્યારે શું ધાતકીખંડ દ્વીપના મંદર પર્વતોની પૂર્વ–પશ્ચિમમાં અવસર્પિણી ન હોય, ઉત્સર્પિણી ન હોય, પરંતુ હે આયુષ્યમાન્ શ્રમણવર્ય ! શું ત્યાં અવસ્થિતકાલ હોય ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે જ રીતે હોય છે.

જેમ લવણસમુદ્રના વિષયમાં વક્તવ્યતા કહી, તેમ કાલોદધિના સંબંધમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે ત્યાં લવણ સમુદ્રના સ્થાને કાલોદધિનું નામ કહેવું જોઈએ.

**१९** अब्भिंतरपुक्खरद्धेणं भंते सूरिया उदीणपाईणमुग्गच्छ पाईण दाहिणमागच्छंति, पुच्छा ?

**गोयमा ! जहेव धायइसंडस्स वत्तव्वया तहेव अब्भिंतरपुक्खरद्धस्स वि भाणियव्वा, णवरं अभिलावो अब्भिंतर पुक्खरद्धेणं भाणियव्वो** *जाव* **तया णं अब्भिंतरपुक्खरद्धे मंदराणं पुरत्थिमे–पच्चत्थिमेणं णेवत्थि ओसप्पिणी, णेवत्थि उस्सप्पिणी, अवट्ठिए णं तत्थ काले पण्णत्ते समणाउसो ? हंता गोयमा ! एवं चेव। ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આભ્યંતર પુષ્કરાર્દ્ધ દ્વીપમાં સૂર્ય ઈશાનકોણમાં ઉદય પામી, અગ્નિકોણમાં અસ્ત થાય છે ? ઈત્યાદિ પ્રશ્ન પૂછવા.

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે ધાતકખંડની વક્તવ્યતા કહી તે જ રીતે આભ્યંતર પુષ્કરાર્દ્ધ દ્વીપની વક્તવ્યતા કહેવી જોઈએ. વિશેષતા એ છે કે ધાતકીખંડના સ્થાને આભ્યંતર પુષ્કરાર્દ્ધનું નામ કહેવું જોઈએ. ***યાવત્*** શું આભ્યંતર પુષ્કરાર્દ્ધ દ્વીપમાં મંદર પર્વતોની પૂર્વ–પશ્ચિમમાં ઉત્સર્પિણીકાલ ન હોય, અવસર્પિણી કાલ ન હોય, પરંતુ હે આયુષ્યમાન શ્રમણ ! શું ત્યાં સદૈવ અવસ્થિત(અપરિવર્તનીય)કાલ હોય છે ? હા ગૌતમ ! તે જ રીતે હોય છે.

પ્રશ્નનું સંપૂર્ણ રીતે સમાધાન પ્રાપ્ત થતાં શ્રી ગૌતમ સ્વામીએ સંતોષ પ્રગટ કરતાં કહ્યું કે– ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત(૧૭ થી ૧૯)ત્રણ સૂત્રોમાં લવણ સમુદ્ર, ધાતકીખંડદ્વીપ, કાલોદધિસમુદ્ર અને પુષ્કરાર્ધ–દ્વીપમાં સૂર્યની ગતિ, દિવસ રાત્રિ અને સમયાદિ સંબંધી વક્તવ્યતા છે. એકથી સોળ સુધીના સૂત્રોમાં જંબૂદ્વીપના સૂર્યની ગતિ આદિનું કથન છે, તે સર્વ વર્ણન અહીં પણ તે જ રીતે સમજવું.

**અઢીદ્વીપનો પરિચય અને તેમાં સૂર્ય ચંદ્રની સંખ્યા :–** જૈન ભૌગોલિક દષ્ટિએ મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર છે. સહુ પ્રથમ મધ્યમાં એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે, તે થાળીના આકારે છે; તેમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. તેને ફરતો બે લાખ યોજનનો લવણ સમુદ્ર છે, જે વલયાકારનો છે. તેમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે. તેને ફરતો ચાર લાખ યોજનનો ધાતકીખંડ છે, તેમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે. તેને ફરતો આઠ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર છે, તેમાં ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય છે. તેને ફરતો ૧૬ લાખ યોજનનો વલયાકાર પુષ્કરવર દ્વીપ છે. તેની વચ્ચે વલયાકાર માનુષોત્તર પર્વત છે, જે અઢી દ્વીપ અને બે સમુદ્રની ચારે તરફ ગઢ–દુર્ગ સમાન છે. આ પર્વત મધ્યમાં હોવાથી પુષ્કરવર દ્વીપના બે વિભાગ થાય છે. (૧) આભ્યંતર પુષ્કરવર દ્વીપ અને (૨) બાહ્ય પુષ્કરવર દ્વીપ. આ પર્વત મનુષ્યક્ષેત્રની પણ સીમા નિર્ધારિત કરે છે. તેથી તેને માનુષોત્તર પર્વત કહે છે. માનુષોત્તર પર્વત પછી પણ અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે પરંતુ તેમાં મનુષ્ય નથી. માનુષોત્તર પર્વત સુધી અઢી દ્વીપ અને બે સમુદ્રોની કુલ લંબાઈ–પહોળાઈ ૪૫ લાખ યોજન છે. તેમાં કુલ ૧૩૨ સૂર્ય અને ૧૩૨ ચંદ્ર છે. યથા–

| | | |
|---|---|---|
| જંબૂદ્વીપમાં | ૨ સૂર્ય | ૨ ચંદ્ર |
| લવણસમુદ્રમાં | ૪ સૂર્ય | ૪ ચંદ્ર |
| ધાતકીખંડમાં | ૧૨ સૂર્ય | ૧૨ ચંદ્ર |
| કાલોદધિ સમુદ્રમાં | ૪૨ સૂર્ય | ૪૨ ચંદ્ર |
| પુષ્કરાર્દ્ધ દ્વીપમાં | ૭૨ સૂર્ય | ૭૨ ચંદ્ર |
| અઢીદ્વીપમાં કુલ | ૧૩૨ સૂર્ય અને ૧૩૨ ચંદ્ર હોય છે. | |

આ સર્વ ગતિશીલ છે. અઢી દ્વીપની બહાર પણ અસંખ્યાત ચંદ્ર–સૂર્ય છે પરંતુ તે સ્થિર છે. સૂર્યની ગતિના આધારે જ દિવસ, રાત્રિ આદિનો વ્યવહાર થાય છે. તેથી અઢીદ્વીપમાં જ દિવસ, રાત્રિ, અયન, પક્ષ, વર્ષ આદિ કાલનો વ્યવહાર થાય છે. અઢીદ્વીપની બહાર સૂર્ય ચંદ્ર સ્થિર હોવાથી તેની ગતિ નથી. તેથી ત્યાં દિવસ–રાત્રિનો વ્યવહાર થતો નથી.

**॥ શતક ૫/૧ સંપૂર્ણ ॥**

# શતક–૫ : ઉદ્દેશક–૨

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ચાર પ્રકારના વાયુ અને તેના વહેવાના કારણ, દિશા અને વિદિશામાં તથા દ્વીપ અને સમુદ્રમાં તેની ગતિ વિષયક વર્ણન છે તેમજ પ્રત્યેક અચિત્ત થયેલા પદાર્થો કોના શરીર છે ? તે વિષયને સ્પષ્ટ કર્યો છે. અંતે લવણ સમુદ્રનું વર્ણન જીવાભિગમ સૂત્રના અતિદેશપૂર્વક છે.

★ **વાયુના ચાર પ્રકાર :–** (૧) ઈષત્‌પુરોવાયુ– કંઈક સ્નિગ્ધતા(ભેજ)યુક્ત વાયુ (૨) પથ્યવાયુ– વનસ્પતિ આદિ માટે પથ્યકારી વાયુ (૩) મંદવાયુ (૪) મહાવાયુ.

આ ચારે પ્રકારના વાયુ દિશા અને વિદિશામાં વહે છે. એક સાથે બે વિરોધી વાયુ વહેતા નથી તેમજ જ્યારે દ્વીપીય(દ્વીપથી સમુદ્રની તરફ) વાયુ વહેતો હોય ત્યારે સામુદ્રીય(સમુદ્રથી દ્વીપની તરફ) વાયુ વહેતો નથી.

★ વાયુકાયની ગતિ– (૧) સ્વાભાવિક રૂપે (૨) વાયુકાયના ઉત્તર વૈક્રિય રૂપે (૩) દેવ પ્રેરિત.

★ કોઈપણ સચેત–સજીવ વસ્તુ સ્વતઃ અચેત થઈ જાય, ત્યારે તે પદાર્થ તે જ જીવનું શરીર કહેવાય અને જો તે અગ્નિ આદિ શસ્ત્ર પરિણતથી અચેત થયા હોય તો તે પદાર્થ વર્તમાન ભાવની અપેક્ષાએ અગ્નિકાયનું શરીર કહેવાય અને પૂર્વ ભાવની અપેક્ષાએ તે જીવનું શરીર કહેવાય. જેવી રીતે વનસ્પતિના લીલા પાન સ્વતઃ સૂકાય ગયા હોય અથવા તેને પીસી નાંખ્યા હોય તો તે વનસ્પતિકાયના શરીર કહેવાય. પરંતુ તેને જો ગરમ પાણીમાં ઉકાળીને અચિત્ત કર્યા હોય, તો તે વર્તમાન ભાવે અગ્નિકાયના ત્યક્ત શરીર અને પૂર્વભાવની અપેક્ષાએ વનસ્પતિકાયના શરીર કહેવાય છે.

તે જ રીતે લોખંડ, તાંબુ, સીસુ આદિ પૃથ્વીકાયના શરીર છે પરંતુ જો તે અગ્નિ દ્વારા શસ્ત્ર પરિણત થાય તો તે વર્તમાન ભાવે અગ્નિકાયના શરીર કહેવાય અને પૂર્વભાવની અપેક્ષાએ પૃથ્વીકાયના શરીર કહેવાય. આ રીતે પ્રત્યેક પદાર્થમાં સમજવું જોઈએ.

★ લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજનનો છે. તેની ડગમાળા ૧૬૦૦૦ યોજન ઊંચી છે તો પણ જંબૂદ્વીપમાં રહેલા પુણ્યાત્માઓના પુણ્ય પ્રભાવે લવણ સમુદ્ર જંબૂદ્વીપને ડૂબાડી દેતો નથી.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૨

## અનિલ

### દિશા વિદિશામાં ચાર પ્રકારના વાયુ :–

**१ रायगिहे णयरे** *जाव* **एवं वयासी– अत्थि णं भंते ! ईसिं पुरेवाया पच्छा– वाया मंदावाया महावाया वायंति ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :–** રાજગૃહ નગરમાં ***યાવત્*** શ્રી ગૌતમ સ્વામીએ આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું ઈષત્પુરોવાયુ, પથ્યવાયુ, મંદવાયુ અને મહાવાયુ વાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે દરેક વાયુ વાય છે.

**२ अत्थि णं भंते ! पुरत्थिमे णं ईसिंपुरेवाया पच्छावाया मंदावाया महावाया वायंति ? हंता, अत्थि ।**

**एवं पच्चत्थिमे णं, दाहिणे णं, उत्तरे णं, उत्तरपुरत्थिमे णं, दाहिणपुरत्थिमे णं, दाहिणपच्चत्थिमे णं, उत्तरपच्चत्थिमे णं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પૂર્વદિશામાંથી ઈષત્પુરોવાયુ, પથ્યવાયુ, મંદવાયુ અને મહાવાયુ વાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે દરેક વાયુ પૂર્વદિશામાંથી વાય છે.

તે જ રીતે પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઈશાનકોણ, અગ્નિકોણ, નૈૠત્યકોણ અને વાયવ્યકોણમાંથી આ ચારે વાયુ ગમન કરી શકે છે અર્થાત્ આ વાયુની કોઈ એક દિશા નિશ્ચિત હોતી નથી.

**३ जया णं भंते ! पुरत्थिमे णं ईसिं पुरेवाया, पच्छावाया, मंदावाया, महावाया वायंति, तया णं पच्चत्थिमे णं वि ईसिं पुरेवाया** *जाव* **वहंति; जया णं पच्चत्थिमे णं ईसिंपुरेवाया** *जाव* **वहंति, तया णं पुरत्थिमे णं वि** *जाव* **वहंति ?**

**हंता गोयमा ! जया णं पुरत्थिमे णं** *जाव* **वहंति, तया णं पच्चत्थिमेण वि**

**ईसिंपुरेवाया** *जाव* **वहंति; जया णं पच्चत्थिमे णं ईसिंपुरेवाया** *जाव* **वहंति, तया णं पुरत्थिमे णं वि ईसिंपुरेवाया** *जाव* **वहंति । एवं दिसासु, विदिसासु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે પૂર્વમાં ઈષત્પુરોવાયુ, પથ્યવાયુ, મંદવાયુ અને મહાવાયુ વાતા હોય ત્યારે શું પશ્ચિમમાં પણ ઈષત્પુરોવાયુ આદિ વાય છે અને જ્યારે પશ્ચિમમાં ઈષત્પુરોવાયુ આદિ વાયુ વાય, ત્યારે શું પૂર્વમાં પણ તે વાયુઓ વાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે પૂર્વમાં ઈષત્પુરોવાત આદિ વાયુ વાતા હોય, ત્યારે તે પશ્ચિમમાં પણ ઈષત્પુરોવાયુ આદિ વાય છે અને જ્યારે પશ્ચિમમાં ઈષત્પુરોવાત આદિ વાયુ વાતા હોય, ત્યારે તે સર્વ વાયુઓ પૂર્વમાં પણ વાય છે. આ રીતે સર્વ દિશાઓમાં અને વિદિશાઓમાં પણ સમજવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ચાર પ્રકારના વાયુનું અસ્તિત્વ દર્શાવતાં સમજાવ્યું છે કે તે ચારે વાયુ ચારે દિશા અને ચારે વિદિશામાંથી કોઈપણ દિશા વિદિશામાં વહી શકે છે. તે ચારે પ્રકારના વાયુને કોઈ પ્રતિબંધ નથી. એક જ દિશામાં અનેક પ્રકારના વાયુઓ પણ વાય શકે છે. પૂર્વ આદિ દિશાઓ ઘણી લાંબી અને વિસ્તૃત છે તેના ભિન્ન–ભિન્ન વિભાગમાં ભિન્ન–ભિન્ન વાયુ વહે તે શક્ય છે પરંતુ એક દિશાના એક વિભાગ(ક્ષેત્ર)માં બે વિરોધી વાયુનું એટલે મંદવાયુ અને મહાવાયુનું અસ્તિત્વ શક્ય નથી અર્થાત્ મંદવાયુ વાતો હોય ત્યારે તે જ ક્ષેત્રમાં મહાવાયુ વાતો નથી.

(૧) **ઈષત્પુરોવાત :–** ઓસ આદિની સ્નિગ્ધતા–ભેજ યુક્ત વાયુને ઈષત્પુરોવાત(પરવાયુ) કહે છે.

(૨) **પથ્યવાત :–** વનસ્પતિ આદિને માટે લાભદાયક અને હિતકર વાયુને પથ્યવાત કહે છે.

(૩) **મંદવાત :–** મંદ ગતિએ વહેતા વાયુને મંદવાત કહે છે.

(૪) **મહાવાત :–** તીવ્ર ગતિથી વહેતા વાયુને મહાવાત કહે છે.

## દ્વીપ–સમુદ્રમાં પરસ્પર વાયુનો સંચાર :–

**૪ अत्थि णं भंते ! दीविच्चया ईसिं पुरेवाया ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું દ્વીપમાંથી(દ્વીપ સંબંધી) ઈષત્પુરોવાત આદિ વાયુ હોય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે હોય છે.

**૫ अत्थि णं भंते ! सामुद्दया ईसिं पुरेवाया ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સમુદ્રમાંથી(સમુદ્ર સંબંધી) ઈષત્પુરોવાત આદિ વાયુ હોય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! સમુદ્રમાંથી(સમુદ્ર સંબંધી) આ સર્વ વાયુઓ હોય છે.

**૬ जया णं भंते ! दीविच्चया ईसिं पुरेवाया, तया णं सामुद्दया वि ईसिं पुरेवाया; जया णं सामुद्दया ईसिं पुरेवाया, तया णं दीविच्चया वि ईसिं पुरेवाया ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે દ્વીપમાંથી ઈષત્પુરોવાત આદિ વાયુ વાતા હોય છે, ત્યારે શું સમુદ્રમાંથી પણ ઈષત્પુરોવાત આદિ વાયુ વાય છે ? અને જ્યારે સમુદ્રમાંથી ઈષત્પુરોવાત આદિ વાયુ વાય ત્યારે દ્વીપમાંથી પણ ઈષત્પુરોવાત આદિ વાયુ વાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ શક્ય નથી. સમુદ્રમાંથી જે વાયુ વાતા હોય ત્યારે દ્વીપમાંથી તેની સમાન વાયુ વાતા નથી.

**૭ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जया णं दीविच्चया ईसिं पुरेवाया, णो णं तया सामुद्दया ईसिं पुरेवाया; जया णं सामुद्दया ईसिं पुरेवाया, णो णं तया दीविच्चया ईसिं पुरेवाया ?**

**गोयमा! तेसि णं वायाणं अण्णमण्ण विवच्चासेणं लवणे समुद्दे वेलं णाइक्कमइ। से तेणट्ठेणं** *जाव* **वाया वायंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જ્યારે દ્વીપીય ઈષત્પુરોવાત આદિ વાયુ વાતા હોય, ત્યારે સામુદ્રિક ઈષત્પુરોવાત આદિ વાયુ વાતા નથી અને જ્યારે સામુદ્રિક ઈષત્પુરોવાત આદિ વાયુઓ વાતા હોય, ત્યારે દ્વીપીય ઈષત્પુરોવાત આદિ વાયુ વાતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સર્વ વાયુ પરસ્પર વિપરીત છે. અર્થાત્ બંને ક્ષેત્રના વાયુના વહેવાનો સ્વભાવ વિપરીત છે અને તે વાયુ લવણસમુદ્રની વેલાનું ઉલ્લંઘન કરતા નથી. તેથી તે વાયુ પૂર્વોક્તરૂપે વહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સમુદ્ર અને દ્વીપના કિનારાની અપેક્ષાએ વાયુનું નિરૂપણ છે.

સમુદ્ર અને દ્વીપના કિનારે જ્યારે કોઈ પણ વાયુ સમુદ્ર તરફથી વાય ત્યારે દ્વીપ તરફથી વાયુ વાતો નથી અને જ્યારે દ્વીપ તરફથી તે વાયુ વાય ત્યારે સમુદ્ર તરફથી વાયુ વાતો નથી; કારણ કે કોઈ પણ એક સ્થાનમાં એક સમયે બે વિરોધી દિશાના વાયુનો સંચાર થઈ ન શકે.

**वेलं णाइक्कमइ :–** વેલા શબ્દના બે અર્થ છે– (૧) લવણ સમુદ્રની સત્તર હજાર યોજન ઊંચી શિખા

(૨) સમુદ્ર કિનારે પાણીની જે ભરતી ઓટ આવે છે, તે ભરતીને વેલા કહે છે. પ્રસ્તુત સૂત્રમાં વાયુ લવણ સમુદ્રની વેલાનું ઉલ્લંઘન કરતો નથી, તે પ્રકારનું કથન છે. તેમાં સમુદ્રનું નહીં પરંતુ સમુદ્ર કિનારાનું ઉલ્લંઘન કરતો નથી; તે પ્રમાણે અર્થ થાય છે. સમુદ્ર કિનારાના પ્રદેશમાં સામુદ્રીય અને દ્વીપીય બંને વાયુ એક સાથે વાય ન શકે. વેલાનો અર્થ ભરતી છે પણ સમુદ્રમાં ભરતી હોય ત્યારે પાણી કિનારા ઉપર ફેલાય છે. ભરતી કિનારા ઉપર જ આવે છે; તેથી અહીં 'વેલા' શબ્દનો 'કિનારો' અર્થ કર્યો છે. કિનારા પર સામુદ્રીય વાયુ વાતો હોય ત્યારે તે કિનારા પરથી વાતા વાયુનું ઉલ્લંઘન કરીને દ્વીપીય વાયુ વાતો નથી અને કિનારા પર દ્વીપીય વાયુ વાતો હોય ત્યારે ત્યાં સામુદ્રીય વાયુ વાતો નથી.

**अण्णमण्ण विवच्चासेणं :–** અન્યોન્ય = પરસ્પર વિપરીતપણે. સમુદ્ર અને દ્વીપ બંને સામસામા વિપરીત દિશામાં છે તેથી એક જ સ્થળે, કિનારના સ્થાને બે વિપરીત વાયુઓ હોતા નથી.

## ચારે પ્રકારના વાયુને વહેવાના કારણ :–

**૮ अत्थि णं भंते ! ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति ? हंता, अत्थि ।**

**कया णं भंते ! ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति ?**

**गोयमा ! जया णं वाउयाए अहारियं रियंति तया णं ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति ।**

**શબ્દાર્થ :– अहारियं रियंति** = સ્વભાવાનુસાર ગતિ કરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ઈષત્‌પુરોવાત, પથ્યવાત, મંદવાત અને મહાવાત વાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે સર્વ વાયુ વાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ઈષત્‌પુરોવાત આદિ વાયુ ક્યારે વાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વાયુકાય જ્યારે સ્વાભાવિક ગતિ કરે છે ત્યારે ઈષત્‌પુરોવાત આદિ વાયુ વાય છે.

**૯ अत्थि णं भंते ! ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति ? हंता, अत्थि ।**

**कया णं भंते ! ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति ?**

**गोयमा ! जया णं वाउयाए उत्तरकिरियं रियइ तया णं ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ઈષત્‌પુરોવાત આદિ વાયુ વાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે સર્વ વાયુ વાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ઈષત્‌પુરોવાત આદિ વાયુ ક્યારે વાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે વાયુકાય વૈક્રિય શરીર બનાવીને ગતિ કરે છે, ત્યારે (પણ) ઈષત્‌પુરોવાત આદિ વાયુ વાય છે.

**૧૦ अत्थि णं भंते ! ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति ? हंता, अत्थि ।**

**कया णं भंते ! ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति ?**

**गोयमा ! जया णं वाउकुमारा वाउकुमारीओ वा अप्पणो वा परस्स वा तदुभयस्स वा अट्ठाए वाउकायं उदीरेंति, तया णं ईसिं पुरेवाया** *जाव* **महावाया वायंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈષત્‌પુરોવાત આદિ વાયુ વાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે સર્વ વાયુ વાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! ઈષત્‌પુરોવાત, પથ્યવાત આદિ ચારે વાયુઓ ક્યારે વાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે વાયુકુમાર દેવ અને વાયુકુમાર દેવીઓ પોતાના માટે, બીજાના માટે અથવા બંનેને માટે વાયુકાયની ઉદીરણા–વિકુર્વણા કરે છે ત્યારે ઈષત્‌પુરોવાત આદિ વાયુ વાય છે.

**૧૧ वाउकाए णं भंते ! वाउकायं चेव आणमंति वा पाणमंति वा ?**

**हंता गोयमा !** *जाव* **पाणमंति । एवं जहा खंदए तहा चत्तारि आलावगा णेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું વાયુકાય વાયુકાયને જ શ્વાસરૂપમાં ગ્રહણ કરે છે અને નિઃશ્વાસરૂપમાં છોડે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! (૧) વાયુ વાયુકાયને શ્વાસરૂપે ગ્રહણ કરે છે અને નિઃશ્વાસરૂપમાં છોડે છે વગેરે સ્કંદક પરિવ્રાજકના વર્ણનમાં (શતક–૨/૧, સૂત્ર ૭ થી ૧૦) કહ્યા અનુસાર ચારે આલાપક જાણવા જોઈએ. [(૨) તે અનેક લાખ વાર મરીને તેમાં જ ઉત્પન્ન થાય છે. (૩) તે સ્પૃષ્ટ થઈને(સ્વકાય–પરકાય શસ્ત્રથી આહત થઈને) મરે છે અને (૪) મૃત્યુ પામી તે શરીર સહિત નીકળે છે.]

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં વાયુની ગતિના ત્રણ કારણનો નિર્દેશ છે–(૧) પોતાની સ્વાભાવિક ગતિથી (૨) પોતાના ઉત્તર વૈક્રિય દ્વારા કૃત વૈક્રિય શરીરથી (૩) વાયુકુમાર દેવ અને દેવીઓ દ્વારા સ્વ, પર અને ઉભયને માટે વાયુકાયની વિકુર્વણા કરવાથી. આ ત્રણે કારણથી સૂત્રોક્ત ચારે પ્રકારનો વાયુ વાય છે. તેથી

એમ ફલિત થાય છે કે પ્રચંડ વાયુ પણ સ્વાભાવિક રીતે વહી શકે છે અને મંદવાયુ પણ વૈક્રિય શરીર બનાવીને વહી શકે છે.

**વાયુ વહેવાના ત્રણ કારણો વિષે વાચનાંતર :–** સૂત્રકારે વાયુને વહેવાના ત્રણ કારણનો એક જ સૂત્રમાં ઉલ્લેખ ન કરતાં વિસ્તૃત પદ્ધતિને સ્વીકારી, ત્રણ કારણ ત્રણ સૂત્ર દ્વારા દર્શાવ્યા છે. ટીકાકારે સૂત્રોક્ત ત્રણ કારણ માટે વાચનાંતરથી અભિપ્રાય સ્પષ્ટ કર્યો છે. યથા–

(૧) સ્વાભાવિક ગતિમાં મહાવાતને છોડીને શેષ ત્રણ વાયુનો ઉલ્લેખ છે.

(૨) વાયુના વૈક્રિયશરીર દ્વારા થતાં ગમનમાં મંદવાયુને છોડીને શેષ ત્રણ વાયુનું કથન છે.

(૩) દેવકૃત વાયુની ગતિમાં ચારે પ્રકારના વાયુનું નિરૂપણ છે.

વાયુકાયના શ્વાસોચ્છ્વાસ આદિના સંબંધમાં ચાર આલાપક(ચાર પ્રશ્નોત્તર)નું વિસ્તૃત વર્ણન શતક–૨, ઉ.–૧, સૂત્ર ૭–૧૦માં છે. સંક્ષેપમાં તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–

(૧) સ્કંદક પ્રકરણાનુસાર વાયુકાય અચિત્ત વાયુને શ્વાસોચ્છવાસના રૂપમાં ગ્રહણ કરીને છોડે છે.

(૨) વાયુકાય, સ્વકાય શસ્ત્ર(પંખા આદિના નિમિત્તથી ઉત્પન્ન થયેલા કોઈપણ પ્રકારના વાયુ)થી અથવા પરકાય શસ્ત્ર–અન્ય કોઈ પણ પદાર્થથી આઘાત પામીને જ મરે છે પરંતુ શસ્ત્રાઘાત વિના મરતા નથી.

(૩) વાયુકાયનો જીવ અનેક લાખ વાર મરીને પુનઃ પુનઃ વાયુકાયમાં જન્મ–મરણ કરે છે.

(૪) વાયુકાય તેજસ, કાર્મણ શરીરની અપેક્ષાએ સશરીરી પરલોકમાં જાય છે અને ઔદારિક, વૈક્રિય શરીરની અપેક્ષાએ અશરીરી થઈને પરલોકમાં જાય છે.

## ઓદન કુલ્માષ અને મદિરાની પૂર્વ–પશ્ચાદવસ્થા :-

**१२ अह भंते ! ओदणे कुम्मासे सुरा; एए णं किंसरीरा त्ति वत्तव्वं सिया ?**

**गोयमा ! ओदणे कुम्मासे सुराए य जे घणे दव्वे, एए णं पुव्वभावपण्णवणं पडुच्च वणस्सइजीवसरीरा, तओ पच्छा सत्थाईया सत्थपरिणामिया अगणिज्झामिया अगणिझूसिया अगणिसेविया अगणिपरिणामिया अगणिजीवसरीरा इ वत्तव्वं सिया। सुराए य जे दवे दव्वे एए णं पुव्वभावपण्णवणं पडुच्च आउजीव सरीरा, तओ पच्छा सत्थाईया *जाव* अगणिकायसरीरा इ वत्तव्वं सिया ।**

**શબ્દાર્થ :– ओदण्णे** = ઓદન, ચોખા **कुम्मासे** = કુલ્માસ, અડદ **सुरा** = મદિરા **घणे** = ઘન, ઠોસ **पुव्वभाव– पण्णवणं** = પૂર્વ ભાવ પ્રજ્ઞાપના, પૂર્વાવસ્થાની પ્રજ્ઞાપના **पडुच्च** = અપેક્ષા **सत्थाईया**

= શસ્ત્રાતીત, શસ્ત્રથી છેદિત **अगणिज्झामिया** = અગ્નિ ધ્યામિત, અગ્નિ વડે બાળવાથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચોખા, અડદ અને મદિરા આ ત્રણે દ્રવ્યો કયા જીવોના શરીર કહેવાય ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચોખા, અડદ અને મદિરામાં જે ઘન(ઠોસ અથવા કઠણ) દ્રવ્ય છે, તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ વનસ્પતિ જીવના શરીર છે અને ત્યાર પછી જ્યારે તે ઓદનાદિ દ્રવ્ય શસ્ત્ર સ્પર્શ થતાં, શસ્ત્ર દ્વારા પરિણત થતાં, અગ્નિથી સ્પર્શિત, અગ્નિથી આતાપિત, અગ્નિથી વિશેષ આતાપિત અને અગ્નિથી પરિણામિત(અગ્નિમય અત્યુષ્ણ) થઈ જાય છે ત્યારે તે દ્રવ્ય અગ્નિકાયના શરીર કહેવાય છે તથા મદિરામાં જે પ્રવાહી પદાર્થ છે, તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ અપકાયનું શરીર કહેવાય અને પછી તે તરલ પદાર્થ પૂર્વોક્ત પ્રકારે શસ્ત્રાતીત ***યાવત્*** અગ્નિ પરિણામિત આદિ થઈ જાય છે ત્યારે તે અગ્નિનું શરીર કહેવાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ચોખા, અડદ અને મદિરા આ ત્રણેને કયા જીવના શરીર કહેવાય છે ? આ પ્રશ્ન પૂછીને, તેની પૂર્વાવસ્થા અને પશ્ચાદવસ્થાનું વિશ્લેષણ શાસ્ત્રીય રીતે કર્યું છે.

**पुव्वभाव पण्णवणं :–** ચોખા અને અડદ પૂર્વાવસ્થાની અપેક્ષાએ વનસ્પતિરૂપ છે. મદિરામાં બે જાતિના પદાર્થ છે. ઠોસ પદાર્થ અને પ્રવાહી પદાર્થ. ગોળ આદિ ઠોસ પદાર્થ પૂર્વાવસ્થાની અપેક્ષાએ વનસ્પતિરૂપ છે અને પ્રવાહી પદાર્થ અપકાય રૂપે છે.

**પશ્ચાદવસ્થાની અપેક્ષાએ અગ્નિ પરિણામિત :–** ચોખા, અડદ અને મદિરા આ સર્વ જ્યારે **શસ્ત્રાતીત–** ખાંડણીયું, સાંબેલું આદિ સાધનો દ્વારા ખાંડીને તેની પર્યાયને પરિવર્તિત કરાય, **શસ્ત્રપરિણત–** પ્રતિકૂળ સ્વભાવી દ્રવ્યોના પ્રયોગથી પરિણામાંતરને પ્રાપ્ત થાય, **અગ્નિધ્યામિત–** અગ્નિ દ્વારા સેકાય તે, **અગ્નિ– ઝૂષિત–** અગ્નિ દ્વારા રંધાય, ઉકળતા પાણીમાં બફાય, **અગ્નિસેવિત–** અગ્નિ દ્વારા વરાળથી બફાય, **અગ્નિ પરિણામિત–** અગ્નિરૂપ થઈ જાય તેટલા પ્રમાણમાં અત્યંત ઉષ્ણ કરાય તો તે અગ્નિકાયના શરીર કહી શકાય છે. અર્થાત્ આ સર્વ ક્રિયાઓ દ્વારા પદાર્થ અત્યુષ્ણ થાય ત્યારે જ તે અગ્નિકાયના શરીર કહેવાય. જ્યાં સુધી અગ્નિ પરિણામિત ન થાય, અપક્વ કે અર્ધપક્વ અવસ્થામાં રહે ત્યાં સુધી તે પદાર્થ અગ્નિકાયના શરીર કહેવાતાં નથી. તે પૂર્વ પર્યાયવાળા જીવના શરીર કહેવાય છે, તેમ સમજવું જોઈએ.

## લોખંડ આદિના શરીરની પૂર્વ–પશ્ચાદવસ્થા :–

**૧૩ अह भंते ! अये तंबे तउए सीसए उवले कसट्टिया; एए णं किं सरीरा इ वत्तव्वं सिया ?**

**गोयमा ! अये तंबे तउए सीसए उवले कसट्टिया; एए णं पुव्वभावपण्णवणं पडुच्च पुढवीजीवसरीरा, तओ पच्छा सत्थाईया** *जाव*

**अगणिजीवसरीरा इ वत्तव्वं सिया ।**

**શબ્દાર્થ :– अये** = લોખંડ **तउए** = ત્રપુષ, કલઈ **उवले** = બળેલો પથ્થર, કોલસો **कसट्टिया** = લોખંડનો કાટ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોખંડ, તાંબુ, કલઈ, સીસું, કોલસો અને લોખંડનો કાટ આ સર્વ દ્રવ્યો કયા(જીવોના) શરીર કહેવાય ?

**ઉત્તર–** હે, ગૌતમ ! લોખંડ, તાંબુ, કલઈ, સીસું, કોલસો અને લોખંડનો કાટ, આ સર્વ દ્રવ્ય પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ પૃથ્વીકાયિક જીવોના શરીર કહેવાય છે અને ત્યાર પછી શસ્ત્રાતીત ***યાવત્*** અગ્નિ પરિણામિત થાય ત્યારે તે અગ્નિકાયિક જીવોના શરીર કહેવાય છે.

## અસ્થિ આદિના શરીરની પૂર્વ–પશ્ચાદવસ્થા :–

**१४ अह भंते ! अट्ठी अट्ठिज्झामे, चम्मे चम्मज्झामे, रोमे रोमज्झामे, सिंगे सिंगज्झामे, खुरे खुरज्झामे, णहे णहज्झामे; एए णं किंसरीरा इ वत्तव्वं सिया ?**

**गोयमा ! अट्ठी चम्मे रोमे सिंगे खुरे णहे; एए णं तसपाण जीवसरीरा । अट्ठिज्झामे, चम्मज्झामे, रोमज्झामे, सिंगखुरणहज्झामे; एए णं पुव्वभाव पण्णवणं पडुच्च तसपाणजीवसरीरा; तओ पच्छा सत्थाईया** *जाव* **अगणि जीवसरीरा त्ति वत्तव्वं सिया ।**

**શબ્દાર્થ :– अट्ठी** = અસ્થિ, હાડકાં **अट्ठिज्झामे** = અસ્થિધ્યામ–અગ્નિથી પર્યાયાન્તર થયેલા હાડકાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! હાડકાં અને અગ્નિથી પર્યાયાન્તરને પ્રાપ્ત થયેલા હાડકાં, ચામડું અને બળેલું ચામડું, રોમ અને અગ્નિજ્વલિત રોમ, શિંગ અને અગ્નિ પ્રજ્વલિત શિંગ, ખરી અને અગ્નિ–પ્રજવલિત ખરી, નખ અને અગ્નિ પ્રજ્વલિત નખ; આ સર્વ કયા જીવોના શરીર કહી શકાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! હાડકું, ચામડું, રોમ, શિંગ, ખરી, નખ આ સર્વ ત્રસ જીવોના શરીર છે અને પ્રજ્વલિત થયેલાં હાડકાં, પ્રજ્વલિત થયેલું ચામડું, બળેલા રોમ, પ્રજ્વલિત(અગ્નિથી રૂપાન્તર પ્રાપ્ત) શિંગ, પ્રજ્વલિત ખરી અને પ્રજ્વલિત નખ, આ સર્વ પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ તો ત્રસ જીવોના શરીર છે પરંતુ જ્યારે શસ્ત્રાતીત આદિ થાય ત્યારે તે અગ્નિકાયિક જીવોના શરીર કહેવાય છે.

**१५ अह भंते ! इंगाले छारिए भुसे गोमए; एए णं किंसरीरा इ वत्तव्वं सिया ?**

**गोयमा ! इंगाले छारिए भुसे गोमए; एए णं पुव्वभावपण्णवणं पडुच्च एगिंदियजीव– सरीरप्पओगपरिणामिया वि** *जाव* **पंचिंदियजीवसरीरप्पओगपरिणामिया**

**वि, तओ पच्छा सत्थाईया *जाव* अगणिजीवसरीरा इ वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અંગાર, રાખ, ભૂસું , છાણાં આ સર્વને કયા જીવોના શરીર કહેવાય ?

**ઉત્તર–** હે ગૌતમ ! અંગાર, રાખ, ભૂસું અને છાણાં આ સર્વ પૂર્વ ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ એકેન્દ્રિય જીવ પ્રયોગ પરિણામિત ***યાવત્*** પંચેન્દ્રિય જીવ પ્રયોગ પરિણામિત કહેવાય છે અર્થાત્ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના શરીર કહેવાય છે અને તત્પશ્ચાત્ શસ્ત્રાતીત ***યાવત્*** અગ્નિકાય પરિણામિત થઈ જાય ત્યારે અગ્નિકાયિક જીવોના શરીર કહેવાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રોમાં અસ્થિ આદિ અને અંગાર આદિની પૂર્વ–પશ્ચાદવસ્થા વિષયક પ્રશ્નોત્તર છે.

જ્યારે કોઈ પણ સજીવ વસ્તુ સ્વતઃ અજીવ થઈ જાય, ત્યારે તે જ જીવનું શરીર કહેવાય. જ્યારે કોઈ જીવનું શરીર અન્ય શસ્ત્રથી પરિણત થાય અથવા અગ્નિમાં બળી જાય, ત્યારે તે પૂર્વ ભાવની અપેક્ષાએ તે જ જીવનું શરીર કહેવાય અને વર્તમાન ભાવની અપેક્ષાએ તે અગ્નિકાયના જીવોનું શરીર કહેવાય છે, આ રીતે દરેક પદાર્થમાં પૂર્વ–પશ્ચાદવસ્થાની અપેક્ષાએ જાણવું જોઈએ.

અંગારા અથવા રાખ આ બંને પૂર્વાવસ્થાની અપેક્ષાએ વનસ્પતિકાયાદિના શરીર કહેવાય છે અને વર્તમાન અપેક્ષાએ અગ્નિકાયના શરીર કહેવાય છે.

છાણાં વર્તમાન ભાવની અપેક્ષાએ પંચેન્દ્રિયનું શરીર કહેવાય અને પૂર્વ ભાવની અપેક્ષાએ ગાયના ખાદ્ય પદાર્થ, વનસ્પતિ આદિ એકેન્દ્રિયના હોય અને તેમાં ત્રસ જીવો પણ હોય. તેથી એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોનું શરીર કહેવાય. તે છાણાં બળી જાય ત્યારે પૂર્વ ભાવની અપેક્ષાએ પંચેન્દ્રિયનું શરીર કહેવાય અને વર્તમાન ભાવની અપેક્ષાએ અગ્નિકાયનું શરીર કહેવાય.

આ સૂત્રોથી સ્પષ્ટ થાય છે કે અગ્નિ સંસ્કારિત અને અગ્નિ પરિણામિત પદાર્થોમાં અગ્નિકાયના જીવો ઉત્પન્ન થાય છે અને તે મરી જાય છે. તેથી અગ્નિથી નિષ્પાદિત સર્વ ખાદ્યપદાર્થો વર્તમાન ભાવની અપેક્ષાએ અગ્નિકાયના શરીર છે.

## લવણ સમુદ્રની સ્થિતિ, સ્વરૂપ આદિ :–

**૧૬ लवणे णं भंते ! समुद्दे केवइयं चक्कवाल विक्खंभेणं पण्णत्ते ? एवं णेयव्वं *जाव* लोगट्ठिई लोगाणुभावे । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ(ચારે તરફની પહોળાઈ) કેટલો છે ? વગેરે લવણ સમુદ્રનું સંપૂર્ણ વર્ણન લોકસ્થિતિ લોકાનુભાવ સુધી(જીવાભિગમ અનુસાર) જાણવું.

॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ***जाव*** શબ્દ પ્રયોગ દ્વારા સૂત્રપાઠનો લોકસ્થિતિ–લોકાનુભાવ પર્યંતનો અતિદેશ કરીને લવણસમુદ્ર સંબંધી સંક્ષિપ્ત નિરૂપણ કર્યું છે. તેનું વિસ્તૃત વર્ણન જીવાભિગમ સૂત્રમાં છે.

**લવણ સમુદ્રનું સંક્ષિપ્ત વર્ણન :–** જંબૂદ્વીપને ફરતો લવણસમુદ્ર છે. લવણસમુદ્રનું સંસ્થાન, ગોતીર્થ– જળાશયમાં ગાયને ઉતરવાનો માર્ગ અથવા ક્રમશઃ નીચે જતો માર્ગ, નૌકા, છીપ, સંપુટ, અશ્વસ્કંધ અને વલભી જેવો ગોળ વલયાકારનો છે. તેનો ચક્રવાલ વિષ્કંભ–ગોળાકારે પહોળાઈ બે લાખ યોજન છે તથા તેનો પરિક્ષેપ–પરિધિ ૧૫, ૮૧, ૧૩૯(પંદર લાખ એક્યાસી હજાર એકસો ઓગણ– ચાલીસ) યોજનથી કંઈક અધિક છે. તેની ઊંડાઈ એક હજાર યોજન અને ઊંચાઈ ૧૬૦૦૦ યોજન છે. તે સર્વ મળીને ૧૭૦૦૦ યોજન થાય છે.

આટલો વિસ્તૃત અને વિશાળ લવણ સમુદ્ર હોવા છતાં, આજ સુધી જંબૂદ્વીપને તે ડૂબાડી શક્યો નથી; તેનું કારણ એ છે કે ભરત અને ઐરવત ક્ષેત્રોમાં સ્વભાવથી ભદ્ર, વિનીત, ઉપશાંત, મંદ કષાયી, સરલ, કોમળ, જિતેન્દ્રિય અને નમ્ર પુરુષો હોય છે. યથા– અરિહંત, ચક્રવર્તી, બલદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા અને ધર્માત્મા મનુષ્ય. તેના પુણ્ય પ્રભાવથી લવણસમુદ્ર જંબૂદ્વીપને ડૂબાડતો નથી, જલમય કરતો નથી અને આ પ્રકારનો લોકનો સ્વભાવ પણ છે.

॥ શતક ૫/૨ સંપૂર્ણ ॥

# શતક–૫ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં આયુષ્ય બંધ સંબંધિત અન્યતીર્થિકોની માન્યતાનું કથન કરી સ્વસિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે.

★ અન્યતીર્થિકો પોતાના મંતવ્યને જાળગ્રંથીના દષ્ટાંતથી સમજાવે છે કે જે રીતે એક જાળમાં અનેક ગાંઠો વાળેલી હોય અને તે ગાંઠો પરસ્પર સંબદ્ધ હોય તે રીતે અનેક જીવોના હજારો આયુષ્ય એક સાથે ક્રમશઃ સંબદ્ધ હોય છે અને એક જીવ એક સમયે બે આયુષ્યનું વેદન કરે છે; આ ભવનું આયુષ્ય અને પરભવનું આયુષ્ય.

આ માન્યતા યુક્તિસંગત નથી, અનેક જીવોના અનેક આયુષ્ય જાલગ્રંથીની જેમ સંબદ્ધ હોય તો એક જીવનો જન્મ કે મૃત્યુ થતાં સર્વ જીવના જન્મ કે મૃત્યુ થવા જોઈએ પરંતુ તે પ્રત્યક્ષ બાધિત છે. તેથી આયુષ્ય બંધ વિષયક અન્યતીર્થિકોની જાલગ્રંથીની કલ્પના સર્વથા મિથ્યા છે અને એક જીવ એક સમયે બે આયુષ્યનું વેદન કરે છે, તે કથન પણ તેમનું અયુક્ત છે.

★ આ ભવના કૃત્યો અનુસાર જીવ પરભવનું આયુષ્ય બાંધે છે. આ ભવનું આયુષ્ય પૂર્ણ થતાં પોતાના કરેલા આયુષ્ય બંધ અનુસાર જ તે જીવનું પરભવમાં ગમન થાય છે. ત્યાં પૂર્વે બાંધેલા આયુષ્યનો ઉદય થાય છે. આ રીતે જીવની મુક્તિ ન થાય ત્યાં સુધી આયુષ્યના બંધ અને ઉદયની શ્રૃંખલા ચાલે છે પરંતુ એક ભવમાં એક જ આયુષ્યનું વેદન થાય છે.

★ આગામી ભવના આયુષ્યનો બંધ કર્યા વિના જીવ પરભવમાં જતો નથી અર્થાત્ આગામી ભવનું આયુષ્ય વર્તમાન ભવમાં બાંધીને પછી જ જીવ મૃત્યુ પામે છે.

★ આયુબંધના અનેક ભેદ પ્રભેદ– ચારગતિ, ચોવીસ દંડક અને જીવના ભેદ પ્રભેદાનુસાર થાય છે.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૩

## ગ્રન્થિકા

**આયુષ્ય વિષયક અન્યતીર્થિકોની માન્યતા :–**

**१ अण्णउत्थिया णं भंते ! एवमाइक्खंति एवं भासंति एवं पण्णवेंति एवं परूवेंति– से जहाणामए जालगंठिया सिया– आणुपुव्विगढिया, अणंतरगढिया, परंपरगढिया, अण्णमण्णगढिया, अण्णमण्णगरुयत्ताए, अण्णमण्णभारियत्ताए, अण्णमण्णगरुय संभारिय– त्ताए, अण्णमण्णघडत्ताए चिट्ठइ, एवामेव बहूणं जीवाणं बहूसु आजाइसहस्सेसु बहूइं आउयसहस्साइं आणुपुव्विगढियाइं *जाव* चिट्ठंति । एगे वि य णं जीवे एगेणं समएणं दो आउयाइं पडिसंवेदेइ । तं जहा– इहभवियाउयं च परभवियाउयं च । जं समयं इहभवियाउयं पडिसंवेदेइ तं समयं परभवियाउयं पडिसंवेदेइ; जं समयं परभवियाउयं पडिसंवेदेइ तं समयं इहभवियाउयं पडिसंवेदेइ, से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जं णं ते अण्णउत्थिया एवमाइक्खंति *जाव* परभवियाउयं च । जे ते एवमाहंसु तं णं मिच्छा । अहं पुण गोयमा ! एवमाइक्खामि *जाव* परूवेमि– से जहाणामए जालगंठिया सिया *जाव* अण्णमण्णघडत्ताए चिट्ठंति; एवामेव एगमेगस्स जीवस्स बहूहिं आजाइसहस्सेहिं बहूइं आउयसहस्साइं आणुपुव्विगढियाइं *जाव* चिट्ठंति। एगे वि य णं जीवे एगेणं समएणं एगं आउयं पडिसंवेदेइ । तं जहा– इहभवियाउयं वा, परभवियाउयं वा; जं समयं इहभवियाउयं पडिसंवेदेइ णो तं समयं परभवियाउयं पडिसंवेदेइ, जं समयं परभवियाउयं पडिसंवेदेइ णो तं समयं इहभवियाउयं पडिसंवेदेइ; इहभवियाउयस्स पडिसंवेयणाए णो परभवियाउयं पडिसंवेदेइ, परभवियाउयस्स पडिसंवेयणाए णो इहभवियाउयं पडिसंवेदेइ । एवं खलु एगे जीवे एगेणं समएणं एगं आउयं पडिसंवेदेइ, तं जहा– इहभवियाउयं वा, परभवियाउयं वा ।**

**શબ્દાર્થ :–** **जालगंठिया** = જાળગ્રંથિકા, અનેક ગાંઠોથી ગૂંથેલી જાળ કે જાળી **आणुपुव्विं गढिया** = અનુક્રમથી ગ્રથિત ગાંઠવાળી **अणंतर गढिया** = અનંતર ગ્રથિત, અંતર વિના અવ્યવહિતરૂપે ગૂંથાયેલી

ગાંઠવાળી **परंपर गढिया** = પરંપર ગ્રંથિત. અનેક ગાંઠોના કારણે પ્રથમ ગાંઠથી બીજી, ત્રીજી, ચોથી વગેરે પરંપર રૂપે ગૂંથાયેલી ગાંઠવાળી **अण्णमण्ण गढिया** = અન્યોન્ય ગ્રથિત, પરસ્પર ગૂંથાયેલી ગાંઠવાળી **अण्णमण्ण गरुयत्ताए** = અન્યોન્ય ગુરુ, પરસ્પર ગૂંથાયેલી ગાંઠોના કારણે જાળમાં વસ્તુ આવતાં તે વિસ્તીર્ણ થઈ જાય તેવી **अण्णमण्णभारियत्ताए** = અન્યોન્ય ભારી, પરસ્પર ગૂંથાયેલી ગાંઠોના કારણે જાળમાં જે વજન આવે તે વજન બધી ગાંઠો પર સમાન રૂપે વહેંચાય જાય તેવી સમાન ભારવાળી **अण्णमण्ण गरुय संभारियत्ताए** = અન્યોન્ય ગુરુ સંભારી, પરસ્પર ગૂંથાયેલી ગાંઠોના કારણે જે વિસ્તીર્ણ અને સમાન ભાર– વાળી થઈ જાય તેવી **अण्णमण्णघडत्ताए** = અન્યોન્ય સમુદાયરૂપ, બધી ગાંઠો પરસ્પર એકબીજાને સહયોગી હોવાથી એક સમુદાય રૂપ લાગતી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે, ભાષણ કરે છે, બતાવે છે, પ્રરૂપણા કરે છે કે જેમ કોઈ જાલગ્રંથિ હોય– જે ક્રમિક ગાંઠવાળી, અનંતર ગ્રથિત, પરંપર ગ્રથિત, પરસ્પર ગ્રથિત, પરસ્પર સંબંધિત ગાંઠોના કારણે વિસ્તૃત થતી, પરસ્પર સંબંધિત ગાંઠોના કારણે સમાન ભારવાળી, પરસ્પર સંબંધિત ગાંઠોના કારણે વિસ્તીર્ણ અને સમાન ભારવાળી, પરસ્પર સંબંધિત ગાંઠના કારણે એક સમૂહરૂપ લાગતી હોય તેવી અર્થાત્ એક જાળ ગ્રંથિકામાં અનેક ગાંઠો જોડાયેલ હોય; તેમ અનેક જીવોના, અનેક હજારો ભવોના, અનેક હજારો આયુષ્ય પરસ્પર સંબદ્ધ હોય છે અને એક જીવ એક સમયમાં બે આયુષ્યનું વેદન કરે છે– આ ભવનું આયુષ્ય અને પરભવનું આયુષ્ય. જે સમયે આ ભવના આયુષ્યનું વેદન કરે છે તે સમયે પરભવના આયુષ્યનું વેદન કરે છે અને જે સમયે પરભવના આયુષ્યનું વેદન કરે છે તે સમયે આ ભવના આયુષ્યનું વેદન કરે છે. હે ભગવન્ ! તે કેવી રીતે હોય ? અર્થાત્ શું આ કથન સત્ય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અન્યતીર્થિકો જે આ પ્રમાણે કહે છે ***યાવત્*** એક જીવ એક સમયમાં આ ભવનું અને પરભવનું બંને આયુષ્ય વેદે છે; તેમનું તે કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું આ રીતે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે જેમ કોઈ એક જાલ હોય– જે પૂર્વોક્ત વિશેષણોથી યુક્ત ***યાવત્*** પરસ્પર સંબંધિત ગાંઠોના કારણે એક સમુદાય રૂપ લાગતી હોય; તેમ(તે જાલ ગ્રંથિકાની એક એક ગાંઠ અને એક એક ગાંઠ પંક્તિની જેમ) એક જીવના અનેક હજારો ભવના અનેક હજારો આયુષ્ય અનુક્રમે(સાંકળની જેમ) સંબદ્ધ હોય છે અને એક જીવ એક સમયમાં એક આયુષ્યનું વેદન કરે છે. જેમ કે– આ ભવનું આયુષ્ય અથવા પરભવનું આયુષ્ય; જે સમયે આ ભવના આયુષ્યનું વેદન કરે છે તે સમયે પરભવના આયુષ્યનું વેદન કરતો નથી અને જે સમયે પરભવના આયુષ્યનું વેદન કરે તે સમયે આ ભવના આયુષ્યનું વેદન કરતો નથી. આ રીતે એક જીવ એક સમયમાં એક આયુષ્યનું વેદન કરે છે, યથા– આ ભવનું આયુષ્ય અથવા પરભવનું આયુષ્ય.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં બે આયુષ્ય વેદન સંબંધી અન્યતીર્થિકોના કથનનું ખંડન કરીને, એક ભવિક આયુષ્ય વેદનનો સિદ્ધાંત સિદ્ધ કર્યો છે.

**અન્યતીર્થિકોનું મંતવ્ય :–** જેમ જાળમાં અનેક તાર અનેક સ્થળે ગૂંથાયેલા હોય છે, તેમ અનેક જીવોના અનેક ભવોના અનેક આયુષ્યો પરસ્પર ગૂંથાયેલા–જોડાયેલા હોય છે અને તેમાંથી જીવો એક સમયમાં

વર્તમાન ભવનું અને આગામી ભવનું એમ બે ભવના આયુષ્યનું વેદન એક સાથે કરી શકે છે.

**પ્રભુનું મંતવ્ય :–** પ્રત્યેક જીવ એક સમયમાં એક જ આયુષ્યનું વેદન કરે છે. જેમ જાળમાં એક તાર બીજા તાર સાથે એક દોરી બીજી દોરી સાથે જોડાય તેમ પ્રત્યેક જીવને તેના અનેક ભવોમાંથી એક ભવનું આયુષ્ય બીજા ભવના આયુષ્ય સાથે, બીજા ભવનું આયુષ્ય ત્રીજા ભવના આયુષ્ય સાથે તે રીતે ક્રમબદ્ધ **સાંકળની કડીની જેમ** જોડાયેલા હોય છે અર્થાત્ બે ભવોના આયુષ્યની વચ્ચે અંતર હોતું નથી. તેમ છતાં જે સમયે એક ભવના આયુષ્યનું વેદન સમાપ્ત થાય, તેના અનંતર(બીજા) સમયે બીજા ભવના આયુષ્યનું વેદન પ્રારંભ થઈ જાય. આ રીતે એક સમયમાં એક જ આયુષ્યનું વેદન થાય છે.

**આયુષ્ય કર્મની સત્તા :–** જૈન સિદ્ધાંતાનુસાર જીવ વર્તમાન ભવનું આયુષ્ય પૂર્ણ કરે તે પહેલાં બીજા ભવના આયુષ્યનો બંધ કરી લે છે. તેથી સત્તાની અપેક્ષાએ એક જીવને એક સમયમાં બે આયુષ્ય સંભવે છે. વેદન–ભોગવટાની અપેક્ષાએ એક આયુષ્યનું વેદન સમાપ્ત થાય ત્યારપછી જ બીજા ભવના આયુષ્યનું વેદન શરૂ થાય છે. આ રીતે વેદનની અપેક્ષાએ એક જીવને એક સમયે બે આયુષ્યનું વેદન થતું નથી.

અન્યતીર્થિકો અનેક જીવોના અનેક આયુષ્ય જોડાયેલા માને છે અને એક સમયમાં બે આયુષ્યનું વેદન માને છે તે યુક્તિ સંગત નથી. જો અનેક જીવોના આયુષ્ય જોડાયેલા હોય તો તે કોઈ એક જીવનું આયુષ્ય કહેવાય નહીં. અનેક જીવના આયુષ્ય જોડાયેલ હોય તો અનેક જીવોના જન્મ, મરણ આદિ એક સાથે જ થવા જોઈએ પરંતુ લોકમાં તેવું દેખાતું નથી. બધા જીવો મનુષ્યાદિ ભિન્ન–ભિન્ન આયુષ્ય ભોગવતા જોઈ શકાય છે માટે બધા જીવોના આયુષ્ય જોડાયેલા નથી.

એક સમયે બે ભવના આયુષ્યનું વેદન પણ સંભવિત નથી. મનુષ્ય ભવાયુના વેદનથી તે મનુષ્ય કહેવાય છે અને ત્યારે તે જીવ નરકાયુનું વેદન કરી શકતો નથી. એક સમયે એક જીવ મનુષ્યપણાને અને નારકીપણાને ભોગવી શકતો નથી. કારણ કે તે સર્વથા ભિન્ન છે.

પ્રત્યેક જીવ પોતાના વર્તમાન ભવનું જ આયુષ્ય ભોગવે છે અને તે આયુષ્ય તેની સાથે જ સંબદ્ધ હોય છે. તેના અનેક ભવોના પ્રત્યેક આયુષ્ય પરસ્પર સાંકળની કડીઓની જેમ પરસ્પર સંલગ્ન હોય છે. આ રીતે એક ભવના આયુ સાથે બીજા ભવનું આયુ, બીજા ભવના આયુ સાથે ત્રીજા ભવનું આયુષ્ય એમ ક્રમશઃ અનંત ભવોના આયુષ્ય શ્રૃંખલાની જેમ પરસ્પર સંલગ્ન હોવા છતાં એક પછી બીજા તેમ ક્રમશઃ આયુષ્યનું વેદન થાય છે અને તેથી એક જીવ એક ભવમાં એક જ આયુષ્યનું વેદન કરે છે.

જો કે આગામી ભવનો આયુષ્યબંધ થયા પછી તે આયુષ્યનો પ્રદેશોદય ચાલુ થઈ જાય છે છતાં સૈદ્ધાંતિક દૃષ્ટિએ વિપાકોદયને જ વેદન કહેવાય છે. તેથી ખરેખર એક સમયમાં એક જ ભવના આયુષ્યનું વેદન થાય, તે સમીચીન છે.

## આયુષ્ય બંધના સ્થાન અને સમય :–

**२** **जीवे णं भंते ! जे भविए णेरइएसु उववज्जित्तए से णं किं साउए**

**संकमइ, णिराउए संकमइ ?**

**गोयमा ! साउए संकमइ, णो णिराउए संकमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ નૈરયિકોમાં ઉત્પન્ન થવા યોગ્ય છે તે જીવ શું આયુષ્ય સહિત (નરકાયુના ઉદય સહિત) નરકમાં જાય છે કે આયુષ્ય રહિત જાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ આયુષ્ય સહિત અર્થાત્ નરકાયુના ઉદય સહિત નરકમાં જાય છે પરંતુ આયુષ્યરહિત નરકમાં જતો નથી.

**३ से णं भंते ! आउए कहिं कडे, कहिं समाइण्णे ?**

**गोयमा ! पुरिमे भवे कडे, पुरिमे भवे समाइण्णे । एवं** *जाव* **वेमाणियाणं दंडओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નરકમાં ઉત્પન્ન થનારા તે જીવે તે આયુષ્ય ક્યાં બાંધ્યુ અને તે આયુષ્ય બંધ સંબંધી આચરણ ક્યાં કર્યું ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જીવે તે આયુષ્ય પૂર્વભવમાં બાંધ્યું હતું અને તે બંધ સંબંધી આચરણ પણ પૂર્વભવમાં કર્યું હતું. આ રીતે જેમ નૈરયિકમાં ઉત્પન્ન થનારા જીવના વિષયમાં કહ્યું તેમ વૈમાનિક પર્યંતના સર્વ દંડકોમાં ઉત્પન્ન થનારા જીવોના વિષયમાં પણ કહેવું જોઈએ.

**४ से णूणं भंते ! जे भविए जं जोणिं उववज्जित्तए से तमाउयं पकरेइ, तं जहा– णेरइयाउयं वा** *जाव* **देवाउयं वा ?**

**हंता गोयमा ! जे भविए जं जोणिं उववज्जित्तए से तमाउयं पकरेइ, तं जहा– णेरइयाउयं वा, तिरि–मणु–देवाउयं वा । णेरइयाउयं पकरेमाणे सत्तविहं पकरेइ, तं जहा– रयणप्पभापुढवीणेरइयाउयं वा** *जाव* **अहेसत्तमापुढवीणेरइयाउयं वा । तिरिक्खजोणियाउयं पकरेमाणे पंचविहं पकरेइ, तं जहा– एगिंदियतिरिक्ख–जोणियाउयं वा** *जाव* **पंचिंदियतिरिक्खजोणियाउयं वा** *[भेओ सव्वो भाणियव्वो ।]* **एवं मणुस्साउयं दुविहं, देवाउयं चउव्विहं पकरेइ । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવને જે યોનિમાં ઉત્પન્ન થવું હોય, તે જીવ શું તે યોનિ સંબંધી આયુષ્ય બાંધે છે ? યથા– નરકગતિમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવ શું નરકગતિનું આયુષ્ય બાંધે છે ***યાવત્*** દેવ યોનિમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવ શું દેવગતિનું આયુષ્ય બાંધે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! જે જીવને જે યોનિમાં ઉત્પન્ન થવું હોય તે જીવ તે યોનિ સંબંધી આયુષ્ય બાંધે

છે. યથા– નરક ગતિમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવ નરક ગતિનું આયુષ્ય બાંધે છે તેમજ તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિમાં ઉત્પન્ન થનારા જીવ ક્રમશઃ તિર્યંચ, મનુષ્ય કે દેવ ગતિનું આયુષ્ય બાંધે છે.

નરકનું આયુષ્ય બાંધનાર જીવ રત્નપ્રભાથી લઈ સાતમી તમઃ તમપ્રભા પર્યંતની સાત નરક ભૂમિમાંથી કોઈ એક નરક ભૂમિ સંબંધી આયુષ્ય બાંધે છે. તિર્યંચગતિનું આયુષ્ય બાંધનાર જીવ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના પાંચ પ્રકારના તિર્યંચોમાંથી કોઈ એક પ્રકારના તિર્યંચનું આયુષ્ય બાંધે છે. આ રીતે ક્રમશઃ તિર્યંચના સર્વ ભેદને વિસ્તારથી અહીં કહેવા. તે જ રીતે મનુષ્ય સંબંધી આયુષ્ય બાંધનાર જીવ, સમૂચ્છિંમ અને ગર્ભજ એમ બે પ્રકારના મનુષ્યોમાંથી કોઈ એક પ્રકારના મનુષ્યનું આયુષ્ય બાંધે છે. દેવ સંબંધી આયુષ્ય બાંધનાર જીવ, ભવનપત્યાદિ ચાર જાતિના દેવોમાંથી કોઈ એક જાતિના દેવનું આયુષ્ય બાંધે છે.॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રોમાં આયુષ્યબંધ સંબંધી વિશેષ વિચાર પ્રસ્તુત કર્યા છે, તે આ પ્રમાણે છે– વર્તમાન ભવનું આયુષ્ય પૂર્ણ કરી જીવ પરભવના આયુષ્યના ઉદય સહિત જ તે ગતિમાં જાય છે.

જીવને પરભવમાં જે ગતિમાં ઉત્પન્ન થવાનું હોય, તે ગતિને યોગ્ય આયુષ્યનો બંધ વર્તમાન ભવમાં અવશ્ય કરે અને તદ્યોગ્ય આચરણ પણ આ ભવમાં જ કરે છે.

વર્તમાન ભવના આચરણ અનુસાર ચાર ગતિ અને ચોવીસ દંડકમાંથી કોઈ પણ એક ગતિ કે દંડક સંબંધી આયુષ્યનો બંધ થાય છે.

ચાર ગતિ અને ચોવીસ દંડકના જેટલા ભેદ પ્રભેદ છે તેટલા આયુબંધના પ્રકાર સમજી લેવા જોઈએ. યથા– નારકી યોગ્ય આયુષ્યનો બંધ સાત પ્રકારનો, દેવ યોગ્ય આયુબંધ ૯૯ પ્રકારનો મનુષ્ય યોગ્ય આયુબંધ સંક્ષેપથી બે પ્રકારનો અને વિસ્તારથી ૩૦૩ પ્રકારનો તેમજ તિર્યંચ યોગ્ય આયુષ્ય બંધ સંક્ષેપથી પાંચ પ્રકારનો અને વિસ્તારથી ૪૮ પ્રકારનો છે.

## ॥ શતક ૫/૩ સંપૂર્ણ ॥

# શતક–૫ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં છદ્મસ્થ અને કેવળીની વિષય ગ્રહણ શક્તિ, છદ્મસ્થ અને કેવળીનું જ્ઞાન સામર્થ્ય, બંનેમાં હસવું, નિદ્રા લેવી આદિ ચેષ્ટાઓની વિચારણા, હરિણૈગમેષી દેવની ગર્ભ સંહરણ શક્તિ, અતિ–મુક્તક કુમાર શ્રમણની બાલચેષ્ટા અને દેવોની મનોલબ્ધિ વગેરે વિવિધ વિષયોનું પ્રતિપાદન છે.

★ છદ્મસ્થ મનુષ્યો ઈન્દ્રિયોની મર્યાદામાં રહેલા સ્પૃષ્ટ શબ્દોને જ સાંભળી શકે છે. જ્યારે કેવળીનું કેવળજ્ઞાન ઈન્દ્રિયાતીત છે. તે ઈન્દ્રિયોના શબ્દાદિ કોઈ પણ વિષયોને સાક્ષાત્ આત્માથી જ પૂર્ણપણે જાણે છે અને દેખે છે. તેઓને ઈન્દ્રિયોના માધ્યમની આવશ્યકતા હોતી નથી.

★ છદ્મસ્થ મનુષ્યોમાં મોહનીય કર્મજન્ય હસવું, ઉત્સુક થવું અને દર્શનાવરણીય કર્મજન્ય નિદ્રા આદિ ચેષ્ટાઓ થાય છે પરંતુ તે ક્રિયાઓ કેવળીમાં હોતી નથી, કારણ કે તેઓને મોહનીય કે દર્શનાવરણીય કર્મ નથી. 'હસવું' આદિ ક્રિયા કરતા જીવ સાત અથવા આઠ કર્મ બાંધે છે.

★ શક્રેન્દ્રનો દૂત હરિણૈગમેષી દેવ ગર્ભને યોનિ દ્વારા બહાર કાઢીને કોઈપણ પ્રકારની પીડા વિના, અન્ય સ્ત્રીના ગર્ભાશયમાં રાખી શકે છે. તે જ રીતે તેણે પ્રભુ મહાવીરના ગર્ભનું સંહરણ કર્યું હતું. ક્ષમતાની અપેક્ષાએ તે દેવ નખમાંથી પણ ગર્ભને કાઢી શકે છે અને તેમ કરતાં ગર્ભગત જીવને કંઈપણ કષ્ટ ન થાય તેમ સૂક્ષ્મ રીતે કાર્ય કરવામાં તે કુશળ છે.

★ વરસાદ આવ્યા પછી વહેતા પાણીમાં માટીની પાળ બાંધી અતિમુક્તક કુમાર શ્રમણે પાત્રને તરાવવા રૂપ બાલક્રીડા કરી. તે સંબંધી સ્થવિરોની શંકાનું સમાધાન કરતા પ્રભુએ **બાલમુનિ આ જ ભવમાં મોક્ષગામી છે** તેવું કથન કરી સ્થવિરોને પોતાની જવાબદારી વહન કરવા સાવધાન કર્યા; તે પ્રસંગનું સંક્ષિપ્ત વર્ણન છે.

★ દેવો પાસે મનોલબ્ધિ હોય છે. જેના દ્વારા તેઓ પ્રભુને મનથી પ્રશ્ન પૂછી, મનથી જ સમાધાન પ્રાપ્ત કરી શકે છે. સાતમા દેવલોકના બે દેવો પ્રભુ પાસે આવ્યા અને પોતાની જિજ્ઞાસાને મનોમન શાંત કરી. તે જોતાં ગૌતમ સ્વામીને જિજ્ઞાસા થઈ અને પ્રભુના આદેશથી તેણે દેવ પાસે જઈને સમાધાન પ્રાપ્ત કર્યું કે પ્રભુના શાસનમાં સાતસો શિષ્ય સિદ્ધ થશે.

★ દેવોને સંયત કે સંયતાસંયત કહેવું તે અસત્ય વચન છે અને અસંયત કહેવું તે નિષ્ઠુર વચન છે. માટે દેવોને 'નોસંયત' કહેવાય છે. દેવોની ભાષા અર્ધમાગધી છે.

★ કેવળી ભગવાન પાસે અનંત અને નિરાવરણ જ્ઞાન હોવાથી સંસારનો અંત કરનાર એવા અંતિમ

શરીરી જીવને જાણી શકે છે. છદ્મસ્થ મનુષ્યોનું જ્ઞાન સીમિત હોવાથી તે સ્વયં જાણી શકતા નથી પરંતુ કેવળી આદિ પાસેથી સાંભળીને અથવા આગમ વગેરે પ્રમાણથી જાણી શકે છે.

★ સ્વ–પરનો નિશ્ચય કરનારું જ્ઞાન, પ્રમાણ કહેવાય છે. તેના ચાર ભેદ છે– પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ઉપમાન. સૂત્રમાં તેનું સંક્ષિપ્ત કથન છે.

★ ચરમ કર્મ અથવા ચરમ નિર્જરાના પુદ્‌ગલોને કેવળી જાણી શકે છે પરંતુ છદ્મસ્થ જાણી શકતા નથી.

★ કેવળી ભગવાનને પ્રકૃષ્ટ મન–વચનનો પ્રયોગ હોય છે. જેને ઉપયોગવંત, સમ્યગ્‌દષ્ટિ, પર્યાપ્ત વૈમાનિક દેવો જાણી શકે છે પરંતુ અન્ય દેવો જાણી શકતા નથી.

★ અનુત્તર વિમાનવાસી દેવો પોતાના સ્થાનમાં જ રહીને કેવળી ભગવાન સાથે વાર્તાલાપ કરી શકે છે. તેમની પાસે વિશિષ્ટ અવધિજ્ઞાન તથા મનોદ્રવ્ય વર્ગણા લબ્ધિ હોય છે. જેના માધ્યમથી તે દેવો મનથી પ્રશ્ન પૂછે, ત્યારે કેવળી ભગવાન મનથી ઉત્તર આપે છે અને તે ઉત્તરને દેવો જાણી લે છે.

★ અનુત્તરોપપાતિક દેવો ઉદીર્ણમોહી કે ક્ષીણમોહી નથી, તેઓ ઉપશાંત મોહી હોય છે અર્થાત્‌ તેઓને વિષય અને કષાય રૂપ મોહભાવ અત્યંત ઉપશાંત હોય છે.

★ કેવળી ભગવાનને ક્ષાયિકજ્ઞાન હોવાથી તે ઈન્દ્રિય દ્વારા સીમિત જાણતા નથી. પરંતુ તેઓ કેવળ–જ્ઞાન વડે સર્વ દિશાઓમાં સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને સર્વ ભાવોને સંપૂર્ણ રીતે જાણે છે અને દેખે છે.

★ યોગોની ચંચલતાના કારણે કેવળી ભગવાન પણ હાથ–પગ આદિ અવયવોને એક સ્થાનેથી ઉપાડ્યા પછી ફરીથી તે જ આકાશ પ્રદેશો ઉપર રાખી શકતા નથી. કેવળી ભગવાનનું આત્મ દ્રવ્ય સયોગ અને સવીર્યવાળું હોવાથી તેઓના પણ હાથ–પગ આદિ ઉપકરણોમાં ચંચલતા હોય છે. તેથી તેઓ હાથ આદિને ઉપાડી પાછા ત્યાં જ, તે જ પ્રદેશો પર રાખી શકે નહીં. આકાશપ્રદેશોની સૂક્ષ્મતા અને શરીરના ઉપકરણરૂપ હાથ વગેરેની ચંચલતાના કારણે પૂર્વના અવગાહિત આકાશપ્રદેશોથી, પછી મૂકાયેલા હાથાદિના આકાશપ્રદેશોમાં સ્વતઃ ભિન્નતા આવી જાય છે.

★ ચૌદ પૂર્વધારી–શ્રુતકેવળી "ઉત્કરિકા ભેદ લબ્ધિ"થી એક ઘટમાંથી હજારો ઘટ બનાવી શકે છે તેમજ અન્ય પણ એક વસ્તુમાંથી અનેક વસ્તુ બનાવી શકે છે.

આ રીતે આ ઉદ્દેશકમાં વિવિધ વિષયો હોવા છતાં મુખ્યતાએ કેવળીની અને દેવોની વિશિષ્ટ ક્ષમતાનું દિગ્દર્શન છે.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૪

## શબ્દ

**છદ્મસ્થ અને કેવલીની શબ્દ શ્રવણ શક્તિ :–**

**૧ छउमत्थे णं भंते ! मणुस्से आउडिज्जमाणाइं सद्दाइं सुणेइ ? तं जहा– संखसद्दाणि वा सिंगसद्दाणि वा संखियसद्दाणि वा खरमुहीसद्दाणि वा, पोयासद्दाणि वा पिरिपिरियासद्दाणि वा पणवसद्दाणि वा पडहसद्दाणि वा भंभासद्दाणि वा होरंभ– सद्दाणि वा भेरिसद्दाणि वा झल्लरीसद्दाणि वा दुंदुभिसद्दाणि वा तताणि वा विततााणि वा घणाणि वा झुसिराणि वा ?**

**हंता गोयमा ! छउमत्थे णं मणुस्से आउडिज्जमाणाइं सद्दाइं सुणेइ, तं जहा– संखसद्दाणि वा** *जाव* **झुसिराणि वा ।**

**શબ્દાર્થ :– आउडिज्जमाणं** = વગાડવામાં આવતા **संखिय** = નાના શંખ **खरमुही** = કાહલી નામનું વાજિંત્ર **पोया** = મોટી કાહલી **पिरिपिरिया** = પિપૂડી, વાંસળી **पणव** = ઢોલ **पडह** = પડઘમ (ઢોલ જેવું વાદ્ય) **होरंभ** = હોરંભ નામનું વાજિંત્ર **तत** = તારવાળા વીણા વગેરે વાજિંત્ર **वितत** = ચામડાથી મઢેલા ઢોલાદિ વાજિંત્ર **घण** = કાંસાં, મંજીરા વગેરે **झुसिर** = બંસરી વગેરે પોલાણવાળા વાજિંત્ર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્યો શું વગાડવામાં આવતા શબ્દોને સાંભળે છે ? યથા– શંખના શબ્દોને, રણશિંગાના શબ્દોને, નાના શંખના શબ્દોને, કાહલીના શબ્દોને, મોટી કાહલીના શબ્દોને, વાંસળીના શબ્દોને, ઢોલના શબ્દોને, પડઘમના શબ્દોને, ભંભાના શબ્દોને, હોરંભના શબ્દોને, ભેરીના શબ્દોને, ઝાલરના શબ્દોને, દુંદુભિના શબ્દોને, વીણા વગેરેના શબ્દોને, ઢોલ આદિના વિતત શબ્દોને, કાંસા, મંજીરાના શબ્દોને અને બ્યુગલ, બંસરી વગેરે વાદ્યના શબ્દોને સાંભળે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય વગાડવામાં આવતા શંખના શબ્દોને ***યાવત્*** શુષિર વાદ્યોના શબ્દોને સાંભળે છે.

**૨ ताइं भंते ! किं पुट्ठाइं सुणेइ, अपुट्ठाइं सुणेइ ?**

**गोयमा ! पुट्ठाइं सुणेइ; णो अपुट्ठाइं सुणेइ** *जाव* **णियमा छद्दिसिं सुणेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે છદ્મસ્થ મનુષ્યો પૂર્વોક્ત વાદ્યોના કાન સાથે સ્પર્શ થયેલા શબ્દોને સાંભળે છે કે કાન સાથે સ્પર્શ નહીં થયેલા શબ્દોને સાંભળે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય તે વાદ્યોના કાન સાથે સ્પર્શ થયેલા શબ્દોને સાંભળે છે, પરંતુ અસ્પૃષ્ટ શબ્દને સાંભળતા નથી. ***યાવત્*** નિયમા છ દિશામાંથી આવેલા સ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે.

**३ छउमत्थे णं भंते ! मणूसे किं आरगयाइं सद्दाइं सुणेइ, पारगयाइं सद्दाइं सुणेइ ? गोयमा ! आरगयाइं सद्दाइं सुणेइ, णो पारगयाइं सद्दाइं सुणेइ ।**

**શબ્દાર્થ :– आरगयाइं** = ઈન્દ્રિય વિષય ક્ષેત્રની મર્યાદામાં રહેલા **पारगयाइं** = ઈન્દ્રિય વિષય ક્ષેત્રની મર્યાદાથી દૂર રહેલા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્યો ઈન્દ્રિયવિષય ક્ષેત્રની મર્યાદામાં રહેલા શબ્દોને સાંભળે છે ? કે ઈન્દ્રિયવિષય ક્ષેત્રની મર્યાદાથી દૂર રહેલા શબ્દોને સાંભળે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય ઈન્દ્રિય વિષય ક્ષેત્રની મર્યાદામાં રહેલા શબ્દોને સાંભળે છે, પરંતુ ઈન્દ્રિય વિષયક્ષેત્રની મર્યાદાથી દૂર રહેલા શબ્દોને સાંભળી શક્તા નથી.

**४ जहा णं भंते ! छउमत्थे मणूसे आरगयाइं सद्दाइं सुणेइ, णो पारगयाइं सद्दाइं सुणेइ; तहा णं केवली मणुस्से किं आरगयाइं सद्दाइं सुणेइ, पारगयाइं सद्दाइं सुणेइ ?**

**गोयमा ! केवली णं आरगयं वा पारगयं वा सव्वदूरमूलमणंतियं सद्दं जाणइ पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ છદ્મસ્થ મનુષ્યો આરગત શબ્દોને સાંભળે છે પરંતુ પારગત શબ્દોને સાંભળતા નથી; તેમ શું કેવલી ભગવાન આરગત શબ્દોને સાંભળે છે કે પારગત શબ્દોને સાંભળે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેવલી ભગવાન આરગત, પારગત, અથવા સર્વ દૂરવર્તી અને નિકટવર્તી અનંત શબ્દોને જાણે છે અને દેખે છે.

**५ से केणट्ठेणं भंते ! केवली णं आरगयं वा पारगयं वा** *जाव* **जाणइ पासइ ?**

**गोयमा ! केवली पुरत्थिमे णं मियं पि जाणइ, अमियं पि जाणइ । एवं दाहिणे णं, पच्चत्थिमे णं, उत्तरे णं, उड्ढं, अहे– मियं पि जाणइ, अमियं पि जाणइ । सव्वं जाणइ केवली, सव्वं पासइ केवली । सव्वओ जाणइ केवली, सव्वओ पासइ केवली । सव्वकालं जाणइ केवली, सव्वकालं पासइ केवली । सव्वभावे जाणइ केवली, सव्वभावे पासइ केवली । अणंते णाणे केवलिस्स, अणंते दंसणे**

**केवलिस्स। णिव्वुडे णाणे केवलिस्स, णिव्वुडे दंसणे केवलिस्स । से तेणट्ठेणं गोयमा !** *जाव* **जाणइ पासइ ।**

**શબ્દાર્થ :– णिव्वुडे णाणे** = નિરાવરણ જ્ઞાન, કેવલજ્ઞાન **मियं** = મર્યાદિત, સીમિત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેવલી ભગવાન આરગત, પારગત આદિ સૂત્રોક્ત સર્વ પ્રકારના દૂરવર્તી, નિકટવર્તી અનંત શબ્દોને જાણે–દેખે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેવળી ભગવાન પૂર્વ દિશાની મર્યાદિત વસ્તુને પણ જાણે–દેખે છે અને અમર્યાદિત વસ્તુને પણ જાણે–દેખે છે, તે જ રીતે દક્ષિણદિશા, પશ્ચિમદિશા, ઉત્તરદિશા, ઊર્ધ્વદિશા અને અધોદિશાની મિત વસ્તુને પણ જાણે–દેખે છે તથા અમિત વસ્તુને પણ જાણે–દેખે છે. કેવલજ્ઞાની સર્વ વસ્તુને જાણે અને દેખે છે, કેવલી ભગવાન સર્વતઃ(સર્વ તરફથી) જાણે–દેખે છે, કેવલી સર્વકાલને અને સર્વભાવોને જાણે–દેખે છે. કેવલજ્ઞાનીને અનંત જ્ઞાન અને અનંત દર્શન હોય છે. કેવલજ્ઞાનીનું જ્ઞાન અને દર્શન નિરાવરણ હોય છે.

હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે કેવલી ભગવાન આરગત અને પારગત આદિ સૂત્રોક્ત સર્વ પ્રકારના દૂરવર્તી અને નિકટવર્તી શબ્દોને જાણે છે અને દેખે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં છદ્મસ્થ અને કેવળીની શબ્દ શ્રવણ શક્તિ પ્રદર્શિત કરી છે.

**છદ્મસ્થની શબ્દ શ્રવણ શક્તિ :–** જે શબ્દનો કાન સાથે સ્પર્શ થાય તેને જ છદ્મસ્થ મનુષ્ય સાંભળી શકે છે. જેમ કે– **पुट्ठं सुणेइ सद्दं ।** *–[નંદીસૂત્ર].* કાનથી સ્પૃષ્ટ થયેલા શબ્દ જ સંભળાય છે. છદ્મસ્થ વ્યક્તિ શ્રોત્રેન્દ્રિય(કાન)થી સાંભળે છે. ઈન્દ્રિયની શક્તિ સીમિત છે. તેથી છદ્મસ્થ મનુષ્ય ઈન્દ્રિયની સીમામાં રહેલા, કાન સાથે સ્પષ્ટ થયેલા શબ્દોને સાંભળી શકે છે, અન્ય શબ્દોને સાંભળી શકતા નથી.

**કેવળીની શબ્દ શ્રવણ શક્તિ :–** કેવળી પાસે અતીન્દ્રિય, અનંત, નિરાવરણ કેવલજ્ઞાન છે. તેના જ્ઞાનની કોઈ સીમા કે મર્યાદા નથી. તેથી તે ઈન્દ્રિયના વિષય ક્ષેત્રમાં રહેલા કે ઈન્દ્રિયના વિષય ક્ષેત્રથી દૂર રહેલા મિત, અમિત, સર્વ શબ્દોને જાણે છે અને દેખે છે.

**सुणेइ; जाणइ पासइ :–** મૂળ સૂત્રમાં છદ્મસ્થને માટે **सुणेइ** ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે, જ્યારે કેવળીને માટે **जाणइ पासइ** ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે. આ ભેદનું કારણ એ છે કે છદ્મસ્થ જીવ કાનથી શબ્દ સાંભળે છે પરંતુ કેવલી ભગવાનને કાનથી શબ્દો સાંભળવાપણું નથી. તેઓ કેવલજ્ઞાન–કેવળ દર્શનથી જ જાણે–દેખે છે.

**आउडिज्जमाणाइं :–** સંસ્કૃતમાં આ શબ્દના બે રૂપાન્તર થાય છે– (૧) **आजोडमाना**

**(आजोड्य– मानानि)** = મુખાદિથી સંબદ્ધ વાદ્યવિશેષ અર્થાત્ મુખની સાથે શંખનો સંયોગ થવાથી, હાથની સાથે ઢોલનો સંયોગ થવાથી, આ રીતે અન્ય–અન્ય પદાર્થોની સાથે અનેક પ્રકારના વાદ્યોનો સંયોગ થવાથી, (૨) **आकुट्य– मानानि शब्दानि** = વિવિધ પ્રકારના વાદ્યો પર અન્ય દાંડી, હાથ વગેરે પીટવાથી, ટકરાવવાથી, વગાડવાથી, ઉત્પન્ન થતાં શબ્દ.

### હાસ્ય અને તેનાથી કર્મબંધ :–

**૬ छउमत्थे णं भंते ! मणुस्से हसेज्ज वा उस्सुयाएज्ज वा ?**

**हंता गोयमा ! हसेज्ज वा उस्सुयाएज्ज वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય હસે છે ? તથા કોઈ પદાર્થને ગ્રહણ કરવા માટે ઉત્સુક થાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય હસે છે તથા ઉત્સુક થાય છે.

**૭ जहा णं भंते ! छउमत्थे मणुस्से हसेज्ज वा उस्सुयाएज्ज वा, तहा णं किं केवली वि हसेज्ज वा उस्सुयाएज्ज वा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ છદ્મસ્થ મનુષ્ય હસે છે તથા ઉત્સુક થાય છે, તે રીતે શું કેવલીપણ હસે છે તથા ઉત્સુક થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી અર્થાત્ છદ્મસ્થ મનુષ્યની જેમ કેવલી હસતા નથી અને ઉત્સુક પણ થતા નથી.

**૮ से केणट्ठेणं भंते !** *जाव* **णो णं तहा केवली हसेज्ज वा उस्सुयाएज्ज वा?**

**गोयमा ! जं णं जीवा चरित्तमोहणिज्जस्स कम्मस्स उदएणं हसंति वा उस्सुयायंति वा; से णं केवलिस्स णत्थि, से तेणट्ठेणं** *जाव* **णो णं तहा केवली हसेज्ज वा उस्सुयाएज्ज वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેવલી ભગવાન, છદ્મસ્થની જેમ હસતા નથી અને ઉત્સુક થતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ, ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી હસે છે અને ઉત્સુક થાય છે પરંતુ કેવળીને ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય થયો છે. તેથી આ પ્રમાણે કહ્યું છે કે જેમ છદ્મસ્થ મનુષ્ય હસે છે

અથવા ઉત્સુક થાય છે, તેમ કેવલી ભગવાન હસતા નથી અને ઉત્સુક થતા નથી.

**૧** **जीवे णं भंते ! हसमाणे वा उस्सुयमाणे वा कइ कम्मपयडीओ बंधइ ?**

**गोयमा ! सत्तविहबंधए वा, अट्ठविहबंधए वा । एवं** *जाव* **वेमाणिए । पोहत्तिएहिं जीवेगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! હસતા અને ઉત્સુક થતાં જીવ કેટલી કર્મ પ્રકૃતિઓ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! હસતા અને ઉત્સુક થતા જીવ સાત અથવા આઠ પ્રકારની કર્મ પ્રકૃતિને બાંધે છે. આ જ રીતે વૈમાનિક પર્યંત ચોવીસ દંડકને માટે કહેવું જોઈએ. અનેક જીવોની અપેક્ષાએ સમુચ્ચય જીવ અને એકેન્દ્રિય જીવને છોડીને શેષ સર્વજીવોના કર્મબંધ સંબંધિત ત્રણ ભંગ કહેવા જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં છદ્મસ્થ અને કેવળી માટે હાસ્ય–ઉત્સુકતાનું તથા તેનાથી થતા કર્મબંધનું નિરૂપણ કર્યું છે.

હાસ્ય અને ઉત્સુકતા આદિ પ્રવૃત્તિઓ હાસ્ય નામની ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિના ઉદયથી થાય છે. કેવળી ભગવાનને મોહનીય કર્મ ક્ષય થયું હોવાથી હાસ્યાદિ હોતા નથી.

કેવળી સિવાય ૨૪ દંડકના સર્વ જીવોને હાસ્ય નામની ચારિત્ર મોહનીય કર્મ પ્રકૃતિનો ઉદય હોવાથી હાસ્ય અને ઉત્સુકતા થાય છે.

**એકેન્દ્રિય આદિમાં હાસ્યાદિનું સ્પષ્ટીકરણ :–** પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરમાં સ્થૂલ દષ્ટિએ હાસ્ય આદિ ચેષ્ટાઓ જણાતી નથી, તેમ છતાં પૂર્વભવના સંસ્કારથી સૂક્ષ્માંશે તેમાં અઢાર પાપ, ચાર સંજ્ઞા, આઠ કર્મ આદિ સ્વીકારવામાં આવે છે. તે જીવોને હાસ્ય મોહનીય કર્મનો ઉદય હોય છે અને તેથી જ સૂત્રમાં એકેન્દ્રિયના હાસ્ય સંબંધી નિરૂપણ છે. નારકી જીવોમાં પણ હાસ્ય મોહનીય કર્મનો ઉદય હોય છે તથા તે જીવો પરસ્પર એકબીજાને દુઃખ પહોંચાડે ત્યારે અને દેવ સંયોગ સમયે પણ તેઓમાં હાસ્યાદિનો સંભવ છે. આ રીતે કેવળી સિવાય ચોવીસ દંડકના સર્વ જીવોમાં હાસ્યમોહના ઉદયે કોઈ પણ પ્રકારે હાસ્યાદિ શક્ય છે.

**કર્મબંધ :–** નવ ગુણસ્થાન સુધી દરેક જીવને પ્રતિસમય સાત અથવા આઠ કર્મનો બંધ થાય છે. આયુષ્યના બંધ સમયે આઠ કર્મ અને તે સિવાયના સમયે સાત કર્મનો બંધ નિરંતર થાય છે. તેથી હાસ્યાદિ પ્રવૃત્તિ સમયે પણ જીવને સાત કે આઠ કર્મનો બંધ થાય છે.

**पोहत्तिएहिं :–** સૂત્રમાં પહેલાં એક વચનની અપેક્ષાએ અર્થાત્ પ્રત્યેક જીવની અપેક્ષાએ નિરૂપણ કરી, ત્યાર પછી સંક્ષિપ્ત પાઠથી બહુવચનની અપેક્ષાએ નિરૂપણ કર્યું છે. સર્વદંડકનું કથન બહુવચનની અપેક્ષાએ **'पोहत्तिएहिं'** શબ્દથી કર્યું છે. બહુવચનની અપેક્ષાએ કથન કરીએ તો સમુચ્ચય જીવ અને

એકેન્દ્રિય જીવોમાં સદા અનેક જીવ સાતકર્મ બાંધનાર અને અનેક જીવ આઠ કર્મ બાંધનાર હોય છે. તેથી તેમાં બહુવચનનો એક જ ભંગ થાય છે. એક વચન સંબંધી ભંગ તેમાં સંભવિત નથી.

એકેન્દ્રિય સિવાય ૧૯ દંડકમાં આયુષ્ય કર્મ બાંધનાર જીવ ક્યારેક હોય અને ક્યારેક ન હોય તેથી તે દરેક દંડકમાં ત્રણ ભંગ સંભવે છે. યથા– (૧) કોઈક સમયે તે દંડકના સર્વ જીવો સાત કર્મો બાંધે છે. (૨) કોઈક સમયે અનેક જીવ સાત કર્મ બાંધે છે અને એક જીવ આઠ કર્મ બાંધે છે. (૩) કોઈક સમયે અનેક જીવ સાત કર્મ બાંધે છે અને અનેક જીવ આઠ કર્મ બાંધે છે.

## નિદ્રા અને તેનાથી કર્મબંધ :-

**૧૦ छउमत्थे णं भंते ! मणुस्से णिद्दाएज्ज वा पयलाएज्ज वा ?**

**हंता गोयमा ! णिद्दाएज्ज वा पयलाएज्ज वा ।**

**एवं जहा हसेज्ज वा आलावगो भणिओ तहा णिद्दाएज्ज वा आलावगो वि भाणियव्वो; णवरं दरिसणावरणिज्जस्स कम्मस्स उदएणं छउमत्थे णिद्दायंति वा पयलायंति वा, से णं केवलिस्स णत्थि । अण्णं तं चेव ।**

**શબ્દાર્થ :– पयलाएज्ज वा** = પ્રચલા નામની નિદ્રા લેવી, ઊભા–ઊભા નિદ્રા લેવી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્યને નિદ્રા અથવા પ્રચલા નામની નિદ્રા હોય છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! છદ્મસ્થ મનુષ્યને નિદ્રા અને પ્રચલા બંને હોય છે. જે રીતે પૂર્વ સૂત્રમાં હસવાના વિષયમાં નિરૂપણ છે, તે રીતે અહીં નિદ્રા અને પ્રચલાના સંબંધમાં પણ જાણવું. વિશેષતા એ છે કે છદ્મસ્થ મનુષ્યને દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા અથવા પ્રચલા નિદ્રા હોય છે, જ્યારે કેવલી ભગવાનને દર્શનાવરણીય કર્મ નથી તેથી તેમને નિદ્રા કે પ્રચલા નથી; શેષ વર્ણન પૂર્વવત્ સમજવું.

**૧૧ जीवे णं भंते! णिद्दायमाणे वा पयलायमाणे वा कइ कम्मप्पगडीओ बंधइ ?**

**गोयमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा । एवं** *जाव* **वेमाणिए । पोहत्तिएसु जीवेगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિદ્રા અથવા પ્રચલા નિદ્રા લેતો જીવ કેટલી કર્મ પ્રકૃતિને બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નિદ્રા અથવા પ્રચલા નિદ્રા લેતો જીવ સાત અથવા આઠ કર્મ બાંધે છે.

એક–એક જીવની અપેક્ષાએ વૈમાનિક પર્યંત ચોવીસ દંડકોના જીવો સાત કે આઠ કર્મ બાંધે છે,

તેમ કહેવું જોઈએ.

અનેક જીવોની અપેક્ષાએ સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં પૂર્વવત્ એક ભંગ અને શેષ ૧૯ દંડકોમાં કર્મબંધ સંબંધી ત્રણ ભંગ કહેવા જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં હાસ્ય અને ઔત્સુક્ય સૂત્રોની જેમ જ સંપૂર્ણ નિરૂપણ છે. વિશેષતા એ છે કે નિદ્રા અને પ્રચલા દર્શનાવરણીયકર્મ જન્ય છે.

## હરિણૈગમેષી દેવ દ્વારા ગર્ભાપહરણ :-

**૧૨ हरी णं भंते ! हरिणेगमेसी सक्कदूए इत्थीगब्भं संहरमाणे किं गब्भाओ गब्भं साहरइ ? गब्भाओ जोणिं साहरइ ? जोणीओ गब्भं साहरइ ? जोणीओ जोणिं साहरइ ?**

**गोयमा ! णो गब्भाओ गब्भं साहरइ, णो गब्भाओ जोणिं साहरइ, णो जोणिओ जोणिं साहरइ; परामुसिय परामुसिय अव्वाबाहेणं अव्वाबाहं जोणिओ गब्भं साहरइ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! શક્રદૂત હરિણૈગમેષી–હરી નામનો દેવ જ્યારે સ્ત્રીના ગર્ભનું સંહરણ કરે છે, ત્યારે શું તે એક ગર્ભાશયમાંથી ગર્ભને લઈને, બીજી સ્ત્રીના ગર્ભાશયમાં રાખે છે ? કે ગર્ભાશયમાંથી ગર્ભને લઈને, યોનિ દ્વારા બીજી સ્ત્રીના ગર્ભાશયમાં રાખે છે ? કે યોનિથી ગર્ભને બહાર કાઢીને, બીજી સ્ત્રીના ગર્ભાશયમાં રાખે છે ? કે યોનિ દ્વારા ગર્ભને બહાર કાઢીને, પુનઃ તે રીતે યોનિ દ્વારા (બીજી સ્ત્રીના ગર્ભાશયમાં) રાખે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! હરી નામનો હરિણૈગમેષી દેવ એક સ્ત્રીના ગર્ભાશયમાંથી ગર્ભને લઈને, બીજી સ્ત્રીના ગર્ભાશયમાં રાખતા નથી, ગર્ભાશયમાંથી ગર્ભને લઈને, યોનિ દ્વારા બીજી સ્ત્રીના ગર્ભાશયમાં રાખતા નથી, યોનિ દ્વારા ગર્ભને બહાર કાઢીને, યોનિ દ્વારા બીજી સ્ત્રીના ગર્ભાશયમાં રાખતા નથી પરંતુ પોતાના હાથથી ગર્ભને સ્પર્શ કરીને અર્થાત્ હાથમાં લઈને તે ગર્ભને કોઈ પણ પ્રકારે પીડા ન થાય, તે રીતે તેને યોનિ દ્વારા બહાર કાઢીને, બીજી સ્ત્રીના ગર્ભાશયમાં રાખી દે છે.

**૧૩ पभू णं भंते ! हरिणेगमेसी सक्कस्स दूए इत्थीगब्भं णहसिरंसि वा रोमकूवंसि वा साहरित्तए वा, णीहरित्तए वा ?**

**हंता पभू । णो चेव णं तस्स गब्भस्स किंचि वि आबाहं वा विबाहं वा उप्पाएज्जा, छविच्छेयं पुण करेज्जा, एवं सुहुमं च णं साहरेज्ज वा, णीहरेज्ज वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું શક્રનો દૂત હરિણૈગમેષી દેવ, સ્ત્રીના ગર્ભને નખાગ્ર દ્વારા અથવા રોમકૂપ(છિદ્ર) દ્વારા ગર્ભાશયમાં પ્રવેશ કરાવવા અથવા ગર્ભાશયમાંથી બહાર કાઢવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! હરિણૈગમેષી દેવ ઉપર્યુક્ત રીતે કાર્ય કરવામાં સમર્થ છે. તેમ કરતાં તે દેવ, તે ગર્ભને થોડી કે વધુ, કિંચિત્‌માત્ર પણ પીડા પહોંચાડતા નથી. હા, તે દેવ તે ગર્ભના શરીરનું છેદન ભેદન પણ કરે છે. આ પ્રકારની સૂક્ષ્મતાથી તે દેવ ગર્ભને અંદર રાખે છે અથવા અંદરથી બહાર કાઢે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં હરિણૈગમેષી દેવ દ્વારા થતી ગર્ભની સાહરણ પદ્ધતિનું કથન છે.

**હરિણૈગમેષી દેવનો સંક્ષિપ્ત પરિચય :–** હરિણૈગમેષીનો વ્યુત્પત્તિલભ્ય અર્થ(નિર્વચન) આ રીતે થાય છે– હરિ = ઈન્દ્રના, નૈગમ = આદેશને જે ઈચ્છે છે તે હરિણૈગમેષી **અથવા** હરિ = ઈન્દ્રના નૈગમૈષી નામક દેવ. તે શક્રેન્દ્રના પદાતિ પાયદળ સેનાના નાયક તથા શક્રદૂત છે. શક્રેન્દ્રની આજ્ઞાથી તેણે ભગવાન મહાવીરના માતા દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભાશયમાંથી પ્રભુ મહાવીરના ગર્ભનું સંહરણ કરીને, માતા ત્રિશલા દેવીના ગર્ભાશયમાં સ્થાપિત કર્યો હતો.

આ સૂત્રમાં હરિણૈગમેષી દેવની કાર્ય કુશલતાનું વિધાન પ્રશ્નોત્તર શૈલીમાં છે અને અંતકૃતદશાંગ સૂત્ર, આચારાંગ સૂત્ર તથા કલ્પસૂત્રમાં હરિણૈગમેષી દેવ દ્વારા ગર્ભાપહરણના વૃત્તાંતનો ઉલ્લેખ છે.

**जोणिओ गब्भं साहरइ :–** કોઈ પણ ગર્ભ સ્વાભાવિક રૂપે યોનિ દ્વારા જ બહાર આવે છે. દેવોનું સામર્થ્ય અચિંત્ય છે, તેઓ ગમે તે રીતે ગર્ભનું સંહરણ કરી શકે છે, તેમ છતાં લોક વ્યવહારને અનુસરીને દેવો પ્રાયઃ આ ત્રીજા વિકલ્પથી જ ગર્ભનું સંહરણ કરે છે. તે ગર્ભને અંશ માત્ર પણ પીડા પહોંચાડ્યા વિના, ગર્ભના સૂક્ષ્મ ટુકડા કરીને, નખાગ્ર દ્વારા કે રૂંવાટા દ્વારા પણ બહાર કાઢી શકે છે અને તેને યથાસ્થાને રાખી શકે છે. આટલું કરવા છતાં ગર્ભના જીવને કિંચિત્ પણ પીડા થતી નથી.

❑❑❑

# અતિમુક્તક કુમાર શ્રમણ

અતિમુક્તક(અતિમુક્ત) કુમાર શ્રમણ પ્રભુ મહાવીરના અંતેવાસી કુમાર શ્રમણ હતા. તેમણે કુમાર અવસ્થામાં દીક્ષા લીધી હતી, તેથી તેઓ કુમાર શ્રમણ કહેવાય છે. તે પ્રકૃતિથી ભદ્ર વિનીત આદિ સાધકને યોગ્ય અનેક ગુણોથીસંપન્ન હતા. તેમના જીવનની એક વિસ્મયકારક ઘટનાનું અહીં વર્ણન છે.

મહાવૃષ્ટિ થયા પછી તેઓ ઝોળીમાં પાત્ર લઈને સ્થવિરો સાથે સ્થંડિલ ભૂમિએ ગયા. ત્યાં વહેતા પાણીના નાળામાં માટીની પાળ બાંધી અને તેમાં પાત્ર તરાવવા લાગ્યા. **મારી નાવ તરે, નાવ તરે** તેમ બોલતાં, ક્રીડા કરતાં, બાલક્રીડાથી આનંદ પામવા લાગ્યા.

કુમાર શ્રમણની બાલક્રીડાને જોઈને સ્થવિરોના મનમાં શંકા ઉત્પન્ન થઈ. તેઓએ પ્રભુ પાસે જઈને શંકાનું સમાધાન કર્યું.

પ્રભુએ કહ્યું– તેની બાલક્રીડાની નિંદા ન કરો પરંતુ અગ્લાન ભાવે તેની સેવા કરો. તે ચરમ શરીરી આત્મા છે.

## અતિમુક્તક કુમાર શ્રમણની બાલક્રીડા :–

**१४ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अइमुत्ते णामं कुमारसमणे पगइभद्दए** *जाव* **विणीए ।**

**तए णं अइमुत्ते कुमारसमणे अण्णया कयाइं महावुट्ठिकायंसि णिवयमाणंसि कक्खपडिग्गय रयहरण पडिग्गह मायाए बहिया संपट्ठिए विहाराए ।**

**तएणं अइमुत्ते कुमारसमणे वाहयं वहमाणं पासइ, पासित्ता मट्टियाए पालिं बंधइ, बंधित्ता 'णाविया मे णाविया मे' णाविओ विव णावमयं पडिग्गहं उदगंसि कट्टु पव्वाहमाणे पव्वाहमाणे अभिरमइ ।**

**तं च थेरा अद्दक्खु, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, उवागच्छित्ता एवं वयासी–**

**શબ્દાર્થ :– महावुट्ठिकायंसि** = મહાવર્ષા, મુશળધાર વર્ષા **णिवयमाणंसि** = થવા પર **कक्खपडिगयरयहरण पडिग्गह मायाए** = બગલમાં રજોહરણ રાખી અને પાત્ર લઈને **बहिया विहाराए** = ગામથી બહાર રહેલી સ્થંડિલ ભૂમિમાં જવા માટે **संपट्ठिए** = નીકળ્યા, રવાના થયા **वाहयं** = નાનું નાળું **णाविया मे** = આ મારી નૌકા છે **पव्वाहमाणे** = વહાવતાં **अभिरमइ** = રમે છે **थेरा** = સ્થવિર શ્રમણોએ **अदक्खु** = જોયા **उवागच्छंति** = આવ્યા.

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી અતિમુક્તક નામના કુમાર શ્રમણ હતા. તે પ્રકૃત્તિથી ભદ્ર અને વિનીત આદિ ગુણોથી યુક્ત હતા.

કોઈ એક દિવસે મૂશળધાર વરસાદ વરસ્યા પછી તે અતિમુક્તક કુમાર શ્રમણ બગલમાં પોતાનો રજોહરણ રાખી તથા હાથમાં ઝોળીયુક્ત પાત્ર લઈને, બહાર સ્થંડિલ ભૂમિમાં વડીનીતના નિવારણ માટે ગયા.

ત્યાં તે અતિમુક્તક કુમાર શ્રમણે વહેતાં પાણીના નાળાને જોયું, તેને જોઈને તેણે તે નાળાની બંને તરફ માટીની પાળ બાંધી, પાળ બાંધીને **આ મારી નાવ છે, આ મારી નાવ છે** તેમ માનીને નાવિકની જેમ પાત્ર રૂપ નૌકાને પાણીમાં મૂકી, તેને પ્રવાહિત કરતા–તરાવતાં તરાવતાં ક્રીડા કરવા લાગ્યા.

આ રીતે કરતા(પાત્રરૂપી નૌકાને વહાવતા)અતિમુક્તક કુમારશ્રમણને સ્થવિરોએ જોયા. સ્થવિરો (અતિમુક્તક કુમારશ્રમણને કંઈ પણ કહ્યા વિના) જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યાં આવ્યા. આવીને તેઓએ આ પ્રમાણે કહ્યું–

## ભગવાન દ્વારા સ્થવિર મુનિઓનું સમાધાન :–

**१५ एवं खलु देवाणुप्पियाणं अंतेवासी अइमुत्ते णामं कुमारसमणे, से णं भंते ! अइमुत्ते कुमारसमणे कइहिं भवग्गहणेहिं सिज्झिहिइ** *जाव* **अंतं करेहिइ ?**

**अज्जो ! त्ति समणे भगवं महावीरे ते थेरे एवं वयासी– एवं खलु अज्जो ! मम अंतेवासी अइमुत्ते णामं कुमारसमणे पगइभद्दए** *जाव* **विणीए, से णं अइमुत्ते कुमारसमणे इमेणं चेव भवग्गहणेणं सिज्झिहिइ** *जाव* **सव्वदुक्खाणं अंतं करेहिइ; तं मा णं अज्जो ! तुब्भे अइमुत्तं कुमारसमणं हीलेह, णिंदह, खिंसह, गरहह, अवमण्णह; तुब्भे णं देवाणुप्पिया ! अइमुत्तं कुमारसमणं अगिलाए संगिण्हह, अगिलाए उवगिण्हह, अगिलाए भत्तेणं पाणेणं विणएणं वेयावडियं करेह । अइमुत्ते णं कुमारसमणे अंतकरे चेव, अंतिमसरीरिए चेव । तए णं ते थेरा भगवंतो समणेणं भगवया महावीरेणं एवं वुत्ता समाणा समणं भगवं महावीरं वंदंति, णमंसंति; अइमुत्तं कुमारसमणं अगिलाए संगिण्हंति** *जाव* **वेयावडियं करेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના અંતેવાસી(શિષ્ય) જે અતિમુક્તક કુમારશ્રમણ છે, તે અતિમુક્તક કુમારશ્રમણ કેટલા ભવ(જન્મ) ગ્રહણ કરીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે ?

**ઉત્તર–** હે આર્યો ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ તે સ્થવિરોને સંબોધન કરીને કહ્યું– મારા અંતેવાસી શિષ્ય અતિમુક્તક નામક કુમારશ્રમણ, જે પ્રકૃતિથી ભદ્ર, વિનીત આદિ ગુણસંપન્ન છે, તે અતિમુક્તક કુમારશ્રમણ આ ભવમાં જ સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે. તેથી હે આર્યો! તમે અતિમુક્તક કુમારશ્રમણની હિલના ન કરો, નિંદા ન કરો, ખિંસના ન કરો, ગર્હા(બદનામ) ન કરો અને અપમાન પણ ન કરો, પરંતુ હે દેવાનુપ્રિયો ! તમે અગ્લાન ભાવથી અર્થાત્ ઘૃણા અને ખિન્નતા રહિત ભાવે અતિમુક્તક કુમારશ્રમણનો સ્વીકાર કરો. અગ્લાન ભાવથી તેને સંયમમાં સહાયતા કરો અને અગ્લાન ભાવે આહાર પાણીથી વિનય સહિત તેની વૈયાવચ્ચ કરો. અતિમુક્તક કુમારશ્રમણ આ ભવમાં સર્વકર્મોનો અંત કરનાર છે અને તે ચરમ શરીરી છે.

તત્પશ્ચાત્ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે તે સ્થવિરોએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા. ત્યારપછી સ્થવિર મુનિઓએ અતિમુક્ત કુમારશ્રમણનો

અગ્લાનભાવથી સ્વીકાર કર્યો. આહાર પાણી આદિ લાવીને તેની સેવા–શુશ્રૂષા કરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અતિમુક્તક કુમારશ્રમણના જીવનના એક પ્રસંગનું વર્ણન કરીને બાળ મુનિની હિલના, ખિંસના આદિ ન કરવાનું સૂચન કર્યું છે.

અતિમુક્તક કુમારશ્રમણની સચિત્ત જલમાં પોતાના પાત્રને નૌકાની જેમ તરાવવાની પ્રવૃત્તિ સાધુ જીવનચર્યામાં દોષરૂપ હતી. પ્રત્યેક વ્યક્તિ કર્માધીન છે– તે બાળક હોય કે વૃદ્ધ હોય, રાજા હોય કે રંક હોય, સાધુ હોય કે ગૃહસ્થ હોય પરંતુ જ્યાં સુધી તે પૂર્ણ શુદ્ધ ન બને ત્યાં સુધી ભૂલ થઈ જવાની સંભાવના રહે છે. કોઈ પણ વ્યક્તિનું દોષદર્શન કરવું તે સમ્યગ્દષ્ટિનું લક્ષણ નથી. તેથી પ્રભુએ અતિમુક્તક કુમારશ્રમણની હિલના, નિંદા, ખિંસનાદિનો નિષેધ કર્યું એટલું જ નહીં સ્થવિર ભગવંતોને તેના પ્રતિ આદરભાવ સાથે સેવા કરવાનું ફરમાન કર્યું અને તે કુમારશ્રમણ ચરમ શરીરી છે, તેવા તેના ઉજ્જવળ ભવિષ્યને પ્રગટ કર્યું.

આ રીતે પ્રભુએ અતિમુક્તક કુમારશ્રમણના એક પ્રસંગથી દોષયુક્ત વ્યક્તિને દોષમુક્ત કરવાનો મનોવૈજ્ઞાનિક ઉપાય પ્રદર્શિત કર્યો છે.

## પ્રભુ મહાવીર અને દેવનો મનોગત વાર્તાલાપ :–

**૧૬** **तेणं कालेणं तेणं समएणं महासुक्काओ कप्पाओ, महासग्गाओ महाविमाणाओ दो देवा महिड्ढिया** *जाव* **महाणुभागा समणस्स भगवओ महावीरस्स अंतियं पाउब्भूया।**

**तएणं ते देवा समणं भगवं महावीरं मणसा चेव वंदंति णमंसंति, मणसा चेव इमं एयारूवं वागरणं पुच्छंति– कइ णं भंते ! देवाणुप्पियाणं अंतेवासी सयाइं सिज्झिहिंति** *जाव* **अंतं करेहिंति ?**

**तएणं समणे भगवं महावीरे तेहिं देवेहिं मणसा पुट्ठे, तेसिं देवाणं मणसा चेव इमं एयारूवं वागरणं वागरेइ– एवं खलु देवाणुप्पिया ! मम सत्त अंतेवासी सयाइं सिज्झिहिंति** *जाव* **अंतं करेहिंति ।**

**तएणं ते देवा समणेणं भगवया महावीरेणं मणसा पुट्ठेणं, मणसा चेव इमं एयारूवं वागरणं वागरिया समाणा हट्ठतुट्ठा** *जाव* **विसप्पमाण हियया समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता मणसा चेव सुस्सूसमाणा णमंसमाणा अभिमुहा** *जाव* **पज्जुवासंति ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે મહાશુક્ર નામના સાતમા દેવલોકના મહાસ્વર્ગ નામના મહાવિમાનમાંથી

બે મહર્દ્ધિક, મહાપ્રભાવશાળી આદિ વિશેષણ સંપન્ન દેવ શ્રમણ ભગવાન મહાવીરની પાસે પ્રગટ થયા.

તત્પશ્ચાત્ તે દેવોએ શ્રમણ ભગવાન મહાવીરને મનથી વંદન–નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને મનથી જ આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો– હે ભગવન્ ! આપના કેટલા શિષ્ય સિદ્ધ બુદ્ધ, મુક્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે ?

**ઉત્તર–** ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે તે દેવોના મનથી પુછાયેલા પ્રશ્નનો ઉત્તર મનથી જ આ પ્રમાણે આપ્યો– હે દેવાનુપ્રિય ! મારા સાતસો શિષ્ય સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

આ રીતે શ્રમણ ભગવાન મહાવીરે તે દેવો દ્વારા મનથી પુછાયેલા પ્રશ્નનો ઉત્તર મનથી આપ્યો, તેથી તે દેવ હર્ષિત અને સંતુષ્ટ તેમજ પ્રફુલ્લિત હૃદયવાળા થયા. ત્યાર પછી તેઓએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને મનથી તેમની શુશ્રૂષા અને નમસ્કાર કરતા અભિમુખ થઈને પ્રભુની પર્યુપાસના કરવા લાગ્યા.

**૧૭ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे** *जाव* **विहरइ ।**

**तएणं तस्स भगवओ गोयमस्स झाणंतरियाए वट्टमाणस्स इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु दो देवा महिड्ढिया** *जाव* **महाणुभागा समणस्स भगवओ महावीरस्स अंतियं पाउब्भूया, तं णो खलु अहं ते देवे जाणामि, कयराओ कप्पाओ वा सग्गाओ वा विमाणाओ वा कस्स वा अत्थस्स अट्ठाए इहं हव्वं आगया; तं गच्छामि णं भगवं महावीरं वंदामि णमंसामि,** *जाव* **पज्जुवासामि; इमाइं च णं एयारूवाइं वागरणाइं पुच्छिस्सामि त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता उट्ठाए उट्ठेइ** *जाव* **जेणेव समणे भगवं महावीरे** *जाव* **पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી(પટ્ટશિષ્ય) ઈન્દ્રભૂતિ નામના અણગાર પ્રભુના સાંનિધ્યમાં વિચરતા હતા.

તે સમયે ધર્મ ધ્યાનમાં વર્તતા ભગવાન ગૌતમના મનમાં આ પ્રકારનો અધ્યવસાય ***યાવત્*** માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે કોઈ મહર્દ્ધિક ***યાવત્*** મહાભાગ્યશાળી બે દેવ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સમીપે પ્રગટ થયા છે પરંતુ હું તે દેવોને જાણતો નથી કે, તેઓ કયા દેવલોકમાંથી, કયા વિમાનમાંથી અને કયા પ્રયોજનથી અહીં આવ્યા છે ? તેથી હું ભગવાન મહાવીર સ્વામી પાસે જાઉં અને વંદન, નમસ્કાર કરી પર્યુપાસના કરું તથા મારા મનમાં ઉત્પન્ન થયેલા પ્રશ્નને પૂછું. આ રીતે શ્રી ગૌતમ સ્વામીએ વિચાર કર્યો અને પોતાના સ્થાનેથી ઊઠ્યા, ઊઠીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા ત્યાં આવ્યા ***યાવત્*** પ્રભુની પર્યુપાસના કરવા લાગ્યા.

**૧૮ गोयमा ! त्ति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– से णूणं तव गोयमा ! झाणंतरियाए वट्टमाणस्स इमेयारूवे अज्झत्थिए *जाव* जेणेव मम अंतिए तेणेव हव्वं आगए; से णूणं गोयमा ! अट्ठे समट्ठे ? हंता, अत्थि । तं गच्छाहि णं गोयमा ! एए चेव देवा इमाइं एयारूवाइं वागरणाइं वागरेहिंति ।**

**ભાવાર્થ :–** "ગૌતમ" આ રીતે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું– હે ગૌતમ ! ધ્યાનમાં પ્રવૃત્ત તમારા મનમાં આ પ્રકારનો અધ્યવસાય તેમજ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો ***યાવત્*** જ્યાં હું છું ત્યાં તમે મારી પાસે આવ્યા છો; હે ગૌતમ ! આ વાત આમ જ છે ને ? ગૌતમ સ્વામીએ કહ્યું– હા, ભગવન્ ! આ વાત આમ જ છે.

ત્યાર પછી ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું– હે ગૌતમ ! તું દેવોની પાસે જા, તે દેવ જ તારી જિજ્ઞાસાનું સમાધાન કરશે.

**૧૯ तएणं भगवं गोयमे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव ते देवा तेणेव पहारेत्थ गमणाए ।**

**तएणं ते देवा भगवं गोयमं एज्जमाणं पासंति, पासित्ता हट्ठा *जाव* विसप्पमाण–हियया खिप्पामेव अब्भुट्ठेंति, अब्भुट्ठित्ता खिप्पामेव पच्चुवागच्छंति, पच्चुवागच्छित्ता जेणेव भगवं गोयमे तेणेव उवागच्छंति, उवागच्छित्ता *जाव* णमंसित्ता एवं वयासी– एवं खलु भंते ! अम्हे महासुक्काओ कप्पाओ, महासग्गाओ विमाणाओ दो देवा महिड्ढिया *जाव* पाउब्भूया; तएणं अम्हे समणं भगवं महावीरं वंदामो णमंसामो, वंदित्ता णमंसित्ता मणसा चेव इमाइं एयारूवाइं वागरणाइं पुच्छामो– कइ णं भंते ! देवाणुप्पियाणं अंतेवासी सयाइं सिज्झिहिंति *जाव* अंतं करेहिंति ? तएणं समणे भगवं महावीरे अम्हेहिं मणसा पुट्ठे, अम्हे मणसा चेव एयारूवं वागरणं वागरेइ– एवं खलु देवाणुप्पिया ! मम सत्त अंतेवासी सयाइं *जाव* अंतं करेहिंति । तए णं अम्हे समणेणं भगवया महावीरेणं मणसा चेव पुट्ठेणं मणसा चेव इमं एयारूवं वागरणं वागरिया समाणा, समणं भगवं महावीरं वंदामो णमंसामो, वंदित्ता णमंसित्ता *जाव* पज्जुवासामो त्ति कट्टु भगवं गोयमं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી દ્વારા આ પ્રકારની આજ્ઞા પ્રાપ્ત થવા પર

ભગવાન ગૌતમે, શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા અને પછી જે તરફ તે દેવ હતા, તે તરફ જવાનો સંકલ્પ કર્યો.

ત્યાં તે દેવોએ ભગવાન ગૌતમ સ્વામીને પોતાની તરફ આવતાં જોયા, જોઈને તેઓ અત્યંત હર્ષિત થયા, સંતુષ્ટ થયા, તેઓનું હૃદય પ્રફુલ્લિત થઈ ગયું, તેઓ શીઘ્ર ઊભા થયા, ઊઠીને સ્ફૂર્તિથી તેમની સામે ગયા અને જ્યાં ગૌતમ સ્વામી હતા ત્યાં તેમની પાસે પહોંચ્યા, પહોંચીને તેમને વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! મહાશુક્ર નામના સાતમા દેવલોકના મહાસ્વર્ગ નામના મહાવિમાનથી અમે બંને દેવો અહીં આવ્યા છીએ, આવીને અમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા અને મનથી જ આ પ્રકારે પ્રશ્ન પૂછ્યો કે– હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલા શિષ્ય સિદ્ધ થશે તેમજ સર્વ દુઃખોનો અંત કરશે ? ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અમોને મનથી જ આ પ્રમાણે ઉત્તર આપ્યો– હે દેવાનુપ્રિય ! મારા સાતસો શિષ્ય સિદ્ધ થશે તેમજ સર્વ દુઃખોનો અંત કરશે. આ રીતે મનથી પુછાયેલા પ્રશ્નનો ભગવાન મહાવીર દ્વારા મનથી જ ઉત્તર પ્રાપ્ત કરી, અમે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને તેમની પર્યુપાસના કરી રહ્યા છીએ. આ પ્રમાણે કહીને તે દેવોએ ભગવાન ગૌતમ સ્વામીને વંદન નમસ્કાર કર્યા અને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ગયા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સાતમા દેવલોકના દેવો અને પ્રભુ મહાવીર સ્વામીના મનોમન થયેલા પ્રશ્નોત્તરનું નિરૂપણ છે.

આ સૂત્રોથી અને બીજા કેટલાક સૂત્ર પ્રસંગોથી જણાય છે કે દેવલોકના દેવો પણ પરસ્પર માનવ લોકની જેમ ધર્મ સંબંધી કે અન્ય ચર્ચાઓ કરતા જ હોય છે.

પ્રભુ મહાવીરના ચૌદ હજાર શ્રમણ છે તેમાંથી કેટલા શ્રમણ તદ્ભવ મોક્ષગામી છે, આ વિષયમાં બે દેવોને દેવલોકમાં પરસ્પર જ્ઞાનચર્ચા થતાં તેનું સમાધાન મેળવવા બંને દેવો સાથે મળી પ્રભુની સેવામાં આવ્યા હોય તેમ જણાય છે.

તેઓ મનમાં પ્રશ્ન લઈને આવ્યા ત્યારે ભગવાને કેવળજ્ઞાન દ્વારા તેમના મનોગત પ્રશ્નને જાણી લીધો. આગમમાં આવા અનેક પ્રસંગો જોવા મળે છે કે ભગવાન આગંતુકના મનોભાવને તે કાંઈ બોલે તેની પહેલા જ પ્રગટ કરી દેતા. અહીં દેવોના મનોગત પ્રશ્નને ભગવાને પ્રગટ ન કર્યો પણ મનથી જ તેનો ઉત્તર આપી દીધો છે.

સંજ્ઞી જીવો વિચાર કરે ત્યારે મનયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે અને તેને મનરૂપે પરિણમાવે છે. મનઃપર્યવજ્ઞાની આ મનરૂપે પરિણત મનોવર્ગણાના આધારે સંજ્ઞી જીવોના મનોગત વિચારને જાણી લે છે. કેવળજ્ઞાનીને કેવળજ્ઞાનથી જ સર્વ ભાવો પ્રત્યક્ષ હોવાથી વિચારવાની જરૂર નથી, પરંતુ જ્યારે ભગવાનને પ્રગટરૂપે વાણીથી કથન કરવું ન હોય, કોઈ દેવાદિને મનથી પ્રત્યુતર આપવાના હોય ત્યારે મનોવર્ગણાના

પુદ્‌ગલ ગ્રહણ કરી તેને જ્ઞેયાકારે મનરૂપે પરિણમાવે છે. મનઃપર્યવજ્ઞાની શ્રમણ તે મનોવર્ગણાને જોઈ પ્રત્યુત્તર સમજી જાય છે. તે જ રીતે મનોલબ્ધિયુક્ત સમ્યક્દષ્ટિ વૈમાનિક દેવ પણ તે મનોવર્ગણાને અવધિજ્ઞાનથી જોઈ પ્રત્યુતર મેળવી લે છે. બંને દેવોએ આ મનોલબ્ધિ યુક્ત અવધિજ્ઞાનથી જ પ્રત્યુત્તર જાણી લીધો હતો.

દેવો અને ભગવાન વચ્ચે મનથી થયેલા આ પ્રશ્નોત્તર સમયે ગૌતમ સ્વામી ધ્યાનમાં હતા. ધ્યાનપૂર્ણ થતાં તેઓએ બે દેવને ભગવાનની સમીપે જોયા અને તેમના વિષે જાણવાની જિજ્ઞાસા થઈ. ચાર જ્ઞાનના ધારક એવા ગૌતમસ્વામીએ પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂક્યા વિના જિજ્ઞાસા થતાં જ વિનયપૂર્વક પ્રભુ સમક્ષ પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી. આગમમાં આવા પ્રકારનો વાર્તાલાપ અનેક સ્થાને જોઈ શકાય છે.

ગૌતમસ્વામીને કોઈ દેવાદિના આગમન અથવા પ્રશ્નોત્તર વિષયક જિજ્ઞાસા થાય અને પ્રભુ તેનું સમાધાન કરે, તેવું તો અનેક સ્થાને જોવા મળે છે પરંતુ અહીં વિશેષતા એ છે કે ભગવાને ગૌતમસ્વામીને તે દેવો પાસે જઈને જ સમાધાન મેળવવા કહ્યું અને ગૌતમસ્વામી પ્રભુની આજ્ઞાનુસાર દેવ પાસે જવા માટે તૈયાર થયા. પરંતુ ત્યાં તો દેવોએ સ્વયં સામે આવીને સર્વ વૃતાંત જણાવ્યો.

આ રીતે આ સંપૂર્ણ પ્રસંગ દેવોની વિશિષ્ટ મનોલબ્ધિને તેમજ કોઈ પણ ગતિમાં રહેલા જીવોની આત્મશક્તિને પ્રદર્શિત કરે છે.

## દેવો માટે શબ્દ–પ્રયોગનો વિવેક :-

**૨૦ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– देवा णं भंते ! संजया त्ति वत्तव्वं सिया ? गोयमा ! णो इणट्ठे समट्ठे, अब्भक्खाणमेयं देवाणं ।**

**देवा णं भंते ! असंजया त्ति वत्तव्वं सिया ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णिट्ठुर- वयणमेयं देवाणं ।**

**देवा णं भंते ! संजयाऽसंजया त्ति वत्तव्वं सिया ? गोयमा ! णो इणट्ठे समट्ठे, असब्भूयमेयं देवाणं ।**

**से किं खाइ णं भंते ! देवा य वत्तव्वं सिया ? गोयमा ! देवा णं णो संजया त्ति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરીને, ભગવાન ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા; વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શું દેવોને 'સંયત' કહી શકાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! આ રીતે કહેવું યોગ્ય નથી. દેવોને સંયત કહેવા, તે અભ્યાખ્યાન–મિથ્યા અરોપણ વચન છે.

**પ્રશ્ન**– હે ભગવન્ ! શું દેવોને 'અસંયત' કહી શકાય ?

**ઉત્તર**– હે ગૌતમ ! આ રીતે કહેવું યોગ્ય નથી. દેવોને અસંયત કહેવા, તે નિષ્ઠુર વચન છે.

**પ્રશ્ન**– હે ભગવન્ ! શું દેવોને સંયતાસંયત કહી શકાય ?

**ઉત્તર**– હે ગૌતમ ! આ રીતે કહેવું યોગ્ય નથી. દેવોને 'સંયતાસંયત' કહેવા, તે અસદ્‌ભૂત(અસત્ય) વચન છે.

**પ્રશ્ન**– હે ભગવન્ ! તો પછી દેવોને માટે શું કહેવું જોઈએ ?

**ઉત્તર**– હે ગૌતમ ! દેવો 'નોસંયત' કહેવાય છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રના ચાર પ્રશ્નોત્તરોનું તાત્પર્ય એ છે કે મહાપુણ્યશાલી વ્યક્તિ માટે સત્ય પણ નિષ્ઠુર વચન પ્રયોગ કરવો ઉચિત નથી.

દેવોને ચાર ગુણસ્થાન જ હોય છે. તેઓ સાધુવ્રત કે શ્રાવકવ્રત ગ્રહણ કરી શકતા નથી. તેઓ અસંયત છે પણ તેઓની પ્રત્યક્ષ હાજરીમાં તેવા નિષ્ઠુર શબ્દનો પ્રયોગ કરવો ઉચિત નથી. તેથી સૂત્રકારે સદ્‌ભૂત છતાં કોમળ એવો 'નો સંયત' વચન પ્રયોગ સૂચિત કર્યો છે. નો શબ્દ નિષેધ અર્થમાં પ્રયુક્ત છે. તત્વદષ્ટિએ નિરૂપણ કરતાં દેવોની ગણતરી અસંયતમાં જ થાય છે.

### દેવોની ભાષા :–

**૨૧ देवा णं भंते ! कयराए भासाए भासंति, कयरा वा भासा भासिज्जमाणी विसिस्सइ ?**

**गोयमा ! देवा णं अद्धमागहाए भासाए भासंति, सा वि य णं अद्धमागहा भासा भासिज्जमाणी विसिस्सइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! દેવ કઈ ભાષા બોલે છે ? અથવા બોલાતી ભાષાઓમાં કઈ ભાષા વિશિષ્ટ ગણાય છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! દેવ અર્ધમાગધી ભાષા બોલે છે અને બોલાતી ભાષાઓમાં અર્ધમાગધી ભાષા વિશિષ્ટ ગણાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અર્ધમાગધી ભાષાની મહત્તા દર્શાવતાં તેને દેવોની ભાષા કહી છે. ઔપપાતિક સૂત્રમાં તીર્થંકરોની ભાષાને અર્ધમાગધી કહી છે. સાહિત્યમાં પ્રાકૃત, સંસ્કૃત, પાલી, સૌરસેની, માગધી, પૈશાચી અને અપ્રભંશ વગેરે મુખ્ય ભાષાઓ પ્રસિદ્ધ છે.

પ્રાયઃ કરીને દેશ, પ્રાંતના આધારે ભાષાનું નામ પ્રસિદ્ધ હોય છે જેમ કે– ગુજરાતી, પંજાબી વગેરે. પરંતુ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ વગેરે ઉપરોક્ત ભાષા કોઈ દેશ સાથે સંબંધ ધરાવતી નથી, તે ક્ષેત્રથી અપ્રતિબદ્ધ સ્વતંત્ર ભાષાઓ છે. અર્ધમાગધી ભાષા પણ કોઈ દેશ વિશેષની ભાષા નથી તે પણ ક્ષેત્રથી અપ્રતિબદ્ધ સ્વતંત્ર અનાદિ શાશ્વત ભાષા છે.

**અર્ધમાગધી :–** વ્યાખ્યાકારોએ શબ્દોની વ્યુત્પત્તિના આધારે તે ભાષાને મગધદેશની પ્રમુખતાવાળી ભાષારૂપે નિરૂપણ કર્યું છે. વૃત્તિકારના મંતવ્ય અનુસાર મગધદેશમાં બોલાય તે માગધી ભાષા અને જે ભાષામાં માગધી અને પ્રાકૃતાદિ ભાષાઓનું મિશ્રણ હોય તેને અર્ધમાગધી ભાષા કહે છે. અર્ધમાગધી શબ્દની વ્યુત્પત્તિ **मागध्या अर्धम् अर्धमागधी** । જે ભાષામાં અર્ધી, માગધી ભાષા હોય અને અર્ધી, બીજી ભાષાઓ મિશ્રિત થઈ હોય તે અર્ધમાગધી ભાષા કહેવાય છે.

અર્ધમાગધી ભાષાનો આ અર્થ વ્યુત્પત્તિ જન્ય અર્થ છે. વાસ્તવમાં તે ભાષાને કોઈ દેશાદિ સાથે સંબંધ નથી. અર્ધમાગધી ભાષા દેવભાષા છે. દેવોની ભાષાને મનુષ્ય લોકના કોઈ ક્ષેત્ર સાથે સંબંધિત કરી શકાય નહીં. તીર્થંકર પણ અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે. તેઓની પણ ભાષા કોઈ એક દેશ સાથે સંબંધિત હોય નહીં. તીર્થંકરના વચનાતિશયના કારણે તેમની વાણી સમસ્ત જન ભાષામાં પરિણમિત થઈ જાય છે. ગણધરો પણ અર્ધમાગધી–પ્રાકૃત ભાષામાં શાસ્ત્રની રચના કરે છે, જે આજે પણ ઉપલબ્ધ છે. આ રીતે અનેક પ્રકારે અર્ધમાગધી ભાષાની વિશિષ્ટતા જોઈ શકાય છે.

ભગવાન મહાવીરના યુગમાં ભાષાના સંબંધમાં એક મિથ્યા ધારણા ફેલાયેલી હતી કે 'અમુક ભાષા દેવ ભાષા છે, અમુક અપભ્રંશ ભાષા છે. દેવભાષા બોલવાથી પુણ્ય અને અપભ્રંશ ભાષા બોલવાથી પાપ થાય છે. ભગવાન મહાવીરે કહ્યું કે– ભાષાનો પુણ્ય–પાપ સાથે કોઈ સંબંધ નથી. ચારિત્ર–આચરણ શુદ્ધિ વિના કેવળ ભાષા દુર્ગતિથી બચાવી શકતી નથી. **ण चित्ता तायए भासा** । – ઉત્તરા.–૬, અધ્ય.–૬.

## કેવલી અને છદ્મસ્થની જ્ઞાનશક્તિમાં તફાવત :–

**२२ केवली णं भंते ! अंतकरं वा अंतिमसरीरियं वा जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ ।**

**जहा णं भंते ! केवली अंतकरं वा अंतिमसरीरियं वा जाणइ पासइ, तहा णं छउमत्थे वि अंतकरं वा अंतिमसरीरियं वा जाणइ पासइ ? गोयमा ! णो इणट्ठे**

**समट्ठे । सोच्चा जाणइ पासइ, पमाणओ वा ।**

**से किं तं सोच्चा ?**

**सोच्चा णं केवलिस्स वा केवलिसावयस्स वा केवलिसावियाए वा केवलि–उवासगस्स वा केवलिउवासियाए वा तप्पक्खियस्स वा तप्पक्खियसावयस्स वा तप्पक्खियसावियाए वा तप्पक्खियउवासगस्स वा तप्पक्खियउवासियाए वा से तं सोच्चा ।**

**से किं तं पमाणे ?**

**पमाणे चउव्विहे पण्णत्ते, तं जहा– पच्चक्खे, अणुमाणे, ओवम्मे, आगमे। एवं जहा अणुओगदारे तहा णेयव्वं** *जाव* **तेण परं णो अत्तागमे, णो अणंतरागमे; परंपरागमे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કેવલજ્ઞાની કર્મોનો અંત કરનારને અથવા ચરમ શરીરીને જાણે, દેખે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે તેને જાણે, દેખે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કેવલી કર્મોના અંતકરનારને અથવા અંતિમશરીરીને જાણે, દેખે છે તે રીતે શું છદ્મસ્થ મનુષ્ય પણ કર્મોના અંત કરનારને અથવા અંતિમશરીરીને જાણે, દેખે છે?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી અર્થાત્ કેવલીની જેમ છદ્મસ્થ પોતાના જ્ઞાનથી જાણી શકતા નથી પરંતુ તેઓ કોઈ પાસેથી સાંભળીને અથવા પ્રમાણ દ્વારા કર્મોના અંત કરનારને કે અંતિમ શરીરીને જાણે, દેખે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે કોની પાસેથી સાંભળીને જાણી, દેખી શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેવલી પાસેથી, કેવલીના શ્રાવક પાસેથી, કેવલીની શ્રાવિકા પાસેથી, કેવલીના ઉપાસક પાસેથી, કેવલીની ઉપાસિકા પાસેથી; કેવલીપાક્ષિક સ્વયંબુદ્ધ કે સ્થવિર બહુશ્રુત વગેરે પાસેથી, તેના શ્રાવક પાસેથી, શ્રાવિકા પાસેથી, ઉપાસક પાસેથી અથવા ઉપાસિકા પાસેથી સાંભળીને છદ્મસ્થ મનુષ્ય કર્મોનો અંત કરનારને અથવા અંતિમ શરીરીને જાણે, દેખે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રમાણ શું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રમાણના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન (૪) આગમ. પ્રમાણના વિષયમાં જે રીતે અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યું છે, તે રીતે અહીં પણ જાણી

લેવું જોઈએ ***યાવત્*** અર્થરૂપબોધ પ્રશિષ્યોને માટે આત્માગમ નથી, અનંતરાગમ નથી, પરંતુ પરંપરાગમ છે.

**૨૩ केवली णं भंते ! चरिमकम्मं वा चरिम णिज्जरं वा जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ ।**

**जहा णं भंते ! केवली चरिमकम्मं वा चरिम णिज्जरं वा जाणइ पासइ तहा णं छउमत्थे वि चरिमकम्मं वा चरिम णिज्जरं वा जाणइ पासइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे । सोच्चा जाणइ पासइ, पमाणओ वा । एवं जहा अंतकरेणं वा आलावगो तहा चरिमकम्मेण वि अपरिसेसिओ णेयव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી ભગવાન ચરમ કર્મને અથવા ચરમ નિર્જરાને જાણે–દેખે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! કેવળી ચરમ કર્મને અથવા ચરમ નિર્જરાને જાણે–દેખે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે કેવળી ચરમ કર્મને અથવા ચરમ નિર્જરાને જાણે–દેખે છે તે રીતે શું છદ્મસ્થ પણ ચરમ કર્મ અને ચરમ નિર્જરાને જાણે–દેખે છે.

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. પરંતુ સાંભળીને જાણે–દેખે છે અથવા પ્રમાણથી જાણે–દેખે છે. આ રીતે જેમ અંતકરના વિષયમાં આલાપક કહ્યો, તેમ 'ચરમ કર્મ'નો સંપૂર્ણ આલાપક પણ જાણવો જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં કેવળજ્ઞાની અને છદ્મસ્થ મનુષ્યોની જ્ઞાનશક્તિના તફાવતને પ્રદર્શિત કર્યો છે. કેવળજ્ઞાની ત્રણે લોકના ત્રણે કાળના સર્વ ભાવોને સાક્ષાત્ જાણે છે. છદ્મસ્થ મનુષ્યની જ્ઞાનશક્તિ સીમિત હોય છે, તેથી તેઓ સર્વભાવોને સાક્ષાત્ જાણી શકતા નથી. તે કેવળી આદિ દશ વિશિષ્ટ વ્યક્તિ પાસેથી સાંભળીને અથવા બીજા કોઈ આગમ આદિ પ્રમાણથી સર્વભાવોને જાણી શકે છે.

**કેવલી પાક્ષિક :–** સર્વજ્ઞની પરંપરાના વિશિષ્ટ જ્ઞાની શ્રમણોને અહીં કેવળી પાક્ષિક કહ્યા છે.

**सावए उवासए :–** વ્યુત્પત્તિની અપેક્ષાએ પ્રભુની વાણીને શ્રવણ કરનાર શ્રાવક કહેવાય અને પ્રભુની ભક્તિ ઉપાસના કરનાર ઉપાસક કહેવાય છે અથવા વ્રતધારીને શ્રાવક કહેવાય અને માત્ર ઉપાસના કરનારને ઉપાસક કહેવાય. સામાન્યતયા બંને શબ્દો એકાર્થક છે.

**पमाणे :–** પ્રમાણ ચાર પ્રકારના કહ્યા છે અને તેના ભેદ પ્રભેદનું કથન અનુયોગદ્વાર સૂત્રના નિર્દેશ સાથે સંક્ષિપ્ત કર્યું છે. તેથી વિસ્તૃત વર્ણન માટે જુઓ– ગુરુપ્રાણ આગમ બત્રીસીનું અનુયોગદ્વાર સૂત્ર પ્રકરણ

૨૭ સૂત્ર ૧૦ થી ૪૪ તથા ચાર્ટ માટે જુઓ– પૃષ્ટ ૪૫૩ અને ૫૭૧.

**ચરમકર્મ અને ચરમ નિર્જરા :–** શૈલેશી અવસ્થાના અંતિમ સમયમાં, ચૌદમાં ગુણસ્થાને જે કર્મનો અનુભવ થાય તેને ચરમ કર્મ કહે છે અને તેના અનંતર સમયે જ(શીઘ્ર) જે કર્મ જીવપ્રદેશોથી ખરી જાય તેને ચરમ નિર્જરા કહે છે.

## વૈમાનિક દેવોની મનોલબ્ધિ :–

**૨૪ केवली णं भंते ! पणीयं मणं वा वइं वा धारेज्जा ? हंता, धारेज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કેવળી પ્રકૃષ્ટ મન અને પ્રકૃષ્ટ વચનને ધારણ કરે છે અર્થાત્ તેનો ઉપયોગ કરે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! ધારણ કરે છે.

**૨૫ जण्णं भंते ! केवली पणीयं मणं वा वइं वा धारेज्जा, तण्णं वेमाणिया देवा जाणंति पासंति ?**

**गोयमा ! अत्थेगइया जाणंति पासंति, अत्थेगइया ण जाणंति ण पासंति ?**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી જે પ્રકૃષ્ટ મન અને પ્રકૃષ્ટ વચનને ધારણ કરે છે, શું તેને વૈમાનિક દેવ જાણે, દેખે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક વૈમાનિક દેવ જાણે, દેખે છે અને કેટલાક જાણતા, દેખતા નથી.

**૨૬ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **अत्थेगइया ण जाणंति ण पासंति ?**

**गोयमा ! वेमाणिया देवा दुविहा पण्णत्ता, तं जहा– माईमिच्छादिट्ठी उववण्णगा य, अमाईसम्मदिट्ठी उववण्णगा य; तत्थ णं जे ते माईमिच्छादिट्ठी उववण्णगा ते णं ण जाणंति ण पासंति; तत्थ णं जे ते अमाईसम्मदिट्ठी उववण्णगा ते णं अत्थेगइया जाणंति पासंति, अत्थेगइया ण जाणंति ण पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક વૈમાનિક દેવ જાણે, દેખે છે અને કેટલાક જાણતા દેખતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! વૈમાનિક દેવના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– માયી મિથ્યાદષ્ટિરૂપે ઉત્પન્ન અને અમાયી સમ્યગ્દષ્ટિરૂપે ઉત્પન્ન. તેમાંથી જે માયી મિથ્યાદષ્ટિરૂપે ઉત્પન્ન થયેલા છે તે જાણતા, દેખતા નથી, જે અમાયી સમ્યગ્દષ્ટિપણે ઉત્પન્ન થયેલા છે તેમાંથી કોઈ જાણે, દેખે છે અને કોઈ જાણતા, દેખતા નથી.

**૨૭ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **अत्थेगइया ण जाणंति ण पासंति ?**

**गोयमा ! अमाईसम्मदिट्ठी दुविहा पण्णत्ता, तं जहा– अणंतरोववण्णगा य, परंपरोववण्णगा य; तत्थ णं जे ते अणंतरोववण्णगा ते णं ण जाणंति ण पासंति, तत्थ णं जे ते परंपरोववण्णगा ते णं अत्थेगइया जाणंति पासंति, अत्थेगइया ण जाणंति ण पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ***યાવત્*** કોઈ અમાયી સમ્યક્દષ્ટિ દેવ જાણતા દેખતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! અમાયી સમ્યગ્દષ્ટિ દેવના બે પ્રકાર છે, યથા– અનંતરોપપન્નક અને પરંપરોપપન્નક. તેમાંથી જે અનંતરોપપન્નક છે તે જાણતા દેખતા નથી. પરંતુ જે પરંપરોપપન્નક છે, તેમાંથી કોઈ જાણે, દેખે છે અને કોઈ જાણતા દેખતા નથી.

**૨૮ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **अत्थेगइया ण जाणंति ण पासंति ?**

**गोयमा ! परंपरोववण्णगा दुविहा पण्णत्ता, तं जहा– पज्जत्तगा य, अपज्जत्तगा य; तत्थ णं जे ते अपज्जत्तगा ते णं ण जाणंति ण पासंति; तत्थ णं जे ते पज्जत्तगा ते णं अत्थेगइया जाणंति पासंति, अत्थेगइया ण जाणंति ण पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ***યાવત્*** કોઈ પરંપરોપપન્નક દેવ જાણતા, દેખતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરંપરોપપન્નક દેવના બે પ્રકાર છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાંથી જે અપર્યાપ્ત છે તે જાણતા, દેખતા નથી. પરંતુ જે પર્યાપ્ત છે તેમાંથી કોઈ જાણે, દેખે છે અને કોઈ જાણતા દેખતા નથી.

**૨૯ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **अत्थेगइया ण जाणंति ण पासंति ?**

**गोयमा ! पज्जत्तगा दुविहा पण्णत्ता, तं जहा– उवउत्ता य अणुवउत्ता य । तत्थ णं जे ते अणुवउत्ता ते णं ण जाणंति ण पासंति । तत्थ णं जे ते उवउत्ता ते णं जाणंति पासंति ।**

**से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ तं जहा– अत्थेगइया वेमाणिया जाणंति पासंति; अत्थेगइया ण जाणंति ण पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ***યાવત્*** કોઈ પર્યાપ્ત દેવ જાણતા, દેખતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત દેવના બે પ્રકાર છે– ઉપયોગયુક્ત અને ઉપયોગ રહિત. તેમાંથી જે ઉપયોગ રહિત છે તે જાણતા, દેખતા નથી. જે ઉપયોગયુક્ત વૈમાનિક દેવ છે તે જ કેવળીના પ્રકૃષ્ટ મન અને વચનને જાણે, દેખે છે.

હે ગૌતમ ! તેથી એમ કહ્યું છે કે કેટલાક વૈમાનિક દેવ જાણે, દેખે છે અને કેટલાક વૈમાનિક દેવ જાણતા દેખતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં કેવળી ભગવાનના મન, વચનને જાણી શકે તેવા વૈમાનિક દેવોની યોગ્યતા વિસ્તારથી પ્રગટ કરી છે. સંક્ષેપમાં જ્ઞાનમાં ઉપયોગવંત એવા સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત દેવ કેવળી ભગવાનના મન, વચનને જાણી શકે છે, અન્ય મિથ્યાદષ્ટિ આદિ દેવો જાણી શકતા નથી.

**माई मिच्छादिट्ठि : अमाई सम्मदिट्ठी उववण्णगा :–** મિથ્યાત્વ સહિત ઉત્પન્ન થનાર દેવ માયી મિથ્યાદષ્ટિ ઉપપન્નક કહેવાય અને સમ્યક્ત્વ સહિત ઉત્પન્ન થનાર દેવ અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક કહેવાય.

**અનંતર–પરંપર ઉત્પન્નક દેવ :–** જે દેવોને દેવાયુના પ્રારંભનો પ્રથમ સમય હોય તે અનંતર ઉત્પન્નક કહેવાય અને તે સિવાયના સર્વ દેવો પરંપર ઉત્પન્નક કહેવાય.

**પર્યાપ્ત–અપર્યાપ્ત :–** ઉત્પન્ન થતાં જે જીવને પ્રાપ્ત થવા યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ થઈ ગઈ હોય, તે પર્યાપ્ત કહેવાય છે અને પ્રાપ્ત થવા યોગ્ય પર્યાપ્તિઓ જેને પૂર્ણ ન થાય ત્યાં સુધી તે જીવને અપર્યાપ્ત કહેવાય છે. ઉત્પત્તિના પ્રારંભિક અંતર્મુહૂર્ત સુધી જીવો અપર્યાપ્ત રહે છે. અંતર્મુહૂર્તમાં સર્વ જીવ પર્યાપ્ત થઈ જાય છે.

**उवउत्ते–अणुवउत्ते :–** જે દેવો પોતાના અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકીને જાણવામાં પ્રત્યનશીલ હોય તે ઉપયોગવાન **उवउत्ते** કહેવાય અને જ્યારે અવધિજ્ઞાનથી જાણવાનું લક્ષ્ય ન હોય ત્યારે તે ઉપયોગ રહિત **अणुवउत्ते** કહેવાય.

## અનુત્તરોપપાતિક દેવોની મનોલબ્ધિ :–

**૩૦ पभू णं भंते ! अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा इहगएणं केवलिणा सद्धिं आलावं वा संलावं वा करेत्तए ? हंता, पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા દેવ પોતાના સ્થાને રહીને જ, અહીં રહેલા કેવળીની સાથે વાર્તાલાપ કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે દેવો કેવળી સાથે વાર્તાલાપ કરી શકે છે.

**૩૧** **से केणट्ठेणं भंते !** *जाव* **पभू णं अणुत्तरोववाइया देवा** *जाव* **करेत्तए ?**

**गोयमा ! जं णं अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा अट्ठं वा हेउं वा पसिणं वा कारणं वा वागरणं वा पुच्छंति, तं णं इहगए केवली अट्ठं वा** *जाव* **वागरणं वा वागरेइ; से तेणट्ठेणं** *जाव* **संलावं करेत्तए ।**

**શબ્દાર્થ :– वागरणं** = તાત્પર્ય, વ્યાખ્યા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અનુત્તરોપપાતિક દેવ કેવળી સાથે વાર્તાલાપ કરી શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે અનુત્તરોપપાતિક દેવ પોતાના સ્થાન પર રહીને જ કોઈ અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ અથવા વ્યાખ્યા પૂછે ત્યારે તે અર્થ, હેતુ આદિનો ઉત્તર અહીં રહેલા કેવળી ભગવાન આપે છે. તેથી એ પ્રમાણે કહ્યું છે કે અનુત્તરોપપાતિક દેવ કેવળી સાથે વાર્તાલાપ કરી શકે છે.

**૩૨** **जं णं भंते ! इहगए चेव केवली अट्ठं वा** *जाव* **वागरेइ, तं णं अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा जाणंति पासंति ? हंता, जाणंति पासंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી ભગવાન અહીં રહીને, જે અર્થ, વ્યાખ્યા વગેરેનું નિરૂપણ કરે છે(ઉત્તર આપે) તેને શું ત્યાં જ રહેલા અનુત્તરોપપાતિક દેવ જાણી–દેખી શકે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે દેવો ત્યાં રહીને જ જાણે–દેખે છે.

**૩૩** **से केणट्ठेणं भंते !** *जाव* **पासंति ?**

**गोयमा ! तेसि णं देवाणं अणंताओ मणोदव्ववग्गणाओ लद्धाओ पत्ताओ अभिसमण्णागयाओ भवंति; से तेणट्ठेणं** *जाव* **तत्थगया चेव समाणा जाणंति पासंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અનુત્તરોપપાતિક દેવ ત્યાં રહીને જ અહીં રહેલા કેવળી દ્વારા પ્રદત્ત ઉત્તરને જાણી–દેખી શકે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે દેવોને અનંત મનોદ્રવ્ય વર્ગણા ઉપલબ્ધ છે, પ્રાપ્ત છે, સ્વાધીન છે. તેથી તેઓ અહીં બિરાજિત કેવળી ભગવાન દ્વારા મનથી કથિત અર્થ, હેતુ આદિને તે ત્યાં રહીને જ જાણી–દેખી શકે છે.

**૩૪** **अणुत्तरोववाइया णं भंते ! देवा किं उदिण्णमोहा, उवसंतमोहा, खीणमोहा?**

**गोयमा ! णो उदिण्णमोहा, उवसंतमोहा, णो खीणमोहा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અનુત્તરોપપાતિક દેવ ઉદીર્ણમોહી છે, ઉપશાંત મોહી છે કે ક્ષીણમોહી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે ઉદીર્ણ મોહી નથી, ઉપશાંત મોહી છે, ક્ષીણ મોહી પણ નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અનુત્તરોપપાતિક દેવોના કેવળી ભગવાન સાથે થતા વાર્તાલાપ અને તત્સંબંધી જ્ઞાનના સામર્થ્યનું દિગ્દર્શન છે.

પૂર્વ સૂત્રમાં દર્શાવ્યું છે કે સમ્યદષ્ટિ દેવો કેવળીના મન અને વચનને અવધિજ્ઞાન દ્વારા જાણી શકે છે. તે જ વાતને આ સૂત્રોમાં પુષ્ટ કરી છે કે તથાપ્રકારના મનોલબ્ધિ યુક્ત અવધિજ્ઞાની અનુત્તરોપપાતિક વૈમાનિક દેવો પોતાના સ્થાનમાં જ રહીને કેવળી સાથે વાતચીત પણ કરી શકે છે.

વિશેષતા એ છે કે બારમા દેવલોક સુધીના દેવો કેવલી પાસે જઈને પ્રશ્નચર્ચા કરે છે પરંતુ અનુત્તરોપપાતિક દેવ ઉત્તર વૈક્રિય કરતા નથી. તેઓ પોતાના સ્થાનની બહાર ક્યાંય જતા નથી. તેથી તેઓ કેવળી સાથે સ્વસ્થાનમાં રહીને જ વાર્તાલાપ કરે છે.

**अणंताओ मणोदव्ववग्गणाओ लद्धाओ..... :–** અનંત મનોદ્રવ્ય વર્ગણા લબ્ધ છે, પ્રાપ્ત છે અને સ્વાધીન છે અર્થાત્ તે મનોદ્રવ્યવર્ગણાને જાણી શકે છે.

અવધિજ્ઞાની રૂપી દ્રવ્યને જાણે છે. અવધિજ્ઞાનના વિષયમાં દ્રવ્ય અને ક્ષેત્રને પરસ્પર સંબંધ છે. જેમ જેમ તેનું વિષયક્ષેત્ર વધે તેમ તેમ તે અવધિજ્ઞાની સૂક્ષ્મ સૂક્ષ્મતર રૂપી દ્રવ્યોને જાણી શકે છે.

મનોવર્ગણારૂપી છે પરંતુ સામાન્ય અવધિજ્ઞાની તેને જાણી શકતા નથી; કારણ કે તે સૂક્ષ્મ છે. જે અવધિજ્ઞાની લોકના સંખ્યાતમા ભાગને જાણી શકે છે તે અવધિજ્ઞાની મનોદ્રવ્યવર્ગણાને જાણી શકે છે. અનુત્તર વિમાનવાસી દેવોનું અવધિજ્ઞાન અત્યંત વિશાળ છે. તે સભિન્ન લોક નાડી પ્રમાણ(સંપૂર્ણ લોકના) રૂપી દ્રવ્યોને જાણી શકે છે. તેથી તે દેવો મનોદ્રવ્યવર્ગણાને અવશ્ય જાણી શકે છે.

**उवसंतमोहा :–** અનુત્તરોપપાતિક દેવોને મોહનીય કર્મની પ્રકૃતિઓનો તીવ્ર ઉદય નથી, તેથી તે ઉદીર્ણ મોહી નથી. તેઓને ક્ષપક શ્રેણીનો અભાવ છે તેથી તે ક્ષીણ મોહી પણ નથી પરંતુ તેઓના વિષય કષાય અતિ મંદ હોવાથી તે ઉપશાંતમોહી કહેવાય છે.

## કેવળીનું અતીન્દ્રિય જ્ઞાન :–

**૩૫ केवली णं भंते ! आयाणेहिं जाणइ पासइ ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**શબ્દાર્થ :– आयाणेहिं** = ઈન્દ્રિયોથી, સીમિત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કેવળી ભગવાન ઈન્દ્રિયોથી જાણે–દેખે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**३६ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– केवली णं आयाणेहिं ण जाणइ, ण पासइ?**

**गोयमा! केवली णं पुरत्थिमे णं मियं पि जाणइ, अमियं पि जाणइ । एवं दाहिणेणं, पच्चत्थिमेणं, उत्तरेणं, उड्ढं, अहे मियं पि जाणइ, अमियं पि जाणइ । सव्वं जाणइ केवली, सव्वं पासइ केवली । सव्वओ जाणइ केवली, सव्वओ पासइ केवली । सव्वकालं जाणइ केवली, सव्वकालं पासइ केवली । सव्वभावे जाणइ केवली, सव्वभावे पासइ केवली ।अणंते णाणे केवलिस्स, अणंते दंसणे केवलिस्स। णिव्वुडे णाणे केवलिस्स, णिव्वुडे दंसणे केवलिस्स ।**

**से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– केवली णं आयाणेहिं ण जाणइ, ण पासइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેવળી ભગવાન ઈન્દ્રિયોથી જાણતા–દેખતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેવળી ભગવાન પૂર્વદિશામાં પરિમિતને પણ જાણે છે અને અપરિમિતને પણ જાણે છે, તેમજ તેઓ દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઊંચે અને નીચે પરિમિતને પણ જાણે અને અપરિમિતને પણ જાણે છે. કેવલી સર્વ પદાર્થોને જાણે અને દેખે છે, સર્વક્ષેત્રને જાણે, દેખે છે, સર્વકાળને પણ જાણે–દેખે છે, તેમજ સર્વ ભાવોને જાણે, દેખે છે. આ રીતે કેવલી ભગવાનનું જ્ઞાન અને દર્શન અંતરહિત અને નિરાવરણ છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે કેવળી ભગવાન ઈન્દ્રિયોથી જાણતા–દેખતા નથી.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં કેવળજ્ઞાનના વિષયની પ્રરૂપણા છે કે કેવળજ્ઞાનીનું જ્ઞાન અને દર્શન પરિપૂર્ણ તેમજ નિરાવરણ હોવાથી તેને ઈન્દ્રિયોની સહાયતાની આવશ્યકતા રહેતી નથી. તેઓ સર્વ દિશાઓમાં સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને કેવલજ્ઞાન અને કેવલદર્શન દ્વારા જાણે–દેખે છે.

### કેવળી ભગવાનની કાયિક અશક્યતા :–

**३७ केवली णं भंते ! अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा पायं वा बाहुं वा ऊरुं वा ओगाहित्ता णं चिट्ठंति, पभू णं केवली सेयकालंसि वि तेसु चेव आगासपएसेसु हत्थं वा *जाव* ओगाहित्ता णं चिट्ठित्तए ? गोयमा ! णो इणट्ठे समट्ठे।**

**શબ્દાર્થ :– सेयकालंसि** = ભવિષ્યકાળમાં, ફરી પાછા, બીજીવાર **ओगाहित्ता णं चिट्ठित्तए** = અવગાહના કરીને રાખવામાં **पभू** = સમર્થ છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળી ભગવાન વર્તમાન સમયે જે આકાશ પ્રદેશ પર હાથ, પગ, બાહુ કે જાંઘને અવગાહીને રહે છે; ત્યાંથી ઉપાડીને ફરી પાછા તે જ આકાશ પ્રદેશ ઉપર હાથ આદિને અવગાહન કરીને રાખવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૩૮ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! केवलिस्स णं वीरिय–सजोग–सद्दव्वयाए चलाइं उवकरणाइं भवंति, चलोवकरणट्ठयाए य णं केवली अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा,** *जाव* **चिट्ठइ; णो णं पभू केवली सेयकालंसि वि तेसु चेव आगासपए सेसु** *जाव* **चिट्ठित्तए । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– केवली णं अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा** *जाव* **चिट्ठइ, णो णं पभू केवली सेयकालंसि वि तेसु चेव आगसपएसेसु हत्थं वा** *जाव* **चिट्ठित्तए ।**

**શબ્દાર્થ :– वीरियसजोगसद्दव्वयाए** = સવીર્ય અને સયોગી આત્મ દ્રવ્ય હોવાથી **चलोवकरणट्ठयाए** = હાથ–પગ આદિ અંગોપાંગ ચલ(અસ્થિર) હોવાથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેવળી ભગવાનનો આત્મા(સશરીરી હોવાથી) સવીર્ય અને સયોગી છે. તેથી તેમના ઉપકરણ–હાથ આદિ અંગોપાંગ ચલસ્વભાવી હોય છે. હાથ આદિ અંગો ચલસ્વભાવી હોવાથી કેવળી ભગવાન વર્તમાન સમયમાં જે આકાશ પ્રદેશો ઉપર પોતાના હાથ આદિને અગવાહિત કરીને રહે છે, ત્યાંથી ઉપાડીને પુનઃ તે જ આકાશ પ્રદેશો પર તેઓ હાથ આદિને અગવાહિત કરીને રાખી શકતા નથી. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે કેવળી ભગવાન આ સમયે જે આકાશ પ્રદેશો પર પોતાના હાથ પગ આદિ અવગાહિત કરીને રહ્યા છે, પુનઃ તેઓ તે જ આકાશ પ્રદેશો પર તે પછીના સમયે પોતાના હાથ આદિને અવગાહિત કરીને રાખી શકતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સૂક્ષ્મદષ્ટિએ કાયયોગની અસ્થિરતા(ચંચળતા) પ્રદર્શિત કરી છે.

સ્થૂલદષ્ટિએ એક જગ્યાએ રાખેલા હાથ, પગ આદિ અંગોને ઉપાડીને સાવધાનીપૂર્વક ફરી પાછા

તે જ ક્ષેત્રમાં રાખી શકાય તેવું જણાય છે. પરંતુ સૂક્ષ્મ દષ્ટિએ પૂર્વના અવગાહિત આકાશપ્રદેશો પર હાથ આદિને કેવળી પણ રાખી શકતા નથી. કારણ કે પહેલાં અવગાહિત આકાશપ્રદેશ અને પછી અવગાહિત આકાશ પ્રદેશમાં ભિન્નતા થઈ જાય છે. તેમ થવામાં હાથ, પગ આદિ ઉપકરણોની ચલ– સ્વભાવતા એટલે અસ્થિરતા મુખ્ય કારણ છે અને આકાશપ્રદેશોની સૂક્ષ્મતા પણ કારણ છે.

કેવળીજ્ઞાની માટે આ કથન કરવાનો આશય એ છે કે તેઓને પણ હાથ, પગ આદિ ઉપકરણોની અસ્થિરતા હોય છે. કારણ કે આ પ્રકારની કાયયોગની સ્થિરતા કે અસ્થિરતાનો કેવળજ્ઞાન સાથે કોઈ સંબંધ હોતો નથી.

**उवगरणाइं** = હાથ, પગ વગેરે માનવ શરીરના ઊપકારી અવયવો છે. તેથી સૂત્રમાં તેને ઉપકરણ કહ્યા છે.

**वीरिय सजोग सद्दव्वयाए :–** વીર્ય સયોગ સદ્રવ્ય. **वीर्य** = વીર્યાંતરાય કર્મના ક્ષયથી ઉત્પન્ન શક્તિ. **सयोग** = મન, વચન, કાય યોગનો વ્યાપાર–પ્રવૃત્તિ. **सद्** = સદ્‌ભાવ, વિદ્યમાન, **सद्रव्य** = જીવ દ્રવ્ય, આત્મા. આ રીતે જેમનું વીર્ય(શક્તિ) યોગોમાં પ્રવૃત્ત છે, તેવા જીવને "વીર્યસયોગસદ્રવ્ય" કહે છે.

સંસારી જીવો સશરીરી છે, કેવળી પણ સશરીરી છે. સશરીરીને વીર્ય અને યોગ હોય છે. યોગ નિરોધ કર્યા પછી અયોગીમાં અને સિદ્ધોમાં યોગ અને વીર્ય(શરીર સંબંધી) હોતા નથી. માટે કેવળીને આ શબ્દથી સવીર્ય સયોગવાન આત્મારૂપે દર્શાવ્યા છે. ભગવતી સૂત્ર શ.–૧, ઉ.–૮ સૂત્ર–૧૭માં સિદ્ધોને અવીર્ય કહ્યા છે. અહીં કેવળીને સવીર્ય કહ્યા છે.

## ચતુર્દશ પૂર્વીનું લબ્ધિ સામર્થ્ય :–

**૩૯ पभू णं भंते ! चउद्दसपुव्वी घडाओ घडसहस्सं, पडाओ पडसहस्सं, कडाओ कडसहस्सं, रहाओ रहसहस्सं, छत्ताओ छत्तसहस्सं, दंडाओ दंडसहस्सं, अभिणिव्वट्टेत्ता उवदंसेत्तए ? हंता, पभू ।**

**से केणट्ठेणं भंते ! पभू चउद्दसपुव्वी** *जाव* **उवदंसेत्तए ?**

**गोयमा ! चउद्दसपुव्विस्स णं अणंताइं दव्वाइं उक्करियाभेएणं भिज्जमाणाइं लद्धाइं पत्ताइं अभिसमण्णागयाइं भवंति, से तेणट्ठेणं** *जाव* **उवदंसेत्तए । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :– अभिसमण्णागयाइं** = અભિસમન્વાગત, સ્વાધીન, હસ્તગત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ચતુર્દશપૂર્વધારી(શ્રુત કેવળી) એક ઘટમાંથી હજાર ઘટ, એક વસ્ત્રમાંથી હજાર વસ્ત્ર, એક કટ(ચટાઈ)માંથી હજાર કટ, એક રથમાંથી હજાર રથ, એક છત્રમાંથી હજાર છત્ર અને

એક દંડમાંથી હજાર દંડ કરીને દેખાડવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે તે પ્રમાણે કરીને દેખાડવામાં સમર્થ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ચતુર્દશ પૂર્વધારી એક ઘટમાંથી હજાર ઘટ આદિ કરીને દેખાડવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચતુર્દશ પૂર્વધારી શ્રુતકેવળીએ ઉત્કરિકા ભેદ દ્વારા અનંત દ્રવ્યોનું ભેદન કરવાની લબ્ધિ–શક્તિ લબ્ધ, પ્રાપ્ત તથા સ્વાધીન કરી હોય છે. તેથી તે ઉપર્યુક્ત પ્રકારે એક ઘટમાંથી હજાર ઘટ આદિ કરીને દેખાડવામાં સમર્થ છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં ચતુર્દશ પૂર્વધારીનું લબ્ધિ સામર્થ્ય નિરૂપિત કર્યું છે.

**ચૌદ પૂર્વધારીની લબ્ધિ :–** ચૌદ પૂર્વધારી–શ્રુતકેવળીને શ્રુતજ્ઞાનના પ્રભાવથી એક એવી વિશિષ્ટ લબ્ધિ પ્રાપ્ત થાય છે કે જેના દ્વારા તેઓ એક પુદ્ગલ સ્કંધમાંથી અનંત પુદ્ગલ દ્રવ્યોનું ભેદન કરી શકે છે; તેથી તેઓ એક વસ્તુમાંથી હજારો વસ્તુઓ બનાવી શકે છે.

**ઉત્કરિકાભેદ :–** પુદ્ગલ ભેદનું આ એક પ્રકાર છે. એરંડબીજની સમાન થતાં પુદ્ગલોના ભેદને ઉત્કરિકા ભેદ કહે છે. ***[–પ્રજ્ઞાપનાસૂત્ર પદ–૧૧.]*** જેમ એરંડ વગેરેમાંથી અનેક બીજ ઉછળીને બહાર આવે તેમ લબ્ધિ પ્રયોગ દ્વારા એક સ્કંધમાંથી અનેક સ્કંધ બહાર આવી જાય છે.

**॥ શતક ૫/૪ સંપૂર્ણ ॥**

# શતક–પ : ઉદ્દેશક–પ

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્યતયા અન્યતીર્થિકોની માન્યતાનું ખંડન કરીને, કર્મફળના સિદ્ધાંતને સમજાવ્યો છે અને અન્ય વિષયોનું અતિદેશપૂર્વક કથન છે.

★ કોઈપણ વ્યક્તિ છદ્મસ્થાવસ્થામાં સિદ્ધ થઈ શકતી નથી. તે કેવળી થઈને જ સિદ્ધ થાય છે. શતક–૧/૪ ના અતિદેશ પૂર્વક કથન છે.

★ અન્યતીર્થિકોની માન્યતા છે કે પ્રત્યેક જીવ એવંભૂત વેદના વેદે છે અર્થાત્ જે રીતે કર્મો બાંધ્યા હોય તે જ રીતે તેનું ફળ ભોગવે છે. આ કથન એકાંતિક હોવાથી મિથ્યા છે. જૈનદર્શન અનુસાર કેટલાક જીવો કર્મબંધ અનુસાર જ તેનું ફળ ભોગવે છે અને કેટલાક જીવો કર્મબંધ પછી પોતાના પુરુષાર્થથી કર્મની સ્થિતિઘાત, રસઘાત, ઉદીરણા, સંક્રમણ, નિર્જરા આદિ કરે છે. સ્થિતિઘાતાદિના કારણે બાંધેલા કર્મોમાં પરિવર્તન થઈ જાય છે અને તે જીવો એવંભૂત વેદના નહીં ભોગવતાં અનેવંભૂત વેદના ભોગવે છે.

જો પ્રત્યેક જીવો એકાંતે એવંભૂત વેદના જ ભોગવતા હોય તો ધર્મ પુરુષાર્થ વગેરેનું કોઈ પ્રયોજન રહેતો નથી, પણ તેમ થતું નથી. માટે કેટલાક જીવ એવંભૂત વેદના અને કેટલાક જીવો અનેવંભૂતવેદના ભોગવે છે; તે સિદ્ધાંત સમીચીન છે.

★ યુગલિક કાલ પછીના મિશ્રણ કાલમાં જે માનવકુલની મર્યાદા કરે તેને કુલકર કહે છે. વર્તમાન અવસર્પિણી કાલના ત્રીજા આરામાં સાત કુલકર થયા.

★ એક અવસર્પિણી કે ઉત્સર્પિણી કાલમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, તેમ ૬૩ શ્લાઘનીય પુરુષો થાય છે. તેના વિસ્તૃત પરિચય સમવાયાંગ સૂત્રમાં છે.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૫

## છદ્મસ્થ

### છદ્મસ્થ મુક્તિ નિષેધ :–

**૧ छउमत्थे णं भंते ! मणूसे तीयमणंतं सासयं समयं केवलेणं संजमेणं, केवलेणं संवरेणं, केवलेणं बंभचेरवासेणं, केवलाहिं पवयणमायाहिं सिज्झिंसु ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं जहा पढमसए चउत्थुद्देसे आलावगा तहा णेयव्वा *जाव* अलमत्थु त्ति वत्तव्वं सिया ।**

**શબ્દાર્થ :– अलमत्थु** = પરિપૂર્ણ, કતકૃત્ય, પૂર્ણજ્ઞાની, સર્વગુણસંપન્ન **केवलेणं संजमेणं** = સર્વજ્ઞ ભાષિત સંયમ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય શાશ્વત, અનંત, અતીતકાલ(ભૂતકાલ)માં કેવલ સંયમ, કેવલ સંવર, કેવલ બ્રહ્મચર્ય અને કેવલ અષ્ટ પ્રવચનમાતા દ્વારા સિદ્ધ થયા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. શેષ વર્ણન જે રીતે પ્રથમ શતકના ચતુર્થ ઉદ્દેશકમાં છે, તે રીતે અહીં પણ સંપૂર્ણ આલાપક સાથે, કેવળીને 'અલમસ્તુ' કહી શકાય છે, ત્યાં સુધી કહેવું જોઈએ.

### વિવેચન :–

સર્વજ્ઞ, સર્વદર્શી દ્વારા પ્રરૂપિત સંયમ, સંવર, બ્રહ્મચર્ય, સમિતિ ગુપ્તિ વગેરેનું આચરણ કરવા છતાં પણ કોઈ જીવ છદ્મસ્થપણે મુક્ત થઈ શકે નહીં. ઘાતીકર્મ ક્ષય કરી, કેવલજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરીને જ જીવ મુક્ત થઈ શકે છે. કેવળીજ્ઞાની પરમાત્મા 'અલમસ્તુ' પૂર્ણજ્ઞાની કે કૃતકૃત્ય કહેવાય છે.

પ્રસ્તુત સંક્ષિપ્ત સૂત્ર શતક–૧, ઉદ્દે.–૪, સૂત્ર–૧૧ થી ૧૫ નું અક્ષરસઃ પુનર્કથન છે તેમજ શતક–૭, ઉદ્દે.–૮ માં પણ સંક્ષિપ્ત સૂત્ર છે; આ રીતે એક જ વિષયનું ત્રણ વાર વર્ણન કરવાનું કારણ અજ્ઞાત છે.

### એવંભૂત–અનેવંભૂત વેદના :–

**૨ अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति *जाव* परूवेंति– सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता एवंभूयं वेयणं वेदेंति । से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जं णं ते अण्णउत्थिया एवं आइक्खंति** *जाव* **वेदेंति, जे ते एवं आहंसु, मिच्छा ते एवं आहंसु; अहं पुण गोयमा ! एवं आइक्खामि** *जाव* **परूवेमि– अत्थेगइया पाणा भूया जीवा सत्ता एवंभूयं वेयणं वेदेंति; अत्थेगइया पाणा भूया जीवा सत्ता अणेवंभूयं वेयणं वेदेंति ।**

**શબ્દાર્થ :– एवंभूयं** = જેવા કર્મ બાંધ્યા છે તે રૂપે જ ભોગવા **अणेवंभूयं वेयणं** = અન્ય રીતે કર્મ ભોગવવા, બીજી રીતે પરિણમન કરીને કર્મ ભોગવવા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એવંભૂત વેદના ભોગવે છે. હે ભગવન્ ! આ કેવી રીતે હોય શકે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે અન્યતીર્થિકો જે આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એવંભૂત વેદના વેદે છે, તેઓનું તે કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે કેટલાક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એવંભૂત વેદના વેદે છે અને કેટલાક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ અનેવંભૂત વેદના વેદે છે.

**३ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? अत्थेगइया पाणा भूया** *जाव* **अणेवंभूयं वेयणं वेदेंति ?**

**गोयमा ! जे णं पाणा भूया जीवा सत्ता जहा कडा कम्मा तहा वेयणं वेदेंति, ते णं पाणा भूया जीवा सत्ता एवंभूयं वेयणं वेदेंति; जे णं पाणा भूया जीवा सत्ता जहा कडा कम्मा णो तहा वेयणं वेदेंति, ते णं पाणा भूया जीवा सत्ता अणेवंभूयं वेयणं वेदेंति; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–** *जाव* **अणेवंभूयं वेयणं वेदेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેટલાક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એવંભૂત વેદના વેદે છે અને કેટલાક અનેવંભૂત વેદના વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ પોતાના કરેલા કર્મો અનુસાર વેદના વેદે છે; તે પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એવંભૂત વેદના વેદે છે પરંતુ જે પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ પોતાના કરેલા કર્મો અનુસાર વેદના વેદતા નથી પરંતુ તેથી ભિન્ન પ્રકારે વેદના વેદે છે; તે પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ અનેવંભૂત વેદના વેદે છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહેવાય છે કે કેટલાક પ્રાણ, ભૂતાદિ એવંભૂત વેદના વેદે છે અને કેટલાક પ્રાણ ભૂતાદિ અનેવંભૂત વેદના વેદે છે.

**४ णेरइया णं भंते ! किं एवंभूयं वेयणं वेदेंति, अणेवंभूयं वेयणं वेदेंति ? गोयमा ! णेरइया णं एवंभूयं पि वेयणं वेदेंति, अणेवंभूयं पि वेयणं वेदेंति ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जे णं णेरइया जहा कडा कम्मा तहा वेयणं वेदेंति, ते णं णेरइया एवभूयं वेयणं वेदेंति; जे णं णेरइया जहा कडा कम्मा णो तहा वेयणं वेदेंति, ते णं णेरइया अणेवंभूयं वेयणं वेदेंति; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– णेरइया** *जाव* **वेदेंति । एवं** *जाव* **वेमाणिया, संसारमंडलं णेयव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક એવંભૂત વેદના વેદે છે કે અનેવંભૂત વેદના વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક એવંભૂત વેદના પણ વેદે છે અને અનેવંભૂત વેદના પણ વેદે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે નૈરયિક પોતાના કરેલા કર્મો અનુસાર વેદના વેદે છે, તે એવંભૂત વેદના વેદે છે અને જે નૈરયિક પોતાના કરેલા કર્મો અનુસાર વેદના વેદતા નથી અર્થાત્ અન્ય રૂપે પરિણમન કરીને વેદે છે તે અનેવંભૂત વેદના વેદે છે. હે ગૌતમ ! તેથી આ પ્રમાણે કથન કર્યું છે કે નૈરયિક જીવ ***યાવત્*** અનેવંભૂત વેદના પણ વેદે છે. આ રીતે વૈમાનિક દંડક પર્યંત સમસ્ત સંસારી જીવ સમૂહના વિષયમાં જાણવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં કર્મવેદન સંબંધી અન્યતીર્થિકોના મંતવ્યનું નિરાકરણ કરીને સ્વસિદ્ધાંતનું પ્રતિ–પાદન કર્યું છે.

**અન્યતીર્થિકોનું મંતવ્ય :–** પ્રત્યેક જીવ એવંભૂત વેદના જ ભોગવે છે અર્થાત્ જીવ જે પ્રકારે કર્મો બાંધે છે તે જ પ્રકારે ભોગવે છે. અન્યતીર્થિકોનું આ મંતવ્ય એકાંતિક છે, તેથી તે યથાર્થ નથી.

**કર્મફળ ભોગવવામાં અનેકાંત :–** આ વિષયમાં સ્વસિદ્ધાંતનું પ્રતિપાદન આ પ્રમાણે છે– જીવ પોતાના પરિણામોથી કર્મનો બંધ કરે છે અને બંધાનુસાર તેનું ફળ ભોગવે છે, પરંતુ આ કથન સાર્વત્રિક નથી. જો જીવ એકાંતે એવંભૂત વેદનાને અનુભવે તો ધર્મપુરુષાર્થ વ્યર્થ થઈ જાય પરંતુ એવું નથી. કર્મ ઉદયમાં આવે તે પહેલાં જીવ પોતાના પુરુષાર્થથી તેમાં અનેક પ્રકારનું પરિવર્તન કરી શકે છે. તેથી કેટલાક જીવો એવંભૂત વેદનાને અનુભવે છે અર્થાત્ જે રીતે કર્મો બાંધ્યા છે, તે જ રીતે ભોગવે છે અને કેટલાક જીવો અનેવંભૂત વેદનાને અનુભવે છે અર્થાત્ બાંધેલા કર્મોમાં સ્થિતિઘાત, રસઘાત, સંક્રમણ, અપવર્તન, ઉદ્વર્તન આદિ પરિવર્તન કરીને ભોગવે છે. આ રીતે પ્રભુનું કથન અનેકાંતિક છે. ૨૪ દંડકના જીવો બંને પ્રકારની વેદના ભોગવી શકે છે.

## અવસર્પિણી કાલમાં કુલકર આદિની સંખ્યા :–

**૫ जंबुद्दीवे णं भंते ! इह भारहे वासे इमीसे ओसप्पिणीए समाए कइ कुलगरा**

होत्था ?

**गोयमा ! सत्त । एवं चेव तित्थयरमायरो, पियरो, पढमा सिस्सिणीओ, चक्कवट्टिमायरो, इत्थिरयणं, बलदेवा, वासुदेवा, वासुदेवमायरो, पियरो; एएसिं पडिसत्तु जहा समवाए णामपरिवाडीए तहा णेयव्वा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જંબૂદ્વીપના આ ભરતક્ષેત્રમાં, આ અવસર્પિણી કાલમાં કેટલા કુલકર થયા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સાત કુલકર થયા છે. આ રીતે તીર્થંકરના માતા, પિતા, પ્રથમ શિષ્યાઓ, ચક્રવર્તીઓના માતા, સ્ત્રી રત્ન, બલદેવ, વાસુદેવના માતા–પિતા, પ્રતિવાસુદેવ આદિનું કથન જે રીતે સમવાયાંગ સૂત્રમાં નામ નિર્દેશપૂર્વક છે, તે રીતે અહીં પણ કહેવું જોઈએ. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

સમવાયાંગ સૂત્ર અનુસાર કુલકરાદિનું વિવરણ આ પ્રમાણે છે–

**સાત કુલકર :–**

| ક્રમ | કુલકર નામ | પત્નીનું નામ |
|---|---|---|
| ૧ | વિમલવાહન | ચંદ્રયશા |
| ૨ | ચક્ષુમાન | ચંદ્રકાંતા |
| ૩ | યશવાન | સુરૂપા |
| ૪ | અભિચંદ્ર | પ્રતિરૂપા |
| ૫ | પ્રસેનજિત | ચક્ષુકાંતા |
| ૬ | મરુદેવ | શ્રીકાંતા |
| ૭ | નાભિરાજા | મરુદેવા |

**ચોવીસ તીર્થંકર :–**

| ક્રમ | નામ | પિતા | માતા | પ્રથમ શિષ્યા |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભદેવસ્વામી | નાભિરાજા | મરુદેવા | બ્રાહ્મી |
| ૨ | શ્રી અજિતનાથ સ્વામી | જિતશત્રુ રાજા | વિજયા દેવી | ફાલ્ગુની |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | શ્રી સંભવનાથ સ્વામી | જિતારિ રાજા | સેના | શ્યામા |
| ૪ | શ્રી અભિનંદન સ્વામી | સંવર રાજા | સિદ્ધાર્થા | અજિતા |
| ૫ | શ્રી સુમતિનાથ સ્વામી | મેઘ રાજા | મંગલા | કાશ્યપી |
| ૬ | શ્રી પદ્મપ્રભ સ્વામી | ધર રાજા | સુસીમા | રતિ |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ સ્વામી | પ્રતિષ્ઠ રાજા | પૃથ્વી | સોમા |
| ૮ | શ્રી ચંદ્રપ્રભ સ્વામી | મહાસેન રાજા | લક્ષ્મણા | સુમના |
| ૯ | શ્રી સુવિધિનાથ સ્વામી | સુગ્રીવ રાજા | રામા | વારુણી |
| ૧૦ | શ્રી શીતલનાથ સ્વામી | દઢરથ રાજા | નંદા | સુયશા |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ સ્વામી | વિષ્ણુ રાજા | વિષ્ણુદેવી | ધારિણી |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય સ્વામી | વસુપૂજ્ય રાજા | જયા | ધરણી |
| ૧૩ | શ્રી વિમલનાથ સ્વામી | કૃતવર્મા રાજા | શ્યામા | ધરા |
| ૧૪ | શ્રી અનંતનાથ સ્વામી | સિંહસેન રાજા | સુયશા | પદ્મા |
| ૧૫ | શ્રી ધર્મનાથ સ્વામી | ભાનુ રાજા | સુવ્રતા | શિવા |
| ૧૬ | શ્રી શાંતિનાથ સ્વામી | વિશ્વસેન રાજા | અચિરા | શ્રુતિ |
| ૧૭ | શ્રી કુંથુનાથ સ્વામી | સૂરરાજા | શ્રી | દામિની |
| ૧૮ | શ્રી અરનાથ સ્વામી | સુદર્શન રાજા | મહાદેવી | રક્ષિતા |
| ૧૯ | શ્રી મલ્લિનાથ સ્વામી | કુંભ રાજા | પ્રભાવતી | બંધુમતી |
| ૨૦ | શ્રી મુનિસુવ્રત સ્વામી | સુમિત્ર રાજા | પદ્મા | પુષ્પવતી |
| ૨૧ | શ્રી નમિનાથ સ્વામી | વિજય રાજા | વપ્રા | અનિલા |
| ૨૨ | શ્રી અરિષ્ટનેમિ સ્વામી | સમુદ્રવિજય રાજા | શિવા | યક્ષદત્તા |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ સ્વામી | અશ્વસેન | રાજા વામા | પુષ્પચૂલા |
| ૨૪ | શ્રી મહાવીર સ્વામી | સિદ્ધાર્થ રાજા | ત્રિશલા દેવી | ચંદનબાળા |

**બાર ચક્રવર્તી :–**

| ક્રમ | નામ | માતા | સ્ત્રી રત્ન |
|---|---|---|---|
| ૧ | ભરત | સુમંગલા | સુભદ્રા |
| ૨ | સગર | યશસ્વતી | ભદ્રા |
| ૩ | મઘવા | ભદ્રા | સુનંદા |

| | | | |
|---|---|---|---|
| ૪ | સનત્કુમાર | સુદેવી | જયા |
| ૫ | શાંતિનાથ | અચિરા | વિજયા |
| ૬ | કુન્થુનાથ | શ્રીદેવી | કૃષ્ણશ્રી |
| ૭ | અરનાથ | દેવી | સૂર્યશ્રી |
| ૮ | સુભૂમ | તારા | પદ્મશ્રી |
| ૯ | મહાપદ્મ | જ્વાલા | વસુંધરા |
| ૧૦ | હરિષેણ | મેરા | દેવી |
| ૧૧ | જય | વપ્રા | લક્ષ્મીમતી |
| ૧૨ | બ્રહ્મદત્ત | ચુલ્લણી | કુરુમતી |

**બલદેવ – વાસુદેવ :–**

| ક્રમ | બલદેવ | વાસુદેવ | વાસુદેવની માતા | વાસુદેવના પિતા | પ્રતિવાસુદેવ |
|---|---|---|---|---|---|
| ૧ | અચલ | ત્રિપૃષ્ઠ | મૃગાવતી | પ્રજાપતિ | અશ્વગ્રીવ |
| ૨ | વિજય | દ્વિપૃષ્ઠ | ઉમા | બ્રહ્મા | તારક |
| ૩ | ભદ્ર | સ્વયંભૂ | પૃથ્વી | સોમ | મેરક |
| ૪ | સુપ્રભ | પુરુષોત્તમ | સીતા | રુદ્ર | મધુકૈટભ |
| ૫ | સુદર્શન | પુરુષસિંહ | અંબિકા | શિવ | નિશુંભ |
| ૬ | આનંદ | પુરુષ પુંડરીક | લક્ષ્મીવતી | મહાશિવ | બલી |
| ૭ | નંદન | દત્ત | શેષવતી | અગ્નિશિખ | પ્રભરાજ(પ્રહલાદ) |
| ૮ | પદ્મ(રામ) | નારાયણ(લક્ષ્મણ) | કૈકેયી | દશરથ | રાવણ |
| ૯ | રામ(બલરામ) | કૃષ્ણ | દેવકી | વસુદેવ | જરાસંધ |

તે ઉપરાંત સમવાયાંગ સૂત્રમાં ભૂતકાલીન અને ભવિષ્યકાલીન અવસર્પિણી તથા ઉત્સર્પિણીના તીર્થંકર અને ચક્રવર્તી આદિના નામનો પણ ઉલ્લેખ છે; તે વર્ણન ત્યાંથી જાણવું.

**।। શતક ૫/૫ સંપૂર્ણ ।।**

# શતક–પ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં અલ્પાયુ અને દીર્ઘાયુ બંધના કારણો; વિક્રેતા, ક્રેતા, ધનુર્ધર, ધનુષ અને તેના વિવિધ વિભાગો જે જીવના શરીરમાંથી બન્યા છે તે જીવ વગેરેને વિવિધ પરિસ્થિતિમાં લાગતી વિવિધ ક્રિયાઓ; પ્રજ્વલિત અગ્નિ અને બુઝાતી અગ્નિના કર્મ, ક્રિયા આદિ; અન્યતીર્થિકોની એવંભૂત વેદના વિષયક મિથ્યા માન્યતાનું નિરાકરણ; આધાકર્મ આહાર સેવનનું ફળ; આચાર્ય–ઉપાધ્યાયની ગતિ અને અભ્યાખ્યાનના ફળ વગેરેનું પ્રતિપાદન છે.

★ **અલ્પાયુબંધ–** (૧) પ્રાણાતિપાતના સેવનથી (૨) મૃષાવાદના સેવનથી (૩) તથારૂપના શ્રમણોને સદોષ આહારાદિ વહોરાવવાથી જીવ અલ્પાયુનો બંધ કરે છે.

★ **દીર્ઘાયુબંધ–** (૧) પ્રાણાતિપાતના ત્યાગથી (૨) મૃષાવાદના ત્યાગથી (૩) તથારૂપના શ્રમણોને નિર્દોષ આહારાદિ વહોરાવવાથી જીવ દીર્ઘાયુનો બંધ કરે છે.

★ **અશુભ દીર્ઘાયુબંધ–** (૧) પ્રાણાતિપાતના સેવનથી (૨) મૃષાવાદના સેવનથી (૩) તથારૂપના શ્રમણોને સદોષ કે નિર્દોષ આહાર અનાદરપૂર્વક વહોરાવવાથી જીવ અશુભદીર્ઘાયુનો બંધ કરે છે.

★ **શુભ દીર્ઘાયુબંધ–** (૧) પ્રાણાતિપાતના ત્યાગથી (૨) મૃષાવાદના ત્યાગથી (૩) તથારૂપના શ્રમણોને આદરપૂર્વક નિર્દોષ આહારાદિ વહોરાવવાથી જીવ શુભ દીર્ઘાયુનો બંધ કરે છે.

★ પોતાની ખોવાયેલી વસ્તુની શોધ કરનાર વ્યક્તિને વસ્તુ પર મમત્વભાવના કારણે આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે છે. મિથ્યાદર્શન પ્રત્યયિકા ક્રિયા વિકલ્પે લાગે છે. જ્યારે તે વસ્તુ મળી જાય ત્યારે તે વસ્તુ શોધવાનો પુરુષાર્થ મંદ થઈ જાય છે. તેથી પૂર્વોક્ત ચારે ક્રિયાઓ અલ્પપ્રમાણમાં લાગે છે.

★ (૧) કોઈ પણ વસ્તુ વેચનારે વસ્તુ વેચી નાંખી, ખરીદનારે સોદો નિશ્ચિત કર્યો પરંતુ માલ વિક્રેતાને ત્યાં પડ્યો હોય, ત્યાં સુધી વિક્રેતાને આરંભિકી આદિ ચાર ક્રિયા અતિપ્રમાણમાં અને ક્રેતાને તે ચારે ક્રિયા અલ્પપ્રમાણમાં લાગે. મિથ્યાત્વની ક્રિયા બંનેને વિકલ્પે લાગે છે. (૨) જ્યારે ક્રેતા માલ પોતાને ત્યાં લઈ જાય ત્યારે ક્રેતાને ચારે ક્રિયા અતિ પ્રમાણમાં અને વિક્રેતાને તે ક્રિયા અલ્પપ્રમાણમાં લાગે છે. (૩) માલની કિંમત ચૂકવી ન હોય, ત્યાં સુધી ક્રેતાને ધન સંબંધી ચારે ક્રિયા અતિપ્રમાણમાં અને વિક્રેતાને અલ્પપ્રમાણમાં લાગે છે. (૪) માલની કિંમત વિક્રેતાને મળી જાય, ત્યારે વિક્રેતાને ધન સંબંધી ચારે ક્રિયા અતિપ્રમાણમાં અને ક્રેતાને અલ્પપ્રમાણમાં લાગે છે.

★ અગ્નિ સ્વયં જીવ છે તેથી તેના અધ્યવસાય પ્રમાણે તેને કર્મબંધ થાય છે. અગ્નિ જ્યારે પ્રજ્વલિત હોય ત્યારે તેના દ્વારા છકાય જીવની હિંસા થાય છે તેથી તે જીવો મહાકર્મ, મહાશ્રવ, મહાક્રિયા અને મહાવેદનાવાળા હોય છે. જ્યારે તે અગ્નિ ક્રમશઃ બુઝાતી જાય ત્યારે તે અલ્પકર્મા થાય છે. અંતે જ્યારે તે ભસ્મસ્વરૂપ થઈ, શીતલ થઈ જાય છે ત્યારે તે અગ્નિકાયના જીવો મરીને અન્યત્ર ચાલ્યા જાય અને તે ભસ્મ(રાખ) જીવ રહિત થવાથી કર્માદિથી રહિત થઈ જાય છે.

★ ધનુષ, બાણ આદિ શસ્ત્ર જે જીવોના શરીરથી બન્યા હોય તે જીવોએ પોતાના શરીરનો સમજણ–પૂર્વક ત્યાગ કર્યો ન હોય અને તેના અવિરતિભાવની પરંપરા ચાલુ હોય તો તે જીવોને પણ હિંસકની સમાન પાંચ ક્રિયા લાગે છે. જ્યારે બાણ પોતાના ભારથી સ્વયં નીચે પડે અને તેના નિમિત્તે જે જીવની હિંસા થાય ત્યારે જે જીવોના શરીરથી બાણ બન્યું હોય તે જીવોને પાંચ ક્રિયા અને હિંસકને ચાર ક્રિયા લાગે છે. તેનું તાત્પર્ય એ છે કે જે જીવ કે જીવોના શરીર હિંસાની ક્રિયામાં સાક્ષાત્ પ્રવૃત્ત થાય તેને પાંચ ક્રિયા અને અન્યને ચાર ક્રિયા લાગે છે.

★ ૫૦૦ યોજન પ્રમાણ મનુષ્ય લોક ક્યાંય ઠસોઠસ ભર્યો નથી. પરંતુ નરકમાં ૪૦૦–૫૦૦ યોજનનું એક સ્થાન નૈરયિકોથી ઠસોઠસ ભર્યું છે. નૈરયિકો એક કે અનેક સંખ્યાત રૂપોની વિકુર્વણા કરી શકે છે. વિવિધ રૂપોની વિકુર્વણા કરીને પણ તે અન્ય જીવોને પીડા પહોંચાડે છે.

★ આધાકર્મ આદિ દોષયુક્ત આહાર સેવનમાં કોઈ પાપ નથી તેમ જે વ્યક્તિ (૧) સમજે છે (૨) સ્વયં તે દોષયુક્ત આહાર કરે છે (૩) અન્યને તે દોષયુક્ત આહાર આપે છે (૪) અન્ય અનેક મનુષ્યોની સમક્ષ તેવી પ્રરૂપણા કરે છે; આ ચારે ય પ્રકારના દોષનું સેવન કરનાર જો અંત સમયે તે દોષની આલોચનાદિ કર્યા વિના કાલધર્મ પામે તો તે વિરાધક અને અંત સમયે તેની આલોચનાદિ કરીને કાલધર્મ પામે તો તે આરાધક થાય છે.

★ આચાર્ય અને ઉપાધ્યાય પોતાના શિષ્ય પરિવારની અગ્લાનભાવે સારસંભાળ કરે અને નિર્દોષ સંયમ પાલનમાં સહાયક બને, તો તેઓ જઘન્ય તે જ ભવે અને ઉત્કૃષ્ટ ત્રીજે(મનુષ્ય) ભવે મોક્ષે જાય છે. વચ્ચે દેવના એક અથવા બે ભવ થાય તેની અહીં ગણતરી કરી નથી.

★ કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ પર મિથ્યા દોષારોપણ કરે તો તે તેવા જ કર્મો બાંધે છે અને તેના ફળ સ્વરૂપે પુનઃ પ્રાપ્ત થતા મનુષ્ય ભવમાં મિથ્યા આક્ષેપને પામી તે કર્મોને ભોગવે છે.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૬

## આયુષ્ય

### અલ્પાયુ અને દીર્ઘાયુબંધના કારણ :–

**१ कहण्णं भंते ! जीवा अप्पाउयत्ताए कम्मं पकरेंति ?**

**गोयमा ! तिहिं ठाणेहिं जीवा अप्पाउयत्ताए कम्मं पकरेंति, तं जहा– पाणे अइवाएत्ता, मुसं वइत्ता, तहारूवं समणं वा माहणं वा अफासुएणं, अणेसणिज्जेणं असण–पाण–खाइम–साइमेणं पडिलाभेत्ता; एवं खलु जीवा अप्पाउयत्ताए कम्मं पकरेंति ।**

**શબ્દાર્થ :– अप्पाउयत्ताए** = અલ્પાયુષ્ય રૂપ **अफासुएणं** = અપ્રાસુક, જે જીવ રહિત નથી તે, સચિત્ત **अणेसणिज्जेणं** = અનેષણીય, અકલ્પનીય, દોષયુક્ત **पडिलाभेत्ता** = પ્રતિલાભિત કરવાથી, વહોરાવવાથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અલ્પાયુના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ કારણોથી જીવ અલ્પાયુના કારણભૂત કર્મ બાંધે છે, યથા– (૧) પ્રાણીઓની હિંસા કરવાથી (૨) અસત્ય બોલવાથી (૩) તથારૂપના શ્રમણ અથવા માહણને અપ્રાસુક, અનેષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ચતુર્વિધ આહાર દ્વારા પ્રતિલાભિત કરવાથી; આ ત્રણ કારણથી જીવ અલ્પાયુષ્યના કારણભૂત કર્મ બાંધે છે.

**२ कहण्णं भंते ! जीवा दीहाउयत्ताए कम्मं पकरेंति ?**

**गोयमा ! तिहिं ठाणेहिं जीवा दीहाउयत्ताए कम्मं पकरेंति । तं जहा– णो पाणे अइवाइत्ता, णो मुसं वइत्ता, तहारूवं समणं वा माहणं वा फासु–एसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेत्ता; एवं खलु जीवा दीहाउयत्ताए कम्मं पकरेंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ દીર્ઘાયુના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ કારણથી જીવ દીર્ઘાયુના કારણભૂત કર્મ બાંધે છે, યથા– (૧) પ્રાણાતિપાત ન કરવાથી (૨) અસત્ય ન બોલવાથી (૩) તથારૂપના શ્રમણ અને માહણને પ્રાસુક તથા એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ દ્વારા પ્રતિલાભિત કરવાથી; આ ત્રણ કારણોથી જીવ દીર્ઘાયુષ્યના કારણભૂત કર્મ બાંધે છે.

**૩** **कहण्णं भंते ! जीवा असुभदीहाउयत्ताए कम्मं पकरेंति ?**

**गोयमा ! तिहिं ठाणेहिं जीवा असुभदीहाउयत्ताए कम्मं पकरेंति । तं जहा– पाणे अइवाएत्ता, मुसं वइत्ता, तहारूवं समणं वा माहणं वा हीलित्ता, णिंदित्ता, खिंसित्ता, गरहित्ता, अवमण्णित्ता अण्णयरेणं अमणुण्णेणं अपीइकारएणं असण-पाणखाइमसाइमेणं पडिलाभेत्ता; एवं खलु जीवा असुभदीहाउयत्ताए कम्मं पकरेंति।**

**શબ્દાર્થ :–** **हीलित्ता** = જાતિ, કર્મ, મર્મ આદિને પ્રગટ કરવા રૂપ હીલના **णिंदित्ता** = અવગુણને પ્રગટ કરવારૂપ નિંદા **खिंसित्ता** = ખીજવવું, આક્રોશયુક્ત નિંદા કરવી તે **गरहित्ता** = ગર્હા–લોકોની સમક્ષ કે વ્યક્તિની સામે જ તેની નિંદા કરવી તે **अवमण्णित्ता** = વ્યક્તિની નિંદા સાથે અપમાન કરવું.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અશુભ દીર્ઘાયુના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ કારણથી જીવ અશુભ દીર્ઘાયુના કારણભૂત કર્મ બાંધે છે. યથા– (૧) પ્રાણાતિપાત કરવાથી (૨) અસત્ય બોલવાથી (૩) તથારૂપના શ્રમણ માહણની હીલના, નિંદા, ખિંસના, ગર્હા અને અપમાન કરી અમનોજ્ઞ અને અપ્રીતિકર અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ દ્વારા પ્રતિલાભિત કરવાથી, આ ત્રણ કારણોથી જીવ અશુભ દીર્ઘાયુષ્યના કારણભૂત કર્મ બાંધે છે.

**૪** **कहण्णं भंते ! जीवा सुभदीहाउयत्ताए कम्मं पकरेंति ?**

**गोयमा ! तिहिं ठाणेहिं जीवा सुभदीहाउयत्ताए कम्मं पकरेंति । तं जहा– णो पाणे अइवाइत्ता, णो मुसं वइत्ता, तहारूवं समणं वा माहणं वा वंदित्ता णमंसित्ता** *जाव* **पज्जुवासित्ता; अण्णयरेणं मणुण्णेणं, पीइकारएणं असण पाण खाइम साइमेणं पडिलाभेत्ता; एवं खलु जीवा सुभदीहाउयत्ताए कम्मं पकरेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ શુભ દીર્ઘાયુના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ કારણથી જીવ શુભ દીર્ઘાયુના કારણભૂત કર્મ બાંધે છે, યથા– (૧) પ્રાણાતિપાત ન કરવાથી (૨) અસત્ય ન બોલવાથી (૩) તથારૂપના શ્રમણ માહણને વંદના નમસ્કાર કરીને પર્યુપાસનાપૂર્વક મનોજ્ઞ અને પ્રીતિકારક અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ દ્વારા પ્રતિલાભિત કરવાથી; આ ત્રણ કારણોથી જીવ શુભ દીર્ઘાયુષ્યના કારણભૂત કર્મ બાંધે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ચાર સૂત્રોમાં અલ્પાયુષ્ય, દીર્ઘાયુષ્ય અને શુભ દીર્ઘાયુષ્ય અને અશુભ દીર્ઘાયુષ્ય બંધના મુખ્ય કારણોનું નિરૂપણ કર્યું છે. અન્ય અનેક કારણોનો સમાવેશ પણ તેમાં થઈ જાય છે.

**तहारूवं समणं वा माहणं वा–** તથારૂપ = સંયમ સાધનાને અનુરૂપ વેષના ધારક **माहणं** = પૂર્ણ અહિંસક શ્રમણ અથવા અહિંસાના ઉપદેશક શ્રમણને માહણ કહે છે. **माहणं** શબ્દ અહીં શ્રમણના પર્યાયવાચી શબ્દરૂપે કે વિશેષણ રૂપે પ્રયુક્ત છે.

**(૧) અલ્પાયુબંધ :–** તથાપ્રકારના શ્રમણોને સચિત્ત અને અગ્રાહ્ય આહાર પાણી વહોરાવવાથી અલ્પાયુષ્ય બંધાય છે. આ કથનનું તાત્પર્ય એ છે કે દાન અને દાનની ભાવના તો શુભ આયુષ્યબંધનું કારણ છે અને શ્રમણ–શ્રમણીઓને આહારાદિ દાન આપનાર વ્યક્તિને દેવ કે મનુષ્યના આયુષ્યનો બંધ થાય. પરંતુ તે અપાતા આહાર, પાણી જો સદોષ હોય; પ્રાણાતિપાત અને અસત્ય ભાષણથી યુક્ત હોય; તો તે દાનના કારણે શુભ આયુ અને પ્રાણાતિપાતાદિ દોષના કારણે અલ્પ સ્થિતિનું આયુષ્ય બંધાય છે. **प्राणनतिपात्य आधाकर्मादि करणतो मृषोक्त्वा । यथा– भोः साधु ! स्वार्थः सिद्धमिंद भक्तादि कल्पनीयं वो (भवान्) नाशंका कार्य्या । અર્થ–** આધાકર્મી આહાર તૈયાર કરવામાં જીવહિંસા થાય અને તે આહાર વહોરાવવા માટે અસત્ય ભાષણ કરાય, યથા– હે સાધુ ! આ આહાર અમારા માટે બનાવેલો છે, તેથી તે નિર્દોષ છે, કલ્પનીય છે. તમારે તેમાં શંકા કરવી નહીં.

જોકે સદોષ આહાર દાન અલ્પાયુનું કારણ છે, છતાં રોગાદિ વિશિષ્ટ પરિસ્થિતિમાં સહજ સેવા ભાવનાથી શ્રાવક દ્વારા મુનિને જે સહકાર આપવામાં આવે તે અલ્પાયુ બંધનું કારણ બનતું નથી. કારણ કે તેમાં અસત્ય ભાષણ નથી પરંતુ સપરિસ્થિતિક અપવાદ સેવન છે, તેમ સમજવું.

**(૨) દીર્ઘાયુષ્યબંધ :–** આધાકર્માદિ દોષથી રહિત પ્રાણાતિપાત અને મૃષાવાદથી રહિત, અચિત્ત અને નિર્દોષ આહાર પાણી આપવાથી દીર્ઘાયુ બંધાય છે.

**(૩) અશુભ દીર્ઘાયુ બંધ :–** પ્રાણાતિપાતાદિના સેવનથી તથા શ્રમણની અવહેલના, નિંદા, અવજ્ઞા–તિરસ્કાર, અપમાન કરી, દુર્ભાવનાથી કોઈ અમનોજ્ઞ, વિરસ આહાર આપે તો તેને અશુભ દીર્ઘાયુનો બંધ થાય છે.

**(૪) શુભદીર્ઘાયુ બંધ :–** હિંસા અસત્યાદિનો ત્યાગ કરી, શ્રમણોને વંદન નમસ્કાર, સન્માનાદિકપૂર્વક મનોજ્ઞ આહારાદિ આપવાથી શુભ દીર્ઘાયુષ્યનો બંધ થાય છે.

આ ચાર સૂત્રોમાં જૈન શ્રમણોને આહાર દાન આપતા દાતાના આયુષ્યબંધને અનુલક્ષીને બે પ્રકારે પ્રતિફળ દર્શાવ્યા છે (૧) **સામાન્ય રીતે** પ્રથમ સૂત્રમાં સદોષ આહાર દાનનું પ્રતિફળ **અલ્પાયુ** કહ્યું છે અને બીજા સૂત્રમાં નિર્દોષ આહાર દાનનું પ્રતિફળ **દીર્ઘાયુ** કહ્યું છે. (૨) **વિશેષ અપેક્ષાએ** ત્રીજા સૂત્રમાં અશુભ પરિણામોથી મુનિને તિરસ્કારપૂર્વક નરસી વસ્તુના દાનનું પ્રતિફળ **અશુભ દીર્ઘાયુ** કહ્યું છે અને ચોથા સૂત્રમાં શુભ પરિણામથી મુનિને સન્માનપૂર્વક સારી વસ્તુના દાનનું પ્રતિફળ **શુભ દીર્ઘાયુ** કહ્યું છે.

પ્રથમના બે સૂત્રોમાં વસ્તુની સદોષતા, નિર્દોષતા લક્ષિત છે જ્યારે પછીના બે સૂત્રોમાં વસ્તુ અને વિચારોની તથા વ્યવહારની સુંદરતા, અસુંદરતા લક્ષિત છે.

**દીર્ઘાયુ અને શુભ દીર્ઘાયુનો તફાવત :–** બીજા સૂત્રમાં નિર્દોષ આહારની પ્રમુખતાએ સામાન્ય રીતે **દીર્ઘાયુનું** કથન છે અને ચોથા સૂત્રમાં આદર ભાવ, વિનય બહુમાન પૂર્વક મુનિની પર્યુપાસના સાથે ઉત્કૃષ્ટ અહોભાવથી મનોજ્ઞ અને નિર્દોષ આહાર દાનની પ્રમુખતાએ **વિશિષ્ટ(શુભ) દીર્ઘાયુ** બંધનું કથન છે. ત્રીજા સ્થાનના આ ચારે ય સૂત્રોના વિષયમાં વૃત્તિકારનું મંતવ્ય આ પ્રમાણે છે– **इह च द्वयस्स विशेषणत्वेन, एकस्य विशेष्यत्वेन, त्रिस्थानकत्वमगंतव्यम् । गंभीरार्थं च इदं सूत्रम् अतो अन्यथापि भावनीयमिति।** અર્થ–આ સૂત્રમાં બે શબ્દો વિશેષણ રૂપે અને એક શબ્દ વિશેષ્ય રૂપે, તેમ ત્રણ સ્થાન સમજવા જોઈએ અને આ સૂત્ર અતિગંભીર અર્થવાળું છે માટે અન્ય પ્રકારે પણ તેનો અર્થ સમજી શકાય છે.

આ કારણે પ્રસ્તુત સૂત્રોના બે રીતે થતા અર્થ આ પ્રમાણે છે– **(૧) એક અપેક્ષાએ** પ્રાણાતિપાત અને મૃષાવાદ આ બંને અપ્રાસુક આહારના વિશેષણ છે. તેથી તેમાં આધાકર્માદિ આહાર બનાવવામાં થતી જીવહિંસા અને વહેરાવવામાં થતા મૃષાવાદનું ગ્રહણ કરવામાં આવે છે. **(૨) બીજી અપેક્ષાએ** જીવહિંસા, મૃષાવાદ વગેરે સ્વતંત્ર રૂપે ગ્રહણ થાય છે. તે બે પાપસ્થાનના ઉપલક્ષણથી ૧૮ પાપસ્થાનકના સેવન દ્વારા નરકાદિનું અશુભ દીર્ઘાયુ અને પ્રાણાતિપાતાદિના ત્યાગથી દેવાદિનું શુભ દીર્ઘાયુ બંધાય છે.

આ રીતે પ્રથમ અપેક્ષામાં ચારે સૂત્રના ત્રણે ય કારણો આહારદાનથી સંબંધિત થાય છે અને બીજી અપેક્ષામાં બે કારણ અઢાર પાપસ્થાનથી સંબંધિત થાય છે અને ત્રીજો કારણ માત્ર આહારદાનથી સંબંધિત થાય છે.

## વાસણ આદિના સંબંધથી લાગતી ક્રિયાઓ :–

**૫ गाहावइस्स णं भंते ! भंड विक्किणमाणस्स केइ भंडं अवहरेज्जा, तस्स णं भंते ! तं भंडं गवेसमाणस्स किं आरंभिया किरिया कज्जइ, परिग्गहिया किरिया कज्जइ, मायावत्तिया किरिया कज्जइ, अपच्चक्खाणकिरिया कज्जइ, मिच्छादंसण–वत्तिया किरिया कज्जइ ?**

**गोयमा ! आरंभिया किरिया कज्जइ, परिग्गहिया किरिया कज्जइ, मायावत्तिया किरिया कज्जइ, अपच्चक्खाणकिरिया कज्जइ, मिच्छादंसणवत्तिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ; अह से भंडे अभिसमण्णागए भवइ, तओ से पच्छा सव्वाओ ताओ पयणुई भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાસણ આદિ વસ્તુ વેચતા ગૃહસ્થના તે વાસણ આદિનું કોઈ અપહરણ કરી જાય(ચોરી થઈ જાય), ત્યારે તે વાસણ આદિની શોધ કરતા તે ગૃહસ્થને શું આરંભિકી ક્રિયા, પારિગ્રહિકી ક્રિયા, માયાપ્રત્યયિકી ક્રિયા અપ્રત્યાખ્યાન ક્રિયા અથવા મિથ્યાદર્શન પ્રત્યયિકા ક્રિયા લાગે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચોરાઈ ગયેલા તે વાસણાદિને શોધતા તે પુરુષને આરંભિકી, પારિગ્રહિકી,

માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનિકી, આ ચાર ક્રિયા લાગે, પરંતુ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચિત્ લાગે છે અને કદાચિત્ લાગતી નથી. વાસણાદિને શોધતાં, ચોરાયેલો તે સામાન જ્યારે પાછો મળી જાય, ત્યારે તે સર્વ ક્રિયાઓ ગવેષકને અત્યંત અલ્પ થઈ જાય છે.

**६ गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स कइए भंडं साइज्जेज्जा, भंडे य से अणुवणीए सिया; गाहावइस्स णं भंते ! ताओ भंडाओ किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणकिरिया कज्जइ, कइयस्स वा ताओ भंडाओ किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणकिरिया कज्जइ ?**

**गोयमा ! गाहावइस्स ताओ भंडाओ आरंभिया किरिया कज्जइ** *जाव* **अपच्चक्खाण किरिया कज्जइ; मिच्छादंसणवत्तिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ; कइयस्स णं ताओ सव्वाओ पयणुई भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાસણાદિ વસ્તુ વેચનાર ગૃહસ્થ પાસેથી કોઈ વ્યક્તિએ માલ ખરીદી લીધો, તેણે સોદો પાકો કરી લીધો, પણ તે માલ હજી સુધી લઈ ગયો નથી, માલ વેચનારને ત્યાં જ પડ્યો છે. તો હે ભગવન્ ! શું વિક્રેતાને તે માલ સંબંધી આરંભિકી આદિ ક્રિયા લાગે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વિક્રેતા ગૃહસ્થને તે માલ સંબંધી આરંભિકીથી લઈને અપ્રત્યાખ્યાનિકી સુધીની ચાર ક્રિયાઓ લાગે છે. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કદાચિત્ લાગે, કદાચિત્ લાગતી નથી. ખરીદનારને તે સર્વ ક્રિયાઓ અલ્પ પ્રમાણમાં લાગે છે.

**७ गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स कइए भंडं साइज्जेज्जा, भंडे से उवणीए सिया; कइयस्स णं भंते ! ताओ भंडाओ किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणवत्तिया किरिया कज्जइ; गाहावइस्स वा ताओ भंडाओ किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?**

**गोयमा ! कइयस्स ताओ भंडाओ हेट्ठिल्लाओ चत्तारि किरियाओ कज्जंति, मिच्छादंसणवत्तिया किरिया भयणाए; गाहावइस्स णं ताओ सव्वाओ पयणुई भवंति।**

**શબ્દાર્થ :– अवहरेज्जा** = અપહરણ કરે, ચોરી જાય **पयणुई** = પ્રતનુ, હળવી, પાતળી, અલ્પ **भवंति** = થઈ જાય **साइज्जेज्जा** = માલ ખરીદી લીધો, સોદો નિશ્ચિત્ત કરી લીધો, તે માટે બાનુ કે સૂથિ આપી દીધી **अभिसमण्णागए** = માલ પાછો મળી જાય **कइयस्स** = ક્રેતાને, ખરીદનારને **अणुवणीए** = માલ લઈ ગયા નથી **उवणीए** = માલ લઈ ગયા છે **भंडं** = વાસણ, વસ્તુ, સામાન, માલ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાસણાદિ વેચનાર ગૃહસ્થને ત્યાંથી ખરીદનાર તે માલને પોતાને ત્યાં

લઈ ગયો. આ સ્થિતિમાં શું તે ખરીદનારને તે ખરીદેલા માલ સંબંધી આરંભિકી આદિ ક્રિયાઓ લાગે છે ? કે તે વિક્રેતા ગૃહસ્થને તે ક્રિયાઓ લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ !(ઉપર્યુક્ત સ્થિતિમાં) ખરીદનારને તે માલ સંબંધી આરંભિકીથી અપ્રત્યાખ્યાનિકી સુધીની ચાર ક્રિયાઓ લાગે અને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયાની ભજના છે અર્થાત્ ખરીદનાર જો મિથ્યા– દષ્ટિ હોય તો મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા લાગે અને તે જો મિથ્યાદષ્ટિ ન હોય તો તે ક્રિયા લાગતી નથી. વિક્રેતા ગૃહસ્થને(મિથ્યાદર્શન–પ્રત્યયિકી ક્રિયાની ભજના સાથે) આ સર્વ ક્રિયાઓ અલ્પ પ્રમાણમાં લાગે છે.

**૮ गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स कइए भंडं साइज्जेज्जा, धणे य से अणुवणीए सिया । कइयस्स णं भंते ! ताओ धणाओ किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ? गाहावइस्स वा ताओ धणाओ किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?**

**गोयमा ! कइयस्स ताओ धणाओ हेट्ठिल्लाओ चत्तारि किरियाओ कज्जंति । मिच्छादंसणवत्तिया किरिया भयणाए । गाहावइस्स णं ताओ सव्वाओ पयणुई भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાસણાદિ વિક્રેતા ગૃહસ્થ પાસેથી ખરીદનારે કેટલોક માલ ખરીદી લીધો પરંતુ જ્યાં સુધી તે વિક્રેતાને તે માલના મૂલ્યરૂપ ધન પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી ખરીદનારને તે ધન સંબંધી આરંભિકી આદિ કેટલી ક્રિયા લાગે અને વિક્રેતા ગૃહસ્થને તે ધન સંબંધી આરંભિકી આદિ કેટલી ક્રિયા લાગે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વાસણાદિ વેચનાર ગૃહસ્થ પાસેથી ખરીદનારે તે માલ ખરીદી લીધો પરંતુ તેનું મૂલ્ય આપ્યું ન હોય તો તેને ધન સંબંધી ચાર ક્રિયા લાગે અને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા પૂર્વવત્ ભજનાથી લાગે અને વિક્રેતાને તે ક્રિયાઓ અલ્પ પ્રમાણમાં લાગે છે.

**९ गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स कइए भंडं साइज्जेज्जा, धणे से उवणीए सिया । गाहावइस्स णं भंते ! ताओ धणाओ किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ? कइयस्स वा ताओ धणाओ किं आरंभिया किरिया कज्जइ** *जाव* **मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?**

**गोयमा ! गाहावइस्स ताओ धणाओ आरंभिया किरिया कज्जइ** *जाव* **अपच्चक्खाण किरिया कज्जइ । मिच्छादंसणवत्तिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ। कइयस्स णं ताओ सव्वाओ पयणुई भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાસણાદિના વિક્રેતા પાસેથી ખરીદનારે માલ ખરીદી લીધો અને રકમ પણ આપી દીધી તો વિક્રેતા ગૃહસ્થ અને ખરીદનાર તે બંનેને ધન સંબંધી કેટલી ક્રિયાઓ લાગે ?

**ઉત્તર–** ગૌતમ ! વિક્રેતાને ધનસંબંધી ચાર ક્રિયા લાગે અને મિથ્યાત્વની ક્રિયા ભજનાથી લાગે. ખરીદનારને તે ધનસંબંધી સર્વ ક્રિયાઓ અલ્પપ્રમાણમાં લાગે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં વિક્રેતા અને ખરીદનારને માલ સંબંધી અને તેના મૂલ્ય રૂપ ધન સંબંધી વિભિન્ન અવસ્થાઓમાં લાગતી ક્રિયાઓનું નિરૂપણ કર્યું છે.

ભાંડ–વાસણાદિ વેચનારનો માલ કોઈ ચોરી જાય, તેને શોધતા વિક્રેતાને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે છે. ક્રિયા લાગવાનો આધાર પદાર્થ પર નથી, પરંતુ તેના પરના મમત્વ ભાવ પર છે. વિક્રેતાનો માલ ચોરાઈ જવા છતાં તેનો માલિકી ભાવ છૂટ્યો નથી. પરિગ્રહની મૂર્ચ્છાના કારણે ચોરાયેલા પદાર્થોને શોધવા તે તીવ્ર પ્રયત્ન કરે, તેમાં હિંસાદિ પણ થાય; તેથી તેને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે છે. પાંચમી ક્રિયાની ભજના કહી છે તેનું કારણ એ છે કે વિક્રેતા જો સમ્યગ્દષ્ટિ હોય તો તેને મિથ્યાત્વની ક્રિયા લાગતી નથી અને જો તે મિથ્યાદષ્ટિ હોય તો તેને પાંચ ક્રિયા લાગે.

ચોરાયેલો માલ જ્યારે પાછો મળી જાય, ત્યારે વિક્રેતાના તીવ્ર પરિણામ મંદ થઈ જાય છે, તેની તલ્લીનતા ઘટી જાય છે; તેથી તેને તે ક્રિયાઓ અલ્પ પ્રમાણમાં લાગે છે.

સૂત્ર ૬ થી ૯માં વિક્રેતા અને ક્રેતા સંબંધી ચાર વિકલ્પો છે– (૧) ક્રેતાએ સોદો કર્યો પણ માલ લીધો ન હોય (ર) સોદો કરી માલ લઈ લીધો હોય (૩) મૂલ્ય ચૂકવ્યું ન હોય (૪) મૂલ્ય ચૂકવી દીધું હોય. પહેલાંના બે વિકલ્પોમાં માલ સંબંધી ક્રિયાની પૃચ્છા છે અને પછીના બે વિકલ્પોમાં મૂલ્યના ધન સંબંધી ક્રિયાની પૃચ્છા છે.

તેનો નિષ્કર્ષ એ છે કે માલ જેની પાસે હોય, માલની માલિકી જેની હોય અથવા ધન જેની પાસે હોય, ધનની માલિકી જેની હોય, તેને તે ક્રિયા અતિ પ્રમાણમાં લાગે અને સામેની વ્યક્તિને તે ક્રિયા અલ્પ પ્રમાણમાં લાગે છે. આરંભિકી આદિ ક્રિયાઓનું સ્વરૂપ સ્થૂલદષ્ટિએ સ્થાનાંગ સૂત્ર સ્થાન–ર, ઉદ્દે.–૧, સૂત્ર–૧૩ના વિવેચનમાં કરેલ છે. સૂક્ષ્મદષ્ટિએ તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) आरंभिया :–** જીવ હિંસાના પરિણામોથી તથા અવિવેક અને ઉપેક્ષાથી લાગતી ક્રિયા.
**(ર) परिग्गहिया :–** મૂર્ચ્છા અને આસક્તિથી લાગતી ક્રિયા.
**(૩) मायावत्तिया :–** કષાય યુક્ત જીવને લાગતી ક્રિયા.
**(૪) अपच्चक्खाणवत्तिया :–** અવિરત જીવોને લાગતી ક્રિયા.
**(૫) मिच्छादंसणवत्तिया :–** મિથ્યાત્વી જીવને લાગતી ક્રિયા.

## અગ્નિકાયના જીવ મહાકર્મા અને અલ્પકર્મા :–

**१० अगणिकाए णं भंते ! अहुणोज्जलिए समाणे महाकम्मतराए चेव, महाकिरिय–**

**तराए चेव महासवतराए चेव महावेयणतराए चेव भवइ; अहे णं समए समए वोक्कसिज्जमाणे चरिमकालसमयंसि इंगालब्भूए मुम्मुरब्भूए छारियब्भूए; तओ पच्छा अप्पकम्मतराए चेव** *जाव* **अप्पवेयणतराए चेव भवइ ?**

**हंता गोयमा ! अगणिकाए णं अहुणोज्जलिए समाणे तं चेव** *जाव* **अप्प- वेयणतराए चेव भवइ ।**

**શબ્દાર્થ :– अहुणोज्जलिए** = તત્કાલ પ્રજ્વલિત કરેલી **वोक्कसिज्जमाणे** = અપકર્ષણને પ્રાપ્ત થતી, ક્રમશઃ બુઝાતી **महाकम्म** = જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ **महाकिरिया** = કાયિકી આદિ **महासव** = હિંસાદિ કર્મબંધના કારણો **महावेयणा** = કર્મ ઉદયાવસ્થા **इंगाल** = અંગારા **मुम्मुर** = મુરમુર **छारिय** = રાખ, અંગારા આદિની સાથે રહેલી અત્યુષ્ણ રાખ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તત્કાલ પ્રજ્વલિત અગ્નિકાય શું મહાકર્મ, મહાક્રિયા મહાઆશ્રવ અને મહાવેદનાથી યુક્ત હોય છે ? અને તત્પશ્ચાત્ સમયે સમયે ક્રમશઃ ઘટતી, બુઝાતી તે અગ્નિ અંતિમ સમયે અંગારભૂત, મુરમુરભૂત અને ભસ્મસ્વરૂપ થઈ જાય, ત્યારે શું તે અલ્પતર કર્મ, અલ્પતર ક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળી હોય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તત્કાલ પ્રજ્વલિત અગ્નિકાય મહાકર્મ આદિથી યુક્ત હોય છે અને ક્રમશઃ ભસ્મસ્વરૂપ થાય ત્યારે અલ્પકર્મવાળી વગેરે હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં એકેન્દ્રિય એવા અગ્નિકાયના જીવ સંબંધી કર્મ, ક્રિયા આદિની વિચારણા કરી છે. અગ્નિ પ્રજ્વલિત થતાં ક્રમશઃ વૃદ્ધિ પામે ત્યારે ઘણા જીવોની ઉત્પત્તિ થતી હોવાથી અને અગ્નિ દ્વારા છકાય જીવની હિંસા થતી હોવાથી તે અગ્નિના જીવોને કર્મ, ક્રિયા, આશ્રવ વગેરે વધારે થાય છે અને જ્યારે અગ્નિ ક્રમશઃ બુઝાય જાય ત્યારે જીવોની અલ્પતા હોવાથી અને માત્ર અગ્નિકાયની જ હિંસા થતી હોવાથી તેમજ તેની દાહકતા અને ઉષ્ણતા અલ્પ થવાથી તે જીવોને કર્મ, ક્રિયા, વેદના વગેરે અલ્પ થતાં જાય છે.

**छारिय भूयं :–** અંગાર અને મુરમુર સાથે રહેલી અત્યુષ્ણ રાખ પણ અગ્નિ જીવમય હોય છે. જેમ અંગારની ઉપર શેકાતી રોટલી પણ અગ્નિકાયના જીવમય બની જાય છે તેમ તે ઉષ્ણરાખ પણ અગ્નિકાય મય હોય છે તેથી તે જીવો માટે પણ ક્રિયાનું કથન કર્યું છે. શેકાતી રોટલી અગ્નિ પાસેથી હટાવ્યા પછી અગ્નિ જીવરહિત એટલે અચિત્ત થઈ જાય છે તેમ અંગાર મુરમુર આદિથી રહિત થયેલી રાખ પણ શીતળ થતાં અચિત્ત થઈ જાય છે.

## ધનુર્ધારી અને ધનુષના જીવોને લાગતી ક્રિયા :–

**११ पुरिसे णं भंते ! धणुं परामुसइ, परामुसित्ता उसुं परामुसइ, परामुसित्ता**

**ठाणं ठाइ, ठिच्चा आययकण्णाययं उसुं करेइ; आययकण्णाययं उसुं करेत्ता उड्ढं वेहासं उसुं उव्विहइ, तएणं से उसुं उड्ढं वेहासं उव्विहिए समाणे जाइं तत्थ पाणाइं, भूयाइं, जीवाइं, सत्ताइं अभिहणइ, वत्तेइ, लेसेइ, संघाएइ संघट्टेइ, परितावेइ, किलामेइ, ठाणाओ ठाणं संकामेइ, जीवियाओ ववरोवेइ, तए णं भंते ! से पुरिसे कइ किरिए ?**

**गोयमा ! जावं च णं से पुरिसे धणुं परामुसइ, परामुसित्ता** *जाव* **उव्विहइ, तावं च णं से पुरिसे काइयाए** *जाव* **पाणाइवायकिरियाए पंचहिं किरियाहिं पुट्ठे ।**

**जेसिं पि य णं जीवाणं सरीरेहिं धणुं णिव्वत्तिए ते वि य णं जीवा काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठे; एवं धणुपुट्ठे पंचहिं किरियाहिं, जीवा पंचहिं, ण्हारू पंचहिं, उसू पंचहिं, सरे, पतणे, फले, ण्हारू पंचहिं ।**

**શબ્દાર્થ :– परामुसइ** = સ્પર્શ કરે છે **उसुं** = બાણ **ठाणं ठाइ** = યથાસ્થાને બાણને રાખે, પ્રત્યંચા પર ચડાવે **आययकण्णाययं** = કાન સુધી ખેંચીને **वेहासं** = આકાશમાં **उव्विहइ** = ફેંકે છે **वत्तेइ** = સંકુચિત કરે **लेसेइ** = એક બીજા સાથે અથડાવે છે **संघाएइ** = પરસ્પર સંઘાત–એકત્રિત કરે **संघट्टेइ** = જોરથી સ્પર્શ કરાવે **जीवा** = દોરી, પ્રત્યંચા **ण्हारु** = સ્નાયુ , બાણને બાંધવાની ચામડાની દોરી **सरे** = શર, બાણ **पतणे** = પત્રાણ, બાણનો મૂળભાગ **फले** = ફલ, બાણનો અગ્રભાગ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ પુરુષ ધનુષને ગ્રહણ કરે, ધનુષને ગ્રહણ કરી બાણને ગ્રહણ કરે, બાણને ગ્રહણ કરી ધનુષની પ્રત્યંચા ઉપર ચડાવે, પ્રત્યંચા પર બાણ ચડાવી બાણને કાન સુધી ખેંચે; ખેંચીને ઊંચે આકાશમાં તે બાણ ફેંકે, ઊંચે આકાશમાં ફેંકેલું તે બાણ ત્યાં માર્ગમાં સામે આવતા પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વને (૧) હણે (૨) સંકોચી નાંખે અથવા તેને ઢાંકે (૩) મસળે (૪) પરસ્પર એકત્રિત કરે (૫) જોરથી સ્પર્શ કરે (૬) તેને પરિતાપ(સામાન્ય કષ્ટ)આપે (૭) તેને અતિકષ્ટ આપે(થકવી દે) (૮) હેરાન કરે (૯) એક સ્થાનથી બીજા સ્થાન પર મૂકી દે (૧૦) તેને જીવનથી રહિત કરી દે, તો હે ભગવન્! તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પુરુષ ધનુષને ગ્રહણ કરીને ***યાવત્*** બાણને ફેંકે ત્યાં સુધીની પ્રવૃત્તિ કરતાં કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી આ પાંચ ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે અર્થાત્ તે પુરુષને પાંચ ક્રિયાઓ લાગે છે.

જે જીવોના શરીરથી તે ધનુષ બન્યું છે, તે જીવ પણ કાયિકી આદિ પાંચ ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. તે જ રીતે જે જીવોના શરીરથી ધનુષ્યપીઠ, પ્રત્યંચા, સ્નાયુ બાણ, તીર, પત્રાણ, ફળ અને બાણનો સ્નાયુ બન્યા હોય તે જીવોને પણ પાંચ ક્રિયા લાગે છે.

**१२ अहे णं से उसू अप्पणो गरुयत्ताए भारियत्ताए गुरुसंभारियत्ताए अहे**

**वीससाए पच्चोवयमाणे जाइं तत्थ पाणाइं** *जाव* **जीवियाओ ववरोवेइ तावं च णं से पुरिसे कइ किरिए ?**

**गोयमा ! जावं च णं से उसू अप्पणो गरुयत्ताए** *जाव* **ववरोवेइ तावं च णं से पुरिसे काइयाए** *जाव* **चउहिं किरियाहिं पुट्ठे; जेसिं पि य णं जीवाणं सरीरेहिं धणु णिव्वत्तिए ते वि जीवा चउहिं किरियाहिं पुट्ठे; धणुपुट्ठे चउहिं, जीवा चउहिं, ण्हारू चउहिं, उसू पंचहिं, सरे, पतणे, फले, ण्हारू पंचहिं, जे वि य से जीवा अहे पच्चोवयमाणस्स उवग्गहे वट्टंति ते वि य णं जीवा काइयाए** *जाव* **पंचहिं किरियाहिं पुट्ठा ।**

**શબ્દાર્થ :– गरुयत्ताए** = ગુરુતાથી(વિસ્તારની અપેક્ષાએ) **भारियत्ताए** = ભારેપણાથી **गुरुसंभारियत्ताए** = વિસ્તાર અને ભારેપણાથી યુક્ત હોવાથી **वीससाए** = સ્વાભાવિક રીતે **पच्चोवयमाणे** = નીચે પડતાં **उवग्गहे** = માર્ગમાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે તે બાણ પોતાની ગરુતાથી, પોતાના ભારેપણાથી અને પોતાના વિસ્તાર–ભારથી, સ્વાભાવિક રૂપે નીચે પડી રહ્યું હોય ત્યારે તે બાણ માર્ગમાં પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વને જીવનથી રહિત કરે તો તે ધનુર્ધારી પુરુષને કેટલી ક્રિયા લાગે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્યારે તે બાણ પોતાની ગુરુતા આદિથી નીચે પડે અને માર્ગમાં આવતા જીવોને જીવનથી રહિત કરે તો તે પુરુષ કાયિકી આદિ ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે અને જે જીવોના શરીરથી તે ધનુષ, ધનુષપીઠ, જીવા, સ્નાયુ બન્યા હોય તે જીવો ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. બાણના જીવ પાંચ ક્રિયાથી અને શર, પત્રણ, ફલ અને તેના સ્નાયુના જીવો પાંચ ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવ બાણથી આહત થઈ નીચે પડતાં માર્ગમાં હોય છે, તે જીવ પણ કાયિકી આદિ પાંચ ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ધનુર્ધારી વ્યક્તિને તથા જે જે જીવોના શરીરથી ધનુષના વિવિધ ઉપકરણો બન્યા છે તે જીવોને બાણ છૂટતા સમયે અને બાણ નીચે પડતા સમયે થનારી પ્રાણી–હિંસાથી લાગતી ક્રિયાઓનું નિરૂપણ કર્યું છે.

(૧) બાણ ફેંકનાર પુરુષની શક્તિથી બાણ લક્ષ્ય સુધી જાય ત્યારે માર્ગમાં અને લક્ષિત સ્થાનમાં જે જીવોની વિરાધના થાય તે વિરાધનાથી પુરુષને પાંચ ક્રિયાઓ લાગે. લક્ષિત સ્થાન સુધી ગયા પછી બાણ સ્વયંના ભારથી નીચે પડતાં માર્ગમાં અને ભૂમિ પર પડે ત્યાં જે જીવોની વિરાધના થાય; તેનાથી તે પુરુષને ચાર ક્રિયા લાગે. (૨) ધનુષ્ય અને ધનુષ્યના અવયવો જે જીવોના શરીરથી નિષ્પન્ન થયા હોય તે

જીવોને બાણ દ્વારા લક્ષિત સ્થાન સુધી પહોંચતા જે જીવોની વિરાધના થાય તે જીવોથી પાંચ ક્રિયા લાગે અને ત્યારપછી પોતાના ભારથી નીચે પડતાં બાણ દ્વારા જે જીવોની વિરાધના થાય તેનાથી ચાર ક્રિયા લાગે. (૩) બાણ અને બાણના અવયવો જે જીવોના શરીરથી નિષ્પન્ન થયા હોય તે જીવોને પૃથ્વી સુધી પહોંચતા બાણ દ્વારા જે જીવોની વિરાધના થાય તેનાથી પાંચ ક્રિયા લાગે. તેમાં ચાર ક્રિયાનો વિકલ્પ નથી.

(૪) માર્ગમાં જતાં બાણ જે આકાશપ્રદેશોનું અવગાહન કરે, ત્યાંના જે જીવ ચલ વિચલ થાય તે જીવોના શરીરથી જે જીવહિંસા થાય, તે જીવોને પાંચ ક્રિયા લાગે અર્થાત્ બાણથી અથડાતાં પક્ષી વગેરે નીચે પડે તેના દ્વારા માર્ગમાં અને ભૂમિ પર જે વિરાધના થાય તેથી પક્ષી આદિને પાંચ ક્રિયા લાગે.

યદ્યપિ વર્તમાને ધનુષ આદિ અચેતન છે, તેમ છતાં જે જીવોના શરીરથી તે ધનુષાદિ બન્યા હોય તે જીવોએ મૃત્યુ સમયે પોતાના શરીરનો સ્વેચ્છાથી ત્યાગ કર્યો ન હોય તેમજ તે જીવો વર્તમાને પણ અવિરતિના પરિણામથી યુક્ત હોય તે કારણે ક્રિયાઓ લાગે છે.

નિષ્કર્ષ એ છે કે પૂર્વના શરીરોની અપેક્ષાએ પાપકર્મ બંધ કે અશુભ કર્મબંધની પરંપરા ચાલુ રહી શકે છે પરંતુ પુણ્યકર્મબંધ કે શુભકર્મબંધની પરંપરા રહેતી નથી. કારણ કે સંસારી જીવોને પાપનો પ્રવાહ તો ચાલુ જ છે જ્યારે પુણ્ય તો પ્રયત્નથી તેમજ વિવેકપૂર્વક જ થાય છે.

પોતાના ભારેપણા આદિથી જ્યારે બાણ નીચે પડે, ત્યારે પુરુષ ચાર ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે. જો કે તે ધનુર્ધારી પુરુષ પાંચે ક્રિયાનું નિમિત્ત બને છે તેમ છતાં પોતાના જ ભારેપણાથી બાણ જ્યારે જમીન તરફ પાછું ફરતું હોય ત્યારે જે જીવોનો સંહાર થાય, તે પ્રવૃત્તિમાં પુરુષ સાક્ષાત્ પ્રવૃત્ત થતો નથી, તેથી તેને પ્રાણાતિપાતિકી ક્રિયાને છોડીને ચાર ક્રિયા લાગે છે. બાણ વગેરે જીવહિંસામાં સાક્ષાત્ પ્રવૃત્ત થાય છે, તેથી જે જીવોના શરીરથી બાણ બન્યું છે, તેને પાંચ ક્રિયા લાગે છે. જ્યારે ધનુષની દોરી, જીવા, ધનુ:પૃષ્ઠ આદિ સાક્ષાત્ વધક્રિયામાં પ્રવૃત્ત ન થતાં કેવલ નિમિત્ત માત્ર બને છે, તેથી તેને પણ ચાર ક્રિયા લાગે છે. તાત્પર્ય એ છે કે જે સાધન જીવહિંસામાં સાક્ષાત્ પ્રવૃત્ત થાય તેને પાંચ ક્રિયા અને જે સાધન પરંપરાએ પ્રવૃત્ત થતાં હોય તેને ચાર ક્રિયા લાગે છે.

જે જીવોને અવિરતિના પરિણામ નથી તેવા શ્રમણ અને સિદ્ધોનું પૂર્વે છોડેલું શરીર જીવહિંસાનું નિમિત્ત બને તો પણ તેઓને કોઈ પણ ક્રિયા લાગતી નથી. કારણ કે તેઓએ શરીરનો તથા કર્મબંધના હેતુભૂત અવિરતિ પરિણામનો સર્વથા ત્યાગ કરી દીધો છે. તેમજ રજોહરણ, પાત્ર, વસ્ત્ર, આદિ સાધુના ઉપકરણો જીવદયાના સાધન છે. તેમ છતાં રજોહરણાદિના ભૂતપૂર્વ જીવોને પુણ્યનો બંધ થતો નથી, કારણ કે રજોહરણાદિના જીવોને પુણ્યબંધના હેતુરૂપ વિવેક કે શુભ અધ્યવસાય હોતા નથી.

## અન્યતીર્થિકોનો મનુષ્યલોક સંબંધી ભ્રમ :-

**१३ अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति** *जाव* **परूवेंति- से जहा णामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, चक्कस्स वा णाभी अरगाउत्ता**

**सिया; एवामेव जाव चत्तारि पंच जोयणसयाइं बहुसमाइण्णे मणुयलोए मणुस्सेहिं । से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जण्णं ते अण्णउत्थिया एवं आइक्खंति** *जाव* **बहु समाइण्णे मणुयलोएमणुस्सेहिं; जे ते एवं आहंसु, मिच्छं ते एवं आहंसु । अहं पुण गोयमा! एवं आइक्खामि** *जाव* **परूवेमि– से जहाणामए जुवइं जुवाणे हत्थेण हत्थं गेण्हेज्जा, चक्कस्स वा णाभी अरगाउत्ता सिया; एवामेव** *जाव* **चत्तारि पंच जोयणसयाइं बहु– समाइण्णे णिरयलोए णेरइएहिं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે જેમ કોઈ યુવક પોતાના હાથથી યુવતીનો હાથ સઘન રીતે પકડે છે તેમજ ચક્રની નાભિ આરાઓથી એકદમ જકડાયેલી હોય છે; તે જ રીતે ચારસો–પાંચસો યોજન જેટલું મનુષ્ય ક્ષેત્ર મનુષ્યોથી ઠસોઠસ ભરેલું છે, હે ભગવન્ ! શું તેઓનું આ કથન સત્ય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અન્યતીર્થિકો જે આ પ્રમાણે કહે છે ***યાવત્*** ચારસો–પાંચસો યોજન જેટલું મનુષ્ય ક્ષેત્ર મનુષ્યોથી ઠસોઠસ ભરેલું છે; તેઓનું આ કથન મિથ્યા છે. હું આ પ્રમાણે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે જેમ કોઈ યુવક પોતાના હાથથી સઘન રીતે યુવતીનો હાથ પકડે છે તેમજ ચક્રની નાભિ આરાઓથી એકદમ જકડાયેલી હોય છે; તે જ રીતે ચારસો, પાંચસો યોજન જેટલું નરક ક્ષેત્ર નૈરયિક જીવોથી ઠસોઠસ ભરેલું છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અન્યતીર્થિકોની ભ્રમિત માન્યતાનું શુદ્ધિકરણ કર્યું છે.

અન્યતીર્થિકોનું કથન છે કે મનુષ્યલોકમાં કોઈ ક્ષેત્ર ૪૦૦–૫૦૦ યોજન ઠસોઠસ મનુષ્યોથી ભર્યો છે, તે યથાર્થ નથી. પરંતુ નરક લોકનું ૪૦૦–૫૦૦ યોજનનું ક્ષેત્ર નૈરયિક જીવોથી ઠસોઠસ ભર્યું છે, તે પ્રમાણે સમજવું જોઈએ.

### નૈરયિકોની વિકુર્વણા શક્તિ :–

**१४ णेरइयाणं भंते ! किं एगत्तं पभू विउव्वित्तए, पुहुत्तं पभू विउव्वित्तए ?**

**गोयमा ! एगत्तं वि पभु विउवित्तए, पुहुत्तं वि पभु विउवित्तए । एवं जहा जीवाभिगमे तहा णेयव्वो** *जाव* **दुरहियासे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક જીવ એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે કે અનેક

રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક એક રૂપની વિકુર્વણા પણ કરે છે અને અનેક રૂપોની વિકુર્વણા પણ કરે છે. આ રીતે જીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ–૩, ઉદ્દેશક–૨. અનુસાર સંપૂર્ણ વર્ણન અહીં જાણવું જોઈએ ***યાવત્*** તેઓની પરસ્પર ઉદીરિત વેદના દુઃસહ્ય હોય છે.

## વિવેચન :–

**જીવાભિગમ સૂત્રમાં વર્ણિત વિષય :–** રત્નપ્રભા આદિ નરકોમાં નૈરયિકો એકરૂપની કે અનેક રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે. એક રૂપની વિકુર્વણા કરે, ત્યારે તે એક મોટો મુદ્‌ગર, મુસુંઢી, કરવત, તલવાર, શક્તિ, હલ, ગદા, મૂસલ, ચક્ર, નારાચ, ભાલા, તોમર, શૂલ, લાકડી, ભિંડમાલ આદિ એક–એક રૂપની વિકુર્વણા કરી શકે છે અને જ્યારે અનેક રૂપોની વિકુર્વણા કરે છે, ત્યારે મુદ્‌ગરથી લઈને ભિંડમાલ સુધીના અનેક શસ્ત્રોની વિકુર્વણા કરી શકે છે; તે સર્વે સંખ્યાતા રૂપો હોય છે. અસંખ્યાત રૂપોની વિકુવર્ણા તે કરી શકતા નથી. તે સંબંદ્ધ અને સદશ રૂપોની વિકુર્વણા કરે છે, અસંબદ્ધ અને અસદશ રૂપોની વિકુર્વણા કરતા નથી. આ પ્રમાણે વિકુર્વણા કરીને તે એક બીજાના શરીરને અભિઘાત પહોંચાડી, વેદનાની ઉદીરણા કરે છે. તે વેદના તીવ્ર, વિપુલ, પ્રગાઢ, કર્કશ, કટુક, કઠોર, નિષ્ઠુર, ચંડ, તીવ્ર, દુખઃરૂપ અને દુઃસહ્ય હોય છે.

## દોષને નિર્દોષ માનનારની વિરાધના–આરાધના :–

**૧૫ आहाकम्मं अणवज्जे त्ति मणं पहारेत्ता भवइ; से णं तस्स ठाणस्स अणालोइय अपडिक्कंते कालं करेइ, णत्थि तस्स आराहणा; से णं तस्स ठाणस्स आलोइय पडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा । एएणं गमेणं णेयव्वं– कीयगडं, ठवियं, रइयं, कंतारभत्तं, दुब्भिक्खभत्तं, वद्दलियाभत्तं, गिलाणभत्तं, सेज्जायरपिंडं, रायपिंडं ।**

**શબ્દાર્થ :– आहाकम्मं** = સાધુ માટે પાણી, અગ્નિ આદિ જીવ હિંસા કરી તૈયાર કરેલો આહાર **कीयगडं** = ક્રીતદોષ, સાધુ માટે ખરીદેલો આહાર **ठवियं** = સાધુ માટે સ્થાપિત, અલગ મૂકી રાખેલો આહાર **रइयं** = રચિત દોષયુક્ત આહાર, સંસ્કારિત કરેલો આહાર **कंतारभत्तं** = અટવી પાર કરનારાઓ માટે રાખેલો આહાર, ભાતુ **दुब्भिक्खभत्तं** = દુષ્કાળ આદિ પ્રસંગે ભિક્ષુઓ(યાચકો)માટે દાનશાળા વગેરેનો આહાર **वद्दलियाभत्तं** = અતિવૃષ્ટિથી પીડિત લોકો માટે દેવાતો આહાર **गिलाणभत्तं** = બીમારો માટેનો આહાર **सेज्जायरपिंडं** = મકાન માલિકનો આહાર **रायपिंडं** = રાજા માટે બનેલો આહાર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** જે સાધુના મનમાં **આધાકર્મી આહારાદિ ગ્રહણ કરવામાં કોઈ દોષ નથી** તેવી ધારણા હોય અને તે ધારણાની આલોચના અને પ્રતિક્રમણ તથા તદનુસાર પ્રાયશ્ચિત્ત કર્યા વિના જ જો તે કાલધર્મ પામે, તો તેને આરાધના થતી નથી. પરંતુ જો તે ધારણાની આલોચના અને પ્રતિક્રમણ દ્વારા શુદ્ધિ

કરીને કાલધર્મ પામે, તો તેને આરાધના થાય છે.

તે જ રીતે ખરીદેલો, સ્થાપિત કરેલો અને સંસ્કારિત આદિ કરેલો આહાર તથા કાંતાર ભક્ત, દુર્ભિક્ષ ભક્ત, અતિવૃષ્ટિ ભક્ત, ગ્લાન ભક્ત, શય્યાતરપિંડ અને રાજપિંડ વગેરે દોષોના સંબંધમાં પણ નિર્દોષ હોવાની ધારણા મનમાં રાખનાર માટે વિરાધના અને આરાધનાના બન્ને વિકલ્પ સમજવા.

**૧૬ आहाकम्मं अणवज्जे त्ति सयमेव परिभुंजित्ता भवइ । से णं तस्स ठाणस्स अणालोइय अपडिक्कंते कालं करेइ, णत्थि तस्स आराहणा; से णं तस्स ठाणस्स आलोइय पडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा । एए एणं गमेणं णेयव्वं- कीयगडं** *जाव* **रायपिंडं ।**

**ભાવાર્થ :– આધાકર્મ દોષયુક્ત પદાર્થ ગ્રહણ કરવામાં કોઈ દોષ નથી** આ પ્રમાણે સમજીને જે સાધુ સ્વયં તે આધાકર્મી આહારાદિનું સેવન કરે અને તેની આલોચના, પ્રતિક્રમણ–પ્રાયશ્ચિત્ત કર્યા વિના જ કાલધર્મ પામે તો તેને આરાધના થતી નથી પરંતુ આલોચના પ્રતિક્રમણ કરીને કાલધર્મ પામે તો તેને આરાધના થાય છે. આ જ રીતે ક્રીતદોષથી રાજપિંડ સુધી સર્વ દોષો માટે જાણવું.

**૧૭ आहाकम्मं अणवज्जे त्ति अण्णमण्णस्स अणुप्पदावइत्ता भवइ । से णं तस्स ठाणस्स अणालोइय अपडिक्कंते कालं करेइ, णत्थि तस्स आराहणा; से णं तस्स ठाणस्स आलोइय पडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा । एवं एएणं गमेणं णेयव्वं- कीयगडं** *जाव* **रायपिंडं ।**

**ભાવાર્થ :– આધાકર્મ દોષયુક્ત પદાર્થ ગ્રહણ કરવામાં કોઈ દોષ નથી** આ પ્રમાણે સમજીને જે સાધુ પરસ્પર એક બીજા સાધુઓને તે આહાર આપે અને તે પ્રવૃત્તિની આલોચના, પ્રતિક્રમણ–પ્રાયશ્ચિત્ત કર્યા વિના જ કાલધર્મ પામે તો તેને આરાધના થતી નથી પરંતુ આલોચના પ્રતિક્રમણ કરીને કાલધર્મ પામે તો તેને આરાધના થાય છે. તેમજ ક્રીતદોષથી રાજપિંડ દોષ સુધી સર્વ દોષો માટે જાણવું.

**૧૮ आहाकम्मं णं अणवज्जे त्ति बहुजणमज्झे पण्णवइत्ता भवइ, से णं तस्स ठाणस्स अणालोइय अपडिक्कंते कालं करेइ, णत्थि तस्स आराहणा; से णं तस्स ठाणस्स आलोइय पडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा । एवं एएणं गमेणं णेयव्वं- कीयगडं** *जाव* **रायपिंडं ।**

**ભાવાર્થ :–** જે સાધુ **આધાકર્મ દોષયુક્ત પદાર્થ ગ્રહણ કરવામાં કોઈ દોષ નથી** તેવી પ્રરૂપણા અનેક લોકોની વચ્ચે કરે અને તે પ્રરૂપણાની આલોચના, પ્રતિક્રમણ–પ્રાયશ્ચિત્ત કર્યા વિના જ કાલધર્મને પામે તો તેને આરાધના થતી નથી પરંતુ આલોચના પ્રતિક્રમણ કરીને કાલધર્મ પામે તો તેને આરાધના

થાય છે. તેમજ ક્રીતદોષથી રાજપિંડ દોષ સુધી સર્વ દોષો માટે જાણવું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં આધાકર્માદિ દોષથી દૂષિત આહારને નિષ્પાપ, નિર્દોષ સમજનાર વ્યક્તિની આરાધના અને વિરાધનાનું નિરૂપણ કરતાં ચાર વિકલ્પો દર્શાવ્યા છે.

**ચાર વિકલ્પ :–** (૧) આધાકર્મ દોષયુક્ત પદાર્થોને નિર્દોષ માને.(૨) તે દોષયુક્ત પદાર્થનું સ્વયં સેવન કરે. (૩) તે દોષયુક્ત પદાર્થ અન્ય સાધુઓને આપે. (૪) તે પ્રકારે ખોટી પ્રરૂપણા કરે.

પ્રસ્તુત ચારે વિકલ્પથી દોષ સેવન કરનાર સાધકની શ્રદ્ધા, પ્રરૂપણા કે સ્પર્શના યથાર્થ નથી. તેથી તે દોષની શુદ્ધિ માટે સાધકને આલોચનાદિની અનિવાર્યતા છે. જો દોષ સેવન કરનાર વ્યક્તિ આલોચનાદિ કરીને કાલધર્મ પામે તો જ તે આરાધક બને છે. આલોચનાદિ કરવાથી તેની પાપની પરંપરા તૂટી જાય છે. આલોચનાદિ ન કરવાથી તેની પાપની પરંપરા ચાલુ જ રહે છે; તેથી તે સાધક વિરાધક બને છે.

કદાચ કોઈ પરિસ્થિતિવશ સાધુ–સાધ્વી આધાકર્મ દોષયુક્ત આહારનું સેવન કરે તો પણ તેની શ્રદ્ધા અને પ્રરૂપણા તો યથાર્થ જ હોવી જોઈએ અને પરિસ્થિતિ પૂર્ણ થતાં તે દોષની આલોચનાદિ કરી લેવી જોઈએ. કારણ કે શુદ્ધ શ્રદ્ધા પ્રરૂપણા અને આલોચના, પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો દોષમુક્તિના અમોઘ સાધન છે.

નિષ્કર્ષ એ છે કે કોઈપણ દોષોની આલોચના, પ્રતિક્રમણાદિ કર્યા વિના જ કાલધર્મ પામનાર સાધુ વિરાધક થાય છે અને આલોચના–પ્રતિક્રમણાદિ કરીને કાલધર્મ પામનાર સાધુ આરાધક થાય છે.

**રત્નત્રયની વિરાધના :–** આધાકર્માદિ દોષને નિર્દોષ હોવાની મનમાં ધારણા કરી લેવી તથા આધાકર્માદિના વિષયમાં નિર્દોષ હોવાની પ્રરૂપણા કરવી, તે વિપરીત શ્રદ્ધાનાદિ રૂપ હોવાથી દર્શન વિરાધના છે. તેને વિપરીત રૂપે જાણવું તે જ્ઞાન વિરાધના છે તથા આ દોષોને નિર્દોષ કહીને સ્વયં આધાકર્માદિ દોષથી દૂષિત આહારાદિનું સેવન કરવું તથા અન્ય સાધુઓને તેવો દોષયુક્ત આહાર આપવો, તે ચારિત્ર વિરાધના છે. આ રીતે ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં રત્નત્રયની વિરાધના થાય છે.

**आहाकम्मं :–** આધાકર્મ દોષ. **आधया साधुप्रणिधानेन यत् सचेतनं(पदार्थं)अचेतनम् क्रियते, अचेतनं पच्यते, चीयते वा गृहादिकम्, वयते वा वस्त्रादिकम्, तदाधाकर्म ।** **અર્થ–** સાધુના નિમિત્તે સચેત પદાર્થને અચેત કરે, અચેત દાળ–ચોખા વગેરેને પકાવે, મકાનાદિ બનાવે, વસ્ત્રાદિનું વણાટ કરે, તેને આધાકર્મ કહે છે. ક્રીતકૃત આદિ અન્ય દોષોનું સ્પષ્ટીકરણ શબ્દાર્થમાં આપ્યું છે.

**रइयं :–** રચિત દોષયુક્ત આહાર. સંસ્કારિત કરેલો આહાર. તેનું તાત્પર્ય એ છે કે સાધુ માટે દળેલો, ખાંડેલો, વાટેલો, ઝાટકીને અને ગાળીને સાફ કરેલો ખાદ્યપદાર્થ અર્થાત્ અગ્નિ, પાણીના આરંભ વિના સંસ્કારિત કરેલો આહાર. યથા– ફળો સુધારીને રાખવા, મેવાના ટુકડા કરીને રાખવા, ઉખળ મૂસળના કે

ખરલના પ્રયોગથી કોઈ વસ્તુ ખાંડવી સૂપડાથી સાફ કરવી વગેરે. આ સર્વ પ્રવૃત્તિઓથી આહાર રચિત દોષયુક્ત થઈ જાય છે.

## આચાર્ય–ઉપાધ્યાયની ગતિ :–

**१९ आयरिय–उवज्झाए णं भंते ! सविसयंसि गणं अगिलाए संगिण्हमाणे, अगिलाए उवगिण्हमाणे कइहिं भवग्गहणेहिं सिज्झइ *जाव* अंतं करेइ ?**

**गोयमा ! अत्थेगइए तेणेव भवग्गहणेणं सिज्झइ, अत्थेगइए दोच्चेणं भवग्गहणेणं सिज्झइ तच्चं पुण भवग्गहणं णाइक्कमइ ।**

**શબ્દાર્થ :– सविसयंसि** = પોતાના વિષયમાં **संगिण्हमाणे** = સ્વીકાર કરતાં **उवगिण्हमाणे** = સહાયતા કરતાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે આચાર્ય, ઉપાધ્યાય પોતાના વિષયમાં અર્થાત્ વાચના પ્રદાન અને અનુશાસન વગેરેમાં શિષ્યવર્ગની ખેદ વિના, ઉત્સાહભાવથી દેખરેખ અને સારસંભાળ રાખે અર્થાત્ તેઓની સંયમોન્નતિનું ધ્યાન રાખે તેને સંયમ પાલનમાં સહાયક બને, તે આચાર્યાદિ કેટલા ભવ કરીને સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (પ્રશ્નોક્ત ગુણ સંપન્ન) કેટલાક આચાર્ય અને ઉપાધ્યાય તે જ ભવમાં સિદ્ધ થાય છે, કેટલાક બે ભવ કરીને સિદ્ધ થાય છે, પરંતુ ત્રીજા ભવનું અતિક્રમણ કરતા નથી અર્થાત્ ઉત્કૃષ્ટ ત્રણ ભવ કરી મુક્ત થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં કર્તવ્યનિષ્ઠ આચાર્ય અને ઉપાધ્યાયનું માહાત્મ્ય પ્રદર્શિત કર્યું છે.

જે આચાર્ય અને ઉપાધ્યાય પોતાના કર્તવ્ય અને ઉત્તરદાયિત્વનું સમ્યક્ પ્રકારે વહન કરે છે અર્થાત્ સ્વયં નિર્દોષ આચારનું પાલન કરે છે અને શિષ્યવર્ગના નિર્દોષ સંયમ પાલનમાં પ્રેરક અને સહાયક બને છે તે અવશ્ય મોક્ષગામી બને છે. તેમાં કેટલાક આચાર્ય–ઉપાધ્યાય તે જ ભવમાં મુક્ત થાય છે, કેટલાક દેવલોકમાં જઈ મનુષ્યનો બીજો ભવ ધારણ કરીને મુક્ત થાય છે અને કેટલાક ફરી દેવલોકમાં જઈ મનુષ્યનો ત્રીજો ભવ ધારણ કરીને મુક્ત થાય છે. તેઓ મનુષ્યના ત્રણ ભવથી વધુ ભવ કરતા નથી. આ રીતે મનુષ્યના ત્રણ ભવ અને વચ્ચે દેવના બે ભવ કુલ પાંચ ભવ સમજવા.

## મિથ્યાદોષારોપણનું દુષ્ફળ :–

**२० जे णं भंते ! परं अलिएणं असब्भूएणं अब्भक्खाणेणं अब्भक्खाइ तस्स णं**

**कहप्पगारा कम्मा कज्जंति ?**

**गोयमा ! जे णं परं अलिएणं असब्भूएणं अब्भक्खाणेणं अब्भक्खाइ तस्स णं तहप्पगारा चेव कम्मा कज्जंति; जत्थेव णं अभिसमागच्छइ तत्थेव णं पडिसंवेदेइ; तओ से पच्छा** [वेदेइ] **णिज्जरेइ ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ પર અસત્ય અને અવિદ્યમાન દોષારોપણ કરે તો તે કેવા પ્રકારના કર્મ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ ઉપર અસત્ય અને અવિદ્યમાન દોષારોપણ કરે તો તે તે જ પ્રકારના અર્થાત્ અભ્યાખ્યાન ફળવાળા કર્મ બાંધે છે. તે જ્યાં(મનુષ્યરૂપે) જન્મ ધારણ કરે ત્યાં અસત્ય દોષાક્ષેપને પ્રાપ્ત થાય, તેને ભોગવે; પછી તે કર્મ ક્ષય થાય. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અસત્ય દોષારોપણથી અસત્યદોષારોપણની પ્રાપ્તિરૂપ ફળ થાય, તેમ નિરૂપણ કર્યું છે.

**अलिएणं :–** અસત્ય વચન. સત્યરહિત વચન, અસત્યનું સેવન કરી; બ્રહ્મચારીને અબ્રહ્મચારી કહેવું વગેરે.

**असब्भूएणं :–** અસદ્ભૂત વચન. અવિદ્યમાન દોષ. જેમાં જે દોષ ન હોય છતાં તે દોષોનું કથન કરવું. જેમ કે ચોરી ન કરી હોય છતાં તેને ચોર કહેવો.

**अब्भक्खाणेणं :–** અનેક લોકો સમક્ષ નિર્દોષ વ્યક્તિ પર મિથ્યા દોષારોપણ કરવું, આળ ચઢાવવું. આ રીતે અલીક, અસદ્ભૂત કે અભ્યાખ્યાન વચનમાં એકંદરે મિથ્યાદોષારોપણ જ છે. આગમકારો કહે છે કે કર્મસિદ્ધાંતાનુસાર મિથ્યા દોષરોપણ કરનાર તે જ પ્રકારના કર્મોનો બંધ કરે છે અને કર્માનુસાર તેવું જ ફળ ભોગવે છે.

**॥ શતક ૫/૬ સંપૂર્ણ ॥**

# શતક–૫ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં પુદ્ગલ દ્રવ્યનું સ્વરૂપ, તેની સકંપ–નિષ્કંપ અવસ્થા, પરમાણુ પુદ્ગલ અને સ્કંધની પરસ્પર સ્પર્શના, સ્થિતિ, અંતર, અલ્પબહુત્વ વગેરે વિષયોનું, તેમજ ચોવીસ દંડકના જીવોમાં આરંભ અને પરિગ્રહનું તથા પાંચ પ્રકારના હેતુ–અહેતુનું પ્રતિપાદન છે.

★ **પુદ્ગલ દ્રવ્યમાં કંપન :–** પુદ્ગલ દ્રવ્યના અવગાહિત આકાશ પ્રદેશનું પરિવર્તન થાય તેને કંપન કહે છે. ક્યારેક સંપૂર્ણ સ્કંધના અવગાહના સ્થાનમાં પરિવર્તન થાય છે, ક્યારેક તેના એક દેશમાં પરિવર્તન થાય, ક્યારેક અનેક દેશમાં પરિવર્તન થાય છે. કંપનની ક્રિયા સતત થતી નથી તેથી જ્યારે તે નિષ્કંપ હોય ત્યારે કોઈ પણ પ્રકારનું પરિવર્તન થતું નથી; આવા અનેક વિકલ્પો સંભવે છે.

શાસ્ત્રકારે તેના છ વિકલ્પ બતાવ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) સંપૂર્ણ કંપમાન (૨) સંપૂર્ણ અકંપમાન (૩) એક દેશ(વિભાગ) કંપમાન–એક દેશ અકંપમાન (૪) એક દેશ કંપમાન–અનેક દેશ અકંપમાન (૫) અનેક દેશ કંપમાન–એક દેશ અકંપમાન (૬) અનેક દેશ કંપમાન–અનેક દેશ અકંપમાન.

પરમાણુ પુદ્ગલમાં પ્રથમ બે ભંગ હોય છે, દ્વિપ્રદેશી સ્કંધમાં પ્રથમ ત્રણ ભંગ હોય છે, ત્રિપ્રદેશી સ્કંધમાં પ્રથમ પાંચ ભંગ હોય છે, ચતુષ્પ્રદેશીથી અનંતપ્રદેશી સુધીના સ્કંધમાં છ ભંગ હોયછે.

★ પરમાણુ પુદ્ગલથી લઈને અસંખ્યપ્રદેશી અને અનંતપ્રદેશી સૂક્ષ્મ સ્કંધ સુધીનું તલવાર આદિથી છેદન, ભેદન, અગ્નિમાં બળવું, પાણીમાં ભીંજાવું કે વહી જવું આદિ થતું નથી. અનંતપ્રદેશી બાદર સ્કંધમાં ઉપરોક્ત ક્રિયા થાય છે.

★ પરમાણુ પુદ્ગલ અનર્ધ, અમધ્ય, અપ્રદેશી છે. દ્વિપ્રદેશી, ચતુષ્પ્રદેશી, ષટ્પ્રદેશી આદિ સમ સંખ્યક સ્કંધ સાર્ધ, અમધ્ય, સપ્રદેશી છે. ત્રિપ્રદેશી, પંચપ્રદેશી આદિ વિષમ સંખ્યક સ્કંધ અનર્ધ, સમધ્ય, સપ્રદેશી છે.

★ **પુદ્ગલ સ્પર્શના :–** એક પરમાણુ અન્ય પરમાણુને અને દ્વિપ્રદેશી આદિ અનંત પ્રદેશી સ્કંધને સ્પર્શે છે તેમજ એક સ્કંધ અન્ય સ્કંધને સ્પર્શે છે, તેના નવ વિકલ્પ છે– (૧) એક દેશથી એક દેશ (૨) એક દેશથી બહુદેશ (૩) એક દેશથી સર્વ (૪) બહુદેશથી એક દેશ (૫) બહુદેશથી બહુ દેશ (૬) બહુદેશથી સર્વ (૭) સર્વથી એક દેશ (૮) સર્વથી બહુદેશ (૯) સર્વથી સર્વ.

એક પરમાણુ અન્ય પરમાણુને નવમા ભંગથી સ્પર્શે છે. પરમાણુ દ્વિપ્રદેશી સ્કંધને સાતમા અને નવમા ભંગથી સ્પર્શે છે. પરમાણુ ત્રિપ્રદેશી સ્કંધને સાતમા, આઠમા અને નવમા ભંગથી સ્પર્શે છે.

દ્વિપ્રદેશી સ્કંધ પરમાણુને ૩, ૯મા ભંગથી સ્પર્શે છે. દ્વિપ્રદેશી સ્કંધ દ્વિપ્રદેશી સ્કંધને ૧, ૩, ૭, ૯મા ભંગથી સ્પર્શે છે. દ્વિપ્રદેશી સ્કંધ ત્રિપ્રદેશી સ્કંધને ૧, ૨, ૩, ૭, ૮, ૯મા ભંગથી સ્પર્શે છે. ત્રિપ્રદેશી સ્કંધ પરમાણુને ૩, ૬, ૯મા ભંગથી સ્પર્શે છે. ત્રિપ્રદેશી સ્કંધ દ્વિપ્રદેશી સ્કંધને ૧, ૩, ૪, ૬, ૭, ૯મા ભંગથી સ્પર્શે છે. ત્રિપ્રદેશી સ્કંધ ત્રિપ્રદેશી સ્કંધને સર્વ ભંગથી સ્પર્શે છે.

આ રીતે ત્રિપ્રદેશી સ્કંધની સમાન અનંતપ્રદેશી સ્કંધ પર્યંત જાણવું. પરમાણુ પુદ્ગલ નિરંશ હોવાથી તે સર્વ જ હોય. તેમાં સર્વ સંબંધિત ભંગ જ ઘટી શકે છે. દ્વિપ્રદેશી સ્કંધમાં બે પ્રદેશ હોવાથી એક દેશ અથવા સર્વ, આ બે વિકલ્પ જ હોય છે. ત્રિપ્રદેશી સ્કંધમાં ત્રણ પ્રદેશ હોવાથી એક દેશ, બહુદેશ અથવા સર્વ આ ત્રણે વિકલ્પ અને તે સંબંધી ભંગ સંભવે છે.

★ **પુદ્ગલ દ્રવ્યની સ્થિતિ :–** પરમાણુથી અનંતપ્રદેશી સુધીના સ્કંધની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાલની છે. એક પ્રદેશાવગાઢ સકંપમાન પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની છે. એકપ્રદેશાવગાઢ નિષ્કંપ પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલની છે. આ રીતે અસંખ્યપ્રદેશાવગાઢ પુદ્ગલની સ્થિતિ જાણવી. એક ગુણ કૃષ્ણ ***યાવત્*** અનંતગુણ રૂક્ષ પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય કાલની છે. સૂક્ષ્મ અને બાદર પરિણત પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય કાલની છે. શબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની છે. અશબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલની છે.

★ **અંતર :–** પરમાણુનું અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલનું, દ્વિપ્રદેશી આદિ સ્કંધનું અંતર ઉત્કૃષ્ટ અનંતકાલનું છે. સકંપ પુદ્ગલની સ્થિતિ તે નિષ્કંપનું અંતર અને નિષ્કંપની સ્થિતિ તે સકંપ પુદ્ગલનું અંતર છે. તે જ રીતે શબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ તે અશબ્દ પરિણત પુદ્ગલનું અંતર અને અશબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ તે શબ્દ પરિણત પુદ્ગલનું અંતર છે. વર્ણાદિ પરિણત પુદ્ગલોનું અંતર તેની સ્થિતિની સમાન છે.

★ **અલ્પબહુત્વ :–** સર્વથી થોડું ક્ષેત્ર–સ્થાનાયુ, તેથી અવગાહના–સ્થાનાયુ અસંખ્યાત ગુણ, તેથી દ્રવ્ય સ્થાનાયુ અસંખ્યાત ગુણ, તેથી ભાવ–સ્થાનાયુ અસંખ્યાત ગુણ છે.

★ **આરંભ–પરિગ્રહ :–** ૨૪ દંડકના જીવો સારંભી અને સપરિગ્રહી છે. શરીર અને કર્મ રૂપ પરિગ્રહ સર્વ જીવો પાસે છે અને આહારાદિ માટે પ્રત્યેક જીવો આરંભ કરે જ છે. તે ઉપરાંત પ્રત્યેક જીવો પોતાના સ્થાનાનુસાર બાહ્ય પરિગ્રહને ધારણ કરે છે.

★ **હેતુ–અહેતુ :–** પાંચ પ્રકારના હેતુ અને પાંચ પ્રકારના અહેતુ છે. સમ્યગ્દૃષ્ટિ તેને જાણે છે. તેના દ્વારા પદાર્થને સમજે છે, મિથ્યાત્વી તેને જાણતા નથી, તેના દ્વારા પદાર્થને સમજતા નથી. કેવળી અહેતુ રૂપ કેવળજ્ઞાન દ્વારા જાણે છે અને કેવળજ્ઞાન દ્વારા પદાર્થને સમજે છે. તેને અનુમાનાદિની આવશ્યકતા નથી.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૭

## એજન

**પરમાણુ પુદ્‌ગલનું કંપન :–**

**१** **परमाणुपोग्गले णं भंते ! एयइ वेयइ चलइ फंदइ घट्टइ, खुब्भइ उदीरइ तं तं भावं परिणमइ ? गोयमा ! सिय एयइ** *जाव* **तं तं भावं परिणमइ; सिय णो एयइ** *जाव* **णो तं तं भावं परिणमइ ।**

**શબ્દાર્થ :– एयइ** = કંપે છે **वेयइ** = વિશેષરૂપે કંપે છે **चलइ** = ચાલે છે **फंदइ** = સ્પંદિત થાય છે, બીજા સ્થાન પર જઈને પાછો પૂર્વ સ્થાન પર આવે છે **घट्टइ** = અન્ય પદાર્થને સ્પર્શ કરે છે **खुब्भइ** = ક્ષુભિત થાય છે **उदीरइ** = અન્ય પદાર્થમાં મળી જાય છે **तं तं भावं परिणमइ** = તે તે ભાવે પરિણમે છે, પરિણામાંતરને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પરમાણુ પુદ્‌ગલ કંપે છે, વારંવાર કંપે છે, બીજા સ્થાન પર જાય છે, ત્યાંથી ત્રીજા, ચોથાદિ સ્થાન પર જાય છે, અન્ય પદાર્થને સ્પર્શ કરે છે, સ્વતઃ એકદેશમાં ક્ષુભિત થાય છે, સ્વતઃ સર્વદેશમાં ક્ષુભિત થાય છે, પરિણામાંતરને પ્રાપ્ત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલ કદાચિત્(કોઈ સમયે) કંપિત થાય છે ***યાવત્*** તે તે પરિણામોમાં પરિણત થાય છે અને કદાચિત્ કંપિત થતો નથી ***યાવત્*** વિભિન્ન પરિણામોમાં પરિણત થતો નથી.

**२** **दुप्पएसिए णं भंते ! खंधे एयइ** *जाव* **तं तं भावं परिणमइ ?**

**गोयमा ! सिय एयइ** *जाव* **तं तं भावं परिणमइ, सिय णो एयइ** *जाव* **णो तं तं भावं परिणमइ; सिय देसे एयइ, देसे णो एयइ** *जाव* **देसे तं तं भावं परिणमइ, देसे तं तं भावं णो परिणमइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું દ્વિપ્રદેશિક સ્કંધ કંપે છે ***યાવત્*** વિભિન્ન પરિણામોમાં પરિણત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) દ્વિપ્રદેશી સ્કંધ ક્યારેક કંપિત થાય છે ***યાવત્*** વિભિન્ન પરિણામોમાં પરિણત થાય છે. (૨) ક્યારેક કંપિત થતો નથી ***યાવત્*** વિભિન્ન પરિણામોમાં પરિણત થતો નથી. (૩) ક્યારેક એક દેશથી કંપિત થાય છે, એક દેશથી કંપિત થતો નથી ***યાવત્*** ક્યારેક એક દેશથી પરિણત થાય છે એક દેશથી પરિણત થતો નથી.

**३** **तिप्पएसिए णं भंते ! खंधे एयइ** *जाव* **तं तं भावं परिणमइ ?**

**गोयमा ! सिय एयइ सिय णो एयइ, सिय देसे एयइ देसे णो एयइ, सिय देसे एयइ देसा णो एयंति, सिय देसा एयंति देसे णो एयइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ કંપિત થાય છે ***યાવત્*** વિભિન્ન પરિણામોમાં પરિણત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) કદાચિત્ કંપિત થાય છે (૨) કદાચિત્ કંપિત થતો નથી (૩) કદાચિત્ એક દેશમાં કંપિત થાય, એક દેશમાં કંપિત થતો નથી (૪) કદાચિત્ એક દેશમાં કંપિત થાય, અનેક દેશમાં કંપિત થતો નથી (૫) કદાચિત્ અનેક દેશમાં કંપિત થાય, એક દેશમાં કંપિત થતો નથી.

**४** **चउप्पएसिए णं भंते ! खंधे एयइ** *जाव* **तं तं भावं परिणमइ ?**

**गोयमा ! सिय एयइ सिय णो एयइ, सिय देसे एयइ देसे णो एयइ, सिय देसे एयइ देसा णो एयंति, सिय देसा एयंति देसे णो एयइ; सिय देसा एयंति देसा णो एयंति । एवं जहा चउप्पएसिओ तहा पंचपएसिओ वि** *जाव* **अणंतपएसिओ वि भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ચતુષ્પ્રદેશી સ્કંધ કંપિત થાય છે ***યાવત્*** વિભિન્ન પરિણામોમાં પરિણત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) કદાચિત્ કંપિત થાય છે (૨) કદાચિત્ કંપિત થતો નથી (૩) કદાચિત્ એક દેશમાં કંપિત થાય છે, એક દેશમાં કંપિત થતો નથી (૪) કદાચિત્ એક દેશમાં કંપિત થાય, અનેક દેશમાં કંપિત થતો નથી (૫) કદાચિત્ અનેક દેશમાં કંપિત થાય, એક દેશમાં કંપિત થતો નથી (૬) કદાચિત્ અનેક દેશમાં કંપિત થાય છે અનેક દેશમાં કંપિત થતો નથી.

જેમ ચતુષ્પ્રદેશી સ્કંધના વિષયમાં કહ્યું છે, તેમ પંચપ્રદેશી સ્કંધથી અનંતપ્રદેશી સ્કંધ સુધી અર્થાત્ પ્રત્યેક સ્કંધના વિષયમાં જાણવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પરમાણુ પુદ્ગલ તથા દ્વિપ્રદેશિક સ્કંધથી લઈને અનંતપ્રદેશી સ્કંધ સુધીના સ્કંધોના કંપન વગેરે સંબંધમાં પ્રશ્ન પૂછી, તેનું સૈદ્ધાંતિક અનેકાંત શૈલીથી સમાધાન કર્યું છે.

**કંપન :–** પુદ્ગલ દ્રવ્ય જે આકાશપ્રદેશ પર અવગાહિત છે તેમાં જે પરિવર્તન થાય તેને કંપન કહે છે.

પુદ્ગલોમાં કંપનાદિ સૂત્રોક્ત ક્રિયાઓ ક્યારેક હોય, ક્યારેક હોતી નથી. તેથી પરમાણુ આદિમાં અનેક વિકલ્પ–ભંગ થાય છે, યથા– પરમાણુ પુદ્ગલમાં બે ભંગ થાય છે. દ્વિપ્રદેશી સ્કંધમાં ત્રણ ભંગ

થાય છે. ત્રિપ્રદેશી સ્કંધમાં પાંચ ભંગ થાય છે. ચતુષ્પ્રદેશી સ્કંધથી અનંતપ્રદેશી સ્કંધ સુધી પ્રત્યેક સ્કંધમાં કંપનાદિના છ ભંગ થાય છે.

**છ ભંગનો પરિચય :–**

**ભંગ–૧ : ક્યારેક કંપિત :–** પરમાણુથી અનંત પ્રદેશી સ્કંધ ક્યારેક પૂર્ણતયા કંપિત અવસ્થામાં હોય ત્યારે પ્રથમ ભંગ થાય.

**ભંગ–૨ : ક્યારેક અકંપિત :–** પરમાણુથી અનંત પ્રદેશી સ્કંધ ક્યારેક પૂર્ણતયા અકંપિત અવસ્થામાં હોય ત્યારે બીજો ભંગ થાય.

**ભંગ–૩ : એક દેશકંપિત એક દેશ અકંપિત :–** દ્વિપ્રદેશી સ્કંધથી અનંતપ્રદેશી સ્કંધ જ્યારે બે આકાશપ્રદેશ પર સ્થિત હોય ત્યારે તેના એક આકાશપ્રદેશ પર સ્થિત પ્રદેશ કંપિત હોય અને બીજા આકાશ પ્રદેશ પર સ્થિત પ્રદેશ અકંપિત હોય ત્યારે ત્રીજો ભંગ થાય.

**ભંગ–૪ : એક દેશ કંપિત અનેક દેશ અકંપિત :–** ત્રિપ્રદેશી સ્કંધથી અનંતપ્રદેશી સ્કંધ જ્યારે ત્રણાદિ આકાશપ્રદેશ ઉપર સ્થિત હોય ત્યારે તેના એક આકાશપ્રદેશ પર સ્થિત પ્રદેશ કંપિત હોય અને અન્ય બે આકાશપ્રદેશ પર સ્થિત પ્રદેશ અકંપિત હોય ત્યારે એક દેશ કંપિત, અનેક દેશ અકંપિત નામનો ચતુર્થ ભંગ થાય.

**ભંગ–૫ : અનેક દેશ કંપિત એક દેશ અકંપિત :–** એક આકાશ પ્રદેશ પર સ્થિત પ્રદેશ અકંપિત હોય અને બે આદિ આકાશ પ્રદેશ પર સ્થિત પ્રદેશો કંપિત હોય ત્યારે એક દેશ અકંપિત અને અનેક દેશ કંપિત નામનો પાંચમો ભંગ થાય.

**ભંગ–૬ : અનેક દેશ કંપિત અનેક દેશ અકંપિત :–** ચતુપ્રદેશી સ્કંધથી અનંતપ્રદેશી સ્કંધ જ્યારે ચાર આદિ આકાશપ્રદેશ પર સ્થિત હોય ત્યારે તેના બે આદિ આકાશ પ્રદેશ પર સ્થિત પ્રદેશો કંપિત હોય અને બે આદિ આકાશ પ્રદેશ પર સ્થિત પ્રદેશો અકંપિત હોય ત્યારે અનેક દેશ કંપિત, અનેક દેશ અકંપિત નામનો છઠ્ઠો ભંગ થાય.

**દેશ કે સર્વ સકંપ–અકંપની અવસ્થા :–**

| પુદ્ગલ દ્રવ્ય | સકંપ ૧ | અકંપ ૨ | દેશ સકંપ દેશ અંકપ ૩ | દેશ સકંપ અનેક દેશ અકંપ ૪ | અનેક દેશ સકંપ દેશ અકંપ ૫ | ઘણા સકંપ ઘણા અકંપ ૬ |
|---|---|---|---|---|---|---|
| પરમાણુ | ⊡ | □ | | | | |
| દ્વિપ્રદેશી સ્કંધ | ⊡⊡ | □□ | ⊡□ | | | |
| ત્રિપ્રદેશી સ્કંધ | ⊡⊡⊡ | □□□ | ⊡□□ | □⊡□ | ⊡□⊡ | |
| ચતુપ્રદેશી સ્કંધ | ⊡⊡⊡⊡ | □□□□ | ⊡⊡□□ | □⊡□□ | ⊡□⊡⊡ | ⊡□⊡□ |

**સંકેત :–** કંપિત–⊡,અકંપિત–□ : ભંગ સંખ્યા–૬ :–

**एयइ वेयइ चलइ फंदइ :–** એજન, વેજન, ચલણ, સ્પંદન આ ચારે ય પ્રક્રિયામાં ચલિત થવારૂપ ક્રિયા સામાન્ય છે છતાં તેમાં કંઈક વિશેષતા છે. **એજનમાં** પરમાણુ આદિ એક વાર સ્થાન છોડી પુનઃ સ્વસ્થાનમાં સ્થિત થઈ જાય છે **વેજનમાં** અનેકવાર સ્થાન છોડી પુનઃ સ્વસ્થાનમાં સ્થિત થઈ જાય છે. **ચલનમાં** સ્વસ્થાન છોડી, બીજા સ્થાનમાં સ્થિત થઈ જાય છે. **સ્પંદનમાં** એક સ્થાન છોડીને બીજા સ્થાનમાં, બીજું સ્થાન છોડી ત્રીજા સ્થાનમાં એમ અનેક સ્થાન જાય છે.

**खुब्भइ, उदीरइ :–** ક્ષુભિત અને ઉદીરિત આ બંને ક્રિયામાંથી ક્ષુભિતમાં પોતાના સ્વરૂપથી અંશતઃ ક્ષુભિત થાય છે અને ઉદીરિતમાં પોતાના સ્વરૂપથી સર્વતઃ(સંપૂર્ણપણે) ક્ષુભિત થાય છે.

## પુદ્ગલોનું અવગાહન અને છેદન–ભેદન :–

**५ परमाणुपोग्गले णं भंते ! असिधारं वा खुरधारं वा ओगाहेज्जा ?**
**हंता, ओगाहेज्जा ।**

**से णं भंते ! तत्थ छिज्जेज्ज वा भिज्जेज्ज वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ । एवं** *जाव* **असंखेज्जपएसिओ ।**

**શબ્દાર્થ :– खुरधारं** = અસ્ત્રાની ધાર, સજવાની ધાર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પરમાણુ પુદ્ગલ તલવારની ધાર અથવા અસ્ત્રાની ધાર પર રહી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે રહી શકે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે ધાર પર રહેલા પરમાણુ પુદ્ગલ તે ધારથી છિન્ન–ભિન્ન થાય છે ?

**ઉત્તર–** ગૌતમ ! તેમ શક્ય નથી. પરમાણુ પુદ્ગલમાં શસ્ત્ર પ્રવેશ કરી શકતું નથી, તેના પર શસ્ત્રની અસર થતી નથી.

તે જ રીતે દ્વિપ્રદેશી સ્કંધથી અસંખ્યપ્રદેશી સ્કંધ સુધી સમજી લેવું જોઈએ. આ સર્વમાં શસ્ત્રની અસર થતી નથી.

**६ अणंतपएसिए णं भंते ! खंधे असिधारं वा खुरधारं वा ओगाहेज्जा ।**
**हंता, ओगाहेज्जा ।**

**से णं तत्थ छिज्जेज्ज वा भिज्जेज्ज वा ? गोयमा ! अत्थेगइए छिज्जेज्ज वा भिज्जेज्ज वा; अत्थेगइए णो छिज्जेज्ज वा णो भिज्जेज्ज वा ।**

**एवं अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा ? णवरं झियाएज्ज भाणियव्वं। एवं पुक्खलसंवट्टगस्स महामेहस्स मज्झंमज्झेणं वीइवएज्जा ? णवरं उल्ले सिया भाणियव्वं । एवं गंगाए महाणईए पडिसोयं हव्वं आगच्छेज्जा ? णवरं विणिहायं आवज्जेज्जा भाणियव्वं । एवं उदगावत्तं वा उदगबिंदु वा ओगाहेज्जा? णवरं पारियावज्जेज्जा भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અનંતપ્રદેશી સ્કંધ તલવારની ધાર પર અથવા ક્ષુરધાર પર રહી શકે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! રહી શકે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું તલવારની ધાર કે ક્ષુરધાર પર રહેલા અનંત પ્રદેશી સ્કંધ તે ધારથી છિન્ન–ભિન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક અનંતપ્રદેશી સ્કંધ છિન્ન–ભિન્ન થાય છે અને કેટલાક અનંતપ્રદેશી સ્કંધ છિન્ન–ભિન્ન થતા નથી.

તે જ રીતે પરમાણુ પુદ્ગલથી અનંતપ્રદેશી સ્કંધ શું (૧) અગ્નિમાં ગમન કરતા બળે છે ? (૨) શું પુષ્કલ સંવર્તક મહામેઘની મધ્યમાંથી ગમન કરતાં ભીંજાય જાય છે ? (૩) શું ગંગા મહાનદીના પ્રતિશ્રોતમાં વહેતાં વિનિષ્ટ થાય છે ? (૪) ઉદગાવર્ત્ત–વમળ કે પાણીના ટીપામાં અવગાહના કરતાં તે રૂપે પરિણત થાય છે ? વગેરેનું કથન કરવું.

## વિવેચન :–

**ओगाहेज्जा** – આશ્રય પ્રાપ્ત કરવો. આકાશપ્રદેશ પર અન્ય પુદ્ગલાદિ દ્રવ્યો સ્થિત થાય, સ્થાન પામે, તેને અવગાહન કહે છે અને જે આકાશપ્રદેશ પર અન્ય પુદ્ગલાદિ દ્રવ્ય આશ્રય પામે તે આકાશપ્રદેશ તે પુદ્ગલાદિ દ્રવ્યનું અવગાહન ક્ષેત્ર કહેવાય છે.

તલવાર કે અસ્ત્રાની ધાર, અગ્નિ, પાણીનું ટીપું વગેરે સ્થૂલ દષ્ટિએ સૂક્ષ્મ દેખાવા છતાં તે અસંખ્યાત આકાશપ્રદેશને અવગાહીને રહ્યા હોય છે તે જ આકાશપ્રદેશ પર અન્ય પરમાણુથી લઈ અનંતપ્રદેશી સ્કંધ અવગાહના પામી શકે છે તેથી સૂત્રકારે કહ્યું છે કે બધા જ પુદ્ગલ દ્રવ્ય અસ્ત્રની ધારાદિ પર અવગાહન પ્રાપ્ત કરી શકે છે પરંતુ પરમાણુ વગેરે તે બધા પુદ્ગલદ્રવ્યને તે ધાર છેદન–ભેદન કરી શકતી નથી. કેટલાકમાં છેદન, ભેદન આદિ ક્રિયાઓ થાય અને કેટલાકમાં તે ક્રિયાઓ થતી નથી.

પરમાણુ પુદ્ગલથી લઈ અસંખ્યાત પ્રદેશી સ્કંધ સૂક્ષ્મ અને ચતુઃસ્પર્શી હોય છે તેમાં છેદન–ભેદનાદિ કોઈ ક્રિયાઓ થતી નથી.

અનંતપ્રદેશી સ્કંધ બે પ્રકારના હોય છે– સૂક્ષ્મ અને બાદર. તેમાં ચતુઃસ્પર્શી સૂક્ષ્મસ્કંધોમાં છેદનાદિ ક્રિયાઓ થતી નથી, આઠ સ્પર્શી બાદર સ્કંધોમાં થાય છે. તેથી સૂત્રગત પ્રશ્નોત્તરમાં વૈકલ્પિક ઉત્તર છે કે કેટલાક સ્કંધમાં છેદનાદિ ક્રિયા થાય છે અને કેટલાકમાં થતી નથી.

આ સૂત્ર વર્ણનનું તાત્પર્ય એ છે કે બાદર અનંત પ્રદેશી સ્કંધને તલવાર, પાણી, અગ્નિ રૂપ શસ્ત્ર અસર કરે છે. પરમાણુ તથા અનંતપ્રદેશી સુધીના સૂક્ષ્મ સ્કંધોને કોઈ શસ્ત્ર અસર કરતું નથી.

**પુદ્ગલોની સાર્ધતા સમધ્યતા :–**

**૭ परमाणुपोग्गले णं भंते ! किं सअड्ढे समज्झे सपएसे; उदाहु अणड्ढे अमज्झे अपएसे ?**

**गोयमा ! परमाणुपोग्गले अणड्ढे अमज्झे अपएसे; णो सअड्ढे णो समज्झे णो सपएसे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું પરમાણુ પુદ્ગલ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે કે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે પરંતુ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ નથી.

**૮ दुप्पएसिए णं भंते ! खंधे किं सअड्ढे समज्झे सपएसे उदाहु अणड्ढे अमज्झे अपएसे ?**

**गोयमा ! दुप्पएसिए खंधे सअड्ढे अमज्झे सपएसे; णो अणड्ढे णो समज्झे णो अपएसे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું દ્વિપ્રદેશી સ્કંધ, સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે કે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દ્વિપ્રદેશી સ્કંધ સાર્ધ, અમધ્ય અને સપ્રદેશ છે; અનર્ધ, સમધ્ય અને અપ્રદેશ નથી.

**૯ तिप्पएसिए णं भंते ! खंधे, पुच्छा ?**

**गोयमा ! तिप्पएसिए खंधे अणड्ढे समज्झे सपएसे; णो सअड्ढे णो अमज्झे णो अपएसे । जहा दुप्पएसिओ तहा जे समा ते भाणियव्वा, जे विसमा ते जहा तिप्पएसिओ तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્રિપ્રદેશી સ્કંધ, સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે કે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રિપ્રદેશી સ્કંધ અનર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે પરંતુ સાર્ધ નથી, અમધ્ય નથી અને અપ્રદેશ નથી. જે રીતે દ્વિપ્રદેશી સ્કંધના વિષયમાં સાર્ધ આદિનું કથન કર્યું તે જ રીતે સમસંખ્યક (બેકી સંખ્યક) સ્કંધોના વિષયમાં કહેવું અને વિષમ સંખ્યક(એકી સંખ્યક) સ્કંધોના વિષયમાં ત્રિપ્રદેશી સ્કંધના કથનાનુસાર કહેવું જોઈએ.

**१०** **संखेज्जपएसिए णं भंते ! खंधे किं सअड्ढे, पुच्छा ?**

**गोयमा ! संखेज्जपएसिए खंधे सिय सअड्ढे, अमज्झे, सपएसे; सिय अणड्ढे, समज्झे, सपएसे; जहा संखेज्जपएसिओ तहा असंखेज्जपएसिओ वि अणंतपए- सिओ वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સંખ્યાત પ્રદેશી સ્કંધ, સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે કે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક સંખ્યાત પ્રદેશી સ્કંધ સાર્ધ, અમધ્ય અને સપ્રદેશ છે અને કેટલાક અનર્ધ, સમધ્ય અને સપ્રદેશ હોય છે. જે રીતે સંખ્યાત પ્રદેશી સ્કંધના વિષયમાં કહ્યું તે જ રીતે અસંખ્યાત પ્રદેશી સ્કંધ અને અનંતપ્રદેશી સ્કંધના વિષયમાં પણ જાણી લેવું જોઈએ.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પરમાણુ પુદ્‌ગલથી અનંતપ્રદેશી સુધીના સ્કંધોમાં સાર્ધ આદિ વિષયક પ્રશ્નોત્તર છે.

**सअड्ढे :–** સાર્ધ. જેનો બરોબર અર્ધો ભાગ થઈ શકે તે. દ્વિપ્રદેશી આદિ સમસંખ્યક સ્કંધમાં બરોબર અર્ધો ભાગ થઈ શકે છે, તેથી તે સાર્ધ છે. સમસંખ્યક–બેકી સંખ્યાવાળા સ્કંધ સાર્ધ હોય છે. બે, ચાર, છ પ્રદેશી સ્કંધના ક્રમશઃ એક–એક, બે–બે, ત્રણ–ત્રણ તે રીતે બે સમાન ભાગ થાય છે.

**समज्झे :–** સમધ્ય–મધ્યસહિત. જે મધ્ય ભાગ સહિત હોય તે. જેમ કે ત્રિપ્રદેશી સ્કંધમાં આદિ અને અંતિમ પરમાણુની વચ્ચેનો એક પરમાણુ મધ્યમ કહેવાય છે. સામાન્ય રીતે આદિ અને અંતની વચ્ચેનું બધુ જ મધ્ય કહેવાય પરંતુ અહીં 'સમધ્ય' શબ્દમાં તેનો વિશેષ અર્થ થાય છે, જેમ કે પંચપ્રદેશી સ્કંધમાં આદિનો એક અને અંતિમ એક પરમાણુને છોડીને વચ્ચેના ત્રણ પરમાણુ સમધ્ય કહેવાતા નથી પરંતુ આદિના બે પરમાણુ અને અંતિમ બે પરમાણુને છોડીને વચ્ચેનો એક જ પરમાણુ સમધ્ય કહેવાય છે. આ રીતે વિષમ સંખ્યક એકી સંખ્યાવાળા સ્કંધ સમધ્ય હોય છે.

**सपएसे :–** જે સ્કંધ પ્રદેશયુક્ત હોય, તેને સપ્રદેશી કહે છે. પરમાણુને પ્રદેશ નથી, તે સિવાય દ્વિપ્રદેશીથી

અનંતપ્રદેશી આદિ સ્કંધો પ્રદેશયુક્ત હોય છે.

**अणड्ढे :–** જે સ્કંધ અર્ધ રહિત હોય અર્થાત્ જેનો બરોબર અર્ધો ભાગ થઈ ન શકે તે. જેમ કે ત્રિપ્રદેશી, પંચપ્રદેશી આદિ વિષમ સંખ્યક સ્કંધોમાં બરોબર અર્ધો ભાગ થતો નથી, તેથી તે અનર્ધ છે.

**अमज्झे :–** જે સ્કંધમાં મધ્ય ભાગ હોતો નથી તે. જેમ કે દ્વિપ્રદેશી, ચતુઃપ્રદેશી આદિ સમસંખ્યક સ્કંધોમાં બે સમાન ભાગ થાય છે; જેથી મધ્યનો કોઈ પરમાણુ રહેતો નથી, તેથી તે અમધ્ય છે.

**अप्पएसे :–** અપ્રદેશ–પ્રદેશ રહિત હોય તે. જેમ કે પરમાણુને પ્રદેશ નથી.

**પરમાણુ પુદ્ગલ :–** તે નિરંશ હોવાથી તેના બે ભાગ થતા નથી, તેથી તે સાર્ધ નથી. તે સ્વયં એક હોવાથી તેને મધ્યભાગ ન હોવાથી તે સમધ્ય નથી. તેને પ્રદેશ ન હોવાથી તે સપ્રદેશ નથી. આ રીતે તે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે.

**દ્વિપ્રદેશી સ્કંધ :–** દ્વિપ્રદેશી સ્કંધ સમસંખ્યક હોવાથી તેના બે અર્ધા ભાગ થઈ શકે છે, તેથી તે સાર્ધ છે. તેમાં બે પ્રદેશ હોવાથી આદિ અને અંત જ હોય છે, મધ્યભાગ રહેતો નથી. તેથી તે અમધ્ય છે અને પ્રદેશ સહિત હોવાથી સપ્રદેશી છે.

**ત્રિપ્રદેશી સ્કંધ :–** તે વિષમ સંખ્યક હોવાથી તેના બે સમાન ભાગ થતા નથી. જેમ કે ત્રણના બે ભાગ કરીએ તો દોઢ–દોઢ થાય પરંતુ પરમાણુ નિરંશ હોવાથી ખંડિત થતું નથી. આ રીતે ત્રિપ્રદેશી સ્કંધના બે સમાન ભાગ થતા ન હોવાથી તે સાર્ધ નથી, અનર્ધ છે. વિષમપ્રદેશી સ્કંધ હોવાથી તે મધ્યભાગથી સહિત છે, તેથી તે સમધ્ય છે અને પ્રદેશ સહિત હોવાથી સપ્રદેશ છે.

**સમસંખ્યક સ્કંધો :–** બેકી સંખ્યા ધરાવતા દ્વિપ્રદેશી, ચતુષ્પ્રદેશી, ષટ્પ્રદેશી, દશપ્રદેશી સ્કંધ વગેરે.

**વિષમ સંખ્યક સ્કંધો :–** એકી સંખ્યા ધરાવતા ત્રિપ્રદેશી, પંચપ્રદેશી, સપ્તપ્રદેશી, નવપ્રદેશી સ્કંધ વગેરે.

**સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશી સ્કંધો :–** તેમાં સમ–વિષમ બંને સંખ્યા હોવાથી બંને વિકલ્પો કહ્યા છે.

## પરમાણુ આદિ પુદ્ગલોની પરસ્પર સ્પર્શના :–

**११ परमाणु पोग्गले णं भंते ! परमाणु पोग्गलं फुसमाणे किं १ देसेणं देसं फुसइ, २ देसेणं देसे फुसइ, ३ देसेणं सव्वं फुसइ, ४ देसेहिं देसं फुसइ, ५ देसेहिं देसे फुसइ, ६ देसेहिं सव्वं फुसइ, ७ सव्वेणं देसं फुसइ, ८ सव्वेणं देसे फुसइ, ९ सव्वेणं सव्वं फुसइ ?**

**गोयमा ! १ णो देसेणं देसं फुसइ, २ णो देसेणं देसे फुसइ, ३ णो देसेणं सव्वं फुसइ, ४ णो देसेहिं देसं फुसइ, ५ णो देसेहिं देसे फुसइ; ६ णो देसेहिं सव्वं फुसइ,**

**૭ णो सव्वेणं देसं फुसइ, ८ णो सव्वेणं देसे फुसइ, ९ सव्वेणं सव्वं फुसइ ।**

**एवं परमाणु पोग्गले दुप्पएसियं फुसमाणे सत्तम–णवमेहिं(भंगेहिं) फुसइ । परमाणु पोग्गले तिप्पएसियं फुसमाणे णिपच्छिमएहिं तिहिं फुसइ । जहा परमाणु–पोग्गले तिप्पएसियं फुसाविओ एवं फुसावेयव्वो** *जाव* **अणंत पएसिओ ।**

**શબ્દાર્થ :– णिपच्छिमएहिं** = પાછળના, અંતિમ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ, પરમાણુ પુદ્‌ગલને સ્પર્શ કરતાં (૧) શું એકદેશથી એકદેશનો સ્પર્શ કરે ? (૨) શું એકદેશથી બહુદેશનો સ્પર્શ કરે ? (૩) શું એકદેશથી સર્વનો સ્પર્શ કરે ? (૪) શું બહુ દેશથી એકદેશનો સ્પર્શ કરે ? (૫) શું બહુ દેશથી બહુદેશનો સ્પર્શ કરે ? (૬) શું બહુ દેશથી સર્વનો સ્પર્શ કરે ? (૭) શું સર્વથી એકદેશનો સ્પર્શ કરે ? (૮) શું સર્વથી બહુદેશનો સ્પર્શ કરે ? (૯) શું સર્વથી સર્વનો સ્પર્શ કરે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલ પરમાણુ પુદ્‌ગલને સ્પર્શ કરતાં (૧) એક દેશથી એકદેશનો સ્પર્શ કરતા નથી. (૨) એક દેશથી બહુદેશનો સ્પર્શ કરતા નથી. (૩) એક દેશથી સર્વનો સ્પર્શ કરતા નથી. (૪) બહુ દેશથી એકદેશનો સ્પર્શ કરતા નથી. (૫) બહુ દેશથી બહુદેશનો સ્પર્શ કરતા નથી. (૬) બહુ દેશથી સર્વનો સ્પર્શ કરતા નથી. (૭) સર્વથી એકદેશનો સ્પર્શ કરતા નથી. (૮) સર્વથી બહુદેશનો સ્પર્શ કરતા નથી. (૯) સર્વથી સર્વનો સ્પર્શ કરે છે.

તે જ રીતે પરમાણુ પુદ્‌ગલ દ્વિપ્રદેશી સ્કંધને સ્પર્શ કરતા સાતમા(સર્વથી એકદેશનો) અને નવમા (સર્વથી સર્વનો) આ બે વિકલ્પથી સ્પર્શ કરે છે.

પરમાણુ પુદ્‌ગલ ત્રિપ્રદેશી સ્કંધને સ્પર્શ કરતાં અંતિમ ત્રણ વિકલ્પથી સ્પર્શ કરે છે. ૭. સર્વથી એક દેશનો ૮. સર્વથી બહુ દેશનો ૯. સર્વથી સર્વનો.

જે રીતે પરમાણુ પુદ્‌ગલ અને ત્રિપ્રદેશી સ્કંધની સ્પર્શના કહી, તે જ રીતે પરમાણુ પુદ્‌ગલ સાથે ચતુષ્પ્રદેશી સ્કંધથી, અનંતપ્રદેશી સ્કંધ સુધીની સ્પર્શના કહેવી જોઈએ અર્થાત્ પરમાણુ પુદ્‌ગલ અનંત–પ્રદેશી સુધીના સ્કંધોને અંતિમ ત્રણ વિકલ્પોથી સ્પર્શ કરે છે.

**१२ दुप्पएसिए णं भंते ! खंधे परमाणुपोग्गलं फुसमाणे, पुच्छा ?**

**गोयमा ! तईय णवमेहिं फुसइ, दुप्पएसिओ दुप्पएसियं फुसमाणो पढम–तईय–सत्तम–णवमेहिं फुसइ, दुप्पएसिओ तिप्पएसियं फुसमाणो आइल्लएहि य, पच्छिल्ल– एहि य तिहिं फुसइ, मज्झिमएहिं तिहिं विपडिसेहेयव्वं, दुप्पएसिओ जहा तिप्पए– सियं फुसाविओ एवं फुसावेयव्वो** *जाव* **अणंतपएसियं ।**

**શબ્દાર્થ :– आइल्लएहिं** = પહેલાના **पच्छिल्लएहिं** = પાછળના.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધ પરમાણુ પુદ્‌ગલને સ્પર્શ કરતા કઈ રીતે સ્પર્શ કરે છે ? તેની નવ ભંગસહિત પૃચ્છા કરવી.

**ઉત્તર–** હે ગૌતમ ! દ્વિપ્રદેશી સ્કંધ પરમાણુ પુદ્‌ગલને ત્રીજા અને નવમા વિકલ્પથી(એક દેશથી સર્વનો અને સર્વથી સર્વનો) સ્પર્શ કરે છે.

દ્વિપ્રદેશી સ્કંધ, દ્વિપ્રદેશી સ્કંધને સ્પર્શ કરતાં– પહેલા, ત્રીજા, સાતમા અને નવમા વિકલ્પથી સ્પર્શ કરે છે.

દ્વિપ્રદેશી સ્કંધ, ત્રિપ્રદેશી સ્કંધને સ્પર્શ કરતાં– આદિના ત્રણ(પ્રથમ, દ્વિતીય અને તૃતીય) તથા અંતિમ ત્રણ(સાતમા, આઠમા, અને નવમા) વિકલ્પથી સ્પર્શ કરે છે, તેમાં મધ્યના ત્રણ(ચોથો, પાંચમો અને છટ્ઠો) વિકલ્પો છોડી દેવા જોઈએ.

જે રીતે દ્વિપ્રદેશી સ્કંધ દ્વારા ત્રિપ્રદેશી સ્કંધની સ્પર્શનાના ભંગ કહ્યા, તે જ રીતે દ્વિપ્રદેશી સ્કંધ દ્વારા ચતુષ્પ્રદેશીથી અનંતપ્રદેશી સુધીના સ્કંધોની સ્પર્શના વિષયક ભંગ કહેવા જોઈએ.

**१३ तिपएसिए णं भंते ! खंधे परमाणु पोग्गलं फुसमाणे पुच्छा ?**

**गोयमा ! तईय छट्ठ णवमेहिं फुसइ, तिपएसिओ दुपएसियं फुसमाणो पढम तईय, चउत्थ छट्ठ, सत्तम णवमेहिं फुसइ, तिपएसिओ तिपएसिअं फुसमाणो सव्वेसु वि ठाणेसु फुसइ । जहा तिपएसिओ तिपएसिअं फुसाविओ एवं तिप्पए- सिओ** *जाव* **अणंत पएसिएणं संजोएयव्वो । जहा तिपएसिओ तहा** *जाव* **अणंतपए- सिओ वि भाणियव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્રિપ્રદેશી સ્કંધ પરમાણુ પુદ્‌ગલને સ્પર્શ કરતાં કઈ રીતે સ્પર્શ કરે છે ? વગેરે નવ ભંગ સહિત પૃચ્છા કરવી.

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રિપ્રદેશી સ્કંધ પરમાણુ પુદ્‌ગલને ત્રીજા, છટ્ઠા અને નવમા વિકલ્પથી (એક દેશથી સર્વનો, બહુ દેશથી સર્વનો અને સર્વથી સર્વનો) સ્પર્શ કરે છે. ત્રિપ્રદેશી સ્કંધ, દ્વિપ્રદેશી સ્કંધને સ્પર્શ કરતાં પહેલા, ત્રીજા, ચોથા, છટ્ઠા, સાતમા અને નવમા વિકલ્પથી સ્પર્શ કરે છે. ત્રિપ્રદેશી સ્કંધ, ત્રિપ્રદેશી સ્કંધને સ્પર્શ કરતાં સર્વ વિકલ્પોથી સ્પર્શ કરે છે.

જે રીતે ત્રિપ્રદેશી સ્કંધની ત્રિપ્રદેશી સ્કંધ સાથે સ્પર્શનાના ભંગ કહ્યા છે, તે રીતે ત્રિપ્રદેશી સ્કંધની ચતુષ્પ્રદેશી સ્કંધ ***યાવત્*** અનંતપ્રદેશી સ્કંધ સાથે સ્પર્શનાના વિકલ્પો કહેવા જોઈએ.

જે રીતે ત્રિપ્રદેશી સ્કંધની પરમાણુથી અનંતપ્રદેશી સુધીના સ્કંધો સાથે સ્પર્શના કહી છે, તે જ

રીતે ચતુષ્પ્રદેશી ***યાવત્*** અનંત પ્રદેશી સ્કંધની સર્વ સ્કંધો સાથેની સ્પર્શના કહેવી જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પરમાણુ પુદ્‌ગલથી અનંતપ્રદેશી સ્કંધ સુધીના સર્વ સ્કંધોની પરસ્પર સ્પર્શનાની પ્રરૂપણા નવ વિકલ્પોના માધ્યમથી કરી છે.

**સ્પર્શનાના નવ વિકલ્પ :–**

| | | |
|---|---|---|
| (૧) એક દેશથી એક દેશ | (૪) બહુ દેશથી એક દેશ | (૭) સર્વથી એક દેશ |
| (૨) એક દેશથી બહુ દેશ | (૫) બહુ દેશથી બહુ દેશ | (૮) સર્વથી બહુ દેશ |
| (૩) એક દેશથી સર્વ | (૬) બહુ દેશથી સર્વ | (૯) સર્વથી સર્વ. |

**પરમાણુ પુદ્‌ગલની પરમાણુ સાથે સ્પર્શના** એક પ્રકારની છે. બે પરમાણુ પરસ્પર એક બીજાનો સ્પર્શ સર્વાત્માના કરે છે. કારણ કે પરમાણુ નિરંશ હોય છે. તેના અર્ધા આદિ વિભાગ થતા નથી. તેની સર્વથી સર્વ, આ એક જ પ્રકારે સ્પર્શના હોય છે. જુઓ **સ્થાપના–૧**

**પરમાણુ પુદ્‌ગલની દ્વિપ્રદેશી સ્કંધ સાથે સ્પર્શના** બે પ્રકારની છે– (૧) જ્યારે દ્વિપ્રદેશી સ્કંધ, બે આકાશ પ્રદેશ પર રહેલો હોય ત્યારે પરમાણુ પુદ્‌ગલ સર્વાત્મના તે સ્કંધના એક દેશને સ્પર્શે છે; તેથી સાતમો **સર્વથી એક દેશ** નામનો વિકલ્પ ઘટિત થાય છે. જુઓ **સ્થાપના–૨.**

(૨) જ્યારે દ્વિપ્રદેશી સ્કંધ એક જ આકાશ પ્રદેશ પર સ્થિત હોય ત્યારે પરમાણુ પુદ્‌ગલ તે સંપૂર્ણ સ્કંધને સર્વાત્મના સ્પર્શે છે. તેથી નવમો **સર્વથી સર્વ** નામનો વિકલ્પ ઘટિત થાય છે. જુઓ **સ્થાપના–૩.**


આ રીતે દ્વિપ્રદેશી સ્કંધમાં બે જ પ્રદેશ હોય; તેથી જ્યારે પરમાણુ તેના એક પ્રદેશને સ્પર્શે ત્યારે સાતમો વિકલ્પ અને તેના બંને પ્રદેશને સ્પર્શે ત્યારે નવમો વિકલ્પ ઘટિત થાય છે. આઠમો વિકલ્પ ઘટિત થતો નથી. કારણ કે તેના બે પ્રદેશ તે જ સર્વ છે અને તે જ બહુ છે; માટે આઠમો અને નવમો ભંગ એક થઈ જાય છે.

**પરમાણુ પુદ્‌ગલની ત્રિપ્રદેશી સ્કંધ સાથે સ્પર્શના** ત્રણ પ્રકારની છે–(૧) જ્યારે ત્રિપ્રદેશી સ્કંધ ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત હોય ત્યારે પરમાણુ સર્વાત્મના તે સ્કંધના એક દેશને સ્પર્શે; કારણ કે પરમાણુમાં ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત ત્રિપ્રદેશી સ્કંધના એક જ પ્રદેશને સ્પર્શ કરવાનું સામર્થ્ય છે. તેથી સાતમો **સર્વથી દેશ** નામનો ભંગ ઘટિત થાય છે. જુઓ **સ્થાપના–૪.**

(૨) જ્યારે ત્રિપ્રદેશી સ્કંધ બે આકાશ પ્રદેશ પર સ્થિત હોય, તેના બે પ્રદેશ એક આકાશ પ્રદેશ પર હોય અને એક પ્રદેશ એક આકાશ પ્રદેશ પર હોય, ત્યારે એક આકાશપ્રદેશ પર સ્થિત પરમાણુ ત્રિપ્રદેશીના એક આકાશપ્રદેશ સ્થિત બે પ્રદેશને સ્પર્શે છે, તેથી આઠમો **સર્વથી બહુદેશ** નામનો ભંગ ઘટિત થાય છે. જુઓ **સ્થાપના–૫.**

(૩) જ્યારે ત્રિપ્રદેશી સ્કંધ એક જ આકાશ પ્રદેશ પર સ્થિત હોય ત્યારે એક આકાશપ્રદેશ પર

સ્થિત પરમાણુ સર્વાત્મના તે સ્કંધના એક આકાશપ્રદેશ પર સ્થિત ત્રણે ય પ્રદેશને સ્પર્શે; તેથી નવમો **સર્વથી સર્વ** નામનો ભંગ ઘટિત થાય છે. જુઓ **સ્થાપના–૬.**




આ રીતે પરમાણુ ત્રિપ્રદેશીસ્કંધના એક પ્રદેશને સ્પર્શે ત્યારે સાતમો, બે પ્રદેશને સ્પર્શે ત્યારે આઠમો અને ત્રણ પ્રદેશને સ્પર્શે ત્યારે નવમો વિકલ્પ ઘટિત થાય છે.

પરમાણુ સાથે ચતુષ્પ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સ્કંધનું કથન ત્રિપ્રદેશી સ્કંધની સમાન હોય છે. પરમાણુની જેમ દ્વિપ્રદેશી આદિના સર્વ વિકલ્પો યથાસંભવ ઘટાવવા જોઈએ.

**નિષ્કર્ષ :–** (૧) પરમાણુ સર્વ જ હોય છે. તે નિરંશ હોવાથી તેમાં એકદેશ કે બહુદેશ આદિ વિભાગની સંભાવના નથી. તેથી પરમાણુની સ્પર્શનામાં સર્વના ત્રણ ભંગ હોય છે. (૨) દ્વિપ્રદેશીસ્કંધ દેશ અને સર્વ હોય છે. તેની સ્પર્શનામાં બહુદેશની સંભાવના નથી, તેથી તેમાં એક દેશના પ્રથમ ત્રણ ભંગ અને સર્વના અંતિમ ત્રણ ભંગ તેમ છ ભંગ હોય છે. (૩) ત્રિપ્રદેશીથી અનંતપ્રદેશી સુધીના સ્કંધમાં એકદેશ, બહુદેશ અને સર્વ તે ત્રણે ય હોય છે. તેથી તેમાં નવ ભંગ હોય છે.

પરમાણુમાં સર્વના ત્રણ ભંગ ૭, ૮, ૯ હોય છે. દ્વિપ્રદેશીમાં એક દેશના ત્રણ– ૧, ૨, ૩ અને સર્વના ત્રણ– ૭, ૮, ૯ એમ કુલ છ ભંગ હોય છે. ત્રણ પ્રદેશી, ચારપ્રદેશી આદિ સ્કંધોમાં નવે નવ ભંગ હોય છે.

## પુદ્ગલોની પરસ્પર સ્પર્શનાના ભંગ :–

| પુદ્ગલ | પુદ્ગલ સાથે | ભંગ સંખ્યા |
|---|---|---|
| પરમાણુ | પરમાણુ | ૧=નવમો |
| પરમાણુ | દ્વિપ્રદેશી | ૨=સાતમો, નવમો |
| પરમાણુ | ત્રણપ્રદેશી આદિ | ૩=સાતમો, આઠમો, નવમો |
| દ્વિપ્રદેશી | પરમાણુ | ૨=ત્રીજો, નવમો |

| | | |
|---|---|---|
| દ્વિપ્રદેશી | દ્વિપ્રદેશી | ૪=પહેલો,ત્રીજો, સાતમો, નવમો |
| દ્વિપ્રદેશી | ત્રણપ્રદેશી આદિ | ૬=પહેલો, બીજો, ત્રીજો, સાતમો, આઠમો, નવમો |
| ત્રણપ્રદેશી આદિ | પરમાણુ | ૩=ત્રીજો, છઠ્ઠો, નવમો |
| ત્રણપ્રદેશી આદિ | દ્વિપ્રદેશી | ૬=પહેલો, ત્રીજો, ચોથો, છઠ્ઠો, સાતમો, નવમો |
| ત્રણપ્રદેશી આદિ | ત્રણપ્રદેશી આદિ | ૯=બધા ભંગ |

**દ્રવ્ય ક્ષેત્ર ભાવ અપેક્ષા પુદ્ગલોની સ્થિતિ :–**

**૧૪ परमाणुपोग्गले णं भंते ! कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं । एवं** *जाव* **अणंतपएसिओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલ કાલની અપેક્ષાએ કેટલો કાલ રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ, પરમાણુ પુદ્ગલ રૂપે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાલ પર્યંત રહે છે. તે જ રીતે ***યાવત્*** અનંતપ્રદેશી સ્કંધ સુધી કહેવું જોઈએ.

**૧૫ एगपएसोगाढे णं भंते ! पोग्गले सेए तम्मि वा ठाणे, अण्णम्मि वा ठाणे कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं । एवं** *जाव* **असंखेज्जपएसोगाढे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક આકાશ પ્રદેશ પર સ્થિત પુદ્ગલ તે સ્થાનમાં અથવા અન્ય સ્થાનમાં કેટલો કાલ સકંપિત રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પ્રદેશાવગાઢ પુદ્ગલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ પર્યંત(ઉભય સ્થાનોમાં) સકંપ રહે છે. તે જ રીતે ***યાવત્*** અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલના વિષયમાં જાણવું જોઈએ.

**૧૬ एगपएसोगाढे णं भंते ! पोग्गले णिरेए कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं । एवं** *जाव* **असंखेज्जपएसोगाढे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક આકાશ પ્રદેશાવગાઢ પુદ્ગલ કેટલો કાલ નિષ્કંપ રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પ્રદેશાવગાઢ પુદ્ગલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલ પર્યંત નિષ્કંપ રહે છે. તે જ રીતે ***યાવત્*** અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલના વિષયમાં જાણવું.

**૧૭ एगगुणकालए णं भंते ! पोग्गले कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं । एवं** *जाव* **अणंतगुणकालए, एवं वण्ण गंध रस फासं** *जाव* **अणंतगुण लुक्खे । एवं सुहमपरिणए पोग्गले । एवं बादरपरिणए पोग्गले ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક ગુણ કાળા પુદ્ગલ કેટલો કાલ એક ગુણ કાળારૂપે રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક ગુણ કાળા પુદ્ગલ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યેયકાલ સુધી તે જ રૂપે રહે છે. તે જ રીતે દ્વિગુણ કાળા ***યાવત્*** અનંતગુણ કાળા પુદ્ગલનું કથન કરવું જોઈએ. આ જ પ્રમાણે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્ગલના વિષયમાં કથન કરવું જોઈએ ***યાવત્*** અનંતગુણ રૂક્ષ પુદ્ગલનું કથન કરવું જોઈએ. તે જ રીતે સૂક્ષ્મ પરિણત પુદ્ગલ અને બાદર પરિણત પુદ્ગલના સંબંધમાં કથન કરવું જોઈએ.

**૧૮ सद्दपरिणए णं भंते ! पोग्गले कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं । असद्दपरिणए जहा एगगुणकालए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શબ્દ પરિણત પુદ્ગલ કેટલા કાલ સુધી શબ્દ પરિણત પુદ્ગલે રૂપે રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શબ્દ પરિણત પુદ્ગલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ પર્યંત શબ્દરૂપે રહે છે.

અશબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિનું કથન એક ગુણ કાળા પુદ્ગલની જેમ કરવું અર્થાત્ ઉત્કૃષ્ટ અસંખ્યકાલ સુધી અશબ્દ પરિણત પુદ્ગલ રહે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવની અપેક્ષાએ પુદ્ગલોની સ્થિતિનું નિરૂપણ કર્યું છે.

**દ્રવ્યગત પુદ્ગલની સ્થિતિ :–** પરમાણુથી અનંતપ્રદેશી સુધીના સર્વ સ્કંધ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાલ પર્યંત રહે છે અર્થાત્ પરમાણુ પરમાણુ સ્વરૂપે અસંખ્યકાલ પર્યંત રહે છે, ત્યાર પછી અવશ્ય તે સ્કંધ રૂપે પરિણત થઈ જાય છે. તે જ રીતે દ્વિપ્રદેશી આદિ પ્રત્યેક સ્કંધ પણ પોતાના સ્વરૂપમાં

અસંખ્યકાલ પર્યંત રહે છે અને ત્યારપછી તે અવસ્થાનું અવશ્ય પરિવર્તન થઈ જાય છે.

**ક્ષેત્રગત પુદ્‌ગલની સ્થિતિ :–** એક પ્રદેશાવગાઢથી અસંખ્યપ્રદેશાવગાઢ સુધીના સર્વ સકંપ પુદ્‌ગલની સ્થિતિ–જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ અને નિષ્કંપ પુદ્‌ગલની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાલ છે. (પુદ્‌ગલ દ્રવ્ય લોકાકાશમાં હોય છે અને લોકાકાશના પ્રદેશ અસંખ્ય છે. તેથી પુદ્‌ગલ, એક પ્રદેશાવગાઢથી અસંખ્ય પ્રદેશાવગાઢ સુધી જ હોય છે પરંતુ અનંત પ્રદેશાવગાઢ હોતા નથી.)

પુદ્‌ગલ જ્યારે સકંપ થાય ત્યાર પછી જ તેની પર્યાયનું પરિવર્તન થાય છે. પુદ્‌ગલ દ્રવ્યમાં બે પ્રકારની સ્થિતિ હોય છે. (૧) સકંપ (૨) નિષ્કંપ. પરમાણુ પુદ્‌ગલ કે કોઈ પણ સ્કંધની સ્થિતિ અસંખ્યાત કાલની કહી છે. તેથી સિદ્ધ થાય છે કે તે સ્કંધ પોતાના તે જ સ્વરૂપમાં ઉત્કૃષ્ટ અસંખ્યકાલ પર્યંત નિષ્કંપ અવસ્થામાં રહી શકે, ત્યાર પછી તેમાં પર્યાય પરિવર્તન માટે સકંપ અવસ્થા થાય છે. આ સકંપ અવસ્થા જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ પર્યંત રહે છે. તેટલા સમયમાં તેની પર્યાયનું પરિવર્તન થઈ જાય છે અને ત્યારપછી તે નિષ્કંપ બની જાય છે.

**ભાવગત પુદ્‌ગલની સ્થિતિ :–** એક ગુણ કાળાથી અનંતગુણ રૂક્ષ સ્પર્શ પર્યંતના પુદ્‌ગલની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાલ છે. ત્યાર પછી તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શમાં અવશ્ય પરિવર્તન થાય છે.

**શબ્દ–અશબ્દ પરિણત પુદ્‌ગલની સ્થિતિ :–** શબ્દ પરિણત પુદ્‌ગલ તે રૂપમાં ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ સુધી રહે છે. તે પછી અશબ્દ પરિણત થઈ જાય છે અને અશબ્દ પરિણત પુદ્‌ગલ તે રૂપમાં ઉત્કૃષ્ટ અસંખ્યકાલ સુધી રહે છે.

## પુદ્‌ગલોનો અંતરકાલ :–

**१९ परमाणु पोग्गलस्स णं भंते ! अंतरं कालओ केवच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલનું અંતર કેટલું છે ? અર્થાત્ જે પુદ્‌ગલ વર્તમાને પરમાણુ રૂપ છે, તે પોતાનું પરમાણુપણુ છોડી, કોઈ પણ સ્કંધ રૂપે પરિણત થઈ, પુનઃ પરમાણુપણાને ક્યારે પ્રાપ્ત કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલનું અંતર હોય છે.

**२० दुप्पएसियस्स णं भंते ! खंधस्स अंतरं कालओ केवच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं अणंतं कालं । एवं *जाव* अणंतपएसिओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધનું અંતર કેટલું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનંતકાલનું અંતર હોય છે. તે જ રીતે ત્રિપ્રદેશી સ્કંધથી અનંતપ્રદેશી સ્કંધ સુધી જાણવું.

**૨૧ एग पएसोगाढस्स णं भंते ! पोग्गलस्स सेयस्स अंतरं कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं । एवं** *जाव* **असंखेज्ज पएसोगाढे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક પ્રદેશાવગાઢ સકંપ પુદ્ગલનું અંતર કેટલા કાલનું હોય છે ? અર્થાત્ એક આકાશ પ્રદેશ પર સ્થિત સકંપ પુદ્ગલ પોતાનું કંપન બંધ કરે, તો તેને પુનઃ–સકંપ થવામાં કેટલો સમય લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલનું અંતર હોય અર્થાત્ તે પુદ્ગલ જ્યારે કંપિત થતું અટકી જાય અર્થાત્ અકંપ અવસ્થાને પ્રાપ્ત થઈ જાય અને પુનઃ કંપનનો પ્રારંભ કરે અર્થાત્ સકંપ બને, તો તેનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલનું છે. તે જ રીતે દ્વિપ્રદેશાવગાઢ સકંપ પુદ્ગલથી અસંખ્ય પ્રદેશાવગાઢ સુધીના પુદ્ગલોનું અંતર કહેવું જોઈએ.

**૨૨ एग पएसोगाढस्स णं भंते ! पोग्गलस्स णिरेयस्स अंतरं कालओ केवच्चिरं होइ ?**

**गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं । एवं** *जाव* **असंखेज्जपएसोगाढे ।**

**वण्ण गंध रस फास सुहुमपरिणय बायरपरिणयाणं, एएसिं जं चेव संचिट्ठणा तं चेव अंतरं वि भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક પ્રદેશાવગાઢ નિષ્કંપ પુદ્ગલનું અંતર કેટલા કાલનું હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગનું અંતર હોય છે. તે જ રીતે દ્વિપ્રદેશાવગાઢ નિષ્કંપ પુદ્ગલથી અસંખ્યેય પ્રદેશાવગાઢ સુધી કહેવું જોઈએ.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શગત, સૂક્ષ્મ પરિણત અને બાદર પરિણત પુદ્ગલોનો જે સંસ્થિતિકાલ (સંચિટ્ઠણા કાલ) કહ્યો છે, તે જ તેનો અંતરકાલ સમજવો.

**૨૩ सद्दपरिणयस्स णं भंते ! पोग्गलस्स अंतरं कालओ केवच्चिरं होइ ? गोयमा!**

**जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं ।**

**असद्दपरिणयस्स णं भंते ! पोग्गलस्स अंतरं कालओ केवच्चिरं होइ ? गोयमा! जहण्णेणं एगं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શબ્દ પરિણત પુદ્ગલનું અંતર કેટલા કાલનું હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલનું અંતર હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! અશબ્દ પરિણત પુદ્ગલનું અંતર કેટલા કાલનું હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગનું હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પરમાણુ પુદ્ગલ અને દ્વિપ્રદેશી સ્કંધથી લઈને અનંતપ્રદેશી સ્કંધ સુધીનો સામાન્ય અંતરકાલ તથા સકંપ–નિષ્કંપ, એક પ્રદેશાવગાઢથી અસંખ્યપ્રદેશાવગાઢ સુધીના સ્કંધોનો અંતરકાલ, ત્યાર પછી વર્ણ–ગંધ–રસ–સ્પર્શ, સૂક્ષ્મ–બાદરપરિણત પુદ્ગલનો અંતરકાલ અને અંતે શબ્દ પરિણત, અશબ્દ પરિણત પુદ્ગલના અંતરકાલનું નિરૂપણ કર્યું છે.

**અંતરકાલ :–** એક વિશિષ્ટ પુદ્ગલ પોતાનું વૈશિષ્ટ્ય છોડીને અન્યરૂપમાં પરિણત થઈને, પુનઃ તે જ ભૂતપૂર્વ વિશિષ્ટરૂપને જેટલા કાલ પછી પ્રાપ્ત કરે તે કાલમર્યાદાને અંતરકાલ કહે છે.

**પરમાણુનું અંતર :–** એક પરમાણુ પોતાનું પરમાણુપણું છોડીને સ્કંધ રૂપે પરિણત થાય અને તેમાંથી પુનઃ પરમાણુપણાને પ્રાપ્ત કરે, તેની વચ્ચેનો કાલ સ્કંધકાલ છે અને તે જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલ છે.

એક પરમાણુ કોઈપણ સ્કંધ સાથે પરિણત થાય અને તે સ્કંધ એક જ સમયમાં પુનઃ પરમાણુ રૂપે પરિવર્તિત થઈ જાય(બધા વિખેરાઈ જાય) અથવા તે પરમાણુ સ્વયં સ્કંધમાંથી છૂટો પડી જાય તો જઘન્ય અંતર એક સમયનું થાય છે અને જો તે અસંખ્યાત કાલ સુધી સ્કંધ રૂપે રહે અને ત્યાર પછી પરમાણુપણાને પ્રાપ્ત કરે, તો તેનું ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાત કાલનું થાય છે. સ્કંધો અનંત છે છતાં પરમાણુ અસંખ્યાત કાલ પછી પરમાણુપણાને અવશ્ય પ્રાપ્ત કરે, તેથી અનંતકાળનું અંતર થતું નથી. તેમાં તથાપ્રકારનો પુદ્ગલ સ્વભાવ જ કારણ છે.

**દ્વિપ્રદેશી સ્કંધનું અંતર :–** દ્વિપ્રદેશી સ્કંધ પોતાનું સ્વરૂપ છોડીને પરમાણુ રૂપે અથવા અન્ય સ્કંધ રૂપે પરિણત થાય, પુનઃ તે દ્વિપ્રદેશી સ્કંધ રૂપે પરિણત થાય, તેમાં જેટલો કાલ વ્યતીત થાય, તેને તેનું અંતર કહે છે. તેનું અંતર અનંતકાલનું છે. કારણ કે શેષ સ્કંધો અનંત છે અને તે પ્રત્યેક સ્કંધની સ્થિતિ અસંખ્યાત કાલની છે. દ્વિપ્રદેશી સ્કંધ ક્રમશઃ અનંત સ્કંધ રૂપે પરિણત થતો જ જાય તો તેમાં અનંતકાલ વ્યતીત થઈ

જાય. આ રીતે પ્રત્યેક સ્કંધોનું અંતર અનંતકાલનું જાણવું. આ અનંતકાલની વચ્ચે વચ્ચે તે પરમાણુ રૂપ પણ થતો રહે છે. કારણ કે પરમાણુનું અંતર અસંખ્ય કાલનું જ છે.

**સકંપ–નિષ્કંપનું અંતર :–** નિષ્કંપ અવસ્થાનો સ્થિતિકાલ તે સકંપનો અંતરકાલ અને સકંપનો જે સ્થિતિકાલ તે નિષ્કંપનો અંતરકાલ છે. તેથી સકંપનું ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાતકાલ અને નિષ્કંપનું ઉત્કૃષ્ટ અંતર આવલિકાના અસંખ્યાતમા ભાગનું છે.

**શબ્દ–અશબ્દ પરિણત પુદ્ગલનું અંતર :–** તેમાં પણ શબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ તે અશબ્દ પરિણત પુદ્ગલનો અંતરકાલ અને અશબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ તે શબ્દ પરિણત પુદ્ગલનો અંતરકાલ બને છે. તેથી શબ્દ પરિણત પુદ્ગલ શબ્દપણુ છોડીને, અસંખ્યાતકાલ પર્યંત અશબ્દ રૂપે રહે, પુનઃ શબ્દ રૂપે પરિણત થાય, તેથી તેનું ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાતકાલનું છે અને અશબ્દ પરિણત પુદ્ગલ શબ્દ રૂપે પરિણત થાય, તે સ્વરૂપે આવલિકાનો અસંખ્યાતમો ભાગ રહે. પુનઃ અશબ્દ રૂપે પરિણત થઈ જાય, તેથી અશબ્દ પરિણત પુદ્ગલનું ઉત્કૃષ્ટ અંતર આવલિકાનો અસંખ્યાતમો ભાગ થાય છે.

વર્ણ, ગંધ, રસાદિ રૂપે પરિણત પુદ્ગલની સ્થિતિ અને તેનો અંતરકાલ સમાન છે. કૃષ્ણવર્ણ આદિમાં અનંત ભેદ હોવા છતાં તથાપ્રકારના સ્વભાવે તેનો અંતરકાલ અનંતકાલનો નથી પરંતુ તેની સ્થિતિ પ્રમાણે અસંખ્યાત કાલનો જ છે. સર્વ પુદ્ગલોનું જઘન્ય અંતર એક સમયનું છે.

**પુદ્ગલ દ્રવ્યની સ્થિતિ અને અંતર [કોષ્ટક] :–**

| ક્રમ | પુદ્ગલ દ્રવ્ય | સ્થિતિ | | અંતર | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧ | પરમાણુ | ૧ સમય | અસંખ્યાતકાળ | એક સમય | અસંખ્યાતકાલ |
| ૨ | દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી સ્કંધ | ૧ સમય | અસંખ્યાતકાળ | એક સમય | અનંતકાલ |
| ૩ | એક પ્રદેશાવગાઢ સકંપ પુદ્ગલ | ૧ સમય | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | એક સમય | અસંખ્યકાલ |
| ૪ | એક પ્રદેશાવગાઢ નિષ્કંપ પુદ્ગલ | ૧ સમય | અસંખ્યાતકાળ | એક સમય | આવલિકાનો અસંખ્યાતમો ભાગ |
| ૫ | વર્ણાદિ પરિણત અને સૂક્ષ્મબાદર પુદ્. | ૧ સમય | અસંખ્યાતકાળ | એક સમય | અસંખ્યાતકાલ |
| ૬ | શબ્દ પરિણત પુદ્ગલ | ૧ સમય | આવલિકાનો અસંખ્યાતમો ભાગ | એક સમય | અસંખ્યાતકાલ |
| ૭ | અશબ્દ પરિણત પુદ્ગલ | ૧ સમય | અસંખ્યાતકાળ | એક સમય | આવલિકાનો અસંખ્યાતમો ભાગ |

## પુદ્ગલ દ્રવ્યની સ્થિતિઓનું અલ્પબહુત્વ :–

**२४ एयस्स णं भंते ! दव्वट्ठाणाउयस्स, खेत्तट्ठाणाउयस्स, ओगाहणट्ठाणाउयस्स, भावट्ठाणाउयस्स कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया ?**

**गोयमा ! सव्वत्थोवे खेत्तट्ठाणाउए, ओगाहणट्ठाणाउए असंखेज्जगुणे, दव्वट्ठाणाउए असंखेज्जगुणे, भावट्ठाणाउए असंखेज्जगुणे ।**

**खेत्तोगाहणदव्वे, भावट्ठाणाउयं च अप्पबहुं ।**
**खेत्ते सव्वत्थोवे, सेसा ठाणा असंखेज्जगुणा ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્ય સ્થાનાયુ, ક્ષેત્ર સ્થાનાયુ, અવગાહના સ્થાનાયુ અને ભાવ સ્થાનાયુ આ સર્વમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડું ક્ષેત્રસ્થાનાયુ છે, તેથી અવગાહના સ્થાનાયુ અસંખ્યાતગુણ છે, તેથી દ્રવ્ય સ્થાનાયુ અસંખ્યાતગુણ છે અને તેથી ભાવ સ્થાનાયુ અસંખ્યાતગુણ છે.

**ગાથાર્થ–** ક્ષેત્ર સ્થાનાયુ, અવગાહના સ્થાનાયુ, દ્રવ્ય સ્થાનાયુ અને ભાવ સ્થાનાયુનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે– ક્ષેત્રસ્થાનાયુ સર્વથી અલ્પ છે, શેષ ત્રણ સ્થાનાયુ ક્રમશઃ અસંખ્યાત ગુણા છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્ર અને તદનુરૂપ ગાથામાં ક્ષેત્ર, અવગાહના, દ્રવ્ય અને ભાવરૂપ સ્થાનાયુના અલ્પ–બહુત્વની પ્રરૂપણા કરી છે.

**૧. દ્રવ્ય સ્થાનાયુ :–** પરમાણુ, દ્વિપ્રદેશી આદિ સ્કંધને સ્કંધરૂપે રહેવાની સ્થિતિને દ્રવ્યસ્થાનાયુ કહે છે અથવા પુદ્‌ગલની કાયસ્થિતિને દ્રવ્યસ્થાનાયુ કહે છે.

**૨. ક્ષેત્ર સ્થાનાયુ :–** તે પુદ્‌ગલ દ્રવ્યનું એક પ્રદેશાદિ ક્ષેત્રમાં રહેવું, તે ક્ષેત્ર સ્થાનાયુ છે.

**૩. અવગાહના સ્થાનાયુ :–** પુદ્‌ગલોના આધારભૂત ક્ષેત્ર તે અવગાહના સ્થાનક કહેવાય છે અને આ અવગાહિત કરાયેલા પરિમિત ક્ષેત્રમાં પુદ્‌ગલોનું અમુક કાલ સુધી રહેવું, તેને અવગાહના સ્થાનાયુ કહે છે.

**૪. ભાવ સ્થાનાયુ :–** દ્રવ્યના વિભિન્ન રૂપોમાં પરિવર્તન થવા છતાં પણ દ્રવ્યને આશ્રિત રહેલા વર્ણાદિ ગુણોની જે સ્થિતિ તે ભાવ સ્થાનાયુ છે.

**અલ્પબહુત્વ :–** (૧) દ્રવ્ય સ્થાનાયુ આદિ ચારેમાં ક્ષેત્ર અમૂર્તિક છે. તેની સાથે પુદ્‌ગલના બંધનું કારણ 'સ્નિગ્ધત્વ' આદિ ન હોવાથી પુદ્‌ગલોનો ક્ષેત્રાવસ્થાન કાલ(ક્ષેત્ર સ્થાનાયુ) સર્વથી અલ્પ છે. (૨) એક ક્ષેત્રમાં રહેલા પુદ્‌ગલ અન્ય ક્ષેત્રમાં જાય, ત્યારે પણ તેની અવગાહના તે જ રહે છે, તેથી ક્ષેત્ર સ્થાનાયુથી અવગાહના સ્થાનાયુ અસંખ્યાતગુણ છે. (૩) સંકોચ–વિસ્તાર આદિ કોઈ પણ પ્રક્રિયાથી અવગાહના–આકારની નિવૃત્તિ થવા છતાં પણ પુદ્‌ગલ સ્કંધ દ્રવ્ય દીર્ઘકાલ પર્યંત તે જ સ્વરૂપે રહે છે, તેથી અવગાહના સ્થાનાયુથી દ્રવ્ય સ્થાનાયુ અસંખ્યાતગુણ છે. (૪) દ્રવ્યની નિવૃત્તિ અર્થાત્ અન્ય પુદ્‌ગલ સ્કંધ દ્રવ્યમાં પરિણત થવા છતાં પણ દ્રવ્યના અનેક ગુણોની સ્થિતિ ચિરકાલ સુધી રહે છે. જેમ કે કોઈ એક પુદ્‌ગલ સ્કંધ ભેદ કે સંઘાત થતાં તે રૂપે ન રહે અર્થાત્ અન્ય પુદ્‌ગલ સ્કંધ રૂપે કે પરમાણુ રૂપે રહે તો પણ તેના વર્ણાદિ અનેક ગુણ અવસ્થિત રહે છે, તેથી દ્રવ્ય સ્થાનાયુની અપેક્ષાએ ભાવ સ્થાનાયુ અસંખ્યાતગુણ છે.

## જીવોમાં આરંભ અને પરિગ્રહ :–

**२५** **णेरइया णं भंते ! किं सारंभा सपरिग्गहा, उदाहु अणारंभा अपरिग्गहा ?**

**गोयमा ! णेरइया सारंभा सपरिग्गहा, णो अणारंभा णो अपरिग्गहा ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **णो अपरिग्गहा ?**

**गोयमा ! णेरइया णं पुढविक्कायं समारंभंति** *जाव* **तसकायं समारंभंति; सरीरा परिग्गहिया भवंति, कम्मा परिग्गहिया भवंति, सचित्ताचित्त–मीसयाइं दव्वाइं परिग्गहियाइं भवंति; से तेणट्ठेणं गोयमा !** *जाव* **णो अपरिग्गहा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક સારંભી અને સપરિગ્રહી છે કે અનારંભી અને અપરિગ્રહી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક સારંભી અને સપરિગ્રહી છે પરંતુ અનારંભી અને અપરિગ્રહી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિક સારંભી અને સપરિગ્રહી છે પરંતુ અનારંભી અને અપરિગ્રહી નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક પૃથ્વીકાયથી ત્રસકાય પર્યંતના જીવોનો સમારંભ કરે છે, તેથી તે સારંભી છે. તેઓએ શરીરને પરિગૃહીત કર્યું છે અર્થાત્ મમત્વ ભાવથી ગ્રહણ કર્યું છે, અપનાવ્યું છે. જ્ઞાનાવરણીયાદિ કર્મ વર્ગણાના પુદ્ગલ રૂપ દ્રવ્ય કર્મને અને રાગદ્વેષાદિ રૂપ ભાવકર્મને પરિગૃહીત કર્યા છે અને સચિત, અચિત તથા મિશ્ર દ્રવ્ય પરિગૃહીત કર્યા છે. હે ગૌતમ ! તેથી નૈરયિક સારંભી અને સપરિગ્રહી છે, અનારંભી અને અપ્રરિગ્રહી નથી.

**२६** **असुरकुमारा णं भंते ! किं सारंभा, पुच्छा ? गोयमा ! असुरकुमारा सारंभा सपरिग्गहा, णो अणारंभा, अपरिग्गहा ।**

**से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! असुरकुमारा णं पुढविकायं समारंभंति** *जाव* **तसकायं समारंभंति, सरीरा परिग्गहिया भवंति, कम्मा परिग्गहिया भवंति, भवणा परिग्गहिया भवंति; देवा, देवीओ, मणुस्सा मणुस्सीओ, तिरिक्खजोणिया, तिरिक्खजोणिणीओ परिग्गहिया भवंति; आसण–सयण–भंड–मत्तोवगरणा परिग्गहिया भवंति; सचित्ताचित्त–मीसयाइं दव्वाइं परिग्गहियाइं भवंति । से तेणट्ठेणं गोयमा !** *जाव* **णो अपरिग्गहा । एवं** *जाव* **थणियकुमारा । एगिंदिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસુરકુમાર સારંભી અને સપરિગ્રહી છે કે અનારંભી અને અપરિગ્રહી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર પણ સારંભી અને સપરિગ્રહી છે. અનારંભી અને અપરિગ્રહી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અસુરકુમાર સારંભી અને સપરિગ્રહી છે, અનારંભી અને અપરિગ્રહી નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર પૃથ્વીકાયથી લઈને ત્રસકાય પર્યંતના જીવોનો સમારંભ કરે છે. તેઓએ શરીરને, કર્મને, ભવનને પરિગૃહીત કર્યા છે; દેવ–દેવીઓ, મનુષ્ય–મનુષ્ય સ્ત્રીઓ, તિર્યંચો, તિર્યંચ સ્ત્રીઓને પરિગૃહીત કર્યા છે; આસન, શયન, વાસણ તથા અન્ય સામાન, ધાતુના પાત્ર અને વિવિધ ઉપકરણ (કુહાડી–કડછી વગેરે) પરિગૃહીત કર્યા છે અને સચિત્ત અચિત્ત તથા મિશ્ર દ્રવ્ય પરિગૃહીત કર્યા છે, તેથી તે સારંભી અને સપરિગ્રહી છે, પરંતુ અનારંભી અને અપરિગ્રહી નથી. તે જ રીતે નાગ–કુમારથી સ્તનિતકુમાર સુધી કહેવું જોઈએ. પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયોનું કથન નૈરયિકોની સમાન કહેવું જોઈએ.

**૨૭ बेइंदिया णं भंते ! किं सारंभा सपरिग्गहा ?**

**गोयमा ! तं चेव** *जाव* **सरीरा परिग्गहिया भवंति; बाहिरिया भंडमत्तोवगरणा परिग्गहिया भवंति । एवं** *जाव* **चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું બેઈન્દ્રિય જીવ સારંભી અને સપરિગ્રહી છે ? કે અનારંભી અને અપરિગ્રહી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બેઈન્દ્રિય જીવ સારંભી અને સપરિગ્રહી છે, અનારંભી અને અપરિગ્રહી નથી. તેનું કારણ પણ પૂર્વોક્ત છે. (તે ષટ્કાયનો આરંભ કરે છે)તથા તેઓએ શરીર અને બાહ્ય પદાર્થો પરિગૃહીત કર્યા છે ***યાવત્*** સચિત્ત, અચિત્ત તથા મિશ્ર દ્રવ્ય પણ પરિગૃહીત કર્યા છે. તેથી તે સારંભી અને સપરિગ્રહી છે, અનારંભી અને અપરિગ્રહી નથી. તે જ રીતે તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના વિષયમાં કહેવું જોઈએ.

**૨૮ पंचिंदियतिरिक्खजोणिया णं भंते ! किं सारंभा सपरिग्गहा उदाहु अणारंभा अपरिग्गहा ?**

**गोयमा ! तं चेव** *जाव* **कम्मा परिग्गहिया भवंति; टंका कूडा सेला सिहरी पब्भारा परिग्गहिया भवंति; जल थल बिल गुह लेणा परिग्गहिया भवंति; उज्झर णिज्झर चिल्लल पल्लल वप्पिणा परिग्गहिया भवंति; अगड तडाग दह णइओ वावि पुक्खरिणी दीहिया गुंजालिया सरा सरपंतियाओ**

**सरसरपंतियाओ बिलपंतियाओ परिग्गहियाओ भवंति; आरामुज्जाणा काणणा वणा वणसंडा वणराईओ परिग्गहियाओ भवंति; देवउल सभा पवा थूभा खाइय परिखाओ परिग्गहियाओ भवंति; पागार अट्टालग चरिया दार गोपुरा परिग्गहिया भवंति; पासाय घर सरण लेण आवणा परिग्गहिया भवंति; सिंघाडग तिग चउक्क चच्चर चउम्मुह महापहा परिग्गहिया भवंति; सगड रह जाण जुग्ग गिल्लि थिल्लि सीयसंदमाणियाओ परिग्गहियाओ भवंति; लोही लोहकडाह कडुच्छया परिग्गहिया भवंति; भवणा परिग्गहिया भवंति; देवा देवीओ मणुस्सा मणुस्सीओ तिरिक्खजोणिया तिरिक्खजोणिणीओ परिग्गहिया भवंति; आसण सयण खंभ भंड सचित्ताचित्त मीसयाइं दव्वाइ परिग्गहिया भवंति। से तेणट्ठेणं गोयमा ! पंचिंदियतिरिक्ख जोणिया सारंभा सपरिग्गहा, णो अणारंभा अपरिग्गहा ।**

**जहा तिरिक्खजोणिया तहा मणुस्सा वि भाणियव्वा । वाणमंतर जोइस–वेमाणिया जहा भवणवासी तहा णेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવ શું સારંભી અને સપરિગ્રહી છે કે અનારંભી અને અપરિગ્રહી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ સારંભી અને સપરિગ્રહી છે. અનારંભી અને અપરિગ્રહી નથી. કારણ કે તેઓએ શરીર અને કર્મ પરિગૃહીત કર્યા છે તથા તેઓએ પર્વતનો થયેલો વિભાગ, કૂટ, મુંડ પર્વત, શિખરવાળા પર્વતો અને પ્રાગ્ભાર(ઝૂકેલા) પર્વતોને પરિગૃહીત કર્યા છે; તે જ રીતે જલ, સ્થલ, બિલ, ગુફા, લયન(પહાડ કોતરીને બનાવેલું ઘર) પણ પરિગૃહીત કર્યા છે. તેણે ઉજ્ઝર(જલ પ્રપાત), નિજ્ઝર(વહેતું ઝરણું), ચિલ્લલ–કચરા સહિતના પાણીવાળા જલસ્થાન, પલ્લલ–આહ્લાદ દાયક જલસ્થાન તથા ક્યારીઓ પરિગૃહીત કર્યા છે. તેણે કૂવા, તળાવ, દ્રહ, નદી, વાવડી, પુષ્કરિણી, લાંબી વાવડી, ગુંજાલિકા વાવડી, સરોવર, સરોવર શ્રેણિ, સર, સરપંક્તિ અને બિલ પંક્તિને પરિગૃહીત કર્યા છે; આરામ, ઉદ્યાન, સામાન્ય વૃક્ષોથી યુક્ત ગ્રામની નિકટવર્તી કાનન,ગામથી દૂરનું વન–જંગલ, એક જાતિના વૃક્ષોથીયુક્ત વનખંડ, વૃક્ષોની પંક્તિ યુક્ત વનરાજી આ સર્વ પરિગૃહીત કર્યા છે તેમજ દેવ મંદિર, સભા, આશ્રમ, પરબ, સ્તૂપ, ખાઈ, પરિખાને પરિગૃહીત કર્યા છે; પ્રાકાર, અટ્ટાલિકા–ઝરૂખા, ચરિકા–કિલ્લાની વચ્ચે હાથી આદિને જવાનો માર્ગ, દ્વાર, ગોપુર, આ સર્વ પરિગૃહીત કર્યા છે; પ્રાસાદ (મહેલ), ઘર, ઝૂંપડા, પર્વત ગૃહ, દુકાન પરિગૃહીત કર્યા છે; સિંઘોડાના આકારનો ત્રિકોણ માર્ગ, ત્રિક, ચોક, ચત્વર–ઘણા માર્ગ ભેગા થતા હોય તેવુ સ્થાન, ચતુર્મુખ, મહાપથ(રાજમાર્ગ અથવા પહોળી સડક), પરિગૃહીત કર્યા છે; શકટ, રથ, યાન, પાલખી, અંબાડી, ઘોડાની પલાણ, શિબિકા, સુખપાલખી આદિ પરિગૃહીત કર્યા છે; તેમજ લોઢી–લોખંડનું વાસણ વિશેષ, લોખંડની કડાઈ, કડછી આદિ ચીજો પરિગ્રહરૂપમાં ગૃહીત

કરી છે; ભવન–પરિગૃહીત કર્યા છે. તે ઉપરાંત દેવ–દેવીઓ, મનુષ્ય–મનુષ્ય સ્ત્રીઓ અને તિર્યંચ–તિર્યંચ સ્ત્રીઓ; આસન, શયન, ખંડ, ભાંડ અને સચિત, અચિત અને મિશ્ર દ્રવ્ય પરિગૃહીત કર્યા છે. તેથી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવ સારંભી અને સપરિગ્રહી છે પરંતુ અનારંભી અને અપરિગ્રહી નથી.

જે રીતે તિર્યંચ પંચેન્દ્રિય જીવોના સારંભ અને સપરિગ્રહ હોવાના વિષયમાં કહ્યું, તે જ પ્રમાણે મનુષ્યોના વિષયમાં કહેવું જોઈએ.

જે રીતે ભવનપતિ દેવોના વિષયમાં કહ્યું છે, તે જ રીતે વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના વિષયમાં કહેવું જોઈએ.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકોના જીવોની સારંભી અને સપરિગ્રહી હોવાની કારણ સહિત પ્રરૂપણા કરી છે.

**આરંભ :–** જે પ્રવૃત્તિથી કોઈ પણ જીવોના પ્રાણ હનન કે ઉપમર્દન થાય તે.

**પરિગ્રહ :–** કોઈ પણ વસ્તુ અથવા ભાવનું મમતા–મૂર્ચ્છા ભાવપૂર્વક ગ્રહણ અથવા સંગ્રહ.

જોકે એકેન્દ્રિય આદિ જીવ આરંભ–પરિગ્રહ યુક્ત દેખાતા નથી, તોપણ તેઓને સારંભી સપરિગ્રહી કહ્યા છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી કોઈપણ જીવ મન, વચન, કાયાથી, સ્વેચ્છાએ આરંભ અને પરિગ્રહના પ્રત્યાખ્યાન(ત્યાગ) ન કરે, ત્યાં સુધી તેને અનારંભી કે અપરિગ્રહી કહી શકાય નહીં તેથી તેને આરંભ પરિગ્રહયુક્ત કહ્યા છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય પ્રાણીઓને પણ સિદ્ધાંતાનુસાર શરીર, કર્મ અને તે સંબંધિત ઉપકરણોનો પરિગ્રહ હોય છે. તેઓ પોતાના આહાર અને શરીર રક્ષા આદિ કારણે આરંભ પણ કરે જ છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવો, મનુષ્યો, નારકો તથા દેવોને આરંભ અને પરિગ્રહમાં મૂર્ચ્છાભાવ દષ્ટિગોચર થાય છે. મનુષ્યોમાં વીતરાગ પુરુષ, કેવલી તથા નિર્ગ્રંથ સાધુ–સાધ્વી આરંભ–પરિગ્રહથી મુક્ત હોય છે. પરંતુ અહીં સર્વ મનુષ્યની અપેક્ષાએ મનુષ્યને સારંભી અને સપરિગ્રહી કહ્યા છે.

## પાંચ હેતુ–અહેતુઓનું નિરૂપણ :-

**૨૧ पंच हेऊ पण्णत्ता, तं जहा– हेउं ण जाणइ, हेउं ण पासइ, हेउं ण बुज्झइ, हेउं णाभिसमागच्छइ, हेउं अण्णाणमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ હેતુ કહ્યા છે અર્થાત્ વ્યક્તિની અપેક્ષાએ હેતુની પાંચ અવસ્થાઓ થાય છે, તે આ પ્રમાણે છે–(૧) હેતુ = આશ્રવ, કર્મબંધના કારણ. કેટલીક વ્યક્તિ હેતુને જાણતા નથી અર્થાત્ સંસાર પરિભ્રમણના કારણોને સમ્યક્ પ્રકારે જાણતા નથી. (૨) કેટલીક વ્યક્તિ હેતુને જોતા નથી અર્થાત્ દુઃખના કારણોને સમ્યક્ પ્રકારે જોતા નથી. (૩) કેટલીક વ્યક્તિ હેતુને સમજતા નથી અર્થાત્ મોક્ષના ઉપાયભૂત

સાધનોને શ્રદ્ધાપૂર્વક સ્વીકારતા નથી. (૪) કેટલીક વ્યક્તિ હેતુને પ્રાપ્ત કરતા નથી અર્થાત્ સંસારથી પાર થવાના સાધનોને અપનાવતા નથી. (૫) કેટલીક વ્યક્તિ હેતુપૂર્વક અજ્ઞાન મરણે મરે છે અર્થાત્ અજ્ઞાન દશામાં મરવાના કારણોથી મરે છે.

**૩૦ पंच हेऊ पण्णत्ता, तं जहा– हेउणा ण जाणइ, हेउणा ण पासइ, हेउणा ण बुज्झइ, हेउणा णाभिगच्छइ, हेउणा अण्णाणमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ હેતુ કહ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) કેટલાક લોકોને હેતુ(આશ્રવ) દ્વારા સંસાર ભ્રમણ થાય તેનું જ્ઞાન હોતું નથી તેમજ (૨–૩) કેટલાક લોકોને આ વાતનું વિજ્ઞાન, શ્રદ્ધાન હોતું નથી (૪) કેટલાક લોકો સંસાર ભ્રમણથી બચવાના ઉપાયોનું આચરણ કરતા નથી (૫) અંતે આ તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન આદિના અભાવ રૂપ અજ્ઞાન મરણથી તેઓ મરે છે.

**૩૧ पंच हेऊ पण्णत्ता । तं जहा– हेउं जाणइ, हेउं पासइ, हेउं बुज्झइ, हेउं अभिसमा- गच्छइ, हेउं छउमत्थमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ હેતુ કહ્યા છે. તે આ પ્રમાણે છે– (૧–૩) કેટલાક લોકોને આશ્રવનું જ્ઞાન, વિજ્ઞાન અને શ્રદ્ધાન હોય છે (૪) તેઓને આશ્રવના ત્યાગ રૂપ આચરણ પણ હોય છે (૫) અંતે તેઓ આ જ્ઞાન, વિજ્ઞાન આદિ હોવાથી પૂર્વ સૂત્રોક્ત અજ્ઞાન મરણથી મરતા નથી તથા કેવળજ્ઞાની ન હોવાથી તે છદ્મસ્થ અવસ્થામાં છદ્મસ્થ મરણથી મરે છે.

**૩૨ पंच हेऊ पण्णत्ता, तं जहा– हेउणा जाणइ, हेउणा पासइ, हेउणा बुज्झइ, हेउणा अभिसमागच्छइ, हेउणा छउमत्थमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ હેતુ કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧–૩) **हेउणा** = આશ્રવ દ્વારા અર્થાત્ આશ્રવના સેવનથી સંસાર ભ્રમણ થાય છે, આ તત્ત્વનું કેટલાક લોકોને જ્ઞાન, વિજ્ઞાન અને શ્રદ્ધાન હોય છે (૪) કેટલાક તે જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન સાથે તે આશ્રવોના સેવનનો ત્યાગ કરે છે. (૫) અંતે તે જ્ઞાન, વિજ્ઞાન આદિ હોવાથી અજ્ઞાન મરણથી ન મરતાં અને કેવળજ્ઞાન ન હોવાથી કેવળી મરણથી ન મરતાં છદ્મસ્થ મરણથી મરે છે.

**૩૩ पंच अहेऊ पण्णत्ता, तं जहा– अहेउं ण जाणइ, अहेउं ण पासइ, अहेउं ण बुज्झइ, अहेउं णाभिगच्छइ, अहेउं छउमत्थमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ અહેતુ કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) અહેતુ = સંવર, પાપોનો ત્યાગ, આશ્રવોનો ત્યાગ. કેટલાક લોકોને સંવર તત્ત્વનું જ્ઞાન હોતું નથી. તેમજ (૨–૪) સંવરના વિજ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ હોતા નથી. (૫) આ રીતે પૂર્વ ચાર સૂત્ર વર્ણિત આશ્રવને જાણનારા પણ જો સંવર અને તેના આચરણનું

પરમ ફળ મોક્ષ છે તેને સારી રીતે ન જાણે, ન આદરે તેથી તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરતા નથી અને છદ્મસ્થ મરણથી મરે છે.

**૩૪** **पंच अहेऊ पण्णत्ता, तं जहा– अहेउणा ण जाणइ, अहेउणा ण पासइ, अहेउणा ण बुज्झइ, अहेउणा णाभिगच्छइ, अहेउणा छउमत्थमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ અહેતુ કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧–૪) **अहेउणा** = સંવર દ્વારા ક્રમશઃ સંસારથી મુક્તિ થાય છે, આ પ્રકારના જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણનો કેટલાક લોકોમાં અભાવ હોય છે. (૫) તેથી તે પણ કેવળજ્ઞાનના અભાવે છદ્મસ્થ મરણથી મરે છે.

**૩૫** **पंच अहेऊ पण्णत्ता, तं जहा– अहेउं जाणइ, अहेउं पासइ, अहेउं बुज्झइ, अहेउं अभिगच्छइ, अहेउं केवलिमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ અહેતુ કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧–૫) કેટલાક સાધકો સંવર તત્ત્વનું સારી રીતે જ્ઞાન, વિજ્ઞાન અને આચરણ હોવાથી અંતે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, કેવળીમરણને પ્રાપ્ત કરે છે.

**૩૬** **पंच अहेऊ पण्णत्ता, तं जहा– अहेउणा जाणइ, अहेउणा पासइ, अहेउणा बुज्झइ, अहेउणा अभिगच्छइ, अहेउणा केवलिमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ અહેતુ કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧–૫) સંવરના સેવનથી મુક્તિ થાય છે. આ તત્ત્વનું જેને જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન અને સમ્યક્ આચરણ થઈ જાય તો તે અંતે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી કેવળીમરણથી મરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત આઠ સૂત્ર દ્વારા અષ્ટવિધ તત્ત્વનું નિરૂપણ છે. આ આઠે સૂત્રમાં પાંચ–પાંચ બોલનું કથન છે, તે આ પ્રમાણે છે– **जाणइ** = જાણવું, જ્ઞાન થવું, **पासइ** = જોવું, સમજવું, વિજ્ઞાન થવું, **बुज्झइ** = બોધ, શ્રદ્ધા થવી, **अभिगच्छइ** = પ્રાપ્ત કરવું, અપનાવવું, આચરણ, **मरणं मरइ** = તે તે જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ સંબંધિત અવસ્થામાં મૃત્યુ થવું.

**हेउं** = હેતુ એટલે કારણ, સાધન, કર્મબંધના કારણ. **हेउणा** = હેતુથી એટલે કાર્ય ફળ, કર્મબંધથી પ્રાપ્ત સંસાર. **अहेउं** = અહેતુ, કર્મબંધના અકારણ–સંવર. **अहेउणा** = અહેતુથી એટલે સંવરથી પ્રાપ્ત મોક્ષ. આ સૂત્રોની અર્થ વિચારણા બે પ્રકારે થાય છે– (૧) કર્મદષ્ટિએ (૨) જ્ઞાનદષ્ટિએ.

**કર્મદષ્ટિએ(આશ્રવ–સંવરરૂપે) વિચારણા :–** અહીં હેતુ એટલે કર્મબંધના કારણો–આશ્રવ. હેતુથી એટલે આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણાદિ. અહેતુ એટલે સંવર અને અહેતુથી એટલે સંવર દ્વારા

પ્રાપ્ત મોક્ષ.

(૧–ર) **हेउं, हेउणा ण जाणइ** = કેટલાક લોકોને આશ્રવ અને આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન તથા તેના ત્યાગરૂપ આચરણ હોતું નથી. તેવા અજ્ઞાની જીવ અજ્ઞાન મરણે મરે છે.

(૩–૪) **हेउं, हेउणा जाणइ** = કેટલાક લોકોને આશ્રવ અને આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન હોય છે પણ ત્યાગરૂપ આચરણ હોતું નથી. તેવા જ્ઞાની જીવ(કેવળજ્ઞાન અપ્રાપ્ત જીવ) પંડિત મરણે–છદ્મસ્થ મરણે મરે છે.

(૫–૬) **अहेउं, अहेउणा ण जाणइ** = કેટલાક લોકોને સંવર અને સંવરથી પ્રાપ્ત થનાર મોક્ષનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન અને આચરણના અભાવે કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી, તેઓ છદ્મસ્થ મરણે મરે છે.

(૭–૮) **अहेउं, अहेउणा जाणइ** = કેટલાક લોકો સંવર અને સંવર દ્વારા પ્રાપ્ત થનાર મોક્ષના જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન અને આચરણના કારણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને કેવળી મરણે મરે છે.

**જ્ઞાન દષ્ટિએ વિચારણા :–** અહીં હેતુ એટલે કારણ. પદાર્થોના જ્ઞાનમાં આગમ કે આપ્તપુરુષના વચન કારણ રૂપ છે. હેતુથી એટલે આગમ દ્વારા થતું સૂક્ષ્માદિ પદાર્થનું જ્ઞાન.

અહેતુ એટલે બાહ્ય નિમિત્ત વિના આત્મસમુત્પન્ન પ્રત્યક્ષજ્ઞાન(અવધિજ્ઞાન આદિ) અને અહેતુથી એટલે પ્રત્યક્ષજ્ઞાન(અવધિજ્ઞાન આદિ)દ્વારા આલોકિત પદાર્થોનું સ્પષ્ટ જ્ઞાન.

(૧–ર) **हेउं, हेउणा ण जाणइ** = કેટલાક લોકોને આગમ કે આપ્તપુરુષના વચનનું અને આત્માદિ હેતુગ્રાહ્ય પદાર્થોનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન કે આચરણ હોતું નથી. તેવા મતિશ્રુત અજ્ઞાની જીવો અજ્ઞાન મરણે મરે છે.

(૩–૪) **हेउं, हेउणा जाणइ** = કેટલાક લોકોને આગમ કે આપ્તપુરુષના વચનનું જ્ઞાન, વિજ્ઞાનાદિ હોય છે તેવા મતિ–શ્રુતજ્ઞાની છદ્મસ્થપણે પંડિત મરણે મરે છે.

(૫–૬) **अहेउं, अहेउणा ण जाणइ** = કેટલાક લોકોને સર્વદ્રવ્ય, સર્વપર્યાયનું જ્ઞાન, વિજ્ઞાનાદિ હોતા નથી. (તેઓને દ્રવ્ય અને તેની અસર્વ પયાર્યોનું આંશિકજ્ઞાન હોય છે.) તેથી તેઓ (વિકલ પ્રત્યક્ષજ્ઞાની) છદ્મસ્થ મરણે મરે છે.

(૭–૮) **अहेउं, अहेउणा जाणइ** = કેટલાક પ્રત્યક્ષજ્ઞાનીને સર્વ દ્રવ્ય, સર્વ પર્યાયનું જ્ઞાન, વિજ્ઞાનાદિ હોય છે. તેથી તેઓ (સકલ પ્રત્યક્ષજ્ઞાની–કેવળી હોવાથી) કેવળી મરણે મરે છે.

તાત્પર્ય એ છે કે પ્રથમ બે સૂત્રમાં મતિશ્રુત અજ્ઞાની, ત્રીજા–ચોથા બે સૂત્રમાં મતિ, શ્રુતજ્ઞાની, પાંચમા, છઠ્ઠા બે સૂત્રમાં વિકલ પ્રત્યક્ષજ્ઞાની અને સાતમા, આઠમા સૂત્રમાં સકલ પ્રત્યક્ષજ્ઞાનીનું કથન છે.

આ સૂત્રોમાં પ્રયુક્ત હેતુ શબ્દથી કાર્યકારણ ભાવને અનુલક્ષીને ન્યાય દષ્ટિથી(ન્યાયગ્રંથોમાં

વર્ણિત વિવેચના વિધિથી) સાધ્ય, સાધક, દષ્ટાંત, ઉપનય, નિગમન રૂપે પણ વિશ્લેષણ કરી શકાય છે. પરંતુ સૂત્રોમાં અજ્ઞાનમરણ, છાદ્મસ્થિક મરણ અને કેવળીમરણનું કથન હોવાથી અહીં જ્ઞાન તથા આચરણની પ્રમુખતાએ વિશ્લેષણ કર્યું છે.

હેતુ સંબંધી આ સંક્ષિપ્ત સૂત્રોનું તાત્પર્ય સમજવું અતિ કઠિન છે. આ કારણે જ નવાંગી ટીકાકાર આચાર્યશ્રી અભયદેવસૂરિજીએ આ સૂત્રની સુવિસ્તૃત વિવેચના કરીને અંતે આ પ્રમાણે કહ્યું છે કે– **अर्थगमनिकामात्रमेवेदम् । अष्टानामप्येषां सूत्राणां भावार्थ तु बहुश्रुताः विदन्ति।** સૂત્ર અને પદોની ગમનિકા(શબ્દપરક અર્થ વિવેચના) માત્ર કરી છે. વિશેષમાં આ આઠે ય સૂત્રોનો વાસ્તવિક અર્થ પરમાર્થ તો બહુશ્રુત આચાર્ય જ જાણે છે.

**॥ શતક ૫/૭ સંપૂર્ણ ॥**

# શતક–૫ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં પ્રભુ મહાવીરના બે શિષ્ય નારદપુત્ર અણગાર અને નિર્ગ્રંથી પુત્ર અણગારની પુદ્‌ગલ દ્રવ્યમાં સપ્રદેશતા–અપ્રદેશતા વિષયક ચર્ચા, ૨૪ દંડકના જીવોમાં હાનિ, વૃદ્ધિ અને અવસ્થિતિ તથા સોપચય, સાપચય, સોપચય–સાપચય અને નિરુપચય–નિરપચયનું અને તેના કાલમાનનું પ્રતિપાદન છે.

**સપ્રદેશ–અપ્રદેશ :–** જે નિરંશ હોય, કોઈ પણ રીતે જેનું વિભાજન થતું ન હોય તેને અપ્રદેશ અને શેષને સપ્રદેશ કહે છે.

**દ્રવ્યથી :–** પરમાણુ પુદ્‌ગલ અપ્રદેશ અને શેષ સ્કંધ સપ્રદેશ છે.

**ક્ષેત્રથી :–** એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ અપ્રદેશ અને દ્વિપ્રદેશાવગાઢથી અસંખ્ય પ્રદેશાવગાઢ સુધીના પુદ્‌ગલ સપ્રદેશ છે.

**કાલથી :–** એક સમયની સ્થિતિવાળા પુદ્‌ગલ અપ્રદેશ અને બે સમયથી અસંખ્યાત સમયની સ્થિતિ–વાળા પુદ્‌ગલ સપ્રદેશ છે.

**ભાવથી :–** એક ગુણ કાળા ***યાવત્*** એક ગુણ રૂક્ષ પુદ્‌ગલ અપ્રદેશ અને બે ગુણથી અનંત ગુણ રૂક્ષ પુદ્‌ગલ સુધી સપ્રદેશ છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પરસ્પર સંબંધિત છે. તેની અપેક્ષાએ વિચારણા–

**દ્રવ્યથી અપ્રદેશ પુદ્‌ગલ :–** ક્ષેત્રથી નિયમા અપ્રદેશ જ હોય કારણ કે પરમાણુ એક પ્રદેશાવગાઢ જ હોય છે. તે કાલથી અને ભાવથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ હોય છે.

**દ્રવ્યથી સપ્રદેશ પુદ્‌ગલ :–** ક્ષેત્રથી, કાલથી, ભાવથી કદાચિત્ સપ્રદેશ, કદાચિત્ અપ્રદેશ હોય છે.

**ક્ષેત્રથી અપ્રદેશ પુદ્‌ગલ :–** દ્રવ્યથી, કાલથી, ભાવથી કદાચિત્ સપ્રદેશ કદાચિત્ અપ્રદેશ હોય છે.

**ક્ષેત્રથી સપ્રદેશ પુદ્‌ગલ :–** દ્રવ્યથી નિયમા સપ્રદેશ હોય, કાલથી અને ભાવથી ભજના હોય છે.

**કાલથી અપ્રદેશ પુદ્‌ગલ :–** દ્રવ્યથી, ક્ષેત્રથી, ભાવથી કદાચિત્ અપ્રદેશ, કદાચિત્ સપ્રદેશ હોય છે.

**કાલથી સપ્રદેશ પુદ્ગલ :–** દ્રવ્યથી, ક્ષેત્રથી, ભાવથી ભજના હોય છે.

**ભાવથી અપ્રદેશ પુદ્ગલ :–** દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી ભજના હોય છે. ભાવની અપેક્ષાએ પોતાના ગુણમાં અપ્રદેશ, અન્ય ગુણમાં ભજના હોય છે. જેમ કે– એક ગુણ કાળા પુદ્ગલ ગંધની અપેક્ષાએ એક ગુણ સુગંધી કે અનેક ગુણ સુગંધી હોય શકે છે, આ રીતે રસ, સ્પર્શ આદિ દરેક ગુણમાં સમજવું જોઈએ.

**ભાવથી સપ્રદેશ પુદ્ગલ :–** દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી ભજના છે અને ભાવથી પોતાના ગુણમાં સપ્રદેશ હોય અને અન્ય ગુણમાં ભજના હોય છે.

**અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા ભાવથી અપ્રદેશ પુદ્ગલ (૨) તેથી કાલની અપેક્ષાએ અપ્રદેશ અસંખ્યાતગુણા (૩) તેથી દ્રવ્યની અપેક્ષાએ અપ્રદેશ પુદ્ગલ અસંખ્યાતગુણા (૪) તેથી ક્ષેત્રની અપેક્ષાએ અપ્રદેશ અસંખ્યાતગુણા (પ) તેથી ક્ષેત્રની અપેક્ષાએ સપ્રદેશ પુદ્ગલ અસંખ્યાતગુણા (૬) તેથી દ્રવ્યની અપેક્ષાએ સપ્રદેશ વિશેષાધિક (૭) તેથી કાલની અપેક્ષાએ સપ્રદેશ પુદ્ગલ વિશેષાધિક (૮) તેથી ભાવની અપેક્ષાએ સપ્રદેશ વિશેષાધિક છે.

**હાનિ, વૃદ્ધિ, અવસ્થિતિ :– (૧) હાનિ–** કોઈ પણ સ્થાનમાં ઘણા જીવો મરે અને અલ્પ જીવો ઉત્પન્ન થાય ત્યારે જીવોની સંખ્યા ઘટે, તેને હાનિ કહે છે અથવા કોઈ સમયે જીવો મરે, પણ નવા જન્મે નહીં, ત્યારે પણ હાનિ થાય. **(૨) વૃદ્ધિ–** ઘણા જીવો ઉત્પન્ન થાય અને અલ્પ જીવો મરે ત્યારે જીવોની સંખ્યા વધે છે, તેને વૃદ્ધિ કહે છે અથવા કોઈ સમયે જીવો નવા જન્મે અને મરે નહીં તો પણ વૃદ્ધિ થાય. **(૩) અવસ્થિતિ–** જીવોની સંખ્યામાં વધ–ઘટ ન થાય તેને અવસ્થિતિ કહે છે. સમુચ્ચય જીવની સંખ્યા ત્રિકાલ શાશ્વત છે, તેમાં કદાપિ વધઘટ થતી નથી. તેથી તે સદાને માટે અવસ્થિત છે.

ચોવીસ દંડકના જીવોમાં ક્યારેક હાનિ, ક્યારેક વૃદ્ધિ અને ક્યારેક અવસ્થિતિ રહે છે. હાનિ–વૃદ્ધિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ પર્યંત થાય છે.

ચોવીસ દંડકના જીવોમાં તેનો અવસ્થિતકાલ વિરહકાલથી બમણો છે. જેમ કે સમુચ્ચય નરક–ગતિનો વિરહકાલ ૧૨ મુહૂર્તનો છે. ૧૨ મુહૂર્ત પર્યંત નરકમાં કોઈ પણ જીવના જન્મ–મરણ થતા નથી. ત્યાર પછી સમ સંખ્યામાં(જેટલા જન્મે તેટલા જ મૃત્યુ પામે) જન્મ મરણ થઈ પુનઃ ૧૨ મુહૂર્ત પર્યંતનો વિરહ થઈ જાય, તેથી અવસ્થિતકાલ ૨૪ મુહૂર્તનો થાય છે. આ રીતે પ્રત્યેક દંડકમાં જાણી લેવું જોઈએ. એકેન્દ્રિયોમાં વિરહકાલ નથી. તેમ છતાં ક્યારેક આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી જન્મ–મરણ સમાન સંખ્યામાં થાય છે ત્યારે તેટલો અવસ્થિત કાલ કહેવાય છે. અથવા સમુચ્ચય એકેન્દ્રિયના કથનની અપેક્ષાએ જેટલો કાલ ત્રસ જીવોની ઉત્પત્તિ એકેન્દ્રિયોમાં ન થાય તેટલો એકેન્દ્રિયોનો અવસ્થિતકાલ થાય છે.

સિદ્ધોમાં વૃદ્ધિ થાય છે, ત્યાંથી કોઈ જીવ નીકળતા નથી તેથી તેમાં હાનિ થતી નથી. વૃદ્ધિ થાય તો જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આઠ સમય પર્યંત થાય છે અને સિદ્ધગતિમાં છ માસનો વિરહકાલ છે, તેથી તેનો અવસ્થિતકાલ છ માસનો છે.

**સોપચય–સાવચય :– (૧) સોપચય** = કેવળ(માત્ર) નવા જીવો જન્મે, **(૨) સાપચય** = કેવળ(માત્ર) ત્યાં રહેલા જીવો મરે, **(૩) સોપચય–સાપચય** = જન્મ, મરણ બંને થાય, **(૪) નિરુપચય–નિરપચય** = જન્મ, મરણ બંને ન થાય.

સમુચ્ચય જીવમાં સર્વકાલ પર્યંત ચોથો ભંગ હોય છે. કારણ કે જીવનું જીવત્વ ત્રિકાલ શાશ્વત છે. તેમાં જન્મ–મરણ થતા નથી.

પાંચ સ્થાવરમાં સર્વકાલ પર્યંત ત્રીજો ભંગ હોય છે, કારણ કે ત્યાં જન્મ, મરણનો વિરહકાલ નથી.

શેષ સર્વ દંડકમાં પ્રથમ ત્રણ ભંગની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની, ચોથા ભંગની સ્થિતિ તેના વિરહકાલની સમાન છે.

સિદ્ધોમાં પ્રથમ ભંગની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આઠ સમયની છે. ચોથા ભંગની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ માસની છે.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૮

## નિર્ગ્રંથ

**નિર્ગ્રંથીપુત્ર અને નારદપુત્ર અણગારની જ્ઞાનચર્ચા :–**

**१ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था** *जाव* **परिसा पडिगया। तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी णारयपुत्ते णामं अणगारे पगइभद्दए** *जाव* **विहरइ ।**

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी णियंठिपुत्ते णामं अणगारे पगइभद्दए** *जाव* **विहरइ ।**

**तएणं से णियंठिपुत्ते पुत्ते अणगारे, जेणामेव णारयपुत्ते अणगारे तेणेव उवागच्छइ, उवागच्छित्ता णारयपुत्तं अणगारं एवं वयासी–**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા, પરિષદ દર્શન કરવા ગઈ. ધર્મોપદેશ સાંભળીને પાછી ફરી ગઈ. તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય નારદપુત્ર નામના અણગાર હતા. તે પ્રકૃતિથી ભદ્ર આદિ ગુણ સંપન્ન હતા. તે સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરતા હતા.

તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી પ્રકૃતિથી ભદ્ર આદિ ગુણ સંપન્ન નિર્ગ્રંથીપુત્ર નામક અણગાર હતા. તે પણ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરતા હતા.

એકદા તે નિર્ગ્રંથીપુત્ર અણગાર, જ્યાં નારદપુત્ર નામના અણગાર હતા ત્યાં આવ્યા; આવીને તેણે નારદપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું–

**२ सव्वपोग्गला ते अज्जो ! किं सअड्ढा समज्झा सपएसा; उदाहु अणड्ढा अमज्झा अपएसा ?**

**अज्जो ! त्ति णारयपुत्ते अणगारे णियंठिपुत्तं अणगारं एवं वयासी– सव्वपोग्गला मे अज्जो ! सअड्ढा समज्झा सपएसा; णो अणड्ढा अमज्झा अपएसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે આર્ય ! શું તમારી સમજ પ્રમાણે સર્વ પુદ્‍ગલો સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે કે

અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે ?

**ઉત્તર–** 'હે આર્ય !' આ પ્રમાણે સંબોધિત કરીને નારદપુત્ર અણગારે નિર્ગ્રંથીપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું– આર્ય ! મારી સમજ પ્રમાણે સર્વ પુદ્‌ગલ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે; અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ નથી.

**३ तएणं से णियंठिपुत्ते अणगारे णारयपुत्तं अणगारं एवं वयासी– जइ णं ते अज्जो ! सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; णो अणड्ढा अमज्झा, अपएसा; किं दव्वादेसेणं खेत्तादेसेणं कालादेसेणं अदुव भावादेसेणं अज्जो ! सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; णो अणड्ढा अमज्झा अपएसा ?**

**तएणं से णारयपुत्ते अणगारे णियंठिपुत्तं अणागरं एवं वयासी– दव्वादेसेण वि मे अज्जो ! सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; णो अणड्ढा अमज्झा अपएसा; खेत्तादेसेण वि कालादेसेणं वि भावादेसेणं वि एवं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તત્પશ્ચાત્ તે નિર્ગ્રંથીપુત્ર અણગારે નારદપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું– હે આર્ય ! જો તમારી સમજ પ્રમાણે સર્વ પુદ્‌ગલ સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે; અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ નથી; તો હે આર્ય ! શું તે દ્રવ્યાદેશથી(દ્રવ્યની અપેક્ષાએ), ક્ષેત્રાદેશથી, કાલાદેશથી અથવા ભાવાદેશથી સાર્ધ, સમધ્ય, સપ્રદેશ છે; અનર્દ્ધ, અમધ્ય અને અપ્રદેશ નથી ?

**ઉત્તર–** ત્યાર પછી તે નારદપુત્ર અણગારે, નિર્ગ્રંથીપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું– હે આર્ય ! મારી સમજ પ્રમાણે દ્રવ્યાદેશથી પણ સર્વ પુદ્‌ગલ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે; અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી. તેમજ ક્ષેત્રાદેશથી, કાલાદેશથી અને ભાવાદેશથી પણ સર્વ પુદ્‌ગલ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે; અનર્ધ, અમધ્ય, અપ્રદેશ નથી.

**४ तएणं से णियंठिपुत्ते अणगारे णारयपुत्तं अणगारं एवं वयासी– जइ णं अज्जो ! दव्वादेसेणं सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; णो अणड्ढा अमज्झा अपएसा; एवं ते परमाणुपोग्गले वि सअड्ढे समज्झे सपएसे; णो अणड्ढे अमज्झे अपएसे ?**

**जइ णं अज्जो ! खेत्तादेसेण सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; एवं ते एगपएसोगाढे वि पोग्गले सअड्ढे समज्झे सपएसे ?**

**जइ णं अज्जो ! कालादेसेणं सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; एवं ते एगसमयट्ठिइए वि पोग्गले सअड्ढे समज्झे सपएसे ?**

**जइ णं अज्जो ! भावादेसेणं सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; एवं**

ते एगगुणकालए वि पोग्गले सअड्ढे समज्झे सपएसे ?

अह ते एवं ण भवइ तो जं तुमं वयसि 'दव्वादेसेण वि सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; णो अणड्ढा अमज्झा अपएसा *जाव* भावादेसेण वि सव्वपोग्गला सअड्ढा समज्झा सपएसा; णो अणड्ढा अमज्झा अपएसा; तं णं मिच्छा ।

**ભાવાર્થ :–** ત્યાર પછી નિર્ગ્રંથીપુત્ર અણગારે નારદ પુત્ર અણગારને આ પ્રમાણે પ્રતિપ્રશ્ન કર્યો– હે આર્ય ! જો તમારી સમજ પ્રમાણે દ્રવ્યાદેશથી સર્વ પુદ્ગલ સાર્ધ સમધ્ય અને સપ્રદેશ છે; અનર્ધ અમધ્ય અપ્રદેશ નથી; તો શું પરમાણુ પુદ્ગલ પણ સાર્ધ સમધ્ય સપ્રદેશ છે ? અનર્ધ અમધ્ય અને અપ્રદેશ નથી ?

હે આર્ય ! જો ક્ષેત્રાદેશથી સર્વ પુદ્ગલ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે, તો શું એક પ્રદેશાવગાઢ પુદ્ગલ પણ સાર્ધ, સમધ્ય, અને સપ્રદેશ છે ?

હે આર્ય ! જો કાલાદેશથી સર્વ પુદ્ગલ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે, તો શું એક સમયની સ્થિતિ– વાળા પુદ્ગલ પણ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે ?

હે આર્ય ! જો ભાવાદેશથી સમસ્ત પુદ્ગલ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે, તો શું એક ગુણ કાળા પુદ્ગલ પણ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે ?

જો તમારી સમજથી આ પ્રમાણે ન હોય, તો જે તમે કહ્યું કે દ્રવ્યાદેશથી સમસ્ત પુદ્ગલ સાર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે, અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ નથી તેમજ ક્ષેત્રાદેશથી, કાલાદેશથી અને ભાવા– દેશથી પણ તે જ રીતે છે, આ પ્રકારનું તમારુ કથન મિથ્યા છે.

**૫** तएणं से णारयपुत्ते अणगारे णियंठिपुत्तं अणगारं एवं वयासी– णो खलु अहं देवाणुप्पिया ! एयमट्ठं जाणामो पासामो; जइ णं देवाणुप्पिया णो गिलायंति परिकहित्तए तं इच्छामि णं देवाणुप्पियाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म जाणित्तए ।

**ભાવાર્થ :–** ત્યારે નારદપુત્ર અણગારે નિર્ગ્રંથીપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! હું આ વિષયમાં સારી રીતે જાણતો નથી કે સમજતો નથી; હે દેવાનુપ્રિય ! જો આપને આ વિષયને સ્પષ્ટીકરણપૂર્વક કહેવામાં કોઈ પણ પ્રકારની તકલીફ(કષ્ટ) ન હોય તો હું આપ દેવાનુપ્રિય પાસેથી આ વિષયને સારી રીતે સાંભળીને સમજીને જાણવા ઈચ્છું છું.

**૬** तएणं से णियंठिपुत्ते अणगारे णारयपुत्तं अणगारं एवं वयासी– दव्वादेसेण वि मे अज्जो ! सव्वे पोग्गला सपएसा वि, अप्पएसा वि अणंता; खेत्तादेसेण वि कालादेसेण वि, भावादेसेण वि एवं चेव ।

जे दव्वओ अपएसे– से खेत्तओ णियमा अपएसे; कालओ सिय सपए

**से, सिय अपएसे; भावओ सिय सपएसे, सिय अपएसे । जे खेत्तओ अपए से– से दव्वओ सिय सपएसे, सिय अपएसे; कालओ भयणाए; भावओ भयणाए; जहा खेत्तओ तहा कालओ, भावओ ।**

**जे दव्वओ सपएसे– से खेत्तओ सिय सपएसे, सिय अपएसे; एवं कालओ, भावओ वि । जे खेत्तओ सपएसे– से दव्वओ णियमा सपएसे; कालओ भयणाए भावओ भयणाए, जहा दव्वओ तहा कालओ, भावओ वि ।**

**ભાવાર્થ :–** ત્યારે નિર્ગ્રંથીપુત્ર અણગારે નારદપુત્ર અણગારને આ પ્રમાણે કહ્યું– હે આર્ય ! મારી ધારણાનુસાર દ્રવ્યાદેશથી પુદ્‌ગલ સપ્રદેશ પણ છે અને અપ્રદેશ પણ છે તથા તે અનંત છે, ક્ષેત્રાદેશથી, કાલાદેશથી તથા ભાવાદેશથી પણ તે જ રીતે છે.

જે પુદ્‌ગલ દ્રવ્યાદેશથી અપ્રદેશ છે– તે ક્ષેત્રાદેશથી પણ નિશ્ચિતરૂપે અપ્રદેશ છે. તે પુદ્‌ગલ કાલાદેશથી કોઈ સપ્રદેશ હોય છે તથા કોઈ અપ્રદેશ હોય છે અને ભાવાદેશથી પણ કોઈ સપ્રદેશ હોય અને કોઈ અપ્રદેશ હોય છે. ॥૧॥

જે પુદ્‌ગલ ક્ષેત્રાદેશથી અપ્રદેશ છે– તે દ્રવ્યાદેશથી કોઈ સપ્રદેશ તથા કોઈ અપ્રદેશ હોય છે. કાલાદેશથી અને ભાવાદેશથી પણ આ પ્રમાણે ભજના જાણવી જોઈએ અર્થાત્ કોઈ સપ્રદેશ અને કોઈ અપ્રદેશ હોય છે. ॥૨॥

જે રીતે ક્ષેત્રથી અપ્રદેશીના વિષયમાં કહ્યું, તે જ રીતે કાલથી અને ભાવથી અપ્રદેશીના વિષયમાં પણ કહેવું જોઈએ. ॥૩–૪॥

જે પુદ્‌ગલ દ્રવ્યથી સપ્રદેશ છે– તે ક્ષેત્રથી કોઈ સપ્રદેશ હોય છે અને કોઈ અપ્રદેશ હોય છે, તે જ રીતે કાલ અને ભાવથી પણ સપ્રદેશ અને અપ્રદેશ હોય છે. ॥૫॥

જે પુદ્‌ગલ ક્ષેત્રથી સપ્રદેશ છે– તે દ્રવ્યથી નિશ્ચિતરૂપે સપ્રદેશ હોય છે, પરંતુ કાલથી અને ભાવથી ભજના જાણવી જોઈએ. અર્થાત્ કોઈ સપ્રદેશ અને કોઈ અપ્રદેશ હોય છે. ॥૬॥

જેમ દ્રવ્યની અપેક્ષાએ સપ્રદેશી પુદ્‌ગલના સંબંધમાં કહ્યું, તે જ રીતે કાલ અને ભાવની અપેક્ષાએ સપ્રદેશી પુદ્‌ગલના સંબંધમાં પણ કથન કરવું જોઈએ. ॥૭–૮॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ભગવાન મહાવીરના બે શિષ્યો નિર્ગ્રંથીપુત્ર અણગાર અને નારદપુત્ર અણગારની વચ્ચે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ સર્વ પુદ્‌ગલોની સાર્ધતા–અનર્ધતા, સમધ્યતા–અમધ્યતા, સપ્રદેશતા–અપ્રદેશતા વિષયક થયેલી રસમય તત્ત્વ ચર્ચાનું વર્ણન છે.

નારદપુત્ર અણગારના જ્ઞાનને નિર્મળ અને સ્પષ્ટ કરવા દીક્ષાપર્યાયમાં જ્યેષ્ઠ એવા નિર્ગ્રંથીપુત્ર અણગારે પ્રશ્નચર્ચાનો આશ્રય લીધો. નારદપુત્ર અણગારનો ઉત્તર એકાંતિક હોવાથી પ્રતિપ્રશ્નના માધ્યમે નિર્ગ્રંથીપુત્ર અણગારે નારદપુત્ર અણગારની તત્ત્વ જિજ્ઞાસા પ્રગટાવીને અનેકાંત દષ્ટિએ સમાધાન રજૂ કર્યું.

નારદ પુત્ર અણગારે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ સર્વને માત્ર સાર્દ્ધ સમધ્ય સપ્રદેશ કહ્યા છે. જ્યારે નિર્ગ્રંથી પુત્ર અણગારે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ સર્વને સપ્રદેશી અને અપ્રદેશી બંને કહ્યા છે. તેમજ તેઓએ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને પરસ્પર સંબંધિત કરતાં સપ્રદેશી અપ્રદેશીની નિયમા ભજના સંબંધી સ્પષ્ટીકરણ કર્યું છે.

પ્રસ્તુત સૂત્રના અવલોકનથી જણાય છે કે સૂત્રોક્ત જ્ઞાન ચર્ચાનો પ્રારંભ સાર્ધ, સમધ્ય, સપ્રદેશ, અનર્ધ, અમધ્ય, અપ્રદેશથી થયો છે અને અંતિમ રજૂઆત સપ્રદેશ–અપ્રદેશથી થઈ છે. અર્થાત્ તેમાં સાર્ધાદિની વાત ગૌણ બની ગઈ હોય તેમ લાગે છે.

આ શતકના સાતમા ઉદ્દેશકમાં પરમાણુથી અનંતપ્રદેશી સ્કંધ માટે સાર્ધાદિ છ બોલનું સ્પષ્ટીકરણ છે. અહીં પણ તે જ રીતે સમજવું.

**અપ્રદેશ–સપ્રદેશ :–** દ્રવ્યાની અપેક્ષા પરમાણુ, ક્ષેત્રની અપેક્ષા એક પ્રદેશાવગાઢ પુદ્ગલ, કાલની અપેક્ષા એક સમય સ્થિતિક પુદ્ગલ અને ભાવની અપેક્ષા એક ગુણ વર્ણાદિવાળા પુદ્ગલ **અપ્રદેશ** કહેવાય છે. બે થી અનંત પ્રદેશી સ્કંધ, બે થી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલ, બે થી અસંખ્યાત સમય સ્થિતિક પુદ્ગલ અને બે ગુણથી અનંતગુણ વર્ણાદિવાળા પુદ્ગલ **સપ્રદેશ** કહેવાય છે.

**સપ્રદેશી અપ્રદેશી પુદ્ગલોનો પરસ્પર સંબંધ :–**

**(૧) દ્રવ્યથી અપ્રદેશ :–** જે પુદ્ગલો દ્રવ્યથી અપ્રદેશ(પરમાણુરૂપ) હોય છે (૧) તે પુદ્ગલ ક્ષેત્રથી એક પ્રદેશાવગાઢ હોવાથી નિશ્ચિતરૂપે અપ્રદેશ છે. (૨) કાલથી તે પુદ્ગલ જો એક સમયની સ્થિતિવાળા હોય તો અપ્રદેશ અને જો અનેક સમયની સ્થિતિવાળા હોય તો સપ્રદેશ છે. (૩) તે જ રીતે ભાવથી એક ગુણ કાળા આદિ હોય તો અપ્રદેશ અને અનેક ગુણ કાળા આદિ હોય તો તે સપ્રદેશ છે.

**(૨) ક્ષેત્રથી અપ્રદેશ :–** જે પુદ્ગલ ક્ષેત્રની અપેક્ષાએ અપ્રદેશ(એક પ્રદેશાવગાઢ) હોય છે (૧) તે દ્રવ્યથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ હોય. અર્થાત્ જો એક આકાશ પ્રદેશ પર પરમાણુ સ્થિત હોય તો તે દ્રવ્યથી અપ્રદેશ છે અને જો એક આકાશ પ્રદેશ પર દ્વિપ્રદેશી આદિ અનંતપ્રદેશી સ્કંધ સ્થિત હોય તો તે દ્રવ્યથી સપ્રદેશ છે. (૨) જે પુદ્ગલ ક્ષેત્રથી અપ્રદેશ છે તે કાલથી કદાચિત્ અપ્રદેશ અને કદાચિત્ સપ્રદેશ હોય છે જેમ કે એક પ્રદેશાવગાઢ પુદ્ગલ એક સમયની સ્થિતિવાળા હોય, તો કાલાપેક્ષયા અપ્રદેશ છે, પરંતુ જો તે અનેક સમયની સ્થિતિવાળા હોય તો કાલાપેક્ષયા સપ્રદેશ છે. (૩) જે પુદ્ગલ ક્ષેત્રથી અપ્રદેશ છે તે જો એકગુણ કાળા હોય તો ભાવની અપેક્ષાએ અપ્રદેશ અને જો તે અનેકગુણ કાળા હોય તો ભાવની અપેક્ષા સપ્રદેશ છે.

**(૩) કાલથી અપ્રદેશ :–** જે પુદ્ગલ કાલથી અપ્રદેશ હોય છે (૧) તે દ્રવ્યથી (૨) ક્ષેત્રથી અને (૩) ભાવથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ હોય છે.

**(૪) ભાવથી અપ્રદેશ :–** જે પુદ્ગલ ભાવથી અપ્રદેશ હોય છે (૧) તે દ્રવ્યથી (૨) ક્ષેત્રથી અને (૩) કાલથી કદાચિત્ સપ્રદેશ હોય છે અને કદાચિત્ અપ્રદેશ હોય છે.

**(૫) દ્રવ્યથી સપ્રદેશ :–** જે પુદ્ગલ દ્રવ્યથી સપ્રદેશ (દ્વિપ્રદેશી આદિ) હોય છે (૧) તે ક્ષેત્રથી કદાચિત્ અપ્રદેશ હોય છે અને કદાચિત્ સપ્રદેશ હોય છે અર્થાત્ જો તે બે આકાશપ્રદેશમાં રહે તો સપ્રદેશ અને એક આકાશપ્રદેશમાં રહે તો અપ્રદેશ હોય છે. (૨–૩) તે જ રીતે કાલ અને ભાવથી પણ કહેવું જોઈએ.

**(૬) ક્ષેત્રથી સપ્રદેશ :–** જે પુદ્ગલ ક્ષેત્રથી સપ્રદેશ(અનેક પ્રદેશાવગાઢ) હોય છે (૧) તે દ્રવ્યથી સપ્રદેશ હોય છે કારણ કે બે આકાશ પ્રદેશ પર સ્થિત પુદ્ગલ ઓછામાં ઓછો દ્વિપ્રદેશી સ્કંધ હોય, તેથી તે દ્રવ્યથી અપ્રદેશ હોય શકે નહીં પરંતુ સપ્રદેશ જ હોય છે. (૨–૩) જે પુદ્ગલ ક્ષેત્રથી સપ્રદેશ હોય છે, તે કાલથી અને ભાવથી કદાચિત્ સપ્રદેશ હોય છે, કદાચિત્ અપ્રદેશ હોય છે.

**(૭) કાલથી સપ્રદેશ :–** જે પુદ્ગલ કાલથી સપ્રદેશ હોય છે (૧) તે દ્રવ્યથી (૨) ક્ષેત્રથી અને (૩) ભાવથી કદાચિત્ સપ્રદેશ હોય છે, કદાચિત્ અપ્રદેશ હોય છે.

**(૮) ભાવથી સપ્રદેશ :–** જે પુદ્ગલ ભાવથી સપ્રદેશ હોય છે (૧) તે દ્રવ્યથી (૨)ક્ષેત્રથી અને (૩) કાલથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ હોય છે. ભાવથી સ્વગુણથી સપ્રદેશી હોય તે અન્યગુણની અપેક્ષાએ કદાચિત્ સપ્રદેશી કદાચિત્ અપ્રદેશી હોય છે.

**સપ્રદેશી–અપ્રદેશીની પરસ્પર નિયમા ભજનાનો ચાર્ટ :–**

| સપ્રદેશી–અપ્રદેશી | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાલથી | ભાવથી |
|---|---|---|---|---|
| ૧. દ્રવ્યથી અપ્રદેશી (પરમાણુ) | – | અપ્રદેશ | ભજના | ભજના |
| ૨. ક્ષેત્રથી અપ્રદેશી(એક પ્રદેશાવગાઢ) | ભજના | – | ભજના | ભજના |
| ૩. કાલથી અપ્રદેશી (એક સમય સ્થિતિક) | ભજના | ભજના | – | ભજના |
| ૪. ભાવથી અપ્રદેશી(એકગુણ કાલા આદિ) | ભજના | ભજના | ભજના | – |
| ૫. દ્રવ્યથી સપ્રદેશી(દ્વિપ્રદેશી આદિ) | – | ભજના | ભજના | ભજના |
| ૬. ક્ષેત્રથી સપ્રદેશી(દ્વિપ્રદેશાવગાઢ આદિ) | સપ્રદેશી | – | ભજના | ભજના |
| ૭. કાલથી સપ્રદેશી (દ્વિસમય સ્થિતિક આદિ) | ભજના | ભજના | – | ભજના |
| ૮. ભાવથી સપ્રદેશી(દ્વિગુણ કાલા આદિ) | ભજના | ભજના | ભજના | – |

## સપ્રદેશી–અપ્રદેશી પુદ્ગલોનું અલ્પબહુત્વ :-

**૭** **एएसि णं भंते ! पोग्गलाणं दव्वादेसेणं खेत्तादेसेणं कालादेसेणं भावादेसेणं**

**सपएसाणं अपएसाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**णारयपुत्ता ! सव्वत्थोवा पोग्गला भावादेसेणं अपएसा, कालादेसेणं अपएसा असंखेज्जगुणा, दव्वादेसेणं अपएसा असंखेज्जगुणा, खेत्तादेसेणं अपएसा असंखेज्जगुणा, खेत्तादेसेणं चेव सपएसा असंखेज्जगुणा; दव्वादेसेणं सपएसा विसेसाहिया, काला- देसेणं सपएसा विसेसाहिया, भावादेसेणं सपएसा विसेसाहिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્રવ્યાદેશથી, ક્ષેત્રાદેશથી, કાલાદેશથી અને ભાવાદેશથી સપ્રદેશ અને અપ્રદેશ પુદ્ગલોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે નારદપુત્ર ! ભાવાદેશથી અપ્રદેશ પુદ્ગલ સર્વથી થોડા છે. તેનાથી કાલાદેશથી અપ્રદેશ પુદ્ગલ અસંખ્યાતગુણા, તેનાથી દ્રવ્યાદેશથી અપ્રદેશ પુદ્ગલ અસંખ્યાતગુણા, તેનાથી ક્ષેત્રાદેશથી અપ્રદેશ પુદ્ગલ અસંખ્યાતગુણા, તેનાથી ક્ષેત્રાદેશથી સપ્રદેશ પુદ્ગલ અસંખ્યાતગુણા, તેનાથી દ્રવ્યાદેશથી સપ્રદેશ પુદ્ગલ વિશેષાધિક, તેનાથી કાલાદેશથી સપ્રદેશ પુદ્ગલ વિશેષાધિક, તેનાથી ભાવાદેશથી સપ્રદેશ પુદ્ગલ વિશેષાધિક છે.

**૮ तएणं से णारयपुत्ते अणगारे णियंठिपुत्तं अणगारं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एयं अट्ठं सम्मं विणएणं भुज्जो भुज्जो खामेइ, खामित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી નારદપુત્ર અણગારે, નિર્ગ્રંથીપુત્ર અણગારને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને, પોતે કહેલા મિથ્યા ઉત્તર માટે સમ્યક્ વિનયપૂર્વક વારંવાર તેમની ક્ષમાયાચના કરી. આ રીતે ક્ષમાયાચના કરીને, તે નારદપુત્ર અણગાર સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતાં વિચરણ કરવા લાગ્યા.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સપ્રદેશી, અપ્રદેશી આઠ બોલોનું અલ્પબહુત્વ છે. તેને અસત્ કલ્પનાથી આ પ્રમાણે સમજી શકાય છે.

અસત્ કલ્પનાથી સર્વ પુદ્ગલોની સંખ્યા એક લાખ માનીએ, તો તેમાં ભાવથી અપ્રદેશ પુદ્ગલ ૧૦૦૦ છે, કાલથી અપ્રદેશ પુદ્ગલ ૨૦૦૦ છે. દ્રવ્યથી અપ્રદેશ પુદ્ગલ ૫૦૦૦ છે અને ક્ષેત્રથી અપ્રદેશ પુદ્ગલ ૧૦૦૦૦ છે. તે જ રીતે ક્ષેત્રથી સપ્રદેશ પુદ્ગલ ૯૦૦૦૦ છે. દ્રવ્યથી સપ્રદેશ પુદ્ગલ ૯૫૦૦૦ છે. કાલથી સપ્રદેશ પુદ્ગલ ૯૮૦૦૦ છે અને ભાવથી સપ્રદેશ પુદ્ગલ ૯૯૦૦૦ છે, આ

રીતે તેની સ્થાપના કરી શકાય છે.

**અસત્કલ્પનાથી પુદ્ગલ સંખ્યા સ્થાપન :–**

| | ભાવથી | કાલથી | દ્રવ્યથી | ક્ષેત્રથી |
|---|---|---|---|---|
| અપ્રદેશ | ૧૦૦૦ | ૨૦૦૦ | ૫૦૦૦ | ૧૦૦૦૦ |
| સપ્રદેશ | ૯૯૦૦૦ | ૯૮૦૦૦ | ૯૫૦૦૦ | ૯૦૦૦૦ |

આ રીતે અસત્ કલ્પનાથી અલ્પબહુત્વની સ્પષ્ટતા થઈ જાય છે.

**અલ્પબહુત્વનું સ્પષ્ટીકરણ :–**

**(૧) સર્વથી થોડા ભાવથી અપ્રદેશી(એક ગુણ કૃષ્ણવર્ણાદિ યુક્ત) પુદ્ગલ છે–** કારણ કે પુદ્ગલ દ્રવ્યમાં બે અંશથી અનંત અંશપર્યંતની બહુલતા સહજ રીતે હોય છે. કૃષ્ણવર્ણાદિમાં એક અંશની સહજ રીતે અલ્પતા હોય છે.

**(૨) તેનાથી કાલથી અપ્રદેશી(એક સમયની સ્થિતિવાળા) પુદ્ગલ અસંખ્યાતગુણા છે–** કારણ કે કૃષ્ણવર્ણાદિ યુક્ત ઘણા પુદ્ગલ એક સમયની સ્થિતિવાળા અર્થાત્ કાલથી અપ્રદેશી હોય છે. તેમજ પુદ્ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘાત, ભેદ, સૂક્ષ્મત્વ, બાદરત્વ આદિ અનેક પરિણામો સમયે સમયે થતાં જ રહે છે. એક સમયમાં થતાં તે સર્વ પ્રકારના પરિણમનથી યુક્ત પુદ્ગલ કાલની અપેક્ષાએ અપ્રદેશી છે. આ રીતે પરિણામોની બાહુલ્યતાના કારણે ભાવથી અપ્રદેશી પુદ્ગલ કરતાં કાલથી અપ્રદેશી પુદ્ગલ અસંખ્યાત ગુણા છે.

**(૩) તેનાથી દ્રવ્યથી અપ્રદેશી(પરમાણુ)પુદ્ગલ અસંખ્યાતગુણા છે–** કારણ કે એક અને અનેક ગુણ વર્ણાદિ યુક્ત તથા એક અને અનેક સમયની સ્થિતિ યુક્ત સર્વ પરમાણુ પુદ્ગલનો તેમાં સમાવેશ થઈ જાય છે. આ રીતે તેની બહુલતાના કારણે કાલથી અપ્રદેશી પુદ્ગલ કરતાં દ્રવ્યથી અપ્રદેશી પુદ્ગલ અસંખ્યાતગુણા છે.

**(૪) તેનાથી ક્ષેત્રથી અપ્રદેશી(એક પ્રદેશાવગાઢ)પુદ્ગલ અસંખ્યાતગુણા છે–** કારણ કે લોકાકાશના અસંખ્યાત પ્રદેશ છે અને તે પ્રત્યેક પ્રદેશ પર એક પ્રદેશાવગાઢ પરમાણુ કે દ્વિપ્રદેશી આદિ સ્કંધો રહેલા છે. પરમાણુ, તો સર્વ એક પ્રદેશાવગાઢ જ હોય છે. તેમાં એક પ્રદેશાવગાઢ અન્ય સ્કંધો વધતા તે પૂર્વથી અસંખ્યાતગુણા થઈ જાય છે.

**(૫) તેનાથી ક્ષેત્રથી સપ્રદેશી(બે આદિ પ્રદેશાવગાઢ)પુદ્ગલ અસંખ્યાતગુણા છે–** કારણ કે દ્વિપ્રદેશાવગાઢ, ત્રિપ્રદેશાવગાઢ આદિ અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોનો તેમાં સમાવેશ થઈ જાય છે. આ રીતે ક્ષેત્રથી સપ્રદેશીના અવગાહના સ્થાન વધી જતાં તેના પર સ્થિત પુદ્ગલો પૂર્વથી અસંખ્યાતગુણા થાય છે.

**(૬) તેનાથી દ્રવ્યથી સપ્રદેશી(દ્વિપ્રદેશી આદિ સ્કંધ)પુદ્ગલ વિશેષાધિક છે–** કારણ કે ક્ષેત્રથી સપ્રદેશીમાં ક્ષેત્રથી અપ્રદેશી પુદ્ગલોનો અભાવ છે અને અહીં દ્રવ્યથી સપ્રદેશીમાં એક પ્રદેશાવગાઢ

દ્વિપ્રદેશી સ્કંધથી અનંત પ્રદેશી સ્કંધો સુધીના પુદ્ગલ સ્કંધોનો સમાવેશ થઈ જતાં તે વિશેષાધિક થઈ જાય છે.

**(૭) તેનાથી કાલથી સપ્રદેશી(બે સમય આદિની સ્થિતિવાળા) પુદ્ગલ વિશેષાધિક છે–** કારણ કે દ્રવ્યથી સપ્રદેશીમાં પરમાણુનો અભાવ છે અને અહીં અનેક સમયની સ્થિતિવાળા પરમાણુઓનો સમાવેશ થતાં તે વિશેષાધિક થઈ જાય છે.

**(૮) તેનાથી ભાવથી સપ્રદેશી(બે ગુણકાળા આદિ) પુદ્ગલો વિશેષાધિક છે–** કારણ કે પુદ્ગલ દ્રવ્યમાં કૃષ્ણ વર્ણાદિના અનેક અંશની હંમેશાં બહુલતા હોય છે. કાલથી સપ્રદેશીમાં એક સમયની સ્થિતિના પુદ્ગલોનો અભાવ છે અને ભાવથી સપ્રદેશીમાં તે મળી જતાં વિશેષાધિક થઈ જાય છે.

આ રીતે ભાવથી સપ્રદેશી પુદ્ગલ સર્વાધિક છે. તેમાં માત્ર ભાવથી અપ્રદેશી એક ગુણ કાલા આદિનો જ અભાવ છે. જેની સંખ્યા સર્વથી અલ્પ છે. જે ઉપરોક્ત પહેલા બોલમાં કહી છે.

## જીવોની હાનિ–વૃદ્ધિ અને અવસ્થિતિ :–

**૯ भंते ! त्ति भगवं गोयमे *जाव* एवं वयासी– जीवा णं भंते ! किं वड्ढंति हायंति अवट्ठिया ?**

**गोयमा ! जीवा णो वड्ढंति, णो हायंति; अवट्ठिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરીને, ભગવાન ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શું જીવ વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ વધતા નથી, ઘટતા નથી, પરંતુ અવસ્થિત રહે છે.

**૧૦ णेरइया णं भंते ! किं वड्ढंति हायंति अवट्ठिया ? गोयमा ! णेरइया वड्ढंति वि हायंति वि अवट्ठिया वि । जहा णेरइया एवं *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક વધે છે, ઘટે છે અથવા અવસ્થિત રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક વધે પણ છે, ઘટે પણ છે અને અવસ્થિત પણ રહે છે.

જે રીતે નૈરયિકોના વિષયમાં કહ્યું તે જ રીતે વૈમાનિક પર્યંત ચોવીસ દંડકના જીવોના વિષયમાં જાણવું જોઈએ.

**૧૧ सिद्धा णं भंते ! किं वड्ढंति हायंति अवट्ठिया ? गोयमा ! सिद्धा वड्ढंति, णो हायंति, अवट्ठिया वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સિદ્ધો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધો વધે છે, ઘટતા નથી, તે અવસ્થિત પણ રહે છે.

## જીવોની વૃદ્ધિ–હાનિ અને અવસ્થિતિનું કાલમાન :-

**१२ जीवा णं भंते ! केवइयं कालं अवट्ठिया ? गोयमा ! सव्वद्धं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ કેટલા કાલ સુધી અવસ્થિત રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ સર્વાદ્ધા અર્થાત્ સર્વ કાલ અવસ્થિત રહે છે.

**१३ णेरइया णं भंते ! केवइयं कालं वड्ढंति ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं । एवं हायंति वि ।**

**णेरइया णं भंते ! केवइयं कालं अवट्ठिया ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं चउवीसं मुहुत्ता ।**

**एवं सत्तसु वि पुढवीसु वड्ढंति हायंति भाणियव्वा । अवट्ठिएसु इमं णाणत्तं, तं जहा– रयणप्पभाए पुढवीए अडयालीसं मुहुत्ता, सक्करप्पभाए चउद्दस राइंदिया, वालुयप्पभाए मासो, पंकप्पभाए दो मासा, धूमप्पभाए चत्तारि मासा, तमाए अट्ठ मासा, तमतमाए बारस मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક કેટલા કાલ સુધી વધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી વધે છે. જે રીતે વધવાનો કાલ કહ્યો છે, તે જ રીતે ઘટવાનો કાલ પણ તેટલો જ કહેવો જોઈએ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક કેટલા કાલ સુધી અવસ્થિત રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત સુધી અવસ્થિત રહે છે.

આ રીતે સાતે નરક પૃથ્વીઓમાં જીવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી વધે છે–ઘટે છે પરંતુ અવસ્થિત રહેવાના કાલમાં આ પ્રમાણે ભિન્નતા છે. યથા– (૧) રત્નપ્રભા પૃથ્વીમાં ૪૮ મુહૂર્તનો (૨) શર્કરાપ્રભા પૃથ્વીમાં ૧૪ અહોરાત્રનો (૩) વાલુકાપ્રભા પૃથ્વીમાં એક માસનો (૪) પંકપ્રભા પૃથ્વીમાં બે માસનો (૫) ધૂમપ્રભા પૃથ્વીમાં ચાર માસનો (૬) તમઃપ્રભા પૃથ્વીમાં આઠ માસનો (૭) તમસ્તમપ્રભા પૃથ્વીમાં બાર માસનો અવસ્થિત કાલ છે.

**१४ असुरकुमारा वि वड्ढंति हायंति जहा णेरइया । अवट्ठिया जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं अट्ठचत्तालीसं मुहुत्ता । एवं दसविहा भवणवासिणो ।**

**ભાવાર્થ :–** જે રીતે નૈરયિકોની વૃદ્ધિ–હાનિના વિષયમાં કહ્યું છે, તે જ રીતે અસુરકુમાર દેવોની વૃદ્ધિ–હાનિના વિષયમાં પણ સમજવું જોઈએ. અસુરકુમાર દેવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ૪૮ મુહૂર્ત સુધી અવસ્થિત રહે છે. તે જ રીતે દશે પ્રકારના ભવનપતિ દેવોની વૃદ્ધિ–હાનિ અને અવસ્થિતિનું કથન કરવું જોઈએ.

**१५ एगिंदिया वड्ढंति वि हायंति वि अवट्ठिया वि । एएहिं तिहि वि जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવ વધે પણ છે, ઘટે પણ છે અને અવસ્થિત પણ રહે છે, તે ત્રણે (વૃદ્ધિ–હાનિ અને અવસ્થિતિ)નો કાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ સમજવો જોઈએ.

**१६ बेइंदिया वड्ढंति हायंति तहेव; अवट्ठिया जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं दो अंतोमुहुत्ता । एवं *जाव* चउरिंदिया ।**

**ભાવાર્થ :–** બેઈન્દ્રિય જીવ પણ આ જ રીતે વધે–ઘટે છે. તેના અવસ્થાનકાલમાં ભિન્નતા આ પ્રમાણે છે– તે જઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ બે અંતઃમુહૂર્ત સુધી અવસ્થિત રહે છે. બેઈન્દ્રિયની જેમ તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોની વૃદ્ધિ, હાનિ અને અવસ્થિતિ કહેવી જોઈએ.

**१७ अवसेसा सव्वे वड्ढंति हायंति तहेव जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं; अवट्ठियाणं णाणत्तं इमं तं जहा– संमुच्छिमपंचिंदिय तिरिक्खजोणियाणं दो अंतोमुहुत्ता । गब्भवक्कंतियाणं चउव्वीसं मुहुत्ता । संमुच्छिम– मणुस्साणं अट्ठचत्तालीसं मुहुत्ता । गब्भवक्कंतियमणुस्साणं चउवीसं मुहुत्ता । वाणमंतर जोइस सोहम्मीसाणेसु अट्ठचत्तालीसं मुहुत्ता । सणंकुमारे अट्ठारस राइंदियाइं चत्तालीस य मुहुत्ता । माहिंदे चउवीसं राइंदियाइं वीस य मुहुत्ता । बंभलोए पंचचत्तालीसं राइंदियाइं । लंतए णउइं राइंदियाइं । महासुक्के सट्ठिं राइंदियसयं । सहस्सारे दो राइंदियसयाइं। आणयपाणयाणं संखेज्जा मासा, आरणच्चुयाणं संखेज्जाइं वासाइं । एवं गेवेज्जदेवाणं। विजय वेजयंत जयंत अपराजियाणं असंखेज्जाइं वाससहस्साइं। सव्वट्ठसिद्धे पलिओव– मस्स संखेज्जइभागो ।**

**ભાવાર્થ :–** શેષ સર્વ જીવ(તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વાણવ્યંતર દેવ, જ્યોતિષી દેવ અને વૈમાનિક દેવ) વધે–ઘટે છે, તે પૂર્વવત્ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી વધે છે અને ઘટે છે, તે પ્રમાણે કહેવું અને તેના અવસ્થાન કાલની ભિન્નતા આ પ્રમાણે છે–

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોનો બે અંતઃમુહૂર્તનો; ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક

જીવોનો ૨૪ મુહૂર્તનો; સંમૂર્ચ્છિમ મનુષ્યોનો ૪૮ મુહૂર્તનો; ગર્ભજ મનુષ્યોનો ૨૪ મુહૂર્તનો; વાણવ્યંતર, જ્યોતિષી અને સૌધર્મ ઈશાન દેવનો ૪૮ મુહૂર્તનો; સનત્કુમાર દેવનો ૧૮ અહોરાત્રિ તથા ૪૦ મુહૂર્તનો; માહેન્દ્ર દેવનો ૨૪ અહોરાત્રિ તથા ૨૦ મુહૂર્તનો; બ્રહ્મલોકના દેવનો ૪૫ અહોરાત્રિનો; લાતંક દેવનો ૯૦ અહોરાત્રિનો; મહાશુક્ર દેવનો ૧૬૦ અહોરાત્રિનો; સહસ્રાર દેવનો ૨૦૦ અહોરાત્રિનો; આનત, પ્રાણત દેવનો સંખ્યાત માસનો; આરણ, અચ્યુત દેવનો સંખ્યાત વર્ષનો; નવ ગ્રૈવેયકના દેવનો અવસ્થાન કાલ આરણ–અચ્યુત દેવલોકના દેવની સમાન જાણવો. અર્થાત્ સંખ્યાતા વર્ષનો છે. (તેમાં પ્રથમ ત્રિકના દેવોનો સંખ્યાતા શત વર્ષનો, મધ્યમ ત્રિકના દેવોનો સંખ્યાતા હજાર વર્ષનો અને ઉપરિમ ત્રિકના દેવોનો સંખ્યાતા લાખ વર્ષનો છે.)વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત વિમાનવાસી દેવોનો અસંખ્યાત હજાર વર્ષોનો અને સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોનો પલ્યોપમના સંખ્યાતમા ભાગનો અવસ્થાન કાલ છે.

**૧૮ सिद्धा णं भंते ! केवइयं कालं वड्ढंति ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं अट्ठ समया ।**

**केवइयं कालं अवट्ठिया ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं छम्मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધો કેટલા કાલ સુધી વધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આઠ સમય સુધી વધે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધો કેટલા કાલ સુધી અવસ્થિત રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ સુધી અવસ્થિત રહે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોની વૃદ્ધિ, હાનિ અને અવસ્થિતિ તથા તેના કાલમાનની પ્રરૂપણા કરી છે.

સમુચ્ચય જીવોની સંખ્યા વધતી કે ઘટતી નથી કારણ કે જીવમાત્ર અજર અમર છે. કોઈ પણ પ્રયત્નથી નવો જીવ ઉત્પન્ન થતો નથી અને કોઈ પણ જીવનો નાશ થતો નથી, તેથી જીવની સંખ્યામાં હાનિ વૃદ્ધિ થતી નથી. તેમ છતાં ચારે ગતિના જીવો પોત–પોતાના કર્માનુસાર એક ગતિમાંથી બીજી ગતિમાં ગમનાગમન કરે છે. તેથી ચારે ગતિના જીવોમાં વધઘટ થયા કરે છે પરંતુ સિદ્ધ ગતિમાંથી કોઈ પણ જીવ નીકળીને અન્ય ગતિમાં જતો નથી; તેથી ત્યાં જીવોની સંખ્યા ઘટતી નથી પરંતુ નવા જીવ સિદ્ધ થાય તેમ સિદ્ધોની સંખ્યા વધતી જાય છે.

**વૃદ્ધિ :–** જ્યારે કોઈ પણ સ્થાને, કોઈ પણ દંડકમાં ઘણા જીવો ઉત્પન્ન થાય અને થોડા જીવ મરે અથવા

નવા જીવ ઉત્પન્ન થાય અને પૂર્વે ઉત્પન્ન થયેલા મરે નહીં ત્યારે તે દંડકમાં જીવોની વૃદ્ધિ થાય છે. આ પ્રકારની વૃદ્ધિ એક સમયમાં થઈને બીજે સમયે હાનિ થવા લાગે કે અવસ્થિત થઈ જાય તો જઘન્ય એક સમયની વૃદ્ધિ કહેવાય છે. ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ પર્યંત જીવોની વૃદ્ધિ થાય છે.

**હાનિ :–** જ્યારે કોઈ પણ સ્થાને કોઈ પણ દંડકમાં ઘણા જીવો મરે અને થોડા જીવ ઉત્પન્ન થાય છે અથવા ઘણા જીવો મૃત્યુ પામે પરંતુ કોઈ જીવ જન્મે નહીં ત્યારે તે જીવો ઘટે છે. તેનું કાલમાન પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ વૃદ્ધિના કાલમાન પ્રમાણે છે. અર્થાત્ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતભાગ પર્યંત જીવોની હાનિ થાય છે.

**અવસ્થિતિ :–** જ્યારે ઉત્પત્તિ અને મરણ સમાન સંખ્યામાં હોય અર્થાત્ જેટલા જીવ ઉત્પન્ન થાય છે તેટલા જ મરે છે અથવા કેટલાક કાળ સુધી તે સ્થાનમાં કોઈ પણ જીવના જન્મ–મરણ ન થાય, તેથી જીવોની સંખ્યા નિયત રહે છે, તે કાલને અવસ્થિતકાલ કહે છે. જેમ કે– નૈરયિક જીવોનો અવસ્થાન કાલ ૨૪ મુહૂર્તનો કહ્યો છે, તે આ પ્રમાણે સમજવો જોઈએ–

સાતે નરક પૃથ્વીમાં ૧૨ મુહૂર્તનો ઉત્કૃષ્ટ વિરહકાલ હોવાથી તેટલા સમય કોઈ પણ જીવ ઉત્પન્ન થતા નથી કે મૃત્યુ પણ પામતા નથી. તે સમયે નૈરયિક જીવ અવસ્થિત રહે છે. ત્યાર પછી કેટલાક સમય સુધી જન્મ અને મૃત્યુ સમાન સંખ્યામાં થાય અને ફરીથી દેશોન બાર મુહૂર્તનો વિરહ થઈ જાય; તેથી ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્તનો અવસ્થાનકાલ થઈ જાય છે. આ રીતે પ્રત્યેક દંડકના વિરહકાલ કરતાં અવસ્થાનકાલ બમણો થાય છે.

એકેન્દ્રિય જીવોમાં વિરહકાલ નથી. કારણ કે તેમાં નિરંતર જન્મ મરણ થતા જ રહે છે. તેમ છતાં જન્મ મરણની સંખ્યામાં ક્યારેક હીનાધિકતા હોય છે અને ક્યારેક સમાનતા હોય છે. તે અપેક્ષાએ તેમાં હાયમાન, વર્ધમાન અને અવસ્થિત ત્રણે અવસ્થા થાય છે.

**સિદ્ધ :–** સિદ્ધોની વૃદ્ધિનો કાલ ઉત્કૃષ્ટ આઠ સમયનો હોય છે. તેથી નિરંતર આઠ સમય પર્યંત મોક્ષગતિ ચાલુ રહે છે; ત્યાર પછી સિદ્ધ થવાનો વિરહ થાય છે. તે વિરહ જઘન્ય એક સમયનો હોય તો એક સમય સિદ્ધોનો અવસ્થાનકાલ થાય અને ઉત્કૃષ્ટ વિરહ છ માસનો હોય તો અવસ્થાનકાલ છ માસનો થાય છે.

## જીવોમાં સોપચયાદિ ચાર ભંગ :–

**૧૯ जीवा णं भंते ! किं सोवचया, सावचया, सोवचय सावचया, णिरुवचय णिरवचया?**

**गोयमा ! जीवा णो सोवचया णो सावचया णो सोवचय सावचया; णिरुवचय णिरवचया ।**

**શબ્દાર્થ :– सोवचय** = આવકયુક્ત **सावचय** = જાવકયુક્ત **सोवचयसावचय** = આવક જાવક બંનેથી યુક્ત **णिरुवचय णिरवचया** = આવક જાવક રહિત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ સોપચય છે, સાપચય છે, સોપચય–સાપચય છે કે નિરુપચય–નિરપચય છે ? અર્થાત્ આ ચાર ભંગમાંથી જીવોમાં કયો ભંગ લાભે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ સોપચય નથી, સાપચય નથી, સોપચય–સાપચય નથી પરંતુ નિરુપચય– નિરપચય છે અર્થાત્ જીવમાં એક અંતિમ ભંગ છે.

**૨૦ एगिंदिया तईयपए, सेसा जीवा चउहिं पएहिं भाणियव्वा ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવોમાં ત્રીજો ભંગ સોપચય–સાપચય છે. શેષ સર્વ જીવોમાં ચારે ભંગ કહેવા જોઈએ.

**૨૧ सिद्धा णं पुच्छा ? गोयमा ! सिद्धा सोवचया, णो सावचया, णो सोवचय सावचया, णिरुवचय णिरवचया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સિદ્ધ ભગવાન સોપચય છે, સાપચય છે, સોપચય–સાપચય છે કે નિરુપચય–નિરપચય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સિદ્ધ ભગવાન સોપચય છે, સાપચય નથી, સોપચય–સાપચય નથી, નિરુપચય–નિરપચય છે અર્થાત્ પ્રથમ અને ચતુર્થ તે બે ભંગ છે.

**૨૨ जीवा णं भंते ! केवइयं कालं णिरुवचय णिरवचया ? गोयमा ! सव्वद्धं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ કેટલો કાલ નિરુપચય–નિરપચય રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ સર્વકાલ પર્યંત નિરુપચય–નિરપચય રહે છે.

**૨૩ णेरइया णं भंते ! केवइयं कालं सोवचया ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं ।**

**केवइयं कालं सावचया ? एवं चेव । केवइयं कालं सोवचय–सावचया ? एवं चेव । केवइयं कालं णिरुचवय–णिरवचया ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક કેટલો કાલ સોપચય રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ પર્યંત સોપચય રહે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક કેટલો કાલ સાપચય રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જ પ્રકારે સાપચયનું કાલમાન પણ જાણવું જોઈએ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે કેટલો કાલ સોપચય–સાપચય રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સોપચયનો જેટલો કાલ કહ્યો છે, તેટલો જ સોપચય–સાપચયનો કાલ જાણવો જોઈએ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક કેટલો કાલ નિરુપચય–નિરપચય રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત નિરુપચય–નિરપચય રહે છે.

**२४ एगिंदिया सव्वे सोवचयसावचया सव्वद्धं । सेसा सव्वे सोवचया वि, सावचया वि, सोवचयसावचया वि णिरुवचयणिरवचया वि; तिण्हं ठिई जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखज्जइभागं । णिरुवचय णिरवचयाणं (अवट्ठिएहिं) वक्कंतिकालो भाणियव्वो ।**

**ભાવાર્થ :–** સર્વ એકેન્દ્રિય જીવ સર્વકાલ(સર્વદા) સોપચય–સાપચય રહે છે. શેષ સર્વ જીવ સોપચય પણ છે, સાપચય પણ છે, સોપચય–સાપચય પણ છે અને નિરુપચય–નિરપચય પણ છે. તેમાં પ્રથમ ત્રણ ભંગનું કાલમાન જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે અને ચોથા ભંગનું એટલે નિરુપચય નિરપચયનું કાલમાન વિરહકાલની સમાન કહેવું જોઈએ.

**२५ सिद्धा णं भंते ! केवइयं कालं सोवचया ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं अट्ठ समया ।**

**केवइयं कालं णिरुवचय-णिरवचया ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं छ मासा । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધ ભગવાન કેટલો કાલ સોપચય રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આઠ સમય સોપચય રહે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધ ભગવાન કેટલો કાલ નિરુપચય–નિરપચય રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ નિરુપચય–નિરપચય રહે છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સોપચય, નિરુપચય આદિ ચાર પદોના અસ્તિત્વનું અને તેના કાલમાનનું નિરૂપણ કર્યું છે.

**સોપચય :–** વૃદ્ધિ સહિત. પહેલાં જેટલા જીવ હોય તેમાં નવા જીવોની ઉત્પત્તિ થાય તો તેને સોપચય કહે છે.

**સાપચય :–** હાનિ સહિત. પહેલાં જેટલા જીવો હોય તેમાંથી કેટલાક જીવો મરી જાય તો તેને સાપચય કહે છે.

**સોપચય–સાપચય :–** જન્મ અને મરણ બંને દ્વારા એક સાથે હાનિ–વૃદ્ધિ થાય તો તેને સોપચય–સાપચય કહે છે.

**નિરુપચય–નિરપચય :–** જન્મ–મરણના અભાવમાં વૃદ્ધિ–હાનિ ન થાય તો તેને નિરુપચય–નિરપચય કહે છે.

પૂર્વ સૂત્રોમાં વર્ણિત હાનિ, વૃદ્ધિ અને અવસ્થિતિના કથનમાં અને પ્રસ્તુત સૂત્રોક્ત પદોમાં સમાનતા દેખાય છે, છતાં તેમાં ભિન્નતા આ પ્રમાણે છે–

### હાનિ, વૃદ્ધિ અને સોપચયાદિનો તફાવત :–

| વૃદ્ધિ વગેરે | સોપચય વગેરે |
|---|---|
| **વૃદ્ધિ** = જન્મમરણ બંને હોય કે એક હોય પણ જીવોની વૃદ્ધિ થવી. | **સોપચય** = માત્ર જન્મ |
| **હાનિ** = જન્મમરણ બંને હોય કે એક હોય પણ જીવોની હાનિ થવી. | **સાપચય** = માત્ર મરણ |
| **અવસ્થિતિ** = જન્મમરણ ન થાય અથવા સમસંખ્યાએ જન્મ મરણ થાય તેથી નિયત સંખ્યા રહે. | **સોપચય–સાપચય** = જન્મ–મરણ બંને હોય.<br>**નિરુપચય નિરપચય** = માત્ર વિરહ–કાળ અર્થાત્ જન્મ–મરણ બંને ન હોય. |
| વૃદ્ધિ આદિ જન્મ–મરણના પરિણામે થતી હાનિવૃદ્ધિને આધારિત છે અર્થાત્ તેમાં જીવોની સંખ્યાની મુખ્યતા છે. | સોપચય વગેરેનું કથન માત્ર જીવના જન્મ–મરણ કે ગમનાગમન આધારિત છે. તેમાં જીવોની સંખ્યાનું મહત્વ નથી. |

**જીવોમાં સોપચય આદિ ભંગ અને સ્થિતિ :–** સમુચ્ચય જીવમાં સોપચયાદિ ચાર ભંગમાંથી ચોથો ભંગ હોય છે. કારણ કે જીવનું જીવત્વ ત્રિકાલ શાશ્વત છે. તેની સ્થિતિ સર્વ કાલ પર્યંતની છે.

સાત નરક, ૧૩ દેવતાના દંડક, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં સોપચય આદિ ચારે ય ભંગ હોય છે. તેમાં પ્રથમ ત્રણ ભંગની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ હોય છે અને ચોથા ભંગની સ્થિતિ તેના વિરહ કાલની સમાન છે.

પાંચ સ્થાવરમાં માત્ર ત્રીજો ભંગ હોય છે. તેની સ્થિતિ સર્વકાલ પર્યંતની છે.

સિદ્ધમાં પહેલો અને ચોથો ભંગ હોય છે. તેમાં પ્રથમ ભંગની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આઠ સમયની છે. ચોથા ભંગની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ માસની છે.

**।। શતક ૫/૮ સંપૂર્ણ ।।**

# શતક–૫ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં રાજગૃહીનું સ્વરૂપ, ૨૪ દંડકોના જીવોમાં પ્રકાશ–અંધકાર, તે જીવોને સમયાદિનું જ્ઞાન, પાર્શ્વાપત્ય સ્થવિરો અને પ્રભુ મહાવીરના પ્રશ્નોત્તરનું નિરૂપણ છે.

★ રાજગૃહી નગરી તે ત્યાં રહેલા સર્વ જીવ, અજીવ અથવા સર્વ સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યના સંયોગ રૂપ છે.

★ **પ્રકાશ અંધકાર**– સૂર્ય કિરણોના શુભ પુદ્‌ગલસંયોગે શુભ પરિણમનથી દિવસે પ્રકાશ અને સૂર્ય કિરણના અભાવે અશુભ પુદ્‌ગલ પરિણમનથી રાત્રે અંધકાર હોય છે.

★ નરકમાં સૂર્યપ્રકાશ નથી. ત્યાં પુદ્‌ગલોનું પરિણમન અશુભ હોવાથી સદાને માટે અંધકાર હોય છે.

★ પાંચ સ્થાવર, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય જીવોને ચક્ષુરિન્દ્રિય ન હોવાથી કદાચ સૂર્યકિરણોનો સંયોગ થાય તોપણ તે જીવો તેનો ઉપયોગ કરી શકતા નથી. તેથી તે જીવોને માટે સદા અંધકાર હોય છે.

★ ચૌરેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં સૂર્યના સદ્‌ભાવમાં પ્રકાશ અને સૂર્ય ન હોય ત્યારે અંધકાર એમ બંને હોય છે. તેથી ત્યાં પુદ્‌ગલનું પરિણમન શુભાશુભ રૂપ હોય છે.

★ ચારે જાતિના દેવોમાં સૂર્ય કિરણોનો સંયોગ નથી તેમ છતાં દેવલોકની ભાસ્વરતાના કારણે સદાય શુભ પુદ્‌ગલ પરિણમન અને પ્રકાશ હોય છે.

★ **સમયાદિનું જ્ઞાન**– ૨૪ દંડકના જીવોમાં મનુષ્યને જ સમય, આવલિકા, મુહૂર્ત આદિનું જ્ઞાન થાય છે. મનુષ્ય ક્ષેત્રમાં જ સૂર્યની ગતિના આધારે કાલગણના થાય છે અને મનુષ્ય જ કાલવ્યવહારી છે. તેથી તેને જ કાલનું જ્ઞાન થાય છે. અન્ય ક્ષેત્રમાં(નરક કે દેવલોકમાં)કાલ વર્તે છે પરંતુ ત્યાં સૂર્યની ગતિના આધારે થતાં દિવસ–રાત આદિની ગણના કે જ્ઞાન નથી; તેથી તેઓ કાલવ્યવહારી નથી. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવોને કાલનું જ્ઞાન નથી. તિર્યંચ પંચેન્દ્રિયને રાત–દિવસની જાણકારી હોય છે પરંતુ તે મુહૂર્ત, દિવસ, માસ, વર્ષ વગેરેની ગણના કરી શકતા નથી.

★ પ્રભુ પાર્શ્વનાથના સ્થવિરોએ પ્રભુ મહાવીર સ્વામીને પૂછ્યું કે અસંખ્ય પ્રદેશાત્મક લોકમાં અનંત રાત્રિ દિવસ કઈ રીતે થઈ શકે ?

તેનું સમાધાન એ છે કે જેમ અસંખ્ય પ્રદેશાત્મક લોકમાં તથાપ્રકારના સ્વભાવે અનંત જીવો અને

અનંત અજીવો રહે છે. અનંત જીવો અને અનંત અજીવો પર કાલદ્રવ્ય એક સાથે વર્તી રહ્યું છે. તેથી ત્રણે કાલમાં અનંત દિવસ અને અનંત રાત્રિ વ્યતીત થઈ છે, થાય છે અને થશે તે પ્રમાણે કહેવાય છે. તે જ રીતે પ્રત્યેક શરીરી જીવો પર પણ કાલ વર્તી રહ્યો છે. તેથી રાત્રિ–દિવસ પરિત્ત પણ છે તેમ કથન કરી શકાય છે.

પ્રશ્નના સમાધાનથી સ્થવિરોને સંતોષ થયો. તેઓએ ચાતુર્યામ ધર્મનું પરિવર્તન કરીને, પંચમહાવ્રત રૂપ ધર્મનો સ્વીકાર કર્યો. પ્રભુ મહાવીરના શાસનમાં પ્રવેશ કરીને, સંયમ–તપની સાધના દ્વારા કેટલાક સ્થવિરો સિદ્ધગતિને પામી ગયા અને કેટલાક સ્થવિરો દેવલોકમાં ગયા.

❖❖❖❖❖

# શતક–૫ : ઉદ્દેશક–૯

## રાજગૃહ

**રાજગૃહના સ્વરૂપનો તાત્ત્વિક દષ્ટિએ નિર્ણય :–**

**१ तेणं कालेणं तेणं समएणं** *जाव* **एवं वयासी– किं इयं भंते ! णयरं रायगिहं ति पवुच्चइ, किं पुढवी णयरं रायगिहं ति पवुच्चइ; आऊ णयरं रायगिहं ति पवुच्चइ; किं तेऊ वाऊ वणस्सई णयरं रायगिहं ति पवुच्चइ ? एवं किं टंका कूडा** *जाव* **सचित्ताचित्त मीसयाइं दव्वाइं णयरं रायगिहं ति पवुच्चइ ?**

**गोयमा ! पुढवी वि णयरं रायगिहं ति पवुच्चइ** *जाव* **सचित्ताचित्त मीसयाइं दव्वाइं णयरं रायगिहं ति पवुच्चइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે કાલે અને તે સમયે ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદના નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! આ 'રાજગૃહ' નગર શું છે ? અર્થાત્ રાજગૃહ નગર તે કોનું નામ છે ? શું પૃથ્વી રાજગૃહ નગર કહેવાય છે ? શું જલ રાજગૃહ નગર કહેવાય છે ? શું અગ્નિ, વાયુ, વનસ્પતિ રાજગૃહનગર કહેવાય છે ? શું પર્વતખંડ, કૂટ વગેરે રાજગૃહ નગર કહેવાય છે ? ***યાવત્*** (શ.૫, ઉ–૭) શું સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્ય (મળીને) રાજગૃહ નગર કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વી પણ રાજગૃહનગર કહેવાય છે, પાણી પણ રાજગૃહનગર કહેવાય છે. ***યાવત્*** સચિત્ત અચિત્ત મિશ્ર દ્રવ્ય મળીને પણ રાજગૃહ નગર કહેવાય છે.

**२ से केणट्ठेणं भंते एवं वुच्चइ ?**

**गोयमा ! पुढवी जीवा इ य, अजीवा इ य, णयरं रायगिहं ति पवुच्चइ** *जाव* **सचित्ताचित्त–मीसयाइं दव्वाइं, जीवा इ य, अजीवा इ य, णयरं रायगिहं ति पव्वुच्चइ। से तेणट्ठेणं गोयमा !** *जाव* **रायगिहं ति पवुच्चइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનુ શું કારણ છે કે પૃથ્વી રાજગૃહ નગર કહેવાય છે ***યાવત્*** સચિત્ત, અચિત્ત, મિશ્ર દ્રવ્યોને રાજગૃહ નગર કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વી જીવરૂપ છે અને અજીવરૂપ પણ છે, તેથી તે રાજગૃહ નગર કહેવાય

છે. તે જ રીતે સચિત્ત–અચિત્ત અને મિશ્ર દ્રવ્ય જીવ પણ છે અને અજીવ પણ છે, તેથી તે દ્રવ્ય(મળીને) રાજગૃહ નગર કહેવાય છે, હે ગૌતમ ! તેથી પૃથ્વી આદિ રાજગૃહ નગર કહેવાય છે.

## વિવેચન :–

અનેકવાર ભગવાનનો વિહાર રાજગૃહમાં થયો હતો અને શ્રી ગૌતમ સ્વામીએ અનેક પ્રશ્નો પ્રભુ મહાવીરને રાજગૃહ નગરમાં પૂછ્યા હતા. અહીં શ્રી ગૌતમ સ્વામીએ તે જ રાજગૃહ નગર માટે વ્યવહાર દૃષ્ટિએ પ્રશ્ન પૂછ્યો છે કે રાજગૃહનગર શું છે ? શું રાજગૃહનગરની પૃથ્વી તે રાજગૃહી છે ? કે ત્યાં રહેનારા જીવો રાજગૃહી છે ? વગેરે.

પ્રભુએ તેનું સમાધાન કર્યું છે કે રાજગૃહીની પૃથ્વી પણ રાજગૃહી છે, ત્યાં વસનારા જીવો–અજીવો પણ રાજગૃહી છે. કારણ કે પૃથ્વી આદિ સમુદાય વિના અને રાજગૃહમાં નિવાસ કરનારા મનુષ્ય, પશુ, પક્ષી આદિના સમૂહ વિના કે સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યો વિના, 'રાજગૃહ' શબ્દની પ્રવૃત્તિ થઈ શકતી નથી. તેથી પ્રશ્નગત સમસ્ત દ્રવ્યો મળીને રાજગૃહનગર કહેવાય છે અને અપેક્ષાએ તે દ્રવ્યો પણ રાજગૃહનગરનું જ સ્વરૂપ છે.

## પ્રકાશ અને અંધકાર :–

**૩ से णूणं भंते ! दिया उज्जोए, राइं अंधयारे ? हंता गोयमा !** *जाव* **अंधयारे।**

**से केणट्ठेणं भंते ! एवं ? गोयमा ! दिया सुभा पोग्गला, सुभे पोग्गलपरिणामे, राइं असुभा पोग्गला, असुभे पोग्गलपरिणामे । से तेणट्ठेणं गोयमा ! एवं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું દિવસે ઉદ્યોત અને રાત્રે અંધકાર હોય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! દિવસે ઉદ્યોત અને રાત્રે અંધકાર હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનુ શું કારણ છે કે દિવસે પ્રકાશ અને રાત્રે અંધકાર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દિવસે શુભ પુદ્ગલ હોય છે અને શુભ પુદ્ગલ પરિણામ હોય છે પરંતુ રાત્રે અશુભ પુદ્ગલ અને અશુભ પુદ્ગલપરિણામ હોય છે, તેથી હે ગૌતમ ! દિવસે પ્રકાશ અને રાત્રે અંધકાર હોય છે.

**૪ णेरइयाणं भंते ! किं उज्जोए, अंधयारे ? गोयमा ! णेरइयाणं णो उज्जोए, अंधयारे ।**

**से केणट्ठेणं भंते एवं ? गोयमा ! णेरइयाणं असुभा पोग्गला, असुभे पोग्गलपरिणामे। से तेणट्ठेणं गोयमा ! एवं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોને ઉદ્યોત હોય છે કે અંધકાર ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિકોને ઉદ્યોત નથી, અંધકાર હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનુ શું કારણ છે કે નૈરયિકોને ઉદ્યોત નથી, અંધકાર હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવોને અશુભ પુદ્ગલ અને અશુભ પુદ્ગલ પરિણામ હોય છે. તેથી હે ગૌતમ ! તેઓને પ્રકાશ નથી પણ અંધકાર છે.

**५ असुरकुमाराणं भंते ! किं उज्जोए, अंधयारे ? गोयमा ! असुरकुमाराणं उज्जोए, णो अंधयारे ।**

**से केणट्ठेणं भंते ! एवं ? गोयमा ! असुरकुमाराणं सुभा पोग्गला, सुभे पोग्गलपरिणामे । से तेणट्ठेणं गोयमा ! एवं । एवामेव णागकुमाराणं** *जाव* **थणियकुमाराणं।**

**पुढविक्काइया** *जाव* **तेइंदिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોને ઉદ્યોત હોય છે કે અંધકાર ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારોને ઉદ્યોત હોય છે પણ અંધકાર હોતો નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનુ શું કારણ છે કે અસુરકુમારોને ઉદ્યોત હોય છે, અંધકાર નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવોને શુભ પુદ્ગલ અને શુભ પુદ્ગલ પરિણામ હોય છે. તેથી હે ગૌતમ ! ત્યાં ઉદ્યોત હોય છે પણ અંધકાર હોતો નથી. તે જ રીતે નાગકુમારથી સ્તનિતકુમાર સુધી સમજવું.

જે રીતે નૈરયિક જીવોના વિષયમાં ઉદ્યોત અને અંધકારનું કથન કર્યું છે તે જ રીતે પૃથ્વીકાયિક જીવોથી તેઈન્દ્રિય સુધીના જીવો સંબંધી કથન કરવું જોઈએ.

**६ चउरिंदियाणं भंते ! किं उज्जोए, अंधयारे ? गोयमा ! उज्जोए वि अंधयारे वि ।**

**से केणट्ठेणं ? भंते एवं ? गोयमा ! चउरिंदियाणं सुभासुभा य पोग्गला सुभासुभे य पोग्गलपरिणामे; से तेणट्ठेणं गोयमा ! एवं । एवामेव पंचिंदियतिरिक्ख–जोणियाणं वि मणुस्साणं वि । वाणमंतर जोइस वेमाणिया जहा असुरकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિય જીવોને ઉદ્યોત હોય છે કે અંધકાર ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચૌરેન્દ્રિય જીવોને ઉદ્યોત પણ હોય છે અને અંધકાર પણ હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનુ શું કારણ છે કે ચૌરેન્દ્રિય જીવોને ઉદ્યોત પણ હોય અને અંધકાર પણ હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચૌરેન્દ્રિય જીવોને શુભ અને અશુભ બંને પ્રકારના પુદ્ગલ હોય છે તથા શુભ

અને અશુભ બંને પ્રકારના પુદ્ગલ પરિણામ હોય છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે કે ચૌરેન્દ્રિય જીવોને ઉદ્યોત પણ હોય છે અને અંધકાર પણ હોય છે. તે જ રીતે તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોના સંબંધમાં પણ કહેવું જોઈએ.

જે રીતે અસુરકુમારના ઉદ્યોત–અંધકારના વિષયમાં કહ્યું તે જ રીતે વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના વિષયમાં પણ કહેવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકવર્તી જીવોના સંબંધમાં ઉદ્યોત અને અંધકારની સાપેક્ષ પ્રરૂપણા કરી છે.

શુભ પુદ્ગલ પરિણમન થવાથી પ્રકાશ થાય છે અને અશુભ પુદ્ગલ પરિણમન થવાથી અંધકાર થાય છે. સૂર્ય અને રત્નોના સંયોગે શુભ પુદ્ગલ પરિણમન થાય છે અને તેના અભાવે પુદ્ગલ પરિણમન અશુભ થઈ જાય છે. તિરછાલોકમાં સૂર્યના નિમિત્તે અને દેવલોકમાં દેવવિમાનાદિના રત્નોની તેજસ્વીતાના કારણે શુભ પુદ્ગલ પરિણમન થાય છે. તે ઉપરાંત ચક્ષુઈન્દ્રિયના સદ્ભાવવાળાને જ તે પ્રકાશ ઉપયોગી થાય છે. ચક્ષુઈન્દ્રિય રહિત જીવોને તે પ્રકાશ અનુપયોગી હોય છે. આ કારણથી સૂત્રમાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય જીવો એકાંતે અંધકારની જ અનુભૂતિ કરે છે તે પ્રમાણે કથન છે. રત્નાદિ સ્વયં પ્રકાશક પૃથ્વીકાયિક જીવો પણ આંખના અભાવે પ્રકાશની અનુભૂતિ કરી શકતા નથી.

દેવોને આંખ અને શુભ પુદ્ગલોનો સંયોગ હોવાથી એકાંતે પ્રકાશની અનુભૂતિ થાય છે અને નારકોને આંખ હોવા છતાં અશુભ પુદ્ગલોનો સંયોગ હોવાથી એકાંતે અંધકારની અનુભૂતિ થાય છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય પશુ–પક્ષીઓને આંખ અને શુભાશુભ પુદ્ગલોનો સંયોગ હોવાથી તે જીવો પ્રકાશ અને અંધકાર બંનેની અનુભૂતિ કરે છે.

આ રીતે જોતા સ્પષ્ટ થાય છે કે પ્રકાશની અનુભૂતિ માટે આંખ અને શુભ પુદ્ગલોનો સંયોગ બંને જરૂરી છે.

અંધકાર અને પ્રકાશની અપેક્ષાએ સમસ્ત જીવોનું ચાર વિભાગોમાં વિભાજન થાય છે. તેનો ચાર્ટ આ પ્રમાણે છે–

| જીવો | પ્રાપ્ત સંયોગ | અનુભૂતિ |
|---|---|---|
| ૧ દેવ | આંખ છે, શુભ પુદ્ગલ(પ્રકાશ) છે. | પ્રકાશ |
| ૨ ચૌરેન્દ્રિય, તિર્યંચપંચે. મનુષ્ય | આંખ છે, શુભાશુભ પુદ્ગલ(પ્રકાશ અંધકાર) છે. | પ્રકાશ અને અંધકાર |
| ૩ નારકી | આંખ છે, અશુભ પુદ્ગલ(અંધકાર) છે. | અંધકાર |
| ૪ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય | આંખ નથી, શુભાશુભ પુદ્ગલ(પ્રકાશ અંધકાર) છે. | અંધકાર |

**ચોવીસ દંડકોમાં સમય જ્ઞાન :-**

**૭** **अत्थि णं भंते ! णेरइयाणं तत्थगयाणं एवं पण्णायए, तं जहा– समया इ वा, आवलिया इ वा** *जाव* **उस्सप्पिणी इ वा, ओसप्पिणी इ वा ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइयाणं तत्थगयाणं णो पण्णायए, तं जहा– समया इ वा** *जाव* **ओसप्पिणी इ वा ?**

**गोयमा ! इहं तेसिं माणं, इहं तेसिं पमाणं, इहं तेसिं एवं पण्णायए, तं जहा– समया इ वा** *जाव* **ओसप्पिणी इ वा; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– णेरइयाणं** *जाव* **उस्सप्पिणी इ वा । एवं** *जाव* **पंचिंदियतिरिक्खजोणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ત્યાં નરક ક્ષેત્રમાં રહેલા નૈરયિકોને આ પ્રકારનું પ્રજ્ઞાન–વિશિષ્ટ જ્ઞાન હોય છે, જેમ કે– આ સમય છે, આવલિકા છે ***યાવત્*** આ ઉત્સર્પિણીકાલ છે કે આ અવસર્પિણીકાલ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી અર્થાત્ ત્યાં રહેલા નૈરયિકોને સમયાદિનું વિશિષ્ટ જ્ઞાન નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું કારણ શું છે કે નરકમાં સ્થિત નૈરયિકોને સમય, આવલિકા તેમજ ઉત્સર્પિણી–અવસર્પિણી પર્યંતના કાલનું વિશિષ્ટ જ્ઞાન નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! અહીં મનુષ્ય લોકમાં જ સમયાદિનું માન છે, અહીં તેનું પ્રમાણ છે, તેથી અહીં મનુષ્ય ક્ષેત્રમાં જ તેનું આ પ્રમાણે વિશિષ્ટ જ્ઞાન થાય છે કે– આ સમય છે **યાવત્** આ ઉત્સર્પિણી કાલ છે (પરંતુ નરકમાં સમયાદિનું માન નથી, પ્રમાણ નથી, વિશિષ્ટ જ્ઞાન નથી) તેથી એમ કહ્યું છે કે નરકસ્થિત નૈરયિકોને આ પ્રમાણે સમય, આવલિકા ***યાવત્*** ઉત્સર્પિણી અવસર્પિણી કાલનું વિશિષ્ટ જ્ઞાન હોતું નથી.

જે રીતે નરકસ્થિત નૈરયિકોના(સમયાદિના પ્રજ્ઞાનના) વિષયમાં કહ્યું, તે જ રીતે ભવનપતિ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવો સુધી કહેવું જોઈએ.

**૮** **अत्थि णं भंते ! मणुस्साणं इहगयाणं एवं पण्णायए, तं जहा– समया इ वा** *जाव* **उस्सप्पिणी इ वा ? गोयमा ! हंता, अत्थि ।**

**से केणट्ठेणं भंते ! एवं ? गोयमा ! इहं तेसिं माणं, इहं तेसिं पमाणं, इहं चेव तेसिं एवं पण्णायए, तं जहा– समया इ वा** *जाव* **ओसप्पिणी इ वा । से तेणट्ठेणं गोयमा ! एवं । वाणमंतर जोइस वेमाणियाणं जहा णेरइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અહીં (મનુષ્ય લોકમાં) રહેલા મનુષ્યોને આ પ્રમાણે વિશિષ્ટ જ્ઞાન

હોય છે કે આ સમય છે ***યાવત્*** આ ઉત્સર્પિણીકાલ છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! અહીં રહેલા મનુષ્યોને સમયાદિનું જ્ઞાન હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ મનુષ્યલોકમાં તે સમયાદિનું માન છે, અહીં તેનું પ્રમાણ છે, તેથી અહીં જ તેનું આ પ્રમાણે વિશિષ્ટ જ્ઞાન હોય છે– કે આ સમય છે ***યાવત્*** આ અવસર્પિણીકાલ છે. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે કે અહીં રહેલા મનુષ્યોને સમયાદિનું વિશિષ્ટ જ્ઞાન હોય છે.

જે રીતે નૈરયિકોના વિષયમાં કહ્યું, તે જ રીતે વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના સમયાદિ પ્રજ્ઞાનના સંબંધમાં કહેવું જોઈએ.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રોમાં દિવસ, રાત્રિ આદિ વર્તના કાલ વ્યવહાર સંબંધી નિરૂપણ છે.

સમયાદિની અભિવ્યક્તિ સૂર્યની ગતિથી થાય છે. સૂર્યની ગતિ કેવળ મનુષ્યલોકમાં જ થાય છે, નરકાદિ ક્ષેત્રોમાં થતી નથી. તેથી મનુષ્યલોકમાં સ્થિત મનુષ્યોને જ સમયાદિનું; રાત્રિ, દિવસ અને મહિના આદિનું જ્ઞાન હોય છે. મનુષ્યલોકમાં તિર્યંચ પંચેન્દ્રિય પણ છે પરંતુ તથાપ્રકારના ક્ષયોપશમના અભાવે તે કાલ વિભાગના અવ્યવહારી છે અર્થાત્ તેઓને દિવસ, રાત્રિ, મહીના, વર્ષ આદિનું જ્ઞાન અને તેનું પ્રયોજન હોતું નથી.

નરકમાં સદા પ્રગાઢ રાત્રિ સમ અંધકાર હોય છે અને દેવલોકોમાં સદા દિવસથી પણ વધારે પ્રકાશ–પ્રકાશ હોય છે. તેઓને રાત્રિ દિવસના વ્યવહારની આવશ્યકતા નથી. દેવો અવધિજ્ઞાનથી મનુષ્યલોકમાં થતા રાતદિવસને જાણી શકે છે અને દેવો જ્યારે મનુષ્યલોકમાં આવે ત્યારે પણ તેઓ રાતદિવસના કાલમાનને જાણે છે, સમજે છે પરંતુ તેઓને તે દિવસ, તિથિ, મહિના, વર્ષની ગણતરીની આવશ્યકતા હોતી નથી.

**माणं :–** સૂર્યના ભ્રમણથી જે રાત્રિ દિવસ થાય અને ઘડીયાળના માપથી જે સેકંડ, મિનિટ, કલાક વગેરે થાય તે સમયને 'માન' કહેવાય.

**पमाणं :–** માપની ગણતરી કે નોંધ અથવા પ્રયોજનને 'પ્રમાણ' કહેવાય છે.

**पण्णायए(प्रज्ञायते) :–** માપ અને પ્રમાણને જાણવું, સમજવું.

## પાર્શ્વાપત્ય સ્થવિરો અને પ્રભુ મહાવીર :-

**૯ तेणं कालेणं तेणं समएणं पासावच्चिज्जा थेरा भगवंतो जेणेव समणे**

**भगवं महावीरे तेणेव उवागच्छंति, उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते ठिच्चा एवं वयासी– से णूणं भंते ! अंसेखेज्जे लोए अणंता राइंदिया उप्पज्जिसु वा उप्पज्जंति वा उप्पज्जिस्संति वा; विगच्छिसु वा विगच्छंति वा विगच्छिस्संति वा; परित्ता राइंदिया उप्पज्जिसु वा उप्पज्जंति वा उप्पज्जिस्संति वा; विगच्छिसु वा विगच्छंति वा विगच्छिस्संति वा ?**

**हंता अज्जो ! असंखेज्जे लोए अणंता राइंदिया, उप्पज्जिसु वा** *जाव* **विगच्छिस्संति वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે કાલે અને તે સમયે પાર્શ્વનાથ ભગવાનના પ્રશિષ્ય સ્થવિર ભગવંતો જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને તેઓએ શ્રમણ ભગવાન મહાવીરથી ન અતિ દૂર, ન અતિ નજીક યથાયોગ્ય સ્થાને ઊભા રહીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! અસંખ્યલોકમાં શું અનંત રાત્રિ–દિવસ ઉત્પન્ન થયા છે, ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થશે તથા નષ્ટ થયા છે, નષ્ટ થાય છે અને નષ્ટ થશે ? કે પરિમિત રાત્રિ–દિવસ ઉત્પન્ન થયા છે, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે ? તથા નષ્ટ થયા છે, નષ્ટ થાય છે અને નષ્ટ થશે ?

**ઉત્તર–** હા, આર્યો ! અસંખ્ય લોકમાં અનંત રાત્રિ–દિવસ ઉત્પન્ન થયા છે ***યાવત્*** પરિત્ત રાત્રિ–દિવસ નષ્ટ થશે.

**१० से केणट्ठेणं भंते !** *जाव* **विगच्छिस्संति वा ?**

**से णूणं भे अज्जो ! पासेणं अरहया पुरिसादाणिएणं सासए लोए बुइए, अणाइए, अणवदग्गे, परित्ते पुरिवुडे; हेट्ठा विच्छिण्णे, मज्झे संखित्ते, उप्पिं विसाले; अहे पलियंकसंठिए, मज्झे वरवइरविग्गहिए, उप्पिं उद्धमुइंगाकारसंठिए; तेसिं च णं सासयंसि लोगंसि अणाइयंसि अणवदग्गंसि, परित्तंसि परिवुडंसि, हेट्ठा विच्छि- ण्णंसि, मज्झे संखित्तंसि, उप्पिं विसालंसि; अहे पलियंकसंठियंसि, मज्झे वरवइर- विग्गहियंसि, उप्पिं उद्धमुइंगाकारसंठियंसि अणंता जीवघणा उप्पज्जित्ता, उप्पज्जित्ता णिलीयंति, परित्ता जीवघणा उप्पज्जित्ता–उप्पज्जित्ता णिलीयंति; से भूए उप्पण्णे विगए परिणए; अजीवेहिं लोक्कइ पलोक्कइ; जे लोक्कइ से लोए ? हंता भगवं! से तेणट्ठेणं अज्जो ! एवं वुच्चइ– असंखेज्जे लोए** *जाव* **तं चेव । तप्पभिइं च णं ते पासावच्चिज्जा थेरा भगवंतो समणं भगवं महावीरं पच्चभिजाणंति 'सव्वण्णू सव्वदरिसी' ।**

**શબ્દાર્થ :– पुरुषादाणिएणं** = પુરુષોમાં શ્રેષ્ઠ **पासावच्चिज्जा** = પાર્શ્વાપત્ય, પાર્શ્વનાથ ભગવાનના

શિષ્ય **विगच्छिसु** = નષ્ટ થાય છે **परित्ता** = પરિમિત, અસંખ્ય, નિયત **णिलीयंति** = નષ્ટ થાય છે **विगए** = નષ્ટ થયા છે **लोक्कइ** = દેખાય છે **पच्चभिजाणंति** = જાણે છે, વિશ્વાસ કરવા લાગ્યા **जीवघणा** = જીવસમૂહ, જીવરાશિ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનુ શું કારણ છે કે અસંખ્ય લોકમાં અનંત રાત્રિ–દિવસ ઉત્પન્ન થયા છે ***યાવત્*** પરિત્ત રાત્રિ–દિવસ નષ્ટ થશે ?

**ઉત્તર–** હે આર્યો ! પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વનાથ પ્રભુએ લોકને શાશ્વત કહ્યો છે, તેમજ લોકને અનાદિ, અનંત તથા પરિમિત, અલોકથી પરિવૃત(ઘેરાયેલો), નીચે વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર વિશાળ, તથા નીચે પર્યંકના આકારે, મધ્યમાં ઉત્તમ વજ્રના આકારે અને ઉપર ઊર્ધ્વ મૃદંગના આકારે કહ્યો છે. તે પ્રકારના શાશ્વત, અનાદિ, અનંત, પરિત્ત, પરિવૃત્ત, નીચે વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર વિશાળ તથા નીચે પર્યંકના આકારે, મધ્યમાં ઉત્તમ વજ્રના આકારે અને ઉપર ઊર્ધ્વ મૃદંગના આકારે સંસ્થિત લોકમાં અનંત જીવરાશિ ઉત્પન્ન થઈ–થઈને નષ્ટ થાય છે અને પરિત્તજીવરાશિ પણ ઉત્પન્ન થઈ, થઈને વિનષ્ટ થાય છે, તેથી તે લોકમાં જીવો ઉત્પન્ન થાય, વિનષ્ટ થાય અને પરિણામાંતરને પામે છે તથા તે જીવો અજીવના માધ્યમે દેખાય છે, જણાય છે. જે લોકિત–અવલોકિત થાય છે તે જ લોક છે ને ?

સ્થાવિરોએ સમર્થન કરતા કહ્યું– હા ભગવન્ ! આપે કહ્યું તે પ્રમાણે જ છે. ત્યારે પ્રભુએ કહ્યું–

હે આર્યો ! તેથી જ એમ કહેવાય છે કે અસંખ્ય લોકમાં અનંત રાત્રિ દિવસ થયા છે ***યાવત્*** પરિમિત રાત્રિ દિવસ ઉત્પન્ન અને વિનષ્ટ થયા છે ઈત્યાદિ. આ પ્રકારે અનેકાંતિક ઉત્તર સાંભળી પાર્શ્વાપત્ય સ્થવિર ભગવંત, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સર્વજ્ઞ અને સર્વદર્શી છે, તેમ શ્રદ્ધા કરવા લાગ્યા.

**૧૧ तएणं ते थेरा भगवंतो समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भं अंतिए चाउज्जामाओ धम्माओ पंच महव्वयाइं, सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ता णं विहरित्तए । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं ।**

**तएणं ते पासावच्चिज्जा थेरा भगवंतो** *जाव* **चरमेहिं उस्सासणिस्सासेहिं सिद्धा** *जाव* **सव्वदुक्खप्पहीणा; अत्थेगइया देवलोएसु उववण्णा ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે સ્થવિર ભગવંતોએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! અમે આપની સમીપે ચાતુર્યામ ધર્મના સ્થાને પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રત ધર્મનો સ્વીકાર કરીને વિચરવા ઈચ્છીએ છીએ. હે દેવાનુપ્રિય ! જેમ આપને સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો.

ત્યાર તે પાર્શ્વાપત્ય સ્થવિર ભગવંત પંચ મહાવ્રતરૂપ ધર્મને ધારણ કરીને યથાસમયે સંલેખનાદિ આરાધના કરીને, કેટલાક સ્થવિરો કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અંતિમ શ્વાસોચ્છ્વાસ પૂર્ણ થતાં સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી મુક્ત થયા અને તેમાંથી કેટલાક સ્થવિરો દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પાર્શ્વ પરંપરાના શ્રમણોનો પ્રભુ મહાવીર સાથેનો વાર્તાલાપ છે.

પાર્શ્વ પરંપરાના શ્રમણો અનેક પ્રશ્નોના માધ્યમે પ્રભુ મહાવીરની સર્વજ્ઞતાની કસોટી કરતા હતા. કારણ કે તે સમયમાં ગોશાલક અને પ્રભુ મહાવીર બંને ચોવીસમા તીર્થંકર રૂપે પ્રસિદ્ધ હતા. ત્રેવીસમા તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથના શિષ્યોને ચોવીસમા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરવાની ઈચ્છા ઉત્પન્ન થતાં બે તીર્થંકરમાંથી એકનો નિર્ણય કરવા માટે તેઓ અટપટા પ્રશ્નો પૂછતા હતા. પ્રસ્તુતમાં તેવા જ એક પ્રસંગનું નિરૂપણ છે.

**પાર્શ્વાપત્ય સ્થવિરોના બે પ્રશ્નો અને સમાધાન :–**

(૧) જો લોક અસંખ્ય પ્રદેશાત્મક છે તો તેમાં અનંત રાત્રિ–દિવસ કેવી રીતે થઈ શકે ? કારણ કે લોક રૂપ આધાર અસંખ્ય પ્રદેશાત્મક હોવાથી નાનો છે અને રાત્રિ–દિવસ રૂપ આધેય અનંત હોવાથી વિશાળ છે તો નાના આધારમાં વિશાળ આધેયનો સમાવેશ કેવી રીતે થાય ?

તેનું સમાધાન આ પ્રમાણે છે કે અસંખ્ય પ્રદેશાત્મક લોકમાં અનંત જીવ રહે છે. તે જીવો સાધારણ શરીરની અપેક્ષાએ એક જ સ્થાનમાં એક જ સમયમાં અનંત ઉત્પન્ન થાય છે અને વિનષ્ટ થાય છે. તે સમયે સમયાદિ કાલ તે અનંત જીવો પર વર્તે છે તેથી અનંત રાત્રિ દિવસ થાય છે. આ કારણે અસંખ્ય પ્રદેશાત્મક લોકમાં અનંત રાત્રિ દિવસ થઈ શકે છે.

(૨) જો રાત્રિ દિવસ અનંત હોય તો તે પરિત્ત કેવી રીતે હોય ? કારણ કે અનંત અને પરિત્ત(નિયત પરિમાણ) પરસ્પર વિરોધી છે ?

તેનું સમાધાન આ પ્રમાણે છે કે જે રીતે અનંત જીવરૂપ લોકના સંબંધથી રાત્રિ–દિવસ રૂપ કાલ અનંત છે, તે જ રીતે પ્રત્યેક શરીરી–પરિત્ત જીવો પર પણ કાલ વર્તી રહ્યો છે. પરિત્ત જીવરૂપ લોકના સંબંધથી રાત્રિ–દિવસ રૂપ કાલ પરિત્ત પણ થાય છે. તેથી બંનેમાં કોઈ વિરોધ નથી.

**ચાતુર્યામ ધર્મથી પંચમહાવ્રત ધર્મમાં પ્રવેશ :–** પ્રભુ મહાવીરના વચનોથી પાર્શ્વાપત્ય સ્થવિરોની શંકાનું સમાધાન થયું. સ્થવિરોને પ્રભુની સર્વજ્ઞતા સ્પષ્ટ જણાઈ આવી. તેથી ઋજુ અને પ્રાજ્ઞ સ્થવિરોએ પાર્શ્વનાથ પ્રભુના શાસનનું પરિવર્તન કરીને પ્રભુ મહાવીરના શાસનમાં પ્રવેશ કર્યો અને પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રત રૂપ ધર્મનો સ્વીકાર કર્યો.

શાસન પરંપરાનો નિયમ છે કે એક તીર્થંકરના શાસનના સાધુઓ જ્યારે બીજા તીર્થંકરના શાસનની સ્થાપના થઈ જાય ત્યારે તે શાસનનો સ્વીકાર કરે છે. ઉપરોક્ત પ્રસંગ પરથી જણાય છે કે તે સ્થવિરોએ શાસન પરંપરાને જાળવીને તદનુસાર આચરણ કર્યું છે.

**ચાતુર્યામ અને પંચમહાવ્રત રૂપ ધર્મ :–** ભરત અને ઐરવત ક્ષેત્રમાં મધ્યના ૨૨ તીર્થંકરોના શાસનમાં તેમજ મહાવિદેહ ક્ષેત્રમાં ચાતુર્યામ ધર્મ હોય છે અને ભરત તથા ઐરવત ક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શાસનમાં પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મ હોય છે.

**ચાતુર્યામ ધર્મ :–** તેમાં (૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ (૨) સર્વથા મૃષાવાદ વિરમણ (૩) સર્વથા અદત્તાદાન વિરમણ અને (૪) સર્વથા બહિદ્ધાદાનનો ત્યાગ; આ ચાર મહાવ્રત હોય છે. બહિદ્ધાદાન ત્યાગમાં મૈથુન અને પરિગ્રહ વિરમણ બંને વ્રતનો સમાવેશ થાય છે અને પંચમહાવ્રતરૂપ ધર્મમાં મૈથુન અને પરિગ્રહ વિરમણ વ્રતનું પૃથક્ કથન કરતાં પાંચ મહાવ્રત થાય છે.

આ રીતે જોતા જણાય છે કે બંને ધર્મમાં કેવળ શાબ્દિક ભેદ છે. તાત્ત્વિક કોઈ ભેદ નથી તેમ છતાં ચાતુર્યામધર્મ અને પંચમહાવ્રતરૂપ ધર્મના નિયમ ઉપનિયમોમાં કંઈક તફાવત પણ છે, યથા–

**પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓ માટે–** સ્થિતકલ્પ છે. તેઓને દશ પ્રકારના કલ્પ હોય છે– (૧) અચેલ કલ્પ (૨) ઔદ્દેશિક કલ્પ (૩) રાજપિંડ કલ્પ (૪) શય્યાતર પિંડ કલ્પ (૫) માસ કલ્પ (૬) ચાતુર્માસિક કલ્પ (૭) વ્રત કલ્પ (૮) પ્રતિક્રમણ કલ્પ (૯) કૃતિકર્મ કલ્પ–રત્નાધિક સાધુઓને વંદન વ્યવહારાદિ (૧૦) પુરુષ જ્યેષ્ઠ કલ્પ. તે સાધુઓને આ દશે કલ્પનું પાલન અનિવાર્ય છે.

**મધ્યના ૨૨ તીર્થંકરના સાધુઓ માટે–** અસ્થિત કલ્પ છે. તેઓને પૂર્વોક્ત ૧૦ કલ્પમાંથી ચાર કલ્પ હોય છે– (૧) શય્યાતર પિંડ (૨) વ્રત (૩) કૃતિકર્મ (૪) પુરુષ જ્યેષ્ઠકલ્પ. આ ચાર કલ્પનું પાલન તેઓને અનિવાર્ય હોય છે અને શેષ છ કલ્પનું પાલન વૈકલ્પિક(ઐચ્છિક) હોય છે. ઋજુ અને પ્રાજ્ઞ હોવાના કારણે તે સાધુઓને અસ્થિત કલ્પ હોય છે.

**पंचमहव्वयाइं, सपडिक्कमण धम्मं :–** પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રત ધર્મ. સ્થિત કલ્પના સાધુઓ માટે ઉભયકાલ પ્રતિક્રમણ કરવું આવશ્યક છે, જ્યારે ચાતુર્યામ ધર્મમાં ઉભયકાલ પ્રતિક્રમણનો કલ્પ વૈકલ્પિક– ઐચ્છિક છે, તેઓ જ્યારે દોષ સેવન થઈ જાય ત્યારે જ પ્રાયશ્ચિત કરી લે છે. તેથી તેઓ માટે ઉભયકાલ પ્રતિક્રમણ અનિવાર્ય નથી. –*[ભગવતી સૂત્ર વૃત્તિ પૃષ્ટાંક–૨૪૯]*

જ્ઞાતા સૂત્ર વર્ણિત શૈલક રાજર્ષિના જીવન વર્ણનથી જણાય છે કે મધ્યમ બાવીસ તીર્થંકરના શાસનના શ્રમણ નિર્ગ્રંથો પાક્ષિક, ચાતુર્માસિક આદિ પર્વ દિવસોમાં આવશ્યક રૂપે વિધિયુક્ત પ્રતિક્રમણ કરતા હતા.

## દેવલોક :–

**१२ कइविहा णं भंते ! देवलोगा पण्णत्ता ?**

**गोयमा ! चउव्विहा देवलोगा पण्णत्ता, तं जहा– भवणवासी वाणमंतर–जोइसिय वेमाणिया । भेएण– भवणवासी दसविहा, वाणमंतरा अट्ठविहा, जोइसिया पंचविहा, वेमाणिया दुविहा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવલોકના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દેવલોકના ચાર પ્રકાર છે– ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. ભેદની અપેક્ષાએ ભવનવાસીના–૧૦, વાણવ્યંતરના–૮, જ્યોતિષીના–૫ અને વૈમાનિકના–૨ પ્રકાર છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દેવગણના મુખ્ય ચાર પ્રકાર અને પુનઃ તેના ૨૫ પ્રકાર દર્શાવ્યા છે.

**देवलोगा :–** પ્રસ્તુત પ્રસંગમાં દેવલોકનો અર્થ–દેવોના નિવાસ સ્થાન અથવા દેવક્ષેત્ર નથી, પરંતુ દેવસમૂહ અથવા દેવનિકાય જ છે. કારણ કે આ પ્રશ્નના ઉત્તરમાં દેવલોકના ભેદનું કથન કર્યું નથી પરંતુ દેવોના ભેદ–પ્રભેદ કહ્યા છે.

**ભવનવાસી દેવોના દસ ભેદ :–** (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશાકુમાર (૯) પવનકુમાર (૧૦) સ્તનિતકુમાર.

**વાણવ્યંતર દેવોના આઠ ભેદ :–** (૧) યક્ષ (૨) રાક્ષસ (૩) ભૂત (૪) પિશાચ (૫) કિન્નર (૬) કિંપુરુષ (૭) મહોરગ (૮) ગંધર્વ.

**જ્યોતિષી દેવોના પાંચ ભેદ :–** (૧) સૂર્ય (૨) ચંદ્ર (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા.

**વૈમાનિક દેવોના બે ભેદ :–** કલ્પોપપન્ન અને કલ્પાતીત. ૧ થી ૧૨ દેવલોક સુધીના દેવ કલ્પોપપન્ન છે. ત્યાંના દેવોમાં સ્વામી–સેવકનો ભેદ હોય છે. સેવક દેવને સ્વામીની કલ્પ મર્યાદામાં રહેવાનું હોય છે અને તેની ઉપરના નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવ કલ્પાતીત કહેવાય છે. ત્યાં સ્વામી સેવકના ભેદ કે પરસ્પરની મર્યાદા જેવું કંઈ હોતું નથી. ત્યાં પ્રત્યેક દેવ અહમિન્દ્ર કહેવાય છે.

## ઉદ્દેશકના વિષયો :–

**૧૩ किमियं रायगिहं ति य, उज्जोए अंधयार समए य ।**
**पासंतेवासी पुच्छा, राइंदिय देवलोगा य ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** રાજગૃહ નગર શું છે ? દિવસે ઉદ્યોત અને રાત્રે અંધકાર શા માટે હોય છે ? સમયાદિ કાલનું જ્ઞાન કયા કયા જીવોને થાય છે ? કોને થતું નથી ? રાત્રિ–દિવસના વિષયમાં પાર્શ્વાપત્ય શિષ્યોના પ્રશ્ન અને દેવલોકના ભેદ પ્રભેદ વગેરે વિષયો; આ નવમા ઉદ્દેશકમાં કહ્યા છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## ॥ શતક ૫/૯ સંપૂર્ણ ॥

# શતક–૫ : ઉદ્દેશક–૧૦

## ચંપા–ચંદ્રિમ

**ચંદ્ર સંબંધી સંક્ષિપ્ત વર્ણન :–**

**१ तेणं कालेणं तेणं समएणं चंपा णामं णयरी होत्था । एवं जहा पढमिल्लो उद्देसओ तहा णेयव्वो एसो वि, णवरं चंदिमा भाणियव्वा । ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ચંપા નામની નગરી હતી. જે રીતે આ શતકનો પ્રથમ ઉદ્દેશક કહ્યો છે, તે જ રીતે આ અંતિમ દસમો ઉદ્દેશક પણ કહેવો જોઈએ. વિશેષતા એ છે કે અહીં સૂર્યની જગ્યાએ 'ચંદ્રમા' કહેવું જોઈએ.

**વિવેચન :–**

**जहा पढमिल्लो उद्देसओ :–** જે રીતે શતક–૫/૧ માં 'સૂર્ય' સંબંધી વિસ્તૃત વર્ણન છે, તે જ રીતે અહીં 'ચંદ્ર' સબંધી સર્વ વર્ણન સમજવું.

**ચંપાચંદ્રિમ :–** ચંદ્રના ઉદય–અસ્ત સંબંધીવર્ણન પ્રભુ મહાવીરે ચંપાનગરીમાં કર્યું હતું, તેથી આ ઉદ્દેશકનું નામ ચંપાચંદ્રિમ છે. આ ઉદ્દેશકના પ્રારંભમાં **ચંપા** નામ આવ્યું છે અને વિષયની પ્રમુખતાએ ચંદ્રનું નામ આવ્યું છે. તેથી અધ્યયનના નામ માટે બે શબ્દો ગોઠવી 'ચંપાચંદ્રિમ' નામ રાખ્યું છે.

**॥ શતક ૫/૧૦ સંપૂર્ણ ॥**

**શતક–૫ સંપૂર્ણ**

# શતક–૬

## પરિચય

આ શતકમાં દશ ઉદ્દેશક છે. તેમાં વિવિધ વિષયો છે. તે આ પ્રમાણે છે–

★ **પ્રથમ ઉદ્દેશકમાં** મહાવેદના અને મહાનિર્જરામાં પ્રશસ્ત નિર્જરાવાળા જીવને વિભિન્ન દષ્ટાંતો દ્વારા શ્રેષ્ઠ સિદ્ધ કર્યા છે. તત્પશ્ચાત્ ચતુર્વિધકરણની અપેક્ષાએ જીવોની શાતા–અશાતા વેદનાની અને અંતે જીવોમાં વેદના અને નિર્જરાથી સંબંધિત ચતુર્ભંગીનું પ્રતિપાદન છે.

★ **બીજા ઉદ્દેશકમાં** જીવોના આહાર સંબંધી પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક વર્ણન છે.

★ **ત્રીજા ઉદ્દેશકમાં** મહાકર્મ–અલ્પકર્મના વિષયને વસ્ત્રના દષ્ટાંતથી વિસ્તૃત રીતે સમજાવ્યો છે, તે ઉપરાંત કર્મોની સાદિ સાન્તતા આદિની ચતુર્ભંગી; આઠ કર્મની સ્થિતિ; સ્ત્રી, પુરુષ અને નપુંસક આદિ વિશિષ્ટ કર્મબંધક જીવોની અપેક્ષાએ કર્મબંધ–અબંધ વગેરે વિષયોનું કથન છે.

★ **ચોથા ઉદ્દેશકમાં** કાલાદેશની અપેક્ષાએ ચોવીસ દંડકવર્તી જીવોનું તથા આહારક, ભવ્ય, સંજ્ઞી આદિ વિશિષ્ટ જીવો અંગે ૧૪ દ્વારના માધ્યમથી સપ્રદેશત્વ–અપ્રદેશત્વનું; સમસ્ત જીવોમાં પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની આદિનું તથા તેમાં આયુષ્ય બંધનું નિરૂપણ છે.

★ **પાંચમા ઉદ્દેશકમાં** તમસ્કાય, કૃષ્ણરાજિ, લોકાંતિક દેવોના વિમાન, તેનો પરિવાર વગેરેનું વર્ણન છે.

★ **છટ્ઠા ઉદ્દેશકમાં** ચોવીસ દંડકના જીવોના આવાસ તથા મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત જીવના આહારાદિ સંબંધિત નિરૂપણ છે.

★ **સાતમા ઉદ્દેશકમાં** કોઠાર આદિમાં રાખેલા શાલિ આદિ વિવિધ ધાન્યોની યોનીનું, ગણનાકાલ અને ઉપમાકાલના સ્વરૂપનું, સુષમસુષમાકાલીન ભરતક્ષેત્રના જીવ–અજીવના ભાવોનું કથન છે.

★ **આઠમા ઉદ્દેશકમાં** રત્નપ્રભા આદિ પૃથ્વી તથા સર્વ દેવલોકમાં ગૃહ, ગ્રામ, મેઘાદિનું અસ્તિત્વ, જીવોનો આયુષ્યબંધ અને જાતિનામ નિધત્તાદિ બાર આલાપક, લવણાદિ અસંખ્ય દ્વીપ–સમુદ્રોનું પ્રમાણ અને તેના શુભ નામો વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ **નવમા ઉદ્દેશકમાં** જ્ઞાનાવરણીયાદિ કર્મના બંધ સમયે અન્ય કર્મનો બંધ, મહર્દ્ધિક દેવોનું વિકુર્વણા સામર્થ્ય અને વિવિધ વિકલ્પો સહિત અવધિજ્ઞાન સામર્થ્ય આદિ વિષયોનું પ્રતિપાદન છે.

★ **દશમા ઉદ્દેશકમાં** અન્યતીર્થિકોની માન્યતાના નિરાકરણપૂર્વક સર્વ જીવોના સુખ દુઃખને પ્રગટ કરવાની અસમર્થતા, જીવનું સ્વરૂપ, સુખ દુઃખાદિનું વેદન અને કેવલીના પ્રત્યક્ષજ્ઞાનની વિશેષતા વગેરે વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્યતયા વેદના અને નિર્જરાના સંબંધને વિસ્તારથી સમજાવ્યો છે.

★ **વેદના અને નિર્જરા :–** જ્યાં મહાવેદના હોય ત્યાં મહાનિર્જરા હોય અને મહાનિર્જરા હોય ત્યાં મહાવેદના હોય છે. જે અને જેટલા શુભાશુભ કર્મ ઉદયમાં આવે તે પોતાનું ફળ આપી, તેનું વેદન કરાવી, નિર્જરી જાય છે, આત્માથી અલગ થઈ જાય છે. આ અપેક્ષાએ મહાવેદનામાં મહાનિર્જરાના સિદ્ધાંતનું નિરૂપણ છે.

શ્રમણોને અલ્પવેદના હોય કે મહાવેદના હોય તેની નિર્જરા મહાપર્યવસાનવાળી હોય છે, સંસારનો અંત કરનારી હોય છે, મોક્ષહેતુક હોય છે; તેથી તેને નારકીની તુલનામાં પણ મહા(શ્રેષ્ઠ) નિર્જરા કહી છે.

મહાવેદના ત્યાં મહાનિર્જરા આ કર્મસિદ્ધાંતની અપેક્ષાએ નારકીને મહાનિર્જરા ઘટિત થવા છતાં શ્રમણોની અપેક્ષાએ તે અલ્પનિર્જરા છે. સૂત્રકારે શ્રમણની નિર્જરાને મહાનિર્જરા અને નારકીની નિર્જરાને અલ્પનિર્જરારૂપે સમજાવવા માટે અનેક દષ્ટાંતો આપ્યા છે.

જેમ કર્દમથી ખરડાયેલા વસ્ત્રને ખૂબ પ્રયત્ન કરવા છતાં સાફ કરવું મુશ્કેલ છે અને એરણ પર બળપૂર્વક નિરંતર ઘણના ઘા કરવા છતાં એરણના અલ્પતમ પુદ્‌ગલ નષ્ટ થાય છે તેમ નારકીના પાપકર્મ ગાઢ અને અતિ ચીકણા, હોવાથી નષ્ટ કરવા મુશ્કેલ હોય છે.

જેમ અગ્નિમાં ઘાસ નાંખતા તે ઘાસ તુરંત બળી જાય છે, તપ્ત લોઢી પર પાણી છાંટતા તે પાણી તુરંત નાશ પામે છે, તેમ શ્રમણ નિર્ગ્રંથોના કર્મો જલ્દી નાશ પામે છે.

★ **કરણ :–** અલ્પ કે મહાવેદનાને ભોગવવાના સાધન(માધ્યમ)રૂપ કરણના ચાર પ્રકાર છે– મન, વચન, કાયા અને કર્મ. નારકીને આ ચારે કરણ અશુભ હોવાથી તે પ્રાયઃ અશાતા વેદના વેદે છે; દેવોને આ ચારે કરણ શુભ હોવાથી પ્રાયઃ શાતા વેદના વેદે છે અને મનુષ્ય તથા તિર્યંચોને શુભાશુભ કરણ હોવાથી તે શાતા–અશાતા બંને પ્રકારની વેદનાનો અનુભવ કરે છે.

★ અનેકાંતિક દષ્ટિથી અલ્પવેદના, મહાવેદના, અલ્પનિર્જરા, મહાનિર્જરા; આ ચાર બોલોની ચોભંગી થાય છે યથા– (૧) મહાવેદના મહાનિર્જરા– પ્રતિમા પ્રતિપન્ન અણગારને હોય છે (૨) મહાવેદના અલ્પનિર્જરા– છઠ્ઠી સાતમી નરકના નારકીને હોય છે (૩) અલ્પવેદના મહાનિર્જરા– શૈલેશી અવસ્થાને પ્રાપ્ત અણગારને હોય છે (૪) અલ્પવેદના અલ્પનિર્જરા– અનુત્તરોપપાતિક દેવોને હોય છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૧

## વેદના

**દસ ઉદ્દેશકોનાં નામ :–**

**૧** **वेयण आहार महस्सवे य, सपएस तमुयाए भविए ।**
**साली पुढवी कम्म, अण्णउत्थिय दस छट्ठगम्मि सए ॥**

**ભાવાર્થ :–** (૧) વેદના (૨) આહાર (૩) મહાશ્રવ (૪) સપ્રદેશ (૫) તમસ્કાય (૬) ભવિક (૭) શાલી (૮) પૃથ્વી (૯) કર્મ (૧૦) અન્યતીર્થિક; છઠ્ઠા શતકમાં આ દશ ઉદ્દેશકો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં આ શતકના દશ ઉદ્દેશકોના નામ છે. તે નામકરણ પ્રાયઃ તેના આદ્ય વિષય અથવા મુખ્ય વિષયના આધારે થયા છે.

**(૧) वेयण :–** મહાવેદના અને મહાનિર્જરાનો સંબંધ તેમજ વેદના અને નિર્જરાથી સંબંધિત ચતુર્ભંગીનું નિરૂપણ હોવાથી પ્રથમ ઉદ્દેશકનું નામ **વેદના** છે.

**(૨) आहार :–** જીવોના આહાર સંબંધી વર્ણન હોવાથી બીજા ઉદ્દેશકનું નામ **આહાર** છે.

**(૩) महस्सवे :–** મહાશ્રવવાળા જીવ મહાકર્મ બાંધે છે તે આદ્ય વિષય હોવાથી ત્રીજા ઉદ્દેશકનું નામ **મહાશ્રવ** છે.

**(૪) सपएस :–** ૧૪ દ્વારના માધ્યમથી સપ્રદેશત્વ, અપ્રદેશત્વનું પ્રતિપાદન હોવાથી ચોથા ઉદ્દેશકનું નામ **સપ્રદેશ** છે.

**(૫) तमुयाए :–** તમસ્કાય વિષયક વિસ્તૃત વર્ણન હોવાથી પાંચમા ઉદ્દેશકનું નામ **તમસ્કાય** છે.

**(૬) भविए :–** જે જીવ જે ગતિ આદિમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે જીવને માટે આ ઉદ્દેશકમાં ભવિક શબ્દનો પ્રયોગ હોવાથી આ સાતમા ઉદ્દેશકનું નામ **ભવિક** છે.

**(૭) साली :–** શાલી, વ્રીહી આદિ વિવિધ ધાન્યોની યોનિ વગેરે વિષયોનું પ્રતિપાદન હોવાથી સાતમા ઉદ્દેશકનું નામ **શાલી** છે.

**(૮) पुढवी :–** રત્નપ્રભા આદિ પૃથ્વીઓનું વર્ણન પ્રારંભમાં હોવાથી આઠમા ઉદ્દેશકનું નામ **પૃથ્વી** છે.

**(૯) कम्म :–** આઠ કર્મના બંધ સમયે અન્ય કર્મના બંધ–અબંધ વિષયક વર્ણન હોવાથી નવમા ઉદ્દેશકનું નામ **કર્મ** છે.

**(૧૦) अण्णउत्थिय :–** અન્યતીર્થિકોના મંતવ્ય અને તેના નિરાકરણનું દિગ્દર્શન હોવાથી દશમા ઉદ્દેશકનું નામ **અન્યતીર્થિક** છે.

આ રીતે છટ્ઠા શતકમાં વિવિધ વિષયોનું પ્રતિપાદન દશ ઉદ્દેશકોમાં વિભાજિત થયું છે.

## વેદના અને નિર્જરાનો સંબંધ :–

**૨ से णूणं भंते ! जे महावेयणे से महाणिज्जरे, जे महाणिज्जरे से महावेयणे? महावेयणस्स य अप्पवेयणस्स य से सेए जे पसत्थणिज्जराए ?**

**हंता गोयमा ! जे महावेयणे से महाणिज्जरे, जे महाणिज्जरे से महावेयणे। महावेयणस्स य अप्पवेयणस्स य से सेए जे पसत्थणिज्जराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જે જીવને મહાવેદના હોય તે જીવને મહાનિર્જરા હોય અને જે જીવને મહાનિર્જરા હોય તે જીવને મહાવેદના હોય ? મહાવેદનાવાળા અને અલ્પવેદનાવાળા, આ બંનેમાંથી શું પ્રશસ્ત નિર્જરાવાળા જ શ્રેષ્ઠ કહેવાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! જે જીવને મહાવેદના હોય તે જીવને મહાનિર્જરા હોય અને જે જીવને મહા–નિર્જરા હોય તે જીવને મહાવેદના હોય. મહાવેદનાવાળા અને અલ્પવેદનાવાળા, આ બંનેમાંથી જે પ્રશસ્ત નિર્જરાવાળા હોય, તે જ શ્રેષ્ઠ કહેવાય છે.

**૩ छट्ठ–सत्तमासु णं भंते ! पुढवीसु णेरइया महावेयणा ? हंता गोयमा ! महा- वेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છટ્ઠી, સાતમી નરકના નૈરયિકો મહાવેદનાવાળા છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તે મહાવેદનાવાળા છે.

**૪ ते णं भंते ! समणेहिंतो णिग्गंथेहिंतो महाणिज्जरतरा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે છટ્ઠી–સાતમી નરકના નૈરયિકો શ્રમણ–નિર્ગ્રંથોની અપેક્ષાએ પણ મહાનિર્જરાવાળા છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! તેમ શક્ય નથી અર્થાત્ છઠ્ઠી–સાતમી નરક પૃથ્વીના નૈરયિકો શ્રમણ નિર્ગ્રંથોની અપેક્ષાએ મહાનિર્જરાવાળા નથી.

**५ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जे महावेयणे** *जाव* **पसत्थ णिज्जराए ?**

**गोयमा ! से जहाणामए दुवे वत्था सिया, एगे वत्थे कद्दमरागरत्ते, एगे वत्थे खंजणरागरत्ते; एएसि णं गोयमा ! दोण्हं वत्थाणं कयरे वत्थे दुद्धोयतराए चेव, दुवामतराए चेव, दुप्परिकम्मतराए चेव; कयरे वा वत्थे सुद्धोयतराए चेव, सुवामतराए चेव, सुपरिकम्मतराए चेव; जे वा से वत्थे कद्दमरागरत्ते, जे वा से वत्थे खंजणरागरत्ते?**

**भगवं ! तत्थ णं जे से वत्थे कद्दमरागरत्ते, से णं वत्थे दुद्धोयतराए चेव, दुवामतराए चेव, दुप्परिकम्मतराए चेव । एवामेव गोयमा ! णेरइयाणं पावाइं कम्माइं गाढीकयाइं, चिक्कणीकयाइं सिलिट्ठीकयाइं, खिलीभूयाइं भवंति । संपगाढं पि य णं ते वेयणं वेएमाणा णो महाणिज्जरा, णो महापज्जवसाणा भवंति ।**

**શબ્દાર્થ :– खंजन** = અંજન **संपगाढं** = ભયંકર **सिलिट्ठी** = નિધત્ત **खिलीभूयाइं** = નિકાચિત.

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જે જીવને મહાવેદના હોય છે, તે જીવને મહાનિર્જરા હોય ***યાવત્*** જે પ્રશસ્ત નિર્જરાવાળા હોય તે જ શ્રેષ્ઠ છે ?

**ઉત્તર**– [ઉત્તર આપવા માટે પ્રભુએ ગૌતમ સ્વામીને જ પ્રતિપ્રશ્ન કર્યો કે] હે ગૌતમ ! જેમ બે વસ્ત્ર હોય તેમાંથી એક વસ્ત્ર કર્દમથી ખરડાયેલું અને બીજુ વસ્ત્ર ખંજનના રંગથી ખરડાયેલું હોય, તો હે ગૌતમ ! કર્દમ–કીચડથી ખરડાયેલ અને અંજનથી ખરડાયેલ આ બે પ્રકારના વસ્ત્રમાંથી કયું વસ્ત્ર મુશ્કેલીથી ધોઈ શકાય, મુશ્કેલીથી ડાઘ કાઢી શકાય અને મુશ્કેલીથી તેમાં ચમક લાવી શકાય ? તેમજ કયું વસ્ત્ર સરળતાથી ધોઈ શકાય, સરળતાથી ડાઘ કાઢી શકાય અને સરળતાથી તેમાં ચમક લાવી શકાય ? કે જે કર્દમથી ખરડાયેલું હોય તે વસ્ત્ર કે જે ખંજનના રંગથી રંગાયેલું હોય તે વસ્ત્ર ?

ગૌતમ સ્વામીએ ઉત્તર આપ્યો– હે ભગવન્ ! તે બે વસ્ત્રોમાંથી કીચડથી રંગાયેલા વસ્ત્રને મુશ્કેલીથી ધોઈ શકાય, મુશ્કેલીથી તેના ડાઘ કાઢી શકાય અને મુશ્કેલીથી તેમાં ચમક લાવી શકાય. હે ગૌતમ ! તે જ રીતે નૈરયિકોના પાપકર્મ ગાઢા, ચીકણા, નિધત્ત અને નિકાચિત હોય છે. તેથી તેઓ ભયંકર વેદના ભોગવવા છતાં(શ્રમણ નિર્ગ્રંથ જેવી)મહાનિર્જરાવાળા અને મહાપર્યવસાનવાળા હોતા નથી અર્થાત્ તેઓની તે નિર્જરા મોક્ષમાં કારણ ભૂત હોતી નથી.

**६ अदुत्तरं च णं गोयमा ! से जहा वा केइ पुरिसे अहिगरणिं आउडेमाणे महया महया सद्देणं, महया महया घोसेणं, महया महया परंपराघाएणं णो**

**संचाएइ तीसे अहिगरणीए केइ अहाबायरे पोग्गले परिसाडित्तए । एवामेव गोयमा ! णेरइयाणं पावाइं कम्माइं गाढीकयाइं *जाव* णो महापज्जवसाणाइं भवंति ।**

**શબ્દાર્થ :– अहिगरणिं** = એરણ **परिसाडित्तए** = વિખેરવામાં.

**ભાવાર્થ :–** [બીજા દૃષ્ટાંત દ્વારા વિષયને સ્પષ્ટ કરતાં પ્રભુએ કહ્યું–] હે ગૌતમ ! જેમ કોઈ વ્યક્તિ, જોર જોરથી હોકારા પડકારા કરતો, ભયંકર શબ્દો બોલતો, હથોડા વડે અધિકરણી–એરણ ઉપર નિરંતર ઘા કરે, તોપણ તે એરણના સ્થૂલ પુદ્‌ગલોને પણ પરિશાટિત કરવામાં સમર્થ થઈ શકતો નથી. તે જ રીતે હે ગૌતમ ! નૈરયિકોના પાપકર્મો ગાઢા, ચીકણા, નિધત્ત અને નિકાચિત હોય છે, તેથી તે પ્રગાઢ વેદના ભોગવવા છતાં(શ્રમણ નિર્ગ્રંથો જેવી) મહાનિર્જરા કે મહાપર્યવસાનવાળા હોતા નથી.

**૭ भगवं ! तत्थ जे से वत्थे खंजणरागरत्ते से णं वत्थे सुद्धोयतराए चेव, सुवामतराए चेव, सुपरिकम्मतराए चेव; एवामेव गोयमा ! समणाणं णिग्गंथाणं अहाबायराइं कम्माइं सिढिलीकयाइं, णिट्ठियाइं कडाइं, विप्परिणामियाइं खिप्पामेव विद्धत्थाइं भवंति । जावइयं तावइयं पि णं ते वेयणं वेएमाणा महाणिज्जरा, महापज्जवसाणा भवंति ।**

**ભાવાર્થ :–** ગૌતમ સ્વામીએ પ્રભુના પ્રશ્નોનો અવશેષ ઉત્તર આપતા કહ્યું– હે ભગવન્ ! તે બે વસ્ત્રોમાંથી ખંજનના રંગથી રંગાયેલા વસ્ત્રને સરળતાથી ધોઈ શકાય, સરળતાથી ડાઘ કાઢી શકાય અને સરળતાથી તેમાં ચમક લાવી શકાય.

ભગવાને કહ્યું– હે ગૌતમ ! તે જ રીતે શ્રમણ નિર્ગ્રંથોના કર્મ સ્થૂલ, શિથિલ કરાયેલા (મંદ વિપાક–વાળા), નિઃસત્વ અને વિપરિણામ સ્વભાવી હોય છે, તેથી તે શીઘ્ર નાશ પામી જાય છે, આ કારણે તેઓ અલ્પ કે મહા કંઈ પણ વેદના વેદવા છતાં મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા(મોક્ષ હેતુક નિર્જરાવાળા) હોય છે.

**૮ से जहा णामए केइ पुरिसे सुक्कं तणहत्थयं जायतेयंसि पक्खिवेज्जा, से णूणं गोयमा ! से सुक्के तणहत्थए जायतेयंसि पक्खित्ते समाणे खिप्पामेव मसमसा– विज्जइ ? हंता, मसमसाविज्जइ । एवामेव गोयमा ! समणाणं णिग्गंथाणं अहाबायराइं कम्माइं *जाव* महापज्जवसाणा भवंति ।**

**શબ્દાર્થ :– मसमसाविज्जइ** = બળી જાય છે **तणहत्थयं** = સૂકા ઘાસના પૂળાને.

**ભાવાર્થ :– પ્રશ્ન–** [વિષયને સ્પષ્ટ કરવા પ્રભુએ પૂછ્યું–] હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ સૂકા ઘાસના પૂળાને ધગધગતી અગ્નિમાં નાંખે, તો શું તે સૂકા ઘાસનો પૂળો ધગધગતી અગ્નિમાં નાંખતાં શીઘ્ર બળી જાય છે ? **ઉત્તર–** હા ભગવન્ ! તે શીઘ્ર બળી જાય છે.

[પ્રભુએ કહ્યું–] હે ગૌતમ ! તે જ રીતે શ્રમણ–નિર્ગ્રંથોના યથાબાદર કર્મ શીઘ્ર વિધ્વસ્ત થઈ જાય

છે ***યાવત્*** તે શ્રમણ–નિર્ગ્રંથ મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા હોય છે.

**૯ अदुत्तरं च णं गोयमा ! से जहा णामए केइ पुरिसे तत्तंसि अयकवल्लंसि उदगबिंदु पक्खिवेज्जा; से णूणं गोयमा ! से उदगबिंदु तत्तंसि अयकवल्लंसि पक्खित्ते समाणे खिप्पामेव विद्धंसमागच्छइ ? हंता, विद्धंसमागच्छइ । एवामेव गोयमा ! समणाणं णिग्गंथाणं** *जाव* **महापज्जवसाणा भवंति । से तेणट्ठेणं जे महावेयणे से महाणिज्जरे** *जाव* **से सेए जे पसत्थ णिज्जराए ।**

**શબ્દાર્થ :– तत्तंसि** = તપ્ત, અત્યંત ઉષ્ણ **अयकवल्लंसि** = લોઢી પર.

**ભાવાર્થ :–** [વિષયને વિશેષ સ્પષ્ટ કરવા બીજું દષ્ટાંત આપતા પ્રભુએ કહ્યું–] હે ગૌતમ ! જેમ અત્યંત તપ્ત લોઢી પર કોઈ પુરુષ પાણીનું ટીપું નાંખે, તો તે પાણીનું ટીપું તુરત જ વિનષ્ટ થઈ જાય છે, તે જ રીતે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રંથોના યથા બાદર કર્મ પણ શીઘ્ર વિનષ્ટ થઈ જાય છે અને તેથી તે મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા હોય છે.

તેથી એમ કહેવાય છે કે જે મહાવેદનાવાળા હોય છે, તે મહાનિર્જરાવાળા હોય છે ***યાવત્*** તેમાં તે જ શ્રેષ્ઠ છે, જે પ્રશસ્ત નિર્જરાવાળા છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં વેદના અને નિર્જરાના સંબંધને અનેકવિધ દષ્ટાંતના માધ્યમથી સમજાવ્યો છે.

કર્મના તીવ્ર ઉદયમાં તીવ્ર વેદના થાય છે. ઉદય આવેલા કર્મો પોતાનું ફળ આપી અવશ્ય નિર્જરી જાય છે, તેથી જ્યાં મહાવેદના(ઘણા કર્મોનો ઉદય) છે ત્યાં મહાનિર્જરા(ઘણા કર્મોની નિર્જરા) થાય છે. આ સામાન્ય સિદ્ધાંત છે.

**નારકોની અપેક્ષાએ શ્રમણોની નિર્જરાની શ્રેષ્ઠતા :–** નારકો મહાનકર્મોનું વેદન કરીને મહાનિર્જરા કરે છે પરંતુ તે કર્મોના તીવ્ર વેદન દરમ્યાન આર્તધ્યાનાદિના કારણે ઘણા નવા કર્મોનો બંધ કરે છે. તેથી તેઓની નિર્જરા સંસારનો અંત કરનારી કે મોક્ષના કારણભૂત નથી.

જ્યારે શ્રમણ નિર્ગ્રંથો અલ્પ વેદના કે મહાવેદનામાં ધર્મધ્યાનાદિના પ્રભાવે મહાનિર્જરા કરે છે. તે ઉપરાંત શ્રમણોની નિર્જરા મહાપર્યવસાનવાળી–સંસારનો અંત કરનારી, મોક્ષના કારણભૂત છે. શ્રમણોની નિર્જરાની મહત્તાનું કારણ છે– તેઓનું તપ, સંયમ, શાંતિ, સમતા, વિવેક, ધૈર્ય અને જ્ઞાન સાથેની જાગૃત દશા. તેઓ સાધના અવસ્થામાં પ્રતિક્ષણ અનંતાનંત કર્મોનો ક્ષય કરે છે. **उक्तं च–**

**जं अण्णाणी कम्मं खवेइ, बहुहिं वासकोडीहिं ।**
**तं णाणी तिहिं गुत्तो, खवेइ उस्सासमित्तेहिं ॥१॥**

**અર્થ–** અજ્ઞાની જે કર્મોનો ક્ષય ઘણા કરોડો વરસે કરી શકે; તેનો નાશ ત્રણ ગુપ્તિધારી જ્ઞાની ઉચ્છ્વાસ માત્રમાં કરે છે. તેથી શ્રમણોની નિર્જરા પ્રશસ્ત અને શ્રેષ્ઠ છે.

પ્રસ્તુત સૂત્રોમાં શ્રમણોની નિર્જરાની વિશેષતા અને નારકીની નિર્જરાની અલ્પતા સમજાવતાં વિભિન્ન દષ્ટાંત આપ્યા છે, યથા– (૧) કર્દમથી ખરડાયેલું વસ્ત્ર (૨) અંજનથી ખરડાયેલું વસ્ત્ર (૩) એરણ પર હથોડાનો પ્રહાર (૪) અગ્નિમાં ઘાસ (૫) તપ્ત લોઢી પર પાણીનું ટીપું. આ દષ્ટાંતોનો આશય સૂત્રના ભાવાર્થથી સમજાય જાય છે.

વેદના અને નિર્જરાને કાર્ય–કારણ ભાવ સંબંધ છે, તે જ રીતે નિર્જરા અને પર્યવસાનને પણ કાર્ય– કારણ ભાવ સંબંધ છે, તેથી પ્રસ્તુત સૂત્રમાં મહાવેદના સાથે મહાનિર્જરાનું અને મહાનિર્જરા સાથે મહાપર્યવસાનનું કથન કર્યું છે.

**મહાવેદના :–** અશાતા વેદનીયનો તીવ્ર ઉદય.

**મહાનિર્જરા :–** કર્મોનો વિશેષરૂપે ક્ષય થવો.

**મહાપર્યવસાન :–** કર્મોનો અંત થવો, મોક્ષ હેતુક નિર્જરા.

**गाढीकयाइं :–** દોરીથી મજબૂત બાંધેલા સોયના ઢગલાની જેમ જે કર્મો આત્મપ્રદેશો સાથે ગાઢ રીતે બંધાયેલા હોય તેને ગાઢીકૃત કહેવાય છે.

**चिक्कणीकयाइं :–** ચીકણી માટીના વાસણની જેમ સૂક્ષ્મ કર્મસ્કંધો કષાય રસની તીવ્રતાના કારણે પરસ્પર ગાઢ બંધાયેલા હોય, તેવા દુર્ભેદ્ય કર્મોને ચીકણીકૃત કહે છે.

**सिलिट्ठीकयाइं :–** લોઢાના તારથી બાંધીને તપાવેલી સોયની જેમ જે કર્મો પરસ્પર ચીપકી ગયા હોય, કોઈ પણ પ્રકારે તે જુદા ન પડે તેવા પ્રકારના ગાઢ બંધનથી બંધાયેલા કર્મને નિધત્ત અથવા શ્લિષ્ટ કહે છે.

**खिलीभूयाइं :–** જે કર્મ ભોગવ્યા વિના અન્ય કોઈપણ ઉપાયે ક્ષીણ થઈ શકે તેમ ન હોય, ખીલીભૂત–ઠોકેલા ખીલાની જેમ દઢતમ હોય તેને નિકાચિત કહે છે.

**सिढिलीकयाइं :–** શિથિલીકૃત. તીવ્ર વિપાકને મંદ બનાવેલા.

**णिट्ठियाइं कयाइं :–** નિષ્ઠિતિકૃત. કર્મોને નિઃસત્ત્વ બનાવેલા.

**विप्परिणामियाइं :–** વિપરિણામિત. સ્થિતિઘાત, રસઘાત આદિ કરીને કર્મનું પરિણામાંતર થાય તેવા.

## ચોવીસ દંડકના જીવોમાં કરણ અને વેદના :–

**૧૦** कइविहे णं भंते ! करणे पण्णत्ते ?

**गोयमा ! चउव्विहे करणे पण्णत्ते, तं जहा– मणकरणे, वइकरणे, कायकरणे, कम्मकरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કરણના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કરણના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– મનકરણ, વચનકરણ, કાયકરણ અને કર્મકરણ.

**૧૧ णेरइयाणं भंते ! कइविहे करणे पण्णत्ते ?**

**गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा– मणकरणे वइकरणे कायकरणे कम्मकरणे।**

**एवं पंचिंदियाणं सव्वेसिं चउव्विहे करणे । एगिंदियाणं दुविहे– कायकरणे य कम्मकरणे य । विगलिंदियाणं तिविहे– वइकरणे कायकरणे कम्मकरणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોને કેટલા કરણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવોને ચાર કરણ હોય છે, તે આ પ્રમાણે છે; મનકરણ, વચનકરણ, કાયકરણ અને કર્મકરણ. આ રીતે સર્વ પંચેન્દ્રિય જીવોને ચાર કરણ હોય છે. એકેન્દ્રિય જીવોને બે કરણ હોય છે– કાયકરણ અને કર્મકરણ. વિકલેન્દ્રિય જીવોને ત્રણ કરણ હોય છે– વચન કરણ, કાય કરણ અને કર્મકરણ.

**૧૨ णेरइया णं भंते ! किं करणओ असायं वेयणं वेयंति, अकरणओ असायं वेयणं वेयंति ?**

**गोयमा ! णेरइया णं करणओ असायं वेयणं वेयंति, णो अकरणओ असायं वेयणं वेयंति ।**

**से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! णेरइयाणं चउव्विहे करणे पण्णत्ते, तं जहा– मणकरणे, वइकरणे, कायकरणे, कम्मकरणे । इच्चेएणं चउव्विहेणं असुभेणं करणेणं णेरइया करणओ असायं वेयणं वेयंति, णो अकरणओ; से तेणट्ठेणं ।**

**શબ્દાર્થ :– करण** = સાધન, સામગ્રી, ઉપકરણ, માધ્યમ **अकरण** = સાધન કે માધ્યમનો અભાવ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ કરણથી અશાતા વેદનાને વેદે છે કે અકરણથી અશાતા વેદના વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ કરણથી અશાતા વેદના વેદે છે, અકરણથી અશાતા વેદના વેદતા નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવોને ચાર કરણ છે, યથા– મનકરણ, વચનકરણ, કાયકરણ અને કર્મકરણ. આ ચારે અશુભ કરણ દ્વારા નૈરયિક જીવ અશાતા વેદના વેદે છે. અકરણથી નહીં. તેથી એ પ્રમાણે કહ્યું છે કે નૈરયિક જીવ કરણથી અશાતા વેદના વેદે છે, અકરણથી નહીં.

**१३ असुरकुमारा णं भंते ! किं करणओ सायं वेयणं वेयंति, अकरणओ ? गोयमा ! असुरकुमारा णं करणओ सायं वेयणं वेयंति, णो अकरणओ सायं वेयणं वेयंति ।**

**से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! असुरकुमाराणं चउव्विहे करणे पण्णत्ते, तं जहा- मणकरणे वइकरणे कायकरणे कम्मकरणे । इच्चेएणं सुभेणं करणेणं असुरकुमारा करणओ सायं वेयणं वेयंति, णो अकरणओ । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવ કરણથી શાતા વેદના વેદે છે કે અકરણથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર દેવ કરણથી શાતા વેદના વેદે છે, અકરણથી નહીં.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારને ચાર કરણ કહ્યા છે, યથા– મનકરણ, વચનકરણ, કાયકરણ અને કર્મકરણ. અસુરકુમારોને આ ચારે શુભ કરણથી શાતા વેદના વેદે છે પરંતુ અકરણથી નહીં. તે જ રીતે નાગકુમારથી સ્તનિતકુમાર સુધી સમજવું.

**१४ पुढवीकाइयाणं एवामेव पुच्छा ? णवरं- इच्चेएणं सुभासुभेणं करणेणं पुढविक्काइया करणओ वेमायाए वेयणं वेदेंति, णो अकरणओ । ओरालियसरीरा सव्वे सुभासुभेणं वेमायाए । देवा सुभेणं सायं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૃથ્વીકાયિકોને માટે પણ આ પ્રકારે પ્રશ્ન પૂછવો અર્થાત્ શું પૃથ્વીકાયિક જીવ કરણથી વેદના વેદે છે, કે અકરણથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવ કરણ દ્વારા વેદના વેદે છે પરંતુ અકરણ દ્વારા નહીં. વિશેષતા એ છે કે તે ઉપલબ્ધ શુભાશુભ કરણ દ્વારા વિમાત્રાથી વેદના વેદે છે પરંતુ અકરણ દ્વારા નહીં. અર્થાત્ પૃથ્વીકાયિક જીવ ક્યારેક શુભકરણથી શાતા વેદના વેદે છે અને ક્યારેક અશુભકરણથી અશાતા વેદના વેદે છે.

આ રીતે પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય વગેરે ઔદારિક શરીરધારી સર્વ જીવો શુભાશુભ કરણ દ્વારા વિમાત્રાથી અર્થાત્ ક્યારેક શાતા અને ક્યારેક અશાતા વેદના વેદે છે.

ચારે પ્રકારના દેવ શુભ કરણ દ્વારા શાતા વેદના વેદે છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રોમાં સંસારી જીવોના શાતા–અશાતા વેદનાના સાધનભૂત કરણનું નિરુપણ કર્યું છે.

સંસારી જીવો કર્મજન્ય સુખ દુઃખનું વેદન પૂર્વકૃત કર્મો અને યોગના માધ્યમથી જ કરી શકે છે. જે રીતે કર્મોનો બંધ કર્મજન્ય વૈભાવિક ભાવો અને યોગના નિમિત્તથી થાય છે, તે જ રીતે કર્મનું વેદન પણ તે સાધનથી જ થઈ શકે છે. પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે કર્મભોગના સાધનને કરણ કહ્યા છે.

તે કરણના ચાર પ્રકાર છે. મન, વચન, કાયા અને કર્મકરણ. પ્રત્યેક સંસારી જીવો પાસે પૂર્વકૃત કર્મો અવશ્ય હોય છે. વર્તમાનના સુખ દુઃખના વેદનમાં પૂર્વકૃત કર્મો પણ નિમિત્તભૂત બને છે. તેથી કર્મને કરણ કહ્યું છે.

એકેન્દ્રિયોને બે કરણ–કર્મ અને કાયયોગ; વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને ત્રણ કરણ–કર્મ, કાયયોગ, વચનયોગ અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ચાર કરણ હોય છે. જે જીવને જેટલા કરણ પ્રાપ્ત થયા હોય તેના માધ્યમથી તે સુખ દુઃખનો અનુભવ કરે છે.

સુખ દુઃખના વેદનનો આધાર કરણની શુભાશુભતા પર છે. નારકો પાપના ઉદયે અશુભ કરણ હોવાથી પ્રાયઃ દુઃખ રૂપ વેદના વેદે છે. દેવો પુણ્યોદયે શુભ કરણ હોવાથી પ્રાયઃ સુખ રૂપ વેદના વેદે છે. મનુષ્ય અને તિર્યંચગતિના જીવો શુભાશુભ કરણ હોવાથી ક્યારેક સુખરૂપ અને ક્યારેક દુઃખરૂપ વેદનાનો અનુભવ કરે છે.

સિદ્ધાત્મા પાસે યોગ કે કર્મરૂપ કરણ ન હોવાથી તેઓ કર્મજન્ય સુખ દુઃખનો અનુભવ કરતા નથી. તેઓ સ્વરૂપજન્ય સુખમાં લીન હોય છે.

**कम्मकरणे** :– વ્યાખ્યાકારે આ પ્રમાણે પણ વ્યાખ્યા કરી છે– **कर्म विषय करणं जीववीर्यं, बंधन- संक्रमादि निमित्तभूतं कर्मकरणं ।** **અર્થ**– કર્મોના બંધ, સંક્રમણ વેદન આદિમાં નિમિત્તભૂત જીવની શક્તિ વિશેષને કર્મકરણ કહે છે.

## વેદના અને નિર્જરાની ચૌભંગી :-

**१५ जीवा णं भंते ! किं महावेयणा महाणिज्जरा, महावेयणा अप्पणिज्जरा, अप्पवेयणा महाणिज्जरा, अप्पवेयणा अप्पणिज्जरा ?**

**गोयमा ! अत्थेगइया जीवा महावेयणा महाणिज्जरा, अत्थेगइया जीवा महावेयणा अप्पणिज्जरा, अत्थेगइया जीवा अप्पवेयणा महाणिज्जरा, अत्थेगइया जीवा अप्प- वेयणा अप्पणिज्जरा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ (૧) મહાવેદના અને મહાનિર્જરાવાળા હોય છે (૨) મહાવેદના અને અલ્પનિર્જરાવાળા હોય છે (૩) અલ્પવેદના અને મહાનિર્જરાવાળા હોય છે (૪) અલ્પવેદના અને અલ્પનિર્જરાવાળા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) કેટલાક જીવ મહાવેદના અને મહાનિર્જરાવાળા હોય છે. (૨) કેટલાક જીવ મહાવેદના અને અલ્પનિર્જરાવાળા હોય છે. (૩) કેટલાક જીવ અલ્પવેદના અને મહાનિર્જરાવાળા હોય છે (૪) કેટલાક જીવ અલ્પ વેદના અને અલ્પ નિર્જરાવાળા હોય છે.

**१६** **से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– अत्थेगइया जीवा महावेयणा महाणिज्जरा** *जाव* **अत्थेगइया जीवा अप्पवेयणा अप्पणिज्जरा ?**

**गोयमा ! पडिमापडिवण्णए अणगारे महावेयणे महाणिज्जरे; छट्ठसत्तमासु पुढवीसु णेरइया महावेयणा अप्पणिज्जरा; सेलेसिं पडिवण्णए अणगारे अप्पवेयणे महाणिज्जरे; अणुत्तरोववाइया देवा अप्पवेयणा अप्पणिज्जरा ।**

**महावेयणे य वत्थे, कद्दम खंजणकए य अहिगरणी ।**
**तणहत्थे य कवल्ले, करण महावेयणा जीवा ॥**
**॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનુ શું કારણ છે કે કેટલાક જીવ મહાવેદના અને મહાનિર્જરાવાળા હોય છે ***યાવત્*** કેટલાક જીવ અલ્પવેદના અને અલ્પનિર્જરાવાળા હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) પ્રતિમા પ્રતિપન્ન અણગારને મહાવેદના અને મહાનિર્જરા હોય છે. (૨) છટ્ઠી–સાતમી નરકના નૈરયિકોને મહાવેદના અને અલ્પ નિર્જરા હોય છે. (૩) શૈલેશી અવસ્થાને પ્રાપ્ત અણગારને અલ્પવેદના અને મહાનિર્જરા હોય છે. (૪) અનુત્તરોપપાતિક દેવોને અલ્પવેદના અને અલ્પ–નિર્જરા હોય છે.

**ગાથાર્થ–** આ ઉદ્દેશકમાં મહાવેદના મહાનિર્જરાના પ્રસંગે અણગાર અને નારકી જીવો માટે (૧) કર્દમ કે ખંજનથી ખરડાયેલા વસ્ત્રનું (૨) એરણનું (૩) ઘાસના પૂળાનું (૪) લોઢીનું દષ્ટાંત છે. તે પછી ચોવીસ દંડકમાં ચાર કરણના માધ્યમથી શાતા અશાતા વેદનનું અને અંતે ચૌભંગીના માધ્યમે અલ્પવેદના મહાવેદનાવાળા જીવોનું દષ્ટાંત યુક્ત વર્ણન કરવામાં આવ્યું છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

આ ઉદ્દેશકના પ્રારંભમાં વેદના અને નિર્જરાનો સામાન્ય સંબંધ બતાવી, શ્રમણોની નિર્જરાની

શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કર્યું છે. પ્રસ્તુત સૂત્રમાં શ્રેષ્ઠતાની સાપેક્ષ દષ્ટિએ અલ્પવેદના, મહાવેદના, અલ્પનિર્જરા અને મહાનિર્જરાની ચૌભંગી દષ્ટાંત સહિત દર્શાવી છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–

**પડિમાધારીને મહાવેદના મહાનિર્જરા :–** ભિક્ષુની બાર પડિમા અને અન્ય અનેક પડિમા–અભિગ્રહોને ધારણ કરનાર સાધક મહાન કષ્ટોને સમતાભાવે સહન કરે અને અનંત કર્મોની મહાનિર્જરા કરે છે. તેઓમાં જ્ઞાનદશા અને કર્મમુક્તિ માટેનું મહાપરાક્રમ હોય છે.

**નારકી જીવોને મહાવેદના અલ્પનિર્જરા :–** તેઓમાં જ્ઞાનદશાનો પ્રાયઃ અભાવ હોય છે, તેમજ તે જીવોને કર્મનિર્જરા માટેનું કોઈ લક્ષ્ય કે પરાક્રમ પણ હોતું નથી. માટે તે મહાન દુઃખ ભોગવવા છતાં અલ્પનિર્જરા– વાળા હોય છે.

**શૈલેશી અણગારને અલ્પવેદના મહાનિર્જરા :–** શૈલેશી અવસ્થાને પ્રાપ્ત ચૌદમા ગુણસ્થાનવર્તી અણગાર શુક્લ ધ્યાન રૂપ મહાપરાક્રમયુક્ત હોવાથી તે અનંતાનંત કર્મોની નિર્જરા કરે છે. આ અવસ્થામાં કોઈ જીવને કદાચ તીવ્ર અશાતા વેદનીય કર્મોનો ઉદય હોય, પરંતુ તે જીવો સ્વરૂપમાં લીન અને યોગરહિત હોવાથી તેઓની વેદના અલ્પ કહેવાય છે. માટે તેઓ અલ્પવેદના અને મહાનિર્જરાવાળા હોય છે.

**અનુત્તર વિમાનના દેવો અલ્પવેદના અલ્પનિર્જરા :–** તેઓને પુણ્યના પ્રબળ ઉદયે અશાતાનો પ્રાયઃ અભાવ હોય છે તેમ છતાં કર્મ અસ્તિત્વની અપેક્ષાએ તેઓને અલ્પવેદના કહી છે. તેઓ એકાંત સમ્યગ્દષ્ટિ હોવા છતાં નિર્જરાના સાધનભૂત સંયમ–તપની સાધના કરી શકતા નથી, તે અપેક્ષાએ તે જીવોને અલ્પ–નિર્જરાવાળા કહ્યા છે.

**।। શતક ૬/૧ સંપૂર્ણ ।।**

# શતક–૬ : ઉદ્દેશક–૨

## આહાર

**ચોવીસ દંડકના જીવોનો આહાર :–**

**૧ रायगिहं णयरं *जाव* एवं वयासी– आहारुद्देसओ जो पण्णवणाए सो सव्वो णिरवसेसो णेयव्वो ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** રાજગૃહ નગરમાં ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું ***યાવત્*** આહાર સંબંધી સંપૂર્ણ વક્તવ્યતા પ્રજ્ઞાપના સૂત્રના ૨૮મા આહાર પદના પ્રથમ ઉદ્દેશક પ્રમાણે જાણવી. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર દ્વારા પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક જીવોના આહાર સંબંધી વર્ણન છે.

**પ્રજ્ઞાપના સૂત્રમાં વર્ણિત વિષય :–**

(૧) પૃથ્વીકાય આદિ જીવ જે આહાર કરે છે, તે સચિત્ત છે, અચિત્ત છે કે મિશ્ર છે ?

(૨) નૈરયિક આદિ જીવ આહારાર્થી છે કે નહીં ?

(૩) કયા જીવોને કેટલા કાલ પછી, કેટલીવાર આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે ?

(૪) કયા જીવો કેવા પ્રકારના પુદ્ગલોનો આહાર કરે છે ?

(૫) આહાર કરનાર પોતાના સમગ્ર શરીરથી આહાર કરે છે કે અન્ય પ્રકારથી ?

(૬) આહારને માટે ગ્રહણ કરાયેલા પુદ્ગલોના કેટલામો ભાગ પરિણત થાય છે ?

(૭) આહાર માટે ગ્રહણ કરેલા બધા જ પુદ્ગલો આહાર રૂપે પરિણત થાય છે કે કેટલાક નિર્જરી જાય છે?

(૮) આહાર રૂપે ગ્રહણ કરેલા પુદ્ગલો કયા કયા રૂપમાં પરિણત થાય છે ?

(૯) એકેન્દ્રિયાદિ જીવોના શરીરોનો આહાર કરનારા જીવોથી સંબંધિત વર્ણન.

(૧૦) રોમાહાર સંબંધિત વિવેચન.

(૧૧) મન દ્વારા તૃપ્ત થનારા મનોભક્ષી દેવોથી સંબંધિત નિરૂપણ.

પ્રજ્ઞાપના સૂત્રના ૨૮ મા પદના પ્રથમ ઉદ્દેશકમાં આ ૧૧ અધિકારોનું વિસ્તાર પૂર્વક વર્ણન છે, જિજ્ઞાસુ પાઠક ઉક્ત પદનું અવલોકન કરે.

॥ શતક ૬/૨ સંપૂર્ણ ॥

# શતક–૬ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકનો પ્રરૂપિત વિષય તેની પ્રારંભિક બે ગાથામાં સંગ્રહિત છે અને ૧૫ દ્વારના માધ્યમથી કર્મબંધ સંબંધી વિવિધ રીતે નિરૂપણ છે.

★ જીવ અને કર્મનો સંબંધ સ્વાભાવિક રૂપે થાય છે કે પ્રયત્નથી ? તે મહત્ત્વના વિષયને સૂત્રકારે વસ્ત્રના દષ્ટાંતથી સ્પષ્ટ કર્યો છે.

★ જેમ સ્વચ્છ વસ્ત્ર ઉપયોગમાં લેતા મલિન બની જાય છે, તેમ મહાક્રિયા, મહાશ્રવ આદિના સેવનથી જીવ પણ મહાકર્મી બની જાય છે.

★ જેમ મલિન વસ્ત્ર પ્રયત્નપૂર્વક સ્વચ્છ કરી શકાય છે, તેમ ક્રિયા, આશ્રવ આદિ કર્મબંધનના કારણોના ત્યાગથી જીવ પણ અલ્પકર્મી અને ક્રમશઃ અકર્મા બની જાય છે.

★ જેમ વસ્ત્રની મલિનતા અને સ્વચ્છતા પ્રયત્નજન્ય છે તેમ જીવની મલિનતા અને નિર્મળતા પણ પ્રયત્નજન્ય છે. નવું વસ્ત્ર પહેલાં સ્વચ્છ હોય છે અને પછી તે મલિન થાય છે, જ્યારે આત્મા અનાદિ કાલથી મલિન છે, પ્રયત્નથી નિર્મળ બને છે. એક વાર સર્વથા શુદ્ધ થયા પછી ફરી તે ક્યારે ય મલિન થતો નથી.

★ વસ્ત્રની મલિનતા ક્યારેક સ્વાભાવિક(પ્રયત્ન વિના) પણ હોય છે. જ્યારે આત્માની મલિનતા સ્વાભાવિક હોતી જ નથી. જીવને પ્રાપ્ત થયેલા મન, વચન, કાયાના કરણથી તે કર્મનો સંચય કરે છે અને મલિન બને છે.

★ વસ્ત્રમાં થયેલો પુદ્‌ગલ સંચય–મલિનતા સાદિ સાન્ત હોય છે, જ્યારે જીવની મલિનતા–કર્મબંધ ત્રણ પ્રકારે હોય છે– (૧) અનાદિ અનંત– અભવ્યની અપેક્ષાએ (૨) અનાદિ સાંત– ભવ્ય જીવોની અપેક્ષાએ (૩) સાદિ સાંત– ઐર્યાપથિક કર્મબંધની અપેક્ષાએ. પ્રત્યેક કર્મની સ્થિતિ સાદિ સાંત છે પરંતુ પ્રવાહની અપેક્ષાએ ઉપરોક્ત બે ભંગ ઘટી શકે છે.

★ વસ્ત્ર સ્વયં સાદિ સાન્ત છે; જ્યારે જીવ ગતિ, જાતિ, દંડક આદિની અપેક્ષાએ સાદિ સાન્ત છે, સિદ્ધ જીવ સાદિ અનંત; ભવ્ય જીવ લબ્ધિની અપેક્ષાએ અનાદિ સાંત અને અભવ્ય જીવ અનાદિ અનંત છે.

★ આઠ કર્મોની સ્થિતિ, તેનો અબાધાકાલ અને તેમાં કર્મપ્રદેશોની ગોઠવણીનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં

હોવાથી અહીં સંક્ષિપ્ત કથન કર્યું છે.

★ સ્ત્રી, સંયત, દષ્ટિ, ભવ્ય આદિ ૧૫ દ્વારના ૫૦ બોલ થાય છે. તેના પર આઠ કર્મના બંધ અને અબંધનું નિયમા અને ભજના સાથે વિસ્તૃત વર્ણન છે અને પંદર દ્વારના અલ્પબહુત્વનું સંક્ષિપ્ત કથન છે.

આ રીતે આ ઉદ્દેશકનો મુખ્ય વિષય કર્મબંધ અને અબંધ છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૩

## મહાશ્રવ

**ઉદ્દેશકના વિષયો :–**

**१** बहुकम्म वत्थ पोग्गल, पओगसा वीससा य साइए ।
कम्मट्ठिइ त्थि संजय, सम्मदिट्ठी य सण्णी य ॥१॥
भविए दंसण पज्जत्त, भासय परित्ते णाण जोगे य ।
उवओगाहारग सुहुम, चरिम बंधे य अप्पबहुं ॥२॥

**ભાવાર્થ :–** આ ઉદ્દેશકમાં બહુકર્મ તથા અલ્પકર્મને વસ્ત્ર અને પુદ્ગલના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. પ્રયોગસા–વિશ્રસા તથા આદિ–અનાદિના વિકલ્પે વસ્ત્ર અને પુદ્ગલ તથા આત્મા અને કર્મના ચય, ઉપચય, અપચયને સમજાવ્યા છે. ત્યાર પછી કર્મસ્થિતિ બંધ અને અબાધાકાલનું વર્ણન સંક્ષિપ્તમાં કર્યું છે તથા સ્ત્રી આદિ પંદર દ્વાર ઉપર કર્મ બંધનું નિરૂપણ કર્યું છે– (૧) સ્ત્રી આદિ–૪ (૨) સંયત આદિ–૪ (૩) દૃષ્ટિ–૩ (૪) સંજ્ઞી આદિ–૩ (૫) ભવી–૩ (૬) દર્શન–૪ (૭) પર્યાપ્ત–૩ (૮) ભાષક–૨ (૯) પરિત્ત–૩ (૧૦) જ્ઞાન–૮ (૧૧) યોગ–૪ (૧૨) ઉપયોગ–૨ (૧૩) આહારક–૨ (૧૪) સૂક્ષ્મ–૩ (૧૫) ચરમ–૨. આ ૧૫ દ્વારોના ૫૦ ભેદ કર્યા છે. અંતે આ પંદર દ્વારોના અલ્પબહુત્વનું કથન કર્યું છે.

### કર્મ અને જીવ માટે વસ્ત્ર અને પુદ્ગલનું દૃષ્ટાંત :–

**२ से णूणं भंते ! महाकम्मस्स महाकिरियस्स महासवस्स महावेयणस्स सव्वओ पोग्गला बज्झंति, सव्वओ पोग्गला चिज्जंति, सव्वओ पोग्गला उवचिज्जंति, सया समियं पोग्गला बज्झंति, सया समियं पोग्गला चिज्जंति, सया समियं पोग्गला उवचिज्जंति, सया समियं च णं तस्स आया दुरूवत्ताए, दुवण्णत्ताए, दुगंधत्ताए, दुरसत्ताए, दुफासत्ताए; अणिट्ठत्ताए, अकंत–अप्पिय–असुभ–अमणुण्ण–अमणामत्ताएअणिच्छियत्ताए, अणभिज्झियत्ताए, अहत्ताए, णो उड्ढत्ताए; दुक्खत्ताए, णो सुहत्ताए भुज्जो–भुज्जो परिणमंति ? हंता गोयमा ! महाकम्मस्स *जाव* तं चेव ।**

**से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! से जहाणामए वत्थस्स अहयस्स वा धोयस्स वा तंतुग्गयस्स वा आणुपुव्वीए परिभुज्जमाणस्स सव्वओ पोग्गला बज्झंति; सव्वओ पोग्गला चिज्जंति;** *जाव* **परिणमंति; से तेणट्ठेणं ।**

**શબ્દાર્થ :– बज्झंति** = બંધ કરે છે **चिज्जंति** = ચય કરે છે, સંગ્રહ કરે છે **उवचिज्जंति** = વિશેષ પ્રકારે સંચય કરે છે **सव्वओ** = સર્વ દિશાઓમાંથી, સમસ્ત આત્મપ્રદેશોથી **सयासमियं** = સદા–હંમેશાં, નિરંતર વ્યવધાન વિના **अणिच्छियत्ताए** = અનિચ્છનીયપણે **अणभिज्झियत्ताए** = જેને પ્રાપ્ત કરવાની રુચિ ન થાય તેવા **अहत्ताए** = અધમ **णो उड्ढत्ताए** = અનુન્નત રૂપે **अहयस्स** = નવું અથવા ઉપયોગમાં ન લેવાયેલું **धोयस्स** = ધોયેલું **तंतुग्गयस्स** = શાળ ઉપર તાણાવાણાથી વણીને તૈયાર કરેલું.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ મહાકર્મા, મહાક્રિયાવાન, મહાશ્રવયુક્ત,મહાવેદનાયુક્ત હોય છે તે જીવ શું સર્વ દિશાઓમાંથી કર્મ પુદ્‌ગલોનો બંધ કરે છે ? શું સર્વ દિશાઓમાંથી કર્મ પુદ્‌ગલોનો ચય કરે છે ? શું સર્વ દિશાઓમાંથી કર્મ પુદ્‌ગલોનો ઉપચય કરે છે ? શું નિરંતર કર્મ પુદ્‌ગલોનો બંધ કરે છે ? શું નિરંતર કર્મ પુદ્‌ગલોનો ચય કરે છે ? શું નિરંતર કર્મ પુદ્‌ગલોનો ઉપચય કરે છે ? શું નિરંતર તેનો આત્મા અનિષ્ટ રૂપ(આકૃતિ), વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંપૂર્ણતયા અનિષ્ટ રૂપે; અકાંત રૂપે, અપ્રિય રૂપે, અશુભ, અમનોજ્ઞ, અમણામ(મનથી અસ્મરણીય)રૂપે, અનિચ્છનીય રૂપે, અનભિપ્સિત, અધમ, અનુન્નત રૂપે, દુઃખ રૂપે, અસુખ રૂપે કર્મ પુદ્‌ગલોને વારંવાર પરિણત કરે છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! મહાકર્મા જીવની સૂત્રોક્ત દશા થાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ નવું વસ્ત્ર અથવા ઉપયોગમાં ન આવેલું વસ્ત્ર, ધોયેલું વસ્ત્ર, શાળ ઉપર તાણાવાણાથી વણીને તૈયાર કરેલું વસ્ત્ર હોય; તે વસ્ત્રને અનુક્રમે પહેરતાં તે વસ્ત્ર મલિન થતું જાય છે, સર્વ દિશાઓમાંથી પુદ્‌ગલો તેને ચોંટે છે, સર્વ દિશાઓમાંથી પુદ્‌ગલો તેના ઉપર ચય–જમા થાય છે અને તે વસ્ત્ર ક્રમશઃ અત્યંત મલિન થઈ અનિષ્ટ આદિ રૂપે પરિણત થાય છે. હે ગૌતમ ! તે જ રીતે મહાકર્મ આદિથી યુક્ત જીવના વિષયમાં મેં પૂર્વોક્ત કથન કર્યું છે.

**३ से णूणं भंते ! अप्पकम्मस्स, अप्पकिरियस्स, अप्पासवस्स, अप्पवेयणस्स सव्वओ पोग्गला भिज्जंति, सव्वओ पोग्गला छिज्जंति, सव्वओ पोग्गला विद्धंसंति, सव्वओ पोग्गला परिविद्धंसंति; सया समियं पोग्गला भिज्जंति, सया समियं पोग्गला छिज्जंति, विद्धंस्संति, परिविद्धंस्संति; सया समियं च णं तस्स आया सुरूवत्ताए एवं पसत्थं णेयव्वं** *जाव* **सुहत्ताए, णो दुक्खत्ताए भुज्जो भुज्जो परिणमंति ? हंता गोयमा!** *जाव* **परिणमंति ।**

**से केणट्ठेणं भंते ! एवं ? गोयमा ! से जहाणामए वत्थस्स जल्लियस्स वा पंकियस्स वा मइल्लियस्स वा रइल्लियस्स वा आणुपुव्वीए परिकम्मिज्जमाणस्स सुद्धेणं वारिणा धोव्वमाणस्स सव्वओ पोग्गला भिज्जंति** *जाव* **परिणमंति; से तेणट्ठेणं।**

**શબ્દાર્થ :– जल्लियस्स** = શરીરના પરસેવાથી યુક્ત **पंकियस्स** = કાદવથી ખરડાયેલું **मइल्लियस्स** = મેલયુક્ત **रइल्लियस्स** = રજયુક્ત **परिकम्मिज्जमाणस्स** = પરિકર્મ–જેને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરાય.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અલ્પકર્મી, અલ્પ ક્રિયાવાન, અલ્પાશ્રવ યુક્ત, અલ્પવેદના યુક્ત જીવના કર્મ પુદ્‌ગલો શું સર્વ દિશાઓમાંથી ભિન્ન થાય છે ? શું સર્વ દિશાઓમાંથી છિન્ન થાય છે ? શું સર્વ દિશાઓમાંથી નાશ પામે છે ? શું સર્વ દિશાઓમાંથી સર્વથા નાશ પામે છે ? શું નિરંતર તેના કર્મ પુદ્‌ગલો ભિન્ન થાય છે, છિન્ન થાય છે, નાશ પામે છે, સર્વથા નાશ પામે છે ? શું નિરંતર તેનો આત્મા–શરીર સુરૂપ, સુવર્ણ આદિ પ્રશસ્ત ભાવે સુખ રૂપે અદુઃખ રૂપે વારંવાર પરિણત થાય છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! અલ્પકર્મી જીવ ***યાવત્*** સુખ રૂપે વારંવાર પરિણત થાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ પરસેવાથી યુક્ત, કાદવયુક્ત, મેલયુક્ત, રજયુક્ત વસ્ત્રને સાફ કરવામાં આવે, શુદ્ધ પાણીથી ધોવામાં આવે, તો તેના પર લાગેલા મલિન પુદ્‌ગલો છૂટા પડી જાય છે. તે જ રીતે અલ્પકર્મી જીવના કર્મ પુદ્‌ગલો પણ ક્રમશઃ છિન્ન, ભિન્ન અને નાશ થાય છે ***યાવત્*** તે વારંવાર સુખ રૂપે પરિણત થાય છે. તેથી હે ગૌતમ ! પૂર્વોક્ત કથન કર્યું છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રોમાં સ્વભાવથી સ્ફટિક જેવો નિર્મલ આત્મા કર્મરૂપ પરદ્રવ્યના સંયોગથી કેવો મલિન બને છે અને કર્મના નાશથી અર્થાત્ પરદ્રવ્યના વિયોગથી આત્મા કેવો નિર્મલ અને પવિત્ર બને છે, તે વિષયને બે વસ્ત્રના દૃષ્ટાંતથી સમજાવ્યો છે.

પ્રત્યેક સંસારી જીવ પ્રતિ સમય, કષાય અને યોગના નિમિત્તથી કર્મબંધ કરે છે. તેમાં તેના (૧) પૂર્વકૃત કર્મો (૨) વર્તમાનની ક્રિયા–કષાયયુક્ત યોગનું પ્રવર્તન (૩) આશ્રવના કારણો (૪) અને વેદના વગેરેના કારણે તરતમતા થાય છે. કર્મબંધના કારણો વધુ હોય તો મહાકર્મબંધ અને કર્મબંધના કારણો ઓછા હોય તો અલ્પકર્મબંધ થાય છે.

**મહાકર્મી મલિન આત્મા :–** જેમ સ્વચ્છ વસ્ત્ર વારંવાર વપરાશથી મેલના સંયોગથી મસોતા જેવું મલિન થઈ જાય છે; તે જ રીતે મહાક્રિયા, મહાશ્રવ આદિના સેવનથી જીવ મહાકર્મી બને છે. તેનો આત્મા દુષ્કર્મરૂપ પુદ્‌ગલ દ્રવ્યના સંયોગથી કુત્સિત રૂપે પરિણત થાય છે.

**અલ્પકર્મી નિર્મલ આત્મા :–** જેમ મસોતા જેવું મલિન વસ્ત્ર પ્રયત્નપૂર્વક સાફ કરવાથી સ્વચ્છ બની

જાય છે; તેમ ક્રિયા, આશ્રવ આદિનો ત્યાગ કરવાથી જીવ જ્યારે અલ્પકર્મી બની જાય, તપશ્ચરણ આદિ અનુષ્ઠાનો દ્વારા કર્મના સંયોગને ખંખેરી નાંખે, નાશ કરે ત્યારે તેનો આત્મા નિર્મલ બની જાય છે; તે સુખાદિ રૂપે પરિણત થઈ પ્રશસ્ત બની જાય છે.

આ રીતે વસ્ત્રની સ્વચ્છતા કે મલિનતા મનુષ્યના પ્રયત્નજન્ય છે, તે જ રીતે આત્માની મલિનતા કે નિર્મળતા પણ આત્માના પ્રયત્નજન્ય છે. નવું વસ્ત્ર પહેલાં સ્વચ્છ હોય પછી વાપરતાં વાપરતાં મલિન બને છે. જ્યારે આત્મા તો અનાદિકાલથી કર્મના સંયોગથી મલિન જ હોય છે અને પ્રયત્નથી તે નિર્મલ થાય છે. સૂત્રમાં પ્રયુક્ત કઠિન પદોની વ્યાખ્યા આ પ્રમાણે છે–

**महाकम्मे(મહાકર્મવાન) :–** જેના કર્મોની સ્થિતિ લાંબી હોય, વિશેષ ક્લિષ્ટ પરિણામ યુક્ત હોય તે મહાકર્મવાન.

**महाकिरिए(મહાક્રિયાવાન) :–** જેને કાયિકી આદિ ક્રિયા ઘણી હોય, તે મહાક્રિયાવાન.

**महासवे(મહાશ્રવવાન) :–** જેના કર્મબંધના હેતુ–મિથ્યાત્વાદિ ઘણા ગાઢ અને પ્રચુર હોય, તે મહા–આશ્રવવાન.

**महावेयणे(મહાવેદનાવાન) :–** જે મહાપીડાને વેદતા હોય, તે મહાવેદનાવાન.

**बज्झंति :–** બંધ કરે છે. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધ કરે છે.

**चिज्जंति :–** ચય કરે છે. કર્મ પુદ્‌ગલોને નિધત્ત કરે છે.

**उवचिज्जंति :–** ઉપચય કરે છે. કર્મપુદ્‌ગલોને નિકાચિત કરે છે.

**भिज्जंति :–** ભેદાય છે. કર્મબંધના કારણોના અભાવથી તીવ્ર બંધ અટકી જાય છે.

**छिज्जंति :–** છેદાય છે. મંદ વિપાકવાળા થવાથી કર્મો ક્રમશઃ નાશ પામે છે.

**विद्धंसंति :–** નાશ પામે છે, આત્મપ્રદેશોથી કર્મો ખરી જાય છે, કર્મ અકર્મરૂપ બની જાય છે.

**परिविद्धंसंति :–** સર્વથા નાશ પામે છે.

## પ્રયોગથી કે સ્વભાવથી કર્મ અને પુદ્‌ગલોપચય :-

**૪ वत्थस्स णं भंते ! पोग्गलोवचये किं पओगसा, वीससा ? गोयमा ! पओगसा वि वीससा वि । जहा णं भंते ! वत्थस्स णं पोग्गलोवचए पओगसा वि वीससा वि; तहा णं जीवाणं कम्मोवचए किं पओगसा, वीससा ? गोयमा ! पओगसा, णो वीससा ।**

**से केणट्ठेणं भंते एवं ?**

**गोयमा ! जीवाणं तिविहे पओगे पण्णत्ते, तं जहा– मणप्पओगे, वइप्पओगे,**

**कायप्पओगे; इच्चेएणं तिविहेणं पओगेणं जीवाणं कम्मोवचये पओगसा, णो वीससा; एवं सव्वेसिं पंचिंदियाणं तिविहे पओगे भाणियव्वे । पुढवीकाइयाणं एगविहेणं पओगेणं, एवं** *जाव* **वणस्सइकाइयाणं । विगलिंदियाणं दुविहे पओगे पण्णत्ते, तं जहा– वइपओगे, कायपओगे य, इच्चेएणं दुविहेणं पओगेणं कम्मोवचए पओगसा, णो वीससा; से तेणट्ठेणं गोयमा !** *जाव* **णो वीससा । एवं जस्स जो पओगो** *जाव* **वेमाणियाणं ।**

**શબ્દાર્થ :– पओगसा** = જીવના પ્રયત્નથી **वीससा** = સ્વાભાવિક રૂપે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વસ્ત્રમાં જે પુદ્ગલોનો ઉપચય થાય છે, તે શું પ્રયોગથી(પુરુષના પ્રયત્નથી) થાય છે કે સ્વાભાવિકરૂપે થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પ્રયોગથી પણ થાય છે અને સ્વાભાવિકરૂપે પણ થાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે વસ્ત્રમાં પુદ્ગલોનો ઉપચય પ્રયોગથી અને સ્વાભાવિકરૂપે થાય છે, તે જ રીતે શું જીવમાં કર્મ પુદ્ગલનો ઉપચય પ્રયોગથી થાય છે કે સ્વાભાવિકરૂપે થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવોને કર્મ પુદ્ગલોનો ઉપચય પ્રયોગથી જ થાય છે, સ્વાભાવિકરૂપે થતો નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનુ શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવોને ત્રણ પ્રકારના પ્રયોગ હોય છે; મનપ્રયોગ, વચનપ્રયોગ અને કાય પ્રયોગ; આ ત્રણ પ્રકારના પ્રયોગથી જ જીવોને કર્મનો ઉપચય થાય છે, તેથી જીવને કર્મનો ઉપચય પ્રયોગથી થાય છે, સ્વાભાવિક રૂપે થતો નથી.

આ રીતે સર્વ પંચેન્દ્રિય જીવોને ત્રણ પ્રયોગ જાણવા જોઈએ. પૃથ્વીકાયથી વનસ્પતિકાયિક સુધી (એકેન્દ્રિય–પાંચ સ્થાવર)ના જીવોને એક કાયપ્રયોગથી કર્મપુદ્ગલોપચય થાય છે.

વિકલેન્દ્રિય જીવને બે પ્રયોગ હોય છે, યથા– વચનપ્રયોગ અને કાયપ્રયોગ, આ બે પ્રકારના પ્રયોગથી તેને કર્મ પુદ્ગલનો ઉપચય થાય છે.

હે ગૌતમ ! સર્વ જીવોને કર્મોપચય પ્રયોગથી થાય છે, સ્વાભાવિક રૂપે નહીં. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે જીવને કર્મનો ઉપચય પ્રયોગથી થાય છે, સ્વાભાવિક રૂપે થતો નથી. આ રીતે જે જીવોને જે પ્રયોગ હોય તે કહેવા જોઈએ ***યાવત્*** વૈમાનિક સુધીના જીવોને યથાયોગ્ય પ્રયોગથી કર્મોપચય કહેવા જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં જીવના પ્રયોગથી થતાં કર્મબંધનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. વસ્ત્રમાં પુદ્ગલનો ઉપચય

સ્વાભાવિક રૂપે પણ થાય અને પ્રયોગથી પણ થાય છે. વસ્ત્ર જડ છે, તેથી તેમાં કોઈપણ પ્રકારનો પોતાનો પ્રયોગ શક્ય નથી. તેમાં પુદ્‌ગલનો ઉપચય સ્વાભાવિક રૂપે પણ થઈ શકે અને પુરુષના પ્રયત્નથી પણ થઈ શકે છે.

જ્યારે આત્મા ચૈતન્યવંત છે, તેના સ્વતંત્ર પ્રયોગ વિના કર્મ પુદ્‌ગલોપચય શક્ય નથી. જો પ્રયોગ વિના પણ કર્મોપચય થતો હોય, તો અયોગી અવસ્થામાં અથવા સિદ્ધાવસ્થામાં પણ કર્મ બંધ થાય પરંતુ તેમ થતું નથી. તેથી સિદ્ધ થાય છે કે જીવના ત્રણ પ્રકારના પ્રયોગ(મન, વચન, કાયપ્રયોગ)માંથી જેની પાસે જે પ્રયોગ હોય તેના દ્વારા જ કર્મોપચય થાય છે.

## કર્મ–પુદ્‌ગલોપચય સાદિ સાંત કે અનાદિ અનંત :-

**૫ वत्थस्स णं भंते ! पोग्गलोवचए किं साइए सपज्जवसिए साइए अपज्जवसिएअणाइए सपज्जवसिए अणाइए अपज्जवसिए ?**

**गोयमा ! वत्थस्स णं पोग्गलोवचए साइए सपज्जवसिए; णो साइए अपज्ज- वसिए, णो अणाइए सपज्जवसिए, णो अणाइए अपज्जवसिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વસ્ત્રમાં પુદ્‌ગલોનો જે ઉપચય થાય છે તે શું સાદિ સાન્ત છે, સાદિ અનંત છે, અનાદિ સાંત છે કે અનાદિ અનંત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વસ્ત્રમાં જે પુદ્‌ગલોનો ઉપચય થાય છે તે સાદિ સાંત છે પરંતુ સાદિ અનંત નથી, અનાદિ સાંત નથી અને અનાદિ અનંત પણ નથી.

**६ जहा णं भंते ! वत्थस्स पोग्गलोवचए साइए सपज्जवसिए; णो साइए अपज्ज- वसिए णो अणाइए सपज्जवसिए णो अणाइए अपज्जवसिए; तहा णं जीवाणं कम्मोवचए पुच्छा ?**

**गोयमा ! अत्थेगइयाणं जीवाणं कम्मोवचए साइए सपज्जवसिए अत्थेगइयाणं अणाइए सपज्जवसिए अत्थेगइयाणं अणाइए अपज्जवसिए, णो चेव णं जीवाणं कम्मोवचए साइए अपज्जवसिए ।**

**से केणट्ठेणं भंते एवं ?**

**गोयमा ! इरियावहियबंधयस्स कम्मोवचए साइए सपवज्जवसिए । भवसिद्धियस्स कम्मोवचए अणाइए सपज्जवसिए । अभवसिद्धियस्स कम्मोवचए अणाइए अपज्ज- वसिए; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે રીતે વસ્ત્રમાં પુદ્‌ગલોપચય સાદિ સાંત છે પરંતુ સાદિ અનંત, અનાદિ સાંત કે અનાદિ અનંત નથી, શું તે જ રીતે જીવોને જે કર્મોપચય થાય છે તે સાદિ સાંત છે, સાદિ અનંત છે, અનાદિ સાંત છે કે અનાદિ અનંત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેટલાક જીવોનો કર્મોપચય સાદિ સાન્ત છે, કેટલાક જીવોનો કર્મોપચય અનાદિ સાંત છે, કેટલાક જીવોનો કર્મોપચય અનાદિ અનંત છે પરંતુ કોઈ પણ જીવોનો કર્મોપચય સાદિ અનંત નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઐર્યાપથિક બંધકનો કર્મોપચય સાદિ–સાન્ત છે, ભવ્યસિદ્ધક જીવોનો કર્મો–પચય અનાદિ સાન્ત છે, અભવ્યસિદ્ધક જીવોનો કર્મોપચય અનાદિ અનંત છે. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં વસ્ત્રના પુદ્‌ગલોપચયની અને જીવના કર્મોપચયની સાદિ–સાન્તતા આદિની વિચારણા છે.

વસ્ત્ર સ્વયં સાદિ સાંત(અંત સહિત) હોય છે તેથી તેના પુદ્‌ગલોપચયમાં પણ સાદિ સાંતનો એક જ ભંગ થાય છે. પરંતુ જીવ અનાદિ કાળથી છે, તેથી તેનો કર્મોપચય પણ અનાદિ છે. તેમ છતાં સૂત્રમાં અપેક્ષા ભેદથી જીવમાં કર્મોપચયના ત્રણ ભંગ સ્વીકાર્યા છે. યથા–

**(૧) સાદિ સાન્ત :–** કર્મબંધક જીવોના બે વિભાગ છે. સાંપરાયિક બંધક અને ઐર્યાપથિક બંધક. (૧) **સાંપરાયિક બંધ–** કષાય સહિતના જીવોને જે કર્મબંધ થાય છે તેને સાંપરાયિક બંધ કહે છે. એકથી દસ ગુણસ્થાનવર્તી જીવો સાંપરાયિક બંધક છે. (૨) **ઐર્યાપથિક બંધ–** જે જીવોના કષાય સર્વથા ઉપશાંત અથવા ક્ષીણ થઈ ગયા છે, જે કષાયરહિત છે, તેઓને કેવળ યોગજન્ય હલનચલન આદિ ક્રિયાઓથી જે કર્મબંધ થાય તેને ઐર્યાપથિક બંધ કહે છે. અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનવર્તી વીતરાગી જીવો ઐર્યાપથિક બંધક છે. અગિયારમા, બારમા ગુણસ્થાનવર્તી જીવો તેનો પ્રારંભ કરે છે; તેથી તેની આદિ છે અને અગિયારમા અને તેરમા ગુણસ્થાનના અંતે ઐયાપર્થિક બંધ સમાપ્ત થાય છે, તેથી તેનો અંત છે. આ રીતે ઐર્યાપથિક બંધ સાદિ સાંત છે.

**(૨) અનાદિ સાન્ત :–** ભવી જીવોનો કર્મોપચય પ્રવાહ રૂપથી અનાદિ છે અને એક દિવસ તે કર્મોનો સર્વથા અંત કરીને તેઓ અવશ્ય સિદ્ધ થશે; તે અપેક્ષાએ તેનો કર્મોપચય સાંત છે. આ રીતે ભવી જીવોનો કર્મોપચય અનાદિ સાંત કહેવાય છે.

**(૩) અનાદિ અનંત :–** અભવી જીવોનો કર્મોપચય પ્રવાહરૂપે અનાદિ છે અને તે જીવો ક્યારેય કર્મોનો

અંત કરવાના નથી. તેથી તેનો કર્મોપચય અંત રહિત છે. આ રીતે અભવી જીવોનો કર્મોપચય અનાદિ અનંત કહેવાય છે.

કોઈ પણ જીવને કોઈપણ અવસ્થામાં કર્મોપચયનો સાદિ અનંતનો ચોથો ભંગ ઘટિત થતો નથી. કારણ કે જે બંધની આદિ હોય તેનો અંત નિશ્ચિત છે.

## જીવના સાદિ સાન્ત વગેરે ચતુર્ભંગ :–

**૭** **वत्थे णं भंते ! किं साइए सपज्जवसिए, चउभंगो पुच्छा ?**

**गोयमा ! वत्थे साइए सपज्जवसिए, अवसेसा तिण्णि वि पडिसेहेयव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું વસ્ત્ર સાદિ–સાંત છે, ઈત્યાદિ ચાર ભંગ યુક્ત પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! વસ્ત્ર સાદિ–સાંત છે. શેષ ત્રણ ભંગનો વસ્ત્રમાં નિષેધ કરવો જોઈએ અર્થાત્ વસ્ત્રમાં ત્રણ ભંગ હોતા નથી.

**૮** **जहा णं भंते ! वत्थे साइए सपज्जवसिए, णो साइए अपज्जवसिए, णो अणाइए सपज्जवसिए, णो अणाइए अपज्जवसिए तहा णं जीवा किं साइया सपज्जवसिया, चउभंगो पुच्छा ?**

**गोयमा ! अत्थेगइया साइया सपज्जवसिया, एवं चत्तारि वि भंगा भाणियव्वा ।**

**से केणट्ठेणं भंते एवं ?**

**गोयमा ! णेरइय–तिरिक्खजोणिय–मणुस्स–देवा गइरागइं पडुच्च साइया सपज्जवसिया, सिद्धा सिद्ध गइं पडुच्च साइया अपज्जवसिया, भवसिद्धिया लद्धिं पडुच्च अणाइया सपज्जवसिया, अभवसिद्धिया संसारं पडुच्च अणाइया अपज्ज- वसिया, से तेणट्ठेणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જેમ વસ્ત્ર સાદિ–સાંત છે, સાદિ અનંત નથી, અનાદિ સાંત નથી, અનાદિ અનંત નથી, તેમ શું જીવો સાદિ સાંત છે ? વગેરે ચારે ભંગથી પૃચ્છા કરવી.

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) કેટલાક જીવ સાદિ સાંત છે (૨) કેટલાક જીવ સાદિ અનંત છે (૩) કેટલાક જીવ અનાદિ સાન્ત છે (૪) કેટલાક જીવ અનાદિ અનંત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય તથા દેવો, જન્મ મરણની અપેક્ષાએ સાદિ

સાન્ત છે. સિદ્ધજીવો સિદ્ધગતિની અપેક્ષાએ સાદિ અનંત છે. ભવ્યસિદ્ધિક જીવ લબ્ધિની અપેક્ષાએ અનાદિ સાંત છે અને અભવ્યસિદ્ધિક જીવ સંસાર પરિભ્રમણની અપેક્ષાએ અનાદિ અનંત છે.

## વિવેચન :–

પૂર્વસૂત્રોમાં વસ્ત્ર અને આત્માના પુદ્‌ગલોપચય અને કર્મોપચય સંબંધી સાદિ, અનાદિ વગેરેની વિચારણા છે જ્યારે પ્રસ્તુત સૂત્રમાં વસ્ત્ર અને જીવની જ સાદિ, અનાદિરૂપે વિચારણા છે.

**(૧) વસ્ત્ર :–** ઉત્પત્તિ અને વિનાશની અપેક્ષાએ વસ્ત્રમાં સાદિ સાંતનો એક જ વિકલ્પ છે.

**(૨) જીવ :–** યદ્યપિ સમુચ્ચય જીવ દ્રવ્યની અપેક્ષાએ અનાદિ અનંત છે છતાં સૂત્રમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ તેમાં ચારે ય ભંગ સ્વીકાર્યા છે જે સૂત્રપાઠથી અને ભાવાર્થથી સ્પષ્ટ છે.

**સિદ્ધ જીવ : સાદિ અનંત :–** જીવ કર્મક્ષય કરી સિદ્ધ થાય છે, તે અપેક્ષાએ તેની આદિ છે અને સિદ્ધ સદાય સિદ્ધ રૂપે જ રહે છે, તે અવસ્થાનો ક્યારે ય અંત થતો નથી. આ રીતે સિદ્ધ જીવ સાદિ અનંત છે.

## આઠ કર્મોની સ્થિતિ :–

**૯ कइ णं भंते ! कम्मप्पगडीओ पण्णत्ताओ ?**

**गोयमा ! अट्ठ कम्मप्पगडीओ पण्णत्ताओ, तं जहा– णाणावरणिज्जं दरिसणा- वरणिज्जं *जाव* अंतराइयं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મ પ્રકૃતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મ પ્રકૃતિ આઠ છે, તે આ પ્રમાણે છે– જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ***યાવત્*** અંતરાય.

**૧૦ णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स केवइयं कालं बंधट्ठिई पण्णत्ता ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मट्ठिई कम्मणिसेओ । एवं दरिसणा- वरणिज्जस्स वि ।**

**वेयणिज्जस्स जहण्णेणं दो समया, उक्कोसेणं जहा णाणावरणिज्जं । मोहणिज्जस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरिसागरोवमकोडाकोडीओ, सत य वाससहस्साणि अबाहा, अबाहूणिया कम्मट्ठिई कम्मणिसेओ ।**

**आउयस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाणि**

**पुव्वकोडितिभाग– मब्भहियाणि कम्मट्ठिई कम्मणिसेओ ।**

**णामगोयाणं जहण्णेणं अट्ठ मुहुत्ता, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, दोण्णि य वाससहस्साणि अबाहा, अबाहूणिया कम्मट्ठिई कम्मणिसेओ । अंतराइयं जहा णाणावरणिज्जं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મની બંધસ્થિતિ કેટલા કાલની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મની બંધસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાલ ત્રણ હજાર વર્ષનો છે. અબાધાકાલ પછીની જે કર્મસ્થિતિ છે તેમાં જ કર્મદલિકોની રચના થાય છે. તે જ રીતે દર્શનાવરણીય કર્મની બંધસ્થિતિના વિષયમાં પણ જાણવું જોઈએ.

વેદનીય કર્મની બંધસ્થિતિ જઘન્ય બે સમયની અને ઉત્કૃષ્ટ સ્થિતિ જ્ઞાનાવરણીય કર્મની સમાન છે. મોહનીય કર્મની બંધસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે, આબાધાકાલ સાત હજાર વર્ષનો છે. અબાધાકાલ પછીની જે કર્મસ્થિતિ છે તેમાં જ કર્મદલિકોની રચના થાય છે.

આયુષ્ય કર્મની બંધસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિનો ત્રીજો ભાગ અધિક ૩૩ સાગરોપમની છે, તેની સંપૂર્ણ કર્મસ્થિતિમાં કર્મદલિકોની રચના થાય છે.

નામકર્મ અને ગોત્રકર્મની બંધ સ્થિતિ જઘન્ય આઠમુહૂર્તની અને ઉત્કૃષ્ટ ર૦ ક્રોડાક્રોડી સાગરો–પમની છે. તેનો અબાધાકાલ બે હજાર વર્ષનો છે. તે અબાધાકાલ પછીની જે કર્મસ્થિતિ છે તેમાં કર્મદલિકોની રચના થાય છે. અંતરાય કર્મના વિષયમાં જ્ઞાનાવરણીય કર્મની જેમ[બંધસ્થિતિ આદિ]સમજી લેવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આઠકર્મોની જઘન્ય અને ઉત્કૃષ્ટ બંધસ્થિતિ, અબાધાકાલ અને કર્મનિષેક–કર્મ પુદ્‌ગલોની રચના સંબંધી નિરૂપણ કર્યું છે.

**બંધસ્થિતિ :–** કર્મબંધ થયા પછી જેટલા કાલ સુધી આત્મા સાથે રહે છે, તેને બંધ સ્થિતિ કહે છે.

**અબાધાકાલ :–** બાધાનો અર્થ છે કર્મનો ઉદય. કર્મોનો ઉદય ન થવો તે 'અબાધા' કહેવાય છે. કર્મબંધથી લઈને જ્યાં સુધી કર્મોનો ઉદય ન થાય(સાત કર્મમાં પ્રદેશોદય અને વિપાકોદય તથા આયુષ્ય કર્મમાં વિપાકોદય ન થાય) ત્યાં સુધીના કાલને અબાધાકાલ કહે છે. અર્થાત્ કર્મના બંધ અને ઉદયની વચ્ચેનો કાલ અબાધાકાલ કહેવાય છે.

**કર્મનિષેક :–** નિષેક એટલે રચના, ગોઠવણી; કર્મદલિકોની–કર્મપુદ્‌ગલોની ગોઠવણી તે કર્મનિષેક. અબાધાકાલ પછી કર્મબંધની સ્થિતિના અંતિમ સમય સુધીમાં કર્મ પુદ્‌ગલોની જે ગોઠવણી(રચના)યુક્ત બંધ થાય તેને કર્મનિષેક કહે છે.

કર્મની સ્થિતિ જેટલા ક્રોડાક્રોડી સાગરોપમની હોય છે તેટલા સો વર્ષનો અબાધાકાલ હોય છે. જેમ કે મોહનીય કર્મની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે તો તેનો અબાધાકાલ ૭૦ સો અર્થાત્

૭૦૦૦ વર્ષનો છે; ત્યાં સુધી તે કર્મ પોતાનો અનુભવ કરાવતું નથી. તત્પશ્ચાત્ મોહનીય કર્મ ૭૦૦૦ વર્ષ ન્યૂન ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ પર્યંત પોતાનો અનુભવ(વેદન)કરાવે છે, આ રીતે જીવ જેટલી સ્થિતિના જે જે કર્મો બાંધે છે તે પ્રમાણે કર્મોનો અબાધાકાલ સ્થિતિ અનુસાર નિશ્ચિત્ત થાય છે. જો મોહનીય કર્મ મધ્યમ ૬૦ ક્રોડાક્રોડી સાગરોપમનું બંધાય તો ૬૦૦૦ વર્ષનો અબાધાકાળ પડે છે. આ રીતે આયુષ્ય સિવાય સર્વ કર્મોમાં અબાધાકાળ જાણવો.

**આયુષ્ય કર્મમાં વિશેષતા :–** સૂત્રમાં જ્ઞાનાવરણીય આદિ સાત કર્મો માટે **अबाहूणिया कम्मठिई कम्मणिसेओ** કથન છે. જ્યારે આયુષ્ય કર્મ માટે **कम्मठिई कम्मणिसेओ** કથન છે. આ ભિન્નતાનું તાત્પર્ય એ છે કે સાત કર્મોમાં અબાધાકાલ સિવાયની કર્મસ્થિતિમાં કર્મ પુદ્ગલોની ગોઠવણી થાય છે જ્યારે આયુષ્યકર્મમાં સંપૂર્ણ કર્મસ્થિતિમાં કર્મ પુદ્ગલોની ગોઠવણી થાય છે. તે કારણે જ તેના માટે સૂત્રમાં **अबाहूणिया** શબ્દપ્રયોગ કર્યો નથી. આ અંતરના કારણે આયુષ્યકર્મનો બંધ થતાં જ તેનો પ્રદેશોદય પ્રારંભ થઈ જાય છે. પ્રદેશોદયમાં કર્મનું વેદન હોતું નથી, માટે પ્રદેશોદય હોવા છતાં તે અબાધાકાલ રૂપ છે. કારણ કે તે સમયે આગામી ભવના આયુષ્યનો વિપાક ઉદય અને તત્સંબંધી કોઈપણ સુખ દુઃખ હોતા નથી અને સાત કર્મોના અબાધાકાલમાં(પુદ્ગલ રચના–નિષેક ન હોવાથી) તે કર્મોનો પ્રદેશોદય પણ હોતો નથી.

**વેદનીય કર્મની સ્થિતિ :–** જે વેદનીય કર્મબંધમાં કષાય કારણ ન હોય, કેવળ યોગ જ નિમિત્ત હોય તેવા ઐર્યાપથિક વેદનીયકર્મ બંધની સ્થિતિ બે સમયની છે. તે વેદનીય કર્મ પ્રથમ સમયે બંધાય, બીજે સમયે તેનું વેદન થાય છે. પરંતુ સકષાય(સાંપરાયિક)વેદનીય કર્મના બંધની સ્થિતિ જઘન્ય ૧૨ મુહૂર્તની હોય છે. શેષ કર્મોની સ્થિતિ સૂત્રપાઠથી સ્પષ્ટ છે.

**આઠ કર્મોની સ્થિતિ અને અબાધાકાલ :–**

| કર્મ | કર્મબંધની સ્થિતિ | | અબાધાકાલની સ્થિતિ | | કર્મપુદ્ગલ નિષેકની સ્થિતિ | |
|---|---|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અંતરાય | અંતર્મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત | ૩૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | ૩૦૦૦ વર્ષ ન્યૂન ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| મોહનીય | અંતર્મુહૂર્ત | ૭૦ ક્રોડાક્રોડી | અંતર્મુહૂર્ત | ૭૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | ૭૦૦૦ વર્ષ ન્યૂન ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| સકષાય વેદનીય | ૧૨ મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ. | અંતર્મુહૂર્ત | ૩૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | ૩૦૦૦ વર્ષ ન્યૂન ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આયુષ્ય | અંતર્મુહૂર્ત | પૂર્વકોટિનો ત્રીજો ભાગ અધિક ૩૩ સાગરોપમ | અંતર્મુહૂર્ત | પૂર્વકોટિનો ત્રીજો ભાગ | અંતર્મુહૂર્ત | સ્થિતિ પ્રમાણે |
| નામ–ગોત્ર | આઠ મુહૂર્ત | ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત | ૨૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત | ૨૦૦૦ વર્ષ ન્યૂન ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |

**પંદર દ્વારના ૫૦ બોલ ઉપર કર્મબંધક–અબંધક :–**

**(૧) વેદ દ્વાર :–**

**११ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं इत्थी बंधइ, पुरिसो बंधइ, णपुंसओ बंधइ, णोइत्थी–णोपुरिस–णोणपुंसओ बंधइ ?**

**गोयमा ! इत्थी वि बंधइ, पुरिसे वि बंधइ, णपुंसओ वि बंधइ; णोइत्थी–णोपुरिस–णोणपुंसओ सिय बंधइ, सिय णो बंधइ । एवं आउयवज्जाओ सत्त कम्मप्पगडीओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મ શું સ્ત્રી બાંધે, પુરુષ બાંધે કે નપુંસક બાંધે અથવા નોસ્ત્રી નોપુરુષ નોનપુંસક(અવેદી) બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીયકર્મ સ્ત્રી પણ બાંધે, પુરુષ પણ બાંધે અને નપુંસક પણ બાંધે પરંતુ નોસ્ત્રી નોપુરુષ નોનપુંસક કદાચિત્ બાંધે, કદાચિત્ ન બાંધે.

આ રીતે આયુષ્ય કર્મને છોડીને શેષ સાત કર્મપ્રકૃતિઓના વિષયમાં સમજવું.

**१२ आउयं णं भंते ! कम्मं किं इत्थी बंधइ, पुरिसो बंधइ, णपुंसओ बंधइ, पुच्छा ?**

**गोयमा ! इत्थी सिय बंधइ, सिय णो बंधइ । एवं तिण्णि वि भाणियव्वा; णोइत्थी–णोपुरिस–णोणपुंसओ ण बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આયુષ્ય કર્મ શું સ્ત્રી બાંધે, પુરુષ બાંધે, નપુંસક બાંધે કે નોસ્ત્રી નોપુરુષ નોનપુંસક બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આયુષ્ય કર્મ સ્ત્રી કદાચિત્ બાંધે, કદાચિત્ ન બાંધે; પુરુષ કદાચિત્ બાંધે,

કદાચિત્ ન બાંધે; નપુંસક કદાચિત્ બાંધે, કદાચિત્ ન બાંધે અને નોસ્ત્રી નોપુરુષ નોનપુંસક આયુષ્ય કર્મ બાંધતા નથી.

## વિવેચન :-

ઉપરોક્ત સૂત્રોમાં સ્ત્રી, પુરુષ, નંપુસક અને વેદરહિત–અવેદી જીવ આઠ કર્મોનો બંધ કરે કે ન કરે, તે વિષયનું નિરૂપણ કર્યું છે.

સ્ત્રી, પુરુષ અને નપુંસકવેદી જીવ આયુષ્ય કર્મને છોડીને શેષ સાત કર્મ અવશ્ય(નિયમા) બાંધે છે. આયુષ્ય કર્મનો બંધ એક ભવમાં એક જ વાર થાય છે. તેથી સ્ત્રીવેદી આદિ ત્રણ વેદવાળા જીવ આયુષ્યકર્મ કદાચિત્ બાંધે કદાચિત્ ન બાંધે.

**णो इत्थी णोपुरिस णोणपुंसओ :–** સૂત્રમાં ત્રણે ય વેદ રહિત **અવેદી જીવ** માટે આ શબ્દપ્રયોગ થયો છે. નવમા ગુણસ્થાનથી જીવ અવેદી બની જાય છે. અવેદી જીવમાં આયુષ્ય કર્મનો બંધ થતો નથી. શેષ સાત કર્મોનો બંધ વિકલ્પે થાય છે. તેમાં નવમા ગુણસ્થાને સાતકર્મનો બંધ થાય છે. દશમા ગુણસ્થાને આયુષ્ય અને મોહનીય કર્મને છોડીને છ કર્મનો બંધ થાય છે. ૧૧, ૧૨, ૧૩માં ગુણસ્થાને એક વેદનીય કર્મનો બંધ થાય. ચૌદમા ગુણસ્થાનવર્તી અવેદી જીવોને કોઈ કર્મનો બંધ નથી. આ રીતે અવેદી = નોસ્ત્રી નોપુરુષ નોનપુંસકમાં સાતકર્મના બંધની ભજના અને આયુકર્મનો અબંધ હોય છે.

**ગુણસ્થાનની અપેક્ષાએ કર્મબંધ :–** (૧–૫) જ્ઞાનાવરણીય દર્શનાવરણીય નામ, ગોત્ર અને અંતરાય એ પાંચ કર્મ દસ ગુણસ્થાન સુધી બંધાય છે. (૬) મોહનીય કર્મ નવ ગુણસ્થાન સુધી બંધાય છે. (૭) આયુષ્યકર્મ ત્રીજું ગુણસ્થાન છોડીને સાત ગુણસ્થાન સુધી બંધાય છે. (૮) વેદનીયકર્મ તેર ગુણસ્થાન સુધી બંધાય છે. ચૌદમા ગુણસ્થાને કર્મબંધ નથી.

હવે પછીના દ્વારમાં જીવોને જે ભાવમાં જેટલા ગુણસ્થાન પ્રાપ્ત થતાં હોય તે ગુણસ્થાન અનુસાર તે જીવોના કર્મબંધ અને અબંધને સમજવા.

## (૨) સંયત દ્વાર :-

**૧૩ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं संजए बंधइ, असंजए बंधइ, संजयासंजए बंधइ, णोसंजय–णोअसंजय–णोसंजयासंजए बंधइ ?**

**गोयमा ! संजए सिय बंधइ, सिय णो बंधइ; असंजए बंधइ; संजयासंजए वि बंधइ; णोसंजय–णोअसंजय–णोसंजयासंजए ण बंधइ । एवं आउयवज्जाओ सत्त वि । आउए हेट्ठिल्ला तिण्णि भयणाए, उवरिल्ले ण बंधइ ।**

**શબ્દાર્થ :– संजए** = સામાયિક આદિ પાંચ ચારિત્રવાન, સર્વવિરતિ સાધુ, છટ્ઠાથી ચૌદમા ગુણસ્થાનવર્તી

**असंजए** = એકથી ચાર ગુણસ્થાનવર્તી જીવ **संजयासंजए** = પાંચમા ગુણસ્થાનવર્તી, દેશવિરતિશ્રાવક **णोसंजए णोअसंजए णोसंजयासंजए** = સિદ્ધ **हेट्ठिल्ला** = પ્રારંભના, પહેલાંના **भयणाए** = વિકલ્પથી, કદાચિત્ બાંધે કદાચિત્ ન બાંધે **उवरिल्ले** = પછીના, અંતિમ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સંયત બાંધે, અસંયત બાંધે, સંયતાસંયત બાંધે કે નોસંયત નોઅસંયત નોસંયતાસંયત બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીયકર્મ સંયત કદાચિત્ બાંધે, કદાચિત્ ન બાંધે; અસંયત નિયમા બાંધે; સંયતાસંયત નિયમા બાંધે પરંતુ નોસંયત નોઅસંયત નોસંયતાસંયત(સિદ્ધ ભગવાન) બાંધતા નથી. આ જ રીતે આયુષ્યને છોડીને સાતે ય કર્મ પ્રકૃતિઓના વિષયમાં સમજવું જોઈએ.

આયુષ્ય કર્મના સંબંધમાં સંયત, અસંયત અને સંયતાસંયત માટે ભજના સમજવી અર્થાત્ કદાચિત્ બાંધે કદાચિત્ ન બાંધે; પરંતુ નોસંયત નોઅસંયત નોસંયતાસંયત(સિદ્ધ જીવ) આયુષ્ય કર્મ બાંધતા નથી.

## વિવેચન :–

સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર, આ ચારે સંયમમાં જીવ જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધે છે, યથાખ્યાત ચારિત્રમાં જીવ જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધતા નથી, તેથી સંયતમાં જ્ઞાનાવરણીયાદિ આઠે ય કર્મબંધની ભજના છે. અસંયત અને સંયતાસંયત જીવ જ્ઞાનાવરણીયાદિ સાત કર્મ નિયમા બાંધે છે અને તેમાં આયુષ્ય કર્મબંધની ભજના છે. સિદ્ધ જીવ કોઈ પણ કર્મ બાંધતા નથી.

સંયત, અસંયત, સંયતાસંયત આ ત્રણે ય, જીવનમાં એકવાર આયુષ્ય બાંધે છે, માટે ક્યારેક બાંધે ક્યારેક ન બાંધે; તેથી ત્રણેયમાં આયુબંધની ભજના હોય છે.

## (૩) દૃષ્ટિ દ્વાર :–

**१४ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं सम्मदिट्ठी बंधइ, मिच्छदिट्ठी बंधइ, सम्मामिच्छदिट्ठी बंधइ ?**

**गोयमा ! सम्मदिट्ठी सिय बंधइ, सिय णो बंधइ; मिच्छदिट्ठी बंधइ, सम्मा- मिच्छदिट्ठी बंधइ; एवं आउयवज्जाओ सत्त वि, आउए हेट्ठिला दो भयणाए, सम्मा- मिच्छदिट्ठी ण बंधइ । आउए हेट्ठिल्ला दो भयणाए, सम्मामिच्छादिट्ठी ण बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સમ્યગ્દૃષ્ટિ જીવ બાંધે, મિથ્યાદૃષ્ટિ જીવ બાંધે કે મિશ્રદૃષ્ટિ જીવ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ સમ્યગ્દૃષ્ટિ જીવ કદાચિત્ બાંધે, કદાચિત્ ન બાંધે; મિથ્યાદૃષ્ટિ

જીવ નિયમા બાંધે અને મિશ્રદષ્ટિ જીવ પણ નિયમા બાંધે છે. આ જ રીતે આયુષ્યને છોડીને શેષ સાત કર્મ પ્રકૃતિઓના વિષયમાં સમજવું જોઈએ.

પ્રારંભના બે બોલ અર્થાત્ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ જીવ આયુષ્યકર્મ ભજનાએ બાંધે છે, મિશ્રદષ્ટિ જીવ આયુષ્યકર્મ બાંધતા નથી.

**વિવેચન :–**

ચોથાથી ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો સમ્યગ્દષ્ટિ હોય છે. તે સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, નામ, ગૌત્ર આ પાંચ કર્મનો બંધ દશમા ગુણસ્થાન સુધી કરે છે, મોહનીય કર્મનો બંધ નવમા ગુણસ્થાન સુધી કરે છે, વેદનીય કર્મનો બંધ તેરમા ગુણસ્થાન સુધી કરે છે. છ ગુણસ્થાન સુધી કોઈ જીવ આયુષ્યનો બંધ કરે અને કોઈ ન કરે. જે જીવ કરે તે પણ જીવનમાં એક જ વાર કરે છે. આ રીતે સમ્યગ્દષ્ટિમાં આઠે ય કર્મ ભજનાથી બંધાય છે અર્થાત્ ક્યારેક બંધાય ક્યારેક ન બંધાય. મિથ્યાદષ્ટિમાં સાત કર્મબંધની નિયમા છે આયુષ્ય કર્મ બંધની ભજના છે.

**મિશ્રદષ્ટિ :–** ત્રીજા ગુણસ્થાનવર્તી જીવો મિશ્રદષ્ટિ છે. મિશ્રદષ્ટિના પરિણામોમાં કોઈપણ પ્રકારની નિશ્ચિતતા ન હોવાથી તેઓને આયુબંધ થતો નથી. આ મિશ્રદષ્ટિ જીવો આયુષ્યકર્મને છોડીને શેષ સાત કર્મ અવશ્ય બાંધે છે.

**(૪) સંજ્ઞી–અસંજ્ઞી દ્વાર :–**

**૧૫ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं सण्णी बंधइ, असण्णी बंधइ, णोसण्णी णोअसण्णी बंधइ ?**

**गोयमा ! सण्णी सिय बंधइ, सिय णो बंधइ । असण्णी बंधइ । णोसण्णी-णोअसण्णी ण बंधइ । एवं वेयणिज्जाउयवज्जाओ छ कम्मप्पगडीओ । वेयणिज्जं हेट्ठिल्ला दो बंधंति, उवरिल्ले भयणाए, आउयं हेट्ठिल्ला दो भयणाए, उवरिल्ले ण बंधइ ।**

**શબ્દાર્થ :– सण्णी** = મનવાળા જીવ **असण्णी** = મનરહિત જીવ **णोसण्णी णोअसण्णी** = કેવળ જ્ઞાની કે સિદ્ધના જીવ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સંજ્ઞી જીવ બાંધે, અસંજ્ઞી જીવ બાંધે કે નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ સંજ્ઞી જીવ કદાચિત્ બાંધે, કદાચિત્ ન બાંધે; અસંજ્ઞી જીવ નિયમા બાંધે; નોસંજ્ઞી નોઅસંજ્ઞી ન બાંધે. આ રીતે વેદનીય અને આયુષ્યને છોડીને શેષ છ કર્મપ્રકૃતિઓના

વિષયમાં જાણવું જોઈએ. વેદનીયકર્મ સંજ્ઞી અને અસંજ્ઞી જીવ નિયમા બાંધે, નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ કદાચિત્ બાંધે કદાચિત્ ન બાંધે.

આયુષ્ય કર્મ સંજ્ઞી અને અસંજ્ઞી જીવ ભજનાથી બાંધે અને નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ આયુષ્ય કર્મ બાંધતા નથી.

## વિવેચન :-

**સંજ્ઞી જીવ :–** છ કર્મ ભજનાથી બાંધે, વેદનીયકર્મ નિયમા બાંધે અને આયુકર્મ જીવનમાં એકવાર બાંધે. આ રીતે સાત કર્મ ભજનાથી બાંધે તથા વેદનીય કર્મ નિયમા બાંધે. વેદનીય કર્મનો અબંધ ચૌદમા ગુણસ્થાને થાય છે અને સંજ્ઞીમાં ૧૨ ગુણસ્થાન હોય છે તેથી સંજ્ઞી જીવ વેદનીય કર્મ નિયમા બાંધે.

**અસંજ્ઞી જીવ :–** સાત કર્મ નિયમા બાંધે અને આયુકર્મ કદાચિત્ બાંધે કદાચિત્ ન બાંધે.

**નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ :–** તેરમા ચૌદમા ગુણસ્થાનવર્તી જીવોને સાત કર્મોનો અબંધ છે. તેરમા ગુણસ્થાનવાળા વેદનીય કર્મ બાંધે છે અને ચૌદમા ગુણસ્થાનવાળા વેદનીય કર્મ બાંધતા નથી માટે તેઓને વેદનીય કર્મબંધની ભજના છે.

## (૫) ભવી–અભવી દ્વાર :-

**१६ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं भवसिद्धिए बंधइ, अभवसिद्धिए बंधइ, णोभवसिद्धिय–णोअभवसिद्धिए बंधइ ?**

**गोयमा ! भवसिद्धिए भयणाए, अभवसिद्धिए बंधइ; णोभवसिद्धिय–णोअभव–सिद्धिए ण बंधइ, एवं आउयवज्जाओ सत्त वि, आउयं हेट्ठिल्ला दो भयणाए, उवरिल्ले ण बंधइ ।**

**શબ્દાર્થ :– भवसिद्धिए** = ભવીજીવ **अभवसिद्धिए** = અભવી જીવ **णोभवसिद्धिय–णोअभवसिद्धिए** = સિદ્ધ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું ભવી જીવ બાંધે, અભવી જીવ બાંધે કે નોભવી નોઅભવી જીવ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ ભવી જીવ ભજનાથી બાંધે છે, અભવી જીવ નિયમા બાંધે છે અને નોભવી નોઅભવી જીવ બાંધતા નથી.

તે જ રીતે આયુષ્ય કર્મને છોડીને સાત કર્મપ્રકૃતિઓના વિષયમાં કહેવું જોઈએ. આયુષ્ય કર્મ ભવી અને અભવી જીવ ભજનાથી બાંધે છે, સિદ્ધ જીવ બાંધતા નથી.

## વિવેચન :-

**ભવીમાં**– આઠે ય કર્મબંધની ભજના. **અભવીમાં**– સાત કર્મબંધની નિયમા, આયુષ્ય કર્મબંધની ભજના. **સિદ્ધોમાં**– સર્વ કર્મનો અબંધ હોય છે.

## (૬) દર્શન દ્વાર :-

**૧૭ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं चक्खुदंसणी बंधइ, अचक्खुदंसणी बंधइ, ओहिदंसणी बंधइ, केवलदंसणी बंधइ ?**

**गोयमा ! हेट्ठिल्ला तिण्णि भयणाए । उवरिल्ले ण बंधइ । एवं वेयणिज्ज-वज्जाओ सत्त वि । वेयणिज्जं हेट्ठिल्ला तिण्णि बंधंति, केवलदंसणी भयणाए ।**

**શબ્દાર્થ :– हेट्ठिल्ला तिण्णि** = પ્રારંભના ત્રણ, ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શન **उवरिल्ले** = અંતિમ, કેવળદર્શન.

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું ચક્ષુદર્શની બાંધે, અચક્ષુદર્શની બાંધે, અવધિદર્શની બાંધે કે કેવલદર્શની બાંધે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ નીચેના ત્રણ અર્થાત્ ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અને અવધિ–દર્શની ભજનાથી બાંધે છે, કેવલ દર્શની બાંધતા નથી. આ જ રીતે વેદનીયને છોડીને સાતકર્મ પ્રકૃતિઓના વિષયમાં સમજી લેવું જોઈએ. વેદનીય કર્મને ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અને અવધિદર્શની નિયમા બાંધે છે પરંતુ કેવલદર્શની ભજનાથી બાંધે છે.

## વિવેચન :-

**દર્શન :–** દર્શનાવરણીય કર્મના ક્ષય અથવા ક્ષયોપશમથી સાક્ષાત્ આત્મા દ્વારા અથવા ભાવેન્દ્રિય દ્વારા કે દ્રવ્ય ઈન્દ્રિયો દ્વારા જોવું, અનુભવવું અથવા પદાર્થનો સામાન્ય બોધ થવો તે દર્શન કહેવાય છે.

**चक्खुदंसणी :–** જેને આંખ દ્વારા પદાર્થનો સામાન્ય બોધ થાય તે.

**अचक्खुदंसणी :–** જેને આંખ સિવાયની ચાર ઈંદ્રિય દ્વારા પદાર્થનો સામાન્ય બોધ થાય તે.

**ओहिदंसणी :–** ઈંદ્રિયની સહાયતા વિના, સાક્ષાત્ આત્માથી રૂપી પદાર્થનો સામાન્ય બોધ થાય તે.

**केवलदंसणी :–** જેને રૂપી, અરૂપી સર્વ દ્રવ્યનો, ત્રણે કાળ ત્રણે લોક સંબંધી સામાન્ય બોધ થાય તે.

પ્રારંભના ત્રણ દર્શન બાર ગુણસ્થાન સુધી હોય છે અને કેવળદર્શન તેરમા, ચૌદમા ગુણસ્થાનમાં હોય છે.

**કર્મબંધ :–** ત્રણદર્શનીને વેદનીયકર્મનો બંધ નિયમા થાય. શેષ સાત કર્મ વિકલ્પે બંધાય. કેવળદર્શનીને વેદનીય કર્મ ભજનાથી બંધાય અને સાત કર્મ ન બંધાય.

### (૭) પર્યાપ્ત દ્વાર :–

**१८ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं पज्जत्तए बंधइ, अपज्जत्तए बंधइ, णोपज्जत्तय–णोअपज्जत्तए बंधइ ?**

**गोयमा ! पज्जत्तए भयणाए; अपज्जत्तए बंधइ, णोपज्जत्तय–णोअपज्जत्तए ण बंधइ । एवं आउयवज्जाओ सत्त वि, आउयं हेट्ठिल्ला दो भयणाए, उवरिल्ले ण बंधइ ।**

**શબ્દાર્થ :– पज्जत्तए** = પર્યાપ્ત જીવ. સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરી લીધી હોય તેવા જીવ **अपज्जत्तए** = સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરી ન હોય તેવા જીવ **णोपज्जत्तय–णोअपज्जत्तए** = પર્યાપ્તિ–અપર્યાપ્તિથી રહિત સિદ્ધ ભગવાન.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું પર્યાપ્ત જીવ બાંધે, અપર્યાપ્ત જીવ બાંધે કે નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત જીવ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ પર્યાપ્ત જીવ ભજનાથી બાંધે, અપર્યાપ્ત જીવ નિયમા બાંધે અને નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત જીવ બાંધતા નથી. આ રીતે આયુષ્ય કર્મને છોડીને સાત કર્મપ્રકૃતિઓના વિષયમાં કહેવું જોઈએ. આયુષ્ય કર્મ પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવ ભજનાથી બાંધે અને નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત સિદ્ધ જીવ બાંધતા નથી.

### વિવેચન :–

**પર્યાપ્ત જીવ–** આઠે ય કર્મ ભજનાથી બાંધે. કારણ કે તેમાં ચૌદે ય ગુણસ્થાન હોય છે. **અપર્યાપ્ત જીવમાં** પહેલું, બીજું અને ચોથું ગુણસ્થાન હોય છે. તેથી તે સાત કર્મ નિયમા બાંધે અને આયુકર્મ ભજનાથી બાંધે. **નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત–** સિદ્ધ ભગવાન કોઈ કર્મ બાંધતા નથી.

### (૮) ભાષક દ્વાર :–

**१९ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं भासए बंधइ, अभासए बंधइ ?**

**गोयमा ! दो वि भयणाए, एवं वेयणिज्जवज्जाओ सत्त वि । वेयणिज्जं भासए बंधइ, अभासए भयणाए ।**

**શબ્દાર્થ :– भासए** = બોલનારા જીવો, વચનયોગવાળા જીવ **अभासए** = વચનયોગ રહિત જીવ, ન

બોલનારા જીવો.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું ભાષક જીવ બાંધે કે અભાષક જીવ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ ભાષક અને અભાષક બંને ભજનાથી બાંધે છે. તે જ રીતે વેદનીયને છોડીને સાત કર્મ પ્રકૃતિના વિષયમાં કહેવું. ભાષક જીવ વેદનીય કર્મ નિયમા બાંધે છે અને અભાષક જીવ ભજનાથી બાંધે છે.

## વિવેચન :–

**ભાષકજીવમાં–** ૧ થી ૧૩ ગુણસ્થાન હોય છે, તે વેદનીય કર્મ અવશ્ય બાંધે છે અને સાત કર્મ ભજનાથી બાંધે છે. **અભાષક જીવમાં–** અયોગીકેવળી(ચૌદમા ગુણસ્થાનવર્તી) જીવ, સિદ્ધ, વિગ્રહગતિ સમાપન્નક જીવ અને એકેન્દ્રિય જીવો હોય છે. તેમાં અયોગી કેવળી અને સિદ્ધ કોઈ કર્મ બાંધતા નથી, વિગ્રહગતિ સમાપન્નક જીવ આયુષ્ય કર્મ બાંધતા નથી; શેષ સાત કર્મ અવશ્ય બાંધે છે. એકેન્દ્રિય જીવ આયુષ્યકર્મ વિકલ્પે બાંધે છે; શેષ સાત કર્મ અવશ્ય બાંધે છે. આ રીતે અભાષક જીવ આઠે ય કર્મ વિકલ્પે બાંધે છે અર્થાત્ કેટલાક અભાષક જીવો આઠે ય કર્મ બાંધે છે, કેટલાક અભાષાક જીવ આઠે ય કર્મ બાંધતા નથી.

## (૯) પરિત દ્વાર :–

**૨૦ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं परित्ते बंधइ, अपरित्ते बंधइ, णोपरित्ते–णोअपरित्ते बंधइ ?**

**गोयमा ! परित्ते भयणाए, अपरित्ते बंधइ, णोपरित्ते णोअपरित्ते ण बंधइ । एवं आउयवज्जाओ सत्त कम्मप्पगडीओ । आउयं परित्ते वि अपरित्ते वि भयणाए णोपरित्ते णोअपरित्ते ण बंधइ ।**

**શબ્દાર્થ :– परित्ते** = જેનો સંસાર પરિભ્રમણકાળ સીમિત રહ્યો હોય તેવા જીવો **अपरित्ते** = જેનો સંસારકાળ અપરિમિત–અનંત શેષ હોય તેવા જીવ **णोपरित्ते णोअपरित्ते** = સિદ્ધ ભગવાન.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું પરિત્તજીવ બાંધે, અપરિત્ત જીવ બાંધે કે નોપરિત્ત નોઅપરિત્ત જીવ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરિત્ત જીવમાં જ્ઞાનાવરણીય કર્મબંધની ભજના છે, અપરિત્ત જીવ જ્ઞાના–વરણીય કર્મ નિયમા બાંધે છે અને નોપરિત્ત નોઅપરિત્ત જીવ બાંધતા નથી. તે જ રીતે આયુષ્ય કર્મને છોડીને સાત કર્મ પ્રકૃતિના વિષયમાં કહેવું જોઈએ. આયુષ્ય કર્મને પરિત્ત અને અપરિત્ત ભજનાથી બાંધે, નોપરિત્ત–નોઅપરિત્ત–સિદ્ધ જીવ બાંધતા નથી.

**વિવેચન :–**

**પરિત્ત જીવ :–** જેના ભવ સીમિત છે અર્થાત્ અલ્પભવ કરી મુક્ત થનાર છે, તે પરિત્ત કહેવાય. તેમાં ચૌદ ગુણસ્થાન હોય છે, તેથી તે આઠે ય કર્મનો વિકલ્પથી બંધ કરે છે.

**અપરિત્ત જીવ :–** જેના ભવ અસીમિત છે અર્થાત્ જેને અનંત જન્મમરણ સુધી સંસાર ભ્રમણ કરવાનું છે તેને અપરિત્ત કહેવાય. તે જ્ઞાનાવરણીયાદિ સાત કર્મો અવશ્ય બાંધે છે. આયુષ્યકર્મ પૂર્વવત્ વિકલ્પે બાંધે છે.

**નો પરિત્ત નો અપરિત્ત :–** સિદ્ધના જીવો કોઈ કર્મ બાંધતા નથી.

**(૧૦) જ્ઞાન દ્વાર :–**

**२१ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं आभिणिबोहियणाणी बंधइ, सुयणाणी, ओहिणाणी, मणपज्जवणाणी, केवलणाणी बंधइ ?**

**गोयमा ! हेट्ठिल्ला चत्तारि भयणाए, केवलणाणी ण बंधइ । एवं वेयणिज्ज- वज्जाओ सत्त वि । वेयणिज्जं हेट्ठिल्ला चत्तारि बंधंति, केवलणाणी भयणाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું મતિજ્ઞાની બાંધે, શ્રુતજ્ઞાની બાંધે, અવધિજ્ઞાની બાંધે, મનઃપર્યવજ્ઞાની બાંધે કે કેવલજ્ઞાની બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મ પ્રથમના ચાર જ્ઞાની ભજનાથી બાંધે અને કેવલજ્ઞાની બાંધતા નથી. તે જ રીતે વેદનીય કર્મને છોડીને સાતે ય કર્મપ્રકૃતિઓના વિષયમાં સમજી લેવું જોઈએ. વેદનીયકર્મને ચાર જ્ઞાની નિયમા બાંધે છે. કેવલજ્ઞાની ભજનાથી બાંધે છે.

**२२ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं मइअण्णाणी बंधइ, सुयअण्णाणी बंधइ, विभंगणाणी बंधइ ?**

**गोयमा ! आउयवज्जाओ सत्त वि बंधंति, आउयं भयणाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું મતિ અજ્ઞાની બાંધે, શ્રુત અજ્ઞાની બાંધે કે વિભંગજ્ઞાની બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આયુષ્યકર્મને છોડીને શેષ સાતે ય કર્મ પ્રકૃતિઓને ત્રણે પ્રકારના અજ્ઞાની જીવો નિયમા બાંધે છે. આયુષ્યકર્મ કદાચિત્ બાંધે, કદાચિત્ ન બાંધે.

**વિવેચન :–**

પ્રથમ ચાર જ્ઞાનીમાં બીજું અને ચોથાથી બારમું ગુણસ્થાન હોય છે, તેમાં ૧૩મું ૧૪મું ગુણસ્થાન

નથી, તેથી વેદનીય સિવાય સાત કર્મ વિકલ્પથી બાંધે અને વેદનીય કર્મ અવશ્ય બાંધે છે.

કેવળજ્ઞાનીમાં ૧૩મું અને ૧૪મું બે ગુણસ્થાન હોય. તેઓ સયોગી અવસ્થામાં વેદનીયકર્મ બાંધે અને અયોગી અવસ્થામાં ન બાંધે. તેથી તેઓ વેદનીય કર્મ વિકલ્પે બાંધે છે અને શેષ કર્મો બાંધતા નથી.

મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાનીમાં પહેલું અને ત્રીજું બે ગુણસ્થાન હોય છે, તેથી તે સાતકર્મ અવશ્ય બાંધે અને આયુષ્ય કર્મ વિકલ્પે બાંધે છે.

### (૧૧) યોગ દ્વાર :–

**૨૩ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं मणजोगी बंधइ, वयजोगी बंधइ, कायजोगी बंधइ, अजोगी बंधइ ?**

**गोयमा ! हेट्ठिल्ला तिण्णि भयणाए, अजोगी ण बंधइ । एवं वेयणिज्जवज्जाओ सत्त वि । वेयणिज्जं हेट्ठिल्ला बंधंति, अजोगी ण बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું મનયોગી બાંધે, વચનયોગી બાંધે, કાયયોગી બાંધે કે અયોગી બાંધે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મબંધ મનયોગી, વચનયોગી, કાયયોગીમાં ભજના છે. અયોગી બાંધતા નથી. આ રીતે વેદનીયકર્મ સિવાય સાત કર્મપ્રકૃતિઓના વિષયમાં સમજવું. વેદનીય કર્મ મનયોગી, વચનયોગી, કાયયોગી બાંધે છે, અયોગી બાંધતા નથી.

### વિવેચન :–

**સયોગી જીવમાં** તેર ગુણસ્થાન હોય છે, તેથી તે સાત કર્મ વિકલ્પે બાંધે છે અને વેદનીય કર્મ અવશ્ય બાંધે છે. **અયોગી જીવમાં** ૧૪મા ગુણસ્થાનવર્તી કેવળી અને સિદ્ધના જીવ હોય છે. તે કોઈ કર્મ બાંધતા નથી.

### (૧૨) ઉપયોગ દ્વાર :–

**૨૪ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं सागारोवउत्ते बंधइ, अणागारोवउत्ते बंधइ ? गोयमा ! अट्ठसु वि भयणाए ।**

**શબ્દાર્થ :– सागारोवउत्ते** = સાકારોપયુક્ત, જ્ઞાન–અજ્ઞાનમાં ઉપયુક્ત આત્મા, સાકારોપયોગી **अणागारो- वउत्ते** = અનાકારોપયુક્ત, દર્શનોપયુક્ત આત્મા, અનાકારોપયોગી.

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સાકારોપયોગી બાંધે કે અનાકારોપયોગી બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સાકારોપયોગી અને અનાકારોપયોગી બંને પ્રકારના જીવ આઠે ય કર્મ ભજનાથી બાંધે છે.

**વિવેચન :–**

સાકારોપયોગ અને અનાકારોપયોગ ૧ થી ૧૪ ગુણસ્થાન પર્યંત હોય છે અને સિદ્ધમાં પણ હોય છે. આ બંને ઉપયોગવાળા સયોગી અવસ્થામાં આઠ કર્મ બાંધે છે અને અયોગી અવસ્થામાં કોઈ કર્મ બાંધતા નથી. તેથી આઠે કર્મ ભજનાથી બાંધે છે.

**(૧૩) આહારકદ્વાર :–**

**૨૫ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं आहारए बंधइ, अणाहारए बंधइ ?**

**गोयमा ! दो वि भयणाए । एवं वेयणिज्जाउयवज्जाणं छण्हं, वेयणिज्जं आहारए बंधइ, अणाहारए भयणाए । आउए आहारए भयणाए, अणाहारए ण बंधइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું આહારક જીવ બાંધે કે અનાહારક જીવ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આહારક અને અનાહારક બંને પ્રકારના જીવને જ્ઞાનાવરણીય કર્મબંધમાં ભજના છે. વેદનીય અને આયુષ્ય કર્મને છોડીને છ કર્મપ્રકૃતિઓ માટે તેમજ જાણવું. વેદનીય કર્મ આહારક જીવ નિયમા બાંધે છે, અનાહારક માટે ભજના છે. આયુષ્ય કર્મ આહારક જીવ વિકલ્પે બાંધે, અનાહારક જીવ બાંધતા નથી.

**વિવેચન :–**

**આહારકમાં** તેર ગુણસ્થાન હોય છે, તેથી તેઓ સાત કર્મ વિકલ્પથી બાંધે અને વેદનીય કર્મ નિયમા બાંધે.

**અનાહારકમાં** વાટે વહેતા સર્વ દંડકના જીવો, ચૌદમા ગુણસ્થાનવાળા અયોગી મનુષ્યો તથા સિદ્ધ જીવો હોય છે. તે જીવો આયુષ્ય કર્મ બાંધતા જ નથી અને સાત કર્મ વિકલ્પથી બાંધે છે. કારણ કે વાટે વહેતા અનાહારક જીવ નિયમા સાત કર્મ બાંધે છે અને અયોગી તથા સિદ્ધ અનાહારક જીવો કોઈ કર્મ બાંધતા નથી.

**(૧૪) સૂક્ષ્મ દ્વાર :–**

**૨૬ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं सुहुमे बंधइ, बायरे बंधइ, णोसुहुम–णोबायरे बंधइ ?**

**गोयमा ! सुहुमे बंधइ, बायरे भयणाए, णोसुहुम णोबायरे ण बंधइ ।**

**एवं आउयवज्जाओ सत्त वि । आउए सुहुमे, बायरे भयणाए; णोसुहुम णोबायरे ण बंधइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સૂક્ષ્મ જીવ બાંધે, બાદર જીવ બાંધે કે નોસૂક્ષ્મ–નોબાદર જીવ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સૂક્ષ્મ જીવ નિયમા બાંધે, બાદર જીવ ભજનાથી બાંધે, નોસૂક્ષ્મ નોબાદર જીવ બાંધતા નથી. તે જ રીતે આયુષ્ય કર્મ સિવાય સાત કર્મ પ્રકૃતિઓના વિષયમાં જાણવું જોઈએ. આયુષ્યકર્મ, સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના જીવ ભજનાથી બાંધે છે. નોસૂક્ષ્મ નોબાદર જીવ આયુષ્ય કર્મ બાંધતા નથી.

## વિવેચન :–

**સૂક્ષ્મ જીવો** એકેન્દ્રિય હોય છે. તેઓ સાત કર્મ નિયમા બાંધે, આયુષ્યકર્મ ક્યારેક બાંધે, ક્યારેક બાંધતા નથી.

**બાદર જીવો :–** સૂક્ષ્મ સિવાયના બધા જીવો બાદર છે, તે જીવોમાં ચૌદ ગુણસ્થાન હોય છે. તેથી તેઓ આઠે ય કર્મ ભજનાથી બાંધે.

**નોસૂક્ષ્મ નોબાદર :–** સિદ્ધના જીવ કોઈ કર્મ બાંધતા નથી.

## (૧૫) ચરમ દ્વાર :–

**૨૭ णाणावरणिज्जं णं भंते ! कम्मं किं चरिमे बंधइ, अचरिमे बंधइ ?**
**गोयमा ! अट्ठ वि भयणाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું ચરમ જીવ બાંધે કે અચરમ જીવ બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચરમ અને અચરમ બંને પ્રકારના જીવ આઠે ય કર્મ પ્રકૃતિઓને કદાચિત્ બાંધે, કદાચિત્ ન બાંધે.

## વિવેચન :–

**ચરમ :–** જે જીવનો અંતિમ ભવ હોય અથવા જે જીવના ભવનો અંત થવાનો હોય તે ચરમ કહેવાય છે.

**અચરમ :–** (૧) જે જીવના ઘણા ભવ શેષ હોય તે અચરમ કહેવાય છે (૨) જે જીવનો અંતિમ ભવ કદાપિ થવાનો નથી તેવા અભવ્ય જીવ અચરમ છે (૩) સિદ્ધના જીવ પણ અચરમ કહેવાય છે કારણ કે તેઓનો અંત કદાપિ થવાનો નથી.

ચરમમાં ચૌદ ગુણસ્થાન હોય છે તેથી તેમાં આઠે ય કર્મબંધની ભજના છે. અચરમમાં સિદ્ધોની

અપેક્ષાએ આઠે ય કર્મનો અબંધ છે અને અભવીની અપેક્ષાએ આઠે ય કર્મનો બંધ છે. તેથી તેમાં પણ આઠે ય કર્મબંધની ભજના છે.

**૧૫ દ્વારના માધ્યમથી કર્મનો બંધ–અબંધ :–**

| દ્વાર | ૫૦ બોલ | ભજના | નિયમા | અબંધ |
|---|---|---|---|---|
| (૧) સ્ત્રીદ્વાર | ૩ વેદી | આયુષ્ય | ૭ કર્મ | × |
| | અવેદી | ૭ કર્મ | × | આયુષ્ય |
| (૨) સંયત | સંયત | ૮ કર્મ | × | × |
| | અસંયત, સંયતાસંયત | આયુષ્ય | ૭ કર્મ | × |
| | નો સયંત નોઅસંયત૰ | × | × | ૮ કર્મ |
| (૩) દષ્ટિ | સમ્યગ્દષ્ટિ | ૮ કર્મ | × | × |
| | મિથ્યાદષ્ટિ | આયુષ્ય | ૭ કર્મ | × |
| | મિશ્રદષ્ટિ | × | ૭ કર્મ | આયુષ્ય |
| (૪) સંજ્ઞી | સંજ્ઞી | ૭ કર્મ | વેદનીય | × |
| | અસંજ્ઞી | આયુષ્ય | ૭ કર્મ | × |
| | નો સંજ્ઞી નો અસંજ્ઞી | વેદનીય | × | ૭ કર્મ |
| (૫) ભવ્ય | ભવ્ય | ૮ કર્મ | × | × |
| | અભવ્ય | આયુષ્ય | ૭ કર્મ | × |
| | નો ભવ્ય, નો અભવ્ય | × | × | ૮ કર્મ |
| (૬) દર્શન | ચક્ષુ, અચક્ષુ, અવધિ. | ૭ કર્મ | વેદનીય | × |
| | કેવલદર્શન | વેદનીય | × | ૭ કર્મ |
| (૭) પર્યાપ્ત | પર્યાપ્ત | ૮ કર્મ | × | × |
| | અપર્યાપ્ત | આયુષ્ય | ૭ કર્મ | × |
| | નો પર્યાપ્ત,નોઅપર્યાપ્ત | × | × | ૮ કર્મ |
| (૮) ભાષક | ભાષક | ૭ કર્મ | વેદનીય | × |
| | અભાષક | ૮ કર્મ | × | × |
| (૯) પરિત્ત | પરિત્ત | ૮ કર્મ | × | × |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | અપરિત્ત | આયુષ્ય | ૭ કર્મ | × |
| | | નો પરિત્ત નોઅપરિત્ત | × | × | ૮ કર્મ |
| (૧૦) | જ્ઞાન | પ્રથમ ચાર જ્ઞાન | ૭ કર્મ | વેદનીય | × |
| | | કેવળજ્ઞાન | વેદનીય | × | ૭ કર્મ |
| | | ત્રણ અજ્ઞાન | આયુષ્ય | ૭ કર્મ | × |
| (૧૧) | યોગ | ત્રણ યોગ | ૭ કર્મ | વેદનીય | × |
| | | અયોગી | × | × | ૮ કર્મ |
| (૧૨) | ઉપયોગ | બંને ઉપયોગ | ૮ કર્મ | × | × |
| (૧૩) | આહારક | આહારક | ૭ કર્મ | વેદનીય | × |
| | | અનાહારક | ૭ કર્મ | × | આયુષ્ય |
| (૧૪) | સૂક્ષ્મ | સૂક્ષ્મ | આયુષ્ય | ૭ કર્મ | × |
| | | બાદર | ૮ કર્મ | × | × |
| | | નોસૂક્ષ્મ, નોબાદર | × | × | ૮ કર્મ |
| (૧૫) | ચરમ | ચરમ–અચરમ | ૮ કર્મ | × | × |

**પંદર દ્વારો પર અલ્પબહુત્વ :–**

**૨૮ एएसि णं भंते ! जीवाणं इत्थीवेयगाणं, पुरिसेवेयगाणं, णपुसंगवेयगाणं, अवेयगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा जीवा पुरिसवेयगा, इत्थिवेयगा संखेज्जगुणा, अवेयगा अणंतगुणा, णपुंसगवेयगा अणंतगुणा ।**

**एएसिं सव्वेसिं पयाणं अप्प–बहुगाइं उच्चारेयव्वाइं** *जाव* **सव्वत्थोवा जीवा अचरिमा, चरिमा अणंतगुणा ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સ્ત્રી વેદી, પુરુષ વેદી, નપુંસક વેદી અને અવેદી, આ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા પુરુષ વેદી, તેનાથી સ્ત્રી વેદી સંખ્યાત ગુણા, તેનાથી અવેદી અનંત ગુણા, તેનાથી નપુંસકવેદી અનંત ગુણા.

પૂર્વોક્ત પંદર દ્વારના સર્વપદોનું અલ્પબહુત્વ પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર જાણવું ***યાવત્*** સર્વથી

થોડા અચરમ જીવ છે, તેનાથી ચરમજીવ અનંતગુણ છે.

## વિવેચન :–

આ સૂત્રમાં પ્રથમ દ્વાર અને અંતિમ દ્વારના અલ્પબહુત્વનું કથન છે અને વચ્ચેના તેર દ્વારોનું અતિદેશ પૂર્વક સંક્ષિપ્ત નિરૂપણ કર્યું છે. તેનો વિસ્તાર પ્રજ્ઞાપના સૂત્રના ત્રીજા પદમાં છે.

**વેદદ્વારનું અલ્પબહુત્વ :–** (૧) સ્ત્રીવેદી (૨) પુરુષવેદી (૩) નપુંસકવેદી (૪) અવેદી. આ ચારમાં પુરુષ વેદી સર્વથી અલ્પ છે. તેનાથી સ્ત્રીઓ સંખ્યાતગુણી વધુ છે કારણ કે ઉત્કૃષ્ટ પદે દેવથી દેવી બત્રીસ ગુણી અને બત્રીસ અધિક હોય છે; મનુષ્યથી મનુષ્યાણી સત્યાવીસ ગુણી અને સત્યાવીસ અધિક હોય છે તથા તિર્યંચથી તિર્યંચાણી ત્રણ ગુણી અને ત્રણ અધિક હોય છે. સ્ત્રીવેદીથી અવેદી જીવ અનંતગુણા છે કારણ કે સિદ્ધના જીવો અવેદી છે અને તે અનંત છે. તેનાથી નપુંસકવેદી અનંતગુણા છે, કારણ કે એકેન્દ્રિય જીવ નપુંસકવેદી છે. તે જીવો સાધારણ વનસ્પતિ–અનંતકાયિક જીવની અપેક્ષાએ સિદ્ધોથી અનંતગુણા છે.

**ચરમદ્વારનું અલ્પબહુત્વ :–** ચરમમાં ભવીનું અને અચરમમાં અભવી સહિત સિદ્ધોનું કથન હોવાથી અચરમ અલ્પ છે અને તેનાથી ચરમ અનંતગુણા અધિક છે, કારણ છે કે સિદ્ધ અને અભવી ચોથા, પાંચમા અનંતમાં સમાવિષ્ટ થાય છે. જ્યારે ભવી જીવ આઠમા અનંત પ્રમાણે છે. આઠમો અનંત સહુથી મોટો અનંતગુણો છે. વચ્ચેના ૧૩ દ્વારોના અલ્પબહુત્વ માટે જિજ્ઞાસુ પાઠક પ્રજ્ઞાપના સૂત્રનું ત્રીજું પદ ભાગ–૧માં જુએ.

॥ શતક ૬/૩ સંપૂર્ણ ॥

# શતક–૬ : ઉદ્દેશક–૪

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્યતયા જીવના પરિણામરૂપ ૧૪ દ્વાર(બોલ)માં સ્થિતિની અપેક્ષાએ સપ્રદેશી–અપ્રદેશીપણાનું નિરૂપણ સમુચ્ચયજીવ, ૨૪ દંડકવર્તી જીવ અને સિદ્ધ જીવના આધારે કરવામાં આવ્યું છે. તે ૧૪ બોલ આ પ્રમાણે છે– (૧) જીવ (૨) આહાર (૩) ભવ્ય (૪) સંજ્ઞી (૫) લેશ્યા (૬) દષ્ટિ (૭) સંયત (૮) કષાય (૯) જ્ઞાન (૧૦) યોગ (૧૧) ઉપયોગ (૧૨) વેદ (૧૩) શરીર (૧૪) પર્યાપ્તિ.

★ **અપ્રદેશી :–** કોઈપણ ભાવ કે પરિણામની પ્રાપ્તિના પ્રથમ સમયે તે ભાવની અપેક્ષાએ તે જીવ અપ્રદેશી કહેવાય છે. જેમ કોઈ જીવ નરકમાં ઉત્પન્ન થાય ત્યારે નરક ગતિની ઉત્પત્તિના પ્રથમ સમયે તે જીવ કાલાદેશથી અપ્રદેશી કહેવાય છે.

★ **સપ્રદેશી :–** કોઈપણ ભાવ કે પરિણામની પ્રાપ્તિ પછીના દ્વિતીય, તૃતીય, સંખ્યાત, અસંખ્યાત કે અનંત સમયવર્તી જીવ સપ્રદેશી કહેવાય છે. જેમ કોઈ જીવ નરકમાં ઉત્પન્ન થાય તો તે ઉત્પત્તિના પ્રથમ એક સમયને છોડી દ્વિતીય, તૃતીયાદિ સમયે કાલાદેશથી સપ્રદેશી કહેવાય છે.

★ ઉપરોક્ત ૧૪ દ્વારના ૯૬ બોલ છે. તેના માધ્યમથી ૨૪ દંડકના જીવોમાં તથા સિદ્ધોમાં એક જીવ અને ઘણા જીવની અપેક્ષાએ કાલાદેશથી અપ્રદેશી–સપ્રદેશીની સૂક્ષ્મતમ વિચારણા છે.

★ **એક જીવ અપેક્ષાએ :–** કોઈપણ ભાવવર્તી એક જીવની પૃચ્છા હોય ત્યારે તે અપ્રદેશી અથવા સપ્રદેશી આ બે વિકલ્પમાંથી કોઈ એક વિકલ્પ જ હોય છે અર્થાત્ તે પરિણામની પ્રાપ્તિના પ્રથમ સમયે અપ્રદેશી અને બીજા, ત્રીજા આદિ સમયે સપ્રદેશી હોય છે.

★ **અનેક જીવની અપેક્ષાએ :–** સમુચ્ચય સર્વ જીવ અથવા કોઈ પણ દંડકવર્તી સર્વ જીવની પૃચ્છા હોય ત્યારે તેઓમાં અપ્રદેશી–સપ્રદેશીપણાથી એક, ત્રણ કે છ પ્રકારની અવસ્થા સંભવે છે. ક્યારેક બધા સપ્રદેશી હોય, ક્યારેક બધા અપ્રદેશી હોય, ક્યારેક એક અપ્રદેશી અનેક સપ્રદેશી હોય; આ રીતે જુદી–જુદી અવસ્થાઓ હોય છે. વધુમાં વધુ છ ભંગ સંભવે છે.

★ **છ ભંગના નામ અને અર્થ કથન :– (૧) સર્વ સપ્રદેશી–** સર્વ જીવ તે ભાવના દ્વિતીય–તૃતીયાદિ સમયમાં વર્તતા હોય છે **(૨) સર્વ અપ્રદેશી–** સર્વ જીવ તે ભાવના પ્રથમ સમયમાં વર્તતા હોય છે **(૩) એક સપ્રદેશી એક અપ્રદેશી–** એક જીવ તે ભાવના દ્વિતીયાદિ સમયમાં વર્તતો હોય અને એક જીવ પ્રથમ સમયમાં વર્તતો હોય છે **(૪) એક સપ્રદેશી અનેક અપ્રદેશી–** એક જીવ તે ભાવના દ્વિતીયાદિ સમયમાં અને ઘણા જીવ પ્રથમ સમયમાં વર્તતા હોય છે **(૫) અનેક સપ્રદેશી એક અપ્રદેશી–** ઘણા જીવ તે ભાવના દ્વિતીયાદિ સમયમાં અને એક જીવ પ્રથમ સમયમાં વર્તતો હોય છે **(૬) અનેક સપ્રદેશી**

**અનેક અપ્રદેશી–** ઘણા જીવ તે ભાવના દ્વિતીયાદિ સમયમાં અને ઘણા જીવ પ્રથમ સમયમાં વર્તતા હોય છે.

★ **ભંગ વિકલ્પોની ચાવી :–** આ ૧૪ દ્વારોમાં કેટલાક બોલ શાશ્વત છે, કેટલાક અશાશ્વત છે, કેટલાક અનાદિ છે, કેટલાક સાદિ છે. આ શાશ્વતતા વગેરેના કારણે ભંગ સંખ્યામાં તફાવત પડે છે. કેટલાક બોલમાં એક જ ભંગ, કેટલાકમાં ત્રણ અને કેટલાકમાં છ ભંગ હોય છે.

(૧) જે ભાવો અનાદિકાલીન હોય અને જેમાં નવી ઉત્પત્તિનો વિરહ ન હોય તેમાં અપ્રદેશી અવસ્થા સંભવિત નથી. તેથી તેમાં **સર્વ સપ્રદેશી**નો પ્રથમ એક ભંગ હોય છે.

(૨) પૃચ્છા સમયે જે ભાવમાં જીવો વિદ્યમાન જ હોય તે શાશ્વત કહેવાય છે. જે ભાવો શાશ્વત હોય અને તેમાં ઉત્પત્તિનો સીમિત વિરહકાળ હોય તો તેમાં પૂર્વોત્પન્ન અને નવા ઉત્પન્ન થતાં એમ બંને પ્રકારના જીવો શાશ્વત હોય ત્યાં **અનેક સપ્રદેશી અનેક અપ્રદેશી** નામનો એક છટ્ઠો ભંગ હોય છે. સૂત્રકારે આ છટ્ઠા ભંગને અભંગ સંજ્ઞા આપી છે. કારણ કે તેમાં અન્ય વિકલ્પ ઘટિત થતા નથી.

(૩) જે ભાવો શાશ્વત હોય અર્થાત્ પૃચ્છા સમયે પૂર્વોત્પન્ન જીવો હોય જ પરંતુ ઉત્પત્તિનો સીમિત વિરહકાલ હોવાના કારણે નવા ઉત્પન્ન થતાં જીવો ક્યારેક ન હોય, ક્યારેક હોય, તેથી ૧, ૫, ૬, આ ત્રણ ભંગ સંભવે છે. યથા– (૧) સર્વ સપ્રદેશી (૫) અનેક સપ્રદેશી એક અપ્રદેશી (૬) અનેક સપ્રદેશી અનેક અપ્રદેશી છે.

(૪) જે ભાવો અશાશ્વત હોય અર્થાત્ પૃચ્છા સમયે પૂર્વોત્પન્ન અને નવા ઉત્પન્ન થતાં આ બંને પ્રકારના જીવો ક્યારેક હોય અને ક્યારેક ન હોય, તો તેમાં પૂર્વોક્ત છ ભંગ સંભવે છે. તાત્પર્ય એ છે કે– (૧) અનાદિ શાશ્વત ભાવમાં એક પ્રથમ ભંગ લાભે. (૨) વિરહકાલ રહિતના શાશ્વત ભાવમાં એક છટ્ઠો ભંગ લાભે. (૩) વિરહકાલ સહિતના શાશ્વત ભાવમાં ૧, ૫, ૬ આ ત્રણ ભંગ લાભે. (૪) અશાશ્વત ભાવમાં છ ભંગ લાભે છે.

★ મનુષ્યો પ્રત્યાખ્યાની(સંયત) અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની(સંયતાસંયત) થઈ શકે. પ્રત્યાખ્યાનને સમજી શકે અને સંયમ ધારણ પણ કરી શકે છે.

તિર્યંચ પંચેન્દ્રિય પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની(સંયતાસંયત) થઈ શકે, પ્રત્યાખ્યાનને સમજી શકે અને દેશવિરતિ ધારણ કરી શકે.

નારકી, દેવતા અપ્રત્યાખ્યાની હોય, પ્રત્યાખ્યાનને સમજી શકે પરંતુ આચરણ કરી શકે નહીં. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય અપ્રત્યાખ્યાની હોય છે, પ્રત્યાખ્યાનને સમજી શકતા નથી અને ધારણ પણ કરી શકતા નથી.

★ વૈમાનિક દેવના આયુષ્યનો બંધ સંયત, અસંયત અને સંયતાસંયત ત્રણે પ્રકારના જીવો કરી શકે છે. શેષ ૨૩ દંડકના આયુષ્યનો બંધ અસંયત જીવો જ કરે છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૪

## સપ્રદેશ

### (૧) જીવોની કાલની અપેક્ષાએ સપ્રદેશતા–અપ્રદેશતા :–

**१ जीवे णं भंते ! कालादेसेणं किं सपएसे, अपएसे ?**
**गोयमा ! णियमा सपएसे ।**

**શબ્દાર્થ :– कालादेसेणं** = કાલની અપેક્ષાએ, સ્થિતિની અપેક્ષાએ **सपएसे** = અપ્રથમ સમયવર્તી જીવ, દ્વિતીય સમયથી અનેક સમયની સ્થિતિવાળા **अपएसे** = પ્રથમ સમયવર્તી જીવ, એક સમયની સ્થિતિ– વાળા **णियमा** = નિયમતઃ, નિશ્ચિતરૂપે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ કાલાદેશથી સપ્રદેશી છે કે અપ્રદેશી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કાલાદેશથી જીવ નિયમતઃ સપ્રદેશી છે.

**२ णेरइए णं भंते ! कालादेसेणं किं सपएसे अपएसे ?**
**गोयमा ! सिय सपएसे, सिय अपएसे । एवं *जाव* सिद्धे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભગવન્ ! શું નૈરયિક જીવ કાલાદેશથી સપ્રદેશી છે કે અપ્રદેશી છે ?

**ઉત્તર–** ગૌતમ ! એક નૈરયિક જીવ કાલાદેશથી કદાચિત્ સપ્રદેશી છે કદાચિત્ અપ્રદેશી છે અર્થાત્ જે જીવ નારકાદિરૂપે ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતો હોય તે અપ્રદેશી છે અને ત્યાર પછીના સમયોમાં વર્તતો હોય તે સપ્રદેશી છે. તે જ રીતે સર્વદંડક સહિત સિદ્ધ જીવ પર્યંત કહેવું જોઈએ.

**३ जीवा णं भंते ! कालादेसणं किं सपएसा, अपएसा ?**
**गोयमा ! णियमा सपएसा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક જીવ કાલાદેશથી સપ્રદેશી છે કે અપ્રદેશી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનેક જીવ કાલાદેશથી નિયમતઃ સપ્રદેશી છે.

**४ णेरइया णं भंते ! कालादेसणं किं सपएसा, अपएसा ?**

**गोयमा ! सव्वे वि ताव होज्जा सपएसा, अहवा सपएसा य अपएसे य, अहवा सपएसा य अपएसा य । एवं *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક નૈરયિક જીવો શું કાલાદેશથી સપ્રદેશી છે કે અપ્રદેશી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈ સમયે (૧) સર્વ નૈરયિકો કાલાદેશથી સપ્રદેશી હોય. (૨) કોઈક સમયે અનેક નૈરયિકો સપ્રદેશી હોય અને એક અપ્રદેશી હોય. (૩) કોઈ સમયે અનેક નૈરયિકો સપ્રદેશી હોય અને અનેક અપ્રદેશી પણ હોય છે. આ જ રીતે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.

**૫ पुढविकाइया णं भंते ! किं सपएसा, अपएसा ?**

**गोयमा ! सपएसा वि अपएसा वि । एवं *जाव* वणस्सइकाइया । सेसा जहा णेरइया तहा *जाव* सिद्धा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો સપ્રદેશી છે કે અપ્રદેશી ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો ઘણા સપ્રદેશી અને ઘણા અપ્રદેશી છે. આ રીતે વનસ્પતિ–કાય પર્યંત જાણવું જોઈએ. સિદ્ધ પર્યંત શેષ સર્વ જીવોને માટે નૈરયિકની જેમ કહેવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવ, ૨૪ દંડકના જીવ અને સિદ્ધના જીવ, તેમ ૨૬ પ્રકારના જીવના વિષયમાં એક વચન અને બહુવચનની અપેક્ષાએ સપ્રદેશી અને અપ્રદેશીપણાનું નિરૂપણ કર્યું છે.

**એક જીવની અપેક્ષા :–**

**સમુચ્ચય જીવ :–** પ્રત્યેક જીવ અનાદિકાલથી છે. તેથી તે પ્રત્યેક જીવ કાલની અપેક્ષાએ સદાને માટે સપ્રદેશી જ હોય છે. અપ્રદેશી હોતા નથી.

**૨૪ દંડકના જીવ :–** એક જીવની અપેક્ષાએ કોઈ પણ દંડકનો જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતો હોય ત્યારે તે અપ્રદેશી છે અને દ્વિતીય, તૃતીયાદિ સમયે વર્તતો હોય ત્યારે તે સપ્રદેશી છે. આ રીતે સિદ્ધોમાં પણ સમજવું.

**અનેક જીવોની અપેક્ષાએ :–**

**સમુચ્ચય જીવ :–** (૧) નિયમા સપ્રદેશી– સર્વ જીવો અનાદિકાળથી છે તેથી તે સર્વની સ્થિતિ અનંત સમયની હોવાથી તે સર્વ જીવ સપ્રદેશી છે.

**નારકીમાં** પૂર્વોત્પન્ન જીવો શાશ્વત છે અને ૧૨ મુહૂર્તનો ઉત્પત્તિનો વિરહકાળ હોવાથી નવા ઉત્પન્ન થતાં જીવો અશાશ્વત છે અર્થાત્ ક્યારેક હોય ક્યારેક ન હોય તેથી તેમાં ત્રણ ભંગ હોય છે– **(૧) સર્વ સપ્રદેશી–**

જ્યારે વિરહકાલ હોય, કોઈપણ જીવ ન ઉપજે ત્યારે પહેલાંના સર્વ નારકી અનેક સમયની સ્થિતિવાળા હોવાથી તે બધા સપ્રદેશી હોય, તેથી આ પ્રથમ ભંગ ઘટિત થાય છે. **(૨) અનેક સપ્રદેશી એક અપ્રદેશી–** જ્યારે પૂર્વે ઉત્પન્ન થયેલા અનેક નારક જીવ હોય અને નવો ઉત્પન્ન થતો પ્રથમ સમયવર્તી એક નારક હોય ત્યારે આ દ્વિતીય ભંગ ઘટિત થાય છે. **(૩) અનેક સપ્રદેશી અનેક અપ્રદેશી–** જ્યારે પૂર્વોત્પન્ન નારકી અનેક હોય અને પ્રથમ સમયોત્પન્ન નારકી પણ અનેક હોય ત્યારે આ ત્રીજો ભંગ ઘટિત થાય છે.

એકેન્દ્રિય સિવાય શેષ ૧૯ દંડકમાં અને સિદ્ધોમાં બહુવચનની અપેક્ષાએ આ ત્રણ ભંગ થાય છે કારણ કે ત્યાં પણ ઉત્પત્તિનો વિરહ છે.

**એકેન્દ્રિયમાં** પૃથ્વી આદિ પાંચે સ્થાવરમાં ઉત્પત્તિનો વિરહ કાલ નથી, સદા નવા જીવ ઉત્પન્ન થતા જ રહે છે તેથી ત્યાં પ્રથમ સમયોત્પન્ન જીવ પણ હંમેશાં અનેક હોય અને પૂર્વોત્પન્ન જીવ પણ હંમેશાં અનેક હોય; માટે ત્યાં અનેક સપ્રદેશી અને અનેક અપ્રદેશી નામનો એક છટ્ઠો ભંગ જ ઘટિત થાય છે.

## (૨) આહારક અનાહારકની સપ્રદેશતા અપ્રદેશતા :-

**६ आहारगाणं जीवएगिंदियवज्जो तियभंगो । अणाहारगाणं जीव एगिंदियवज्जा छब्भंगा एवं भाणियव्वा– सपएसा वा; अपएसा वा; अहवा सपएसे य अपएसे य; अहवा सपएसे य अपएसा य; अहवा सपएसा य अपएसे य; अहवा सपएसा य  अपएसा य । सिद्धेहिं तियभंगो ।**

**શબ્દાર્થ :– आहारगाणं** = રોમાહાર કે પ્રક્ષેપાહાર ગ્રહણ કરનાર જીવો **अणाहारगाणं** = રોમાહાર કે પ્રક્ષેપાહાર ન કરનાર જીવો.

**ભાવાર્થ :–** જીવ અને એકેન્દ્રિયને છોડીને શેષ સર્વ આહારક જીવોમાં ત્રણ ભંગ પૂર્વવત્ કહેવા જોઈએ.

જીવ અને એકેન્દ્રિયને છોડી શેષ સર્વ અનાહારક જીવોમાં છ ભંગ આ પ્રમાણે કહેવા જોઈએ– (૧) સર્વ સપ્રદેશી (૨) સર્વ અપ્રદેશી (૩) એક સપ્રદેશી અને એક અપ્રદેશી (૪) એક સપ્રદેશી અને અનેક અપ્રદેશી (૫) અનેક સપ્રદેશી અને એક અપ્રદેશી (૬) અનેક સપ્રદેશી અને અનેક અપ્રદેશી. સિદ્ધોને માટે ત્રણ ભંગ પૂર્વવત્ કહેવા જોઈએ.

## વિવેચન :-

**આહારક અનાહારક :–** વાટેવહેતા વક્રગતિવાળા જીવ અનાહારક હોય છે અને કેવળી સમુદ્ઘાત તથા અયોગી અવસ્થામાં જીવ અનાહારક હોય છે તેમજ સિદ્ધ જીવો અનાહારક હોય છે. તે સિવાય સંસારી સર્વ જીવો આહારક હોય છે. આહારકમાં ૨૪ દંડકના જીવનો સમાવેશ થાય છે. અનાહારકમાં ૨૪ દંડકના અને સિદ્ધ જીવોનો સમાવેશ થાય છે.

**આહારકમાં ભંગ :– સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં** અનેક સપ્રદેશી અને અનેક અપ્રદેશી નામનો છટ્ઠો ભંગ હોય છે અર્થાત્ પ્રથમ સમયવર્તી આહારક અને અનેક સમયવર્તી આહારક બંને ઘણા હોય છે.

**શેષ ૧૯ દંડકમાં** (પાંચ એકેન્દ્રિયના દંડક છોડીને) ત્રણ ભંગ હોય છે– (૧) કોઈ સમયે તે દંડકમાં સર્વ જીવ દ્વિતીયાદિ અનેક સમયવર્તી આહારક હોય (૨) કોઈ સમયે ઘણા જીવ દ્વિતીયાદિ અનેક સમયવર્તી અને એક જીવ પ્રથમ સમયવર્તી આહારક હોય (૩) કોઈ સમયે ઘણા જીવ પ્રથમ સમયવર્તી અને ઘણા જીવ દ્વિતીયાદિ અનેક સમયવર્તી આહારક હોય. સિદ્ધ આહારક હોતા જ નથી.

**અનાહારકમાં ભંગ :– સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં** અનાહારકતાના પ્રથમ સમયવર્તી અને દ્વિતીયાદિ અનેક સમયવર્તી ઘણા(અનંત) જીવો સદા હોય જ છે. તેથી તેમાં એક છટ્ઠો ભંગ હોય છે.

**શેષ ૧૯ દંડકમાં છ ભંગ :–** ૧૯ દંડકમાં અણાહારક અશાશ્વત છે અર્થાત્ અનાહારક જીવ ક્યારેક હોય ક્યારેક એક પણ ન હોય. તેથી તેમાં છ ભંગ થાય છે, યથા– (૧) ક્યારેક સર્વ સપ્રદેશી (૨) ક્યારેક સર્વ અપ્રદેશી (૩) ક્યારેક એક સપ્રદેશી એક અપ્રદેશી (૪) ક્યારેક એક સપ્રદેશી અનેક અપ્રદેશી (૫) ક્યારેક અનેક સપ્રદેશી અને એક અપ્રદેશી (૬) ક્યારેક અનેક સપ્રદેશી અને અનેક અપ્રદેશી.

**સિદ્ધમાં ત્રણ ભંગ :–** સિદ્ધ જીવ અનાહારક જ હોય. (૧) ઉત્પત્તિનો વિરહ હોય ત્યારે સર્વ જીવ સપ્રદેશી હોય (૨) એક જીવ નવો સિદ્ધ થાય ત્યારે સપ્રદેશી અનેક અને અપ્રદેશી એક જ હોય (૩) નવા અનેક સિદ્ધ થાય ત્યારે સપ્રદેશી અને અપ્રદેશી બંને અનેક હોય.

આ વિકલ્પોનું તાત્પર્ય એ છે કે જ્યાં જ્યાં અનાહારકપણાને પ્રાપ્ત થયેલા જીવો હંમેશા ઘણા હોય અને નવા અનાહારક થવાનો સીમિત કાલનું વિરહ પડે ત્યાં ત્રણ ભંગ હોય જેમ કે સિદ્ધના જીવ. જ્યાં અનાહારકપણાને પૂર્વે પ્રાપ્ત થયેલા અને નવા પ્રાપ્ત થતાં જીવો બંને અશાશ્વત હોય ત્યાં ૬ ભંગ થાય જેમ કે– ૧૯ દંડકના જીવ. જ્યાં પૂર્વોત્પન્ન અસંખ્યાત કે અનંત જીવો અનાહારક હોય અને સમયે સમયે નવા અનેક જીવો અનાહારક થતા જ રહે ત્યાં અભંગ હોય અર્થાત્ વિકલ્પ રહિત એક છટ્ઠો ભંગ હોય છે. જેમ કે– એકેન્દ્રિય.

પ્રસ્તુત સૂત્રમાં ઘણા જીવોની અપેક્ષાએ કથન છે. એક જીવની પૃચ્છા સ્વતઃ સમજી લેવી જોઈએ. યથા– સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના આહારક કે અનાહારક જીવોમાંથી કોઈ પણ એક જીવ પૃચ્છા સમયે સપ્રદેશી હોય અથવા તો અપ્રદેશી હોય છે અર્થાત્ પ્રથમ સમયવર્તી હોય કે દ્વિતીયાદિ સમયવર્તી હોય. સિદ્ધોમાં કેવલ અનાહારક જીવ હોય છે; તેમાં કોઈપણ એક જીવ પૃચ્છા સમયે સપ્રદેશી હોય અથવા તો અપ્રદેશી હોય છે અર્થાત્ જો તે પ્રથમ સમયવર્તી સિદ્ધ છે તો તે કાલાદેશથી અપ્રદેશી છે અને જો તે અપ્રથમ સમયનો સિદ્ધ છે તો તે કાલાદેશથી સપ્રદેશી છે.

## (૩) ભવી અભવીની સપ્રદેશતા અપ્રદેશતા :–

**૭** **भवसिद्धिया, अभवसिद्धिया जहा ओहिया । णोभवसिद्धिय–णोअभवसिद्धिया**

**जीवसिद्धेहिं तियभंगो ।**

**ભાવાર્થ :–** ભવી અને અભવી જીવોની સપ્રદેશતા, અપ્રદેશતા પ્રથમ દ્વારના સમુચ્ચય જીવોની સમાન જાણવી. નોભવી નોઅભવી સમુચ્ચય જીવ અને સિદ્ધમાં ત્રણ ભંગ જાણવા જોઈએ.

**વિવેચન :–**

**ભવી–અભવીમાં** સમુચ્ચય જીવ અને ૨૪ દંડક છે. આ ભાવો અનાદિ હોવાથી સમુચ્ચય જીવમાં એક પ્રથમ ભંગ–સર્વ સપ્રદેશી. પાંચ એકેન્દ્રિયમાં એક છટ્ઠો ભંગ અને ૧૯ દંડકમાં ત્રણ ભંગ થાય છે.

**નોભવી નોઅભવીમાં** સિદ્ધના જીવ હોય છે. તેમાં સપ્રદેશી અપ્રદેશીના ત્રણ ભંગ પૂર્વવત્ સમજવા.

## (૪) સંજ્ઞી અસંજ્ઞીની સપ્રદેશતા–અપ્રદેશતા :–

**૮ सण्णीहिं जीवाइओ तियभंगो । असण्णीहिं एगिंदियवज्जो तियभंगो । एगिंदिएसु अभंगयं। णेरइय–देव–मणुएहिं छब्भंगो । णोसण्णि णोअसण्णि जीवमणुयसिद्धेहिं तियभंगो ।**

**ભાવાર્થ :–** સંજ્ઞી જીવોમાં જીવાદિક(સમુચ્ચય જીવ અને ૧૬ દંડક)માં ત્રણ ભંગ. એકેન્દ્રિયને છોડીને અસંજ્ઞી જીવોમાં(વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં) ત્રણ ભંગ. એકેન્દ્રિયમાં અભંગ. અસંજ્ઞી નૈરયિક, દેવ અને મનુષ્યોમાં છ ભંગ. નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધોમાં ત્રણ ભંગ.

**વિવેચન :–**

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અસંજ્ઞી છે. નારકી, દેવ, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય સંજ્ઞી–અસંજ્ઞી બંને હોય છે. ભવનપતિ, વ્યતંર અને પ્રથમ નરકમાં અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ ઉત્પન્ન થાય છે. તે અંતમુહૂર્ત સુધી અસંજ્ઞી રહે છે માટે તેમાં અસંજ્ઞી પણ હોય છે. મનુષ્યમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંજ્ઞી છે.

**સંજ્ઞીમાં** સમુચ્ચય જીવ અને (એકેન્દ્રિય, વિકલેન્દ્રિયના ૮ દંડક છોડીને શેષ) ૧૬ દંડકમાં ઉત્પત્તિ વિરહ હોવાથી ત્રણ ભંગ હોય છે.

**અસંજ્ઞીમાં** સમુચ્ચય જીવ અને (જ્યોતિષી, વૈમાનિક દેવને છોડીને) ૨૨ દંડક છે. તેમાંથી એકેન્દ્રિયમાં નિરંતર ઉત્પત્તિ હોવાથી અભંગ–એક છટ્ઠો ભંગ છે. વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં વિરહકાળ હોવાથી ત્રણ ભંગ છે અને અસંજ્ઞી મનુષ્ય, દેવ, નરકમાં અસંજ્ઞીપણું અશાશ્વત છે માટે તેમાં છ ભંગ હોય છે.

## (૫) લેશ્યા ગત જીવોની સપ્રદેશતા અપ્રદેશતા :–

**૯ सलेसा जहा ओहिया । कण्हलेस्सा, णीललेस्सा, काउलेस्सा जहा आहारओ, णवरं जस्स अत्थि एयाओ । तेउलेस्साए जीवाइओ तियभंगो,**

**णवरं पुढवि– आउवणस्सईसु छब्भंगा । पम्हलेस्स–सुक्कलेस्साए जीवाइओ तियभंगो । अलेसेहिं जीव सिद्धेहिं तियभंगो । मणुएसु छब्भंगा ।**

**ભાવાર્થ :–** સલેશી જીવોનું કથન ઔઘિક જીવોની જેમ કરવું જોઈએ; કૃષ્ણલેશી, નીલલેશી અને કાપોતલેશી, જીવોનું કથન આહારક જીવોની જેમ કરવું જોઈએ પરંતુ વિશેષતા એ છે કે જે દંડકમાં જે લેશ્યા હોય તેને તે લેશ્યા કહેવી જોઈએ.

તેજોલેશી જીવાદિકમાં(સમુચ્ચય જીવ અને ૧૬ દંડકમાં) ત્રણ ભંગ. તેજોલેશી પૃથ્વીકાયિક, અપકાયિક અને વનસ્પતિકાયિક જીવોમાં છ ભંગ. પદ્મલેશી અને શુક્લલેશીમાં જીવાદિકમાં(સમુચ્ચય જીવ અને ત્રણ દંડકમાં) ત્રણ ભંગ. અલેશીમાં જીવ અને સિદ્ધોમાં ત્રણ ભંગ તથા અલેશી મનુષ્યોમાં છ ભંગ.

**વિવેચન :–**

**(૧) સલેશી (સમુચ્ચય લેશી)માં** જીવ અને ૨૪ દંડક છે. સમુચ્ચય જીવમાં સલેશી ભાવ અનાદિ હોવાથી એક પ્રથમ ભંગ લાભે છે. ૨૪ દંડકમાં ઔઘિક જીવ પ્રમાણે જાણવું. એકેન્દ્રિયમાં છઠ્ઠો ભંગ અને શેષ ૧૯ દંડકમાં ત્રણ ભંગ છે.

**(૨) કૃષ્ણાદિ ત્રણ લેશીમાં** (વૈમાનિક અને જ્યોતિષીને છોડીને) જીવ અને ૨૨ દંડક છે. તેમાંથી જીવ અને એકેન્દ્રિયના પાંચ દંડકમાં છઠ્ઠો ભંગ છે. શેષ ૧૭ દંડકમાં વિરહકાળ હોવાથી ત્રણ ભંગ ઘટિત થાય છે.

**(૩) તેજોલેશીમાં** નારકી, વિકલેન્દ્રિય, તેઉ, વાયુ, આ છ દંડક છોડીને જીવ અને ૧૮ દંડક છે. તેમાંથી પૃથ્વી, પાણી, વનસ્પતિમાં છ ભંગ છે. કારણ કે કોઈ તેજોલેશી દેવ પૃથ્વી આદિ ત્રણમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્તાવસ્થામાં અલ્પકાળ માટે તેજોલેશ્યા હોય છે. આ તેજોલેશ્યા પૃથ્વી આદિમાં અશાશ્વત હોવાથી છ ભંગ થાય છે. સમુચ્ચય જીવ અને શેષ ૧૫ દંડકમાં ૩ ભંગ છે.

**(૪) પદ્મ–શુક્લલેશીમાં** જીવ અને વૈમાનિક, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિયના ત્રણ દંડક છે. તેમાં વિરહકાળ હોવાથી ત્રણ ભંગ છે.

**(૫) અલેશીમાં** જીવ, સિદ્ધ અને મનુષ્યનો એક દંડક છે. ચૌદમા ગુણસ્થાનવર્તી મનુષ્ય અને સિદ્ધોમાં લેશ્યા નથી માટે તે અલેશી કહેવાય છે. તેમાંથી જીવ અને સિદ્ધમાં વિરહકાળ હોવાથી ત્રણ ભંગ અને અલેશી મનુષ્ય અશાશ્વત છે તેથી છ ભંગ છે.

## (૬) દષ્ટિગત જીવોની સપ્રદેશતા–અપ્રદેશતા :–

**૧૦ सम्मदिट्ठीहिं जीवाइओ तियभंगो । विगलिंदिएसु छब्भंगा । मिच्छदिट्ठीहिं एगिंदियवज्जो तियभंगो । सम्मामिच्छदिट्ठीहिं छब्भंगा ।**

**ભાવાર્થ :–** સમ્યગ્દૃષ્ટિ જીવાદિકમાં(સમુચ્ચય જીવ ૧૬ દંડકમાં) ત્રણ ભંગ. સમ્યગ્દૃષ્ટિ વિકલેન્દ્રિયોમાં છ ભંગ. મિથ્યાદષ્ટિ જીવોમાં એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ અને મિશ્રદષ્ટિમાં છ ભંગ.

**વિવેચન :–**

**(૧) સમ્યગ્દષ્ટિમાં** પાંચ એકેન્દ્રિય છોડીને ૧૯ દંડક છે. તેમાંથી જીવ અને ૧૬ દંડકમાં (૩ વિકલેન્દ્રિય છોડીને) સમ્યક્ત્વ પ્રાપ્તિનો વિરહ હોવાથી ત્રણ ભંગ, વિકલેન્દ્રિયમાં અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમકિત હોય છે, તે અશાશ્વત છે; માટે છ ભંગ થાય છે.

**(૨) મિથ્યાદષ્ટિમાં** ૨૪ દંડક છે. તેમાંથી એકેન્દ્રિયના પાંચ દંડકમાં નિરંતર ઉત્પત્તિ હોવાથી પ્રથમ ભંગ છે, જીવ અને ૧૯ દંડકમાં મિથ્યાત્વ પ્રાપ્તિનો વિરહકાળ હોવાથી ૩ ભંગ થાય છે.

**(૩) મિશ્રદષ્ટિમાં** એકેન્દ્રિયાના પાંચ અને વિકલેન્દ્રિયના ત્રણ, તે ૮ દંડક છોડીને જીવ અને ૧૬ દંડક છે. મિશ્રદષ્ટિ સર્વત્ર અશાશ્વત છે માટે છ ભંગ છે.

## (૭) સંયત અસંયતાદિની સપ્રદેશતા અપ્રદેશતા :–

**११ संजएहिं जीवाइओ तियभंगो । असंजएहिं एगिंदियवज्जो तियभंगो । संजया- संजएहिं तियभंगो जीवाइओ । णोसंजय णोअसंजय णोसंजयासंजय जीव सिद्धेहिं तियभंगो ।**

**ભાવાર્થ :–** સંયત જીવાદિકમાં (સમુચ્ચય જીવ અને મનુષ્યમાં) ત્રણ ભંગ કહેવા. અસંયતોમાં એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ. સંયતાસંયત જીવાદિકમાં(સમુચ્ચય જીવ, તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યમાં) ત્રણ ભંગ. નોસંયત નોઅસંયત નોસંયતાસંયત જીવ અને સિદ્ધોમાં ત્રણ ભંગ.

**વિવેચન :–**

**(૧) સંયતમાં** જીવ અને મનુષ્ય છે. તેમાં ત્રણ ભંગ થાય છે કારણ કે સંયમની પ્રાપ્તિનો વિરહ પડે છે.

**(૨) અસંયતમાં** જીવ અને ૨૪ દંડક છે. અસંયત જીવોમાંથી એકેન્દ્રિયમાં અભંગ છે. કારણ કે તેમાં ઉત્પત્તિનો વિરહ નથી. શેષ સમુચ્ચય જીવ અને ૧૯ દંડકમાં ત્રણ ભંગ છે કારણ કે તેમાં ઉત્પત્તિનો વિરહ છે.

**(૩) સંયતાસંયતમાં** સમુચ્ચય જીવ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, આ ત્રણેયમાં ત્રણ ભંગ છે. કારણ કે તેની ઉત્પત્તિનો વિરહ છે.

**(૪) નોસંયત નોઅસંયત નોસંયતાસંયતમાં** જીવ અને સિદ્ધ છે. તેમાં ત્રણ ભંગ હોય છે. કારણ કે તેમાં ઉત્પત્તિનો વિરહ છે.

## (૮) કષાયગત જીવોની સપ્રદેશતા અપ્રદેશતા :-

**૧૨ सकसाईहिं जीवाइओ तियभंगो । एगिंदिएसु अभंगयं । कोहकसाईहिं जीव–एगिंदियवज्जो तियभंगो । देवेहिं छब्भंगा । माणकसाई–मायाकसाईहिं जीवए गिंदियवज्जो तियभंगो । णेरइय–देवेहिं छब्भंगा । लोभकसाईहिं जीव एगिंदिय वज्जो तियभंगो । णेरइएसु छब्भंगा । अकसाई जीवमणुयसिद्धेहिं तियभंगो ।**

**ભાવાર્થ :–** સકષાયી જીવાદિકમાં(સમુચ્ચય જીવ, ૧૯ દંડકમાં)ત્રણ ભંગ. એકેન્દ્રિય સકષાયીમાં અભંગક(એક ભંગ). ક્રોધકષાયી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ. દેવમાં છ ભંગ. માનકષાયી અને માયાકષાયીમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ. નૈરાયિકો અને દેવોમાં છ ભંગ. લોભકષાયી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ. નૈરયિક જીવોમાં છ ભંગ. અકષાયી જીવોમાં જીવ, મનુષ્ય અને સિદ્ધોમાં ત્રણ ભંગ.

### વિવેચન :-

સકષાયી અને ક્રોધાદિ ચારે કષાયીમાં જીવ અને ૨૪ દંડક છે. અકષાયીમાં મનુષ્ય અને સિદ્ધ છે.

**સકષાયી મનુષ્યમાં ત્રણ ભંગ :–** સંસારમાં સકષાયીપણું અનાદિ ભાવ રૂપ છે તેમ છતાં ઉપશમ શ્રેણીથી પડતા જીવોને તેની આદિ પણ થાય છે. તેથી તેમાં સાદિ અને અપ્રદેશી અવસ્થા હોવાથી તેમાં ત્રણ ભંગ થાય છે (૧) જ્યારે ઉપશમ શ્રેણીથી પડતો કોઈ જીવ ન હોય ત્યારે પ્રથમ **સર્વ સપ્રદેશી** ભંગ ઘટિત થાય છે (ર) ઉપશમ શ્રેણીથી પડતો એક જીવ સકષાયીપણાના પ્રથમ સમયવર્તી હોય ત્યારે **અનેક સપ્રદેશી અને એક અપ્રદેશી** પાંચમો ભંગ ઘટિત થાય છે. (૩) ઉપશમ શ્રેણીથી પડતા ઘણા જીવ હોય તો છટ્ઠો **અનેક સપ્રદેશી, અનેક અપ્રદેશી** ભંગ ઘટિત થાય છે.

**ક્રોધ :–** જીવ અને એકેન્દ્રિયમાં છટ્ઠો ભંગ છે. દેવમાં ક્રોધ અશાશ્વત છે તેથી દેવના ૧૩ દંડકમાં છ ભંગ. નારકી, ૩ વિકલેન્દ્રિય, મનુષ્ય, તિર્યંચ, પંચેન્દ્રિય, આ છ દંડકમાં ઉત્પત્તિ વિરહના કારણે ત્રણ ભંગ થાય છે.

**માન–માયા :–** નારકી અને દેવમાં માન, માયા, અશાશ્વત છે તેથી દેવના ૧૩ દંડક અને ૧ નારકીનો તે ૧૪ દંડકમાં છ ભંગ. ૩ વિકલેન્દ્રિય, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પત્તિ વિરહના કારણે ત્રણ ભંગ થાય છે.

**લોભ :–** નારકીમાં લોભ અશાશ્વત છે. તેથી નારકીના એક દંડકમાં છ ભંગ. ૧૩ દેવના, ૩ વિકલેન્દ્રિય, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય, તે ૧૮ દંડકમાં ઉત્પત્તિ વિરહના કારણે ત્રણ ભંગ થાય છે.

**અકષાયી :–** અકષાયીમાં જીવ, સિદ્ધ અને મનુષ્યનો એક દંડક છે. તેમાં ઉત્પત્તિ વિરહના કારણે ત્રણ ભંગ થાય છે.

**વિશેષ–** સંસારમાં સકષાયી જીવ અનાદિથી છે છતાં ઉપશમ શ્રેણીથી પડતા જીવોને કારણે સકષાયી

સાદિ અને અપ્રદેશી થાય છે. નારકીમાં માન, માયા, લોભ અશાશ્વત છે. દેવતામાં ક્રોધ, માન, માયા અશાશ્વત છે.

## (૯) જ્ઞાની અજ્ઞાની જીવોની સપ્રદેશતા અપ્રદેશતા :–

**१३ ओहियणाणे आभिणिबोहियणाणे सुयणाणे जीवाइओ तियभंगो । विगलिंदिएहिं छब्भंगा । ओहिणाणे, मणपज्जवणाणे, केवलणाणे जीवाइओ तियभंगो । ओहिए अण्णाणे, मइअण्णाणे, सुयअण्णाणे, एगिंदियवज्जो तियभंगो । विभंगणाणे जीवाइओ तियभंगो ।**

**ભાવાર્થ :–** સમુચ્ચય જ્ઞાની, આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાનીમાં જીવાદિકમાં(સમુચ્ચય જીવ અને ૧૬ દંડકમાં)ત્રણ ભંગ. વિકલેન્દ્રિયમાં છ ભંગ. અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની જીવાદિકમાં (સમુચ્ચયજીવ અને યથાયોગ્ય દંડકમાં)ત્રણ ભંગ હોય છે.

સમુચ્ચય અજ્ઞાની, મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાનીમાં એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ અને વિભંગ– જ્ઞાની જીવાદિકમાં(સમુચ્ચયજીવ અને ૧૬ દંડકમાં)ત્રણ ભંગ હોય છે.

### વિવેચન :–

**સમુચ્ચયજ્ઞાની, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાનીમાં** એકેન્દ્રિય સિવાય જીવ અને ૧૯ દંડક છે. તેમાંથી વિકલેન્દ્રિયમાં જ્ઞાનાદિભાવ અશાશ્વત હોવાથી છ ભંગ છે. દેવના ૧૩, નારકી, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય આ ૧૬ દંડકમાં જ્ઞાનોત્પત્તિના વિરહના કારણે ત્રણ ભંગ થાય છે.

**અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની :–** અવધિજ્ઞાનમાં ૧૩ દેવ, નારકી, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિયના ૧૬ દંડક છે. મનઃપર્યવજ્ઞાનમાં જીવ અને મનુષ્યનો એક દંડક, કેવળજ્ઞાનમાં જીવ, સિદ્ધ અને મનુષ્યનો ૧ દંડક છે. આ ત્રણે જ્ઞાનની પ્રાપ્તિનો વિરહ હોવાથી ત્રણ ભંગ થાય છે.

**સમુચ્ચય અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાનીમાં** જીવ અને ૨૪ દંડક છે. તેમાંથી એકેન્દ્રિયમાં છટ્ઠો ભંગ છે. શેષ ૧૯ દંડકમાં વિરહના કારણે ૩ ભંગ છે.

**વિભંગજ્ઞાનમાં** પાંચ એકેન્દ્રિય, ૩ વિકલેન્દ્રિયને છોડીને ૧૬ દંડક છે. તેમાં વિરહકાળના કારણે ૩ ભંગ થાય છે.

## (૧૦) યોગગત જીવોની સપ્રદેશતા અપ્રદેશતા :–

**१४ सजोगी जहा ओहिओ । मणजोगी, वयजोगी, कायजोगी जीवाइओ तियभंगो, णवरं कायजोगी एगिंदियेसु अभंगयं । अजोगी जहा अलेस्सा ।**

**ભાવાર્થ :–** જે રીતે ઔધિક જીવોનું કથન કર્યું, તે રીતે સયોગી જીવોનું કથન કરવું જોઈએ. મનયોગી, વચનયોગી અને કાયયોગીમાં જીવાદિ પદોમાં ત્રણ ભંગ. તેમાં વિશેષતા એ છે કે કાયયોગી એકેન્દ્રિયમાં અભંગ હોય છે. અયોગી જીવોનું કથન અલેશી જીવોની સમાન છે અર્થાત્ જીવ અને સિદ્ધમાં ત્રણ ભંગ. અયોગી મનુષ્યમાં છ ભંગ હોય છે.

**વિવેચન :–**

**સયોગીમાં** સમુચ્ચય જીવ અને ૨૪ દંડક છે. સયોગીપણું અનાદિભાવ છે માટે સયોગી સમુચ્ચય જીવોમાં એક પ્રથમ ભંગ છે. પાંચ એકેન્દ્રિયમાં એક છઠ્ઠો ભંગ છે અને શેષ ૧૯ દંડકમાં વિરહકાળ હોવાથી ત્રણ ભંગ છે.

**મનયોગીમાં** પાંચ એકેન્દ્રિય, ત્રણ વિકલેન્દ્રિયને છોડીને જીવ અને ૧૬ દંડક છે. તેમાં યોગનું પરિવર્તન થવાથી અને વિરહકાળ હોવાથી ત્રણ ભંગ.

**વચનયોગીમાં** પાંચ એકેન્દ્રિયને છોડીને જીવ અને ૧૯ દંડક છે. તેમાં યોગ પરિવર્તન તથા વિરહકાળના કારણે ત્રણ ભંગ છે.

**કાયયોગીમાં** જીવ અને ૨૪ દંડક છે. તેમાંથી પાંચ એકેન્દ્રિયમાં એક છઠ્ઠો ભંગ છે, જીવ અને ૧૯ દંડકમાં ત્રણ ભંગ થાય છે.

## (૧૧) ઉપયોગગત જીવોની સપ્રદેશતા અપ્રદેશતા :–

**१५ सागरोवउत्त–अणागारोवउत्तेहिं जीव एगिंदियवज्जो तियभंगो ।**

**ભાવાર્થ :–** સાકારોપયોગી અને અનાકારોપયોગી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ.

**વિવેચન :–**

સમુચ્ચય જીવ, ૨૪ દંડક અને સિદ્ધોમાં બંને ઉપયોગ હોય છે.

**સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં** એક છઠ્ઠો ભંગ હોય છે. શેષ. ૧૯ દંડક અને સિદ્ધોમાં ઉત્પત્તિ વિરહ અને ઉપયોગના પરિવર્તનના કારણે ત્રણ ભંગ હોય છે.

## (૧૨) વેદગત જીવોની સપ્રદેશતા અપ્રદેશતા :–

**१६ सवेयगा य जहा सकसाई । इत्थिवेयग–पुरिसवेयग–णपुंसगवेयगेसु जीवाइओ तियभंगो । णवरं णपुंसगवेदे एगिंदिएसु अभंगयं । अवेयगा जहा अकसाई ।**

**ભાવાર્થ :–** સવેદક જીવોનું કથન સકષાયી જીવોની સમાન જાણવું. સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસક

વેદીમાં જીવાદિ પદોમાં (સમુચ્ચય જીવ અને યોગ્ય દંડકમાં)ત્રણ ભંગ જાણવા. વિશેષતા એ છે કે નપુંસક વેદમાં એકેન્દ્રિયમાં અભંગ. અવેદકનું કથન અકષાયીની જેમ છે અર્થાત્ જીવ, મનુષ્ય અને સિદ્ધમાં ત્રણ ભંગ.

### વિવેચન :–

**સવેદીમાં** જીવ અને ૨૪ દંડક છે. તેનું ભંગ કથન સકષાયી જીવની જેમ કહ્યું છે. તે આ પ્રમાણે છે– સમુચ્ચય જીવ ૧૯ દંડકમાં ત્રણ ભંગ, એકેન્દ્રિયમાં અભંગ હોય છે.

**સ્ત્રીવેદી–પુરુષવેદીમાં** દેવ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયના ૧૫ દંડક છે. તેમાં ત્રણ ભંગ છે.

**નપુંસકવેદીમાં** દેવના ૧૩ દંડક છોડીને ૧૧ દંડક છે. તેમાંથી એકેન્દ્રિયાદિમાં એક છટ્ઠો ભંગ છે. શેષ ૬ દંડકમાં ઉત્પત્તિ વિરહ કારણે ત્રણ ભંગ થાય છે.

**અવેદીમાં** જીવ, સિદ્ધ અને મનુષ્યનો એક દંડક છે. તેની પ્રાપ્તિનો વિરહ હોવાથી ત્રણ ભંગ થાય છે.

**વિશેષ**– સવેદીમાં ૯ ગુણસ્થાન છે અને અવેદીમાં ૯ થી ૧૪ એટલે ૬ ગુણસ્થાન છે.

## (૧૩) શરીરગત જીવોની સપ્રદેશતા અપ્રદેશતા :–

**૧૭ ससरीरी जहा ओहिओ । ओरालिय–वेउव्वियसरीराणं जीव–एगिंदियवज्जो तियभंगो । आहारगसरीरे जीव–मणुएसु छब्भंगा, तेयग–कम्मगाणं जहा ओहिया। असरीरेहिं जीव–सिद्धेहिं तियभंगो ।**

**ભાવાર્થ :–** જેમ ઔઘિક જીવોનું કથન કર્યું, તે રીતે સશરીરી જીવોના વિષયમાં કહેવું જોઈએ. ઔદારિક અને વૈક્રિયશરીરી જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ કહેવા. આહારક શરીરી જીવોમાં જીવ અને મનુષ્યોમાં છ ભંગ કહેવા. તેજસ અને કાર્મણ શરીરી જીવોનું કથન ઔઘિક જીવોની સમાન જાણવું. અશરીરી, જીવ અને સિદ્ધોને માટે ત્રણ ભંગ કહેવા.

### વિવેચન :–

**સશરીરીમાં** સમુચ્ચય જીવ અને ૨૪ દંડક છે. સશરીરી બોલ અનાદિ છે તેમાં સમુચ્ચય જીવમાં સર્વ સપ્રદેશીનો પ્રથમ ભંગ, સશરીરી એકેન્દ્રિયાદિમાં એક છટ્ઠો ભંગ અને શેષ ૧૯ દંડકમાં વિરહકાળ હોવાથી ૩ ભંગ થાય છે.

**ઔદારિક શરીરીમાં** સમુચ્ચય જીવ અને દેવ–નારકીના ૧૪ દંડક છોડીને ૧૦ દંડક છે. તેમાંથી જીવ અને પાંચ એકેન્દ્રિયમાં એક છટ્ઠો ભંગ. શેષ પાંચ દંડકમાં ત્રણ ભંગ છે.

**વૈક્રિય શરીરીમાં** જીવ અને દેવના ૧૩, નારકી, મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય, વાયુકાય કુલ ૧૭ દંડક છે. તેમાંથી જીવ અને વાયુકાયમાં એક છટ્ઠો ભંગ. શેષ ૧૬ દંડકમાં ત્રણ ભંગ છે.

**આહારક શરીરીમાં** જીવ અને એક મનુષ્યનો દંડક છે. આ બોલ અશાશ્વત છે તેથી તેમાં છ ભંગ થાય છે.

**તૈજસ–કાર્મણ શરીરીમાં** સમુચ્ચય જીવ અને ૨૪ દંડક છે. આ બોલનું ભંગ કથન ઉપર્યુક્ત સશરીરી પ્રમાણે છે.

**અશરીરીમાં** જીવ અને સિદ્ધ છે. અશરીરીરૂપે સિદ્ધની ઉત્પત્તિનો વિરહ હોવાથી ત્રણ ભંગ થાય છે.

## (૧૪) પર્યાપ્તિગત જીવોની સપ્રદેશતા–અપ્રદેશતા :-

**૧૮ आहारपज्जत्तीए, सरीरपज्जत्तीए, इंदियपज्जत्तीए, आणापाणपज्जत्तीए जीव–एगिंदियवज्जो तियभंगो, भासा–मणपज्जत्तीए जहा सण्णी, आहार अपज्जत्तीए जहा अणाहारगा, सरीर अपज्जत्तीए, इंदिय अपज्जत्तीए, आणापाण अपज्जत्तीए जीव– एगिंदियवज्जो तियभंगो, णेरइय–देव–मणुएहिं छब्भंगा, भासामणअपज्जत्तीए जीवाइओ तियभंगो, णेरइय–देव–मणुएहिं छब्भंगा ।**

**ભાવાર્થ :–** આહારપર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઈન્દ્રિયપર્યાપ્તિ અને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિવાળા જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ જાણવા. ભાષા પર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિવાળા જીવોનું કથન સંજ્ઞી જીવોની સમાન જાણવું અર્થાત્ જીવ અને ૧૬ દંડકમાં ત્રણ ભંગ થાય છે.

આહાર અપર્યાપ્તિવાળા જીવોનું કથન અનાહારક જીવોની સમાન જાણવું અર્થાત્ જીવ અને એકેન્દ્રિયમાં અભંગ, શેષ ૧૯ દંડકમાં છ ભંગ છે. શરીર–અપર્યાપ્તિ, ઈન્દ્રિય અપર્યાપ્તિ અને શ્વાસોચ્છ્વાસ અપર્યાપ્તિવાળા જીવોમાં જીવ અને એકેન્દ્રિયને છોડીને ત્રણ ભંગ અને નૈરયિક, દેવ તથા મનુષ્યોમાં છ ભંગ. ભાષા અપર્યાપ્તિ અને મનઃઅપર્યાપ્તિવાળા જીવોમાં જીવાદિક પદોમાં(સમુચ્ચયજીવ અને ઔદારિકના ૯ દંડકમાં) ત્રણ ભંગ. નૈરયિક, દેવ અને મનુષ્યોમાં છ ભંગ.

## વિવેચન :-

આહાર આદિ ચાર પર્યાપ્તિ અને ચાર અપર્યાપ્તિમાં સમુચ્ચયજીવ અને ૨૪ દંડક છે. ભાષા અને મનઃપર્યાપ્તિ–અપર્યાપ્તિમાં સમુચ્ચય જીવ અને ક્રમશઃ ૧૯ તથા ૧૬ દંડક છે.

**આહારાદિ ચાર પર્યાપ્તિ :–** સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં ઉત્પત્તિનો વિરહ ન હોવાથી એક છટ્ઠો ભંગ અને શેષ ૧૯ દંડકમાં ઉત્પત્તિનો વિરહ હોવાથી ત્રણ ભંગ થાય છે.

**ભાષા–મનઃ પર્યાપ્તિ :–** તેમાં ઉત્પત્તિનો વિરહ હોવાથી યથાયોગ્ય સ્થાનમાં ત્રણ ભંગ થાય છે.

**આહાર અપર્યાપ્તિ :–** સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં એક છઠ્ઠો ભંગ છે. **૧૯ દંડકમાં છ ભંગ છે** તેનું કારણ એ છે કે આહાર અપર્યાપ્તિની સ્થિતિ એક–બે સમયની જ છે અને ઉત્પત્તિનો વિરહકાલ અંતર્મુહૂર્ત આદિ અધિક સમયનો છે. તેથી પૂર્વે ઉત્પન્ન થયેલા જીવો એક સમયમાં આહાર અપર્યાપ્તિને પૂર્ણ કરી લે અને વિરહકાલમાં નવા જીવો ઉત્પન્ન થયા ન હોય ત્યારે આહાર અપર્યાપ્તિને પૂર્વે પ્રાપ્ત થયેલા જીવો અને આહાર અપર્યાપ્તિને પ્રાપ્ત કરતા જીવો, બંને પ્રકારના જીવો હોતા નથી આ રીતે તે અશાશ્વત છે. તેથી તેમાં છ ભંગ થાય છે.

**શરીરાદિ પાંચ અપર્યાપ્તિ :–** સમુચ્ચય જીવ અને પાંચ સ્થાવરમાં એક છઠ્ઠો ભંગ. **ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં** ત્રણ ભંગ થાય છે. કારણ કે ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં અંતર્મુહૂર્તનો વિરહકાલ હોવા છતાં તેમાં અપર્યાપ્તાવસ્થાના અંતર્મુહૂર્તથી વિરહકાલનો અંતર્મુહૂર્ત નાનો છે. તેથી પૂર્વે ઉત્પન્ન થયેલા જીવો પોતાની અપર્યાપ્તાવસ્થાને પૂર્ણ કરે તે પહેલાં જ વિરહકાલ પૂર્ણ થતાં અન્ય એક કે અનેક જીવો ઉત્પન્ન થાય છે અને તે અપર્યાપ્તાવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી તેમાં ત્રણ ભંગ ઘટિત થાય છે.

**નારકી, દેવ, મનુષ્યમાં છ ભંગ :–** અપર્યાપ્તની સ્થિતિ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે અને નારકી દેવ મનુષ્યનો વિરહ અનેક મુહૂર્ત દિવસ વગેરેનો હોય છે. આ કારણે તેમાં અપર્યાપ્તાવસ્થા અશાશ્વત છે. તેથી તેમાં છ ભંગ થાય છે.

## વર્ણિત વિષયના દ્વારોનું સંકલન :-

**१९** **सपएसा आहारग भविय, सण्णि लेसा दिट्ठि संजय कसाए ।**
**णाणे जोगुवओगे, वेए य सरीर पज्जत्ती ॥**

**ભાવાર્થ :–** (૧) સપ્રદેશી જીવાદિ (૨) આહારક (૩) ભવી (૪) સંજ્ઞી (૫) લેશ્યા (૬) દૃષ્ટિ (૭) સંયત (૮) કષાય (૯) જ્ઞાન (૧૦) યોગ (૧૧) ઉપયોગ (૧૨) વેદ (૧૩) શરીર (૧૪) પર્યાપ્તિ. આ ચૌદ દ્વારોનું કથન ઉપર કર્યું છે.

## વિવેચન :-

શતક અથવા ઉદ્દેશકના વિષયોને સંકલિત કરનારી ગાથાઓ પ્રાયઃ પ્રારંભમાં હોય છે. પરંતુ ક્યાંક આ રીતે ઉદ્દેશકના કે વિષયના અંતે પણ જોવા મળે છે.

પ્રસ્તુત ગાથા(સૂત્ર)માં ૧૪ દ્વારના નામ કહ્યા છે. તે દ્વારના ૯૬ બોલ આ પ્રમાણે છે– (૧) સપ્રદેશી જીવાદિ–૨૬ (૨) આહારક–૨ (૩) ભવી–૩ (૪) સંજ્ઞી–૩ (૫) લેશ્યા–૮ (૬) દૃષ્ટિ–૩ (૭) સંયત–૪ (૮) કષાય–૬ (૯) જ્ઞાન–૧૦ (૧૦) યોગ–૫ (૧૧) ઉપયોગ–૨ (૧૨) વેદ–૫ (૧૩) શરીર–૭ (૧૪) પર્યાપ્તિ–૧૨. આ બોલોનું સ્પષ્ટીકરણ તે દ્વારોના વર્ણનમાં થયું છે.

**નિષ્કર્ષ :–** આ ચૌદ દ્વારથી જીવોમાં કાલની અપેક્ષાએ સપ્રદેશી–અપ્રદેશીની વિચારણા કરી છે. (૧) સમુચ્ચયજીવમાં જે બોલની આદિ ન હોય અર્થાત્ અનાદિ હોય તે એકવચનમાં સપ્રદેશી હોય અને બહુવચનમાં સર્વજીવ નિયમતઃ સપ્રદેશી હોય. આ પ્રથમ ભંગ છે. (૨) ૨૪ દંડકોમાં ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી જીવ કાલની અપેક્ષાએ અપ્રદેશી હોય અને શેષ સમયવર્તી જીવ સપ્રદેશી હોય છે.(૩) સિદ્ધોમાં પણ પ્રથમ સમયવર્તી સિદ્ધ અપ્રદેશી હોય અને અનેક સમયસ્થિતિક સિદ્ધ જીવ સપ્રદેશી હોય છે.

**એકવચનની અપેક્ષા :–** સર્વ દંડકમાં સર્વ બોલમાં સપ્રદેશી અથવા અપ્રદેશી બે માંથી એક હોય છે અર્થાત્ કદાચિત્ સપ્રદેશી અને કદાચિત્ અપ્રદેશી હોય છે.

**બહુવચનની અપેક્ષા :–** (૧) એકેન્દ્રિયમાં અથવા જે બોલમાં સપ્રદેશી અને અપ્રદેશી બંને શાશ્વત હોય અર્થાત્ જે બોલ શાશ્વત હોય અને તેમાં ઉત્પત્તિનો વિરહ ન હોય તેમાં અભંગ(એક છટ્ઠો ભંગ)હોય છે (૨) શેષ જે દંડકોમાં ઉત્પત્તિનો વિરહ હોય ત્યાં ત્રણ ભંગ અર્થાત્ જે બોલમાં સપ્રદેશી શાશ્વત હોય અને અપ્રદેશી અશાશ્વત હોય તેમાં ત્રણ ભંગ (૩) જે બોલ સ્વયં અશાશ્વત હોય તેથી તેના સપ્રદેશી અને અપ્રદેશી બંને અશાશ્વત હોય; તેમાં છ ભંગ પ્રાપ્ત થાય છે.

**૧૪ દ્વારમાં ઘણા જીવની અપેક્ષાએ કાલાદેશથી સપ્રદેશી અપ્રદેશીના ભંગ :–**

| દ્વાર | બોલ | દંડક | ભંગ |
|---|---|---|---|
| ૧ | ઔઘિક | સમુચ્ચય જીવ | નિયમા સપ્રદેશી(પ્રથમ ભંગ) |
| | | ૧૯ દંડક અને સિદ્ધ | ૩ ભંગ |
| | | એકેન્દ્રિયના પાંચ દંડકમાં | ૧ ભંગ–અભંગ (છટ્ઠો ભંગ) |
| ૨ | આહારક | ૧૯ દંડક | ૩ ભંગ |
| | | જીવ, એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | અનાહારક | ૧૯ દંડક | ૬ ભંગ |
| | | જીવ, એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | | સિદ્ધ | ૩ ભંગ |
| ૩ | ભવ્ય, અભવ્ય | પ્રથમ ઔઘિક દ્વારવત્ | – |
| | નો ભવ્ય નો અભવ્ય | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| ૪ | સંજ્ઞી | જીવ, ૧૬ દંડક | ૩ ભંગ |
| | અસંજ્ઞી | એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | | નારકી, દેવતા, મનુષ્ય | ૬ ભંગ |
| | | જીવ, વિકલેન્દ્રિય અને | ૩ ભંગ |

| | | | |
|---|---|---|---|
| | | તિર્યંચ પંચેન્દ્રિય | |
| | નોસંજ્ઞી નોઅસંજ્ઞી | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| ૫ | સલેશી | પ્રથમ ઔધિક દ્વારવત્ | – |
| | કૃષ્ણાદિ ત્રણ લેશ્યા | જીવ, એકેન્દ્રિય | છઠ્ઠો ભંગ |
| | | ૧૭ દંડક [જ્યોતિષી વૈમાનિકને છોડીને] | ૩ ભંગ |
| | તેજો લેશ્યા | પૃથ્વી, પાણી, વનસ્પતિ | ૬ ભંગ |
| | | જીવ અને શેષ દંડકમાં | ૩ ભંગ |
| | પદ્મ, શુક્લ લેશ્યા | જીવ, ૩ દંડક | ૩ ભંગ |
| | અલેશી | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| | | મનુષ્ય | ૬ ભંગ |
| ૬ | સમ્યગ્દષ્ટિ | વિકલેન્દ્રિય | ૬ ભંગ |
| | | જીવ અને ૧૬ દંડકમાં | ૩ ભંગ |
| | મિથ્યાદષ્ટિ | એકેન્દ્રિય | છઠ્ઠો ભંગ |
| | | જીવ અને ૧૯ દંડક | ૩ ભંગ |
| | મિશ્રદષ્ટિ | જીવ, ૧૬ દંડક | ૬ ભંગ |
| ૭ | સંયત | જીવ, મનુષ્ય | ૩ ભંગ |
| | અસંયત | એકેન્દ્રિય | છઠ્ઠો ભંગ |
| | | જીવ અને ૧૯ દંડક | ૩ ભંગ |
| | સંયતાસંયત | જીવ, ૨ દંડક | ૩ ભંગ |
| | નોસંયત નોઅસંયત | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| ૮ | સકષાયી | એકેન્દ્રિય | છઠ્ઠો ભંગ |
| | | જીવ, ૧૯ દંડક | ૩ ભંગ |
| | ક્રોધી | જીવ, એકેન્દ્રિય | છઠ્ઠો ભંગ |
| | | દેવ | ૬ ભંગ |
| | શેષમાં | (૬ દંડકમાં) | ૩ ભંગ |
| | માન–માયા | જીવ–એકેન્દ્રિય | છઠ્ઠો ભંગ |
| | | દેવ, નારક | ૬ ભંગ |

| | | | |
|---|---|---|---|
| | | શેષમાં (૫ દંડકમાં) | ૩ ભંગ |
| | લોભ | જીવ, એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | | નારક | ૬ ભંગ |
| | | શેષ (૧૮ દંડકમાં) | ૩ ભંગ |
| | અકષાયી | જીવ, મનુષ્ય, સિદ્ધ | ૩ ભંગ |
| ૯ | સજ્ઞાની–બે જ્ઞાન | વિકલેન્દ્રિય | ૬ ભંગ |
| | | શેષમાં (૧૬ દંડકમાં) | ૩ ભંગ |
| | શેષ ત્રણ જ્ઞાન | સર્વમાં(જેટલા દંડક હોય) | ૩ ભંગ |
| | અજ્ઞાની–બે અજ્ઞાન | એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | | જીવ અને ૧૯ દંડક | ૩ ભંગ |
| | વિભંગજ્ઞાન | સર્વમાં (જીવ અને ૧૬ દંડક) | ૩ ભંગ |
| ૧૦ | સયોગી | પ્રથમ ઔઘિક દ્વાર વત્ | – |
| | કાયયોગ | એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | | જીવ, ૧૯ દંડકમાં | ૩ ભંગ |
| | મનયોગ, વચનયોગ | જીવ અને ૧૬ તથા ૧૯ દંડકમાં | ૩ ભંગ |
| | અયોગી | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| | | મનુષ્ય | ૬ ભંગ |
| ૧૧ | બંને ઉપયોગ | જીવ, એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | | ૧૯ દંડક, સિદ્ધ | ૩ ભંગ |
| ૧૨ | સવેદક | સકષાયી સમાન | |
| | નપુંસક વેદ | એકેન્દ્રિય | ૧ ભંગ |
| | | જીવ અને ૬ દંડકમાં | ૩ ભંગ |
| | સ્ત્રી, પુરુષ વેદ | જીવ અને ૧૫ દંડકમાં | ૩ ભંગ |
| | અવેદક | જીવ, મનુષ્ય, સિદ્ધ | ૩ ભંગ |
| ૧૩ | સશરીરી | પ્રથમ ઔઘિક દ્વાર વત્ | |
| | ઔદારિક, વૈક્રિયશરીર | જીવ, એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | શેષમાં | યથા યોગ્ય દંડકમાં | ૩ ભંગ |

| | | | |
|---|---|---|---|
| | આહારક | જીવ, મનુષ્ય | ૬ ભંગ |
| | તેજસ–કાર્મણ શરીર | પ્રથમ ઔઘિક દ્વાર વત્ | |
| | અશરીરી | જીવ–સિદ્ધ | ૩ ભંગ |
| ૧૪ | ૪ પર્યાપ્તિ | જીવ, એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | | ૧૯ દંડકમાં | ૩ ભંગ |
| | ભાષા–મનઃ પર્યાપ્તિ | જીવ, ૧૯ અથવા ૧૬ દંડકમાં | ૩ ભંગ |
| | આહાર અપર્યાપ્તિ | અનાહારકની સમાન | – |
| | ત્રણ અપર્યાપ્તિ | જીવ, એકેન્દ્રિય | છટ્ઠો ભંગ |
| | | નારક, દેવ, મનુષ્ય | ૬ ભંગ |
| | | વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય | ૩ ભંગ |
| | ભાષા, મનઃ અપર્યાપ્તિ | નારક, દેવ, મનુષ્ય | ૬ ભંગ |
| | ભાષા અપર્યાપ્તિ | જીવ, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેંદ્રિયમાં | ૩ ભંગ |
| | મનઃઅપર્યાપ્તિ | તિર્યંચ પંચેન્દ્રિય | ૩ ભંગ |

**નોંધ :– એક ભંગ** = અભંગ = અનેક સપ્રદેશી, અનેક અપ્રદેશી = છટ્ઠો ભંગ.

**ત્રણ ભંગ** = (૧) સર્વ સપ્રદેશી (૫) અનેક સપ્રદેશી, એક અપ્રદેશી (૬) અનેક સપ્રદેશી, અનેક અપ્રદેશી.

**છ ભંગ** = (૧) સર્વ સપ્રદેશી (૨) સર્વ અપ્રદેશી (૩) એક સપ્રદેશી એક અપ્રદેશી (૪) એક સપ્રદેશી, અનેક અપ્રદેશી (૫) અનેક સપ્રદેશી, એક અપ્રદેશી (૬) અનેક સપ્રદેશી, અનેક અપ્રદેશી.

## પ્રત્યાખ્યાન અને આયુષ્ય :–

**૨૦ जीवा णं भंते ! किं पच्चक्खाणी, अपच्चक्खाणी, पच्चक्खाणापच्चक्खाणी ?**

**गोयमा ! जीवा पच्चक्खाणी वि अपच्चक्खाणी वि पच्चक्खाणापच्चक्खाणी वि ।**

**શબ્દાર્થ :– पच्चक्खाणी** = વિરત, સંયમી **अपच्चक्खाणी** = અવિરત, અસંયમી **पच्चक्खाणा**

**पच्चक्खाणी** = દેશવિરત, શ્રાવક.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ શું પ્રત્યાખ્યાની છે, અપ્રત્યાખ્યાની છે કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ પ્રત્યાખ્યાની પણ છે, અપ્રત્યાખ્યાની પણ છે અને પ્રત્યાખ્યાના–પ્રત્યાખ્યાની પણ છે.

**२१ सव्वजीवाणं एवं पुच्छा ?**

**गोयमा ! णेरइया अपच्चक्खाणी एवं *जाव* चउरिंदिया, सेसा दो पडिसेहेयव्वा । पंचिंदियतिरिक्खजोणीया णो पच्चक्खाणी, अपच्चक्खाणी वि, पच्चक्खाणा- पच्चक्खाणी वि । मणुस्सा तिण्णि वि । सेसा जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આ જ રીતે સર્વ જીવોના સંબંધમાં પ્રશ્ન પૂછવા ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ અપ્રત્યાખ્યાની છે. આ જ રીતે ચૌરેન્દ્રિય પર્યંતના જીવો અર્થાત્ ભવનપતિ, પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવો અપ્રત્યાખ્યાની છે. તે જીવોમાં પ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનીનો નિષેધ કરવો. તિર્યંચ પંચેન્દ્રિય પ્રત્યાખ્યાની નથી, અપ્રત્યાખ્યાની છે અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની પણ છે. મનુષ્યમાં પ્રત્યાખ્યાની આદિ ત્રણે ય હોય છે. શેષ જ્યોતિષી અને વૈમાનિકનું કથન નૈરયિકોની જેમ કરવું જોઈએ.

**२२ जीवा णं भंते ! किं पच्चक्खाणं जाणंति, अपच्चक्खाणं जाणंति, पच्चक्खाणा- पच्चक्खाणं जाणंति ?**

**गोयमा ! जे पंचिंदिया ते तिण्णि वि जाणंति । अवसेसा तिण्णि वि ण जाणंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો પ્રત્યાખ્યાનને જાણે છે, અપ્રત્યાખ્યાનને જાણે છે અને પ્રત્યાખ્યાના –પ્રત્યાખ્યાનને જાણે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે પંચેન્દ્રિય છે તે ત્રણેયને જાણે છે. શેષ જીવો ત્રણેયને જાણતા નથી.

**२३ जीवा णं भंते ! किं पच्चक्खाणं कुव्वंति, अपच्चक्खाणं कुव्वंति, पच्चक्खाणा -पच्चक्खाणं कुव्वंति ?**

**गोयमा ! जहा ओहिओ तहा कुव्वणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે છે, અપ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે

છે, પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે (સૂત્ર ૨૦–૨૧માં) ઔઘિકનું નિરૂપણ છે, તે જ રીતે પ્રત્યાખ્યાન સ્વીકાર કરવાના વિષયમાં જીવ અને ૨૪ દંડક સંબંધી કથન કરવું જોઈએ.

**૨૪ जीवा णं भंते ! किं पच्चक्खाणणिव्वत्तियाउया, अपच्चक्खाणणिव्वत्तियाउया, पच्चक्खाणा–पच्चक्खाणणिव्वत्तियाउया ?**

**गोयमा ! जीवा य वेमाणिया य पच्चक्खाणणिव्वत्तियाउया, एवं तिण्णि वि; अवसेसा अपच्चक्खाणणिव्वत्तियाउया ।**

**શબ્દાર્થ :– पच्चक्खाणणिवत्तियाउया** = પ્રત્યાખ્યાન નિર્વર્તિત આયુષ્યવાળા, પ્રત્યાખ્યાનમાં અર્થાત્ સંયમમાં આયુષ્ય બંધ કરેલા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો, પ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુષ્યવાળા છે, અપ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુષ્યવાળા છે કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુષ્યવાળા છે ? અર્થાત્ શું જીવોનું આયુષ્ય પ્રત્યાખ્યાનથી બંધાય છે, અપ્રત્યાખ્યાનથી બંધાય છે કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનથી બંધાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવો અને વૈમાનિક દેવ પ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુષ્યવાળા છે, અપ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુષ્યવાળા પણ છે અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુષ્યવાળા પણ છે. શેષ સર્વ જીવો અપ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુષ્યવાળા છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સમસ્ત જીવો માટે (૧) સામાન્યરૂપે પ્રત્યાખ્યાની આદિની (૨) પ્રત્યાખ્યાનાદિના જ્ઞાનની (૩) તેના સ્વીકારની તથા (૪) તત્સંબંધી આયુષ્યની વિચારણા કરી છે.

(૧) સામાન્યરૂપે મનુષ્ય પ્રત્યાખ્યાની છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય પ્રત્યાખ્યાનનાપ્રત્યાખ્યાની છે. શેષ સર્વ ૨૨ દંડકના જીવો અપ્રત્યાખ્યાની છે. સમુચ્ચય જીવમાં ત્રણે ય બોલ છે.

(૨) પંચેન્દ્રિયના ૧૬ દંડકના જીવો પ્રત્યાખ્યાનાદિ ત્રણેયને જાણે છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય પ્રત્યાખ્યાનાદિને જાણતા નથી.

(૩) મનુષ્ય પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકે, તિર્યંચ પંચેંદ્રિય પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકે, શેષ સર્વ (૨૨ દંડક) પ્રત્યાખ્યાન કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકતા નથી. અર્થાત્ તે જીવો અપ્રત્યાખ્યાની છે.

(૪) વૈમાનિક દેવોમાં કેટલાકનું આયુષ્ય પ્રત્યાખ્યાન અવસ્થામાં બાંધેલું હોય, કેટલાકનું અપ્રત્યાખ્યાન

અવસ્થામાં બાંધેલું હોય અને કેટલાકનું પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાન અવસ્થામાં બાંધેલુ હોય છે. અર્થાત્ સર્વ વિરતિ, દેશવિરતિ અને અવિરતિ ત્રણે પ્રકારના જીવો વૈમાનિકના આયુષ્યનો બંધ કરી શકે છે. અર્થાત્ વર્તમાનમાં દેવભવને પ્રાપ્ત દેવે પૂર્વભવમાં પ્રત્યાખ્યાનાદિ ત્રણેયથી દેવાયુનો બંધ કર્યો હોય છે. શેષ ત્રેવીસ દંડકનો આયુષ્ય બંધ માત્ર અવિરતિ જીવ જ કરે છે. સામાન્ય જીવની પૃચ્છામાં વૈમાનિકનો સમાવેશ હોવાથી તેમાં ત્રણે ય પ્રકારના આયુષ્ય બંધવાળા કહ્યા છે.

**વિશેષ :–** પ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની તે ત્રણે ય પ્રકારના જીવ વૈમાનિક દેવનો આયુબંધ કરી શકે છે. પરંતુ તેમાં અનુત્તર વિમાનના દેવાયુનો બંધ પ્રત્યાખ્યાની જીવો જ કરી શકે છે.

**૨૫ पच्चक्खाणं जाणइ, कुव्वइ, तिण्णेव आउणिव्वत्ती ।**
**सपएसुद्देसम्मि य एमेए दंडगा चउरो । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :–** (૧) પ્રત્યાખ્યાન વિષયક સ્પષ્ટતા, (૨) પ્રત્યાખ્યાનાદિને જાણવા, (૩) પ્રત્યાખ્યાનાદિ કરવા તથા (૪) ત્રણે દ્વારા આયુષ્યની નિર્વૃત્તિ, આ ચાર આલાપકથી સપ્રદેશ નામના આ ઉદ્દેશકમાં પ્રત્યાખ્યાન સંબંધી વર્ણન છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૬/૪ સંપૂર્ણ ॥**

# શતક–૬ : ઉદ્દેશક–૫

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્ય ત્રણ વિષયનું પ્રતિપાદન છે– તમસ્કાય, કૃષ્ણરાજિ અને લોકાંતિક દેવ.

★ **તમસ્કાય :–** તે પાણીનું એક વિશેષ પ્રકારનું પરિણમન છે. અસંખ્યાતમા અરુણોદય નામના સમુદ્રની આભ્યંતર વેદિકાથી ૪૨,૦૦૦ યોજન સમુદ્રમાં ગયા પછી ત્યાં લવણશિખાની જેમ સમભિત્તિ રૂપ તમસ્કાય ઉપર ઊઠે છે, જે સંખ્યાત યોજન જાડી છે. અરુણોદય સમુદ્ર ચૂડીના આકારે હોવાથી તમસ્કાય પણ વલયાકારે ઉપર ઊઠેલી છે. ૧૭૨૧ યોજન સીધી ઊંચે ગયા પછી તે તિરછી વિસ્તૃત થાય છે અને પાંચમા દેવલોકના ત્રીજા રિષ્ટ પ્રસ્તટ પાસે તે અસંખ્યાત યોજન વિસ્તૃત બની જાય છે. આ રીતે સંપૂર્ણ તમસ્કાયનો આકાર નીચે સુરાઈના મુખાકારે અને ઉપર કૂકડાના પિંજરા જેવો છે.

★ આ તમસ્કાય ધુમ્મસથી પણ અત્યંત પ્રગાઢ છે. તે સઘન અંધકારરૂપ છે, તેથી તેનું નામ જલની મુખ્યતાથી નહીં પરંતુ અંધકારની મુખ્યતાએ તમસ્કાય આપ્યું છે. તેના ગુણ નિષ્પન્ન ૧૩ નામ છે.

★ તમસ્કાયમાંથી કોઈ દેવને પસાર થવું હોય તો તે પણ ભ્રાંત બની જાય છે અને શીઘ્ર નીકળી જાય છે. કોઈ અસુરકુમાર, નાગકુમાર કે વૈમાનિક દેવ તેમાં વીજળી કે વરસાદ કરી શકે છે. પરંતુ તે દેવકૃત હોવાથી અચિત્ત હોય છે. તેની અંદર જ્યોતિષી વિમાન નથી પરંતુ તેના કિનારે જ્યોતિષી વિમાન હોઈ શકે છે. તેની પ્રભા તમસ્કાયમાં પડે છે પરંતુ તેમાં તેના અંધકારથી તે નિષ્પ્રભ બની જાય છે. તે તમસ્કાય અપકાય રૂપ હોવાથી ત્યાં વાયુ અને વનસ્પતિના જીવો હોઈ શકે છે પરંતુ પૃથ્વી કે અગ્નિના જીવો નથી.

આ લોકના સર્વ જીવો ભૂતકાળમાં તમસ્કાય રૂપે ઉત્પન્ન થઈ ગયા છે.

★ **કૃષ્ણરાજિ :–** પાંચમા દેવલોકમાં રિષ્ટ નામના પ્રસ્તટમાં આઠ કૃષ્ણરાજિઓ કાળા વર્ણની રાજિ એટલે લાંબી રેખાની સમાન નક્કર પૃથ્વીશિલારૂપે છે. ચાર દિશામાં ચાર અને તે ચારેની બહારની દિશામાં ચાર અર્થાત્ એક એક દિશામાં બે–બે કૃષ્ણરાજિ છે. અંદરની ચારે સમચતુષ્કોણ અને લંબચોરસ આકારની છે. બહારની બે ઉત્તર–દક્ષિણમાં ત્રિકોણ અને પૂર્વ પશ્ચિમમાં ષટ્કોણ આકારવાળી છે. તે સર્વે સંખ્યાત યોજન પહોળી અને અસંખ્યાત યોજન લાંબી છે.

★ એક દિશાની આભ્યંતર કૃષ્ણરાજિ પછીની દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શ કરે છે, અર્થાત્ દક્ષિણ– દિશાની આભ્યંતર કૃષ્ણરાજિ પશ્ચિમ દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શે છે; આ રીતે પ્રત્યેકમાં સમજવું.

★ આઠે કૃષ્ણરાજિની વચ્ચેનું ક્ષેત્ર પણ કૃષ્ણરાજિનું જ ગણાય છે. તેમાં દેવકૃત વીજળી, વરસાદ આદિ થાય છે.

આ લોકના સર્વ જીવો ભૂતકાળમાં ત્યાં સૂક્ષ્મ પાંચ સ્થાવર પણે, બાદર પૃથ્વીપણે કે વચ્ચેના ક્ષેત્રમાં વાયુપણે ઉત્પન્ન થઈ ગયા છે.

★ **લોકાન્તિક દેવ :–** આઠ કૃષ્ણરાજિની વચ્ચે આઠ અને વચ્ચેના ક્ષેત્રમાં એક, તે રીતે નવ લોકાન્તિક દેવોના નવ વિમાન છે, તે વિમાન વાયુપ્રતિષ્ઠિત છે, તે દેવો તીર્થંકરોને તીર્થ પ્રવર્તાવવાના સમયે સૂચન કરે તેઓનો તથાપ્રકારનો જીત વ્યવહાર છે. તે દેવો પોતાના પરિવાર સહિત ત્યાં દિવ્યઋદ્ધિનો અનુભવ કરે છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૫

## તમસ્કાય

**તમસ્કાયનું સ્વરૂપ :–**

**१ किमियं भंते ! 'तमुक्काए' त्ति पव्वुच्चइ, किं पुढवी तमुक्काए त्ति पव्वुच्चइ, आऊ तमुक्काए त्ति पव्वुच्चइ ? गोयमा ! णो पुढवि तमुक्काए त्ति पव्वुच्चइ, आऊ तमुक्काए त्ति पव्वुच्चइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! पुढविकाए णं अत्थेगइए सुभे; देसं पगासेइ, अत्थेगइए देसं णो पगासेइ । से तेणट्ठेणं ।**

**શબ્દાર્થ :– किमियं** = આ શું છે ? **तमुक्काए** = તમસ્કાય, અંધકારનો સમૂહ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! 'તમસ્કાય' કોને કહેવાય ? શું પૃથ્વીને તમસ્કાય(અંધકાર સમૂહ) કહેવાય કે પાણીને તમસ્કાય કહેવાય ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વી તમસ્કાયરૂપ(અંધકાર સમૂહરૂપ) કહેવાતી નથી, પરંતુ પાણી તમસ્કાય રૂપ(અંધકાર સમૂહરૂપ) કહેવાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પૃથ્વી તમસ્કાયરૂપ(અંધકાર સમૂહરૂપ) કહેવાતી નથી, પરંતુ પાણી તમસ્કાયરૂપ(અંધકાર સમૂહ રૂપ) કહેવાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયમાં કેટલીક પૃથ્વી શુભ હોય છે અને તે અમુક ક્ષેત્રને પ્રકાશિત કરે છે. કેટલીક પૃથ્વીકાય એવી હોય છે કે જે ક્ષેત્રના એક ભાગને પણ પ્રકાશિત કરતી નથી. તેથી ઉપરોક્ત કથન કર્યું છે.

**२ तमुक्काए णं भंते ! कहिं समुट्ठिए, कहिं सण्णिट्ठिए ?**

**गोयमा ! जंबुद्दीवस्स दीवस्स बहिया तिरियमसंखेज्जे दीव समुद्दे वीईवइत्ता अरुणवरस्स दीवस्स बाहिरिल्लाओ वेइयंताओ अरुणोदयं समुद्दं बायालीसं जोयण–**

**सहस्साणि ओगाहित्ता उवरिल्लाओ जलंताओ एगपएसियाए सेढीए एत्थ णं तमुक्काए समुट्ठिए । सत्तरस एक्कवीसे जोयणसए उड्ढं उप्पइत्ता तओ पच्छा तिरियं पवित्थरमाणे–पवित्थरमाणे सोहम्मीसाण–सणंकुमारमाहिंदे चत्तारि वि कप्पे आवरित्ता णं उड्ढं पि य णं जाव बंभलोगे कप्पे रिट्ठविमाणापत्थडं संपत्ते; एत्थ णं तमुक्काए णं सण्णिट्ठिए ।**

**શબ્દાર્થ :– समुट्ठिए** = ઉત્પન્ન થઈ છે **सण्णिट्ठिए** = સન્નિષ્ઠિત–સમાપ્ત થઈ **वेइयंताओ** = વેદિકાના અંતથી **वीईवइत्ता** = ઉલ્લંઘન કરીને **उड्ढं उप्पइत्ता** = ઉપર ઊઠે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાય ક્યાંથી ઉત્પન્ન–પ્રારંભ થાય છે, અને ક્યાં જઈને સમાપ્ત થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપની બહાર તિરછા અસંખ્યાત દ્વીપ–સમુદ્ર પસાર કર્યા પછી, અરુણવરદ્વીપની બહારની વેદિકાના અંતથી, અરુણોદય સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન આગળ જતાં, પાણીની ઉપરની સપાટી પરથી સમાન પ્રદેશવાળી શ્રેણીથી અર્થાત્ સમાન વિસ્તારવાળી તમસ્કાય પ્રાદુર્ભૂત થાય છે. ત્યાંથી ૧૭૨૧ યોજન ઊંચે ગયા પછી, તિરછા વિસ્તૃત થતાં થતાં સૌધર્મ, ઈશાન, સનત્કુમાર અને માહેન્દ્ર, તે ચાર દેવલોકોને આચ્છાદિત કરીને, તેનાથી ઉપર પાંચમા બ્રહ્મલોક કલ્પના રિષ્ટ નામના ત્રીજા વિમાન–પ્રસ્તટ સુધી વ્યાપ્ત છે અને ત્યાં જ તે તમસ્કાય સમાપ્ત અથવા સંસ્થિત થાય છે.

**३ तमुक्काए णं भंते ! किंसंठिए पण्णत्ते ?**

**गोयमा ! अहे मल्लगमूलसंठिए, उप्पिं कुक्कुडपंजरगसंठिए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાયનું સંસ્થાન કેવા પ્રકારનું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તમસ્કાય નીચે મલ્લક–સુરાઈના અથવા ઘડાના મૂલભાગના આકારે સંકુચિત છે અને ઉપર કૂકડાના પિંજરાના આકારે વિસ્તૃત છે.

**४ तमुक्काए णं भंते ! केवइयं विक्खंभेणं, केवइयं परिक्खेवेणं पण्णत्ते ?**

**गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– संखेज्जवित्थडे य, असंखेज्जवित्थडे य; तत्थ णं जे से संखेज्जवित्थडे से णं संखेज्जाइं जोयणसहस्साइं विक्खंभेणं असंखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं पण्णत्ते । तत्थ णं जे से असंखेज्जवित्थडे से णं असंखेज्जाइं जोयणसहस्साइं विक्खंभेणं, असंखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાયનો વિસ્તાર અને ઘેરાવો કેટલો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તમસ્કાયના વિસ્તાર(વિષ્કંભ) બે પ્રકારના છે યથા– (૧) સંખ્યેય વિસ્તૃત (૨) અસંખ્યેય વિસ્તૃત. તેમાંથી જે (૧) સંખ્યેય વિસ્તૃત છે, તેનો વિષ્કંભ(વિસ્તાર)સંખ્યાત હજાર યોજન છે અને તેનો પરિક્ષેપ(ઘેરાવો) અસંખ્યાત હજાર યોજન છે. તેમાંથી જે (૨) અસંખ્યેય વિસ્તૃત છે, તેનો વિસ્તાર અસંખ્યાત હજાર યોજન છે અને તેનો ઘેરાવો પણ અસંખ્યાત હજાર યોજન છે.

**૫ तमुक्काए णं भंते ! के महालए पण्णत्ते ?**

**गोयमा ! अयं णं जंबुद्दीवे दीवे सव्वदीव–समुद्दाणं सव्वब्भंतराए** *जाव* **परिक्खेवेणं पण्णत्ते । देवे णं महिड्डीए** *जाव* **महाणुभावे इणामेव–इणामेव त्ति कट्टु केवलकप्पं जंबुदीवं दीवं तिहिं अच्छराणिवाएहिं तिसत्तक्खुत्तो अणुपरियट्टिता णं हव्वमागच्छिज्जा, से णं देवे ताए उक्किट्ठाए, तुरियाए** *जाव* **देवगईए वीईवयमाणे वीईवयमाणे** *जाव* **एगाहं वा, दुयाहं वा, तियाहं वा; उक्कोसेणं छम्मासे वीईवएज्जा, अत्थेगइयं तमुकायं वीईवएज्जा, अत्थेगइयं तमुक्कायं णो वीईवएज्जा, एमहालए णं गोयमा! तमुक्काए पण्णत्ते ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાય કેવડી મોટી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમસ્ત દ્વીપ–સમુદ્રોની સર્વાભ્યંતર અર્થાત્ મધ્યમાં આ જંબૂદ્વીપ છે, તે એક લાખ યોજનનો લાંબો પહોળો છે ***યાવત્*** તેની સાધિક ત્રણ ગુણી પરિધિ છે. કોઈ મહાઋદ્ધિવાન, મહાનુભાવવાળા દેવ 'આ ચાલ્યો, આ ચાલ્યો' એમ કરીને, ત્રણ ચપટી વગાડે, તેટલા સમયમાં સંપૂર્ણ જંબૂદ્વીપને એકવીસ વાર પરિકમ્મા કરીને, શીઘ્ર પાછા આવી જાય; આ પ્રકારની ઉત્કૃષ્ટ અને ત્વરાયુક્ત દેવગતિથી જતાં, એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ ચાલે, આ રીતે ઉત્કૃષ્ટ છ મહિના સુધી ચાલે, ત્યારે કોઈ જગ્યાની તમસ્કાયનો પાર પામી જાય છે અને કેટલાક સ્થળે તમસ્કાયનો પાર પામી શકતા નથી, હે ગૌતમ ! તમસ્કાય આટલી મોટી છે.

**૬ अत्थि णं भंते ! तमुक्काए गेहा इ वा, गेहावणा इ वा ? णो इणट्ठे समट्ठे। अत्थि णं भंते ! तमुक्काए गामा इ वा,** *जाव* **सण्णिवेसा इ वा ? णो इणट्ठे समट्ठे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાયમાં ઘર છે અથવા દુકાનો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ઘર કે દુકાનો નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાયમાં ગ્રામ ***યાવત્*** સન્નિવેશ પર્યંતના સ્થાનો હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ગ્રામાદિ નથી.

**૭ अत्थि णं भंते ! तमुक्काए उराला बलाहया संसेयंति, सम्मुच्छंति,**

**वासं वासंति ? हंता, अत्थि ।**

**तं भंते ! किं देवो पकरेइ, असुरो पकरेइ, णागो पकरेइ ? गोयमा ! देवो वि पकरेइ, असुरो वि पकरेइ, णागो वि पकरेइ ।**

**શબ્દાર્થ :– संसेयंति** = ઉત્પન્ન થાય છે **उराला** = વિશાલ, મોટા **बलाहया** = વાદળાઓ **समुच्छंति** = એકત્રિત થઈ વિસ્તાર પામે, પરસ્પરના સંયોગથી ફેલાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તમસ્કાયમાં વિશાળ વાદળાઓ ઉત્પન્ન થાય છે, વિસ્તાર પામે છે, ફેલાય છે અને વર્ષા વરસાવે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તેમ થાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તે વાદળા, વરસાદ વગેરે શું દેવ કરે છે, અસુરકુમાર કરે છે કે નાગકુમાર કરે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! આ પ્રમાણે દેવ પણ કરે છે, અસુરકુમાર પણ કરે છે અને નાગકુમાર કરે છે.

**૮ अत्थि णं भंते ! तमुक्काए बायरे थणियसद्दे, बायरे विज्जुए ? हंता, अत्थि। तं भंते ! किं देवो पकरेइ, पुच्छा ? गोयमा ! तिण्णि वि पकरेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાયમાં શું વિશાળ મેઘગર્જન થાય છે ? શું વીજળી થાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે તમસ્કાયમાં વિશાળ ગાજ–વીજ થાય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું તેને દેવ કરે છે, અસુર કરે છે કે નાગ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણે ય કરે છે.

**૯ अत्थि णं भंते ! तमुक्काए बायरे पुढविकाए, बायरे अगणिकाए ? गोयमा ! णो इणट्ठे समट्ठे । णण्णत्थ विग्गहगइसमावण्णएणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તમસ્કાયમાં બાદર પૃથ્વીકાય છે અને બાદર અગ્નિકાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં બાદર પૃથ્વીકાયાદિ નથી પરંતુ વિગ્રહગતિ સમાપન્ન બાદર પૃથ્વી અને બાદર અગ્નિ હોઈ શકે છે.

**૧૦ अत्थि णं भंते ! तमुक्काए चंदिम सूरिय गहगण णक्खत्ततारारूवा ? गोयमा ! णो इणट्ठे समट्ठे; पलियस्सओ पुण अत्थि ।**

**अत्थि णं भंते ! तमुक्काए चंदाभा इ वा सूराभा इ वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे; कादूसणिया पुण सा ।**

**શબ્દાર્થ :– पलियस्सओ** = આસપાસમાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તમસ્કાયમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારાઓ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તમસ્કાયમાં ચંદ્રાદિ નથી પરંતુ તેની આસપાસમાં ચંદ્રાદિ હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ તમસ્કાયમાં ચંદ્રની અથવા સૂર્યની પ્રભા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ચંદ્રાદિની પ્રભા નથી પરંતુ ચંદ્રાદિની પ્રભા તેમાં જાય છે, તે તેના અંધકારમાં દૂષિત થઈ જાય છે, નિષ્પ્રભ થઈ જાય છે.

**११ तमुक्काए णं भंते ! केरिसए वण्णएणं पण्णत्ते ?**

**गोयमा ! काले कालोभासे, गंभीर लोमहरिसजणणे, भीमे, उत्तासणए, परमकिण्हे वण्णेणं पण्णत्ते । देवे वि णं अत्थेगइए जे णं तप्पढमयाए पासित्ता णं खुभाएज्जा। अहे णं अभिसमागच्छेज्जा, तओ पच्छा सीहं सीहं, तुरियं तुरियं खिप्पामेव वीईवएज्जा ।**

**શબ્દાર્થ :– गंभीर** = ભારે, બહુ **लोमहरिसजणणे** = રોમહર્ષક, રૂંવાટી ઊભી કરી દે તેવો **खुब्भाएज्जा** = ગભરાટ પામે, ક્ષોભ પામે, ક્ષુભિત થાય, ભયભીત થાય છે **उत्तासणए** = ઉત્રાસજનક.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાયનો વર્ણ કેવો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તમસ્કાયનો વર્ણ કાળો, કાળી કાંતિવાળો, ભારે રૂંવાટી ઊભી કરી દે તેવો, ભયંકર, ઉત્રાસજનક અને પરમકૃષ્ણ છે.

કેટલાક દેવો પણ જે પહેલીવાર તમસ્કાયને જુએ, તે જોતા જ ભયભીત થઈ જાય છે. કદાચિત્ કોઈ દેવ તે તમસ્કાયમાં પ્રવેશ કરે અર્થાત્ કોઈ દેવને તમસ્કાય માર્ગમાં આવી જાય તો તે શીઘ્રાતિશીઘ્ર ત્વરિત ગતિથી, જલદી તેને પાર કરી જાય છે.

**१२ तमुक्कायस्स णं भंते ! कइ णामधेज्जा पण्णत्ता ?**

**गोयमा ! तेरस णामधेज्जा पण्णत्ता, तं जहा– तमे इ वा, तमुक्काए इ वा, अंधकारे इ वा, महंधकारे इ वा, लोगंधकारे इ वा, लोगतमिसे इ वा, देवंधयारे इ वा, देवतमिसे इ वा, देवरण्णे इ वा, देववूहे इ वा, देवफलिहे इ वा, देवपडिक्खोभे इ वा, अरुणोदए इ वा समुद्दे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાયના કેટલા નામ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તમસ્કાયના તેર નામ છે, તે આ પ્રમાણે છે– (૧) તમ (૨) તમસ્કાય (૩) અંધકાર (૪) મહાન્ધકાર (૫) લોકાન્ધકાર (૬) લોક તમિસ્ર (૭) દેવાંધકાર (૮) દેવ તમિસ્ર (૯) દેવારણ્ય (૧૦) દેવવ્યૂહ (૧૧) દેવપરિઘ (૧૨) દેવ પ્રતિક્ષોભ (૧૩) અરુણોદક સમુદ્ર.

**१३ तमुक्काए णं भंते ! किं पुढविपरिणामे, आउपरिणामे, जीवपरिणामे, पोग्गल–परिणामे ?**

**गोयमा ! णो पुढविपरिणामे, आउपरिणामे वि, जीवपरिणामे वि, पोग्गल–परिणामे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્કાય શું પૃથ્વીના પરિણામરૂપ છે, જલના પરિણામરૂપ છે, જીવના પરિણામરૂપ છે અથવા પુદ્ગલના પરિણામરૂપ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તમસ્કાય પૃથ્વીના પરિણામરૂપ નથી, જલના પરિણામરૂપ છે, જીવના પરિણામ રૂપ પણ છે અને પુદ્ગલના પણ પરિણામરૂપ છે.

**१४ तमुक्काए णं भंते ! सव्वे पाणा, भूया, जीवा, सत्ता पुढवीकाइयत्ताए** *जाव* **तसकाइयत्ताए उववण्णपुव्वा ?**

**हंता गोयमा ! असइं अदुवा अणंतक्खुत्तो; णो चेव णं बायरपुढ विकाइय– त्ताए, बायरअगणिकाइयत्ताए वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તમસ્કાયમાં સર્વ, પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ પૃથ્વીકાયિક રૂપે ***યાવત્*** ત્રસકાયિક રૂપે પૂર્વે ઉત્પન્ન થઈ ગયા છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! સર્વ, પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ તમસ્કાયમાં પૃથ્વીરૂપે ***યાવત્*** વનસ્પતિ રૂપે અનેક વાર અથવા અનંતવાર પૂર્વે ઉત્પન્ન થઈ ગયા છે પરંતુ બાદર પૃથ્વીકાયિક રૂપે અથવા બાદર અગ્નિકાયિક રૂપે ઉત્પન્ન થયા નથી.


## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં તમસ્કાય વિષે વિવિધ દષ્ટિકોણથી સ્પષ્ટ પરિચય કરાવ્યો છે.


**किमियं तमुक्काए :–** તમસ્કાય શું છે આ પ્રશ્નના ઉત્તરમાં સમજાવ્યું છે કે– તે ઘોર અંધકારમય અને જળરૂપ છે. તે પૃથ્વીરૂપ નથી. કેટલીક પૃથ્વીમાં ઉદ્યોત નામ કર્મના ઉદયવાળા જીવો હોવાથી તે

પ્રકાશમાન હોઈ શકે છે અને કેટલીક પૃથ્વી અંધકારમય હોય છે. પરંતુ તમસ્કાયમાં તો ઉદ્યોત(પ્રકાશ) અંશ માત્ર પણ નથી. તેથી તે પૃથ્વીરૂપ નથી પણ પાણીરૂપ છે.

**तमुक्काए कहिं समुट्ठिए :–** તમસ્કાયનું ઉદ્‌ભવ અને અંત સ્થાન. જંબૂદ્વીપથી બહાર અસંખ્ય દ્વીપસમુદ્રને પસાર કર્યા પછી અરુણવરદ્વીપ છે. તે દ્વીપની વેદિકાના અંતથી અરુણવર સમુદ્રમાં ૪૨૦૦૦ યોજન જઈએ ત્યાંથી લવણશિખાની જેમ સમાનપ્રદેશવાળી સમભિત્તિરૂપ–દિવાલની જેમ તમસ્કાય–જલરાશિ સીધી ઉપર ઊઠેલી છે. જે સંખ્યાત યોજન વિસ્તૃત છે. અરુણવર સમુદ્રની જેમ તે વલયાકારે ૧૭૨૧ યોજન સીધી ઊંચે જઈને, ત્યાર પછી તિરછી વિસ્તૃત થતાં અસંખ્યાત યોજન વિસ્તૃત થાય છે. તે પાંચમાં દેવલોકના ત્રીજા રિષ્ટ પ્રસ્તટ સુધી જઈને અંત પામે છે.



તમસ્કાયનો બાહ્યથી દેખાવ



તમસ્કાયનો અંદરથી દેખાવ

**एगपएसियाए सेढीए :–** એક પ્રદેશી એટલે એક સરખી. નીચેથી ઉપર સુધી એક સમાન ભીંત–દિવાલ રૂપ શ્રેણી. આ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે– **सम भित्तितया इत्थर्थः । न च वाच्यम्– एक प्रदेश प्रमाण्या इति । असंख्यात प्रदेश जीवावगाह स्वभावत्वेन जीवानाम् । तस्यां जीवावगाहा भाव प्रसंगात्, तमस्कायस्य च स्तिबुकाकार अप्कायिक जीवात्मकत्वात् बाहल्यमानस्य च प्रतिपादयिष्य– माणत्वात् ।**– ટીકા. **અર્થ–** સમભિત્તિ રૂપે. અહીં એકપ્રદેશી શ્રેણી, અર્થ ન કરવો. કારણ કે જીવનો તથાપ્રકારનો સ્વભાવ હોવાથી સ્તિબુક સંસ્થાનવાળા અપ્કાયિક જીવ એક પ્રદેશી શ્રેણી પર રહી શકતા નથી તેથી તથા અહીં તમસ્કાયની પહોળાઈ બતાવવાનો પ્રસંગ હોવાથી અહીં **'एगपएसियाए सेढीए'** નો અર્થ

સમભિત્તિ– એક સમાન વિસ્તારવાળી શ્રેણી, કરવો જોઈએ પરંતુ એકપ્રદેશી શ્રેણી અર્થ ન કરવો જોઈએ.

**तमुक्काए किंसंठिए :– मल्लगमूल कुक्कुडपंजरग ।** પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે તમસ્કાયના આકારને સમજાવવા માટે બે પદાર્થના આકાર સાથે સરખામણી કરી છે. પાણીની સપાટીથી પ્રારંભ થતી તમસ્કાય અર્થાત્ સંપૂર્ણ તમસ્કાયનો નીચેનો ભાગ મલ્લકમૂલ એટલે સુરાઈના મુખ સમાન લંબગોળ સાંકડો હોય છે અને ૧૭૨૧ યોજન ઉપર ગયા પછી પાંચમા દેવલોક સુધીનો આકાર કૂકડાના પિંજરા સમાન વિસ્તૃત ગોળ હોય છે. તાત્પર્ય એ છે કે ૧૭૨૧ યોજન સુધી લંબાઈ, પહોળાઈ, ગોળાઈ એક સમાન છે. ત્યાર પછી પ્રથમ દેવલોક સુધી ઘડાની જેમ વિસ્તાર પામેલી છે ત્યાર પછી પ્રથમ દેવલોકથી પાંચમા દેવલોક સુધી પુનઃ એક સમાન વિસ્તારવાળી છે.

**तमुक्काए केवइयं विक्खंभेणं :–** પ્રસ્તુત સૂત્રમાં દેવોની ગમન શક્તિના માધ્યમે તમસ્કાયનું માપ સમજાવ્યું છે. તમસ્કાય જ્યાંથી પ્રારંભ થઈ છે ત્યાં સંખ્યાત યોજનના વિસ્તારવાળી છે. ૧૭૨૧ યોજન ઉપર ગયા પછી તેના ઘેરાવા અને પહોળાઈ બંનેમાં વૃદ્ધિ થાય છે તે ક્રમશઃ વૃદ્ધિ પામતાં અને આગળ જતાં અસંખ્યાત યોજન પ્રમાણ પહોળાઈવાળી થઈ જાય છે.

અસત્ કલ્પનાથી કોઈ દેવ એક સેંકડમાં લાખો યોજનની તીવ્ર ગતિથી છ મહીના સુધી ચાલે તો પણ તે દેવ કોઈ સ્થળે તમસ્કાયને પાર કરી શકે અને કોઈ સ્થળે પાર ન કરી શકે. જ્યાં અસંખ્યાત યોજન પહોળાઈ છે ત્યાં પાર કરી શકતા નથી અને જ્યાં સંખ્યાત યોજન છે ત્યાં કોઈ સ્થળે પાર કરે અને કોઈ સ્થળે ન પણ કરે.

દેવોની ગતિ સંબંધી સ્પષ્ટીકરણમાં કહ્યું છે કે દેવો ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં ૨૧ વાર જંબૂદ્વીપની પરિક્રમા કરે. જંબૂદ્વીપનો પરિક્ષેપ–ઘેરાવો લગભગ ૩.૧૬ લાખ યોજન છે. તેથી ૨૧ × ૩.૧૬ = આશરે ૬૫ લાખ યોજન. તેટલા ક્ષેત્રને ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં પાર કરે. વાસ્તવમાં દેવો માટે કલ્પિત આ ગતિ અત્યંત સામાન્ય છે. દેવો તો અસંખ્ય યોજનની તીવ્ર ગતિથી પણ ગમન કરી શકે છે. અહીં તમસ્કાયની વિશાળ તા દર્શાવવા માટે લાખો યોજન પ્રમાણ ગતિની અસત્ કલ્પનાથી સમજાવ્યું છે.

**तमुक्काए गेहा गेहावणा :–** પ્રસ્તુત સૂત્રમાં તમસ્કાયની અંતર્ગત ઘર, દુકાન આદિ અનેક દ્રવ્ય છે કે નહિ તે સમજાવ્યું છે. તમસ્કાય તિરછા લોકથી પ્રારંભ થઈ ઊર્ધ્વલોક પર્યંત ફેલાયેલી છે. તે સઘન પાણીમય હોવાથી ત્યાં ઘર, દુકાન, ગ્રામાદિ નથી. તમસ્કાયના ક્ષેત્રમાં અસુરકુમાર, નાગકુમાર અને વૈમાનિક દેવોનું આવાગમન થતું હોવાથી ત્રણે ય પ્રકારના દેવો તે ક્ષેત્રમાં વાદળા, વર્ષા, ગાજવીજ આદિ કરી શકે છે. ચંદ્રાદિ જ્યોતિષી દેવોના વિમાનો તેના તિરછા લોકના વિસ્તારની આસપાસ હોય છે અને તે વિમાનોની પ્રભા તમસ્કાયમાં પ્રવેશ પામે છે પરંતુ સઘન અંધકારમાં તે પ્રભા નિષ્પ્રભ થઈ જાય છે.

ત્યાં બાદર પૃથ્વી કે અગ્નિના જીવો નથી કારણ કે ત્યાં તે જીવોનું સ્વસ્થાન નથી. દેવકૃત વિદ્યુત– વીજળી છે, તે અચિત્ત પુદ્‌ગલ રૂપ છે. તે તમસ્કાય જલરૂપ હોવાથી વનસ્પતિકાય અને ત્રસકાયિક જીવ ત્યાં હોઈ શકે છે. ત્યાં બાદર વાયુકાયના જીવ પણ સંભવે છે. વિગ્રહગતિ સમાપન્નક કોઈ પણ જીવ ત્યાં

હોઈ શકે છે.

**तमुक्कायस्स णामधेज्जा :–** પ્રસ્તુત સૂત્રમાં તમસ્કાયના તેર પર્યાયવાચી નામ કહ્યાં છે. તે અંધકારની પ્રમુખતાવાળા છે યથા–

**(૧)** અંધકાર રૂપ હોવાથી **તમ (૨)** અંધકારના સમૂહ રૂપ હોવાથી **તમસ્કાય (૩)** અંધકાર રૂપ હોવાથી **અંધકાર (૪)** મહાન અંધકાર રૂપ હોવાથી **મહાંધકાર (૫)** લોકમાં તેના જેવો અન્ય અંધકાર ન હોવાથી **લોકાંધકર (૬)** લોકમાં તમિસ્ર–અંધકારરૂપ હોવાથી **લોક તમિસ્ર (૭)** દેવોને માટે પણ અંધકાર રૂપ હોવાથી **દેવાન્ધકાર (૮)** દેવો માટે તમિસ્ર–અંધકારરૂપ હોવાથી **દેવતમિસ્ર (૯)** કોઈ બળવાન દેવાતાના ભયથી ભાગતા અન્ય દેવને માટે તે છુપાવાના સ્થાન રૂપ, અરણ્ય રૂપ હોવાથી **દેવારણ્ય (૧૦)** જે રીતે ચક્રવ્યૂહનું ભેદન કઠિન છે, તે જ રીતે તમસ્કાય દેવોને માટે પણ દુર્ભેદ્ય હોવાથી તે **દેવવ્યૂહ (૧૧)** તેને જોઈને દેવો પણ ભયભીત થતા હોવાથી અને તે દેવની ગતિમાં બાધક હોવાથી **દેવ પરિઘ** છે. **(૧૨)** તે દેવને પણ ક્ષુબ્ધ કરતી હોવાથી **દેવપ્રતિક્ષોભ (૧૩)** તે અરુણવર સમુદ્રના પાણીના વિકારરૂપ કે તે સમુદ્રના વિભાગરૂપ હોવાથી **અરુણોદક સમુદ્ર** કહેવાય છે.

**उववण्णपुव्वा :–** સર્વ જીવો ભૂતકાળમાં અનેકવાર કે અનંતવાર તમસ્કાયમાં ત્રસ–સ્થાવર જીવો રૂપે ઉત્પન્ન થઈ ગયા છે પરંતુ બાદર પૃથ્વી કે બાદર અગ્નિરૂપે ઉત્પન્ન થયા નથી.

### આઠ કૃષ્ણરાજિઓ :–

**૧૫ कइ णं भंते ! कण्हराईओ पण्णत्ताओ ? गोयमा ! अट्ठ कण्हराईओ पण्णत्ताओ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણરાજિઓ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણરાજિઓ આઠ કહી છે.

**१६ कहि णं भंते ! एयाओ अट्ठ कण्हराईओ पण्णत्ताओ ?**

**गोयमा ! उप्पिं सणंकुमार–माहिंदाणं कप्पाणं, हिट्ठिं बंभलोए कप्पे रिट्ठे विमाणपत्थडे– एत्थ णं अक्खाडगसमचउरंससंठाणसंठियाओ अट्ठ कण्हराईओ पण्णत्ताओ, तं जहा– पुरत्थिमेणं दो, पच्चत्थिमेणं दो, दाहिणेणं दो, उत्तरेणं दो; पुरत्थिमब्भंतरा कण्हराई दाहिणबाहिरं कण्हराइं पुट्ठा, दाहिणब्भंतरा कण्हराई पच्चत्थिमबाहिरं कण्हराइं पुट्ठा, पच्चत्थिमब्भंतरा कण्हराई उत्तरबाहिरं कण्हराइं पुट्ठा, उत्तरमब्भंतरा कण्हराई पुरत्थिमबाहिरं कण्हराइं पुट्ठा ।**

**दो पुरत्थिम–पच्चत्थिमाओ बाहिराओ कण्हराईओ छलंसाओ, दो उत्तर–दाहिणबाहिराओ कण्हराईओ तंसाओ, दो पुरत्थिम–पच्चत्थिमाओ अब्भिंतराओ**

**कण्हराईओ चउरंसाओ, दो उत्तर–दाहिणाओ अब्भिंतराओ कण्हराईओ चउरंसाओ।**

**पुव्वावरा छलंसा, तंसा पुण दाहिणुत्तरा बज्झा ।**
**अब्भिंतर चउरंसा, सव्वा वि य कण्हराईओ ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ આઠ કૃષ્ણરાજિઓ ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રીજા ચોથા દેવલોકથી ઉપર અને પાંચમાં દેવલોકના અરિષ્ટ નામના ત્રીજા વિમાન પ્રસ્તટમાં સમચોરસ સંસ્થાનવાળી અખાડાના આકારની આઠ કૃષ્ણરાજિઓ છે, યથા– પૂર્વમાં બે, પશ્ચિમમાં બે, દક્ષિણમાં બે અને ઉત્તરમાં બે. (૧) પૂર્વદિશાની આભ્યંતર કૃષ્ણરાજિ દક્ષિણદિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શીને રહેલી છે. (૨) દક્ષિણ દિશાની આભ્યંતર કૃષ્ણરાજિ પશ્ચિમ દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શીને રહેલી છે. (૩) પશ્ચિમ દિશાની આભ્યંતર કૃષ્ણરાજિ ઉત્તર દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શીને રહેલી છે. (૪) ઉત્તર દિશાની આભ્યંતર કૃષ્ણરાજિ, પૂર્વ દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શેલી છે.

(૧) પૂર્વ અને પશ્ચિમ દિશાની બે બાહ્ય કૃષ્ણરાજિઓ ષટ્કોણ છે. (૨) ઉત્તર અને દક્ષિણ દિશાની બે બાહ્ય કૃષ્ણરાજિઓ ત્રિકોણ છે. (૩) પૂર્વ અને પશ્ચિમ દિશાની બે આભ્યંતર કૃષ્ણરાજિઓ ચતુષ્કોણ. (૪) ઉત્તર અને દક્ષિણ દિશાની બે આભ્યંતર કૃષ્ણરાજિઓ પણ ચતુષ્કોણ છે.

**ગાથાર્થ–** પૂર્વ અને પશ્ચિમની બાહ્ય કૃષ્ણરાજિઓ ષટ્કોણ છે તથા દક્ષિણ અને ઉત્તરની બાહ્ય કૃષ્ણરાજિઓ ત્રિકોણ છે અને આભ્યંતર સર્વ કૃષ્ણરાજિઓ ચતુષ્કોણ છે.

**१७ कण्हराईओ णं भंते ! केवइयं आयामेणं, केवइयं विक्खंभेणं, केवइयं परिक्खेवेणं पण्णत्ताओ ?**

**गोयमा ! असंखेज्जाइं जोयणसहस्साइं आयामेणं, संखेज्जाइं जोयणसहस्साइं विक्खंभेणं, असंखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं पण्णत्ताओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણરાજિઓની લંબાઈ, પહોળાઈ અને ઘેરાવો કેટલો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણરાજિઓની લંબાઈ અસંખ્યાત હજાર યોજન, પહોળાઈ સંખ્યાત હજાર યોજન અને તેનો ઘેરાવો અસંખ્યાત હજાર યોજન છે.

**१८ कण्हराईओ णं भंते ! के महालियाओ पण्णत्ताओ ?**

**गोयमा ! अयं णं जंबुद्दीवे दीवे** *जाव* **अद्धमासं वीईवएज्जा, अत्थेगइयं कण्हराइं वीईवएज्जा, अत्थेगइयं कण्हराइं णो वीईवएज्जा, एमहालियाओ णं गोयमा ! कण्हराईओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણરાજિઓ કેવડી મોટી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્રણ ચપટી વગાડે, એટલા સમયમાં કોઈ દેવ આ સંપૂર્ણ જંબૂદ્વીપને એકવીસ વાર પરિકમ્મા કરીને આવે, તેવી શીઘ્ર દિવ્યગતિથી દેવ લગાતાર એક દિવસ, બે દિવસ ***યાવત્*** અર્ધમાસ સુધી ચાલે, ત્યારે તે કોઈ સ્થળે કૃષ્ણરાજિને પાર કરી શકે છે અને કોઈ સ્થળે કૃષ્ણરાજિને પાર કરી શકતા નથી. હે ગૌતમ ! કૃષ્ણરાજિઓ આટલી મોટી છે.

**૧૯ अत्थि णं भंते ! कण्हराईसु गेहा इ वा, गेहावणा इ वा ? णो इणट्ठे समट्ठे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓમાં ઘર, દુકાન વગેરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ઘર આદિ નથી.

**૨૦ अत्थि णं भंते ! कण्हराईसु गामा इ वा *जाव* सण्णिवेसाइ वा ? णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓમાં ગ્રામથી સન્નિવેશ પર્યંતના સ્થાનો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ગ્રામાદિ નથી.

**૨૧ अत्थि णं भंते ! कण्हराईणं उराला बलाहया संसेयंति, सम्मुच्छंति, वासं वासंति ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓમાં વિશાળ વાદળાઓ ઉત્પન્ન થાય, ફેલાય અને વર્ષા વરસાવે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! કૃષ્ણરાજિઓમાં આ પ્રમાણે થાય છે.

**૨૨ तं भंते ! किं देवो पकरेइ, असुरो पकरेइ, णागो पकरेइ ? गोयमा ! देवो पकरेइ, णो असुरो, णो णागो पकरेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ સર્વ કાર્ય દેવ કરે છે, અસુરકુમાર કરે છે અથવા નાગકુમાર કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ સર્વ કાર્ય વૈમાનિક દેવ જ કરે છે પરંતુ અસુરકુમાર કરતા નથી, નાગકુમાર કરતા નથી.

**૨૩ अत्थि णं भंते ! कण्हराईसु बायरे थणियसद्दे ? गोयमा ! जहा उराला तहा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓમાં બાદર સ્તનિત શબ્દ(વાદળોની ગર્જના) છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે વાદળાઓના વિષયમાં કહ્યું છે, તે જ રીતે બાદર સ્તનિત શબ્દનું પણ કથન કરવું જોઈએ. કૃષ્ણરાજિઓમાં બાદર સ્તનિત શબ્દ છે અને તે દેવ કરે છે પરંતુ અસુરકુમાર કે નાગ–કુમાર કરતા નથી.

**૨૪ अत्थि णं भंते ! कण्हराईसु बायरे आउकाए, बायरे अगणिकाए, बायरे वणस्सइकाए ? गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ विग्गहगइसमावण्णएणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓમાં બાદર અપકાય, બાદર અગ્નિકાય અને બાદર વનસ્પતિકાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે ત્યાં બાદર પાણી, અગ્નિ અને વનસ્પતિ નથી પરંતુ વિગ્રહગતિ સમાપન્ન જીવો ત્યાં હોય છે.

**૨૫ अत्थि णं भंते ! कण्हराईसु चंदिम–सूरिय–गहगण–णक्खत्ततारारूवा ? गोयमा! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારાઓ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ચંદ્રાદિ નથી.

**૨૬ अत्थि णं भंते ! कण्हराईणं चंदाभा इ वा, सूराभा इ वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓમાં ચંદ્ર, સૂર્યની પ્રભા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં તે કંઈ નથી.

**૨૭ कण्हराईओ णं भंते ! केरिसियाओ वण्णेणं पण्णत्ताओ ? गोयमा ! कालाओ** *जाव* **खिप्पामेव वीईवएज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણરાજિઓનો વર્ણ કેવો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણરાજિઓનો વર્ણ કાળો છે વગેરે વર્ણન તમસ્કાયની જેમ જાણવું ***યાવત્***

દેવ શીઘ્રગતિથી જલદી તેને પાર કરી જાય છે.

**૨૮ कण्हराईओ णं भंते ! कइ णामधेज्जा पण्णत्ता ?**

**गोयमा ! अट्ठ णामधेज्जा पण्णत्ता, तं जहा- कण्हराई वा, मेहराई वा, मघा इ वा, माघवई इ वा, वायफलिहा इ वा, वायपलिक्खोभा इ वा, देवफलिहा इ वा, देवपलिक्खोभा इ वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કૃષ્ણરાજિઓના કેટલા નામ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણરાજિઓના આઠ નામ છે. (૧) કૃષ્ણરાજિ (૨) મેઘરાજિ (૩) મઘા (૪) માઘવતી (૫) વાત પરિઘા (૬) વાત પરિક્ષોભા (૭) દેવ પરિઘા (૮) દેવ પરિક્ષોભા.

**૨૯ कण्हराईओ णं भंते ! किं पुढवीपरिणामाओ, आउपरिणामाओ, जीवपरिणा– माओ, पोग्गलपरिणामाओ ?**

**गोयमा ! पुढवीपरिणामाओ, णो आउपरिणामाओ, जीवपरिणामाओ वि, पुग्गल- परिणामाओ वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓ પૃથ્વીના પરિણામરૂપ છે, જલના પરિણામરૂપ છે કે જીવના પરિણામરૂપ છે કે પુદ્‌ગલના પરિણામરૂપ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કૃષ્ણરાજિઓ પૃથ્વીના પરિણામરૂપ છે, જલના પરિણામરૂપ નથી, જીવના પરિણામરૂપ છે અને પુદ્‌ગલના પરિણામરૂપ પણ છે.

**૩૦ कण्हराईसु णं भंते ! सव्वे पाणा भूया जीवा सत्ता उववण्णपुव्वा ?**


**हंता गोयमा ! असइं अदुवा अणंतक्खुत्तो; णो चेव णं बायरआउकाइयत्ताए, बायरअगणिकाइयत्ताए बायर वणस्सइकाइयत्ताए वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણરાજિઓમાં સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ પહેલાં ઉત્પન્ન થઈ ગયા છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ કૃષ્ણરાજિઓમાં અનેક વાર અથવા અનંત– વાર ઉત્પન્ન થઈ ગયા છે પરંતુ બાદર અપકાયરૂપે, બાદર અગ્નિકાયરૂપે અને બાદર વનસ્પતિકાયરૂપે ઉત્પન્ન થયા નથી.

## વિવેચન :–

**કૃષ્ણરાજિ અને લોકાંતિક વિમાન :–**




પ્રસ્તુત સૂત્રોમાં કૃષ્ણરાજિઓના સુવિસ્તૃત સ્વરૂપનું નિરૂપણ છે.

**કૃષ્ણરાજિ સ્વરુપ અને સંખ્યા :–** પાંચમા દેવલોકના રિષ્ટ નામના ત્રીજા પ્રતરમાં પૃથ્વીશિલારૂપ

આઠ કૃષ્ણરાજિઓ ચાર દિશાઓમાં સ્થિત છે. તે કાળાવર્ણની અને નક્કર પૃથ્વીકાયમય છે. તે ત્રણ આકાર–વાળી છે. તેમાં ષટ્કોણ–૨, ત્રિકોણ–૨ અને સમચોરસ–૪ છે. દિશા વિદિશાની અપેક્ષાએ તે કૃષ્ણરાજિઓની સંસ્થિતિ સૂત્રપાઠથી અને આકૃતિથી સ્પષ્ટ છે.

**કૃષ્ણરાજિનો વિસ્તાર :–** કૃષ્ણરાજિ ત્રિકોણ, ચતુષ્કોણ, ષટ્કોણ તેમ ભિન્ન ભિન્ન આકારની છે. તે ક્યાંક સંખ્યાત યોજન વિસ્તૃત અને ક્યાંક અસંખ્યાત યોજન વિસ્તૃત છે. દેવોની ગતિની જે કલ્પના કરવામાં આવે તે સંખ્યાત યોજન પ્રમાણ જ છે. સંખ્યાત યોજનની ગતિથી અસંખ્યાત યોજનનું ક્ષેત્ર પાર થઈ શકતું નથી. તેથી દેવો પોતાની દિવ્ય ગતિથી પંદર દિવસ પર્યંત સતત ગમન કરે તો જ્યાં સંખ્યાત યોજનની વિસ્તાર– વાળી કૃષ્ણરાજિ છે ત્યાં ક્ષેત્ર પાર પામી શકે છે અને જ્યાં અસંખ્યાત યોજનની વિસ્તારવાળી કૃષ્ણરાજિ છે ત્યાં પાર કરી શકાય નહીં.

**કૃષ્ણરાજિની અંતર્ગત અન્ય દ્રવ્ય :–** કૃષ્ણરાજિઓ પાંચમા દેવલોકમાં છે માટે ત્યાં ઘર, દુકાન, ગ્રામ આદિની શક્યતા નથી. તેમજ ત્યાં અસુરકુમાર, નાગકુમાર આદિનું આવાગમન પણ નથી તેથી ત્યાં વાદળા, વરસાદ વગેરે વૈમાનિક દેવો જ કરી શકે. સૂર્ય, ચંદ્રના વિમાનો તિરછાલોકમાં જ છે માટે તે પણ ત્યાં શક્ય નથી. કૃષ્ણરાજિ પૃથ્વીમય હોવાથી ત્યાં બાદર અપકાય, અગ્નિકાય કે વનસ્પતિકાયના જીવો હોતા નથી. વિગ્રહગતિ સમાપન્નક સર્વ જીવો સર્વત્ર હોય શકે છે.

**કૃષ્ણરાજિના પર્યાયવાચી નામ :–** તેના સાર્થક આઠ નામ છે– **(૧)** કાળા વર્ણની પૃથ્વી અને પુદ્ગલનું પરિણામ હોવાથી અથવા કાળા પુદ્ગલોની રાજિ–રેખારૂપ (લંબાઈ વધુ પહોળાઈ ઓછી હોવાથી) તેનું નામ **કૃષ્ણરાજિ** છે **(૨)** કાળા મેઘની રેખા સમાન હોવાથી તેનું નામ **મેઘરાજિ** છે **(૩)** છઠ્ઠી નરકનું નામ મઘા છે, તેની સમાન અંધકારવાળી હોવાથી તેનું નામ **મઘા** છે **(૪)** સાતમી નરકની સમાન ગાઢાંધકાર– વાળી હોવાથી તેનું નામ **માઘવતી** છે **(૫)** આંધી સમાન સઘન અંધકારવાળી અને દુર્લંઘ્ય હોવાથી તેનું નામ **વાતપરિઘા** છે **(૬)** આંધી સમાન અંધકારવાળી અને ક્ષોભનું કારણ હોવાથી તેનું નામ વાત **પરિક્ષોભા** છે **(૭)** દેવોને માટે પરિઘ એટલે ભોગલ(આગળીયા) સમાન હોવાથી તેનું નામ **દેવપરિઘા** છે (૮) દેવોને માટે પણ ક્ષોભનું કારણ હોવાથી તેનું નામ **દેવ પરિક્ષોભા** છે

**અન્ય જીવોની તે રૂપે ઉત્પતિ :–** કૃષ્ણરાજિઓ નક્કર પૃથ્વીમય છે માટે ત્યાં પાણી, અગ્નિ અને વનસ્પતિ રૂપે જીવોત્પત્તિ થતી નથી. વાટે વહેતા પૃથ્વીકાયાદિના જીવ તે સ્થાને હોય શકે છે. તેમજ સૂક્ષ્મ પાંચ સ્થાવર પણ સર્વત્ર હોય છે તેનો નિષેધ નહીં સમજવો.

**કૃષ્ણરાજિ :–**

| ક્રમ | દિશા | સ્થાન | આકાર | સ્પર્શ |
|---|---|---|---|---|
| ૧ | પૂર્વ | બાહ્ય | ષટ્કોણ | ૮/૧ |
| ૨ | પૂર્વ | આભ્યંતર | ચોરસ } | ૨/૩ |
| ૩ | દક્ષિણ | બાહ્ય | ત્રિકોણ } | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | દક્ષિણ | આભ્યંતર | ચોરસ | ૪/૫ |
| ૫ | પશ્ચિમ | બાહ્ય | ષટ્કોણ | |
| ૬ | પશ્ચિમ | આભ્યંતર | ચોરસ | ૬/૭ |
| ૭ | ઉત્તર | બાહ્ય | ત્રિકોણ | |
| ૮ | ઉત્તર | આભ્યંતર | ચોરસ | ૮/૧ |

**લોકાન્તિક દેવો :–**

**૩૧ एएसि णं अट्ठण्हं कण्हराईणं अट्ठसु उवासंतरेसु अट्ठ लोगंतियविमाणा पण्णत्ता, तं जहा– अच्ची, अच्चिमाली, वइरोयणे पभंकरे, चंदाभे, सूराभे सुक्काभे, सुपइट्ठाभे; मज्झे रिट्ठाभे ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત આઠ કૃષ્ણરાજિઓના આઠ આકાશાન્તરોમાં આઠ લોકાન્તિક વિમાન છે. યથા– (૧) અર્ચિ (૨) અર્ચિમાલી (૩) વૈરોચન (૪) પ્રભંકર (૫) ચંદ્રાભ (૬) સૂર્યાભ (૭) શુક્રાભ અને (૮) સુપ્રતિષ્ઠાભ. આ સર્વની મધ્યમાં રિષ્ટાભ વિમાન છે.

**લોકાન્તિક વિમાનના સ્થાન :–**

**૩૨ कहि णं भंते ! अच्चि विमाणे पण्णत्ते ? गोयमा ! उत्तरपुरत्थिमेणं ।**

**कहि णं भंते ! अच्चिमाली विमाणे पण्णत्ते ? गोयमा ! पुरत्थिमेणं । एवं परिवाडीए णेयव्वं *जाव* कहि णं भंते ! रिट्ठे विमाणे पण्णत्ते ? गोयमा ! बहुमज्झ– देसभाए ।**

**एएसु णं अट्ठसु लोगंतियविमाणेसु अट्ठविहा लोगंतिया देवा परिवसंति, तं जहा–**

**सारस्सयमाइच्चा, वण्ही वरुणा य गद्दतोया य ।**
**तुसिया अव्वाबाहा, अग्गिच्चा चेव रिट्ठा य ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અર્ચિ વિમાન ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અર્ચિ વિમાન ઉત્તર અને પૂર્વ દિશાની વચ્ચે–ઈશાનકોણમાં છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! અર્ચિમાલી વિમાન ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અર્ચિમાલી વિમાન પૂર્વમાં છે. આ જ ક્રમથી પછીના વિમાનોના વિષયમાં

જાણવું જોઈએ. ***યાવત્***

**પ્રશ્ન–** હે ભગવન્ ! રિષ્ટ વિમાન ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! રિષ્ટ વિમાન આઠ કૃષ્ણરાજિઓ અને આઠ લોકાંતિક વિમાનોની બરોબર મધ્યમાં છે.

આ આઠ લોકાન્તિક વિમાનોમાં આઠ જાતના લોકાન્તિક દેવો રહે છે. યથા– (૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વહ્નિ (૪) વરુણ (૫) ગર્દતોય (૬) તુષિત (૭) અવ્યાબાધ (૮) આગ્નેય. મધ્યના રિષ્ટ વિમાનમાં (૯) રિષ્ટ દેવ રહે છે.

**३३ कहि णं भंते ! सारस्सया देवा परिवसंति ? गोयमा ! अच्चिम्मि विमाणे परिवसंति ।**

**कहि णं भंते ! आइच्चा देवा परिवसंति ? गोयमा ! अच्चिमालिम्मि विमाणे परिवसंति । एवं णेयव्वं जहाणुपुव्वीए *जाव* कहि णं भंते ! रिट्ठा देवा परिवसंति? गोयमा ! रिट्ठम्मि विमाणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સારસ્વત દેવ ક્યાં રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સારસ્વત દેવ અર્ચિ વિમાનમાં રહે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! આદિત્ય દેવ ક્યાં રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આદિત્ય દેવ અર્ચિમાલી વિમાનમાં રહે છે. આ જ અનુક્રમથી આઠે ય દેવના વિષયમાં જાણવું જોઈએ.

**પ્રશ્ન–** હે ભગવન્ ! રિષ્ટ દેવ ક્યાં રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! રિષ્ટ દેવ રિષ્ટ વિમાનમાં રહે છે.

## લોકાન્તિક દેવનો પરિવાર :–

**३४ सारस्सयमाइच्चाणं भंते ! देवाणं कइ देवा, कइ देवसया परिवारा पण्णत्ता? गोयमा ! सत्त देवा, सत्त देवसया परिवारो पण्णत्तो ।**

**वण्ही-वरुणाणं देवाणं चउद्दस देवा, चउद्दस देवसहस्सा परिवारो पण्णत्तो । गद्दतोय-तुसियाणं देवाणं सत्त देवा, सत्त देवसहस्सा परिवारो**

पण्णत्तो । अवसेसाणं णव देवा, णव देवसया परिवारो पण्णत्तो ।

पढम जुगलम्मि सत्तओ सयाणि, बीयम्मि चउद्दस सहस्सा ।
तइए सत्त सहस्सा, णव चेव सयाणि सेसेसु ॥

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સારસ્વત અને આદિત્ય, આ બે દેવોના મુખ્ય દેવ કેટલા છે અને તેઓનો કેટલા સો દેવનો પરિવાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સારસ્વત અને આદિત્ય, આ બે દેવોના સાત સ્વામી(અધિપતિ) દેવ છે અને તેઓનો ૭૦૦ દેવોનો પરિવાર છે. વહ્નિ અને વરુણ, આ બે દેવોના ૧૪ સ્વામી દેવ છે અને ૧૪,૦૦૦ દેવોનો પરિવાર છે. ગર્દતોય અને તુષિત, આ બે દેવોના સાત સ્વામી દેવ છે અને ૭૦૦૦ દેવોનો પરિવાર છે.

શેષ અવ્યાબાધ, આગ્નેય અને રિષ્ટ, આ ત્રણે ય દેવોના નવ સ્વામી દેવ અને ૯૦૦ દેવોનો તેનો પરિવાર છે.

**ગાથાર્થ–** પ્રથમ યુગલમાં ૭૦૦ દેવોનો પરિવાર, બીજા યુગલમાં ૧૪૦૦૦ દેવોનો પરિવાર, ત્રીજા યુગલમાં ૭૦૦૦ દેવોનો પરિવાર અને શેષ ત્રણનો ૯૦૦ દેવોનો પરિવાર છે.

## વિવેચન :–

**સ્વામી દેવ :–** પ્રસ્તુત સૂત્રમાં બે–બેના યુગલથી લોકાંતિક દેવોના સ્વામી દેવ અને તેની પરિષદના દેવોની સંખ્યાનો નિર્દેશ છે. આ મુખ્ય દેવો અને પરિષદના દેવો એક ભવ કરી મોક્ષ જનારા હોય છે, તેમ વ્યાખ્યાકારોનું કથન છે.

## લોકાંતિક વિમાનોનો આધાર આદિ :–

**૩૫** लोगंतियविमाणा णं भंते ! किं पइट्ठिया पण्णत्ता ? गोयमा ! वाउपइट्ठिया पण्णत्ता ।

एवं णेयव्वं विमाणाणं पइट्ठाणं, बाहुल्लुच्चत्तमेव संठाणं; बंभलोयवत्तव्वया णेयव्वा, जहा जीवाभिगमे देवुद्देसए *जाव* हंता गोयमा ! असइं अदुवा अणंतक्खुत्तो। णो चेव णं देवित्ताए लोगंतियविमाणेसु ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકન્તિક વિમાન કોના આધારે સ્થિત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લોકાન્તિક વિમાન વાયુના આધારે સ્થિત છે.

આ રીતે વિમાનોનો આધાર, પહોળાઈ, ઊંચાઈ અને સંસ્થાન આદિનું વર્ણન જીવાભિગમ સૂત્રના દેવ–ઉદ્દેશકમાં બ્રહ્મલોકની વક્તવ્યતામાં કહ્યું છે, તદનુસાર અહીં પણ કહેવું જોઈએ ***યાવત્*** હે ગૌતમ ! સર્વ, પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ અહીં અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ગયા છે પરંતુ લોકાન્તિક વિમાનમાં દેવીરૂપે ઉત્પન્ન થયા નથી. કારણ કે ત્યાં દેવીઓ હોતી નથી.

## વિવેચન :-

લોકાંતિક દેવોના વિમાન વાયુ આધારે સ્થિત છે, તે વિમાનો ભિન્ન ભિન્ન આકારના, લાલ, પીળા અને શ્વેત વર્ણના, રત્નમય દેદીપ્યમાન છે. આ વિષયોનું વિસ્તૃત વિવેચન જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના દેવુદ્દેશકમાં છે.

## લોકાન્તિક દેવોની સ્થિતિ :-

**૩૬ लोगंतिय देवा णं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?**
**गोयमा ! अट्ठ सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકાન્તિક દેવોની સ્થિતિ કેટલા કાલની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લોકાન્તિક દેવોની સ્થિતિ આઠ સાગરોપમની છે.

**૩૭ लोगंतियविमाणेहिंतो णं भंते ! केवइयं अबाहाए लोगंते पण्णत्ते ?**
**गोयमा ! असंखेज्जाइं जोयणसहस्साइं अबाहाए लोगंते पण्णत्ते । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકાન્તિક વિમાનોથી લોકાન્ત કેટલો દૂર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લોકાન્તિક વિમાનોથી અસંખ્યાત હજાર યોજન દૂર લોકાન્ત કહ્યો છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં સમસ્ત લોકાન્તિક દેવોની ઉંમર આઠ સાગરોપમની દર્શાવી છે અને લોકાંતિક દેવના વિમાનથી લોકનો કિનારો અસંખ્ય યોજન દૂર છે તેમ દર્શાવ્યું છે. આ ઉદ્દેશકમાં વર્ણિત લોકાંતિક

દેવ અને કૃષ્ણરાજિ સંબંધી સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે છે–

**લોકાંતિક દેવ :–**

| ક્રમ | વિમાનનું નામ | દિશા વિદિશા | કૃષ્ણરાજિ મધ્યે તેનું સ્થાન | લોકાંતિક દેવના નામ | સ્વામી/પરિવારની દેવ સંખ્યા | અન્ય વિશેષતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | અર્ચિ | ઉત્તરપૂર્વ | ૮/૧ના ખૂણામાં | સારસ્વત | ૭/૭૦૦ | (૧) આઠ સાગરોપમની સ્થિતિ<br>(૨) વાયુપ્રતિષ્ઠિત વિમાન<br>(૩) આ વિમાનોથી લોકાંત(લોકનો છેડો) અસંખ્યાત યોજન દૂર છે.<br>(૪) તે દેવો સમ્યગ્દષ્ટિ છે. |
| ૨. | અર્ચિમાલી | પૂર્વ | ૧/૨ના અંતરાલની બરોબર મધ્યમાં | આદિત્ય | | |
| ૩. | વૈરોચન | પૂર્વદક્ષિણ | ૨/૩ના ખૂણામાં | વન્હિ | ૧૪/૧૪૦૦૦ | |
| ૪. | પ્રભંકર | દક્ષિણ | ૩/૪ના અંતરાલની બરોબર મધ્યમાં | વરુણ | | |
| ૫. | ચંદ્રાભ | દક્ષિણપશ્ચિમ | ૪/૫ના ખૂણામાં | ગર્દતોય | ૭/૭૦૦૦ | |
| ૬. | સૂર્યાભ | પશ્ચિમ | ૫/૬ના અંતરાલની બરોબર મધ્યમાં | તુષિત | | |
| ૭. | શુક્રાભ | પશ્ચિમ ઉત્તર | ૬/૭ના ખૂણામાં | અવ્યાબાધ | ૯/૯૦૦ | |
| ૮. | સુપ્રતિષ્ઠાભ | ઉત્તર | ૮/૧ના અંતરાલની બરોબર મધ્યમાં | આગ્નેય | | |
| ૯. | અરિષ્ટાભ | મધ્યમાં | આઠે કૃષ્ણરાજિની બરોબર મધ્યમાં | રિષ્ટ | | |

**॥ શતક ૬/૫ સંપૂર્ણ ॥**

# શતક–૬ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં મુખ્યતાએ જીવના પ્રથમ આહારનું વર્ણન છે.

**મારણાંતિક સમુદ્દ્ઘાત :–** મૃત્યુ પૂર્વેના અંતર્મુહૂર્તમાં મારણાંતિક સમુદ્દ્ઘાત થાય છે. આ સમુદ્દ્ઘાતમાં મૂળ શરીરને છોડ્યા વિના આત્મપ્રદેશો ઉત્પત્તિ સ્થાન સુધી વિસ્તૃત થાય છે.

કેટલાક જીવ મારણાંતિક સમુદ્દ્ઘાત કરીને મૃત્યુ પામે છે, કેટલાક સમુદ્ઘાત કર્યા વિના જ મૃત્યુ પામે છે. જીવ ગમે તે રીતે જન્મ ધારણ કરે પરંતુ પ્રત્યેક જીવ મૃત્યુ પામી, ઉત્પત્તિ સ્થાને પહોંચી, પ્રથમ સમયે જ આહાર ગ્રહણ કરે છે, ત્યાર પછી તેને શરીરાદિ રૂપે પરિણમાવે છે. તાત્પર્ય એ છે કે પ્રાણી પોતાના મૃત્યુ પહેલાં સમુદ્દ્ઘાત દ્વારા જન્મ સ્થાન સુધી જઈ શકે પરંતુ ત્યાં આહાર ગ્રહણ કરતા નથી.

પાંચ સ્થાવર જીવોના ઉત્પત્તિ સ્થાન લોકાંત પર્યંત છે, તેથી તે જીવો મારણાંતિક સમુદ્દ્ઘાત કરી જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લોકાંત પર્યંત છએ દિશાઓમાં ઉત્પન્ન થાય છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૬

## ભવિક(ઉત્પન્ન થનાર)

**ચોવીસ દંડકોના આવાસ, વિમાન આદિની સંખ્યા :–**

**१** **कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ ? गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ, तं जहा– रयणप्पभा** *जाव* **तमतमा । रयणप्पभाईणं आवासा भाणियव्वा** *जाव* **अहे सत्तमाए । एवं जे जत्तिया आवासा ते भाणियव्वा** *जाव* **---**

**कइ णं भंते ! अणुत्तरविमाणा पण्णत्ता ? गोयमा ! पंच अणुत्तरविमाणा पण्णत्ता, तं जहा– विजए** *जाव* **सव्वट्ठसिद्धे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીઓ સાત કહી છે. યથા– રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા.

રત્નપ્રભા પૃથ્વીથી સાતમી તમસ્તમઃપ્રભા પૃથ્વી સુધી જે પૃથ્વીના જેટલા આવાસ છે, તેટલા કહેવા જોઈએ. તે જ રીતે ભવનપતિ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યંતર, જ્યોતિષી, ૧૨ દેવલોક, નવ ગ્રૈવેયક પર્યંતના જેટલા આવાસ છે તેનું કથન કરવું. ***યાવત્***

**પ્રશ્ન–** હે ભગવન્ ! અનુત્તર વિમાન કેટલા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનુત્તર વિમાન પાંચ છે, તે આ પ્રમાણે છે– વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ વિમાન.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં નરક પૃથ્વીઓની સંખ્યા તથા તે તે પૃથ્વીના આવાસોની સંખ્યાનું અતિદેશ પૂર્વક નિરૂપણ છે. પ્રકટરૂપે માત્ર અનુત્તર વિમાનોની સંખ્યાનું નિરૂપણ છે. ભવનવાસીથી નવ ગ્રૈવેયક સુધીના આવાસો અને વિમાનોની સંખ્યાનું સંક્ષિપ્ત કથન છે. તે વર્ણન પ્રજ્ઞાપના સૂત્રથી જાણવું જોઈએ.

## મારણાંતિક સમુદ્‌ઘાત :–

**२** **जीवे णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए तीसाए णिरयावास-सयसहस्सेसु अण्णयरंसि णिरयावासंसि णेरइयत्ताए उववज्जित्तए, से णं भंते ! तत्थगए चेव आहारेज्ज वा परिणामेज्ज वा, सरीरं वा बंधेज्जा ?**

**गोयमा ! अत्थेगइए तत्थगए चेव आहारेज्ज वा परिणामेज्ज वा सरीरं वा बंधेज्जा; अत्थेगइए तओ पडिणियत्तइ, तओ पडिणियत्तिता इहमागच्छइ, आगच्छित्ता दोच्चंपि मारणंतिय समुग्घाएणं समोहणइ, समोहणित्ता इमीसे रयणप्पभाए पुढवीए तीसाए णिरयावाससयसहस्सेसु अण्णयरंसि णिरयावासंसि णेरइयत्ताए उववज्जित्तए, तओ पच्छा आहारेज्ज वा परिणामेज्ज वा सरीरं वा बंधेज्जा । एवं *जाव* अहे सत्तमा पुढवी ।**

**શબ્દાર્થ :– मारणंतियसमुग्घाएणं** = મારણાંતિક સમુદ્‌ઘાતથી–મૃત્યુના સમયે થનારી આત્માની વિશિષ્ટ ક્રિયા **समोहए** = સમવહત, સમુદ્‌ઘાતયુક્ત **जे भविए** = પછી જે, ત્યારપછી જે **तत्थगए** = ત્યાં જઈને **आहारेज्ज** = આહાર કરે છે **परिणामेज्ज** = પરિણમાવે છે **पडिणियत्तइ** = પાછો ફરે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ મારણાન્તિક સમુદ્‌ઘાતથી સમવહત થયો છે અને સમુદ્‌ઘાત કરીને, ત્યાર પછી જો તે જીવ આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી કોઈ એક નરકાવાસમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થાય તો હે ભગવન્ ! શું તે (જીવ) ત્યાં જઈને આહાર કરે, આહારને પરિણમાવે અને શરીરને બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈ જીવ ત્યાં જઈને આહાર કરે, આહાર પરિણમાવે અને શરીર બાંધે છે અને કોઈ જીવ ત્યાં જઈને પાછો ફરે; પાછો ફરીને અહીં આવે; અહીં આવીને ફરી બીજી વાર મારણાન્તિક સમુદ્‌ઘાત કરે; સમુદ્‌ઘાત કરીને, આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંથી કોઈ એક નરકાવાસમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થાય અને ત્યાર પછી ત્યાં આહાર કરે, પરિણમાવે અને શરીર બાંધે છે.

તે જ રીતે સાતમી નરક પૃથ્વી સુધી કહેવું જોઈએ.

**३** **जीवे णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहए समोहणित्ता जे भविए चउसट्ठीए असुरकुमारावाससयसहस्सेसु अण्णयरंसि असुरकुमारावासंसि असुरकुमारत्ताए उव- वज्जित्तए ? एवं जहा णेरइया तहा भाणियव्वा *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ મારણાન્તિક સમુદ્‌ઘાતથી સમવહત થઈને ત્યાર પછી જો તે અસુરકુમારના ચોસઠ લાખ આવાસમાંથી કોઈ એક આવાસમાં ઉત્પન્ન થાય તો, શું તે જીવ ત્યાં જઈને, આહાર કરે, આહારને પરિણમાવે અને શરીર બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે નૈરયિકોના વિષયમાં કહ્યું, તે જ રીતે અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.

**૪ जीवे णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहए, समोहणित्ता जे भविए असंखेज्जेसु पुढविकाइयावाससयसहस्सेसु, अण्णयरंसि पुढविक्काइयावासंसि पुढविकाइयत्ताए उववज्जित्तए, से णं भंते ! मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं केवइयं गच्छेज्जा, केवइयं पाउणिज्जा ?**

**गोयमा ! लोयंतं गच्छेज्जा, लोयंतं पाउणिज्जा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ મારણાન્તિક સમુદ્‌ઘાતથી સમવહત થઈને ત્યારપછી જો તે જીવ અસંખ્યાત લાખ પૃથ્વીકાયિક આવાસોમાંથી કોઈ એક પૃથ્વીકાયિક આવાસમાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થાય તો હે ભગવન્ ! તે જીવ મેરુ પર્વતથી પૂર્વમાં કેટલે દૂર જાય અને કેટલા દૂરના પ્રદેશને પ્રાપ્ત કરી શકે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે લોકાન્ત સુધી જઈ શકે અને લોકાન્તને પ્રાપ્ત કરી શકે છે.

**૫ से णं भंते ! तत्थगए चेव आहारेज्ज वा परिणामेज्ज वा सरीरं वा बंधेज्जा?**

**गोयमा ! अत्थेगइए तत्थगए चेव आहारेज्ज वा परिणामेज्ज वा सरीरं वा बंधेज्जा; अत्थेगइए तओ पडिणियत्तइ, पडिणियत्तित्ता इहं हव्वं आगच्छइ, आगच्छित्ता दोच्चं पि मारणंतियसमुग्घाएणं समोहणइ, समोहणित्ता मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं अंगुलस्स असंखेज्जइभागमेत्तं वा, संखेज्जइभागमेत्तं वा, वालग्गं वा, वालग्गपुहुत्तं वा; एवं लिक्खं, जूयं, जवं, अंगुलं *जाव* जोयणकोडिं वा, जोयणकोडाकोडी वा, संखेज्जेसु वा असंखेज्जेसु वा जोयणसहस्सेसु, लोगंते वा एगपएसियं सेढिं मोत्तूण असंखेज्जेसु पुढविक्काइयावाससयसहस्सेसु अण्णयरंसि पुढविक्काइयावासंसि पुढविकाइयत्ताए उववज्जित्ता, तओ पच्छा आहारेज्ज वा परिणामेज्ज वा सरीरं वा बंधेज्जा ।**

**जहा पुरत्थिमेणं मंदरस्स पव्वयस्स आलावओ भणिओ एवं दाहिणेणं, पच्चत्थिमेणं, उत्तरेणं, उड्ढे, अहे ।**

**जहा पुढविकाइया तहा एगिंदियाणं सव्वेसिं एक्केक्कस्स छ आलावगा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપર્યુક્ત પૃથ્વીકાયિક જીવ શું ત્યાં જઈને આહાર કરે છે, આહારને પરિણમાવે છે અને શરીર બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કોઈક જીવ ત્યાં જઈને આહાર કરે, આહારને પરિણમાવે, શરીરને બાંધે છે અને કોઈ જીવ ત્યાં જઈને પાછો ફરે છે, પાછો ફરીને અહીં આવે છે; અહીં આવીને બીજીવાર મારણાન્તિક સમુદ્‌ઘાત કરે; સમુદ્‌ઘાત કરીને મેરુ પર્વતથી પૂર્વમાં અંગુલના અસંખ્યેયભાગમાત્ર, સંખ્યાતભાગ માત્ર, વાલાગ્ર, અનેક વાલાગ્ર(બે થી નવ વાલાગ્ર) આ રીતે લીખ, જૂ, યવ, અંગુલ ***યાવત્*** કરોડ યોજન, કોટાકોટિ યોજન, સંખ્યાત હજાર યોજન અને અસંખ્યાત હજાર યોજનમાં અથવા લોકાંતમાં ઉત્પન્ન થતાં આત્મ–પ્રદેશોને એક સમાન શ્રેણી એટલે ભિત્તિરૂપે પ્રસારિત કરતાં (ફેલાવતાં) પૃથ્વીકાયના અસંખ્યાત લાખ આવાસોમાંથી કોઈ એક આવાસમાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થાય છે અને પછી આહાર કરે, આહારને પરિણમાવે અને શરીર સંરચના કરે છે.

જે રીતે મેરુપર્વતની પૂર્વદિશાના વિષયમાં કથન કર્યું છે તે જ રીતે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ઊર્ધ્વ અને અધોદિશાના સંબંધમાં કહેવું જોઈએ.

જે રીતે પૃથ્વીકાયિક જીવોના વિષયમાં કહ્યું છે, તે જ રીતે સર્વ એકેન્દ્રિય જીવોના વિષયમાં એક–એકના છ–છ આલાપક કહેવા જોઈએ.

**૬ जीवे णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहणइ, समोहणित्ता जे भविए असंखेज्जेसु बेइंदियावाससयसहस्सेसु अण्णयरंसि बेइंदियावासंसि बेइंदियत्ताए उववज्जित्तए, से णं भंते ! तत्थगए चेव आहारेज्ज वा परिणामेज्ज वा सरीरं वा बंधेज्जा ?**

**गोयमा ! जहा णेरइया तहा** *जाव* **गेवेज्जगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ મારણાન્તિક સમુદ્‌ઘાત કરે છે, સમુદ્‌ઘાત કરીને, ત્યાર પછી જો તે જીવ બેઈન્દ્રિય જીવોના અસંખ્યાત લાખ આવાસોમાંથી કોઈ એક આવાસમાં બેઈન્દ્રિયરૂપે ઉત્પન્ન થાય તો, હે ભગવન્ ! શું તે જીવ ત્યાં જઈને આહાર કરે, આહારને પરિણમાવે અને શરીરને બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે નૈરયિકોને માટે કહ્યું છે, તે જ રીતે બેઈન્દ્રિય જીવોથી નવ ગ્રૈવેયક દેવો સુધીના સર્વ જીવોને માટે કથન કરવું જોઈએ.

**૭ जीवे णं भंते ! मारणंतियसमुग्घाएणं समोहए, समोहणित्ता जे भविए पंचसु**

**अणुत्तरेसु महइमहालएसु महाविमाणेसु अण्णयरंसि अणुत्तरविमाणंसि अणुत्तरोव– वाइयदेवत्ताए उववज्जित्तए, से णं भंते ! तत्थगए चेव आहारेज्ज वा परिणामेज्ज वा सरीरं वा बंधेज्जा ?**

**गोयमा ! तं चेव** *जाव* **आहारेज्ज वा परिणामेज्ज वा सरीरं वा बंधेज्जा । ॥ सेवं भंते ! सेवं भंते ! त्ति ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ મારણાન્તિક સમુદ્ઘાત કરે છે સમુદ્ઘાત કરીને ત્યારપછી જો તે જીવ મહત્તમ મહાવિમાનરૂપ પાંચ અનુત્તર વિમાનમાંથી કોઈ એક અનુત્તર વિમાનમાં અનુત્તરૌપપાતિક દેવરૂપે ઉત્પન્ન થાય તો શું તે જીવ ત્યાં જઈને આહાર કરે, આહારને પરિણમાવે અને શરીરને બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જ પ્રમાણે કહેવું જોઈએ ***યાવત્*** ત્યાં જઈને જ આહાર કરે, તેને પરિણમાવે અને શરીર બાંધે છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવ જ્યારે એક સ્થૂલ શરીરને છોડીને અન્ય સ્થૂલ શરીરને પ્રાપ્ત કરે છે અર્થાત્ નવો જન્મ ધારણ કરે છે ત્યારે સહુ પ્રથમ ક્યારે આહાર કરે અને તેનું પરિણમન કરીને ક્યારે શરીર બાંધે છે ? તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

જીવ પોતાના ઉત્પત્તિ સ્થાન સુધી બે રીતે જાય છે. **(૧) સમુદ્ઘાત રહિત–** વર્તમાન ભવનું આયુષ્ય પૂર્ણ કરી, મારણાંતિક સમુદ્ઘાત કર્યા વિના આગામી ભવના ઉત્પત્તિ સ્થાનમાં પહોંચી પ્રથમ સમયે આહાર ગ્રહણ કરે છે. **(૨) સમુદ્ઘાત સહિત–** મારણાંતિક સમુદ્ઘાત કરી ઉત્પત્તિ સ્થાને પહોંચી પાછા શરીરસ્થ થઈ પુનઃ બીજીવાર મારણાંતિક સમુદ્ઘાત કરી એટલે મરણ પામી ઉત્પત્તિસ્થાને પહોંચી, પ્રથમ સમયે આહાર ગ્રહણ કરે છે.

**एगपएसियं सेढिं मोत्तूण :–** પાંચમા ઉદ્દેશકની **एगपएसियाए सेढीए** ની વ્યાખ્યા અનુસાર અહીં છઠ્ઠા ઉદ્દેશકમાં પણ જીવનો ગમનાગમનનો પ્રસંગ હોવાથી સમભિત્તિ અર્થ કર્યો છે.

જીવનો ધનાકાર એવા અસંખ્યાત આકાશપ્રદેશને અવગાહવાનો સ્વભાવ હોવાથી એક પ્રદેશી શ્રેણીને જીવ અવગાહી શકતો નથી.

તાત્પર્ય એ છે કે મરણ પામી જન્મ સ્થાનમાં જતા જીવના આત્મપ્રદેશો શરીરમાંથી બહાર નીકળીને સમ પહોળાઈથી લોકાંત પર્યંત ફેલાય છે.

ખરેખર **लोगंते वा, एगपएसियं सेढिं मोत्तूण** આ મૂલપાઠના તાત્પર્યાર્થની પરંપરા ઉપલબ્ધ નથી. તેથી અન્ય પણ જે અર્થ સંગત થાય તે કરી શકાય છે.

**મારણાંતિક સમુદ્ઘાતનું ક્ષેત્ર પ્રમાણ :–** જીવ જ્યારે મારણાંતિક સમુદ્ઘાત દ્વારા ઉત્પત્તિસ્થાન સુધી જાય ત્યારે જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ છ એ દિશામાં પાંચ સ્થાવરજીવોની અપેક્ષાએ લોકાન્ત સુધી જાય છે કારણ કે પાંચે સ્થાવરના ઉત્પત્તિસ્થાન લોકાંતથી લોકાંત સુધી છે.

**એકેન્દ્રિયના ૩૦ સૂત્રો :–** જીવ મેરુપર્વતથી પૂર્વ દિશામાં પૃથ્વીકાયરૂપે લોકાંત સુધી ઉત્પન્ન થાય છે; સૂત્રોમાં આ વર્ણન સ્પષ્ટ કર્યું છે. ત્યાર પછી અન્ય દિશાઓનું અને પાંચે ય સ્થાવરનું સંક્ષિપ્ત કથન કર્યું છે. તેથી ૬ દિશા × ૫ સ્થાવર = ૩૦ સૂત્રો થાય છે. અન્ય ત્રસ જીવો ત્રસનાલમાં જ જન્મે છે માટે સર્વ દિશાઓમાં લોકાંત સુધી જન્મ ધારણ કરતા નથી, તેથી ૬ દિશાની અપેક્ષાએ તેઓના જુદા પ્રશ્નો નથી; માત્ર પાંચ સ્થાવરકાય માટે જ પ્રશ્નો છે.

॥ શતક ૬/૬ સંપૂર્ણ ॥

# શતક–૬ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં ધાન્યની યોનિની કાલમર્યાદા, ગણનાકાલ, ઉપમાકાલ અને અંતે છ આરામાંથી પ્રથમ આરાના ભાવોનું સંક્ષિપ્ત વર્ણન છે.

★ **યોનિ કાલમર્યાદા :–** પ્રજ્ઞાપના સૂત્રમાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર ત્રણ પ્રકારની યોની કહેલ છે. અહીં માત્ર સચિત્ત યોનિનું કાલમાન બતાવ્યું છે. તેમજ ધાન્ય આદિના બીજમાં અંકુર ઉત્પાદન કરવાની શક્તિનું કથન છે.

શાલી, વ્રીહી ઘઉં, જવ, જુવાર આદિ ધાન્યનો સચિત્ત યોનિકાલ જઘન્ય અંતઃમુહૂર્ત ઉત્કૃષ્ટ ત્રણ વર્ષનો છે. ત્યાર પછી તે ધાન્ય અચિત્ત બની જાય છે. ચણા, મસૂર, તલ, મગ, અડદ, કળથી આદિ કઠોળ પાંચ વર્ષ પર્યંત સચિત્ત યોનિભૂત રહે છે. અળસી, કુસુમ્ભક(લાલ રંગના ફૂલોવાળું એક ધાન્ય) કોદરા, શણ, સરસવ, જીરુ, રાઈ, મેથી આદિ બીજ સાત વર્ષ પર્યંત સચિત્ત યોનિભૂત રહે છે.

★ **કાલના ભેદ :–** કાલના બે ભેદ છે, ગણનાકાલ અને ઉપમાકાલ. **ગણનાકાલ** જે કાલની ગણના થઈ શકે તે ગણનાકાલ છે. આવલિકા, શ્વાસોચ્છ્વાસ, સ્તોક, લવ, મુહૂર્તથી શીર્ષપ્રહેલિકા પર્યંતનો કાલ ગણિતનો વિષય બની શકે છે. તે ગણનાકાલ છે. **ઉપમાકાલ–** પલ્યોપમ અને સાગરોપમ વગેરે ગણિતનો વિષય બની શકતા નથી. તેની કાલમર્યાદા ઉપમા દ્વારા સમજાવી છે. તે ઉપમાકાલ છે. પલ્ય–ખાડાની ઉપમાથી જે સમજાવાય તે પલ્યોપમ અને જેની કાલમર્યાદા સાગર જેવી વિશાળ છે, તે સાગરોપમ છે.

★ **છ આરા :–** તેનું પરિમાણ સમજાવતા સૂત્રકારે એક યોજન ક્ષેત્રના પરિમાણને પણ સમજાવ્યું છે. ઉત્સર્પિણી અને અવસર્પિણીકાલમાં છ આરા–વિભાગ છે. તેમાં સુષમ–સુષમા આરાના ભાવોનું સંક્ષિપ્ત વર્ણન અહીં કર્યું છે. તે આરામાં દેવકુરુ, ઉત્તરકુરુ ક્ષેત્રના ભાવો જેવા ભાવો હોય છે.

આ રીતે આ ઉદ્દેશકમાં કાલ સંબંધી વિષયનું વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૭

## શાલી

**ધાન્ય આદિનો યોનિકાલ :–**

**१ अह भंते ! सालीणं वीहीणं गोधूमाणं जवाणं जवजवाणं; एएसि णं धण्णाणं कोट्ठाउत्ताणं पल्लाउत्ताणं मंचाउत्ताणं मालाउत्ताणं उल्लित्ताणं लित्ताणं पिहियाणं मुद्दियाणं लंछियाणं केवइयं कालं जोणी संचिट्ठइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि संवच्छराइं, तेण परं जोणी पमिलायइ, तेण परं जोणी पविद्धंसइ, तेण परं बीए अबीए भवइ, तेण परं जोणीवोच्छेए पण्णत्ते समणाउसो ! ।**

**શબ્દાર્થ :– पल्लाउत्ताणं** = પલ્ય અર્થાત્ વાસના ટોપલા આદિમાં રાખ્યું હોય **मंचाउत्ताणं** = મંચ પર રાખેલા **माला उत्ताणं** = માળા–માળિયા પર રાખેલા **मुद्दियाणं** = મુદ્રિત–છાંદીને બંધ કર્યું હોય **लंछियाणं** = લાંછિત, ચિન્હિત **पमिलायइ** = મ્લાન થઈ જાય છે **जोणीवोच्छेए** = યોનિ વિચ્છેદ થઈ જાય છે **जवजव** = જુવાર **सालीणं** = કલમી, બાસમતી આદિ ચોખા **वीहीणं** = સામાન્ય ચોખા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શાલી વ્રીહિ, ઘઉં, જવ, તથા જુવાર વગેરે ધાન્યને કોઠારમાં સુરક્ષિત રાખ્યા હોય, વાંસના પાલા(ટોપલા)માં રાખ્યા હોય, મંચ પર રાખ્યા હોય, માળિયામાં રાખ્યા હોય, (વાસણમાં ભરીને રાખ્યા હોય) ગોબર–છાણથી તેનું મુખ વિશેષ પ્રકારે લીપ્યું હોય, ચારે તરફથી લીપ્યું હોય, ઢાંકેલું હોય, માટી આદિથી તે વાસણનું મુખ મુદ્રિત–છાંદેલું હોય, (તેના મુખને બંધ કરીને) લાંછિત–સીલ લગાડીને ચિહ્નિત કરેલું હોય, આ રીતે સુરક્ષિત રાખ્યા હોય તો તે ધાન્ય કેટલા કાલ સુધી યોનિભૂત (સચિત્ત) રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ વર્ષ સુધી યોનિ(સચિત્તયોનિ)ભૂત રહે છે, તત્પશ્ચાત્ તે ધાન્યોની યોનિ મ્લાન થઈ જાય છે, તત્પશ્ચાત્ તે યોનિ પ્રવિધ્વંસને પ્રાપ્ત થાય છે, પછી તે બીજ અબીજ થઈ જાય છે. હે શ્રમણાયુષ્માન્ ! તત્પશ્ચાત્ તેની યોનિનો વિચ્છેદ થયો તેમ કહેવાય છે (તે ધાન્ય પૂર્ણ અચિત્ત થઈ જાય છે.)

**२ अह भंते ! कलाय–मसूर–तिल–मुग्ग–मास–णिप्फाव–कुलत्थ–आलिसंदग–**

**सईण–पलिमंथगमाईणं; एएसि णं धण्णाणं कोट्ठउत्ताणं** *जाव* **केवइयं कालं जोणी संचिट्ठइ ?**

**गोयमा ! जहा सालीणं तहा एयाणि वि; णवरं पंच संवच्छराइं; सेसं तं चेव।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, અલિસંદક–એક પ્રકારના ચોળા, તુવેર, પલિમંથક–ગોળ ચણા અથવા કાળા ચણા ઈત્યાદિ કઠોળ કોઠારાદિમાં રાખ્યા હોય તો તે ધાન્યો કેટલા કાલ સુધી યોનિભૂત(સચિત્ત) રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે શાલી આદિ ધાન્યોને માટે કહ્યું, તે જ પ્રમાણે સૂત્રોક્ત કઠોળ પાંચ વર્ષ સુધી યોનિભૂત રહે છે વગેરે સર્વકથન પૂર્વવત્ જાણવું.

**३ अह भंते ! अयसि–कुसुंभग–कोद्दव–कंगु–वरग–रालग–कोदूसग–सण–सरिसव–मूलगबीयमाईणं एएसि णं धण्णाणं** *जाव* **जोणी संचिट्ठइ ?**

**गोयमा ! एयाणि वि तहेव णवरं सत्त संवच्छराइं; सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અળસી, કુસુંભ–લાલ રંગના ફૂલવાળું એક ધાન્ય, કોદ્રવ, કાંગણી, વરગ–એક પ્રકારનું અનાજ, રાલક, કોદૂષક–એક પ્રકારના કોદરાં, સણ, સરસવ, મૂલકબીજ–એક જાતિના શાકના બીજ આદિ ધાન્ય યોનિભૂત(સચિત્તયોનિરૂપે) કેટલા કાલ સુધી રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે શાલી આદિ ધાન્યને માટે કહ્યું તે જ રીતે આ બીજને માટે પણ કહેવું જોઈએ; વિશેષતા એ છે કે તેની યોનિ ઉત્કૃષ્ટ સાત વર્ષ સુધી સચિત્ત રહે છે. શેષ વર્ણન પૂર્વવત્ સમજી લેવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં શાલી આદિ ધાન્યની, વટાણા આદિ કઠોળની તેમ જ અલસી આદિ બીજોની સ્થિતિનું નિરૂપણ છે. આ ધાન્યાદિમાં જ્યાં સુધી ઉત્પાદન શક્તિ હોય, અંકુરિત થવાની શક્તિ હોય ત્યાં સુધી તે યોનિભૂત કહેવાય છે. તે શક્તિ ન રહે ત્યારે તે અયોનિ કહેવાય છે. ***વિશેષ વિવેચન માટે જુઓ ઠાણાંગ સૂત્ર ભાગ–૧, સ્થાન–૩, ઉદ્દે.–૧, સૂત્ર–૫૫, પૃષ્ટ–૧૮૩.***

**पविद्धंसइ विद्धंसइ :–** આ બે શબ્દો માટે પ્રતોમાં ભિન્નતા જોવા મળે છે. કેટલીક પ્રતોમાં **विद्धंसइ** છે તો કેટલીક પ્રતોમાં **पविद्धंसइ** છે. જ્યારે કેટલીક પ્રતોમાં બંનેનો સ્વીકાર છે અને બંનેનો સ્વીકાર કરતાં શબ્દોનો વ્યુત્ક્રમ થયો છે અર્થાત્ **पविद्धंसइ** પહેલાં અને પશ્ચાત્ **विद्धंसइ** પાઠ જોવા મળે છે પરંતુ પહેલાં **विद्धंसइ** પદ અને પછી **पविद्धंसइ** પદ હોવું જોઈએ.

આ સૂત્રો અક્ષરશઃ સ્થાનાંગ સૂત્ર સ્થાન–૩, ૫ અને ૭ એમ અનેક જગ્યાએ છે. તે સર્વ સ્થળે

ઉપરોક્ત શબ્દો માટે ભિન્નતાનું કારણ એ છે કે આ પાઠ ભેદ ટીકાકારની પૂર્વે જ રહ્યો છે. તો પણ યુવાચાર્ય મુનિશ્રી નથમલ સંપાદિત, વિશ્વભારતી લાડનૂં દ્વારા પ્રકાશિત સ્થાનાંગ અને ભગવતી સૂત્રમાં એક **पविद्धंसइ** પદને જ રાખવાનો નિર્ણય કર્યો છે, જે સમીચીન છે.

**નિષ્કર્ષ :–** ધાન્યના જીવોની સ્થિતિ જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ વર્ષની છે. વટાણાદિ કઠોળના જીવોની સ્થિતિ જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ પાંચ વર્ષની છે. અલસી આદિ બીજોની સ્થિતિ જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત વર્ષની છે. ત્યાં સુધી તે સચિત્તયોનિ રૂપ હોય છે. ત્યાર પછી તે અચિત્ત યોનિભૂત કહેવાય છે અને કેટલાક કાળ પછી તે અયોનિભૂત બને છે.

**ગણનાકાલ :–**

**४ एगमेगस्स णं भंते ! मुहुत्तस्स केवइया उसासद्धा वियाहिया ?**

**गोयमा ! असंखेज्जाणं समयाणं समुदयसमिइसमागमेणं सा एगा आवलिया त्ति पवुच्चइ, संखेज्जा आवलिया ऊसासो, संखेज्जा आवलिया णिस्सासो–**

**हट्ठस्स अणवगल्लस्स, णिरुवकिट्ठस्स जंतुणो ।**
**एगे ऊसास णीसासे, एग पाणु त्ति वुच्चइ ॥१॥**
**सत्त पाणूणि से थोवे, सत्त थोवाइं से लवे ।**
**लवाणं सत्तहत्तरिए, एस मुहुत्ते वियाहिए ॥२॥**
**तिण्णि सहस्सा सत्त य सयाइं, तेवत्तरिं च ऊसासा ।**
**एस मुहुत्तो दिट्ठो, सव्वेहिं अणंतणाणीहिं ॥३॥**

**શબ્દાર્થ :– मुहुत्तस्स** = મુહૂર્ત–૪૮ મિનિટનો સમય **उसासद्धा** = ઉચ્છ્વાસનો સમય **समुदयसमिइ** = સમૂહોનો સમાગમ **हट्ठस्स** = હૃષ્ટ–પુષ્ટ **अणवगल्लस्स** = વૃદ્ધાવસ્થાની શિથિલતાથી રહિત **णिरुवकिट्ठस्स** = વ્યાધિથી રહિત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક મુહૂર્તના કેટલા ઉચ્છ્વાસ કહ્યા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત સમયોના સમૂહના સંયોજનથી અર્થાત્ અસંખ્યાત સમય મળીને જેટલો કાલ થાય છે, તેને એક 'આવલિકા' કહે છે; સંખ્યાત આવલિકાનો એક ઉચ્છ્વાસ થાય છે અને સંખ્યાત આવલિકાનો એક નિઃશ્વાસ થાય છે.

**ગાથાર્થ–** હૃષ્ટપુષ્ટ, વૃદ્ધાવસ્થા અને વ્યાધિથી રહિત પ્રાણીનો એક ઉચ્છ્વાસ અને એક નિઃશ્વાસ બંને મળીને એક પ્રાણ થાય છે. ॥ ૧ ॥ સાત પ્રાણ = એક સ્તોક, સાત સ્તોક = એક લવ, ૭૭ લવ = એક

મુહૂર્ત કહ્યું છે. ॥ ૨ ॥ અથવા ૩૭૭૩ ઉચ્છ્વાસનું એક મુહૂર્ત થાય છે, તેવું સર્વ અનંત જ્ઞાનીઓએ જોયું છે, દર્શાવ્યુ છે. ॥ ૩ ॥

**૫ एएणं मुहुत्तपमाणेणं तीसमुहुत्तो अहोरत्तो, पण्णरस अहोरत्ता पक्खो, दो पक्खा मासो, दो मासा उऊ, तिण्णि उउए अयणे, दो अयणे संवच्छरे, पंचसंवच्छरिए जुगे, वीसं जुगाइं वाससयं, दस वाससयाइं वाससहस्सं, सयं वाससहस्साणं वाससयसहस्सं, चउरासीइं वाससयसहस्साणि से एगे पुव्वंगे, चउरासीइं पुव्वंगा सयसहस्साइं से एगे पुव्वे; एवं तुडिअंगे, तुडिए; अडडंगे, अडडे; अववंगे, अववे; हूहूअंगे, हूहूए; उप्पलंगे, उप्पले; पउमंगे, पउमे, णलिणंगे, णलिणे; अत्थणिउरंगे, अत्थणिउरे; अउयंगे अउए, पउयंगे, पउए; णउअंगे, णउए; चूलिअंगे, चूलिआ; सीसपहेलिअंगे, सीसपहेलिया; एताव ताव गणिए, एताव ताव गणियस्स विसए; तेण परं उवमिए ।**

**શબ્દાર્થ :–** **उउ** = ઋતુ **गणिए** = ગણના કાલ.

**ભાવાર્થ :–** ઉપરોક્ત મુહૂર્ત પ્રમાણથી ત્રીસ મુહૂર્ત = એક અહોરાત્ર, પંદર અહોરાત્ર = એક પક્ષ, બે પક્ષ = એક માસ, બે માસ = એક ઋતુ, ત્રણ ઋતુ = એક અયન, બે અયન = એક સંવત્સર–વર્ષ, પાંચ સંવત્સર = એક યુગ થાય છે, વીસ યુગ = વર્ષશત(સો વર્ષ), દસ વર્ષશત = એક વર્ષ સહસ્ર(હજાર વર્ષ), સો વર્ષ સહસ્ર = એક વર્ષ શત સહસ્ર(એક લાખ વર્ષ), ૮૪ લાખ વર્ષ = એક પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગ = એક પૂર્વ ૮૪ લાખ પૂર્વ = એક ત્રુટિતાંગ, ૮૪ લાખ ત્રુટિતાંગ = એક ત્રુટિત થાય છે.

આ રીતે પૂર્વની રાશિને ૮૪ લાખથી ગુણવાથી ઉત્તરોત્તર રાશિ બને છે. તે આ પ્રકારે છે– અટટાંગ, અટટ; અવવાંગ, અવવ; હૂહૂકાંગ, હૂહૂક; ઉત્પલાંગ, ઉત્પલ; પદ્માંગ, પદ્મ; નલિનાંગ, નલિન; અર્થનુ–પૂરાંગ, અર્થનુપૂર; અયુતાંગ, અયુત; પ્રયુતાંગ, પ્રયુત; નયુતાંગ, નયુત; ચૂલિકાંગ, ચૂલિકા; શીર્ષ પ્રહેલિકાંગ અને શીર્ષપ્રહેલિકા. આ સંખ્યા સુધી ગણિત છે, ગણિતનો વિષય છે. ત્યાર પછી ઔપમિક કાલ છે, તે ઉપમા દ્વારા જાણી શકાય છે. તે ગણનાનો વિષય નથી.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રમાં ગણનાકાલનું પરિમાણ કહ્યું છે.

**ગણના કાલ :–** જે કાલની સંખ્યારૂપે ગણના થઈ શકે, તેને ગણનાકાલ અથવા ગણિતયોગ્ય કાલ કહે છે; કાલનો સૂક્ષ્મતમ વિભાગ સમય છે. અસંખ્યાત સમયની એક આવલિકા થાય છે. ત્યાર પછીની સંખ્યા સૂત્રમાં સ્પષ્ટ છે. અંતિમ ગણના કાલ શીર્ષપ્રહેલિકા છે. જે ૧૯૪ અંકોની સંખ્યા પ્રમાણ છે. યથા– ૭૫૮૨૬૩૨૫૩૦૭૩૦૧૦૨૪૧૧૫૭૯૭૩૫૬૯૯૭૫૬૯૬૪૦૬૨૧૮૯૬૬૮૪૮૦૮૦૧૮૩૨૯૬ આ ૫૪ અંકો પર ૧૪૦ મીંડા લગાડવાથી શીર્ષપ્રહેલિકા સંખ્યાનું પ્રમાણ આવે છે. અહીં સુધી ગણિતનો

વિષય છે, ત્યાર પછીનો કાલ ઔપમિક છે. અતિશયજ્ઞાની સિવાય સાધારણ વ્યક્તિ તેની ગણના ઉપમા વિના કરી શકતા નથી, તેથી તેને ઔપમિક કાલ કહે છે.

**ઉપમાકાલ :–**

**६ से किं तं ओवमिए ? ओवमिए दुविहे पण्णत्ते, तं जहा– पलिओवमे य सागरोवमे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપમાકાલ શું છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ઉપમાકાલના બે પ્રકાર છે. યથા– પલ્યોપમ અને સાગરોપમ.

**७ से किं तं पलिओवमे, से किं तं सागरोवमे ?**

**सत्थेण सुतिक्खेण वि, छेत्तुं भेत्तुं च जं किर ण सक्का ।**
**तं परमाणुं सिद्धा, वयंति आइं पमाणाणं ॥१॥**

**अणंताणं परमाणुपोग्गलाणं समुदयसमिइसमागमेणं सा एगा उस्सण्हसण्हिया इ वा, सण्हसण्हिया इ वा, उड्ढरेणू इ वा, तसरेणू इ वा, रहरेणू इ वा, वालग्गा इ वा, लिक्खा इ वा, जूया इ वा, जवमज्झे इ वा, अंगुले इ वा ।**

**अट्ठ उस्सण्हसण्हियाओ सा एगा सण्हसण्हिया, अट्ठ सण्हसण्हियाओ सा एगा उड्ढरेणू, अट्ठ उड्ढरेणूओ सा एगा तसरेणू, अट्ठ तसरेणूओ सा एगा रहरेणू, अट्ठ रहरेणूओ से एगे देवकुरु–उत्तरकुरुगाणं मणुस्साणं वालग्गे; एवं हरिवास–रम्मग– हेमवय–एरण्णवयाणं, पुव्वविदेहाणं मणुस्साणं अट्ठ वालग्गा सा एगा लिक्खा, अट्ठ लिक्खाओ सा एगा जूया, अट्ठ जूयाओ से एगे जवमज्झे, अट्ठ जवमज्झाओ से एगे अंगुले; एएणं अंगुलपमाणेणं छ अंगुलाणि पाओ, बारस अंगुलाइं विहत्थी, चउवीसं अंगुलाइं रयणी, अडयालीसं अंगुलाइं कुच्छी, छण्णउइ अंगुलाणि से एगे दंडे इ वा, धणू इ वा, जूए इ वा, णालिया इ वा, अक्खे इ वा, मुसले इ वा; एएणं धणुप्पमाणेणं दो धणुसहस्साइं गाउयं, चत्तारि गाउयाइं जोयणं ।**

**एएणं जोयणप्पमाणेणं जे पल्ले जोयणं आयामविक्खंभेणं, जोयणं उड्ढं उच्चत्तेणं, तं तिगुणं सविसेसं परिरएणं; से णं–**

**एगाहिय बेयाहिय तेयाहिया, उक्कोसं सत्तरत्तप्परूढाणं ।**
**संमट्ठे सण्णिचिए, भरिए वालग्गकोडीणं ॥**

**ते णं वालग्गे णो अग्गी दहेज्जा, णो वाउ हरेज्जा, णो कुत्थेज्जा, णो परिविद्धंसेज्जा, णो पूइत्ताए हव्वं आगच्छेज्जा । तओ णं वाससए, वाससए एगमेगं वालग्गं अवहाय जावइएणं कालेणं से पल्ले खीणे, णिरए, णिम्मले, णिट्ठिए, णिल्लेवे, अवहडे, विसुद्धे भवइ; से त्तं पलिओवमे । गाहा–**

**एएसि पल्लाणं, कोडाकोडी हवेज्ज दसगुणिया ।**
**तं सागरोवमस्स उ, एक्कस्स भवे परिमाणं ॥**

**શબ્દાર્થ :– सत्थेण सुतिक्खेण** = સુતીક્ષ્ણ શસ્ત્રથી **पमाणाणं आइं** = પ્રમાણોના આદિ ભૂત **विहत्थी** = વિતસ્તિ, એક વેંત **रयणी** = રત્ની, હાથ **णो कुत्थेज्जा** = વિકૃત ન થાય **णो पुइत्ताए हव्वं आगच्छेज्जा** = ક્ષીણ ન થાય, જીર્ણ–શીર્ણ ન થાય.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પલ્યોપમ કાલ શું છે ? તથા સાગરોપમ કાલ શું છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે સુતીક્ષ્ણ શસ્ત્રો દ્વારા પણ છેદી–ભેદી ન શકાય, તેવા પરમાણુને કેવલી ભગવાન સમસ્ત પ્રમાણોના આદિભૂત પ્રમાણ કહે છે. આવા અનંત પરમાણુ પુદ્ગલોના સમૂહરૂપ સમુદાયના સમાગમથી ક્રમશઃ એક ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, ઊર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર, લિક્ષા, યૂકા, યવમધ્ય અને અંગુલ થાય છે. જેમ કે–

આઠ ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા = એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા. આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા = એક ઊર્ધ્વરેણુ. આઠ ઊર્ધ્વરેણુ = એક ત્રસરેણુ. આઠ ત્રસરેણુ = એક રથરેણુ. આઠ રથરેણુ = દેવકુરુ–ઉત્તરકુરુ ક્ષેત્રના મનુષ્યોનો એક વાલાગ્ર. દેવકુરુ–ઉત્તરકુરુ મનુષ્યના આઠ વાલાગ્ર = હરિવર્ષ–રમ્યક્વર્ષ ક્ષેત્રના મનુષ્યોનો એક વાલાગ્ર. હરિવર્ષ–રમ્યક્વર્ષ ક્ષેત્રના મનુષ્યના આઠ વાલાગ્ર = હૈમવત–હૈરણ્યવત્ ક્ષેત્રના મનુષ્યોનો એક વાલાગ્ર. હૈમવત–હૈરણ્ય ક્ષેત્રના મનુષ્યના આઠ વાલાગ્ર = પૂર્વવિદેહ ક્ષેત્રના મનુષ્યોનો એક વાલાગ્ર. પૂર્વવિદેહ ક્ષેત્રના મનુષ્યના આઠ વાલાગ્ર = એક લીખ. આઠ લીખ = એક જૂં. આઠ જૂં = એક યવમધ્ય. આઠ યવમધ્ય = એક અંગુલ.

આ રીતે છ અંગુલ = એક પાદ. બાર અંગુલ = એક વેંત. ચોવીસ અંગુલ = એક હાથ. ૪૮ અંગુલ = એક કુક્ષિ. ૯૬ અંગુલ = એક ધનુષ, દંડ, યુગ, નાલિકા, અક્ષ અથવા મૂસલ. ૨૦૦૦ ધનુષ = એક ગાઉ. ચાર ગાઉ = એક યોજન થાય છે.

આવા યોજનના પરિમાણથી એક યોજન લાંબો, એક યોજન પહોળો, એક યોજન ઊંડો અને સાધિક ત્રણ ગુણી પરિધિવાળો એક પલ્ય–ખાડો હોય; તે પલ્યમાં ઉત્તરકુરુ ક્ષેત્રના યુગલિકના એક દિવસના ઉગેલા, બે દિવસના ઉગેલા, ત્રણ દિવસના ઉગેલા અને અધિકથી અધિક સાત દિવસના ઉગેલા કરોડો વાલાગ્રો ઉપર સુધી ભર્યા હોય, સંનિચિત(ભેગા) કર્યા હોય, અત્યંત ઠાંસી ઠાંસીને ભર્યા હોય કે તે વાલાગ્રોને અગ્નિ બાળી શકે નહીં, હવા તેને ઉડાડી શકે નહીં, તે વાલાગ્રો વિકૃત ન થાય પરિધ્વસ્ત–નષ્ટ

થાય નહીં, ક્ષીણ થાય નહીં; તેવા ભરેલા તે પલ્યમાંથી સો સો વર્ષે એક એક વાલાગ્રને કાઢતાં, જેટલા કાલમાં તે પલ્ય ક્ષીણ થાય, નીરજ થાય, નિર્મલ થાય, નિષ્ઠિત(પૂર્ણ) થાય, નિર્લેપ થાય, અપહૃત થાય અને વિશુદ્ધ(પૂર્ણ રીતે ખાલી) થઈ જાય, તેટલા કાલને એક **પલ્યોપમ કાલ** કહે છે.

**ગાથાર્થ–** આ પલ્યોપમ કાલને દસ ક્રોડાક્રોડીથી ગુણતાં એક સાગરોપમકાળ થાય છે.

**૮ एएणं सागरोवमपमाणेणं चत्तारि सागरोवमकोडाकोडीओ कालो सुसमसुसमा, तिण्णि सागरोवमकोडाकोडीओ कालो सुसमा, दो सागरोवमकोडाकोडीओ कालो सुसमदुसमा, एगसागरोवमकोडाकोडी, बायालीसाए वाससहस्सेहिं ऊणिया कालो दुसमसुसमा; एक्कवीसं वाससहस्साइं कालो दुसमा, एक्कवीसं वाससहस्साइं कालो दुसमदुसमा ।**

**पुणरवि उस्सप्पिणीए एक्कवीसं वाससहस्साइं कालो दुसमदुसमा, एक्कवीसं वाससहस्साइं कालो दुसमा, एगा सागरोवमकोडाकोडी बायालीसाए वाससहस्सेहिं ऊणिया कालो दुसमसुसमा, दो सागरोवमकोडाकोडीओ कालो सुसमदुसमा, तिण्णि सागरोवमकोडाकोडीओ कालो सुसमा, चत्तारि सागरोवमकोडाकोडीओ कालो सुसम- सुसमा ।**

**दस सागरोवमकोडाकोडीओ कालो ओसप्पिणी, दस सागरोवमकोडाकोडीओ कालो उस्सप्पिणी, वीसं सागरोवमकोडाकोडीओ कालो ओसप्पिणी उस्सप्पिणी य ।**

**ભાવાર્થ :–** આ સાગરોપમ પ્રમાણથી (૧) અવસર્પિણી કાલમાં ચાર ક્રોડાક્રોડી સાગરોપમ કાલનો પ્રથમ સુષમસુષમા આરો છે (૨) ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમ કાલનો બીજો સુષમા આરો છે (૩) બે ક્રોડાક્રોડી સાગરોપમ કાલનો ત્રીજો સુષમ દુઃષમા આરો છે (૪) બેતાલીસ હજાર વર્ષ ન્યૂન એક ક્રોડાક્રોડી સાગરોપમ કાલનો ચોથો દુઃષમ સુષમા આરો છે (૫) ૨૧૦૦૦ વર્ષનો પાંચમો દુઃષમ આરો છે (૬) ૨૧૦૦૦ વર્ષનો છઠ્ઠો દુઃષમ દુઃષમા આરો હોય છે.

આ જ રીતે ઉત્સર્પિણીકાલમાં ૨૧૦૦૦ વર્ષનો પ્રથમ દુઃષમ દુઃષમા આરો, ૨૧૦૦૦ વર્ષનો બીજો દુઃષમ આરો, ૪૨૦૦૦ વર્ષ ન્યૂન એક ક્રોડાક્રોડી સાગરોપમનો ત્રીજો દુઃષમ સુષમા આરો, બે ક્રોડાક્રોડી સાગરોપમનો ચોથો સુષમ દુઃષમા આરો, ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમનો પાંચમો સુષમ આરો, ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો છઠ્ઠો સુષમ સુષમા આરો છે.

આ રીતે કુલ દશ ક્રોડાક્રોડી સાગરોપમ કાલનો એક અવસર્પિણી કાલ હોય છે અને દશ ક્રોડાક્રોડી સાગરોપમ કાલનો એક ઉત્સર્પિણી કાલ થાય છે. વીસ ક્રોડાક્રોડી સાગરોપમકાલનો એક અવસર્પિણી ઉત્સર્પિણીકાળ એટલે કાલચક્ર હોય છે.

## વિવેચન :-

**ઔપમિક કાલ :–** પ્રસ્તુત બે સૂત્રોમાંથી પ્રથમ સૂત્રમાં પલ્યોપમ અને સાગરોપમ કાલનું પરિમાણ તથા દ્વિતીય સૂત્રમાં અવસર્પિણી–ઉત્સર્પિણી રૂપ બાર આરા સહિત કાલચક્રનું પરિમાણ સમજાવ્યું છે. તેનું ભેદ–પ્રભેદ યુક્ત વિશેષ વિવરણ અનુયોગદ્વાર સૂત્રથી જાણવું જોઈએ.

**कोडाकोडी :–** એક કરોડને એક કરોડથી ગુણતા જે સંખ્યા પ્રાપ્ત થાય, તેને એક ક્રોડાક્રોડ કહે છે. તેવા દસ ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ કાળને ઉત્સર્પિણી કાળ કહે છે. શેષ વર્ણન સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

## સુષમ–સુષમાકાલના ભાવ :-

**૧ जंबुद्दीवे णं भंते ! दीवे इमीसे ओसप्पिणीए सुसमसुसमाए समाए उत्तमट्ठपत्ताएभरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे होत्था ?**

**गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे होत्था; से जहा णामए– आलिंगपुक्खरे इ वा, एवं उत्तरकुरुवत्तव्वया णेयव्वा** *जाव* **आसयंति सयंति; तीसे णं समाए भारहे वासे तत्थ तत्थ, देसे देसे, तहिं तहिं, बहवे उद्दाला कुद्दाला** *जाव* **कुसविकुस- विसुद्धरुक्खमूला** *जाव* **छव्विहा मणुस्सा अणुसज्जित्था; तं जहा- पम्हगंधा, मियगंधा, अममा, तेयली, सहा, सण्णिचारी । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**શબ્દાર્થ :– उत्तमट्ठपत्ताए** = ઉત્તમ અર્થને પ્રાપ્ત **आयारभावपडोयारे** = સ્વરૂપ **आलिंगपुक्खरे** = તબલાના મુખપટની સમાન **आसयंति** = બેસે છે **सयंति** = સૂવે છે **उद्दाला** = વૃક્ષ વિશેષ **अणुसज्जित्था** = પરંપરાથી આવતાં **सण्णिचारी** = ઉત્સુકતારહિત ચાલનારા **तेयली** = તેજસ્વી **सहा** = સહનશીલ **मियगंधा** = મૃગગંધ– વાળા, કસ્તૂરી સમાન ગંધવાળા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ઉત્તમાર્થ પ્રાપ્ત આ અવસર્પિણીકાલના સુષમસુષમા નામના પ્રથમ આરામાં ભરતક્ષેત્રના આકાર ભાવ પ્રત્યાવતાર કેવા પ્રકારના હતા ? અર્થાત્ તેનું સ્વરૂપ કેવું હતું ?

**ઉત્તર–** હે ગૌતમ ! સુષમસુષમા આરાના સમયે ભરતક્ષેત્રનો ભૂમિભાગ બહુસમ હોવાથી અત્યંત રમણીય હતો– જે રીતે કોઈ મુરજ(આલિંગ–તબલા) નામના વાદ્યનું ચર્મમંડિત મુખપટ હોય, તેવો જ બહુ સમ ભૂભાગ ભરતક્ષેત્રનો હતો. આ રીતે સંપૂર્ણ વર્ણન ઉત્તરકુરુની વક્તવ્યતાની સમાન જાણવું ***યાવત્*** મનુષ્યો બેસે છે, સૂવે છે, ત્યાં સુધી વક્તવ્યતા કહેવી જોઈએ. તે અવસર્પિણીકાલના પ્રથમ આરામાં ભારતવર્ષમાં તે તે દેશોના તે તે સ્થળોમાં ઉદ્દાલક, કુદ્દાલક ***યાવત્*** કુશ અને વિકુશથી વિશુદ્ધ વૃક્ષમૂળ હતા,

***યાવત્*** છ પ્રકારના મનુષ્ય હતા. યથા– (૧) પદ્મગંધવાળા (૨) મૃગગંધવાળા (૩) મમત્વ રહિત (૪) તેજસ્વી (૫) સહનશીલ અને (૬) ઉત્સુક્તા રહિત ધીરે–ધીરે ચાલનારા. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ભરતક્ષેત્રના અવસર્પિણી કાલના સુષમસુષમા નામક પ્રથમ આરાનું સંક્ષિપ્ત વર્ણન છે. જીવાભિગમ સૂત્ર પ્રમાણે તેનો ભાવ આ પ્રમાણે છે–

**સુષમસુષમા કાલ :–** તે આરો કેવળ સુખમય છે. તેનું કાલમાન ચાર ક્રોડાક્રોડી સાગરોપમ પ્રમાણ છે. તેમાં પૃથ્વીના રસ કસ, મનુષ્યના આયુષ્ય, અવગાહના તેમજ પુદ્ગલના વર્ણ, ગંધાદિ સર્વ ઉત્કૃષ્ટ કક્ષાના હોય છે. મનુષ્યનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું અને અવગાહના ત્રણ ગાઉની હોય છે. તે જીવો દશ પ્રકારના કલ્પવૃક્ષથી સંપૂર્ણ જીવન સુખપૂર્વક વ્યતીત કરે છે. આ યુગલિક કાલ છે.

તે સમયે ભરતક્ષેત્રની ભૂમિ અત્યંત સમતલ અને અત્યંત રમણીય હોય છે. તે ભૂમિમાં તૃણ, વનસ્પતિ, પત્ર, પુષ્પયુક્ત વૃક્ષો વગેરે શોભી રહ્યા હોય છે.

યુગલિકોની આવશ્યકતાની પૂર્તિ અત્યંત સહજપણે થતી હોવાથી તેઓ પ્રકૃતિથી જ ભદ્રિક, મંદકષાયી, અલ્પ મોહભાવવાળા, સહનશીલ, ઉત્સુકતાથી રહિત હોય છે. તેમજ તે પુણ્યવાન હોવાથી તેજસ્વી, પદ્મ કે કસ્તુરીની ગંધવાળા હોય છે.

તેઓ સુખપૂર્વક જીવન વ્યતીત કરીને આયુષ્યના છ માસ શેષ રહે ત્યારે એક યુગલને જન્મ આપી, તેની પ્રતિપાલના ૪૯ દિવસ પર્યંત કરે છે પછી તે યુગલ આત્મ નિર્ભર અર્થાત્ સ્વાવલંબી થઈ જાય છે. ભાઈ બહેન બંને સહ વિચરણ કરે છે. યૌવનમાં પ્રવેશ કરતાં તે ભાઈ બેન સ્વતઃ પતિ–પત્ની બની જાય છે. આ રીતે તેઓની પરંપરા ચાલે છે. પતિ–પત્ની બંનેનું આયુષ્ય સાથે પૂર્ણ થાય અને મરીને દેવગતિમાં જ જાય છે.

॥ શતક ૬/૭ સંપૂર્ણ ॥

# શતક–૬ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં નરકાદિ પૃથ્વીની નીચે તથા દેવલોકની નીચે ઘર, દુકાન, વાદળા આદિ તેમજ પાંચ સ્થાવરના જીવો છે કે નહીં, તદ્વિષયક વર્ણન કરીને, છ પ્રકારના આયુષ્યબંધ અને અસંખ્યદ્વીપ સમુદ્રનું કથન છે.

★ નરક પૃથ્વીઓની નીચે અને દેવલોકોની નીચે ઘર, દુકાન નથી પરંતુ ત્યાં દેવકૃત વાદળા, વીજળી, વરસાદ આદિ હોય છે. નાગકુમાર દેવ બીજી નરક સુધી, અસુરકુમાર ત્રીજી નરક સુધી અને વૈમાનિક દેવ સાતમી નરક સુધી જઈ શકે છે અને વરસાદ આદિ કરી શકે છે.

અસુરકુમાર દેવ પહેલા બીજા દેવલોક સુધી અને વૈમાનિક જાતિના દેવો બાર દેવલોક સુધી વાદળા, વીજળી, વરસાદ આદિ કરે છે, તેનાથી ઉપર વરસાદ આદિ થતાં નથી.

નાગકુમાર જાતિના દેવો ઊર્ધ્વલોકમાં જઈ શકતા નથી. નરકમાં અને દેવલોકમાં ચંદ્ર, સૂર્ય કે તેનો પ્રકાશ નથી.

**પૃથ્વીકાય :–** નરક ભૂમિઓ અને દેવવિમાનો પૃથ્વીમય છે પરંતુ નરક અને દેવલોકની નીચે તથા દેવ વિમાનોની વચ્ચેના આકાશાંતરમાં પૃથ્વીકાય નથી. પાંચમા દેવલોકના પ્રસ્તટના અંતરાલમાં કૃષ્ણરાજિઓ પૃથ્વીમય છે. તેથી ત્યાં પૃથ્વીકાય છે, અન્ય સ્થાનમાં પૃથ્વીકાય નથી.

**અપકાય–વનસ્પતિકાય :–** સાતે નરકની નીચે ઘનોદધિની અપેક્ષાએ અને પાંચ દેવલોક પર્યંત તમસ્કાય આદિની અપેક્ષાએ અપકાય તથા વનસ્પતિકાય છે અને બાર દેવલોક પર્યંત વાવડીઓની અપેક્ષાએ અપકાય અને વનસ્પતિકાય છે.

**અગ્નિકાય :–** નરક કે દેવલોકમાં બાદર અગ્નિ નથી, ત્યાં અચિત્ત ઉષ્ણ પુદ્ગલો અને દેવલોકમાં અચિત્ત પ્રકાશમાન પુદ્ગલો હોય છે.

**વાયુકાય :–** સર્વત્ર હોય છે. આ સર્વ કથન બાદર જીવોની અપેક્ષાએ છે. પાંચ સ્થાવરના સૂક્ષ્મ જીવો આખા લોકમાં હોય છે તેમજ વિગ્રહગતિ સમાપન્નક જીવો પણ સર્વત્ર હોય છે.

★ આયુષ્ય બંધની સાથે ગતિ, જાતિ, અવગાહના, સ્થિતિ, પ્રદેશ અને અનુભાગનો બંધ થાય છે. તેથી આયુષ્યબંધના છ પ્રકાર છે.

છ પ્રકારના આયુષ્ય બંધના બે પ્રકાર છે– નિધત્ત અને નિકાચિત. તેમજ નિધત્ત અને નિકાચિતને નામ, ગોત્ર અને આયુષ્ય સાથે સંબંધિત કરતાં બાર ભંગ થાય છે– (૧) જાતિનામ નિધત્ત, (૨) જાતિનામ નિધત્તાયુ, (૩) જાતિનામ નિયુક્ત, (૪) જાતિનામ નિયુક્તાયુ, (૫) જાતિગોત્ર નિધત્ત, (૬) જાતિગોત્ર નિધત્તાયુ, (૭) જાતિગોત્ર નિયુક્ત, (૮) જાતિગોત્ર નિયુક્તાયુ, (૯) જાતિનામગોત્ર નિધત્ત, (૧૦) જાતિનામગોત્ર નિધત્તાયુ, (૧૧) જાતિનામગોત્ર નિયુક્ત, (૧૨) જાતિ નામ ગોત્ર નિયુક્તાયુ.

★ તિરછાલોકમાં અઢી ઉદ્ધાર સાગરોપમ(સાગરોપમનો એક પ્રકાર) પ્રમાણ દ્વીપ સમુદ્ર છે. આ લોકમાં જે શુભ નામ, શુભ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે તે દરેક નામના દ્વીપ સમુદ્ર છે. અસંખ્યાત સમુદ્રોમાં એક લવણસમુદ્ર ઉપર ઉઠેલા અને ક્ષુબ્ધ–ઉછળતા જલવાળો છે, શેષ સમુદ્ર સમતલ અને અક્ષુબ્ધ છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૮

## પૃથ્વી

**નરક અને દેવલોકની નીચે રહેલા દ્રવ્યો :–**

**१ कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ ?**

**गोयमा ! अट्ठ पुढवीओ पण्णत्ताओ, तं जहा– रयणप्पभा** *जाव* **ईसिपब्भारा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વી કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વી આઠ છે, તે આ પ્રમાણે છે– રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, ધૂમપ્રભા, પંકપ્રભા, તમઃપ્રભા, તમસ્તમા પ્રભા, ઈષત્ પ્રાગ્ભારા.

**२ अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए अहे गेहा इ वा, गेहावणा इ वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ રત્નપ્રભા પૃથ્વીની નીચે ઘર કે દુકાનો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ઘર કે દુકાન નથી.

**३ अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए अहे गामा इ वा** *जाव* **सण्णिवेसा इ वा? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું રત્નપ્રભા પૃથ્વીની નીચે ગ્રામથી લઈને સન્નિવેશ પર્યંતના સ્થાનો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ગ્રામાદિ હોતા નથી.

**४ अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए अहे उराला बलाहया संसेयंति, संमुच्छंति, वासं वासंति ?**

**गोयमा ! हंता, अत्थि । तिण्णि वि पकरेइ– देवो वि पकरेइ, असुरो वि पकरेइ, णागो वि पकरेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ રત્નપ્રભા પૃથ્વીની નીચે વિશાળ પ્રમાણમાં વાદળાઓ ઉત્પન્ન થાય છે, ભેગા થઈ વિસ્તાર પામે છે અને વર્ષા વરસાવે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તેમ થાય છે. આ સર્વ કાર્ય ત્રણે ય પ્રકારના દેવ કરે છે યથા– (૧) વૈમાનિક દેવો પણ કરે છે (૨) અસુરકુમાર દેવ પણ કરે છે (૩) નાગકુમાર દેવ પણ કરે છે.

**૫ अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए बायरे थणियसद्दे ? गोयमा ! हंता, अत्थि । तिण्णि वि पकरेंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું રત્નપ્રભા પૃથ્વીમાં મેઘગર્જનાનો અવાજ હોય છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! ત્યાં મેઘગર્જના હોય છે, જેને ઉપરોક્ત ત્રણે ય પ્રકારના દેવો કરે છે.

**૬ अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए अहे बायरे अगणिकाए ? गोयमा ! णो इणट्ठे समट्ठे; णण्णत्थ विग्गहगइसमावण्णएणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ રત્નપ્રભા પૃથ્વીની નીચે બાદર અગ્નિકાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે શક્ય નથી પરંતુ વિગ્રહગતિ સમાપન્નક અગ્નિકાયના જીવો હોય છે.

**૭ अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए अहे चंदिम** *जाव* **तारारूवा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ રત્નપ્રભા પૃથ્વીની નીચે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ચંદ્રાદિ હોતા નથી.

**૮ अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए चंदाभा इ वा सूराभा इ वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं** *जाव* **रयणप्पभाए तहा दोच्चाए पुढवीए सव्वं आलावगं भाणियव्वं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું આ રત્નપ્રભા પૃથ્વીમાં ચંદ્રનો પ્રકાશ અને સૂર્યનો પ્રકાશ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ચંદ્રાદિનો પ્રકાશ નથી.

આ જ રીતે પ્રથમ નરકના પૂર્વોક્ત કથનની જેમ બીજી નરક(શર્કરાપ્રભા) માટે પણ કથન કરવું જોઈએ.

**९ एवं तच्चाए वि भाणियव्वं, णवरं–देवो वि पकरेइ, असुरो वि पकरेइ, णो णागो पकरेइ । चउत्थीए वि एवं, णवरं देवो एक्को पकरेइ; णो असुरो, णो णागो पकरेइ । एवं हेट्ठिल्लासु सव्वासु देवो एक्को पकरेइ ।**

**ભાવાર્થ :–** આ જ રીતે પૂર્વોક્ત સર્વ કથન ત્રીજી પૃથ્વી વાલુકાપ્રભાને માટે પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે ત્યાં વૈમાનિક દેવ વર્ષા આદિ કરે છે, અસુરકુમાર પણ કરે છે, પરંતુ નાગકુમાર કરતા નથી.

આ જ રીતે પૂર્વોક્ત સર્વ કથન ચોથી નરક માટે પણ કરવું જોઈએ. વિશેષતા એ છે કે અહીં માત્ર વૈમાનિક દેવ વર્ષાદિ કાર્ય કરે છે પરંતુ અસુરકુમાર અને નાગકુમાર દેવ કરતા નથી.

આ જ રીતે નીચેની સર્વ (પાંચમી, છઠ્ઠી અને સાતમી) પૃથ્વીઓમાં કેવળ વૈમાનિક દેવ આ સર્વ કાર્ય કરે છે, અસુરકુમાર અને નાગકુમાર કરતા નથી.

**१० अत्थि णं भंते ! सोहम्मीसाणाणं कप्पाणं अहे गेहा इ वा गेहावणा इ वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સૌધર્મ અને ઈશાનકલ્પ નામના દેવલોકો ની નીચે ઘર કે દુકાન છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ઘર આદિ નથી.

**११ अत्थि णं भंते ! गामा इ वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભગવન્ ! શું ત્યાં ગ્રામાદિ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ગ્રામાદિ નથી.

**१२ अत्थि णं भंते ! उराला बलाहया ? गोयमा ! हंता, अत्थि । देवो पकरेइ, असुरो वि पकरेइ, णो णागो पकरेइ; एवं थणियसद्दे वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભગવન્ ! શું ત્યાં વિશાળ પ્રમાણમાં વાદળાઓ હોય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! ત્યાં વિશાળ પ્રમાણમાં વાદળાઓ હોય છે. ત્યાં વર્ષા આદિ કાર્ય વૈમાનિક દેવ કરે છે, અસુરકુમાર પણ કરે છે, પરંતુ નાગકુમાર કરતા નથી. તે જ રીતે મેઘ ગર્જના માટે પણ કથન કરવું જોઈએ.

**१३ अत्थि णं भंते ! बायरे पुढवीकाए, बायरे अगणिकाए ?**
**गोयमा ! णो इणट्ठे समट्ठे, णण्णत्थ विग्गहगइसमावण्णएणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ત્યાં શું બાદર પૃથ્વીકાય અને બાદર અગ્નિકાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં તે કંઈ નથી. પરંતુ વિગ્રહગતિસમાપન્ન તે જીવો હોય છે.

**૧૪ अत्थि णं भंते ! चंदिम** *जाव* **तारारूवा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ત્યાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ચંદ્ર આદિ નથી.

**૧૫ अत्थि णं भंते ! चंदाभा इ वा सूराभा इ वा ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**एवं सणंकुमारमाहिंदेसु, णवरं देवो एगो पकरेइ । एवं बंभलोए वि । एवं बंभलोगस्स उवरिं सव्वेहिं देवो पकरेइ; पुच्छियव्वो य बायरे आउकाए, बायरे अगणिकाए, बायरे वणस्सइकाए; अण्णं तं चेव ।**

**तमुक्काए कप्पपणए, अगणि पुढवी य अगणि पुढवीसु ।**
**आऊ तेऊ वणस्सई, कप्पुवरिमकण्हराईसु ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું ત્યાં ચન્દ્ર પ્રકાશ, સૂર્ય પ્રકાશ આદિ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ત્યાં ચંદ્ર પ્રકાશ આદિ નથી.

આ જ રીતે સંપૂર્ણ વક્તવ્યતા સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોક વિષે પણ કહેવી જોઈએ. વિશેષતા એ છે કે ત્યાં વર્ષા આદિ કાર્ય કેવળ દેવો જ કરે છે.

આ જ રીતે બ્રહ્મલોક(પાંચમા દેવલોક)વિષે પણ કહેવું જોઈએ. તે જ રીતે બ્રહ્મલોકથી ઉપર બાર દેવલોક સુધી સર્વસ્થળે પૂર્વોક્ત કથન કરવું જોઈએ. આ સર્વસ્થળે વર્ષાદિ કાર્ય કેવળ વૈમાનિક દેવ કરે છે.

આ સર્વ સ્થળે બાદર અપકાય, બાદર અગ્નિકાય અને બાદર વનસ્પતિકાયના વિષયમાં પૃચ્છા કરવી જોઈએ. તેના ઉત્તર પણ પૂર્વવત્ કહેવા જોઈએ. અન્ય સર્વ કથન પૂર્વવત્ કહેવું જોઈએ.

**ગાથાર્થ–** તમસ્કાયમાં અને પાંચ દેવલોકોમાં અગ્નિકાય અને પૃથ્વીકાયના સંબંધમાં પ્રશ્ન કરવા જોઈએ, રત્નપ્રભા આદિ પૃથ્વીઓમાં અગ્નિકાયના સંબંધમાં પ્રશ્ન કરવા જોઈએ. આ રીતે પાંચમા દેવલોકથી ઉપર સર્વ સ્થાનોમાં તથા કૃષ્ણરાજિઓમાં અપકાય, તેજસ્કાય અને વનસ્પતિકાયના સંબંધના પ્રશ્ન કરવા જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં રત્નપ્રભા આદિ પૃથ્વી તેમ જ દેવલોકોની નીચે શું છે અને શું નથી ? વગેરે

વિષયક પ્રશ્નોત્તર છે. રત્નપ્રભા આદિ કોઈ પણ પૃથ્વીની નીચે કે દેવલોકની નીચે ઘર, દુકાન કે ગ્રામ, નગર, સન્નિવેશ વગેરે નથી.

ત્યાં દેવકૃત મેઘ, મેઘ ગર્જના અને વિદ્યુત હોઈ શકે છે. તેમાં પહેલી અને બીજી નરક સુધી વૈમાનિક દેવ, અસુર અને નાગકુમાર તે કાર્ય કરે છે; ત્રીજી નરક સુધી દેવ અને અસુર કરે છે; ચોથીથી સાતમી નરક સુધી કેવળ વૈમાનિક દેવો જ તે કાર્ય કરે છે.

પહેલા અને બીજા દેવલોક સુધી અસુરકુમાર અને વૈમાનિક દેવ મેઘાદિ કરે છે. ત્યાર પછી ઉપરના દેવલોક નીચે કેવળ વૈમાનિક દેવ જ તે કાર્ય કરે છે. મેઘાદિ કાર્ય બાર દેવલોક સુધી જ થાય છે, તેનાથી ઉપર દેવ જતા નથી, તેથી ત્યાં વાદળા વગેરેનો સદ્ભાવ નથી.

**બાદર પૃથ્વીકાય અને બાદર અગ્નિકાય :–** દેવ વિમાનો અને નરક પૃથ્વીઓ, પૃથ્વીમય છે પરંતુ તેની નીચે બાદર પૃથ્વી કે બાદર અગ્નિ નથી. કારણ કે ત્યાં તેના સ્વસ્થાન નથી. દેવલોકમાં કૃષ્ણરાજિઓ પૃથ્વીમય છે, તેથી ત્યાં પૃથ્વીકાય છે. નરકમાં અચિત્ત ઉષ્ણપુદ્ગલની ઉષ્મા હોય અને દેવલોકમાં પ્રકાશમય પુદ્ગલોનો પ્રકાશ હોય છે પરંતુ ત્યાં અગ્નિકાય નથી.

**અપકાય, વાયુકાય અને વનસ્પતિકાય :–** પ્રત્યેક નરક પૃથ્વીની નીચે ઘનોદધિ અને ઘનવાત છે. તેથી ત્યાં અપકાય અને વાયુકાય છે અને **जत्थ जलं तत्थ वणं** તે નિયમાનુસાર અપકાયની સાથે વનસ્પતિ– કાયનું સાહચર્ય છે; તેથી ત્યાં વનસ્પતિકાય પણ છે.

સૌધર્મ અને ઈશાન દેવલોક ઉદધિ પ્રતિષ્ઠિત છે, તેથી ત્યાં અપકાય છે. સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મ દેવલોક પર્યંત તમસ્કાયની અપેક્ષાએ અપકાય છે. અપકાય હોય ત્યાં વનસ્પતિકાય પણ હોય છે. પાંચમા દેવલોકથી ઉપરના દેવલોક વાયુપ્રતિષ્ઠિત છે. તેથી ત્યાં અપકાય કે વનસ્પતિકાયનો સદ્ભાવ નથી. પરંતુ બાર દેવલોક સુધીમાં વાવડી વગેરે જલસ્થાનો હોય છે તેથી ત્યાં અપકાય અને વનસ્પતિકાયનો સદ્ભાવ હોય છે અને વાયુ તો સર્વત્ર છે.

## જીવોના આયુષ્ય બંધના પ્રકાર :–

**૧૬ कइविहे णं भंते ! आउयबंधे पण्णत्ते ?**

**गोयमा ! छव्विहे आउयबंधे पण्णत्ते, तं जहा– जाइणामणिहत्ताउए, गइणाम– णिहत्ताउए, ठिइणामणिहत्ताउए, ओगाहणाणामणिहत्ताउए, पए सणामणिहत्ताउए, अणु– भागणामणिहत्ताउए । दंडओ** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આયુષ્યબંધના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આયુષ્યબંધના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જાતિ નામ નિધત્તાયુ,

(૨) ગતિ નામ નિધત્તાયુ, (૩) સ્થિતિ નામ નિધત્તાયુ, (૪) અવગાહના નામ નિધત્તાયુ, (૫) પ્રદેશ નામ નિધત્તાયુ, (૬) અનુભાગ નામ નિધત્તાયુ.

વૈમાનિકો પર્યંતના ૨૪ દંડકમાં આયુષ્યબંધ વિષયક આ આલાપક કહેવા જોઈએ.

**૧૭ जीवा णं भंते ! किं जाइणामणिहत्ता** *जाव* **अणुभागणामणिहत्ता ?**

**गोयमा ! जाइणामणिहत्ता वि** *जाव* **अणुभागणामणिहत्ता वि । दंडओ** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ જાતિનામ નિધત્તરૂપ છે ***યાવત્*** અનુભાગ નામ નિધત્તરૂપ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ જાતિનામ નિધત્તરૂપ પણ છે ***યાવત્*** અનુભાગ નામ નિધત્તરૂપ પણ છે. આ પ્રમાણે વૈમાનિક સુધીના આલાપક કહેવા જોઈએ.

**૧૮ जीवा णं भंते ! किं जाइणामणिहत्ताउया** *जाव* **अणुभागणामणिहत्ताउया ?**

**गोयमा ! जाइणामणिहत्ताउया वि** *जाव* **अणुभागणामणिहत्ताउया वि । दंडओ** *जाव* **वेमाणियाणं; एवं एए दुवालस दंडगा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ જાતિનામનિધત્તાયુ છે ***યાવત્*** અનુભાગ નામ નિધત્તાયુ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ જાતિનામ નિધત્તાયુ પણ છે ***યાવત્*** અનુભાગનામ નિધત્તાયુ પણ છે. આ રીતે વૈમાનિક સુધીના આલાપક કહેવા જોઈએ. આ રીતે સર્વ મળી બાર આલાપક થાય છે.

**૧૯ जीवाणं भंते ! किं जाइणामणिहत्ता, जाइणामणिहत्ताउया; जीवा णं भंते ! किं जाइणामणिउत्ता, जाइणामणिउत्ताउया; एवं जाइगोयणिहत्ता, जाइगोयणिहत्ताउया; जाइगोयणिउत्ता, जाइगोयणिउत्ताउया; जाइणामगोयणिहत्ता, जाइणामगोयणिहत्ताउया; जाइणामगोयणिउत्ता, जाइणामगोयणिउताउया–१२,** *जाव* **अणुभागणामगोयणिउत्ताउया –७२ ?**

**गोयमा ! जाइणामगोयणिउत्ताउया वि** *जाव* **अणुभागणामगोयणिउत्ताउया वि । दंडओ** *जाव* **वेमाणियाणं ।**

**શબ્દાર્થ :– आउयबंधे** = આયુષ્ય બંધ **जाइणाम णिहत्ताउए** = એકેન્દ્રિયાદિ જાતિની સાથે આયુષ્યને નિધત્ત કરવું **अणुभागणामणिहत्ताउए** = અનુભાગ(વિપાક) ફળ ભોગ રૂપ કર્મને આયુષ્ય સાથે

સંયોજિત કરવું.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! (૧) શું જીવ જાતિનામ નિધત્ત છે ? (૨) શું જાતિનામ નિધત્તાયુ છે ? (૩) શું જીવ જાતિનામ નિયુક્ત છે ? (૪) શું જાતિનામ નિયુક્તાયુ છે ? આ જ રીતે (૫) શું જીવ જાતિ ગોત્ર નિધત્ત છે ? (૬) શું જાતિ ગોત્ર નિધત્તાયુ છે ? (૭) શું જીવ જાતિ ગોત્ર નિયુક્ત છે ? (૮) શું જાતિ ગોત્ર નિયુક્તાયુ છે ? (૯) શું જીવ જાતિનામ ગોત્ર નિધત્ત છે ? (૧૦) શું જાતિનામ ગોત્ર નિધત્તાયુ છે ? (૧૧) શું જીવ જાતિનામ ગોત્ર નિયુક્ત છે ? (૧૨) જાતિનામ ગોત્ર નિયુક્તાયુ છે ? ***યાવત્*** (૭૨) અનુભાગ નામ ગોત્ર નિયુક્તાયુ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ જાતિનામ નિધત્ત પણ છે ***યાવત્*** અનુભાગનામ ગોત્ર નિયુક્તાયુ પણ છે, આ રીતે છ આલાપક કહેવા **યાવત્** વૈમાનિક સુધીના ચૌવીસ દંડકમાં ૧૨×૬ = ૭૨ આલપાક કહેવા જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં આયુષ્ય સાથે છ બોલને નિધત્ત અને નિકાચિત કરવા રૂપ ૬×૨ = ૧૨ પ્રકારની અવસ્થાની વિચારણા છે.

જીવ જ્યારે આયુષ્યનો બંધ કરે ત્યારે સત્તાગત(પૂર્વે બંધાયેલી) પાંચ જાતિ અને ચારગતિ વગેરે નામકર્મમાંથી આયુષ્યને અનુરૂપ ગતિ, જાતિ વગેરે આયુષ્ય સાથે સંયોજિત કરે છે, નિબદ્ધિત કરે છે. જેમ નરકાયુનો બંધ થતો હોય ત્યારે તેની સાથે સત્તામાં રહેલી ચાર ગતિ, પાંચ જાતિમાંથી નરકગતિ, પંચેન્દ્રિય જાતિ આદિ આયુષ્ય સાથે જોડાઈ જાય છે.

**નિધત્ત :–** બે પ્રકારે અર્થ થાય છે યથા–(૧) **निधत्तं निषिक्तं विशिष्ट बंधं वा कृतं यैः ।** નિધત્ત એટલે નિષિક્ત, વિશેષ પ્રકારનો બંધ. (૨) **निधत्त निषेकश्च कर्म पुद्‌गलानां प्रतिसमयमनुभवनार्थ रचनेति ।** નિધત્ત એટલે નિષેક રચના. કર્મને પ્રતિસમયે ઉદયમાં આવવા માટે વિશેષ રીતે સ્થાપિત કરાય તેને નિધત્ત કહે છે. અહીં આયુષ્ય સાથે વિશિષ્ટ પ્રકારના બંધ(જોડાણ–ગોઠવણી) માટે **નિધત્ત** શબ્દ પ્રયુક્ત થયો છે.

તાત્પર્ય એ છે કે કર્મોની જે ગોઠવણી કરાય તેને નિષેક–નિધત્ત કહે છે અને તે ગોઠવણી આયુષ્યકર્મ સાથે કરાય તેને નિધત્તાયુ કહેવાય છે. નિષિક્ત અને નિધત્ત બંને પર્યાય શબ્દ છે તેમ છતાં વર્તમાનમાં બંધાતા કર્મની ગોઠવણીને નિષેક કહે છે અને પૂર્વબદ્ધ કર્મની આયુષ્ય બંધ સમયે ગોઠવણીને નિધત્ત કહે છે.

**નિયુક્ત :–** બે પ્રકારે અર્થ થાય છે– (૧) **नियुक्तं नितरां युक्तं संबद्धं निकाचितं कृतं यैः ।** સ્પષ્ટ રીતે ભોગવ્યા પછી જ છૂટી શકે તેવી કર્મબંધની અતિ દઢતમ અવસ્થાને નિકાચિત–નિયુક્ત કહે છે. (૨) **नियुक्तं वेदनं वा ।** કર્મનું વેદન કરવું અર્થાત્ કર્મ વેદનના પ્રારંભને નિયુક્ત કહે છે. આ

રીતે નિયુક્ત અને નિકાચિત એ પર્યાય શબ્દ છે.

**નિધત્તાયુ–નિયુક્તાયુ વચ્ચે તફાવત :–** (૧) સામાન્યરૂપે આયુષ્ય કર્મ સાથે અન્ય કર્મપ્રકૃતિઓનો સંયોજિત, નિયોજિત કરવાને **નિધત્તાયુ** કહે છે. (૨) આયુષ્ય સાથે અન્ય પ્રકૃતિઓના દઢતમ બંધને કે નિકાચિત રૂપે બંધને **નિયક્તાયુ** કહે છે.

ષડ્વિધ નિધત્ત આયુષ્યબંધનુ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) જાતિનામ નિધત્તાયુ :–** આયુષ્ય બંધ સમયે પૂર્વબદ્ધ સત્તાગત પંચેન્દ્રિયાદિ જાતિ નામકર્મ વગેરે આયુષ્ય સાથે સંયોજિત થાય, નિબદ્ધિત થાય(વિશેષરૂપે બંધાય) તેને જાતિનામ નિધત્તાયુ કહે છે.

**(૨) ગતિનામ નિધત્તાયુ :–** આયુષ્ય બંધ સમયે પૂર્વબદ્ધ સત્તાગત નરકાદિ ગતિ નામકર્મ વગેરે આયુષ્ય સાથે સંયોજિત થાય, વિશેષ રૂપે બંધાય તેને ગતિનામ નિધત્તાયુ કહે છે.

**(૩) સ્થિતિનામ નિધત્તાયુ :–** આયુષ્યના બંધ સમયે પૂર્વે બંધાયેલી નામકર્મની પ્રકૃતિઓની સ્થિતિ, આયુષ્યની સ્થિતિ સાથે નિષિક્ત થાય, સમસ્થિતિક થાય તેને સ્થિતિ નામ નિધતાયુ કહે છે. અહીં ત્રણ પ્રકારે સ્થિતિ સમજાય છે (૧) આયુષ્ય કર્મ સંબંધી, (૨) ગતિ, જાતિ, અવગાહના નામકર્મ સંબંધી અને (૩) તે સિવાયની અન્ય અનેક તદ્ભવ પ્રાયોગ્ય નામકર્મની પ્રકૃતિઓ સંબંધી.

**(૪) અવગાહના નામ નિધત્તાયુ :–** જીવ જેમાં અવગાહિત થાય છે, તેને અવગાહના કહે છે. જીવ ઔદારિક આદિ શરીરમાં અવગાહિત થાય છે, તેથી અહીં ઔદારિક આદિ શરીરની અવગાહના સમજવી.

આયુષ્યના બંધ સમયે પૂર્વબદ્ધ સત્તાગત પાંચ શરીરમાંથી આયુષ્યને અનુરૂપ શરીર નામકર્મ પ્રકૃતિનું આયુષ્ય સાથે નિબદ્ધિત થવાને અવગાહના નામ નિધત્તાયુ કહે છે.

**(૫) પ્રદેશનામ નિધત્તાયુ :–** આયુષ્યના બંધ સમયે પૂર્વે બંધાયેલી સત્તાગત નામકર્મની પ્રકૃતિઓના પુદ્ગલોને આયુષ્ય સાથે નિષિક્ત કરવાને પ્રદેશનામ નિધત્તાયુ કહે છે.

**(૬) અનુભાગ નામ નિધત્તાયુ :–** આયુષ્યના બંધ સમયે પૂર્વે બંધાયેલી સત્તાગત નામ કર્મની પ્રકૃતિઓના વિપાકને આયુષ્ય સાથે નિષિકત કરવાને અનુભાગ નામ નિધત્તાયુ કહે છે.

સૂત્રોક્ત છ પ્રકારના આયુષ્યબંધના કથનમાં આયુષ્ય સાથે ગતિ, જાતિ આદિ નામકર્મની પ્રકૃતિઓનો જે વિશેષણરૂપે પ્રયોગ કર્યો છે, તેમાં નામકર્મની પ્રકૃતિઓની આયુષ્ય કર્મની સાથે સહચારિતા પ્રગટ કરી છે. જે સમયે કોઈપણ આયુષ્યનો ઉદય થાય, તે સમયે તદ્યોગ્ય ગતિ, જાતિ આદિ નામકર્મની પ્રકૃતિઓનો ઉદય થાય છે, જેમ કે નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવને જ્યારે નરકાઆયુનો ઉદય થાય છે, ત્યારથી જ તે નૈરયિક કહેવાય છે અને તે જ સમયે આયુષ્યને યોગ્ય નરકગતિ, નરકાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ આદિ પ્રકૃતિઓનો ઉદય થઈ જાય છે, તેથી સૂત્રકારે આયુષ્યકર્મને નામ કર્મથી વિશેષિત કર્યું છે.

આ છ ભેદમાં ગતિ, જાતિ, અવગાહના દ્વારા પ્રકૃતિબંધ અને શેષ ત્રણ ભેદ દ્વારા સ્થિતિબંધ,

પ્રદેશબંધ અને અનુભાગબંધ સૂચિત કર્યો છે. આ છ ભેદમાંથી ગતિ, જાતિ, અવગાહના(શરીર) આ ત્રણે, નામ કર્મની પ્રકૃતિ છે તેથી તેને નામકર્મ રૂપે કહ્યા છે. સ્થિતિ, અનુભાગ, પ્રદેશ ત્રણે નામકર્મ રૂપ નથી, બંધના પ્રકાર છે પરંતુ પ્રસ્તુતમાં આ ત્રણે બંધ નામકર્મની પ્રકૃતિ સાથે સંબંધિત હોવાથી તેનું **નામ** રૂપે કથન કર્યું છે.

આયુષ્યના બંધ સમયે આયુષ્યને અનુરૂપ નામકર્મની જેમ આયુષ્યને અનુરૂપ ગોત્રકર્મનો પણ વિશિષ્ટ રૂપે બંધ–ગોઠણવી થાય છે. જેમ કે એકેન્દ્રિયના આયુષ્યના બંધ સમયે નીચગોત્રનો બંધ–ગોઠવણી થાય છે. જાતિ, ગતિ વગેરે નામકર્મ, ગોત્રકર્મ, આયુષ્ય કર્મ આ ત્રણેની સહચારી કર્મપ્રકૃતિઓને નિધત્ત, નિકાચિત સાથે અસંયોગી, દ્વિસંયોગી વગેરે ભંગ કરતાં ૧૨ પ્રકાર થાય છે.

**નામ, આયુ, ગોત્ર નિધત્તાદિ વિશેષિત જીવના બાર પ્રકાર :–**

**(૧) જાતિ નામ નિધત્ત :–** જે જીવોએ એકેન્દ્રિયાદિ જાતિ નામકર્મને ઉદય માટે નિષિક્ત કર્યું છે તે.

**(૨) જાતિ નામ નિધત્તાયુ :–** જે જીવોએ એકેન્દ્રિયાદિ જાતિ અને આયુષ્ય બંને કર્મને ઉદય માટે સમાન રીતે નિષિક્ત કર્યું છે તે.

**(૩) જાતિ નામ નિયુક્ત :–** જે જીવોએ એકેન્દ્રિયાદિ જાતિ નામકર્મના વેદનનો પ્રારંભ કર્યો છે તે.

**(૪) જાતિ નામ નિયુક્તાયુ :–** જે જીવોએ આયુષ્ય સાથે એકેન્દ્રિયાદિ જાતિ નામકર્મના વેદનનો પ્રારંભ કર્યો છે તે.

**(૫) જાતિ ગોત્ર નિધત્ત :–** જે જીવોએ જાતિ આદિ નામકર્મ તથા નીચ ગોત્ર આદિ ગોત્ર કર્મને ઉદય માટે નિષિક્ત કર્યું છે તે.

**(૬) જાતિ ગોત્ર નિધત્તાયુ :–** જે જીવોએ જાતિ અને ગોત્રની સાથે આયુષ્ય કર્મને નિધત્ત કર્યું છે તે.

**(૭) જાતિ ગોત્ર નિયુક્ત :–** જે જીવોએ જાતિ અને ગોત્રકર્મને નિયુક્ત કર્યું છે તે.

**(૮) જાતિ ગોત્ર નિયુક્તાયુ :–** જે જીવોએ જાતિ અને ગોત્રની સાથે આયુષ્ય કર્મને નિયુક્ત કર્યું છે તે.

**(૯) જાતિનામ ગોત્ર નિધત્ત :–** જે જીવોએ જાતિ નામ અને ગોત્ર કર્મને નિધત્ત કર્યું છે તે.

**(૧૦) જાતિનામ ગોત્ર નિધત્તાયુ :–** જે જીવોએ જાતિ નામ અને ગોત્રની સાથે આયુષ્ય કર્મને નિધત્ત કર્યું છે તે.

**(૧૧) જાતિનામ ગોત્ર નિયુક્ત :–** જે જીવોએ જાતિ, નામ અને ગોત્ર કર્મને નિયુક્ત કર્યું છે તે.

**(૧૨) જાતિ નામ ગોત્ર નિયુક્તાયુ :–** જે જીવોએ જાતિ, નામ અને ગોત્રની સાથે આયુષ્ય કર્મને નિયુક્ત કર્યું છે તે.

જે રીતે જાતિ નામ કર્મથી સંબંધિત આ બાર ભેદ છે તે જ રીતે ગતિ, અવગાહના, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશનામના ૧૨–૧૨ પ્રકાર કરતાં ૬ × ૧૨ = ૭૨ પ્રકાર થાય છે. સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોમાં આ ૭૨ પ્રકારની પૃચ્છા હોવાથી ૭૨ × ૨૫ = ૧૮૦૦ ભંગ થાય છે.

**આયુષ્ય કર્મ સાથે બંધાતી પ્રકૃતિઓ :–** પ્રત્યેક ભવમાં આગામી એક ભવનું આયુષ્ય જીવન દરમ્યાન એક જ વાર બંધાય છે. શેષ સાત કર્મ જીવન પર્યંત સમયે–સમયે બંધાતા રહે છે. ગતિ, જાતિ વગેરે નામ કર્મનો બંધ તો કાયમ થતો જ હોય છે છતાં આયુષ્ય કર્મના બંધ સમયે આયુષ્યને અનુરૂપ ગત્યાદિનો બંધ થાય છે. જેમ કે કોઈ મનુષ્યને જ્યારે દેવ આયુષ્યનો બંધ થતો હોય ત્યારે તેને અન્ય મનુષ્ય, તિર્યંચ વગેરે ગતિ નામ કર્મને છોડી દેવગતિ નામ કર્મનો અને પાંચ જાતિ નામ કર્મમાંથી પંચેંદ્રિય જાતિનો જ બંધ થાય, અન્ય એકેન્દ્રિય આદિ જાતિ વગેરેનો બંધ થતો નથી. આ રીતે અન્ય પણ દેવ પ્રાયોગ્ય પ્રકૃતિ જ બંધાય તે સહજ રીતે સમજી લેવું જોઈએ અને તે દેવાયુનો જ્યારે ઉદય થાય ત્યારે તે સમયે દેવાયુને અનુરૂપ દેવગતિ, પંચેંદ્રિય જાતિ, વૈક્રિય શરીર વગેરે નામ કર્મની પ્રકૃતિઓ અવશ્ય ઉદયમાં આવી જાય છે. તે જ રીતે કોઈ જીવને પૃથ્વીકાયના આયુષ્યનો બંધ થતો હોય તો તે સમયે પૃથ્વીકાય યોગ્ય તિર્યંચગતિ, એકેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર વગેરે પ્રકૃતિઓનો બંધ થાય છે. તેમજ તે આયુષ્યના ઉદય સમયે પણ તદ્નુરૂપ તે જ પ્રકૃતિનો ઉદય થાય છે.

## અસંખ્ય દ્વીપ સમુદ્ર :–

**૨૦ लवणे णं भंते ! समुद्दे किं उसिओदए, पत्थडोदए, खुब्भियजले, अखुब्भिय– जले ?**

**गोयमा ! लवणे णं समुद्दे उसिओदए, णो पत्थडोदए, खुब्भियजले, णो अखुब्भियजले । एत्तो आढत्तं जहा जीवाभिगमे *जाव* से तेणट्ठेणं गोयमा ! बाहिरिया णं दीवसमुद्दा पुण्णा पुण्णप्पमाणा वोलट्टमाणा वोसट्टमाणा समभरघडत्ताए चिट्ठंति। संठाणओ एगविहिविहाणा, वित्थारओ अणेगविहिविहाणा; दुगुणा, दुगुणप्पमाणाओ, *जाव* अस्सिं तिरियलोए असंखेज्जा दीवसमुद्दा सयंभूरमणपज्जवसाणा पण्णत्ता समणाउसो ! ।**

**શબ્દાર્થ :– उसिओदए** = ઉચ્છ્રિતોદક, ઉપર ઉઠેલા જળવાળા **पत्थडोदए** = પ્રસ્તટોદક, સમ જલ–વાળા **खुब्भियजले** = ક્ષુબ્ધ જલવાળા, ઉછળતા પાણીવાળા **अखुब्भियजले** = અક્ષુબ્ધ જલવાળા, શાંત જલ– વાળા **आढत्तं** = પ્રારંભ કરીને **पुण्णा** = પૂર્ણ **वोलट्टमाणा** = છલોછલ ભરેલા **वोसट्टमाणा** = છલકાતા હોય તેવા ભરેલા **पज्जवसाणा** = પર્યવસાન, પર્યંત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું લવણ સમુદ્ર ઉપર ઉઠેલા જળવાળો છે, સમ જળવાળો છે, ક્ષુબ્ધ જળવાળો છે અથવા શાંત જળવાળો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! લવણ સમુદ્ર ઉપર ઉઠેલા જળવાળો છે પરંતુ સમતલ જળવાળો નથી. તે ક્ષુબ્ધ જળવાળો છે પરંતુ શાંત જળવાળો નથી. વગેરે વર્ણનથી પ્રારંભ કરીને, જે રીતે જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે તે રીતે સર્વ વર્ણન જાણી લેવું જોઈએ ***યાવત્*** હે ગૌતમ ! તે કારણે બહારના સમુદ્ર પૂર્ણ, પૂર્ણ પ્રમાણવાળા, છલોછલ ભરેલા, છલકાતા અને પરિપૂર્ણ ભરેલા ઘટની સમાન છે. સંસ્થાનથી તે એક સમાન સ્વરૂપ–વાળા, પરંતુ વિસ્તારની અપેક્ષાએ અનેક પ્રકારના સ્વરૂપવાળા છે. તે દ્વિગુણ દ્વિગુણ વિસ્તારવાળા છે અર્થાત્ પોતાના પૂર્વવર્તી દ્વીપથી બમણા પ્રમાણવાળા છે ***યાવત્*** આ તિર્યક્લોકમાં અસંખ્યાત દ્વીપ સમુદ્ર છે; અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર છે. હે આયુષ્યમાન શ્રમણ ! આ રીતે દ્વીપ અને સમુદ્ર કહ્યા છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં મધ્યલોકમાં આવેલા અસંખ્યાત દ્વીપ–સમુદ્રના સ્વરૂપ અને પ્રમાણનું વર્ણન જીવાભિગમ સૂત્રના અતિદેશ પૂર્વક છે. તેનું ટૂંક પરિચય આ પ્રમાણે છે–

**અસંખ્યાત દ્વીપ–સમુદ્રોની સંસ્થિતિ :–** મધ્યલોકની બરાબર મધ્યમાં જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તેને ફરતો–લવણ સમુદ્ર છે. તેને ફરતો ધાતકીખંડ નામનો દ્વીપ છે. આ રીતે મધ્યલોકમાં એક દ્વીપ, એક સમુદ્ર, તેમ અસંખ્યાત દ્વીપ અને અસંખ્ય સમુદ્ર વ્યાપ્ત છે.

**વિસ્તાર :–** જંબૂદ્વીપ એક લાખ યોજનનો છે. લવણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ(ગોળાકારે પહોળાઈ) બે લાખ યોજન છે. ધાતકીખંડનો ચક્રવાલ વિષ્કંભ ચાર લાખ યોજન છે. આ રીતે પ્રત્યેક દ્વીપ–સમુદ્ર દ્વિગુણિત વિસ્તારવાળા છે.

**આકાર :–** અસંખ્યાત દ્વીપ–સમુદ્રમાંથી એક જંબૂદ્વીપ વર્તુળાકાર ગોળ આકારવાળો છે. શેષ સર્વ દ્વીપ અને સમુદ્ર વલયાકાર એટલે ચૂડીના આકારે છે.

**જળ સ્વભાવ :–** અસંખ્યાત સમુદ્રમાંથી એક લવણસમુદ્ર ઉચ્છ્રિતોદક છે. લવણ સમુદ્રનું પાણી ઊર્ધ્વદિશામાં સાધિક ૧૬૦૦૦(સોળ હજાર) યોજન સુધી ઊંચું છે. તેથી તે ઉપર ઊઠેલા જલવાળો છે, સમ જલવાળો નથી. લવણ સમુદ્રમાં અનેક પાતાળ કળશ છે અને તેમાં રહેલા વાયુના વિક્ષોભથી લવણસમુદ્રમાં ભરતી આવે છે, તેથી તે ઉછળતા પાણીવાળો છે. શેષ સર્વ સમુદ્રો શાન્ત જળવાળા છે.

**તમસ્કાય :–** અરુણવર સમુદ્રમાંથી તમસ્કાય ઉપર ઉઠે છે પરંતુ તે લવણસમુદ્રની ડગમાળાની જેમ સઘન ઉછળતા જળવાળી નથી પરંતુ પ્રગાઢ ધુમ્મસ જેવી છે.

**વરસાદ :–** લવણસમુદ્રમાં વરસાદ થાય છે પરંતુ અન્ય સમુદ્રમાં વરસાદ વરસતો નથી. સર્વ સમુદ્રમાં અનેક ઉદકયોનિના જીવ અને પુદ્ગલ ઉદકરૂપે ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે.

## દ્વીપ સમુદ્રોના શુભ નામ :–

**૨૧** **दीवसमुद्दा णं भंते ! केवइया णामधेज्जेहिं पण्णत्ता ?**

**गोयमा ! जावइया लोए सुभा णामा, सुभा रूवा, सुभा गंधा, सुभा रसा, सुभा फासा; एवइया णं दीवसमुद्दा णामधेज्जेहिं पण्णत्ता । एवं णेयव्वा सुभा णामा; उद्धारो, परिणामो, सव्वजीवाणं उप्पाओ । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વીપ સમુદ્રોના કેટલા નામ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ લોકમાં જેટલા શુભ નામ, શુભ રૂપ, શુભ રસ, શુભ ગંધ અને શુભ સ્પર્શ છે; તેટલા નામ દ્વીપ સમુદ્રોના છે. આ રીતે સર્વ શુભ નામવાળા દ્વીપ અને સમુદ્ર જાણવા જોઈએ. તથા તેનો ઉદ્ધાર, પરિણમન અને સર્વ જીવોનો ઉત્પાદ અન્ય સૂત્ર પ્રમાણે જાણવા. ॥ હે ભગવન ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દ્વીપ–સમુદ્રોના શુભ નામોનો નિર્દેશ કર્યો છે. સ્વસ્તિક, શ્રીવત્સ આદિ સુશબ્દ; પીતાદિ સુંદર રૂપવાચક શબ્દ; કપૂર આદિ સુગંધવાચક શબ્દ; દ્રાક્ષ, ખજૂર આદિ મધુરરસ વાચક શબ્દ તથા નવનીત આદિ મૃદુસ્પર્શ વાચક શબ્દ; આ રીતે જેટલા શુભ નામો આ લોકમાં છે, તે સમસ્ત નામ–વાળા દ્વીપ–સમુદ્ર છે.

**ઉદ્ધાર, પરિણામ અને ઉત્પાદ :–** (૧) અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ અથવા ૨૫ ક્રોડાક્રોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના જેટલા સમય હોય છે, તેટલા દ્વીપ સમુદ્ર લોકમાં છે. (૨) આ દ્વીપ–સમુદ્ર પૃથ્વી, જલ, જીવ અને પુદ્ગલોના પરિણામ સ્વરૂપ છે. (૩) પ્રત્યેક જીવ પૃથ્વીકાયિકથી લઈને ત્રસકાયિકરૂપે અનેક અથવા અનંતવાર ત્યાં ઉત્પન્ન થઈ ચૂક્યા છે.

॥ શતક ૬/૮ સંપૂર્ણ ॥

# શતક–૬ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક કર્મબંધનું, દેવના વૈક્રિય સામર્થ્યનું અને અવધિ–જ્ઞાનના સામર્થ્યનું નિરૂપણ છે.

★ **આઠ, સાત, છ કર્મબંધ :–** જ્ઞાનાવરણીય કર્મને બાંધતા જીવ આઠ, સાત અથવા છ કર્મ બાંધે છે. એકથી સાત ગુણસ્થાન સુધીમાં ત્રીજા ગુણસ્થાનને છોડીને જીવ આયુષ્યના બંધ સમયે આઠ કર્મનો બંધ કરે છે અને શેષ સમયમાં સાત કર્મનો બંધ કરે છે. ત્રીજે, આઠમે, નવમે ગુણસ્થાનમાં જીવ આયુષ્ય છોડીને સાત કર્મનો બંધ કરે છે તેમજ દશમે ગુણસ્થાનમાં આયુષ્ય અને મોહનીય કર્મને છોડીને છ કર્મનો બંધ કરે છે.

★ દેવ તત્રગત અર્થાત્ દેવલોકમાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરી શકે છે– (૧) એક વર્ણ, એક આકાર (૨) એક વર્ણ, અનેક આકાર (૩) અનેક વર્ણ, એક આકાર (૪) અનેક વર્ણ, અનેક આકારની પોતાની ઈચ્છાનુસાર વિકુર્વણા કરી શકે છે. તે ઉપરાંત એક પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શને અન્ય પ્રકારના વર્ણાદિમાં પરિણત કરી શકે છે, આ તેનું વૈક્રિય સામર્થ્ય છે.

★ વિશુદ્ધલેશી–સમ્યગ્દષ્ટિ દેવના અવધિજ્ઞાનનું અને અવિશુદ્ધ લેશી–મિથ્યાદષ્ટિ દેવના વિભંગ–જ્ઞાનનું સામર્થ્ય–અસામર્થ્ય બાર વિકલ્પોથી સમજાવ્યું છે.

સંક્ષેપમાં અવિશુદ્ધિલેશી મિથ્યાદષ્ટિ દેવ કે દેવી પોતાના વિભંગજ્ઞાનમાં ઉપયોગવાન હોય અથવા ઉપયોગ રહિત હોય, તેઓ અન્ય વિશુદ્ધલેશી સમ્યગ્દષ્ટિ કે અવિશુદ્ધ લેશી મિથ્યાદષ્ટિ દેવ–દેવીને જાણી, દેખી શકતા નથી.

વિશુદ્ધિલેશી સમ્યગ્દષ્ટિ અવધિજ્ઞાની દેવ કે દેવી પોતાના અવધિજ્ઞાનમાં ઉપયોગયુક્ત ન હોય તો અન્ય દેવ–દેવીને જાણી, દેખી શકતા નથી. પરંતુ જો તે પોતાના જ્ઞાનમાં ઉપયોગવાન હોય તો વિશુદ્ધલેશી કે અવિશુદ્ધલેશી બંને પ્રકારના દેવ–દેવીને જાણી શકે છે.

અહીં દેવોના જાણવાનું કારણ. તેમનું સમ્યગ્જ્ઞાન અને તેમાં ઉપયોગયુક્તતા છે. જ્ઞેય પદાર્થ અવિશુદ્ધલેશી છે કે વિશુદ્ધલેશી છે તે મહત્વનું નથી. તેમજ સમ્યગ્જ્ઞાન હોય અને તેમાં ઉપયોગ ન હોય તો તેનો પણ લાભ નથી. ઉપયોગ સહિતનું સમ્યગ્જ્ઞાન જ્ઞેય પદાર્થનો બોધ કરાવી શકે છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૯

## કર્મ

### જ્ઞાનાવરણીય કર્મ બંધની સાથે અન્યકર્મ બંધ :–

**१ जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं बंधमाणे कइ कम्मप्पगडीओ बंधइ ।**

**गोयमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा छव्विहबंधए वा; एवं बंधुद्देसो पण्णवणाए णेयव्वो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મને બાંધતો જીવ કેટલી કર્મ પ્રકૃતિઓને બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સાત પ્રકૃતિઓને બાંધે છે, આઠ પ્રકૃતિઓને બાંધે છે અથવા છ પ્રકૃતિઓને બાંધે છે. અહીં અવશેષ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના બંધોદેશક અનુસાર જાણવું જોઈએ.

### વિવેચન :–

જ્ઞાનાવરણીય કર્મનો બંધ દશ ગુણસ્થાન સુધી થાય છે. તેમાં એકથી સાત ગુણસ્થાન સુધી ત્રીજું ગુણસ્થાન છોડીને શેષ ગુણસ્થાનમાં આયુષ્ય બંધાતુ હોય ત્યારે જ્ઞાનાવરણીય કર્મ બાંધતા આઠ કર્મ બંધાય છે. આયુષ્ય ન બંધાતું હોય ત્યારે સાતકર્મ અને ત્રીજે, આઠમે, નવમે ગુણસ્થાને પણ સાતકર્મ બંધાય છે. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને જીવ આયુષ્ય અને મોહનીય કર્મને છોડીને છ કર્મ બાંધે છે. કર્મબંધ સંબંધી અન્ય વર્ણન માટે સૂત્રમાં પ્રજ્ઞાપના સૂત્રના ત્રેવીસમા પદના બંધુદેશકનો અતિદેશ કર્યો છે. તે વર્ણન ત્યાંથી જાણવું.

### દેવોનું વિકુર્વણા સામર્થ્ય :–

**२ देवे णं भंते ! महिड्ढीए *जाव* महाणुभागे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगवण्णं, एगरूवं विउव्वित्तए ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**देवे णं भंते ! बाहिरए पोग्गले परियाइत्ता पभू ? गोयमा ! हंता, पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહર્દ્ધિક, મહાનુભાગ–મહાપ્રભાવશાળી આદિ વિશેષણ સંપન્ન દેવ બહારના પુદ્‌ગલો ગ્રહણ કર્યા વિના એક વર્ણના અને એક આકારના શરીરાદિની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે દેવ બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને ઉપર્યુક્તરૂપે વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે દેવ તે પ્રમાણે કરવામાં સમર્થ છે.

**३ से णं भंते ! किं इहगए पोग्गले परियाइत्ता विउव्वइ, तत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ, अण्णत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ ?**

**गोयमा ! णो इहगए पोग्गले परियाइत्ता विउव्वइ, तत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ, णो अण्णत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ; ।**

**एवं एएणं गमेणं** *जाव* **एगवण्णं एगरूवं, एगवण्णं अणेगरूवं, अणेगवण्णं एगरूवं, अणेगवण्णं अणेगरूवं; चउभंगो ।**

**શબ્દાર્થ :– इहगए** = માનવલોકના **तत्थगए** = જ્યાં તે દેવ છે તે ક્ષેત્રના, દેવલોકના **अण्णत्थगए** = અન્ય કોઈ સ્થાનના.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું તે દેવ અહીં મનુષ્યલોકમાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે કે ત્યાં દેવલોકમાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે કે અન્ય સ્થાનમાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે દેવ અહીં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરતા નથી; ત્યાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે, અર્થાત્ દેવલોકમાં રહેલા તથા જ્યાં વિકુર્વણા કરે છે ત્યાંના પુદ્ગલો ગ્રહણ કરીને, વિકુર્વણા કરે છે. પરંતુ અન્યત્ર રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરતા નથી.

આવી જ રીતે ***યાવત્*** વિકુર્વણા સંબંધી ચાર ભંગ કહેવા જોઈએ યથા– (૧) એક વર્ણ અને એક રૂપની (૨) એક વર્ણ અને અનેક રૂપની (૩) અનેક વર્ણ અને એક રૂપની (૪) અનેક વર્ણ અને અનેક રૂપની. તે ચારે પ્રકારના રૂપોને વિકુર્વિત કરવામાં સમર્થ છે.

**૪ देवे णं भंते ! महिड्ढीए** *जाव* **महाणुभागे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू कालगपोग्गलं णीलगपोग्गलत्ताए परिणामेत्तए, णीलगपोग्गलं वा कालगपोग्गलत्ताए परिणामेत्तए ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । परियाइत्ता पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું મહર્દ્ધિક, મહાનુભાવ આદિ વિશેષણ સંપન્ન દેવ બહારના પુદ્ગલોને

ગ્રહણ કર્યા વિના કાળા પુદ્ગલને નીલા પુદ્ગલ રૂપે અને નીલા પુદ્ગલને કાળા પુદ્ગલ રૂપે પરિણત કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને દેવ તે પ્રમાણે કરવામાં સમર્થ છે.

**૫ से णं भंते ! किं इहगए पोग्गले परियाइत्ता परिणामेइ, पुच्छा ? गोयमा ! तत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ, णो इहगए णो अण्णत्थगए ।**

**एवं कालगपोग्गलं लोहियपोग्गलत्ताए, लोहियपोग्गलं कालगपोग्गलत्ताए परिणोमेइ । एएणं अभिलावेणं कालग हालिद्ध, कालग सुक्किल पोग्गला ।**

**एवं णीलएणं लोहियं, हालिद्धं, सुक्किल्लं । एवं लोहियएणं हालिद्धं, सुक्किलं । एवं हालिद्दएणं सुक्किल्लं ।**

**एवं एयाए परिवाडीए गंध रस फासा वि । णवरं कक्खडफासपोग्गलं मउय फासपोग्गलत्ताए; एवं गरुयलहुय, सीयउसिण, णिद्धलुक्ख दो दो फासा भाणियव्वा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે દેવ ઈહગત, તત્રગત અથવા અન્યત્રગત પુદ્ગલોમાંથી કયા પુદ્ગલોને ગ્રહણ કરીને તે પ્રમાણે કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે ઈહગત કે અન્યત્રગત પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમન કરી શકતા નથી. પરંતુ જ્યાં તે દેવ છે ત્યાંના જ પુદ્ગલોને ગ્રહણ કરીને કાળા પુદ્ગલોને નીલારૂપે પરિણમન કરી શકે છે.

આ રીતે કાળા પુદ્ગલને લાલ પુદ્ગલ રૂપે અને લાલ પુદ્ગલને કાળા પુદ્ગલરૂપે પરિણત કરી શકે છે. આ જ રીતે કાળા અને પીળા, કાળા અને સફેદ પુદ્ગલ વિશે સમજવું.

આ જ રીતે નીલા પુદ્ગલને લાલ, પીળા અને સફેદરૂપે પરિણત કરી શકે છે. આ જ રીતે લાલ પુદ્ગલને પીળા અને સફેદરૂપે પરિણત કરી શકે છે. આ જ રીતે પીળા પુદ્ગલને સફેદ પુદ્ગલરૂપે પરિણત કરી શકે છે.

આ જ ક્રમથી ગંધ, રસ અને સ્પર્શના વિષયમાં પણ સમજવું જોઈએ. વિશેષતા એ છે કે કર્કશ સ્પર્શવાળા પુદ્ગલને મૃદુ સ્પર્શવાળા પુદ્ગલરૂપે પરિણત કરવામાં સમર્થ છે. આ રીતે બે બે વિરુદ્ધ અર્થાત્ ગુરુ અને લઘુ, શીત અને ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શોનું કથન કરવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં દેવનું વૈક્રિય સામર્થ્ય અને પરિણમન સામર્થ્ય પ્રદર્શિત કરતાં તત્સંબંધી વિવિધ

વિષયોનું સ્પષ્ટીકરણ છે. યથા–

(૧) દેવ બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કરીને જ વિકુર્વણા કરી શકે છે (૨) દેવ જ્યાં હોય ત્યાંના જ પુદ્‌ગલો ગ્રહણ કરીને વૈક્રિય કરી શકે પરંતુ માનવલોકના કે અન્ય કોઈ સ્થળના પુદ્‌ગલો દ્વારા વિકુર્વણા કરી શકે નહીં. (૩) એક વર્ણના અનેકરૂપો, અનેક વર્ણનું એક રૂપ વગેરે ચારે વિકલ્પથી રૂપો બનાવી શકે છે. (૪) કાળા પુદ્‌ગલને નીલારૂપે પરિણત કરવાના હોય તો પણ ૧. બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કરીને ૨. સ્વઉપસ્થિત ક્ષેત્રના અર્થાત્ દેવલોકના પુદ્‌ગલ ગ્રહણ કરી પરિણમન કરે. કાળાથી નીલા, લાલ, પીળા અને સફેદ રંગમાં પરિવર્તન થાય છે તેમજ ગંધના, રસના, સ્પર્શના પરિણમન સંબંધી વિકલ્પો સમજવા.

**વર્ણાદિ પરિણામના પચ્ચીસ ભંગ :–** વર્ણાદિના કુલ ૨૫ વિકલ્પ થાય છે, જેમાં પાંચ વર્ણના = ૧૦, બે ગંધના = ૧, પાંચ રસના = ૧૦ અને આઠ સ્પર્શના ચાર જોડકાના = ૪. આ રીતે કુલ ૧૦+૧+૧૦+૪ = ૨૫. યથા– (૧) કાળાને નીલા (૨) કાળાને લાલ (૩) કાળાને પીળા (૪) કાળાને સફેદ (૫–૭) નીલાને લાલ, પીળા અને સફેદ (૮–૯) લાલને પીળા અને સફેદ (૧૦) પીળાને સફેદ (૧૧) દુર્ગંધને સુગંધ તેમજ સુગંધને દુર્ગંધ તે એક જ વિકલ્પ (૧૨–૨૧) પાંચ રસના દશ વિકલ્પ (૨૨–૨૫) સ્પર્શના ચાર ભંગ– જેમ બે ગંધનો એક જ વિકલ્પ થાય તેમ આઠ સ્પર્શના ચાર જોડકાના ચાર ભંગ હોય છે; જે ભાવાર્થમાં સ્પષ્ટ છે.

## દેવોનું જ્ઞાન–સામર્થ્ય :–

**૬ अविसुद्धलेसे णं भंते ! देवे असमोहएणं अप्पाणएणं अविसुद्धलेसं देवं, देविं, अणगारं अण्णयरं जाणइ पासइ ? णो इणट्ठे समट्ठे ।१॥**

**एवं अविसुद्धलेसे देवे असमोहएणं अप्पाणेणं विसुद्धलेसं ।२॥**

**अविसुद्धलेसे देवे समोहएणं अप्पाणेणं अविसुद्धलेसं ।३॥**

**अविसुद्धलेसे देवे समोहएणं अप्पाणेणं विसुद्धलेसं ।४॥**

**अविसुद्धलेसे देवे समोहयासमोहएणं अप्पाणेणं अविसुद्धलेसं ।५॥**

**अविसुद्धलेसे देवे समोहयासमोहएणं अप्पाणेणं विसुद्धलेसं ।६॥**

**विसुद्धलेसे देवे असमोहएणं अप्पाणेणं अविसुद्धलेसं ।७॥**

**विसुद्धलेसे देवे असमोहएणं अप्पाणेणं विसुद्धलेसं ।८॥**

**શબ્દાર્થ :– असमोहएणं** = અનુપયુક્ત, ઉપયોગ વિના **अविसुद्धलेसे** = અશુદ્ધલેશી, વિભંગજ્ઞાની.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અવિશુદ્ધલેશી(વિભંગજ્ઞાની) દેવ ઉપયોગ રહિત આત્માથી અવિશુદ્ધ લેશી દેવને, દેવીને કે અણગાર આદિ કોઈને જાણે દેખે છે ?

**ઉત્તર–** (૧) હે ગૌતમ ! તેમ શક્ય નથી. આ જ રીતે (૨) અવિશુદ્ધલેશી અનુપયુક્ત દેવ વિશુદ્ધ–

લેશી દેવાદિને (૩) અવિશુદ્ધલેશી ઉપયુક્ત દેવ અવિશુદ્ધલેશી દેવાદિને (૪) અવિશુદ્ધલેશી ઉપયુક્ત દેવ વિશુદ્ધલેશી દેવાદિને (૫) અવિશુદ્ધલેશી ઉપયુક્તાનુપયુક્ત દેવ અવિશુદ્ધલેશી દેવાદિને (૬) અવિશુદ્ધ–લેશી ઉપયુક્તાનુપયુક્ત દેવ વિશુદ્ધલેશી દેવાદિને (૭) વિશુદ્ધલેશી અનુપયુક્ત દેવ અવિશુદ્ધલેશી દેવાદિને (૮) વિશુદ્ધલેશી અનુપયુક્ત દેવ વિશુદ્ધલેશી દેવાદિને જાણી કે દેખી શકતા નથી.

**૭ विसुद्धलेसे णं भंते ! देवे समोहएणं अप्पाणेणं अविसुद्धलेसं देवं देविं अणगारं अण्णयरं जाणइ पासइ ? हंता गोयमा ! जाणइ पासइ ।९॥**

**एवं विसुद्धलेसे देवे समोहएणं अप्पाणेण विसुद्धलेसं ।१०॥**

**विसुद्धलेसे देवे समोहयासमोहएणं अप्पाणेणं अविसुद्धलेसं ।११॥**

**विसुद्धलेसे देवे समोहयासमोहएणं अप्पाणेणं विसुद्धलेसं ।१२॥**

**एवं हेट्ठिल्लएहिं अट्ठहिं ण जाणइ, ण पासइ; उवरिल्लएहिं चउहिं जाणइ, पासइ । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિશુદ્ધલેશી દેવ શું ઉપયુક્ત આત્માથી અવિશુદ્ધલેશી દેવને, દેવીને કે અણગાર આદિ કોઈને જાણે દેખે છે ?

**ઉત્તર**–(૯) હા, ગૌતમ ! આ પ્રકારના દેવ જાણી–દેખી શકે છે. તે જ રીતે (૧૦) વિશુદ્ધલેશી ઉપયુક્ત દેવ વિશુદ્ધલેશી દેવાદિને, (૧૧) વિશુદ્ધ લેશી ઉપયુક્તાનુપયુક્ત દેવ અવિશુદ્ધલેશી દેવાદિને, (૧૨) વિશુદ્ધલેશી ઉપયુક્તાનુપયુક્ત દેવ વિશુદ્ધ લેશી દેવાદિને જાણી દેખી શકે છે.

આ પ્રમાણે પૂર્વના આઠ ભંગવાળા દેવ જાણતા–દેખતા નથી. રંતુ પછીના ચાર ભંગવાળા દેવ જાણે–દેખે છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં વિભંગજ્ઞાની અને અવધિજ્ઞાનીના જાણવા દેખવા સંબંધી નિરૂપણ છે. તેના બાર વિકલ્પો ભાવાર્થમાં સ્પષ્ટ છે.

અવિશુદ્ધ લેશી દેવ વિભંગજ્ઞાની હોય છે, તેથી સૂત્રોક્ત છ વિકલ્પોમાં તે દેવ, મિથ્યાદષ્ટિ હોવાથી દેવ, દેવી આદિને જાણી–દેખી શકતા નથી; સાતમા, આઠમા વિકલ્પમાં દેવ સમ્યક્દષ્ટિ હોવા છતાં અનુપયુક્ત હોવાના કારણે જાણી–દેખી શકતા નથી. અંતિમ ચાર વિકલ્પમાં દેવ સમ્યગ્દષ્ટિ છે; તેમાં નવમા, દસમા વિકલ્પોમાં દેવ સમ્યગ્દષ્ટિ પણ છે અને ઉપયુક્ત પણ છે; અગિયારમા, બારમા વિકલ્પમાં દેવ સમ્યગ્દષ્ટિ છે અને ઉપયુક્તાનુપયુક્ત છે; તેના ઉપયુક્તાનુપયુક્તપણામાં ઉપયુક્તપણું સમ્યગ્જ્ઞાનનું કારણ છે. તેથી પાછળના ચાર વિકલ્પોમાં દેવ–દેવી આદિને જાણી, દેખી શકે છે.

સૂત્રોક્ત બાર વિકલ્પોને જોતાં સિદ્ધ થાય છે કે જ્ઞાનનું કારણ ઉપયોગ એટલે આત્માના જ્ઞાન ગુણનું અનુસંધાન છે અને જ્ઞાનની યથાર્થતાનું કારણ સમ્યગ્દૃષ્ટિ છે. તેથી સમ્યગ્દૃષ્ટિ અવધિજ્ઞાની અને ઉપયોગ સહિત દેવ, ગમે તે દેવ, દેવી કે અણગાર વગેરેને જાણે છે અને દેખે છે.

પ્રતોમાં **अण्णयरं** અને **अणगारं** આ પાઠ ભેદ મળે છે. પ્રસ્તુતમાં બંને શબ્દો સ્વીકાર્યા છે.

**દેવોનું જ્ઞાન સામર્થ્ય :–**

| ક્રમ | જ્ઞાતાદેવની લેશ્યા | ઉપયુક્ત | જ્ઞેય વ્યક્તિની લેશ્યા | જાણે–દેખે |
|---|---|---|---|---|
| ૧ | અશુદ્ધ | અનુપયુક્ત | અશુદ્ધ | નહીં |
| ૨ | અશુદ્ધ | અનુપયુક્ત | શુદ્ધ | નહીં |
| ૩ | અશુદ્ધ | ઉપયુક્ત | અશુદ્ધ | નહીં |
| ૪ | અશુદ્ધ | ઉપયુક્ત | શુદ્ધ | નહીં |
| ૫ | અશુદ્ધ | ઉપયુક્તાનુપયુક્ત | અશુદ્ધ | નહીં |
| ૬ | અશુદ્ધ | ઉપયુક્તાનુપયુક્ત | શુદ્ધ | નહીં |
| ૭ | શુદ્ધ | અનુપયુક્ત | અશુદ્ધ | નહીં |
| ૮ | શુદ્ધ | અનુપયુક્ત | શુદ્ધ | નહીં |
| ૯ | શુદ્ધ | ઉપયુક્ત | અશુદ્ધ | હા |
| ૧૦ | શુદ્ધ | ઉપયુક્ત | શુદ્ધ | હા |
| ૧૧ | શુદ્ધ | ઉપયુક્તાનુપયુક્ત | અશુદ્ધ | હા |
| ૧૨ | શુદ્ધ | ઉપયુક્તાનુપયુક્ત | શુદ્ધ | હા |

**॥ શતક ૬/૯ સંપૂર્ણ ॥**

# શતક–૬ : ઉદ્દેશક–૧૦

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં અન્ય જીવના સુખ દુઃખને દેખાડવાની અશક્યતા, જીવનું સ્વરૂપ, જીવનું પ્રાણધારણ, ભવી, અભવી જીવ અને નારક આદિનો સંબંધ, એકાંત સુખ દુઃખવેદના, જીવ દ્વારા ગૃહીત પુદ્ગલોની યોગ્યતા અને કેવળીના જ્ઞાનની અનંતતા વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ અન્યતીર્થિકોનું કથન છે કે રાજગૃહીના લોકોના સુખ દુઃખને બહાર કાઢીને કોઈ દેખાડી શકતા નથી. કેવળી ભગવાનનું કથન છે કે કેવળ રાજગૃહીના જ નહીં પરંતુ સમસ્ત લોકના કોઈપણ જીવોના સુખ–દુઃખોને બહાર કાઢીને કોઈ દેખાડી શકતા નથી. જે રીતે કોઈ ક્ષેત્ર ગંધ પુદ્ગલોથી વ્યાપ્ત થઈ જાય, તો તેની ગંધને અનુભવી શકાય પરંતુ ગંધ રૂપી હોવા છતાં તેને કોઈ દેખાડી શકે નહીં. તે જ રીતે સુખ દુઃખ અનુભવી શકાય છે. પરંતુ અરૂપી હોવાથી તેને કોઈ દેખાડી શકે નહીં.

★ શુદ્ધ જીવાત્મા જીવરૂપ છે અને સંસારના જીવો પણ જીવાત્મ સ્વરૂપ છે અથવા જીવ ચૈતન્ય સ્વરૂપ છે, જે ચૈતન્યસ્વરૂપ છે, તે જ જીવ છે. જીવ દ્રવ્યને તેના ચૈતન્યધર્મ સાથે અવિનાભાવ સંબંધ છે. તેથી જ બંનેમાં અભેદોપચાર કરી જીવને ચૈતન્ય સ્વરૂપ અને ચૈતન્ય સ્વરૂપને જ જીવ કહ્યો છે.

★ નૈરયિકાદિ ૨૪ દંડકના જીવો જીવરૂપ જ છે પરંતુ જીવ છે તે નારકાદિ રૂપે એકાંતે નથી. કારણ કે નારકાદિ પર્યાય તેની એક મર્યાદિત સમયની અવસ્થા છે. તેની પ્રત્યેક અવસ્થાઓ પરિવર્તનશીલ છે.

★ દ્રવ્ય પ્રાણ ધારણ કરે તે જીવ છે પરંતુ જીવ દ્રવ્યપ્રાણને ધારણ કરે તેમ એકાંતે નથી. કારણ કે સિદ્ધ જીવ છે, પરંતુ તેમાં દ્રવ્ય પ્રાણ નથી.

★ જીવ છે તે ભવી કે અભવી હોય અથવા ન પણ હોય પરંતુ ભવી અભવી તો અવશ્ય જીવ જ છે, ભવ્યત્વ અને અભવ્યત્વ જીવનો પારિણામિક ભાવ છે આ બંને ભાવ સિદ્ધાવસ્થામાં નથી તેથી તેની સાથે જીવને અવિનાભાવ સંબંધ નથી.

★ જીવ છે તેને એકાંત દુઃખ કે સુખવેદના નથી; નારકોને પ્રાયઃ અશાતા છે પરંતુ ક્યારેક શાતા છે, દેવોને એકાંત શાતા છે પરંતુ ક્યારેક અશાતા છે, મનુષ્ય અને તિર્યંચને વિમાત્રાથી(વિવિધ પ્રકારે) શાતા અશાતા હોય છે.

★ જીવ આત્મક્ષેત્રાવગાઢ પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે, અનંતર કે પરંપરાવગાઢ પુદ્ગલોને ગ્રહણ કરતા નથી.

★ કેવળીનું જ્ઞાન અનાવરણ, અપરિમિત અને સંપૂર્ણ છે, તેથી તેને ઈન્દ્રિયોના અવલંબનની જરૂર નથી. સમસ્ત પદાર્થો તેના જ્ઞાનમાં સહજ જણાય છે.

❖❖❖❖❖

# શતક–૬ : ઉદ્દેશક–૧૦

## અન્યતીર્થિક

**અન્યના સુખ–દુઃખ પ્રદર્શન અશક્ય :–**

**१** **अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति** *जाव* **परूवेंति– जावइया रायगिहे णयरे जीवा, एवइयाणं जीवाणं णो चक्किया केइ सुहं वा दुहं वा** *जाव* **कोलट्ठिगमायमवि, णिप्फावमायमवि, कल(म)मायमवि; मासमायमवि, मुग्गमायमवि, जूयामायमवि, लिक्खामायमवि अभिणिवट्टेत्ता उवदंसित्तए; से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जं णं ते अण्णउत्थिया एवं आइक्खंति** *जाव* **मिच्छं ते एवं आहंसु; अहं पुण गोयमा ! एवं आइक्खामि** *जाव* **परूवेमि– सव्वलोए वि य णं सव्वजीवाणं णो चक्किया केइ सुहं वा, तं चेव** *जाव* **उवदंसित्तए ।**

**से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! अयं णं जंबुद्दीवे दीवे** *जाव* **विसेसाहिए परिक्खेवेणं पण्णत्ता; देवे णं महिड्ढीए** *जाव* **महाणुभागे एगं महं सविलेवणं गंधसमुग्गगं गहाय तं अवद्दालेइ, तं अवद्दालेत्ता** *जाव* **इणामेव कट्टु केवलकप्पं जंबुद्दीवं दीवं तिहिं अच्छरा– णिवाएहिं तिसत्तखुत्तो अणुपरियट्टित्ता णं हव्वं आगच्छेज्जा । से णूणं गोयमा ! से केवलकप्पे जंबुद्दीवे दीवे तेहिं घाणपोग्गलेहिं फुडे ? हंता, फुडे । चक्किया णं गोयमा ! केइ तेसिं घाणपोग्गलाणं कोलट्ठिगमायमवि** *जाव* **उवदंसित्तए ? णो इणट्ठे समट्ठे । से तेणट्ठेणं गोयमा !** *जाव* **उवदंसित्तए ।**

**શબ્દાર્થ :– चक्किया** = શકે છે **कोलट्ठिगमायमवि** = બોરના ઠળિયા જેટલું પણ **णिप्फावमायमवि** = વાલ જેટલું પણ **अभिणिवट्टेत्ता** = કાઢીને **सविलेवणं** = વિલેપન કરવાના **गंधसमुग्गगं** = ગંધ દ્રવ્યોનો ડબ્બો **अवद्दालेइ** = ઉઘાડે **घाणपोग्गलेहिं** = ગંધના પુદ્ગલો **जूया** = જૂં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે રાજગૃહ નગરમાં જેટલા જીવ છે, તે સર્વના સુખ અથવા દુઃખને બોરના ઠળિયા પ્રમાણ, વાલ પ્રમાણ, વટાણા

પ્રમાણ, અડદ પ્રમાણ, મગ પ્રમાણ, જૂં પ્રમાણ કે લીખ પ્રમાણ પણ કોઈ પુરુષ બહાર કાઢીને દેખાડી શકે નહીં; હે ભગવન્ ! શું આ કથન સત્ય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે અન્યતીર્થિક ઉપર્યુક્ત પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે, તે મિથ્યા કહે છે, હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે સંપૂર્ણ લોકમાં રહેલા સર્વ જીવોના સુખ અથવા દુઃખને કોઈ પણ પુરુષ બોરના ઠળિયા પ્રમાણ ***યાવત્*** લીખ પ્રમાણમાં પણ બહાર કાઢીને દેખાડી શકે નહીં.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ છે ***યાવત્*** તેની ત્રણ ગુણી સાધિક પરિધિ છે. તેવા દ્વીપમાં કોઈ મહર્દ્ધિક દેવ એક મોટા વિલેપનવાળા(સુગંધી ચૂર્ણવાળા) ગંધ દ્રવ્યના ડબ્બાને લઈને ઉઘાડે, ઉઘાડીને તે ડબ્બાને હાથમાં લઈને ત્રણ ચપટી વગાડે, એટલા સમયમાં જંબૂદ્વીપની ૨૧ વાર પરિક્કમ્મા કરીને પાછો આવી જાય, તો હે ગૌતમ ! શું ગંધપુદ્ગલોથી આ સંપૂર્ણ જંબૂદ્વીપ સ્પૃષ્ટ થાય છે ?

[ગૌતમ] હા, ભગવન્ ! તે સ્પૃષ્ટ થાય છે.

[ભગવાન] હે ગૌતમ ! કોઈ પુરુષ બોરના ઠળિયા પ્રમાણ ***યાવત્*** લીખ પ્રમાણ તે ગંધપુદ્ગલોને બતાવવા સમર્થ છે ?

[ગૌતમ] હે ભગવન્ ! તેમ શક્ય નથી.

[ભગવાન] હે ગૌતમ ! તે જ રીતે કોઈપણ જીવોના સુખ દુઃખને બહાર કાઢીને કોઈ દેખાડી શકતા નથી.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં જીવોના સુખ દુઃખને બહાર કાઢીને કોઈ દેખાડી ન શકે તત્સંબંધી અન્યમત અને સ્વમતનું નિરૂપણ છે.

**અન્યમતનું કથન :–** રાજગૃહી નગરમાં જેટલા જીવ છે, તેઓના સુખ દુઃખને બહાર કાઢીને કોઈ દેખાડી શકતા નથી.

**સ્વમતનું કથન :–** સંપૂર્ણ લોકના સમસ્ત જીવોના સુખ દુઃખને બહાર કાઢીને કોઈ દેખાડી શકતા નથી.

સૂત્રમાં સુખ દુઃખ દેખાડવાની માત્રા માટે બોરના ઠળિયાથી લઈ લીખ સુધીના સાત પદાર્થોનો નામ નિર્દેશ છે તે માત્ર ઉદાહરણ રૂપે છે. જે સ્વમત અને અન્યમત બંનેના કથનમાં સમાન છે.

**ન દેખાડી શકવાનું કારણ :–** અન્યમતના કથનમાં ન દેખાડી શકવાના કારણનું સ્પષ્ટીકરણ નથી.

પ્રભુએ તેનું સ્પષ્ટીકરણ ગંધ દ્રવ્યના માધ્યમે કર્યું છે. જેમ કોઈ દેવ દ્વારા ગંધ દ્રવ્યના ખુલ્લા ડબ્બાને લઈ જંબૂદ્વીપની ૨૧ વાર પરિક્રમા કરવાથી ગંધ પુદ્ગલ આખા જંબૂદ્વીપમાં ફેલાઈ જાય છે તો પણ કોઈ તે ગંધને દેખાડી શકે નહીં, કારણ કે તે દષ્ટિનો વિષય નથી. તેમજ આત્માના સુખ દુઃખ પણ દષ્ટિના વિષય નથી તેથી તેને પણ કોઈ બહાર કાઢીને દેખાડી શકે નહીં.

દષ્ટાંત આપવાનો આશય એ છે કે જ્યારે રૂપી ગંધપુદ્ગલ પણ કોઈ દેખાડી શકે નહીં તો અરૂપી આત્માના અરૂપી સુખ દુઃખ કાઢીને કોઈ કેમ દેખાડી શકે ? અર્થાત્ ન જ દેખાડી શકે.

**જીવનું સ્વરૂપ :–**

**૨ जीवे णं भंते ! जीवे, जीवे जीवे ? गोयमा ! जीवे ताव णियमा जीवे, जीवे वि णियमा जीवे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શુદ્ધ જીવાત્મા જીવ રૂપ છે કે સંસારના જીવો જીવરૂપ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શુદ્ધ જીવાત્મા તો નિયમતઃ જીવરૂપ છે જ અને સંસારના જીવો પણ નિયમતઃ જીવાત્મ સ્વરૂપ છે.

**૩ जीवे णं भंते ! णेरइए, णेरइए जीवे ? गोयमा ! णेरइए ताव णियमा जीवे, जीवे पुण सिय णेरइए, सिय अणेरइए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ, નૈરયિક છે કે નૈરયિક, જીવ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક તો નિયમતઃ જીવરૂપ છે જ પરંતુ જીવ ક્યારેક નૈરયિક હોય છે અને ક્યારેક અનૈરયિક પણ હોય.

**૪ जीवे णं भंते ! असुरकुमारे, असुरकुमारे जीवे ?**

**गोयमा ! असुरकुमारे ताव णियमा जीवे, जीवे पुण सिय असुरकुमारे, सिय णो असुरकुमारे । एवं दंडओ भाणियव्वो** *जाव* **वेमाणियाणं ।**

**શબ્દાર્થ :– दंडओ** = આલાપક, પૂર્વવત્ સંપૂર્ણ કથન.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ, અસુરકુમારરૂપ છે કે અસુરકુમાર જીવરૂપ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમાર તો નિયમતઃ જીવરૂપ છે જ પરંતુ જીવ ક્યારેક અસુરકુમાર પણ હોય અને ક્યારેક અસુરકુમારથી ભિન્ન પણ હોય. આ જ રીતે વૈમાનિક સુધી સર્વ આલાપક કહેવા જોઈએ.

**૫ जीवइ भंते ! जीवे, जीवे जीवइ ?**

**गोयमा ! जीवइ ताव णियमा जीवे, जीवे पुण सिय जीवइ, सिय णो जीवइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવે છે અર્થાત્ પ્રાણ ધારણ કરે છે તે જીવ કહેવાય છે કે જે જીવ છે તે પ્રાણ ધારણ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવે છે અર્થાત્ પ્રાણ ધારણ કરે છે તે તો નિયમતઃ જીવ છે પરંતુ જે જીવ છે તે દસ દ્રવ્ય પ્રાણમાંથી કદાચિત્ પ્રાણ ધારણ કરે છે અને કદાચિત્ પ્રાણ ધારણ કરતા નથી.

**६ जीवइ भंते ! णेरइए, णेरइए जीवइ ? गोयमा ! णेरइए ताव णियमा जीवइ, जीवइ पुण सिय णेरइए सिय अणेरइए ।**

**एवं दंडओ णेयव्वो** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવે છે તે નૈરયિક છે કે જે નૈરયિક છે તે જીવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક તો નિયમતઃ જીવે છે, પરંતુ જે જીવે છે તે ક્યારેક નૈરયિક પણ હોય અને ક્યારેક અનૈરયિક પણ હોય. આ રીતે વૈમાનિક પર્યંત સર્વ આલાપક કહેવા જોઈએ.

**૭ भवसिद्धिए णं भंते ! णेरइए, णेरइए भवसिद्धिए ?**

**गोयमा ! भवसिद्धिए सिय णेरइए, सिय अणेरइए; णेरइए वि य सिय भव- सिद्धिए, सिय अभवसिद्धिए । एवं दंडओ** *जाव* **वेमाणियाणं ।**

**શબ્દાર્થ :– भवसिद्धिए** = ભવી જીવ, ભવ્ય **अभवसिद्धिए** = અભવી જીવ, અભવ્ય.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે ભવસિદ્ધિક છે તે નૈરયિક હોય કે જે નૈરયિક હોય તે ભવસિદ્ધિક હોય?

**ઉત્તર–** હે ગૌતમ ! જે ભવસિદ્ધિક છે, તે નૈરયિક પણ હોય અને અનૈરયિક પણ હોય અને જે નૈરયિક છે, તે ભવસિદ્ધિક પણ હોય છે અને અભવસિદ્ધિક પણ હોય છે. આ જ રીતે વૈમાનિક પર્યંત સર્વ આલાપક જાણવા જોઈએ.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ભિન્ન–ભિન્ન દષ્ટિકોણથી પ્રશ્નો પૂછીને જીવનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે.

**જીવનું સ્વરૂપ :–** જીવમાં ધર્મી કોણ છે અને તેનો ધર્મ શું છે ? તે જાણવું જરૂરી છે. પ્રભુએ તેનું સમાધાન કર્યું છે કે **जीवे ताव णियमा जीवे, जीवे वि णियमा जीवे** । જીવ જીવ છે અર્થાત્ ચૈતન્ય સ્વરૂપ છે અને ચૈતન્ય સ્વરૂપ છે તે જ જીવ છે. અહીં બે વાર **जीव** શબ્દ પ્રયોગ છે, પ્રથમ 'જીવ' ધર્મી છે અને બીજીવાર પ્રયુક્ત 'જીવ' શબ્દ ધર્મ છે. સૂત્રકારે ધર્મી અને ધર્મમાં અભેદ બતાવવા માટે એક જ

શબ્દનો બે વાર પ્રયોગ કર્યો છે, તેથી નિશ્ચિત થાય છે કે જીવ છે તે ચૈતન્ય સ્વરૂપ છે, અને ચૈતન્ય સ્વરૂપ છે તે જ જીવ છે.

**જીવની પર્યાયોનો જીવ સાથેનો સંબંધ :–** ત્યાર પછીના પ્રશ્નોમાં જીવની નારકાદિ પર્યાયો જીવરૂપ છે કે નહીં, તદ્‌વિષયક પ્રશ્નો છે.

નારકાદિ પર્યાયો જીવરૂપ જ છે કારણ કે પર્યાયો દ્રવ્યથી સર્વથા ભિન્ન નથી. પર્યાય દ્રવ્યનો જ વિકાર છે. પરંતુ જીવ છે તે નારકાદિરૂપે જ હોય તેવું એકાંતે નથી, કારણ કે પર્યાયો સદા પરિવર્તનશીલ છે. જીવ ક્યારેક નારક પર્યાયરૂપે હોય, ક્યારેક દેવ પર્યાયરૂપે હોય; આ રીતે જીવની પર્યાયોનું પરિવર્તન થયા કરે છે.

**જીવ અને પ્રાણનો સંબંધ :–** જે પ્રાણ ધારણ કરે છે તે જીવ છે, પરંતુ જીવ છે તે પ્રાણ ધારણ કરે જ છે, તેવું એકાંતે નથી. અહીં 'પ્રાણ' શબ્દથી દ્રવ્યપ્રાણનું ગ્રહણ કર્યું છે. તેમાં પ્રત્યેક સંસારી જીવ પોતાની યોગ્યતા પ્રમાણે પ્રાણ ધારણ કરે છે, સિદ્ધના જીવ જીવ છે પરંતુ તે દ્રવ્યપ્રાણને ધારણ કરતા નથી. કારણ કે દ્રવ્યપ્રાણ કર્મજન્ય છે. આ રીતે પ્રાણને જીવ સાથે સંબંધ નિયમા છે, જીવનો પ્રાણ સાથેનો સંબંધ વિકલ્પે છે.

**ભવી અભવી સાથે નારકાદિનો સંબંધ :–** ભવ્યત્વ અને અભવ્યત્વ પણ જીવનો અનાદિ સાંત પારિણામિક ભાવ છે. તે જીવની સમગ્ર સંસારાવસ્થા પર્યંત રહે છે, સિદ્ધાવસ્થામાં રહેતો નથી. તેની સંસારાવસ્થામાં તેના ભિન્ન ભિન્ન સ્થાને જન્મ મરણ થયા કરે છે. તેથી જે ભવી છે તે નારક પણ હોય અને નારકથી ભિન્ન અન્યરૂપે પણ હોય શકે છે. તે જ રીતે જે નારક છે, તે ભવી જ હોય તેવું પણ એકાંતે નથી. કેટલાક નારકો અભવી પણ હોય છે. આ રીતે બંનેનો સંબંધ પરસ્પર વિકલ્પે છે.

## જીવના સુખ–દુઃખ વેદન સંબંધી સ્વ–પર સિદ્ધાંત :-

**૮ अण्णउत्थिया णं भंते ! एवं आइक्खंति *जाव* परूवेंति– एवं खलु सव्वे पाणा भूया जीवा सत्ता एगंतदुक्खं वेयणं वेयंति; से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जं णं ते अण्णउत्थिया एवं आइक्खंति *जाव* परूवेंति *जाव* मिच्छं ते एवं आहंसु; अहं पुण गोयमा ! एवं आइक्खामि *जाव* परूवेमि– अत्थेगइया पाणा भूया जीवा सत्ता एगंतदुक्खं वेयणं वेयंति, आहच्च सायं वेयणं वेयंति; अत्थेगइया पाणा भूया जीवा सत्ता एगंतसायं वेयणं वेयंति, आहच्च अस्सायं वेयणं वेयंति; अत्थेगइया पाणा भूया जीवा सत्ता वेमायाए वेयणं वेदेंति आहच्च सायमसायं ।**

**से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! णेरइया एगंतदुक्खं वेयणं वेयंति आहच्च सायं, भवणवइ–वाणमंतर– जोइस–वेमाणिया एगंतसायं वेयणं वेयंति आहच्च असायं; पुढविक्काइया**

*जाव* **मणुस्सा वेमायाए वेयणं वेयंति आहच्च सायमसायं; से तेणट्ठेणं ।**

**શબ્દાર્થ :– आहच्च** = કદાચિત્ **वेमायाए** = વિમાત્રાથી, વિવિધ પ્રકારે **सायं** = શાતારૂપ, સુખરૂપ **असायं** = અશાતારૂપ, દુઃખરૂપ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એકાંત દુઃખરૂપ વેદનાને વેદે છે, હે ભગવન ! તે કેવી રીતે હોઈ શકે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે, તે મિથ્યા છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહુ છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું કે– કેટલાક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ, એકાન્ત દુઃખ રૂપ વેદના વેદે છે અને કદાચિત્ શાતારૂપ વેદના પણ વેદે છે; કેટલાક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ, એકાંત સુખ રૂપ વેદના વેદે છે અને કદાચિત્ અશાતા રૂપ વેદના વેદે છે અને કેટલાક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ વિમાત્રાથી વેદના વેદે છે, કદાચિત્ શાતારૂપ અને કદાચિત્ અશાતારૂપ વેદના વેદે છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક, એકાંત દુઃખરૂપ વેદના વેદે છે અને કદાચિત્ સુખરૂપ વેદના વેદે છે. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો એકાંત શાતારૂપ વેદના વેદે છે પરંતુ કદાચિત્ અશાતારૂપ વેદના પણ વેદે છે તથા પૃથ્વીકાયિક જીવોથી મનુષ્ય પર્યંતના જીવો વિમાત્રાથી વેદના વેદે છે, કદાચિત્ સુખ અને કદાચિત્ દુઃખરૂપ વેદના વેદે છે. તેથી હે ગૌતમ ! ઉપર્યુક્ત કથન કર્યું છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અન્યતીર્થિકોની સર્વ જીવો દ્વારા એકાંત દુઃખ વેદનાની માન્યતાનું ખંડન કરીને અનેકાન્તશૈલીથી સ્વસિદ્ધાંતની પ્રરૂપણા કરી છે.

નૈરયિક એકાંત દુઃખ વેદે છે પરંતુ દેવસંયોગાદિ કારણે કદાચિત્ સુખ પણ વેદે છે, દેવ એકાંત સુખ વેદે છે, પરંતુ પારસ્પરિક સંઘર્ષ, ઈર્ષ્યા, દ્વેષ આદિમાં તથા પ્રિય વસ્તુના વિયોગાદિમાં દુઃખ પણ વેદે છે. પૃથ્વીકાયિક જીવોથી લઈને મનુષ્યો સુધીના જીવો કોઈક સમયે સુખ અને કોઈક સમયે દુઃખ, ક્યારેક સુખઃદુખ મિશ્રિત વેદના વેદે છે.

## એક ક્ષેત્રાવગાઢ પુદ્ગલાહાર :–

**૧ णेरइया णं भंते ! जे पोग्गले अत्तमायाए आहारेंति ते किं आयसरीर–खेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति, अणंतरखेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति, परंपरखेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति ?**

**गोयमा ! आयसरीरखेत्तोगाढे पोग्गले अत्तमायाए आहारेंति, णो**

**अणंतरखेत्तो- गाढे पोग्गले अत्तमायाए आहारेंति णो परंपरखेत्तोगाढे । जहा णेरइया तहा** *जाव* **वेमाणियाणं दंडओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ જે પુદ્ગલોને આત્મા દ્વારા આહારરૂપે ગ્રહણ કરે છે, શું તે આત્મ શરીર ક્ષેત્રાવગાઢ (જે આકાશપ્રદેશોમાં શરીર છે તે પ્રદેશોમાં સ્થિત) પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરે છે ? અથવા અનંતર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરે છે ? કે પરંપર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે આત્મ શરીરક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મા દ્વારા ગ્રહણ કરે છે, પરંતુ અનંતર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને ગ્રહણ કરતા નથી અને પરમ્પર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને પણ ગ્રહણ કરતા નથી. જે રીતે નૈરયિકોને માટે કહ્યું, તે જ રીતે વૈમાનિકો પર્યંત સંપૂર્ણ કથન કરવું.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં સમસ્ત સંસારી જીવો દ્વારા આહારરૂપે ગ્રહણ કરવા યોગ્ય પુદ્ગલોના સંબંધમાં પ્રશ્નોત્તર છે.

**નિષ્કર્ષ :–** નારક આદિ સમસ્ત જીવો પ્રથમ વિકલ્પથી અર્થાત્ સ્વશરીર ક્ષેત્રમાં રહેલા (સ્વશરીર ક્ષેત્રાવ– ગાઢ) પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, પરંતુ બીજા અને ત્રીજા વિકલ્પથી ગ્રહણ કરતા નથી.

**કેવલી ભગવાનનું જ્ઞાન–દર્શન સામર્થ્ય :–**

**१० केवली णं भंते ! आयाणेहिं जाणइ, पासइ ? गोयमा णो ! इणट्ठे समट्ठे ।**

**શબ્દાર્થ :– आयाणेहिं** = ઈન્દ્રિયો દ્વારા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કેવલી ભગવાન ઈન્દ્રિયો દ્વારા જાણે–દેખે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ નથી.

**११ से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! केवली णं पुरत्थिमेणं मियं पि जाणइ, अमियं पि जाणइ** *जाव* **णिव्वुडे दंसणे केवलिस्स, से तेणट्ठेणं ।**

**जीवाणं य सुहं दुक्खं, जीवे जीवइ तहेव भविया य ।**
**एगंतदुक्खं वेयण, अत्तमायाय केवली । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કેવલી ભગવાન પૂર્વદિશામાં પરિમિતને પણ જાણે છે અને અપરિમિતને પણ જાણે છે ***યાવત્*** કેવલીનું જ્ઞાન અને દર્શન નિર્વૃત્ત હોય છે અર્થાત્ પરિપૂર્ણ, કૃત્સ્ન અને નિરાવરણ હોય છે. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે.

**ગાથાર્થ–** જીવોના સુખ–દુઃખ, જીવ, જીવનું પ્રાણધારણ, ભવ્ય, એકાન્ત દુઃખવેદના, આત્મા દ્વારા પુદ્ગલોનું ગ્રહણ અને કેવલી આદિ વિષયો પર દસમા ઉદ્દેશકમાં વિચાર કર્યો છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :-

કેવળી ભગવાનનું જ્ઞાન અતીન્દ્રિય છે, અનંત છે, પરિપૂર્ણ છે. શતક–૫/૪માં પણ આ સૂત્ર આવી ગયું છે. ત્યાં જ તેનું વિવેચન કર્યું છે.

## ॥ શતક ૬/૧૦ સંપૂર્ણ ॥

## શતક–૬ સંપૂર્ણ

# શતક–૭

## પરિચય

આ શતકમાં દશ ઉદ્દેશક છે. તેમાં વિવિધ વિષયો આ પ્રમાણે છે–

**ઉદ્દેશક–૧ :–** જીવની અનાહારક દશાનું કાલમાન, સર્વ અલ્પાહારતા, લોકસંસ્થાન, સામાયિકમાં સ્થિત શ્રાવકને લાગતી ક્રિયા, શ્રાવક વ્રતમાં અતિચાર સંબંધી શંકા સમાધાન, શ્રમણોને અપાતા આહારદાનનું ફળ, કર્મ રહિત જીવની ગતિ, દુઃખીને દુઃખની સ્પૃષ્ટતા આદિ સિદ્ધાંતો, અનુપયુક્ત અણગારને લાગતી ક્રિયા, અંગારાદિ આહાર દોષો વગેરે વિષયોનું નિરૂપણ છે.

**ઉદ્દેશક–૨ :–** સુપ્રત્યાખ્યાન અને દુષ્પ્રત્યાખ્યાનનું સ્વરૂપ, પ્રત્યાખ્યાનના ભેદ પ્રભેદ, ૨૪ દંડકમાં તેનું અસ્તિત્વ, અલ્પબહુત્વ અને જીવની શાશ્વતતા–અશાશ્વતતા વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

**ઉદ્દેશક–૩ :–** વનસ્પતિકાયિક જીવોના સર્વ અલ્પાહાર અને સર્વમહાહારની સ્થિતિ, વનસ્પતિકાયના મૂળ, કંદ આદિ તેમના જીવોથી સ્પૃષ્ટ છે કે નહીં ? બટેટા આદિ અનંતકાયિક વનસ્પતિમાં જીવોનું પૃથકત્વ, લેશ્યાની અપેક્ષાએ જીવોમાં અલ્પમહાકર્મત્વ, વેદના અને નિર્જરા વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

**ઉદ્દેશક–૪ :–** સંસારી જીવોના સંબંધમાં જીવાજીવાભિગમ સૂત્રના અતિદેશપૂર્વક વર્ણન છે.

**ઉદ્દેશક–૫ :–** પક્ષીઓના વિષયમાં યોનિસંગ્રહ, લેશ્યા આદિ ૧૧ દ્વારોનાં સંબંધમાં જીવાજીવાભિગમ સૂત્રના અતિદેશપૂર્વક વર્ણન છે.

**ઉદ્દેશક–૬ :–** જીવોના આયુષ્યબંધ અને આયુષ્ય વેદન, જીવોની મહાવેદના અને અલ્પવેદના, જીવોના અનાભોગ નિર્વર્તિત આયુષ્ય તથા કર્કશ–અકર્કશ વેદનીય, શાતા–અશાતા વેદનીય કર્મબંધના કારણ, ઈત્યાદિનું પ્રતિપાદન કર્યુ છે. અંતે છટ્ઠા આરામાં ભારત, ભારતભૂમિ, ભારતવાસી મનુષ્યો તથા પશુ–પક્ષીઓના આચારભાવ–સ્વરૂપનું પ્રતિપાદન છે.

**ઉદ્દેશક–૭ :–** સંવૃત–અસંવૃત અણગારની ક્રિયા, કામ, ભોગ અને કામભોગનું સ્વરૂપ, છદ્મસ્થ મનુષ્ય અધોવધિજ્ઞાની પરમાવધિજ્ઞાની અને કેવળજ્ઞાનીના સંબંધમાં ક્ષીણભોગી કે ભોગી વિષયક નિરૂપણ અસંજ્ઞી અને સમર્થ જીવો દ્વારા અકામ અને પ્રકામનિકરણ વેદના ઈત્યાદિ વિષયોનું કથન છે.

**ઉદ્દેશક–૮ :–** છદ્મસ્થ અવસ્થામાં કોઈની મુક્તિ થતી નથી પરંતુ પરંપરાથી કેવળી બનીને જ તે મુક્ત થઈ શકે છે; આ ત્રૈકાલિક સિદ્ધાંતનું પ્રતિપાદન, હાથી અને કુંથુવામાં સમાન જીવત્વ, નૈરયિકની ૧૦

વેદનાઓ, હાથી અને કુંથુવામાં સમાન અપ્રત્યાખ્યાન ક્રિયા વગેરે વિષયોનું નિરૂપણ છે.

**ઉદ્દેશક–૯ :–** અસંવૃત અણગારનું વિકુર્વણા સામર્થ્ય તથા મહાશિલાકંટક અને રથમૂસલ સંગ્રામનું સાંગોપાંગ વિવરણ છે.

**ઉદ્દેશક–૧૦ :–** કાલોદાયી આદિ દ્વારા થયેલી પંચાસ્તિકાય વિષયક ચર્ચાનું અને સંબુદ્ધ થઈ પ્રવ્રજ્યા સ્વીકાર કરી કાલોદાયીના સમાધિમરણનું વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૧

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવની અનાહારક દશાનું કાલમાન, જીવની સર્વ અલ્પાહારતા, લોકસંસ્થાન, સાંપરાયિક અને ઐર્યાપથિક ક્રિયા, કર્મરહિત જીવની ગતિ તેમજ સાધુના આહાર સંબંધી દોષ ઈત્યાદિ વિષયોનું વિસ્તૃત વિવેચન છે.

★ જીવ જ્યારે પરલોકમાં જાય, ત્યારે જો એક સમયવાળી ઋજુગતિથી જાય તો તે અનાહારક હોતો નથી, આહારક જ રહે છે. જીવ બે સમયવાળી વક્રગતિથી જાય તો એક સમય અનાહારક રહે છે. ત્રણ સમયવાળી વક્રગતિથી જાય તો બે સમય અનાહારક રહે છે અને ચાર સમયવાળી વક્રગતિથી જાય તો ત્રણ સમય અનાહારક હોય છે. ત્યાર પછી તે આહારક થાય છે. એકેન્દ્રિય જીવ ઉત્કૃષ્ટ ત્રણ સમય અને શેષ દંડકના જીવ ઉત્કૃષ્ટ બે સમય જ અનાહારક હોય છે.

★ પ્રત્યેક જીવ ઉત્પત્તિના સમયે અને મૃત્યુ સમયે સર્વ અલ્પાહારી હોય છે.

★ **લોકસંસ્થાન :–** લોક સુપ્રતિષ્ઠિત શરાવલાના આકારે છે. ત્રણ શરાવલા(કોડિયા)ને ક્રમશઃ નીચે એક ઊંધું, તેના ઉપર એક ચત્તુ અને તેના ઉપર એક ઊંધું ગોઠવતાં જે આકાર થાય તેવો લોકનો આકાર છે.

★ શ્રાવક બે કરણ ત્રણ યોગથી મર્યાદિત સમય માટે પાપનો ત્યાગ કરી, સામાયિકમાં સ્થિત હોય ત્યારે પણ તેને સાંપરાયિકી ક્રિયા લાગે છે કારણ કે તેનો આત્મા સર્વ ત્યાગી ન હોવાથી અધિકરણી કહેવાય છે અને અધિકરણીને સાંપરાયિકી ક્રિયા હોય છે.

★ શ્રાવકના પચ્ચક્ખાણ અનેક આગાર સહિત હોય છે. તેને સંકલ્પી હિંસાના પચ્ચક્ખાણ હોય છે, આરંભી હિંસાના નહીં. પૃથ્વીને ખોદતાં વનસ્પતિકાય કે ત્રસ જીવની હિંસા થઈ જાય તો તે આરંભી હિંસા છે અને તેનાથી તેના વ્રતનો ભંગ થતો નથી.

★ શ્રમણ નિર્ગ્રંથને દાન આપનાર શ્રમણોપાસક સ્વયં તે જ સમાધિને પ્રાપ્ત કરે છે. તે પોતાના જીવનના આધારભૂત આહારાદિ વસ્તુનો ત્યાગ કરે છે, દુષ્કર કાર્ય કરે છે, દુર્લભ એવા બોધિબીજને પ્રાપ્ત કરે છે અર્થાત્ સુલભ બોધી થઈ જાય છે અને પરંપરાએ તે મુક્ત થાય છે.

★ કર્મરહિત જીવની ઊર્ધ્વ ગતિના છ કારણ છે– (૧–૩) નિઃસંગતાથી, નિરાગતાથી અને ગતિ પરિણામથી લેપરહિત તૂંબડીની જેમ. (૪) બંધનછેદથી–એરંડ બીજની જેમ, (૫) નિરિન્ધનથી–ઈન્ધનરહિત ધૂમની જેમ, (૬) પૂર્વપ્રયોગથી–ધનુષથી છૂટેલા બાણની જેમ.

★ સકર્મક જીવને જ દુઃખનો(કર્મનો) સ્પર્શ, ગ્રહણ, ઉદીરણા, ઉદય આદિ હોય છે, અકર્મક જીવને દુઃખના(કર્મના) સ્પર્શાદિ થતા નથી.

★ ઉપયોગ શૂન્યપણે વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણોને લેતા, મૂકતા સાધુને સાંપરાયિક ક્રિયા લાગે છે. કષાયના અસ્તિત્વ રહિત વીતરાગી અણગારને ઐર્યાપથિક ક્રિયા લાગે છે.

★ સંયમ જીવન માટે આહાર ગ્રહણ કરવો આવશ્યક છે. તે આહારની નિર્દોષતાનું લક્ષ્ય એ સંયમનું મહત્ત્વપૂર્ણ અંગ છે. તેથી શાસ્ત્રકારે ગૌચરી સંબંધી અનેક દોષોનું અને નિર્દોષતાનું વર્ણન કર્યું છે.

**અંગાર દોષ :–** નિર્દોષ આહારને આસક્તિપૂર્વક અથવા દાતાની પ્રશંસા કરીને ભોગવવો.

**ધૂમ દોષ :–** નિર્દોષ આહાર અપ્રીતિપૂર્વક અથવા દાતાની નિંદા કરીને ભોગવવો.

**સંયોજના દોષ :–** સ્વાદ વૃદ્ધિ માટે સંયોજ્ય પદાર્થોનું મિશ્રણ કરીને ભોગવવો.

**ક્ષેત્રાતિક્રાંત દોષ :–** આહાર–પાણી લાવવા કે ભોગવવા. જે ક્ષેત્રમાં સૂર્ય વિદ્યમાન હોય તે દિવસ ક્ષેત્ર કહેવાય છે. તે દિવસ ક્ષેત્રમાંથી સૂર્ય પસાર થઈ ગયા પછી કે તે દિવસ ક્ષેત્રમાં સૂર્ય આવ્યા પહેલાં અર્થાત્ સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી(રાત્રિ સમયે) આહાર–પાણી લાવવા–ભોગવવાને ક્ષેત્રાતિક્રાંત દોષ કહે છે.

**કાલાતિક્રાંત દોષ :–** પ્રથમ પ્રહરના આહાર પાણી ચોથા પ્રહરમાં ભોગવવા.

**માર્ગાતિક્રાંત દોષ :–** બે ગાઉ(૭ કિ.મી.)થી દૂરના ક્ષેત્રમાં આહાર પાણી લઈ જઈ ભોગવવા.

**પ્રમાણાતિક્રાંત દોષ :–** ૩૨ કવલથી અધિક આહાર કરવો.

આ રીતે સાધુએ સંયમ યાત્રાના નિર્વાહ માટે ૧૬ ઉદ્ગમના, ૧૬ ઉત્પાદનના, ૧૦ એષણાના, તે ૪૨ દોષ રહિત આહાર ગ્રહણ કરવો અને પાંચ માંડલાના દોષનો ત્યાગ કરીને, વિવેકપૂર્વક સમભાવથી આહાર કરવો જોઈએ.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૧

## આહાર

**દશ ઉદ્દેશકોના નામ :–**

**१** **आहार विरइ थावर, जीवा पक्खी य आउ अणगारे ।**
**छउमत्थ असंवुड, अण्णउत्थि दस सत्तम्मि सए ॥**

**ભાવાર્થ :–** (૧) આહાર (૨) વિરતિ (૩) સ્થાવર (૪) જીવ (૫) પક્ષી (૬) આયુષ્ય (૭) અણગાર (૮) છદ્મસ્થ (૯) અસંવૃત (૧૦) અન્યતીર્થિક. સાતમા શતકમાં આ દશ ઉદ્દેશક છે.

**વિવેચન :–**

પ્રત્યેક ઉદ્દેશકના નામો તેના મુખ્ય વિષય કે આદ્ય વિષયોની અપેક્ષાએ છે.

**(१) आहार :–** પ્રથમ ઉદ્દેશકનો આદ્ય વિષય જીવની અનાહારક દશાની સમયમર્યાદા અને સર્વ અલ્પહારતાનો હોવાથી તેનું નામ **આહાર** છે.

**(२) विरइ :–** બીજા ઉદ્દેશકમાં વિરતિ–પ્રત્યાખ્યાનના ભેદ–પ્રભેદનું વિસ્તૃત વર્ણન હોવાથી તેનું નામ **વિરતિ** છે.

**(३) थावर :–** ત્રીજા ઉદ્દેશકનો આદ્ય વિષય સ્થાવર જીવોમાં વનસ્પતિકાયિક જીવોની સર્વ અલ્પાહારતા અને સર્વ મહાહારતા હોવાથી તેનું નામ **થાવર** છે.

**(४) जीवा :–** ચોથા ઉદ્દેશકમાં સંસારી જીવોના સંબંધમાં કથન હોવાથી તેનું નામ **જીવ** છે.

**(५) पक्खी :–** પાંચમા ઉદ્દેશકમાં પક્ષીઓના યોનિસંગ્રહ આદિનું નિરૂપણ હોવાથી તેનું નામ **પક્ષી** છે.

**(६) आउ :–** છટ્ઠા ઉદ્દેશકનો આદ્ય વિષય આયુષ્ય બંધ અને વેદન હોવાથી તેનું નામ **આયુષ્ય** છે.

**(७) अणगारे :–** સાતમા ઉદ્દેશકનો આદ્યવિષય સંવૃત અને અસંવૃત અણગારને લાગતી ક્રિયા વિષયક હોવાથી તેનું નામ **અણગાર** છે.

**(८) छउमत्थ :–** આઠમા ઉદ્દેશકનો આદ્યવિષય કેવલ સંયમાદિથી છદ્મસ્થ મનુષ્યની મુક્તિનો નિષેધ

હોવાથી તેનું નામ **છદ્મસ્થ** છે.

**(९) असंवुड :–** નવમા ઉદ્દેશકનો આદ્યવિષય અસંવૃત અણગારના વિકુર્વણા સામર્થ્યનો હોવાથી તેનું નામ **અસંવૃત** છે.

**(१०) अण्णउत्थि :–** દશમા ઉદ્દેશકમાં કાલોદાયી આદિ અન્યતીર્થિકનું મંતવ્ય હોવાથી તેનું નામ **અન્યતીર્થિક** છે.

## જીવની અનાહારકતા :–

**२ तेणं कालेणं तेणं समएणं** *जाव* **एवं वयासी– जीवे णं भंते ! कं समयमणाहारए भवइ ?**

**गोयमा ! पढमे समए सिय आहारए सिय अणाहारए; बिइए समए सिय आहारए सिय अणाहारए, तइए समए सिय आहारए सिय अणाहारए, चउत्थे समए णियमा आहारए ।**

**एवं दंडओ । जीवो य एगिंदिया य चउत्थे समए, सेसा तइए समए ।**

**ભાવાર્થ :–** તે કાલે અને તે સમયે ***યાવત્*** ગૌતમ સ્વામીએ (શ્રમણ ભગવાન મહાવીરને) આ પ્રમાણે પ્રશ્ન કર્યો–

**પ્રશ્ન–** હે ભગવન્ ! પરભવમાં જતો જીવ કયા સમયે અનાહારક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરભવમાં જતો જીવ, પ્રથમ સમયે કદાચિત્ આહારક હોય છે અને કદાચિત્ અનાહારક હોય છે, દ્વિતીય સમયે કદાચિત્ આહારક હોય છે અને કદાચિત્ અનાહારક હોય છે, તૃતીય સમયે કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય છે, ચોથા સમયે નિયમતઃ(અવશ્ય) આહારક હોય છે.

આ રીતે નૈરયિક આદિ ૨૪ દંડકોમાં કહેવું જોઈએ. સામાન્ય જીવ અને એકેન્દ્રિય જીવ ચોથા સમયે આહારક હોય છે, તે સિવાય શેષ દંડકના જીવો ત્રીજા સમયે આહારક હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં વિગ્રહગતિ પ્રાપ્ત(વાટે વહેતા) જીવની આહારક–અનાહારક દશાનું વર્ણન છે.

**આહારક–અનાહારક :–** સંસારી જીવ ઓજ, રોમ કે કવલાહાર દ્વારા શરીર અને પર્યાપ્તિ યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે તેને **આહારક** અને તદ્યોગ્ય પુદ્ગલ ગ્રહણ ન કરે તેને **અનાહારક** કહે છે. સંસાર કાલમાં

જીવને અનાહારક દશા અત્યલ્પ હોય છે. તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધ જીવ સદા અનાહારક હોય છે. (૨) કેવળી ભગવાન કેવળી સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમા સમયમાં અણાહારક હોય છે. (૩) અયોગી કેવળી અવસ્થા અર્થાત્ ચૌદમા ગુણસ્થાનમાં જીવ અનાહારક હોય છે (૪) વાટે વહેતા જીવ વિગ્રહગતિના એક, બે અથવા ત્રણ સમય અનાહારક હોય છે. પ્રસ્તુત સૂત્રમાં વાટે વહેતા જીવની અનાહારક અવસ્થાનું કથન છે.

**પ્રથમાદિ સમય :–** અનાદિકાલીન જીવની ઉત્પત્તિ ક્યારે ય થતી નથી. તેથી સૂત્રકથિત પ્રથમાદિ સમયને પર્યાય અપેક્ષાએ સમજવા. પ્રસ્તુત સૂત્રમાં નૂતનભવના આયુષ્યના પ્રથમ, દ્વિતીય, તૃતીયાદિ સમયનું ગ્રહણ કર્યું છે.

**વિગ્રહગતિ :–** જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ કરી બીજા ભવમાં જન્મ ધારણ કરવા માર્ગમાં ગમન કરે છે તેને વિગ્રહગતિ કે અંતરાલ ગતિ કહે છે. જીવની આ ગતિ આકાશપ્રદેશની શ્રેણી અનુસાર જ થાય છે. જીવનું ઉત્પત્તિ સ્થાન જો સમશ્રેણીએ હોય અર્થાત્ સીધી રેખાએ હોય તો જીવ વળાંક લીધા વિના ઋજુગતિએ ગમન કરે છે. જીવનું ઉત્પત્તિ સ્થાન જો વિષમ શ્રેણી પર હોય તો જીવ એક, બે કે ત્રણ વળાંક લઈ વક્રગતિએ ગમન કરે છે.

**એક સમયની ઋજુગતિ :–** કોઈ જીવ ઋજુગતિએ ગમન કરે ત્યારે તે એક જ સમયમાં ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે અને ત્યાં ઉત્પન્ન થાય તે જ સમયે તે આહાર ગ્રહણ કરે છે. આ રીતે ઋજુગતિવાળા જીવ પ્રથમ સમયમાં આહારક જ હોય છે.


**બે સમયની વિગ્રહગતિ :–** જ્યારે જીવ એક–વળાંક લઈ બે સમયે ઉત્પત્તિ સ્થાને પહોંચે છે, ત્યારે પ્રથમ સમયે વળાંક પર્યંત પહોંચે છે અને ત્યારે જીવ અનાહારક હોય છે. બીજા સમયે ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે અને આહાર ગ્રહણ કરે છે. આ રીતે પ્રથમ સમયમાં અનાહારક અને દ્વિતીય સમયે આહારક હોય છે. જીવની આ એક વળાંકવાળી બે સમયની વિગ્રહગતિ, એકવક્રાગતિ કહેવાય છે.

**ત્રણ સમયની વિગ્રહગતિ :–** જ્યારે જીવ બે વળાંક લઈને ત્રણ સમયમાં ઉત્પન્ન થાય છે ત્યારે પ્રારંભના બે સમય સુધી અનાહારક હોય છે અને ત્રીજે સમયે આહારક હોય છે. જીવની આ બે વળાંકવાળી ત્રણ સમયની વિગ્રહગતિ, દ્વિવક્રાગતિ કહેવાય છે.

**ચાર સમયની વિગ્રહગતિ :–** જ્યારે જીવ ત્રણ વળાંક લઈને ચાર સમયમાં ઉત્પન્ન થાય, ત્યારે ત્રણ સમય સુધી અનાહારક અને ચોથે સમયે આહારક હોય છે. જીવની આ ત્રણ વળાંકવાળી ચાર સમયની વિગ્રહગતિ, ત્રિવક્રાગતિ કહેવાય છે. ત્રણ વળાંકનો ક્રમ આ પ્રમાણે છે– ત્રસ નાડીની બહાર વિદિશામાં રહેલો કોઈ જીવ, જ્યારે અધોલોકથી ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની બહારની દિશામાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે જીવ અવશ્ય પ્રથમ સમયે વિશ્રેણીમાંથી સમશ્રેણીમાં આવે છે, બીજા સમયે ત્રસનાડીમાં પ્રવેશ કરે છે. ત્રીજા સમયે ઊર્ધ્વલોકમાં જાય છે અને ચોથા સમયે ત્રસનાડીની બહાર નીકળીને, ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે. જો ત્રસનાડીથી બહાર નીકળીને, બહારની વિદિશામાં ઉત્પન્ન થાય તો ચાર વળાંક પણ

થાય છે, ત્યારે પાંચમાં સમયે તે ઉત્પત્તિ સ્થાનમાં પહોંચે છે પરંતુ આ પ્રકારની પાંચ સમયની વિગ્રહગતિનો ઉલ્લેખ આગમમાં ઉપલબ્ધ નથી, આગમ સિવાયના ગ્રંથોમાં મળે છે.

**વાટે વહેતા જીવની આહારકતા–અનાહારકતા :–**




**આહારક–અનાહારક :–**

| વિગ્રહગતિ | સમય | પ્રથમ સમય | બીજો સમય | ત્રીજો સમય | ચોથો સમય |
|---|---|---|---|---|---|
| ઋજુગતિ | એક | આહારક | – | – | – |
| એકવક્રાગતિ | બે | અનાહારક | આહારક | – | – |
| દ્વિવક્રાગતિ | ત્રણ | અનાહારક | અનાહારક | આહારક | – |
| ત્રિવક્રાગતિ | ચાર | અનાહારક | અનાહારક | અનાહારક | આહારક |

**જીવની સર્વ અલ્પાહારતા :–**

**૩ जीवे णं भंते ! कं समयं सव्वप्पाहारए भवइ ?**

**गोयमा ! पढमसमयोववण्णए वा चरमसमयभवत्थे वा, एत्थं णं जीवे सव्वप्पाहारए भवइ । दंडओ भाणियव्वो** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ કયા સમયે સર્વથી અલ્પાહારક હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉત્પત્તિના પ્રથમ સમયે અથવા જીવનના અંતિમ સમયે જીવ સર્વથી અલ્પાહારક હોય છે. આ જ રીતે વૈમાનિક પર્યંત ૨૪ દંડકોમાં કહેવું.

## વિવેચન :–

ઉપરોક્ત સૂત્રમાં જીવની સર્વ અલ્પહારકતાનું કથન છે. ઉત્પત્તિના પ્રથમ સમયે જીવની તે ભવની અપેક્ષાએ સર્વ જઘન્ય અવગાહના હોય છે. તેથી તે સમયે જીવ સર્વ અલ્પાહારી હોય છે તથા અંતિમ સમયે પ્રદેશો સંકુચિત થઈ જવાથી અને શરીરના અલ્પ અવયવોમાં જીવ સ્થિત થઈ જવાથી તે સર્વ અલ્પાહારી હોય છે.

## લોક સંસ્થાન :–

**૪** **किं संठिए णं भंते ! लोए पण्णत्ते ?**

**गोयमा ! सुपइट्ठगसंठिए लोए पण्णत्ते, हेट्ठा विच्छिण्णे** *जाव* **उप्पिं उड्ढमुइंगा-गारसंठिए । तंसिं च णं सासयंसि लोगंसि हेट्ठा विच्छण्णंसि** *जाव* **उप्पिं उड्ढमुइंगा-गारसंठियंसि उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली जीवे वि जाणइ पासइ, अजीवे वि जाणइ पासइ, तओ पच्छा सिज्झइ** *जाव* **सव्व दुक्खाणं अंतं करेइ ।**

**શબ્દાર્થ :– सुपइट्ठगसंठिए** = સુપ્રતિષ્ઠિત શકોરાના આકારે **उड्ढमुइंगारसंठिए** = ઊર્ધ્વમૃદંગના આકારે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લોકનું સંસ્થાન(આકાર) કેવો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! લોકનું સંસ્થાન સુપ્રતિષ્ઠિત શરાવલા(શકોરા)ના આકારે છે. તે નીચેથી વિસ્તીર્ણ–પહોળો, વચ્ચેથી સંકીર્ણ–સાંકડો અને ઉપર ઊર્ધ્વમૃદંગના આકારે છે. નીચેથી વિસ્તૃત, વચ્ચેથી સંકીર્ણ અને ઉપર ઊર્ધ્વમૃદંગાકારના આ શાશ્વત લોકમાં ઉત્પન્ન કેવલજ્ઞાનદર્શનના ધારક, અર્હન્ત, જિન, કેવળી ભગવાન જીવોને પણ જાણે–દેખે છે અને અજીવોને પણ જાણે–દેખે છે. તત્પશ્ચાત્ તે કેવળી ભગવાન પોતાના આયુષ્ય કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે, સર્વ દુઃખોનો અંત કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં લોકના આકારને ઉપમા દ્વારા સમજાવ્યો છે.

નીચે એક ઊંધુ શકોરું(શરાવલુ–કોડીયુ) રાખીએ, તેના પર એક સીધુ શકોરું અને તેના પર એક ઊંધુ શકોરું રાખીએ ત્યારે જે આકૃતિ થાય તેની સમાન લોકનું સંસ્થાન છે. લોકનો વિસ્તાર નીચે સાત રજ્જુ પરિમાણ છે, ઉપર ક્રમશઃ ઘટતાં ઘટતાં સાત રજ્જુની ઊંચાઈ પર એક રજ્જુ પહોળો છે. તત્પશ્ચાત્ ક્રમશઃ વધતાં વધતાં સાડા દસ રજ્જુની ઊંચાઈ પર પાંચ રજ્જુ અને પુનઃ ઘટતાં ઘટતાં શિરોભાગમાં એક રજ્જુનો વિસ્તાર છે. નીચેથી ઉપર સુધીની ઊંચાઈ ૧૪ રજ્જુ છે. લોકના સ્વરૂપને યથાર્થ રૂપે સમજાવવા માટે તેના ત્રણ વિભાગ કર્યા છે– અધોલોક, તિર્યગ્લોક અને ઊર્ધ્વલોક. અધોલોકનો આકાર ઊંધા શકોરા જેવો, તિર્યગ્લોકનો આકાર ઝાલર અથવા પૂર્ણ ચંદ્રમા જેવો અને ઊર્ધ્વલોકનો આકાર ઊર્ધ્વમૃદંગ જેવો

છે. કેવળી ભગવાન સંપૂર્ણ લોકને અને તેમાં રહેલા સંપૂર્ણ દ્રવ્યોને જાણે–દેખે છે.

## ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા :–

**૫** **समणोवासयस्स णं भंते ! सामाइयकडस्स समणोवस्सए अच्छमाणस्स तस्स णं भंते ! किं इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ?**

**गोयमा ! णो इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ।**

**से केणट्ठेणं भंते !** *जाव* **संपराइया किरिया कज्जइ ?**

**गोयमा ! समणोवासयस्स णं सामाइयकडस्स समणोवस्सए अच्छमाणस्स आया अहिगरणी भवइ, आया अहिगरणवत्तियं च णं तस्स णो इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ; से तेणट्ठेणं गोयमा !** *जाव* **संपराइया किरिया कज्जइ ।**

**શબ્દાર્થ :– सामाइयकडस्स** = સામાયિક કરનાર **अच्छमाणस्स** = બેઠેલા **संपराइया किरिया कज्जइ** = કષાયયુક્ત આત્માને લાગનારી સાંપરાયિક ક્રિયા **अहिगरणी** = અધિકરણી, પાપ પ્રવૃત્તિયુક્ત, આરંભ અને કષાય કરનાર, સાવદ્ય યોગયુક્ત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શ્રમણોના ઉપાશ્રયમાં બેસીને, સામાયિક કરતા શ્રમણોપાસકને શું ઐર્યાપથિક ક્રિયા લાગે કે સાંપરાયિક ક્રિયા લાગે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેને સાંપરાયિક ક્રિયા લાગે છે, ઐર્યાપથિક ક્રિયા લાગતી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેને સાંપરાયિકી ક્રિયા લાગે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શ્રમણોના ઉપાશ્રયમાં બેઠેલા, સામાયિક કરતા શ્રમણોપાસકનો આત્મા અધિકરણી છે અર્થાત્ તેને સાવદ્યયોગનો સર્વથા ત્યાગ ન હોવાથી આંશિક સાવદ્યયોગ ખુલ્લા હોવાથી તે કર્મબંધના સાધન–અધિકરણથી યુક્ત છે. અધિકરણયુક્ત તે આત્માને ઐર્યાપથિકી ક્રિયા લાગતી નથી, પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગે છે; તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે કે શ્રાવકને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ઉપાશ્રયમાં બેસી સામાયિકની આરાધના કરનાર શ્રમણોપાસકને લાગતી સાંપરાયિકી ક્રિયાનું કારણ દર્શાવ્યું છે.

**ક્રિયા :–** સંસારી જીવની કષાય અને યોગના કારણે થતી પ્રત્યેક પ્રવૃત્તિ ક્રિયા કહેવાય છે. સૂત્રકારે તે

ક્રિયાઓને ૨૫ પ્રકારમાં વિભક્ત કરી છે. ઠાણાંગ સૂત્રના પાંચમાં સ્થાનમાં ૨૫ ક્રિયા કહી છે અને બીજા– સ્થાનમાં તેમાંથી ૨૪ ક્રિયાઓને સાંપરાયિકી ક્રિયા કહી છે અને ૨૫મી ઐર્યાપથિકી ક્રિયા કહી છે.

**સાંપરાયિકી ક્રિયા :–** સંપરાય એટલે સંસાર અથવા કષાય. કષાયયુક્ત સંસારી જીવોની જે પ્રવૃત્તિઓ તે સાંપરાયિકી ક્રિયા કહેવાય છે. સાંપરાયિકી નામની કોઈ એક સ્વતંત્ર ક્રિયા નથી. કષાયયુક્ત જીવની ચોવીસે ચોવીસ ક્રિયાઓ સાંપરાયિકી ક્રિયાના નામે ઓળખાય છે. તેમાંથી સકષાયી જીવને પ્રત્યેક સમયે અનેક ક્રિયાઓ લાગે છે.

**ઐર્યાપથિકી ક્રિયા :–** ઈર્યાપથ એટલે માર્ગ પર ગમનાગમન. કષાયમુક્ત વીતરાગી મહાત્માઓની ગમનાગમન વગેરે યોગજન્ય ક્રિયાઓથી ઐર્યાપથિકી ક્રિયા લાગે છે. તેઓને કષાયનો અભાવ હોવાથી સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

**શ્રમણોપાસકની સાંપરાયિકી ક્રિયા :–** સામાયિક યુક્ત શ્રમણોપાસકને સાવદ્યયોગનો ત્યાગ હોવા છતાં તેનો તે ત્યાગ સર્વદા સર્વથા નવકોટિએ હોતો નથી. સામાયિક કરવા છતાં તેનો પરિગ્રહ સંબંધી માલિકી ભાવ પૂર્ણતયા છૂટતો નથી, તેથી તેનો આત્મા અધિકરણી કહેવાય છે. અધિકરણી હોવાના કારણે તેને ધાર્મિક અનુષ્ઠાનના સમયે કે અન્ય સર્વ સમયે એક કે અનેક સાંપરાયિકી ક્રિયાઓ લાગ્યા જ કરે છે.

**अहिगरणी :–** અધિકરણ એટલે પાપ, સાવદ્યયોગ, તેનાથી યુક્ત તે આત્મા અધિકરણી કહેવાય છે. શ્રમણોપાસકનો આત્મા સર્વથા સાવદ્યયોગનો ત્યાગી ન હોવાથી અધિકરણી કહેવાય છે.

## શ્રાવકના વ્રતની વિશાળતા :–

**६ समणोवासयस्स णं भंते ! पुव्वामेव तसपाणसमारंभे पच्चक्खाए भवइ, पुढविसमारंभे अपच्चक्खाए भवइ । से य पुढविं खणमाणे अण्णयरं तसं पाणं विहिंसेज्जा, से णं भंते ! तं वयं अइचरइ ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे; णो खलु से तस्स अइवायाए आउट्टइ ।**

**શબ્દાર્થ :– खणमाणे** = ખોદતાં **अण्णयरं** = બીજા **वयं अइचरइ** = વ્રતને અતિચારયુક્ત કરે છે, વ્રતભંગ કરે છે, વ્રતનું ઉલ્લંઘન કરે છે **अइवायाए** = અતિપાત–હિંસાને માટે **णो आउट्टइ** = પ્રવૃત્તિ કરે નહીં, સંકલ્પ કરતો નથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે શ્રમણોપાસકે પહેલાં ત્રસ જીવોના સમારંભના પ્રત્યાખ્યાન કર્યા હોય, પરંતુ પૃથ્વીકાયના સમારંભ(વધ)ના પ્રત્યાખ્યાન ન કર્યા હોય, તે શ્રમણોપાસકથી પૃથ્વી ખોદતાં અન્ય કોઈ ત્રસ જીવની હિંસા થઈ જાય, તો હે ભગવન્ ! શું તેના વ્રતનું(ત્રસજીવ વધ પ્રત્યાખ્યાનનું) ઉલ્લંઘન થાય છે અર્થાત્ તેના વ્રતનો ભંગ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના વ્રતનું ઉલ્લંઘન થતું નથી, કારણ કે તે શ્રમણોપાસકની તે પ્રવૃત્તિમાં ત્રસ

જીવની હિંસાનો સંકલ્પ હોતો નથી.

**૭ समणोवासयस्स णं भंते ! पुव्वामेव वणस्सइसमारंभे पच्चक्खाए, से य पुढविं खणमाणे अण्णयरस्स रुक्खस्स मूलं छिंदेज्जा; से णं भंते ! तं वयं अइचरइ ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे; णो खलु से तस्स अइवायाए आउट्टइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે શ્રમણોપાસકે પહેલાં વનસ્પતિના સંબંધી સમારંભના પ્રત્યાખ્યાન કર્યા હોય અને પૃથ્વીને ખોદતાં(તેના હાથે) કોઈ વૃક્ષનું મૂલ કપાય જાય, તો હે ભગવન્ ! શું તેના વ્રતનો ભંગ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના વ્રતનો ભંગ થતોનથી કારણ કે તે શ્રમણોપાસકની પ્રવૃત્તિમાં વનસ્પતિની હિંસાનો સંકલ્પ હોતો નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકના સ્થૂલ પ્રાણાતિપાત વેરમણ વ્રતની મર્યાદા અને તેના આગાર(છૂટ)નું નિર્દેશન છે. શ્રાવક સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાન કરતા નથી. તેના વ્રત સ્થૂલરૂપે પાપ ત્યાગના હોય છે. તેમાં અનેક પ્રકારના આગાર હોય છે. પ્રસ્તુતમાં અહિંસા વ્રતના આગારનું પ્રતિપાદન છે.

**શ્રાવક વ્રતના આગાર :–** ત્રસજીવ વધના અથવા વનસ્પતિકાયિક જીવવધના પ્રત્યાખ્યાન કર્યા હોય, તેવા શ્રમણોપાસકથી પૃથ્વી ખોદતાં ત્રસજીવની હિંસા થઈ જાય અથવા કોઈ વૃક્ષનું મૂળ ઉખડી જાય, તો તેના સ્વીકૃત વ્રત પ્રત્યાખ્યાનમાં દોષ લાગતો નથી. સામાન્યતઃ દેશવિરતિ શ્રાવકને સંકલ્પપૂર્વકની હિંસાનો ત્યાગ હોય છે અને આરંભી હિંસાનો આગાર હોય છે.

**સંકલ્પી હિંસા :–** સંકલ્પ પૂર્વક કે બુદ્ધિપૂર્વક જે હિંસા થાય તે સંકલ્પી હિંસા છે. જેમ કે– આ સર્પને મારી નાંખુ, તેવી બુદ્ધિપૂર્વક સર્પની હિંસા કરવી.

**આરંભી હિંસા :–** જીવને મારી નાંખવાના સંકલ્પ વિના જ કોઈ પણ પ્રવૃત્તિ કરતાં જીવ હિંસા થાય તે આરંભી હિંસા છે. જેમ કે– પૃથ્વી ખોદતા કોઈ સર્પ, દેડકા, કીડી, મકોડા આદિ જીવોની હિંસા થઈ જાય.

જે જીવોની હિંસાના શ્રાવકે પ્રત્યાખ્યાન કર્યા હોય, તે જીવોની જાણી જોઈને હિંસા ન કરે, ત્યાં સુધી તેનો વ્રત ભંગ થતો નથી પરંતુ તેને આરંભિકી ક્રિયા લાગે છે. આ કારણે પૃથ્વી ખોદતાં ત્રસ જીવની કે વનસ્પતિની હિંસા સંકલ્પપૂર્વક થતી ન હોવાથી તેનો વ્રતભંગ થતો નથી.

## નિર્દોષ આહાર–દાનનો લાભ :–

**૮ समणोवासए णं भंते ! तहारूवं समणं वा माहणं वा फासु–एसणिज्जेणं**

**असण–पाण–खाइम–साइमेणं पडिलाभेमाणे किं लब्भइ ?**

**गोयमा ! समणोवासए णं तहारूवं समणं वा** *जाव* **पडिलाभेमाणे तहारूवस्स समणस्स वा माहणस्स वा समाहिं उप्पाएइ, समाहिकारए णं तामेव समाहिं पडिलब्भइ।**

**શબ્દાર્થ :– तहारूवं** = તથારૂપ, ઉત્તમ, શ્રેષ્ઠ આચારવાન **माहणं** = અહિંસક **फासु** = પ્રાસુક, અચિત્ત **एषणीयं** = ગવેષણામાં શુદ્ધ, દોષરહિત **पडिलाभेमाणे** = વહોરાવતા, વિધિપૂર્વક સુપાત્ર દાન દેતા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તથારૂપના અહિંસક શ્રમણને પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ આહાર દ્વારા પ્રતિલાભિત કરતા શ્રમણોપાસકને શું લાભ થાય ?

**ઉત્તર–** હે ગૌતમ ! તથારૂપના અહિંસક શ્રમણને આહાર–પાણી આદિ, વહોરાવતા શ્રમણોપાસક તથારૂપના શ્રમણ અથવા માહણને સમાધિ ઉત્પન્ન કરે છે, સમાધિ ઉત્પન્ન કરનાર હોવાથી તે શ્રમણોપાસક સ્વયં તે જ સમાધિને પ્રાપ્ત કરે છે અર્થાત્ તેની અનુમોદનાના લાભને પ્રાપ્ત કરે છે.

**૯ समणोवासए णं भंते ! तहारूवं समणं वा** *जाव* **पडिलाभेमाणे किं चयइ ?**

**गोयमा ! जीवियं चयइ, दुच्चयं चयइ, दुक्करं करेइ, दुल्लहं लहइ, बोहिं बुज्झइ, तओ पच्छा सिज्झइ** *जाव* **अंतं करेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તથારૂપના અહિંસક શ્રમણને ચારે પ્રકારનો આહાર વિધિપૂર્વક વહોરાવતા શ્રમણોપાસક શું ત્યાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે શ્રમણોપાસક જીવિતને અર્થાત્ જીવનનિર્વાહના કારણભૂત અન્નપાનાદિ દ્રવ્યનો ત્યાગ કરે છે, દુસ્ત્યજ વસ્તુનો ત્યાગ કરે છે, દુષ્કર કાર્ય કરે છે, દુર્લભ એવા સુપાત્ર દાનના લાભને પ્રાપ્ત કરે છે, ધર્મ બોધને પામે છે અથવા સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ કરે છે, તત્પશ્ચાત્ ક્રમશઃ તે સિદ્ધ થાય છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રોમાં શ્રમણોને અપાતા આહારદાનના અચિંત્ય મહાત્મ્યને પ્રગટ કર્યું છે.

**આહારદાનનો લાભ :–** આહારદાનના લાભનો આધાર દાતા, ગ્રહણ કર્તા, દાન યોગ્ય દ્રવ્ય અને તે દાનની વિધિ પર છે.

સુપાત્રદાનના પાત્ર તથારૂપના શ્રમણ હોય છે. જેઓ સાધુના ગુણથી સંપન્ન અને ભગવાનની આજ્ઞાનુસાર પાંચ મહાવ્રતનું પાલન કરનાર હોય છે. આવા સુપાત્રનો સંયોગ પ્રાપ્ત થતાં દાતા પ્રસન્ન ભાવે, ગૌચરીના નિયમાનુસાર નિર્દોષ આહાર પાણી વિધિપૂર્વક વહોરાવે; ત્યારે દાતા, દેય પદાર્થ, દાનવિધિ,

તેમજ ગ્રહણકર્તા તે સર્વે શુદ્ધ હોવાથી દાતા પરંપરાએ અંતિમ લક્ષ્યને પામે છે. તેથી સૂત્રોમાં સુપાત્ર દાનનો મહિમા વર્ણવ્યો છે. અહીં દાનનું મહત્ત્વ બે પ્રકારે સ્પષ્ટ કર્યું છે– (૧) સુપાત્ર દાનથી શ્રમણોપાસક શ્રમણોની સમાધિમાં નિમિત્ત બને છે, તેની અનુમોદનાથી તે સ્વયં તેવા પ્રકારના સમાધિભાવને પ્રાપ્ત કરે છે. (૨) શ્રમણોપાસક અન્ન આદિનું દાન કરતાં જીવનનો ત્યાગ કરે છે. અન્ન આદિથી જીવનનિર્વાહ થાય છે તેથી અહીં અન્નાદિને જ જીવન કહ્યું છે. તેના ત્યાગથી તે પરંપરાએ મોક્ષગામી બને છે.

**बोहिं बुज्झइ :–** દાનના અનુપમ લાભના સમયે દાનના વિશુદ્ધ પરિણામોથી શ્રમણોપાસક ધર્મની વિશિષ્ટ વિશિષ્ટતમ બોધિ એટલે શુદ્ધ શુદ્ધતમ સમજણ પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ છે કે સુપાત્ર દાનથી તેના ધર્મભાવોમાં વિશેષ શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે.

## કર્મ રહિત જીવની ઊર્ધ્વ ગતિ :–

**१० अत्थि णं भंते ! अकम्मस्स गई पण्णायइ ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** શું કર્મ રહિત જીવની ગતિ કહી છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કર્મ રહિત જીવની ગતિ કહી છે.

**११ कहं णं भंते ! अकम्मस्स गई पण्णायइ ?**

**गोयमा ! णिस्संगयाए, णिरंगणयाए, गइपरिणामेणं, बंधणछेयणयाए, णिरिंधण– याए, पुव्वप्पओगेणं अकम्मस्स गई पण्णायइ ।**

**શબ્દાર્થ :– णिरंगणयाए** = નીરાગતાથી, નિરંજનતાથી **णिरिंधणयाए** = કર્મરૂપ ઈન્ધનથી રહિત થવાથી.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કર્મ રહિત જીવની ગતિ કેવી રીતે કહી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) નિઃસંગતાથી (૨) નીરાગતાથી (૩) ગતિ પરિણામથી (૪) બંધનનો વિચ્છેદ થવાથી (૫) કર્મરૂપી ઈન્ધનથી રહિત થવાથી (૬) પૂર્વપ્રયોગથી, કર્મ રહિત જીવની ગતિ કહી છે.

**१२ कहं णं भंते ! णिस्संगयाए, णिरंगणयाए, गइपरिणामेणं अकम्मस्स गई पण्णा– यइ ?**

**गोयमा ! से जहाणामए केई पुरिसे सुक्कं तुंबं णिच्छिड्डं णिरुवहयं आणुपुव्वीए परिकम्मेमाणे परिकम्मेमाणे दब्भेहि य कुसेहि य वेढेइ, वेढेत्ता अट्ठहिं मट्टियालेवेहिं लिंपइ, लिंपित्ता उण्हे दलयइ, भूइं भूइं सुक्कं समाणं अत्थाहमतारमपोरिसियंसि उदगंसि पक्खिवेज्जा; से णूणं गोयमा ! से तुंबे तेसिं अट्ठण्हं मट्टियालेवाणं गुरुय– त्ताए, भारियत्ताए, गुरुसंभारियत्ताए**

**सलिलतलमइवइत्ता अहे धरणितलपइट्ठाणे भवइ ? हंता, भवइ ।**

**अहे णं से तुंबे तेसिं अट्ठण्हं मट्टियालेवाणं परिक्खएणं धरणितलमइवइत्ता उप्पिं सलिलतलपइट्ठाणे भवइ ? हंता भवइ । एवं खलु गोयमा ! णिस्संगयाए, णिरंगणयाए, गइपरिणामेणं अकम्मस्स गई पण्णायइ ।**

**શબ્દાર્થ :– पण्णायइ** = કહી છે, દેખાય છે, સ્વીકૃત છે **णिच्छिड्डं** = છિદ્ર રહિત **णिरुवहयं** = નિરુપહત, તૂટેલું ન હોય તેવું **परिकम्मेमाणे** = સંસ્કાર કરીને **वेढेइ** = બાંધે છે **उण्हे दलयइ** = તડકામાં રાખીને સૂકવે **भूइं भूइं** = વારંવાર **अत्थाहमतारमपोरिसियंसि उदगंसि** = અથાહ, તરી ન શકાય તેવા માથોડાથી–પુરુષ પ્રમાણથી પણ અધિક પાણીમાં **पक्खिवेज्जा** = પ્રક્ષેપ કરે **सलिलतलमइवइत्ता** = પાણીની ઉપરની સપાટીને છોડીને **अहे घरणितले पइट्ठाणे** = નીચે પૃથ્વીતલ પર બેસે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નિઃસંગતાથી, નિરાગતાથી અને ગતિપરિણામથી કર્મ રહિત જીવની ગતિ કેવી રીતે થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ છિદ્ર રહિત, તિરાડ રહિત એક સૂકા તૂંબડા પર ક્રમશઃ પરિકર્મ(સંસ્કાર) કરતાં કરતાં તેના પર ડાભ અને કુશને લપેટે; તે લપેટીને તેના પર આઠ વાર માટીના લેપ લગાવે પછી તેને તડકામાં સૂકવે; વારંવાર સૂકવે; ત્યાર પછી અત્યંત સૂકાયેલા તે તૂંબડાંને અથાહ, અતરણીય, માથોડા ભર પાણીમાં નાંખે; તો હે ગૌતમ ! માટીના આઠ લેપથી વિશાળ થયેલું, ભારે થયેલું, વિશાળ અને ભારે થયેલું તે તૂંબડું શું પાણીની ઉપરની સપાટીને છોડીને અર્થાત્ ઉપર તરવાના બદલે નીચે તળિયે જઈને સ્થિત થાય છે ?

[ગૌતમ સ્વામી] હા, ભગવન્ ! તે તૂંબડું નીચે તળિયે સ્થિત થાય છે.

[ભગવાને પુનઃ પૂછ્યું] હે ગૌતમ ! પાણીના કારણે જ્યારે તે તૂંબડાના માટીના આઠે લેપ ઓગળી જાય ત્યારે તે તૂંબડું તળિયેથી પાણીની ઉપરની સપાટી પર આવી જાય છે ?

[ગૌતમસ્વામી] હા, ભગવન્ ! તે પાણીની ઉપરની સપાટી પર આવી જાય છે. હે ગૌતમ ! આ જ રીતે નિઃસંગતાથી(કર્મ સંગ દૂર થવાથી) નિરાગતાથી(આસક્તિ દૂર થવાથી) અને ગતિ પરિણામથી (સ્વાભાવિક ગતિ સ્વભાવથી) કર્મરહિત જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**१३ कहं णं भंते ! बंधणछेयणयाए अकम्मस्स गई पण्णायइ ?**

**गोयमा ! से जहाणामए कलसिंबलिया इ वा, मुग्गसिंबलिया इ वा, माससिंबलिया इ वा, सिंबलिसिंबलिया इ वा, एरंडमिंजिया इ वा उण्हे दिण्णा सुक्का समाणी फुडित्ता णं एगंतमंतं गच्छइ; एवं खलु गोयमा ! बंधण छेयणयाए अकम्मस्स गई पण्णायइ ।**

**શબ્દાર્થ :– कलसिंबलिया** = વટાણાની શિંગ **फुडित्ता** = ફૂટીને.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બંધનનો છેદ થઈ જવાથી કર્મ રહિત જીવની ગતિ કેવી રીતે થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ કોઈ વટાણાની શિંગ, મગની શિંગ, અડદની શિંગ, સિંબલીની શિંગ અને એરંડના ફળને તાપમાં રાખીને સૂકવીએ, તે સૂકાઈ જાય ત્યારે ફાટે છે અને તેનું બીજ ઉછળીને દૂર જઈને પડે છે. હે ગૌતમ ! આ જ રીતે કર્મરૂપ બંધનનો છેદ થઈ જવાથી કર્મ રહિત જીવની ગતિ થાય છે.

**१४ कहं णं भंते ! णिरिंधणयाए अकम्मस्स गई पण्णायइ ?**

**गोयमा ! से जहाणामए धूमस्स इंधणविप्पमुक्कस्स उड्ढं वीससाए णिव्वाघाए णं गई पवत्तइ; एवं खलु गोयमा ! णिरिंधणयाए अकम्मस्स गई पण्णायइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈન્ધનથી રહિત થવાથી કર્મ રહિત જીવની ગતિ કેવી રીતે થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે ઈન્ધનથી મુક્ત થતાં ધૂમની ગતિ, કોઈ પણ પ્રકારના વ્યાઘાત વિના સ્વાભાવિક રીતે ઉપરની તરફ થાય છે, હે ગૌતમ ! તે જ રીતે કર્મરૂપ ઈંધનથી રહિત થતાં તેમજ શરીરથી મુક્ત થતાં કર્મરહિત જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**१५ कहं णं भंते ! पुव्वप्पओगेणं अकम्मस्स गई पण्णायइ ?**

**गोयमा ! से जहाणामए कंडस्स कोदंडविप्पमुक्कस्स लक्खाभिमुही णिव्वा–घाएणं गई पवत्तइ; एवं खलु गोयमा ! पुव्वप्पओगेणं अकम्मस्स गई पण्णायइ । एवं खलु गोयमा ! णिस्संगयाए णिरंगणयाए** *जाव* **पुव्वप्पओगेणं अकम्मस्स गई पण्णायइ ।**

**શબ્દાર્થ :– कंडस्स** = બાણની **कोदंडविप्पमुक्कस्स** = ધનુષથી છૂટેલા **लक्खाभिमुही** = લક્ષ્ય તરફ, નિશાનની તરફ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૂર્વપ્રયોગથી કર્મ રહિત જીવની ગતિ કેવી રીતે થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ ધનુષથી છૂટેલા બાણની ગતિ કોઈ પણ પ્રકારના વ્યાઘાત વિના લક્ષ્યાભિ–મુખી થાય છે; હે ગૌતમ ! તે જ રીતે પૂર્વપ્રયોગથી કર્મ રહિત જીવની ગતિ થાય છે. તેથી હે ગૌતમ ! આ પ્રમાણે કહ્યું છે કે નિઃસંગતાથી, નીરાગતાથી ***યાવત્*** પૂર્વપ્રયોગથી કર્મ રહિત જીવની (ઊર્ધ્વ) ગતિ થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં કર્મ રહિત જીવની ગતિની પ્રરૂપણા કરી છે. કર્મરહિત જીવ સ્વભાવથી જ ઊર્ધ્વ

ગતિ કરે છે. મધ્યલોકથી સિદ્ધક્ષેત્ર પર્યંત આ ગતિ થાય છે. સૂત્રકારે છ કારણ અને ચાર દષ્ટાંત દ્વારા આ ગતિને સ્પષ્ટ કરી છે. યથા–

**(૧) નિ:સંગતા :–** નિર્લેપતા. ઘાસ, કુશ રૂપ કર્મથી રહિત જીવ તૂંબડાની જેમ ઊર્ધ્વગતિ કરે છે.

**(ર) નીરાગતા :–** લેપ્ય પદાર્થ માટીરૂપ મોહ–આસક્તિથી રહિત જીવ તૂંબડાની જેમ ઊર્ધ્વગતિ કરે છે.

**(૩) ગતિ પરિણામ :–** જલની સપાટી પર તરવાના સ્વભાવવાળું તૂંબડું સ્વભાવથી જ ઊર્ધ્વગતિ કરી જલની ઉપરની સપાટી પર આવી જાય છે તે જ રીતે ઊર્ધ્વગમનના સ્વભાવથી જ જીવ કર્મરહિત થતાં લોકાગ્રે પહોંચી જાય છે. આ ત્રણ કારણો માટે તૂંબડાનું દષ્ટાંત છે.

**(૪) બંધ છેદ :–** વટાણા આદિની શિંગ અથવા એરંડના બીજની જેમ કર્મનો વિચ્છેદ થતાં જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**(૫) નિરિન્ધતા :–** ઈંધન રહિત ધૂમની ઊર્ધ્વગતિની જેમ કર્મ કે શરીર રહિત જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**(૬) પૂર્વ પ્રયોગ :–** અનાદિકાલથી કર્મ અને શરીરના સંયોગથી જીવોના ગમન સ્વભાવના કારણે કર્મ અને શરીરથી મુક્ત થવા છતાં પૂર્વપ્રયોગથી જીવ ધનુષ્યમાંથી છૂટેલા બાણની જેમ લક્ષ્ય સ્થાને પહોંચી જાય છે, પૂર્વ પ્રયોગ માટે કુંભારના પ્રયોગથી ફરતો ચાકડો વગેરે અનેક દષ્ટાંત છે. સંક્ષેપમાં કર્મ રહિત જીવને લોકાગ્રે પહોંચવામાં સકર્માવસ્થામાં અનેક વાર કરેલી ગતિ જ કારણરૂપ બને છે.

આ રીતે કર્મોથી મુક્ત થયેલો જીવ એક જ સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે.

### દુ:ખીને દુ:ખનો સ્પર્શ :–

**૧૬ दुक्खी णं भंते ! दुक्खेणं फुडे, अदुक्खी दुक्खेणं फुडे ?**
**गोयमा ! दुक्खी दुक्खेणं फुडे, णो अदुक्खी दुक्खेणं फुडे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું દુ:ખી જીવ દુ:ખથી સ્પૃષ્ટ થાય છે કે અદુ:ખી જીવ દુ:ખથી સ્પૃષ્ટ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દુ:ખી જીવ જ દુ:ખથી સ્પૃષ્ટ થાય છે પરંતુ અદુ:ખી જીવ દુ:ખથી સ્પૃષ્ટ થતો નથી.

**૧૭ दुक्खी णं भंते ! णेरइए दुक्खेणं फुडे, अदुक्खी णेरइए दुक्खेणं फुडे ?**
**गोयमा ! दुक्खी णेरइए दुक्खेणं फुडे, णो अदुक्खी णेरइए दुक्खेणं फुडे। एवं दंडओ** *जाव* **वेमाणियाणं ।**

**एवं पंच दंडगा णेयव्वा– दुक्खी दुक्खेणं फुडे, दुक्खी दुक्खं परियायइ, दुक्खी दुक्खं उदीरेइ, दुक्खी दुक्खं वेएइ, दुक्खी दुक्खं णिज्जरेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું દુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ થાય છે કે અદુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દુઃખી નૈરયિક જ દુઃખથી સ્પૃષ્ટ થાય છે, અદુઃખી નૈરયિક દુઃખથી સ્પૃષ્ટ થતા નથી. આ જ રીતે વૈમાનિક પર્યંત ચોવીસ દંડકમાં કહેવું જોઈએ.

આ રીતે પાંચ (આલાપક) કહેવા જોઈએ યથા– (૧) દુઃખી દુઃખથી સ્પૃષ્ટ થાય છે. (૨) દુઃખી દુઃખનું પરિગ્રહણ કરે છે. (૩) દુઃખી દુઃખની ઉદીરણા કરે છે. (૪) દુઃખી દુઃખનું વેદન કરે છે. (૫) દુઃખી દુઃખની નિર્જરા કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રમાં દુઃખસ્પર્શના સિદ્ધાંતની મીમાંસા છે.

અહીં દુઃખના કારણભૂત કર્મને દુઃખ અને કર્મયુક્ત જીવને દુઃખી કહ્યા છે. કર્મબંધનું કારણ રાગદ્વેષાદિ છે, તે જ રીતે કર્મવેદન, ઉદીરણા આદિનું કારણ પણ કર્મ અથવા કર્મજન્ય ભાવો જ છે. (૧) સકર્મક–કર્મવાન જીવ દુઃખી અને કર્મમુક્ત સિદ્ધ ભગવાન અદુઃખી છે. જે દુઃખી–કર્મયુક્ત છે, તે દુઃખ એટલે કર્મથી સ્પૃષ્ટ–બદ્ધ થાય છે. (૨) તે સકર્મક જીવ દુઃખ–કર્મને ગ્રહણ (નિધત્ત) કરે છે (૩) દુઃખ–કર્મની ઉદીરણા કરે છે (૪) ઉદીર્ણ–ઉદય પ્રાપ્તનું વેદન કરે છે (૫) તે સ્વયં સ્વદુઃખની–કર્મની નિર્જરા કરે છે. અકર્મક (અદુઃખી) સિદ્ધ જીવમાં આ દુઃખ–કર્મનો સ્પર્શ આદિ નથી.

ઉપરોક્ત કથનથી જૈનદર્શનનો મુખ્ય સિદ્ધાંત સૂચિત થાય છે કે સિદ્ધ થયેલા આત્મા કદાપિ દુઃખ–કર્મથી સ્પૃષ્ટ થતા નથી અને તેઓ આ લોકમાં પુનઃ અવતાર ધારણ કરતા નથી.

## ઉપયોગ રહિત અણગારને સાંપરાયિકી ક્રિયા :–

**१८ अणगारस्स णं भंते ! अणाउत्तं गच्छमाणस्स वा, चिट्ठमाणस्स वा, णिसीय- माणस्स वा, तुयट्टमाणस्स वा, अणाउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गेण्हमाणस्स वा णिक्खिवमाणस्स वा; तस्स णं भंते ! किं इरियावहिया किरिया कज्जइ ? संपराइया किरिया कज्जइ ?**

**गोयमा ! णो इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો કોઈ શ્રમણ, અનુપયોગપણે ગમન કરે, ઊભા રહે, બેસે, સૂવે અને

ઉપયોગ વિના વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદપ્રોંછન આદિ ઉપકરણો લે અને મૂકે તો હે ભગવન્ ! શું તે અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રશ્નોક્ત પ્રવૃત્તિઓ ઉપયોગ વિના અર્થાત્ વિવેક વિના કરનાર અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગતી નથી, સાંપરાયિકી ક્રિયા લાગે છે.

**१९** **से केणट्ठेणं भंते ! एवं ?**

**गोयमा ! जस्स णं कोह–माण–माया–लोभा वोच्छिण्णा भवंति तस्स णं इरियावहिया किरिया कज्जइ, णो संपराइया किरिया कज्जइ । जस्सं णं कोहमाण–माया–लोभा अवोच्छिण्णा भवंति तस्स णं संपराइया किरिया कज्जइ, णो इरियावहिया किरिया कज्जइ । अहासुत्तं रीयमाणस्स इरियावहिया किरिया कज्जइ, उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जइ, से णं उस्सुत्तमेव रीयइ; से तेणट्ठेणं ।**

**શબ્દાર્થ :– अणाउत्तं** = ઉપયોગ રહિત **वोच्छिण्णा** = નષ્ટ થઈ ગયા હોય **अहासुत्तं** = સૂત્રાનુસાર **रीयमाणस्स** = પ્રવૃત્તિ કરનાર **उस्सुत्तं रीयमाणस्स** = સૂત્ર વિપરીત પ્રવૃત્તિ કરનાર.

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે જીવના ક્રોધ, માન, માયા, લોભ, નાશ પામ્યા હોય અર્થાત્ જે વીતરાગી હોય તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, સાંપરાયિકી ક્રિયા લાગતી નથી. જે જીવના ક્રોધ, માન, માયા અને લોભ; તે ચારે વ્યૂચ્છિન્ન થયા નથી તેને સાંપરાયિકી ક્રિયા જ લાગે છે, ઐર્યાપથિકી ક્રિયા લાગતી નથી. તેમજ સંપૂર્ણતયા આગમ અનુસાર આચરણ કરનાર અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે અને સૂત્રથી વિપરીત આચરણ કરનાર અણગારને સાંપરાયિકી ક્રિયા લાગે છે. ઉપયોગ રહિત ગમનાદિ પ્રવૃત્તિ કરનાર તે અણગાર તો સ્પષ્ટતઃ સૂત્રથી વિપરીત આચરણ કરે છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે તે અણગારને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સર્વ સાવદ્યયોગના ત્યાગી, નવકોટિએ સંયમ આરાધનામાં તત્પર શ્રમણને વિવેક રહિત–ઉપયોગ શૂન્ય ભાવે પ્રવૃત્તિ કરવાના કારણે સાંપરાયિકી ક્રિયા લાગવાનું સૂક્ષ્મતમ નિરૂપણ કર્યું છે.

**શ્રમણની સાંપરાયિકી ક્રિયા :–** સર્વ સાવદ્યયોગના ત્યાગી અણગાર જો અનુપયોગથી–અવિવેકથી ગમનાદિ ક્રિયા કરે તો તેનું ચારિત્ર **अहासुत्तं** ન હોય તેથી તેને સાંપરાયિકી ક્રિયા લાગે છે અને તે અણગારના સંજ્વલન ક્રોધ આદિ કષાય પણ વિદ્યમાન હોય છે, તે કારણે તેને કાયિકી આદિ સાંપરાયિકી ક્રિયા લાગે છે.

તે સિવાય ઉપયોગપૂર્વક ગમનાદિ પ્રવૃત્તિ કરનાર અણગારને હિંસાજન્ય આરંભિકી ક્રિયા લાગતી

નથી. પરંતુ સંજ્વલન કષાય વિદ્યમાન હોવાથી તેને પણ સૂક્ષ્મ રીતે કાયિકી આદિ સાંપરાયિકી ક્રિયાઓ લાગે છે. આ રીતે ઉપયોગપૂર્વક કે અનુપયોગથી ગમનાદિ ક્રિયા કરનાર દશમા ગુણસ્થાન સુધીના અણગારોને યથાખ્યાત ચારિત્ર ન હોવાથી સાંપરાયિકી ક્રિયા લાગે છે.

**वोच्छिण्णा :–** આ શબ્દ 'અનુદિત' અને 'ક્ષીણ' આ બંને અર્થમાં પ્રયુક્ત છે. ૧૧, ૧૨, ૧૩મા ગુણસ્થાને ઐર્યાપથિકી ક્રિયા હોય છે. તેમાં ૧૨મા અને ૧૩મા ગુણસ્થાને કષાયનો સર્વથા ક્ષય હોય છે અને ૧૧મા ગુણસ્થાને કષાયનો ઉપશમ એટલે અનુદય હોય છે.

**अहासुत्तं :–** સૂત્રાનુસાર. અહીં ઐર્યાપથિકી ક્રિયાની દષ્ટિએ વિચાર કરતાં **अहासुत्तं** નો અર્થ 'યથાખ્યાત ચારિત્ર થાય છે કારણ કે ૧૧મા, ૧૨મા, ૧૩મા ગુણસ્થાનવર્તી યથાખ્યાત ચારિત્રીને જ ઐર્યાપથિકી ક્રિયા લાગે છે. ખરેખર યથાખ્યાત ચારિત્રી અણગાર જ **अहासुत्तं** પ્રવૃત્તિ કરનાર કહેવાય છે.

૧૦મા ગુણસ્થાન પર્યંતના અણગાર સકષાયી હોવાથી **अहासुत्तं** (યથાખ્યાત ચારિત્રાનુસાર) પ્રવૃત્તિ કરતા નથી. તેને કષાયસહિતનું ક્ષાયોપશમિક ચારિત્ર હોય છે, તેમજ તેને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

**उस्सुत्तमेव रीयइ :–** અહીં 'ઉત્સૂત્ર'નો અર્થ, "સૂત્ર વિરુદ્ધ આચરણ કરનાર", તેમ ન કરતાં "યથાખ્યાત ચારિત્રને અનુરૂપ આચરણ ન કરનાર" તે પ્રમાણે કરવો જોઈએ.

આ રીતે અનુપયોગથી અર્થાત્ અવિવેકથી ગમન આદિ કરનાર અણગારને કષાયના સદ્ભાવમાં સાંપરાયિકી ક્રિયા લાગે છે અને કષાયના અભાવમાં ઐર્યાપથિકી ક્રિયા લાગે છે.

### ગૌચરીના દોષો :–

**૨૦ अह भंते ! सइंगालस्स, सधूमस्स, संजोयणादोसदुट्ठस्स पाणभोयणस्स के अट्ठे पण्णत्ते ?**

**गोयमा ! जे णं णिग्गंथे वा णिग्गंथी वा फासुएसणिज्जं असण–पाण–खाइम–साइमं पडिग्गाहेत्ता मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे आहारं आहारेइ; एस णं गोयमा ! सइंगाले पाणभोयणे ।**

**जे णं णिग्गंथे वा णिग्गंथी वा फासु–एसणिज्जं असणपाणखाइमसाइमं पडिग्गाहित्ता महया अप्पत्तियं कोहकिलामं करेमाणे आहारं आहारेइ; एस णं गोयमा! सधूमे पाणभोयणे ।**

**जे णं णिग्गंथे वा णिग्गंथी वा** *जाव* **पडिग्गाहेत्ता गुणुप्पायणहेउं अण्णदव्वेणं सद्धिं संजोएत्ता आहारं आहारेइ; एस णं गोयमा ! संजोयणादोसदुट्ठे पाणभोयणे ।**

**एस णं गोयमा ! सइंगालस्स सधूमस्स संजोयणादोसदुट्ठस्स पाणभोयणस्स अट्ठे पण्णत्ते ।**

**શબ્દાર્થ :– सइंगालस्स** = અંગારદોષ યુક્ત આહાર, સંયમના ગુણો કોલસાની સમાન બનીને ભસ્મીભૂત થઈ જાય તેવી મનોવૃત્તિ **सधूमस्स** = ધૂમદોષ યુક્ત આહાર, સંયમગુણોનો ધૂમાડો થઈ જાય તેવી મનોવૃત્તિ **संजोयणादोसदुट्ठस्स** = સંયોજના દોષથી દૂષિત **गढिए** = ગૃદ્ધ **अज्झोववण्णे** = અધ્યુપપન્ન, મોહમાં એકાગ્રચિત્ત, આહારના આસ્વાદમાં તલ્લીન **महया अप्पत्तियं** = અત્યંત અપ્રીતિપૂર્વક **कोहकिलामं करेमाणे** = ક્રોધથી આત્માને ખિન્ન કરતાં **गुणुप्पायणहेउं** = સ્વાદ ઉત્પન્ન કરવા માટે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અંગારદોષ, ધૂમદોષ, સંયોજના દોષથી દૂષિત આહાર–પાણીનો શું અર્થ કહ્યો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ આહારને ગ્રહણ કરીને, તેમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થઈ તે આહારનું સેવન કરે તો હે ગૌતમ ! તે આહાર–પાણી અંગારદોષથી દૂષિત કહેવાય છે.

જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ આહાર ગ્રહણ કરી અત્યંત અપ્રીતિપૂર્વક, ક્રોધથી ખિન્ન થઈને તે આહારનું સેવન કરે તો હે ગૌતમ ! તે આહાર–પાણી ધૂમ દોષથી દૂષિત કહેવાય છે.

જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી પ્રાસુક અને એષણીય આહાર ગ્રહણ કરી, તેને સ્વાદિષ્ટ બનાવવા બીજા પદાર્થોની સાથે તેનો સંયોગ કરી તે આહારનું સેવન કરે તો હે ગૌતમ ! તે આહાર પાણી સંયોજના દોષથી દૂષિત કહેવાય છે. હે ગૌતમ ! અંગારદોષ, ધૂમદોષ અને સંયોજનાદોષથી દૂષિત પાન–ભોજનનો આ અર્થ છે.

**૨૧ अह भंते ! वीतिंगालस्स, वीयधूमस्स, संजोयणादोसविप्पमुक्कस्स पाण–भोयणस्स के अट्ठे पण्णत्ते ?**

**गोयमा ! जे णं णिग्गंथे वा णिग्गंथी वा** *जाव* **पडिग्गाहेत्ता अमुच्छिए** *जाव* **आहारेइ; एस णं गोयमा ! वीतिंगाले पाणभोयणे ।**

**जे णं णिग्गंथे वा णिग्गंथी वा** *जाव* **पडिग्गाहेत्ता णो महयाअप्पत्तियं** *जाव* **आहारेइ; एस णं गोयमा ! वीयधूमे पाणभोयणे ।**

**जे णं णिग्गंथे वा णिग्गंथी वा** *जाव* **पडिग्गाहेत्ता जहा लद्धं तहा आहारं आहारेइ; एस णं गोयमा ! संजोयणादोसविप्पमुक्के पाणभोयणे । एस णं गोयमा ! वीतिंगालस्स, वीयधूमस्स संजोयणादोसविप्पमुक्कस्स पाणभोयणस्स अट्ठे पण्णत्ते।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અંગાર, ધૂમ અને સંયોજના, આ ત્રણે દોષોથી રહિત આહાર–પાણીનો શું અર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ચતુર્વિધ આહારને ગ્રહણ કરી તેને અનાસક્ત ભાવે સેવન કરે તો હે ગૌતમ ! તે અંગારદોષ રહિત આહાર પાણી કહેવાય.

જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી અશનાદિને ગ્રહણ કરી તેના પ્રત્યે અત્યંત અપ્રીતિ તેમજ ક્રોધથી ખિન્ન ન થતાં તે આહારનું સેવન કરે તો હે ગૌતમ ! તે ધૂમદોષ રહિત આહાર પાણી કહેવાય છે.

જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી અશનાદિને ગ્રહણ કરી તે આહાર જેવો(જે રૂપે) પ્રાપ્ત થયો તેને તે જ રૂપમાં સેવન કરે, પરંતુ તેને સ્વાદિષ્ટ બનાવવા તેમાં બીજા પદાર્થોનો સંયોગ ન કરે તો હે ગૌતમ ! તે સંયોજનાદોષ રહિત આહાર પાણી કહેવાય. હે ગૌતમ ! અંગારદોષ રહિત, ધૂમદોષ રહિત અને સંયોજના દોષ રહિત આહાર પાણીનો આ અર્થ પરમાર્થ છે.

**૨૨ अह भंते खेत्ताइक्कंतस्स, कालाइक्कंतस्स, मग्गाइक्कंतस्स, पमाणाइक्कंतस्स पाणभोयणस्स के अट्ठे पण्णत्ते ?**

**गोयमा ! जे णं णिग्गंथे वा णिग्गंथी वा फासु एसणिज्जं असण पाण खाइम साइमं अणुग्गए सूरिए पडिग्गाहेत्ता उग्गए सूरिए आहारं आहारेइ; एस णं गोयमा! खेत्ताइक्कंते पाणभोयणे ।**

**जे णं णिग्गंथे वा णिग्गंथी वा** *जाव* **साइमं वा पढमाए पोरिसीए पडिग्गाहेत्ता पच्छिमं पोरिसिं उवायणावेत्ता आहारं आहारेइ; एस णं गोयमा ! कालाइक्कंते पाणभोयणे ।**

**जे णं णिग्गंथे वा णिग्गंथी वा** *जाव* **साइमं वा पडिग्गाहित्ता परं अद्धजोयणमेराए वीइक्कमावेत्ता आहारमाहारेइ; एस णं गोयमा ! मग्गाइक्कंते पाणभोयणे ।**

**जे णं णिग्गंथे वा णिग्गंथी वा फासु–एसणिज्जं** *जाव* **साइमं वा पडिग्गाहित्ता परं बत्तीसाए** [*कुक्कुडिअंडगपमाणमेत्ताणं*] **कवलाणं आहारं आहारेइ; एस णं गोयमा ! पमाणाइक्कंते पाणभोयणे । अट्ठ** [*कुक्कुडिअंडगपमाणमेत्ते*] **कवले आहारं आहारेमाणे अप्पाहारे, दुवालस** [*कुक्कुडिअंडगपमाणमेत्ते*] **कवले आहारं आहारेमाणे अवड्ढोमोयरिए, सोलस** [*कुक्कुडिअंडगपमाणे*] **कवले आहारं आहारमाणे दुभागपत्ते, चउवीसं** [*कुक्कुडिअंडगपमाणमेत्ते*] **कवले आहारं आहारेमाणे पत्तोमोयरिए, बत्तीसं** [*कुक्कुडिअंडगपमाणमेत्ते*] **कवले आहारं आहारेमाणे पमाणपत्ते, एतो एक्केण वि**

**घासेणं ऊणगं आहारं आहारेमाणे समणे णिग्गंथे णो पकामरसभोईत्ति वत्तव्वं सिया । एस णं गोयमा ! खेत्ताइक्कंतस्स, कालाइक्कंतस्स, मग्गाइक्कंतस्स, पमाणाइक्कंतस्स पाणभोयणस्स अट्ठे पण्णत्ते ।**

**શબ્દાર્થ :– अवड्ढोमोयरिए** = સાધિક અર્ધ ઊણોદરી **दुभागप्पत्ते** = અર્ધ ઊણોદરી, દ્વિભાગ પ્રાપ્ત **पत्तो– मोयरिए** = ચતુર્થાંશ ઊણોદરી **घासेणं** = ગ્રાસ, કવલ **ऊणगं** = ન્યૂન **पकामरसभोई** = પ્રકામરસભોજી, અતિભોજી ભરપેટ ખાનાર **उवायणावेत्ता** = રાખીને.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ક્ષેત્રાતિક્રાંત, કાલાતિક્રાંત, માર્ગાતિક્રાંત અને પ્રમાણાતિક્રાંત આહાર પાણીનો શું અર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ચતુર્વિધ આહારને સૂર્યોદય પૂર્વે ગ્રહણ કરીને સૂર્યોદય પછી તેનું સેવન કરે તો હે ગૌતમ ! તે **ક્ષેત્રાતિક્રાંત** આહાર પાણી કહેવાય છે.

જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી અશનાદિ ચતુર્વિધ આહારને પ્રથમ પ્રહરમાં ગ્રહણ કરીને, અંતિમ પ્રહર(પૌરસી) સુધી રાખીને સેવન કરે તો હે ગૌતમ ! તે **કાલાતિક્રાંત** આહાર પાણી કહેવાય છે.

જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી અશનાદિ ચતુર્વિધ આહારને ગ્રહણ કરીને, અર્ધોયોજન–બે ગાઉ = ૭ કિ. મી. ની મર્યાદાનું ઉલ્લંઘન કરીને તે આહારનું સેવન કરે તો હે ગૌતમ ! તે **માર્ગાતિક્રાંત** આહાર પાણી કહેવાય છે.

જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી પ્રાસુક અને એષણીય આહારને ગ્રહણ કરીને, ૩૨ કવલની માત્રાથી અધિક આહારનું સેવન કરે તો હે ગૌતમ ! તે **પ્રમાણાતિક્રાંત** આહાર પાણી કહેવાય છે.

આઠ કવલનો આહાર કરનાર સાધુ **અલ્પાહારી** છે, ૧૨ કવલનો આહાર કરનાર સાધુ **સાધિક અર્ધ ઊણોદરીવાળો** છે. ૧૬ કવલનો આહાર કરનાર સાધુ દ્વિભાગ પ્રાપ્ત **અર્ધાહારી** કહેવાય. ૨૪ કવલનો આહાર કરનાર સાધુ **ચતુર્થાંશ ઊણોદરીવાળો** છે. ૩૨ કવલ પ્રમાણ આહાર કરનાર સાધુ પ્રમાણોપેત આહાર કરનાર કહેવાય છે. બત્રીસ કવલથી એક કવલ પણ ન્યૂન આહાર કરનાર શ્રમણ નિર્ગ્રંથ ભરપેટ ખાનાર કહેવાતો નથી. હે ગૌતમ ! ક્ષેત્રાતિક્રાંત, કાલાતિક્રાંત, માર્ગાતિક્રાંત અને પ્રમાણાતિક્રાંત આહાર પાણીનો આ અર્થ છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ભિક્ષાચારીના દોષોનું વિસ્તૃત વર્ણન છે.

પ્રથમ બે સૂત્રોમાં અંગાર, ધૂમ અને સંયોજના દોષયુક્ત આહારનું સ્પષ્ટીકરણ કર્યું છે અને ત્રીજા

સૂત્રમાં ક્ષેત્રાતિક્રાંત આદિ દોષોનો બોધ કરાવ્યો છે.

**અંગારાદિ દોષોનું સ્વરૂપ :–** સાધુ દ્વારા ગવેષણા અને ગ્રહણૈષણાથી લાવેલા નિર્દોષ આહારને સેવન કરવાના સમયે આ દોષો લાગે છે, તેને ગ્રાસૈષણા(માંડલા)ના પાંચ દોષ કહેવાય છે, તે આ પ્રમાણે છે–

**(૧) અંગાર દોષ :–** સરસ–સ્વાદિષ્ટ આહારમાં આસક્ત અને મુગ્ધ થઈને આહારની અથવા દાતાની પ્રશંસા કરીને, આહાર કરવો તે અંગાર દોષ છે. યથા– અગ્નિમાં પ્રજ્વલિત થવાથી ખદિર આદિ ઈંધન અંગાર–કોલસો થઈ જાય છે, તે રીતે રાગરૂપી અગ્નિથી ચારિત્રરૂપી ઈંધન બળીને કોલસા સમાન થઈ જાય છે. રાગથી ચારિત્રનો નાશ થઈ જાય છે. તેથી તેને અંગારદોષ કહે છે.

**(૨) ધૂમ દોષ :–** નીરસ અથવા અમનોજ્ઞ આહાર કરતાં ક્રોધથી ખિન્ન થઈને દાતાની કે વસ્તુની નિંદા કરવી તે ધૂમદોષ છે. દ્વેષભાવથી કે વિષમ પરિણામોથી અભિભૂત થતાં સંયમ સાધક આત્માના જ્ઞાનદર્શન અને ચારિત્ર સધૂમકાષ્ઠની જેમ કલુષિત થઈ જાય છે. તેથી તેને ધૂમદોષ કહે છે.

**(૩) સંયોજના દોષ :–** આહારને સ્વાદિષ્ટ અને રોચક બનાવવા માટે રસલોલુપતાવશ બે દ્રવ્યનો સંયોગ કરવો. જેમ કે સ્વાદવૃદ્ધિ માટે મીઠુ વગેરે ઉપરથી નાંખવું તે સંયોજના દોષ છે. સ્વાદવૃત્તિ વિના સ્વાભાવિક રીતે શાક રોટલી વગેરે બે દ્રવ્યનો સંયોગ કરીને આહાર કરવાની સહજ માનવ પદ્ધતિથી આહાર કરવો અથવા સ્વાસ્થ્ય નિમિત્તે બે પદાર્થનો સંયોગ કરવો, તે સંયોજના દોષ નથી.

**(૪) અપ્રમાણ દોષ :–** શાસ્ત્રોક્ત પ્રમાણથી અર્થાત્ ૩૨ કવલથી અધિક આહાર કરવો તેને અપ્રમાણદોષ કહે છે. કવલના માપ માટે પ્રતોમાં **कुक्कुडी अंडग** શબ્દ પ્રયોગ ઉપલબ્ધ છે. ખરેખર પ્રત્યેક વ્યક્તિનું આહારનું પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે; તેનું પરિમાણ કોઈ પણ પદાર્થથી નિશ્ચિત કરવું યોગ્ય ન ગણાય. તેમ છતાં ઉપલબ્ધ આ શબ્દના વ્યાખ્યાકારોએ વૈકલ્પિક અનેક અર્થ કરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. યથા–

**(१) निजकस्याहारस्य सदा यो द्वात्रिंशत्तमो भाग तत् कुक्कुटी प्रमाणे** = પોતાના પ્રતિદિન ગ્રહણ કરાતાં આહારના બત્રીસમા ભાગને એક કવલ કહે છે. **(२) कुत्सिता कुटी कुक्कुटी शरीरमित्यर्थः। तस्याः शरीररूपायाः कुक्कुटया अंडकमिव अंडकं–मुखं** = અશુચિમય આ શરીર જ કુકુટી છે. તે શરીરરૂપ કુકુટીના અવયવરૂપ મુખને કુકુટી અંડક કહે છે. **(३) यावत्प्रमाणमात्रेण कवलेन मुखे प्रक्षिप्य– माणेन मुखं न विकृतं भवति तत्स्थलं कुक्कुटी अंडक प्रमाणम्** = જેટલો આહારપિંડ મુખમાં મૂકતાં મુખ વિકૃત ન થાય તેટલા આહારપિંડને એક કવલ કહે છે. તેને કુકકુટી અંડક પ્રમાણ આહાર કહેવામાં આવે છે. **(४) अयमन्यः विकल्प : कुक्कुटं अंडकोपमे कवले** = કુકડીના ઈંડા જેવડો એક કવલ હોય; આ પણ એક અર્થવિકલ્પ છે.

**નિષ્કર્ષ :–** સ્વસ્થ અને સભ્ય વ્યક્તિનો પ્રમાણોપેત આહાર ૩૨ કવલ પ્રમાણ હોય છે. તેનાથી અધિક આહાર કરવો અપ્રમાણ દોષ છે અને તેનાથી ન્યૂન આહાર કરવો તે ઊણોદરી તપ છે.

**(૫) અકારણ દોષ :–** સાધુને માટે છ કારણથી આહાર કરવાનું અને છ કારણથી આહાર છોડવાનું વિધાન છે યથા–

**वेयण वेयावच्चे, इरियट्ठाए य संजमट्ठाए ।**
**तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिंताए ॥** [ઉત્તરાધ્યયન–૨૬/૩૩]

**અર્થ–** (૧) ક્ષુધાવેદનીયને શાંત કરવા (૨) વૈયાવચ્ચ કરવા (૩) ઈર્યાસમિતિનું શોધન કરવા (૪) સંયમ નિર્વાહાર્થે (૫) પ્રાણને–શરીરને ટકાવવા (૬) ધર્મ ચિંતન કરવા, આ છ કારણોમાંથી કોઈ પણ કારણે સાધુ આહાર કરી શકે છે. આહાર ત્યાગના પણ છ કારણ છે, યથા–

**आयंके उवसग्गे, तितिक्खया बंभचेरगुत्तीसु ।**
**पाणीदया तवहेउं, सरीर वोच्छेयणट्ठाए ॥** [ઉત્તરાધ્યયન–૨૬/૩૫]

**અર્થ–** (૧) રોગ ઉત્પન્ન થાય (૨) દેવાદિનો ઉપસર્ગ આવે (૩) બ્રહ્મચર્યની રક્ષા માટે (૪) જીવદયા માટે (૫) તપ કરવા માટે (૬) અંતિમ સમયે શરીરનો ત્યાગ કરવો. આ છ કારણે સાધુ આહારનો ત્યાગ કરે છે.

ઉક્ત કારણો વિના કેવલ બલવીર્યની વૃદ્ધિ માટે આહાર કરવો, તેને **અકારણ દોષ** કહે છે.

**ક્ષેત્રાતિક્રાંત દોષ :–** અહીં ક્ષેત્રનો અર્થ સૂર્ય સંબંધી તાપ ક્ષેત્ર અર્થાત્ દિવસ છે. તેનું અતિક્રમણ કરવું તે ક્ષેત્રાતિક્રાંત છે. સૂર્યોદય પહેલાં લાવેલો આહાર સૂર્યોદય પછી વાપરવો અને સૂર્યાસ્ત પહેલાં લાવેલો આહાર સૂર્યાસ્ત પછી વાપરવો, તે ક્ષેત્રાતિક્રાંત દોષ છે.

**કાલાતિક્રાંત દોષ :–** પ્રથમ પ્રહરમાં લાવેલા આહારનું ચોથા પ્રહરમાં સેવન કરવું, તે કાલાતિક્રાંત દોષ છે.

**માર્ગાતિક્રાંત દોષ :–** ગ્રહણ કરેલા આહાર પાણી બે ગાઉ = ૭ કિ. મી. થી આગળ લઈ જવા, તે માર્ગાતિક્રાંત દોષ છે.

**પ્રમાણાતિક્રાંત દોષ :–** ૩૨ કવલથી અધિક આહાર કરવો, ભૂખથી વધારે આહાર કરવો, ઠાંસી ઠાંસીને આહાર કરવો, તે પ્રમાણાતિક્રાંત દોષ છે.

## સાધુની સમગ્ર આહાર વિધિ :–

**૨૩ अह भंते ! सत्थातीयस्स सत्थपरिणामियस्स एसियस्स वेसियस्स सामुदाणियस्स पाणभोयणस्स के अट्ठे पण्णत्ते ?**

**गोयमा ! जे णं णिग्गंथे वा णिग्गंथी वा णिक्खित्त–सत्थमुसले, ववगयमाला– वण्णगविलेवणे; ववगयचुयचइयचत्तदेहं, जीवविप्पजढं; अकयं, अकारियं, असंकप्पियं, अणाहूयं, अकीयकडं अणुद्दिट्ठं, णवकोडीपरिसुद्धं, दसदोसविप्पमुक्कं, उग्गमुप्पाय– णेसणा सुपरिसुद्धं; वितिंगालं वीतधूमं,**

**संजोयणादोसविप्पमुक्कं, असुरसुरं, अचव– चवं, अदुयं, अविलंबियं अपरिसाडिं, अक्खोवंजणवणाणुलेवणभूयं, संजमजाया– मायावत्तियं, संजमभारवहणट्ठयाए बिलमिव पण्णगभूएणं अप्पाणेणं आहारमाहारेइ; एस णं गोयमा ! सत्थातीयस्स, सत्थपरिणामियस्स** *जाव* **पाणभोयणस्स अयमट्ठे पण्णत्ते । ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**શબ્દાર્થ :– सत्थातीयस्स** = શસ્ત્રાતીત, અગ્નિ આદિ શસ્ત્ર પ્રયોગિત **सत्थ परिणामियस्स** = શસ્ત્ર પરિણત, શસ્ત્રોથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શને અન્ય રૂપમાં પરિણત કરેલો, અચેત કરેલો **एसियस्स** = એષણીય, ગવેષણા આદિથી ગવેષિત **वेसियस्स** = વિશેષ ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાથી વિશોધિત અથવા મુનિવેશની મર્યાદાથી પ્રાપ્ત **सामुदाणियस्स** = અનેક ઘરોથી પ્રાપ્ત કરેલો **णिक्खित्तसत्थ–मूसले** = શસ્ત્ર–મૂસલાદિ પ્રયોગ રહિત **ववगयमाला वण्णगविलेवणे** = પુષ્પમાળા અને ચંદન આદિના વિલેપન રહિત **चुयचइयचत्तदेहं** = સ્વતઃ કે પરતઃ અચેત થયેલો આહાર **असुरसुरं** = આહાર કરતી વખતે સુ સુ શબ્દ રહિત **अचवचवं** = ચપચપ શબ્દ રહિત **अदुयं** = શીઘ્રતા રહિત **अपरिसाडिं** = છોડ્યા વિના, ઢોળ્યા વિના **अक्खोवंजणवणाणुलेवणभूयं** = ગાડીની ધરીના લેપ અને વ્રણ પરના લેપની જેમ **संजमजाया–मायावत्तियं** = સંયમયાત્રાનો નિર્વાહ કરવા મર્યાદિત આહાર કરનાર, આહારની માત્રાને જાણનાર **बिलमिवपण्णगभूएणं** = જે રીતે બિલમાં સર્પ સીધો થઈને જાય છે, તે રીતે સ્વાદ લીધા વિના ગળે ઉતારવું.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શસ્ત્રાતીત, શસ્ત્રપરિણામિત, એષિત, વેષિત, સામુદાનિક ભિક્ષારૂપ આહાર પાણીનો શું અર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથી મૂસલાદિ શસ્ત્ર પ્રયોગ રહિત, પુષ્પમાળા અને ચંદનાદિ વિલેપન રહિત છે; તે ભોજ્ય વસ્તુમાં ઉત્પન્ન થનારા ઈયળ, ધનેડા આદિ જંતુઓથી રહિત, સ્વતઃ કે પરતઃ અચિત્ત થયેલો, સાધુને માટે નહીં કરેલો, નહીં કરાવેલો, અસંકલ્પિત, આધાકર્માદિ દોષ રહિત, આમંત્રણ રહિત, નહીં ખરીદેલો, ઔદેશિકાદિ દોષ રહિત, નવકોટિ વિશુદ્ધ, દશ દોષ રહિત, ૧૬ ઉદ્‌ગમના, ૧૬ ઉત્પાદનના અને ૧૦ એષણાના દોષ રહિત–સુપરિશુદ્ધ આહારને અંગારદોષ રહિત, ધૂમદોષ રહિત, સંયોજના દોષ રહિત, સબડકા રહિત, સુ–સુ અવાજ કર્યા વિના, ચપચપ શબ્દથી રહિત, અત્યંત શીઘ્રતા કે વિલંબ રહિત અંશમાત્ર નીચે ઢોળ્યા વિના કે છોડ્યા વિના, ગાડાની ધરીને તેલાદિ પદાર્થ લગાડવાની જેમ અથવા ઘા પર લગાવાતા લેપની જેમ, કેવલ સંયમ યાત્રાના નિર્વાહ માટે, બિલમાં સર્પ સીધો પ્રવેશ કરે છે તેમ આહાર કરે છે, તેને હે ગૌતમ ! શસ્ત્રાતીત, શસ્ત્રપરિણામિતાદિ આહાર પાણી કહેવાય છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સાધુના આહારની સમગ્ર વિધિ સાધુના વિશેષણ રૂપે પ્રગટ કરી છે.

શસ્ત્રાતીત અને શસ્ત્રપરિણામિત આહારનું સ્વરૂપ દર્શાવતા સૂત્રકારે સાધ્વાચાર અને પરિ–ભોગૈષણાની મહત્તા બતાવી; એષિત, વેષિત અને સામુદાનિક આહારનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

પૂર્વના સૂત્રોમાં આહારના અનેક ગુણ અને દોષની પૃચ્છા કરી, તેના ઉત્તરમાં પ્રત્યેક ગુણ–દોષનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. જ્યારે આ સૂત્રના પ્રશ્નમાં આહારના પાંચ ગુણોના અર્થની પૃચ્છા કરીને તેના ઉત્તરમાં સૂત્રકારે એક એક ગુણની ક્રમપૂર્વક વ્યાખ્યા–નિર્વચન ન કરતાં વિસ્તૃત અને મહત્વપૂર્ણ સ્પષ્ટીકરણ કર્યું છે. જેમાં પ્રશ્નગત પાંચે ય ગુણોનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.

**सत्थातीयस्स सत्थपरिणामियस्स :–** શસ્ત્રાતીત અને શસ્ત્રપરિણત. ભોજ્ય પદાર્થ પર શસ્ત્રનો પ્રયોગ થયો હોય, જેમ કે છરીથી કાકડી આદિ સુધારવા, અગ્નિ પર ભોજ્ય પદાર્થ મૂકવા, તે શસ્ત્રાતીત કહેવાય અને જ્યારે તે આહાર અચિત્ત બની જાય, જીવ રહિત બની જાય તે શસ્ત્રપરિણત–અચિત્ત આહાર કહેવાય. સાધુ પ્રાસુક–અચિત્ત આહાર જ ગ્રહણ કરે છે.

સૂત્રગત **ववगय चुय चइय चत्तदेहं जीवविप्पजढं** નો સમાવેશ શસ્ત્રાતીત, શસ્ત્રપરિણત વિશેષણમાં કરી શકાય. **ववगय** = વ્યપગત. ઈયળ, ધનેડા, મટકા જેવા ત્રસજીવો આહારમાંથી સ્વયં નીકળી ગયા હોય અર્થાત્ ત્રસ જીવોથી રહિત આહાર. **चुय** = ચ્યુત. આયુષ્યક્ષય થવાના કારણે સ્વભાવથી અથવા પર પ્રયોગ(શસ્ત્ર પ્રયોગ)થી આહાર જીવરહિત બની ગયો હોય. **चइय** = ચ્યવિત. અગ્નિ આદિ શસ્ત્ર દ્વારા જીવ ચ્યવી ગયા હોય **चत्तदेहं** = ત્યક્ત દેહ. જે આહારમાંથી જીવ શરીરનો ત્યાગ કરી નીકળી ગયા હોય તેવો **जीवविप्पजढं** = અચિત્ત આહાર, પ્રાસુક આહાર સાધુ ગ્રહણ કરે છે.

**एसियस्स :–** ગવેષણા, ગ્રહણેષણા અને પરિભોગૈષણાના દોષ રહિત આહારાદિ **એષિત** કહેવાય છે. પ્રસ્તુત સૂત્રમાં અકૃત, અકારિત આદિ વિશેષણથી સૂત્ર સમાપ્તિ સુધીના સમસ્ત વિશેષણોનો સમાવેશ એષિતમાં થાય છે.

**णवकोडीपरिसुद्धं :–** નવકોટિ વિશુદ્ધ– (૧) કોઈ જીવની હિંસા કરવી નહીં (ર) કરાવવી નહીં (૩) અનુમોદના આપવી નહીં (૪) સ્વયં રસોઈ કરવી નહીં (પ) રસોઈ કરાવવી નહીં (૬) તેની અનુમોદના કરવી નહીં (૭) સ્વયં ખરીદવું નહીં (૮) અન્ય પાસે ખરીદાવવું નહીં (૯) ખરીદનારને અનુમોદના આપવી નહીં. આ નવ દોષથી રહિત આહારને નવ કોટિ વિશુદ્ધ આહાર કહે છે.

**उग्गमुप्पायणेसणा :–** આધાકર્મ આદિ ૧૬ ઉદ્ગમના; ધાત્રી, દૂતી આદિ ૧૬ ઉત્પાદનના; શંકિત આદિ ૧૦ એષણાના દોષ; આ રીતે એષણાના ૪ર દોષ કહેવાય છે. તે દોષરહિત આહાર ગ્રહણ કરવો ઉદ્ગમ ઉત્પાદન એષણા પરિશુદ્ધ આહાર કહેવાય છે. જેમાં ઉદ્ગમના દોષ દાતા તરફથી, ઉત્પાદનના દોષ સાધુથી અને એષણાના દોષ બંનેથી લાગે છે.

**वेसियस्स :–** સાધુવેષ, સાધુની મર્યાદા અને સાધુ સમાચારીને અનુરૂપ આચરણપૂર્વક જે આહાર ગ્રહણ થાય કે ભોગવાય તે વેષિત આહાર છે.

રજોહરણ, મુહપત્તિ, શ્વેતવસ્ત્ર વગેરે દ્રવ્ય સાધુવેષ છે. મૂળગુણ, ઉત્તરગુણનું પાલન, અનાસકિત, આલોલુપતા વગેરે ભાવ સાધુવેષ છે. આ રીતે દ્રવ્ય અને ભાવથી સાધુવેષથી પ્રાપ્ત થયેલો આહાર વેષિત

કહેવાય છે.

પ્રસ્તુત સૂત્રમાં પ્રયુક્ત **णिक्खित्त सत्थ मुसले ववगयमालावण्णग विलेवणे;** વગેરે શબ્દો સાધ્વાચાર સૂચક હોવાથી તેનો સમાવેશ વેષિતમાં થાય છે. તે ઉપરાંત સુ–સુ કે ચપ–ચપ શબ્દ રહિત આહાર સાધુના અનાસકિત ભાવને એટલે ભાવ સાધુતાને સૂચિત કરે છે. તેથી તે ગુણોનો સમાવેશ પણ 'વેષિત'માં થાય છે.

**अक्खोवंजणवणाणुलेवणभूयं :–** ગાડાની ધરીમાં ઊંજન પૂરવાની જેમ અથવા ઘા પર મલમ લગાવવાની જેમ. જે રીતે ઊંજન પૂરવાથી ગાડુ સરળતાથી ચાલે અને મલમ લગાવવાથી ઘા રૂઝાઈ જાય, તે જ રીતે આ ઔદારિક શરીર, સંયમ સાધનામાં સહાયક બની શકે અને ક્ષુધાવેદનીયનો ઘા રૂઝાઈ જાય; તે દષ્ટિકોણથી જ સાધુ આહાર કરે છે પરંતુ સ્વાદ વૃદ્ધિ કે શરીરપુષ્ટિ માટે તે આહાર કરતો નથી.

**बिलमिवपण्णगभूएणं :–** સર્પ જે રીતે આજુબાજુના પ્રદેશને સ્પર્શ કર્યા વિના સીધો દરમાં પ્રવેશ કરે છે તે રીતે સાધુ પણ ગ્રહિત આહારને સ્વાદ નિમિત્તે એક દાઢથી બીજી દાઢ વચ્ચે કે એક ગલોફાથી બીજા ગલોફા વચ્ચે ફેરવ્યા વિના સીધો જ નીચે ઉતારે છે. આ પ્રકારનું કથન રસેન્દ્રિય વિજય માટે છે. શેષ ઈન્દ્રિયોને શક્તિવર્ધક આહારની પ્રાપ્તિ રસેન્દ્રિય દ્વારા જ થાય છે. તેથી રસેન્દ્રિય પર વિજય પ્રાપ્ત થતાં શેષ ઈન્દ્રિયોને સહજ રીતે જીતી શકાય છે.

**संजमजायामायावत्तियं :–** સંયમ યાત્રા માત્રા પ્રત્યયિક. સંયમયાત્રા = સંયમ પાલન કરવામાં મદદરૂપ થાય તેટલો જ આહાર સાધુ ગ્રહણ કરે અને સંયમમાં વિઘ્નરૂપ બને તેવો આહાર ગ્રહણ ન કરે અર્થાત્ સંયમ પાલન અને સ્વાધ્યાય અર્થે આહાર કરે.

**सामुदाणियस्स :–** અનિયત, અનેક ઘરેથી ભિક્ષા દ્વારા પ્રાપ્ત આહાર 'સામુદાનિક' કહેવાય છે. તેમજ ધનાઢ્ય, મધ્યમ અને નિમ્ન એમ અનેક ઘરોમાંથી પ્રાપ્ત આહારને સામુદાનિક આહાર કહે છે. સૂત્રમાં પ્રયુક્ત **अणाहूय** વિશેષણને સામુદાનિક આહારમાં સમાવિષ્ટ કરી શકાય છે.

આ રીતે સૂત્રકારે આ શતકમાં આહારના દોષ સંબંધી વિસ્તૃત વિવેચન કર્યું છે. તેના પરથી જ સ્પષ્ટ થાય છે કે સાધુ જીવનમાં આહારની ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાનું અત્યંત મહત્વ છે. આહાર, દેહ નિર્વાહનું સાધન માત્ર છે. તેથી કેવળ દેહ નિર્વાહ માટે અત્યંત અનાસક્તભાવે સાધુચર્યાની રીતે આહાર કરવો જોઈએ.

## સૂત્રગત વિશેષણોનું વિભાજન :–

| | | |
|---|---|---|
| (૧) | શસ્ત્રાતીત | વ્યપગત, ચ્યુત, ચ્યાવિત ત્યક્ત દેહ. |
| (૨) | શસ્ત્રપરિણામિત | **जीव विप्पजढं** |
| (૩) | એષિત | અકૃત, અકારિત વગેરે સર્વ સૂત્રોક્ત ગુણો |

| | | |
|---|---|---|
| (૪) | વેષિત | નિક્ષિપ્ત શસ્ત્રમુસલ, વ્યપગત માલા વર્ણક વિલેપન. તથા આહાર કરવાના વિવેક સૂચક ગુણ–અસુરસુર વગેરે. |
| (૫) | સામુદાનિક | અનાહૂત–નિમંત્રણ વિના |

॥ શતક ૭/૧ સંપૂર્ણ ॥

# શતક–૭ : ઉદ્દેશક–ર

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સુપ્રત્યાખ્યાન અને દુષ્પ્રત્યાખ્યાનનું સ્વરૂપ, પ્રત્યાખ્યાનના ભેદ–પ્રભેદ, ૨૪ દંડકમાં તેનું અસ્તિત્વ અને તેના અલ્પબહુત્વ વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ **પ્રત્યાખ્યાન :–** પાપકારી પ્રવૃત્તિના ત્યાગને પ્રત્યાખ્યાન કહે છે. સમ્યગ્ જ્ઞાનપૂર્વકના પ્રત્યાખ્યાન, સુપ્રત્યાખ્યાન છે. તેના બે ભેદ છે (૧) મૂળગુણ પ્રત્યાખ્યાન (૨) ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

**મૂળગુણ પ્રત્યાખ્યાન :–** અહિંસાદિ મુખ્ય પાંચ વ્રતના પચ્ચક્ખાણને મૂળગુણ પ્રત્યાખ્યાન કહે છે. તેમાં પાંચ સ્થૂલ વ્રત કે પાંચ અણુવ્રત દેશતઃ અને પાંચ મહાવ્રત સર્વતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન છે.

**ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :–** મૂળ ગુણની પુષ્ટિ માટે જે પ્રત્યાખ્યાન કરાય તેને ઉત્તર ગુણ પ્રત્યાખ્યાન કહે છે. તેના પણ બે ભેદ છે. દેશતઃ અને સર્વતઃ

**દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :–** દિશા પરિમાણ વ્રત, ઉવભોગ પરિભોગ પરિમાણવ્રત, અનર્થદંડ વેરમણ વ્રત; તે ત્રણ ગુણવ્રત છે અને સામાયિક, દેશાવગાસિક, પૌષધોપવાસ, અતિથિ સંવિભાગ વ્રત તે ચાર શિક્ષાવ્રત છે આ સાતે ય દેશતઃ ઉત્તર ગુણ પ્રત્યાખ્યાન છે.

**સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :–** તેના દશ ભેદ છે. યથા–

**(૧) અનાગત–** ભવિષ્યમાં જે પ્રત્યાખ્યાન કરવાના હોય તેને ભવિષ્યમાં આવતી બાધાને જોઈને પહેલાં કરી લેવા.

**(૨) અતિક્રાંત–** ભૂતકાલમાં પ્રત્યાખ્યાન કરવાના હતા, તે સેવા આદિ કોઈ કારણે થઈ શક્યા ન હોય તો તેને પછી કરવા તે.

**(૩) કોટિ સહિત–** એક પ્રત્યાખ્યાનની સમાપ્તિ તથા બીજા પ્રત્યાખ્યાનની આદિ એક દિવસે થાય તે કડિબદ્ધ પ્રત્યાખ્યાન.

**(૪) નિયંત્રિત–** જે દિવસે જે પ્રત્યાખ્યાન કર્યા હોય તેને રોગાદિ બાધા આવે છતાં તે દિવસે જ પૂર્ણ કરવા.

**(૫) સાગાર–** આગાર–છૂટ સહિતના પ્રત્યાખ્યાન.

**(૬) અનાગાર–** આગાર રહિતના પ્રત્યાખ્યાન.

**(૭) પરિમાણ–** દત્તી, દ્રવ્ય આદિની મર્યાદા.

**(૮) નિરવશેષ–** ચારે પ્રકારના આહારના મર્યાદિત સમય માટે સર્વથા પચ્ચક્ખાણ.
**(૯) સંકેત–** અંગૂઠી મુટ્ઠી, નમસ્કાર મંત્ર આદિ કોઈ પણ સંકેત પૂર્વકના પ્રત્યાખ્યાન.
**(૧૦) અદ્ધાપ્રત્યાખ્યાન–** પોરસી, બેપોરસી વગેરે સમયની નિશ્ચિતતા સહિતના પ્રત્યાખ્યાન.

★ ૨૨ દંડકના જીવ અપ્રત્યાખ્યાની છે, તિર્યંચ પંચેન્દ્રિય પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની હોય છે, મનુષ્ય પ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની ત્રણે ય હોય શકે છે.

★ સર્વથી થોડા પ્રત્યાખ્યાની જીવ, તેથી પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા, તેથી અપ્રત્યાખ્યાની જીવ અનંતગુણા છે.

★ પ્રત્યેક જીવ દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત અને પર્યાયની અપેક્ષાએ અશાશ્વત છે.

આ રીતે આ ઉદ્દેશકમાં પ્રત્યાખ્યાનના સ્વરૂપને વિસ્તારથી સમજાવ્યું છે.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૨

## વિરતિ

**સુપ્રત્યાખ્યાન અને દુષ્પ્રત્યાખ્યાન :–**

**१ से णूणं भंते ! सव्वपाणेहिं सव्वभूएहिं सव्वजीवेहिं सव्वसत्तेहिं पच्चक्खायमिति वयमाणस्स सुपच्चक्खायं भवइ अदुव दुपच्चक्खायं ?**

**गोयमा ! सव्वपाणेहिं *जाव* सव्वसत्तेहिं पच्चक्खायमिति वयमाणस्स सिय सुपच्चक्खायं भवइ सिय दुपच्चक्खायं भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વપ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ અને સર્વ સત્ત્વોની હિંસાના મેં પ્રત્યાખ્યાન કર્યા છે; આ પ્રમાણે કહેનારના શું સુપ્રત્યાખ્યાન હોય કે દુષ્પ્રત્યાખ્યાન હોય ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વ પ્રાણ, સર્વભૂત, સર્વ જીવ અને સર્વ સત્ત્વોની હિંસાના મેં પ્રત્યાખ્યાન કર્યા છે, આ પ્રમાણે કહેનારના ક્યારેક સુપ્રત્યાખ્યાન હોય છે અને ક્યારેક દુષ્પ્રત્યાખ્યાન હોય છે.

**२ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– सव्वपाणेहिं *जाव* सिय दुपच्चक्खायं भवइ ?**

**गोयमा ! जस्स णं सव्वपाणेहिं *जाव* सव्वसत्तेहिं पच्चक्खायमिति वयमाणस्स णो एवं अभिसमण्णागयं भवइ– इमे जीवा, इमे अजीवा, इमे तसा, इमे थावरा, तस्स णं सव्वपाणेहिं *जाव* सव्वसत्तेहिं पच्चक्खायमिति वयमाणस्स णो सुपच्चक्खायं भवइ; दुपच्चक्खायं भवइ ।**

**एवं खलु से दुपच्चक्खाई सव्वपाणेहिं *जाव* सव्वसत्तेहिं पच्चक्खायमिति वयमाणे णो सच्चं भासं भासइ; मोसं भासं भासइ । एवं खलु से मुसावाई सव्वपाणेहिं *जाव* सव्वसत्तेहिं तिविहं तिविहेणं असंजय अविरय अपडिहय– पच्चक्खायपावकम्मे सकिरिए असंवुडे एगंतदंडे एगंतबाले यावि भवइ ।**

**जस्स णं सव्वपाणेहिं *जाव* सव्वसत्तेहिं पच्चक्खायमिति वयमाणस्स एवं अभिसमण्णागयं भवइ– इमे जीवा, इमे अजीवा, इमे तसा, इमे थावरा, तस्स णं**

**सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं पच्चक्खायमिति वयमाणस्स सुपच्चक्खायं भवइ; णो दुपच्चक्खायं भवइ । एवं खलु से सुपच्चक्खाई सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं पच्चक्खायमिति वयमाणे सच्चं भासं भासइ, णो मोसं भासं भासइ । एवं खलु से सच्चवाई सव्वपाणेहिं** *जाव* **सव्वसत्तेहिं तिविहं तिविहेणं संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे अकिरिए संवुडे एगंतपंडिए यावि भवइ । से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ** *जाव* **सिय दुपच्चक्खायं भवइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ અને સર્વ સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કરનારના ક્યારેક સુપ્રત્યાખ્યાન અને ક્યારેક દુષ્પ્રત્યાખ્યાન હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! 'મેં સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે, આ પ્રમાણે કહેનાર પુરુષને જો **આ જીવ છે, આ અજીવ છે, આ ત્રસ છે, આ સ્થાવર છે** તેવું જ્ઞાન ન હોય તો તે પુરુષના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન નથી પરંતુ દુષ્પ્રત્યાખ્યાન છે. મેં સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સર્વ સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે, આ પ્રમાણે કહેનાર તે દુષ્પ્રત્યાખ્યાની પુરુષ સત્ય ભાષા બોલતા નથી, મૃષાભાષા બોલે છે. આ રીતે તે મૃષાવાદી સર્વ પ્રાણ ***યાવત્*** સમસ્ત સત્ત્વો પ્રતિ ત્રણ કરણ, ત્રણ યોગથી અસંયત, અવિરત, પાપકર્મથી અપ્રતિહત–અનિવૃત્ત અને પાપકર્મના અપ્રત્યાખ્યાની, કાયિકી આદિ ક્રિયાઓથી યુક્ત, અસંવૃત(સંવર રહિત), એકાંતદંડ(હિંસાકારક) અને એકાંતબાલ(અજ્ઞાની) છે.

મેં સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે; આ પ્રમાણે કહેનાર પુરુષને જો **આ જીવ છે, આ અજીવ છે, આ ત્રસ છે, આ સ્થાવર છે,** તેવું જ્ઞાન હોય તો તે પુરુષના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે, દુષ્પ્રત્યાખ્યાન નથી. મેં સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સર્વ સત્ત્વોની હિંસાના પ્રત્યાખ્યાન કર્યા છે, આ પ્રમાણે કહેનાર તે સુપ્રત્યાખ્યાની સત્યભાષા બોલે છે, મૃષાભાષા બોલતા નથી. આ રીતે તે સુપ્રત્યાખ્યાની સત્યભાષી, સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વો પ્રતિ ત્રણ કરણ, ત્રણ યોગથી સંયત, વિરત છે, તેણે અતીતકાલીન પાપકર્મોને પશ્ચાત્તાપ અને આત્મનિંદાથી રોક્યા છે, અનાગત પાપોના પ્રત્યાખ્યાન કર્યા છે, તે કર્મબંધના કારણભૂત ક્રિયાઓથી રહિત છે, સંવર યુક્ત છે અને એકાંત પંડિત છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે ***યાવત્*** ક્યારેક તેના સુપ્રત્યાખ્યાન હોય છે અને ક્યારેક દુષ્પ્રત્યાખ્યાન હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રમાં સુપ્રત્યાખ્યાન અને દુષ્પ્રત્યાખ્યાનનું સ્વરૂપ સમજાવતાં સમ્યગ્જ્ઞાનની અનિવાર્યતા પ્રગટ કરી છે. સમ્યગ્જ્ઞાન સહિતના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન બને છે. અજ્ઞાની વ્યક્તિના પ્રત્યાખ્યાન દુષ્પ્રત્યાખ્યાન છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે **पढमं णाणं तओ दया** = પહેલાં જ્ઞાન અને પછી દયા. અહીં પણ ચારિત્રનું આરાધન જ્ઞાનપૂર્વક થઈ શકે તે વાતનું સમર્થન કર્યું છે.

**इमे जीवा इमे अजीवा :–** આ જીવ છે, આ અજીવ છે તેવું સંક્ષિપ્ત, વિસ્તૃત કે વિશ્લેષણયુક્ત જ્ઞાન, જીવ હિંસાના ત્યાગીને અવશ્ય હોવું જોઈએ. જ્ઞાન વિના કરેલો ત્યાગ દીર્ઘકાલ સુધી ટકી શકતો નથી અને સંપૂર્ણ રીતે સફળ થતો નથી. તેથી સૂત્રકારે અજ્ઞાનીના પ્રત્યાખ્યાનને દુષ્પ્રત્યાખ્યાન કહ્યા છે.

**सुपच्चक्खायं :–** પ્રસ્તુત સૂત્રમાં જીવહિંસાના ત્યાગ માટે જીવ–અજીવના જ્ઞાનની અનિવાર્યતા પ્રગટ કરી છે. તે જ રીતે પ્રત્યેક પ્રત્યાખ્યાનમાં તત્સંબંધી જ્ઞાન હોવું જરૂરી છે. જેમ કે– આયંબિલના પ્રત્યાખ્યાન કરનારને આયંબિલના આહારની, તેની વિધિની જાણકારી જરૂરી છે. આ રીતે સમ્યગ્જ્ઞાનપૂર્વકના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય છે.

### મૂળગુણ પ્રત્યાખ્યાન અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :–

**૩ कइविहे णं भंते ! पच्चक्खाणे पण्णत्ते ?**

**गोयमा ! दुविहे पच्चक्खाणे पण्णत्ते, तं जहा– मूलगुणपच्चक्खाणे य उत्तरगुणपच्चक्खाणे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યાખ્યાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રત્યાખ્યાનના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) મૂળગુણ પ્રત્યાખ્યાન અને (૨) ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

**૪ मूलगुणपच्चक्खाणे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– सव्वमूलगुणपच्चक्खाणे य देसमूलगुण–पच्चक्खाणे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મૂળગુણ પ્રત્યાખ્યાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મૂળગુણ પ્રત્યાખ્યાનના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાન અને (૨) દેશ મૂળગુણ પ્રત્યાખ્યાન.

**૫ सव्वमूलगुणपच्चक्खाणे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– सव्वाओ पाणाइवायाओ वेरमणं** *जाव* **सव्वाओ परिग्गहाओ वेरमणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ મૂલગુણ પ્રત્યાખ્યાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાનના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સર્વ

પ્રાણાતિપાતથી વિરમણ, (૨) સર્વ મૃષાવાદથી વિરમણ, (૩) સર્વ અદત્તાદાનથી વિરમણ, (૪) સર્વ મૈથુનથી વિરમણ, (૫) સર્વ પરિગ્રહથી વિરમણ.

**૬ देसमूलगुणपच्चक्खाणे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– थूलाओ पाणाइवायाओ वेरमणं** *जाव* **थूलाओ परिग्गहाओ वेरमणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેશમૂળગુણ પ્રત્યાખ્યાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દેશમૂળગુણ પ્રત્યાખ્યાનના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ ***યાવત્*** સ્થૂલ પરિગ્રહ વિરમણ.

**૭ उत्तरगुणपच्चक्खाणे णं भंते ! कइविहे पण्णत्ते ?**

**गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा– सव्वुत्तरगुणपच्चक्खाणे य देसुत्तरगुण- पच्चक्खाणे य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન (૨) દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

**૮ सव्वुत्तरगुणपच्चक्खाणे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! दसविहे पण्णत्ते, तं जहा–**

**अणागयमइक्कंतं, कोडीसहियं णियंटियं चेव ।**
**सागारमणागारं, परिमाणकडं णिरवसेसं ॥**
**साकेयं चेव अद्धाए, पच्चक्खाणं भवे दसहा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના દસ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનાગત (૨) અતિક્રાંત (૩) કોટિ સહિત (૪) નિયંત્રિત (૫) સાગાર (૬) અનાગાર (૭) પરિમાણ કૃત (૮) નિરવશેષ (૯) સંકેત (૧૦) અદ્ધા પ્રત્યાખ્યાન. આ રીતે સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના દસ પ્રકાર છે.

**૯ देसुत्तरगुणपच्चक्खाणे णं भंते ! कइविहे पण्णत्ते ।**

**गोयमा ! सत्तविहे पण्णत्ते, तं जहा– दिसिव्वयं, उवभोग–परिभोगपरिमाणं,**

**अणत्थदंडवेरमणं, सामाइयं, देसावगासियं, पोसहोववासो, अतिहिसंविभागो; अपच्छिम–मारणंतिय–संलेहणा–झूसणा आराहणया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) દિશા પરિમાણ વ્રત (૨) ઉપભોગ પરિભોગ પરિમાણ (૩) અનર્થ દંડ વિરમણ (૪) સામાયિક (૫) દેશાવગાસિક (૬) પૌષધોપવાસ (૭) અતિથિ સંવિભાગ તથા અપશ્ચિમ મારણાન્તિક સંલેખના–જોષણા આરાધના.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં મૂળગુણ પ્રત્યાખ્યાન અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન સંબંધી નિરૂપણ કર્યું છે.

**મૂળગુણ પ્રત્યાખ્યાન :–** ચારિત્રરૂપ કલ્પવૃક્ષને માટે મૂળગુણ પ્રત્યાખ્યાન મૂળ સમાન ગણાય છે, તેથી પ્રાણાતિપાત વિરમણ આદિને મૂલ ગુણ કહે છે. આ મૂલગુણ વિષયક પ્રત્યાખ્યાન(ત્યાગ–વિરતિ)ને મૂળગુણ પ્રત્યાખ્યાન કહે છે. તેના બે ભેદ છે. તેમાં સર્વ વિરત મુનિઓના પાંચ મહાવ્રત સર્વમૂળગુણ પ્રત્યાખ્યાન છે અને દેશવિરત શ્રાવકોના પાંચ અણુવ્રત દેશ મૂળગુણ પ્રત્યાખ્યાન કહેવાય છે.

**ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :–** વૃક્ષોની શાખા સમાન જે પ્રત્યાખ્યાન–વ્રત અનુષ્ઠાન વગેરે મૂળગુણોને સુશોભિત રાખે તેને ઉત્તરગુણ કહે છે. તે ઉત્તરગુણ વિષયક પ્રત્યાખ્યાનને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કહે છે. તેના પણ બે ભેદ છે– સર્વતઃ અને દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. **સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના દસ પ્રકાર છે–**

**(૧) અનાગત પ્રત્યાખ્યાન :–** ભવિષ્યમાં જે તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હોય, તેને ભવિષ્યમાં આવનાર મુશ્કેલીના કારણે પહેલાં કરી લેવા. જેમ કે પર્યુષણમાં વૈયાવૃત્ય, પ્રવચન પ્રભાવના આદિ કાર્યો હોવાથી કોઈ શ્રમણ પર્યુષણ પહેલાં તે તપસ્યાની આરાધના કરી લે તો તેને અનાગત પ્રત્યાખ્યાન કહે છે.

**(૨) અતિક્રાંત પ્રત્યાખ્યાન :–** પહેલાં જે તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હતા, તે ગુરુ, તપસ્વી, રુગ્ણની સેવા આદિના કારણે થઈ શક્યા ન હોય તે તપ–નિયમાદિને પછી કરે તો તેને અતિક્રાંત પ્રત્યાખ્યાન કહે છે.

**(૩) કોટિ સહિત પ્રત્યાખ્યાન :–** એક પ્રત્યાખ્યાનની સમાપ્તિ તથા બીજા પ્રત્યાખ્યાનની આદિ એક જ દિવસે થાય, જેમ કે ઉપવાસના પારણે આયંબિલાદિ તપ કરવું તે કોટિ સહિત છે. અર્થાત્ નવા પ્રત્યાખ્યાનની આદિ અને જૂના પ્રત્યાખ્યાનની પૂર્ણાહુતિ, આ બંનેનું જોડાણ એક દિવસે થાય તેને કોટિ સહિત પ્રત્યાખ્યાન કહે છે.

**(૪) નિયંત્રિત પ્રત્યાખ્યાન :–** જે દિવસે જે પ્રત્યાખ્યાન કરવાનો નિશ્ચય કર્યો છે, તે દિવસે રોગાદિ કોઈ પણ પ્રકારની બાધાઓ આવે, તેમ છતાં તેને ન છોડતાં નિયમપૂર્વક પૂર્ણ કરવા, તેને નિયંત્રિત પ્રત્યાખ્યાન

કહે છે.

**(૫–૬) સાગાર–અનાગાર પ્રત્યાખ્યાન :–** છૂટ સહિતના પ્રત્યાખ્યાન સાગાર પ્રત્યાખ્યાન અને છૂટ રહિતના પ્રત્યાખ્યાન અનાગાર પ્રત્યાખ્યાન છે. સાધુ અથવા શ્રાવક કોઈપણ વિશિષ્ટ પ્રત્યાખ્યાન આગાર સહિત પણ કરી શકે અને દઢતા હોય તો આગાર રહિત પણ કરી શકે છે. આ કારણે પ્રત્યાખ્યાનના સાગાર અને અનાગાર તેમ બે ભેદ થાય છે.

**(૭) પરિમાણ કૃત પ્રત્યાખ્યાન :–** દત્તિ, કવલ, ઘર, ભિક્ષા અથવા ભોજ્ય દ્રવ્યોની મર્યાદા કરવી. જેમ કે પાત્રમાં એક સાથે જેટલી અન્નાદિક વસ્તુ પડશે, તેટલી વસ્તુ હું વાપરીશ તે દત્તિ પરિમાણ છે. આ જ રીતે કવલ, ઘર આદિની પણ મર્યાદા થઈ શકે છે.

**(૮) નિરવશેષ પ્રત્યાખ્યાન :–** અશન–પાન–ખાદિમ અને સ્વાદિમ, આ ચારે પ્રકારના આહારના સમયની મર્યાદા સાથે સર્વથા પ્રત્યાખ્યાન કરવા.

**(૯) સંકેત પ્રત્યાખ્યાન :–** મુટ્ઠી, અંગૂઠી ગાંઠ અને નમસ્કાર મંત્ર આદિ પ્રત્યાખ્યાન પૂર્ણ કરવાના કોઈપણ સંકેતપૂર્વક પ્રત્યાખ્યાન કરવા.

**(૧૦) અદ્ધા પ્રત્યાખ્યાન :–** અદ્ધા–કાલ વિશેષને નિયત કરીને પ્રત્યાખ્યાન કરવા; જેમ કે પોરસી, બે પોરસી, માસખમણ, અર્દ્ધમાસખમણ આદિ.

શ્રમણોપાસકના પાંચ અણુવ્રતોને પુષ્ટ કરનારા ગુણવ્રતને **દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન** કહે છે તેના સાત પ્રકાર છે–

**(૧) દિગ્વ્રત :–** દિશા પરિમાણ વ્રત. પૂર્વાદિ છ એ દિશાઓમાં ગમનની મર્યાદા કરવી, નિયમ કરેલી દિશા સિવાયના ક્ષેત્રમાં આશ્રવ–સેવનનો ત્યાગ કરવો.

**(૨) ઉપભોગ–પરિભોગ પરિમાણ વ્રત :–** ઉપભોગ્ય– એકવાર ભોગવવા યોગ્ય ભોજનાદિ અને પરિભોગ્ય– વારંવાર ભોગવવા યોગ્ય વસ્ત્રાદિ વસ્તુઓ [૨૬ બોલ]ની મર્યાદા કરવી.

**(૩) અનર્થદંડ વિરમણ વ્રત :–** અપધ્યાન, પ્રમાદ, હિંસાકારી શસ્ત્ર પ્રદાન, પાપકર્મોપદેશ આદિ નિરર્થક નિષ્પ્રયોજન હિંસાદિજનક કાર્ય અનર્થદંડ છે, તેનાથી નિવૃત્ત થવું.

**(૪) સામાયિક વ્રત :–** સાવદ્ય–પાપકારી પ્રવૃત્તિ અને આર્ત–રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી, ધર્મધ્યાનમાં તથા સમભાવમાં સ્થિર થવું.

**(૫) દેસાવગાસિક વ્રત :–** દિગ્વ્રતમાં દિશાઓની જે મર્યાદા કરી છે, તેનો અને પહેલાં ગ્રહણ કરેલાં પ્રત્યેક વ્રતોની મર્યાદાનો દૈનિક સંકોચ કરવો; એક દિવસ માટે તે મર્યાદાઓ ઘટાડી, મર્યાદા ઉપરાંતના ક્ષેત્રમાં આશ્રવ સેવનનો ત્યાગ કરવો અને મર્યાદિત ક્ષેત્રમાં જેટલા દ્રવ્યાદિની મર્યાદા કરી છે, તે ઉપરાંત પદાર્થોનું સેવન ન કરવું તે.

**(૬) પૌષધોપવાસ વ્રત :–** એક દિવસ–રાત (આઠ પ્રહર) સુધી ચારે આહાર, મૈથુન, સ્નાન, શ્રૃંગાર આદિનો તથા સમસ્ત સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરીને, ધર્મધ્યાનમાં લીન રહેવું. તે સર્વ પૌષધ વ્રત છે. સમયની કે આહારાદિના પ્રત્યાખ્યાનની હીનાધિકતા હોય તે દેશ પૌષધ વ્રત છે. પૌષધના ૧૮ દોષો છે તેનો ત્યાગ કરવો જોઈએ.

**(૭) અતિથિ સંવિભાગ વ્રત :–** ઉત્કૃષ્ટ કોટિના અતિથિ–મહાવ્રતી સાધુઓને કલ્પનીય અશનાદિ ચતુર્વિધ આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, પીઢ(બાજોઠ), ફલક(પાટિયું), શય્યા, સંસ્તારક, ઔષધ, ભેષજ; આ ૧૪ પ્રકારની વસ્તુઓ નિષ્કામ બુદ્ધિપૂર્વક આત્મકલ્યાણની ભાવનાથી આપવી. તે અતિથિ–સંવિભાગ છે. તેમજ દાનનો સંયોગ પ્રાપ્ત ન થાય તેમ છતાં સદા દાનની ભાવના રાખવી તે પણ અતિથિ–સંવિભાગ વ્રત છે.

દિગ્વ્રત આદિ ત્રણ વ્રતોને ગુણવ્રત અને સામાયિક આદિ ચાર વ્રતોને શિક્ષાવ્રત કહે છે.

**અપશ્ચિમ મારણાન્તિક સંલેખના :–** અપશ્ચિમ અર્થાત્ જેની પાછળ કોઈ કાર્ય શેષ ન રહે, એવી અંતિમ મારણાન્તિક–આયુષ્ય સમાપ્તિના અંતે–મરણકાલે કરાતી શરીર અને કષાય આદિને કૃશ કરનારી તપસ્યા વિશેષને **અપશ્ચિમ–મારણાન્તિક સંલેખના** કહે છે. જોષણા–સ્વીકારીને, અખંડકાલ(આયુ સમાપ્તિ) પર્યંત તેની આરાધના કરવી તે અપશ્ચિમ મારણાન્તિક સંલેખના જોષણા–આરાધના કહેવાય છે.

આ રીતે દેશોત્તર પ્રત્યાખ્યાનમાં દિગ્વ્રતાદિ સાત ગુણવ્રતનો સમાવેશ થાય છે, તેમાં સંલેખનાનો ઉલ્લેખ નથી. પરંતુ સંલેખના દેશ ઉત્તરગુણવાળા(શ્રાવક)ને દેશ ઉત્તરગુણરૂપ છે અને સર્વ ઉત્તરગુણ–વાળા(સાધુ)ને સર્વ ઉત્તરગુણરૂપ છે. દેશ ઉત્તરગુણવાળાને પણ અંતિમ સમયે તે અવશ્યકરણીય છે, આ સૂચિત કરવા માટે દેશ ઉત્તરગુણની સાથે તેનું કથન કર્યું છે.

## ચોવીસ દંડકમાં મૂળગુણ–ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :–

**૧૦ जीवा णं भंते ! किं मूलगुणपच्चक्खाणी, उत्तरगुणपच्चक्खाणी, अपच्चक्खाणी?**

**गोयमा ! जीवा मूलगुणपच्चक्खाणी वि, उत्तरगुणपच्चक्खाणी वि, अपच्चक्खाणी वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ મૂળગુણ પ્રત્યાખ્યાની છે, ઉત્તરગુણ પ્રત્યાખ્યાની છે કે અપ્રત્યાખ્યાની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સમુચ્ચય જીવ મૂળગુણ પ્રત્યાખ્યાની પણ છે, ઉત્તરગુણ પ્રત્યાખ્યાની પણ છે અને અપ્રત્યાખ્યાની પણ છે.

**૧૧ णेरइया णं भंते ! किं मूलगुणपच्चक्खाणी ? पुच्छा ।**

**गोयमा ! णेरइया णो मूलगुणपच्चक्खाणी, णो उत्तरगुणपच्चक्खाणी, अपच्चक्खाणी । एवं *जाव* चउरिंदिया । पंचिंदियतिरिक्खजोणिया मणुस्सा य जहा जीवा । वाणमंतर जोइसिय वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક મૂળગુણ પ્રત્યાખ્યાની છે, ઉત્તરગુણ પ્રત્યાખ્યાની છે કે અપ્રત્યાખ્યાની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક મૂલગુણ પ્રત્યાખ્યાની નથી, ઉત્તરગુણ પ્રત્યાખ્યાની નથી, પરંતુ અપ્રત્યાખ્યાની છે. આ રીતે ચૌરેન્દ્રિય જીવો પર્યંત કહેવું જોઈએ.

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોના વિષયમાં સમુચ્ચય જીવોની જેમ કહેવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોનું કથન નૈરયિક જીવોની જેમ કરવું જોઈએ અર્થાત્ તે સર્વ અપ્રત્યાખ્યાની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવો તથા ૨૪ દંડકોના જીવોમાં મૂળગુણ પ્રત્યાખ્યાની, ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાનીના અસ્તિત્વની પૃચ્છા કરીને તેનું સમાધાન કર્યું છે.

**નિષ્કર્ષ :–** નૈરયિકો, પાંચ સ્થાવરો, ત્રણ વિકલેન્દ્રિય જીવો તથા વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકો, અર્થાત્ ૨૨ દંડકના જીવો મૂળગુણ પ્રત્યાખ્યાની કે ઉત્તરગુણ પ્રત્યાખ્યાની નથી, તે સર્વથા અપ્રત્યાખ્યાની છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવો અને મનુષ્યોમાં ત્રણે વિકલ્પ પ્રાપ્ત થાય છે. તિર્યંચો માત્ર દેશ મૂળગુણ અને દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની જ છે.

## મૂળગુણ પ્રત્યાખ્યાની આદિનું અલ્પબહુત્વ :–

**१२ एएसि णं भंते ! जीवाणं मूलगुणपच्चक्खाणीणं, उत्तरगुणपच्चक्खाणीणं, अपच्चक्खाणीणं य कयरे कयरेहिंतो *जाव* विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा मूलगुणपच्चक्खाणी, उत्तरगुणपच्चक्खाणी असंखेज्जगुणा, अपच्चक्खाणी अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મૂળગુણ પ્રત્યાખ્યાની, ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની આ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા મૂલગુણ પ્રત્યાખ્યાની છે, તેનાથી ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા અને તેનાથી અપ્રત્યાખ્યાની અનંતગુણા છે.

**१३ एएसि णं भंते ! पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा पंचिंदियतिरिक्खजोणिया मूलगुणपच्चक्खाणी, उत्तरगुणपच्चक्खाणी असंखेज्जगुणा, अपच्चक्खाणी असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મૂળગુણ પ્રત્યાખ્યાની આદિ તિર્યંચ પંચેન્દ્રિયમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા મૂળગુણ પ્રત્યાખ્યાની પંચેન્દ્રિય તિર્યંચ છે, તેનાથી ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અસંખ્યગુણા છે અને તેનાથી અપ્રત્યાખ્યાની અસંખ્યગુણા છે.

**૧૪ एएसि णं भंते ! मणुस्साणं मूलगुणपच्चक्खाणीणं पुच्छा ?**

**गोयमा ! सव्वत्थोवा मणुस्सा मूलगुणपच्चक्खाणी, उत्तरगुणपच्चक्खाणी संखेज्जगुणा, अपच्चक्खाणी असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ મૂળગુણ પ્રત્યાખ્યાની આદિ મનુષ્યમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા મૂળગુણ પ્રત્યાખ્યાની મનુષ્ય છે, તેનાથી ઉત્તર ગુણ પ્રત્યાખ્યાની મનુષ્ય સંખ્યાતગુણા છે અને તેનાથી અપ્રત્યાખ્યાની મનુષ્ય અસંખ્યાતગુણા છે.

**દેશ અને સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાની :–**

**૧૫ जीवा णं भंते ! किं सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुणपच्चक्खाणी, अपच्चक्खाणी ?**

**गोयमा ! जीवा सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुणपच्चक्खाणी, अपच्च- क्खाणी वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાની છે, દેશ મૂળગુણ પ્રત્યાખ્યાની છે, કે અપ્રત્યાખ્યાની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાની છે, દેશ મૂળગુણ પ્રત્યાખ્યાની છે અને અપ્રત્યાખ્યાની પણ છે.

**૧૬ णेरइयाणं पुच्छा ?**

**गोयमा ! णेरइया णो सव्वमूलगुणपच्चक्खाणी, णो देसमूलगुणपच्चक्खाणी, अपच्चक्खाणी । एवं** *जाव* **चउरिंदिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નૈરયિક જીવોના વિષયમાં પણ આ જ પ્રશ્ન પૂછવા.

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક સર્વમૂળગુણ પ્રત્યાખ્યાની નથી, દેશ મૂલગુણ પ્રત્યાખ્યાની નથી પરંતુ તે અપ્રત્યાખ્યાની છે. આ રીતે ચૌરેન્દ્રિય પર્યંત કહેવું જોઈએ.

**૧૭ पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा ?**

**गोयमा ! पंचिंदियतिरिक्खजोणिया णो सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुण- पच्चक्खाणी वि, अपच्चक्खाणी वि । मणुस्सा जहा जीवा । वाणमंतर-जोइस-वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવોના વિષયમાં પણ આ જ પ્રશ્ન પૂછવા.

**ઉત્તર–** હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવો સર્વમૂળગુણ પ્રત્યાખ્યાની નથી પરંતુ દેશ મૂળગુણ પ્રત્યાખ્યાની છે અને અપ્રત્યાખ્યાની પણ છે.

મનુષ્યોના વિષયોમાં સમુચ્ચય જીવોની જેમ કથન કરવું. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના વિષયમાં નારકોની જેમ કથન કરવું.

**૧૮ एएसि णं भंते ! जीवाणं सव्वमूलगुणपच्चक्खाणीणं, देसमूलगुण- पच्चक्खाणीणं, अपच्चक्खाणीणं य कयरे कयरेहिंतो *जाव* विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा सव्वमूलगुणपच्चक्खाणी, देसमूलगुणपच्चक्खाणी असंखेज्जगुणा, अपच्चक्खाणी अणंतगुणा । एवं अप्पाबहुगाणि तिण्णि वि जहा पढमिल्लए दंडए, णवरं सव्वत्थोवा पंचिंदियतिरिक्खजोणिया देसमूलगुण पच्च- क्खाणी, अपच्चक्खाणी असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાની, દેશ મૂળગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સર્વમૂળગુણ પ્રત્યાખ્યાની જીવ છે, તેનાથી દેશ મૂળગુણ પ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા અને તેનાથી અપ્રત્યાખ્યાની અનંતગુણા છે. આ રીતે ત્રણે–ઔઘિક જીવો, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યનું અલ્પબહુત્વ પ્રથમ દંડકમાં કહ્યા અનુસાર કહેવું પરંતુ વિશેષતા એ છે કે દેશમૂળ ગુણ પ્રત્યાખ્યાની તિર્યંચ પંચેન્દ્રિય સર્વથી થોડા છે અને તેનાથી અપ્રત્યાખ્યાની પંચેન્દ્રિય તિર્યંચ અસંખ્યાતગુણા છે.

## દેશ અને સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની :–

**૧૯ जीवा णं भंते ! किं सव्वुत्तरगुणपच्चक्खाणी देसुत्तरगुणपच्चक्खाणी,**

**अपच्च- क्खाणी ?**

**गोयमा ! जीवा सव्वुत्तरगुणपच्चक्खाणी वि, एवं तिण्णि वि । पंचिंदिय- तिरिक्खजोणिया मणुस्सा य एवं चेव । सेसा अपच्चक्खाणी** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની છે, દેશઉત્તરગુણ પ્રત્યાખ્યાની છે કે અપ્રત્યાખ્યાની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવો સર્વઉત્તરગુણ પ્રત્યાખ્યાની પણ છે, દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની પણ છે અને અપ્રત્યાખ્યાની પણ છે. આ રીતે તેઓના ત્રણ પ્રકાર છે. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોનું કથન પણ પૂર્વવત્ જાણવું. તે સિવાય વૈમાનિક પર્યંત શેષ સર્વ જીવ અપ્રત્યાખ્યાની છે.

**૨૦ एएसि णं भंते ! जीवाणं सव्वुत्तरगुणपच्चक्खाणीणं, देसुत्तरगुणपच्चक्खाणीणं अपच्चक्खाणीणं कयरे कयरेहिंतो अप्पा वा** *जाव* **विसेसाहिया वा ?**

**गोयमा ! तिण्णि वि अप्पाबहुगाणि जहा पढमे दंडए** *जाव* **मणुस्साणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની, દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ ત્રણેનું અલ્પબહુત્વ પ્રથમ દંડક(સૂત્ર–૧૪–૧૬)માં કહ્યા અનુસાર મનુષ્યો સુધી જાણવું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવ અને ૨૪ દંડકોના જીવોમાં સર્વતઃ, દેશતઃ મૂલોત્તરગુણ પ્રત્યાખ્યાન અને અપ્રત્યાખ્યાનના અસ્તિત્વની અને અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

સર્વમૂળગુણ પ્રત્યાખ્યાન કેવળ મનુષ્યોમાં જ હોય છે, દેશ મૂળગુણ પ્રત્યાખ્યાન તિર્યંચ અને મનુષ્યો બંનેમાં હોય છે અને શેષ સર્વ જીવો અપ્રત્યાખ્યાની જ હોય છે, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો કદાચિત્ અપ્રત્યાખ્યાની પણ હોય છે.

આ સૂત્રોમાં અલ્પબહુત્વનું કથન ત્રણ પ્રકારે છે–

(૧) મૂળગુણ પ્રત્યાખ્યાની અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાનીનું અલ્પબહુત્વ.
(૨) સર્વતઃ મૂળગુણ પ્રત્યાખ્યાની, દેશતઃ મૂળગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાનીનું અલ્પબહુત્વ.
(૩) સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની, દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાનીનું અલ્પબહુત્વ.

**(૧) સમુચ્ચય જીવોમાં :–** સર્વથી થોડા મૂળગુણ પ્રત્યાખ્યાની, તેનાથી ઉત્તરગુણ પ્રત્યાખ્યાની

અસંખ્યાત– ગુણા છે. કારણ કે કેટલાય શ્રાવકોને મૂળગુણના પ્રત્યાખ્યાન ન હોવા છતાં પણ તેઓ મદ્ય માંસનો ત્યાગ આદિ ઉત્તરગુણની આરાધના કરે છે, તેમજ તિર્યંચ શ્રાવકોની અપેક્ષાએ તે અસંખ્યાતગુણા છે. તેનાથી અપ્રત્યાખ્યાની જીવ અનંતગુણા છે. કારણ કે તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય સિવાયના શેષ બાવીસ દંડકના જીવો અપ્રત્યાખ્યાની છે. તેમાં વનસ્પતિની અપેક્ષાએ તે અનંતગુણા છે.

**તિર્યંચ પંચેન્દ્રિયમાં :–** સર્વથી થોડા મૂળગુણ પ્રત્યાખ્યાની, તેનાથી ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અસંખ્યાત–ગુણા, તેનાથી અપ્રત્યાખ્યાની અસંખ્યાતાગુણા છે. કારણ કે તિર્યંચ પંચેન્દ્રિયો અસંખ્યાતા જ છે.

**મનુષ્યોમાં :–** સર્વથી થોડા મૂળગુણ પ્રત્યાખ્યાની, તેનાથી ઉત્તરગુણ પ્રત્યાખ્યાની સંખ્યાતગુણા છે કારણ કે ગર્ભજ મનુષ્ય સંખ્યાતા છે. તેનાથી અપ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા છે. કારણ કે સંમૂર્ચ્છિમ મનુષ્યો અપ્રત્યાખ્યાની છે અને તે અસંખ્યાતા છે.

**(૨) સમુચ્ચય જીવોમાં :–** સર્વથી થોડા સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાની, તેનાથી દેશમૂળ ગુણ પ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા, તિર્યંચ શ્રાવકોની અપેક્ષાએ; તેનાથી અપ્રત્યાખ્યાની અનંતગુણા, વનસ્પતિની અપેક્ષાએ.

**તિર્યંચ પંચેન્દ્રિયમાં :–** સર્વથી થોડા દેશમૂળગુણ પ્રત્યાખ્યાની, તેનાથી અપ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા છે. તિર્યંચ પંચેન્દ્રિયમાં સર્વમૂળગુણ પ્રત્યાખ્યાની જીવો નથી. મનુષ્યોમાં અલ્પબહુત્વનું કથન પૂર્વવત્ જાણવું.

(૩) સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની, દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની જીવોનું અલ્પબહુત્વ પૂર્વવત્ જાણવું.

## સંયત તથા પ્રત્યાખ્યાની આદિ :–

**૨૧ जीवा णं भंते ! किं संजया असंजया संजयासंजया ?**

**गोयमा ! जीवा संजया वि असंजया वि संजयासंजया वि; एवं जहेव पण्णवणाए तहेव भाणियव्वं** *जाव* **वेमाणिया, अप्पाबहुगं तहेव तिण्ह वि भाणियव्वं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો સંયત છે, અસંયત છે કે સંયતાસંયત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવો સંયત પણ છે, અસંયત પણ છે અને સંયતાસંયત પણ છે. આ રીતે પ્રજ્ઞાપના સૂત્રના ૩૨મા પદમાં કહ્યા પ્રમાણે વૈમાનિક પર્યંત કહેવું જોઈએ અને ત્રણેયના અલ્પબહુત્વનું કથન પણ તે પ્રમાણે જ કરવું જોઈએ.

**૨૨ जीवा णं भंते ! किं पच्चक्खाणी, अपच्चक्खाणी, पच्चक्खाणापच्चक्खाणी?**

**गोयमा ! जीवा तिण्णि वि । एवं मणुस्सा वि तिण्णि वि । पंचिंदियतिरिक्ख–जोणिया आइल्लविरहिया । सेसा सव्वे अपच्चक्खाणी** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો પ્રત્યાખ્યાની છે, અપ્રત્યાખ્યાની છે, અથવા પ્રત્યાખ્યાના પ્રત્યાખ્યાની છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવો પ્રત્યાખ્યાની પણ છે, અપ્રત્યાખ્યાની પણ છે અને પ્રત્યાખ્યાના પ્રત્યાખ્યાની પણ છે. અર્થાત્ ત્રણે પ્રકારના છે. આ રીતે મનુષ્ય પણ ત્રણ પ્રકારના છે.

પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવ પ્રારંભના વિકલ્પથી રહિત છે. અર્થાત્ તે પ્રત્યાખ્યાની નથી પરંતુ અપ્રત્યાખ્યાની અથવા પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની છે. શેષ વૈમાનિક સુધીના સર્વ જીવ અપ્રત્યાખ્યાની છે.

**૨૩ एएसि णं भंते ! जीवाणं पच्चक्खाणीणं** *जाव* **विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा पच्चक्खाणी, पच्चक्खाणापच्चक्खाणी असंखेज्जगुणा, अपच्चक्खाणी अणंतगुणा ।**

**पंचिंदियतिरिक्खजोणिया सव्वत्थोवा पच्चक्खाणापच्चक्खाणी, अपच्चक्खाणी असंखेज्जगुणा ।**

**मणुस्सा सव्वत्थोवा पच्चक्खाणी, पच्चक्खाणापच्चक्खाणी संखेज्जगुणा, अपच्चक्खाणी असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ પ્રત્યાખ્યાની આદિ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા પ્રત્યાખ્યાની જીવ છે, તેનાથી પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની જીવ અસંખ્યાત ગુણા છે, તેનાથી અપ્રત્યાખ્યાની જીવ અનંતગુણા છે.

પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવોમાં સર્વથી થોડા પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની જીવો છે અને તેનાથી અપ્રત્યાખ્યાની અસંખ્યાતગુણા છે.

મનુષ્યોમાં સર્વથી થોડા પ્રત્યાખ્યાની મનુષ્ય છે. તેનાથી પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની મનુષ્ય સંખ્યાત– ગુણા છે અને તેનાથી અપ્રત્યાખ્યાની મનુષ્ય અસંખ્યાતગુણા છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જીવ તથા ૨૪ દંડકના જીવોમાં સંયતાદિની અને પ્રત્યાખ્યાની આદિના અસ્તિત્વની પ્રરૂપણા કરીને તેના અલ્પબહુત્વનું નિરૂપણ કર્યું છે.

જે જીવ પ્રત્યાખ્યાની છે તે સંયત છે અને જે સંયત છે તે પ્રત્યાખ્યાની છે, બંને પરસ્પર સાપેક્ષ છે. ઉદ્દેશકના પ્રારંભમાં પ્રત્યાખ્યાનના ભેદ–પ્રભેદ વગેરેનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમ છતાં સંયમ સાથે તેનો

સંબંધ હોવાથી તે જ વિષયનું પુનરાવર્તન કર્યું છે.

૨૪ દંડકના જીવોમાં મનુષ્યો જ સંયત થઈ શકે છે. તિર્યંચ પંચેન્દ્રિય સંયતાસંયત થઈ શકે છે. શેષ સર્વ દંડકના જીવો અસંયત હોય છે. તેના અલ્પબહુત્વનું કથન સૂત્રપાઠથી સ્પષ્ટ છે.

## જીવોની શાશ્વતતા–અશાશ્વતતા :–

**૨૪ जीवा णं भंते ! किं सासया, असासया ? गोयमा ! जीवा सिय सासया सिय असासया ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जीवा सिय सासया सिय असासया ?**

**गोयमा ! दव्वट्ठयाए सासया, भावट्ठयाए असासया । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **सिय असासया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો શાશ્વત છે કે અશાશ્વત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ કથંચિત્ શાશ્વત અને કથંચિત્ અશાશ્વત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવો કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દ્રવ્યની દષ્ટિથી જીવો શાશ્વત છે અને ભાવ(પર્યાય)ની દષ્ટિથી જીવો અશાશ્વત છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે જીવો કથંચિત્ શાશ્વત્ છે કથંચિત્ અશાશ્વત છે.

**૨૫ णेरइया णं भंते ! किं सासया, असासया ? एवं जहा जीवा तहा णेरइया वि। एवं** *जाव* **वेमाणिया** *जाव* **सिय सासया सिय असासया । ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ?

**ઉત્તર–** જે રીતે સમુચ્ચય જીવોનું કથન કર્યું છે, તે રીતે નૈરયિકોનું કથન કરવું જોઈએ.

આ જ રીતે વૈમાનિક પર્યંત ૨૪ દંડકવર્તી જીવોના વિષયમાં કથન કરવું જોઈએ. તે જીવ કથંચિત્ શાશ્વત છે, કથંચિત્ અશાશ્વત છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં જીવો અને ૨૪ દંડકોના વિષયમાં શાશ્વત અને અશાશ્વતનો વિચાર દ્રવ્ય અને પર્યાય દષ્ટિએ કર્યો છે.

સંસારના સમસ્ત જીવો તેમજ નૈરયિકાદિ દંડકગત જીવો, જીવ દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે તેથી

સૂત્રમાં દ્રવ્યાર્થતયા જીવોને શાશ્વત કહ્યા છે અને વિભિન્ન ગતિઓ તથા યોનિઓમાં પરિભ્રમણ કરતા જીવ વિભિન્ન પર્યાયોને ધારણ કરે છે; જીવની તે પર્યાયો(તે તે ભાવો) અશાશ્વત હોય છે તેથી જીવોને ભાવાર્થતયા અશાશ્વત પણ કહ્યા છે. જૈન દર્શન અનુસાર પદાર્થનું સ્વરૂપ ઉત્પાદ્, વ્યય અને ધ્રુવમય છે યથા– **उत्पाद्व्य- यध्रौव्ययुक्तं सत् ।** –*[તત્વાર્થ સૂત્ર]*

ઉત્પાદ્ અને વ્યય પદાર્થના અશાશ્વત અંશ છે અને ધ્રુવ તેનો શાશ્વત અંશ છે. તેથી જીવોને **सिय सासया सिय असासया** કહ્યા છે. વિશ્વના જડ અને ચેતન પ્રત્યેક પદાર્થનું આ જ સ્વરૂપ છે.

**।। શતક ૭/ર સંપૂર્ણ ।।**

# શતક–૭ : ઉદ્દેશક–૩

## સંક્ષિપ્ત સાર

★ આ ઉદ્દેશકમાં વનસ્પતિકાયનો મહાહાર, અલ્પાહાર, લેશ્યાની અપેક્ષાએ અલ્પ વેદના મહાવેદના, વૃક્ષની મૂળ, કંદ આદિ દશ અવસ્થા, તેનો આહાર, તેનું પરિણમન; વેદના અને નિર્જરામાં ભિન્નત્વ તથા જીવની શાશ્વતતા–અશાશ્વતતા વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ વનસ્પતિકાયિક જીવ પ્રાવૃટ્ અને વર્ષાઋતુમાં જલની અધિકતાના કારણે અધિક આહાર કરે છે. ત્યાર પછી ક્રમશઃ શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મઋતુમાં અલ્પાહાર કરે છે. ગ્રીષ્મઋતુમાં સર્વાલ્પાહાર હોવા છતાં પણ અનેક ઉષ્ણયોનિક જીવ વનસ્પતિરૂપે ઉત્પન્ન થાય છે અને પુદ્ગલો વિશેષરૂપે ચય, ઉપચયને પ્રાપ્ત થાય છે. તેથી ગ્રીષ્મઋતુમાં કેટલીક વનસ્પતિઓ હરિયાળી પ્રતીત થાય છે.

★ વૃક્ષની દશ અવસ્થા મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ(પ્રશાખા), પત્ર, પુષ્પ, ફળ અને બીજ છે. તેમાં મૂળનો જીવ મૂળથી સ્પૃષ્ટ અને પૃથ્વીથી સંલગ્ન હોય છે. મૂળ કંદથી, કંદ સ્કંધથી આ રીતે દશે અવસ્થા ક્રમશઃ સંબદ્ધ છે. તેમાં મૂળનો જીવ પૃથ્વીમાંથી પૃથ્વીરસને સ્વયોગ્ય આહારરૂપે ગ્રહણ કરીને, પરિણમાવે છે, કંદના જીવ મૂળે પરિણત કરેલા રસને ગ્રહણ કરે છે. આ રીતે બીજ પર્યંત જાણવું.

★ કૃષ્ણલેશ્યા અત્યંત ક્રૂર પરિણામ રૂપ છે. તેની અપેક્ષાએ નીલલેશ્યા કંઈક શુભ પરિણામ રૂપ છે. આ કારણે સામાન્યતઃ કૃષ્ણલેશી જીવ મહાવેદના અને તેની અપેક્ષાએ નીલલેશી જીવ અલ્પવેદના ભોગવે છે પરંતુ ક્યારેક સ્થિતિની અપેક્ષાએ કૃષ્ણલેશી અલ્પવેદના અને નીલલેશી મહાવેદના ભોગવે છે. જેમ કે કોઈ કૃષ્ણલેશી નારકી જીવે દીર્ઘ આયુસ્થિતિ પૂર્ણ કરી હોય અને કોઈ નીલલેશી નારકી ઉત્પન્ન થતો હોય તેને દીર્ઘ સ્થિતિ ભોગવવાની બાકી હોય તો તે અપેક્ષાએ કૃષ્ણલેશીને અલ્પવેદના અને નીલલેશીને મહાવેદના હોય છે.

★ કર્મફળના અનુભવને વેદના કહે છે. વેદન થઈ ગયા પછી કર્મ અકર્મરૂપ બની જાય અને આત્મ–પ્રદેશોથી પૃથક્ થઈ જાય, તેને નિર્જરા કહે છે, પહેલા વેદના અને પછી નિર્જરા હોય છે. આ બંને એક સમયે થાય તે શક્ય નથી.

★ ૨૪ દંડકના જીવો દ્રવ્યાર્થિક નયથી શાશ્વત અને પર્યાયાર્થિક નયથી અશાશ્વત છે.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૩

## સ્થાવર

### વનસ્પતિનો અલ્પ અને અધિક આહાર :–

**१ वणस्सइकाइया णं भंते ! किं कालं सव्वप्पाहारगा वा सव्वमहाहारगा वा भवंति ?**

**गोयमा ! पाउसवरिसारत्तेसु णं एत्थ णं वणस्सइकाइया सव्वमहाहारगा भवंति, तयाणंतरं च णं सरए, तयाणंतरं च णं हेमंते, तयाणंतरं च णं वसंते, तयाणंतरं च णं गिम्हे, गिम्हासु णं वणस्सइकाइया सव्वप्पाहारगा भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વનસ્પતિકાયિક જીવ કયા સમયે સર્વ અલ્પાહારી(ઓછામાં ઓછો આહાર કરનારા) હોય છે અને કયા સમયે સર્વ મહાહારી(વધુમાં વધુ આહાર કરનારા) હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રાવૃષ્ ઋતુ(પ્રકૃષ્ટ વર્ષાઋતુ) એટલે શ્રાવણ અને ભાદરવા માસમાં તથા વર્ષાઋતુ એટલે આસો અને કાર્તિક માસમાં વનસ્પતિકાયિક જીવ સર્વમહાહારી હોય છે, તત્પશ્ચાત્ શરદઋતુમાં, તત્પશ્ચાત્ હેમંતઋતુમાં, તત્પશ્ચાત્ વસંતઋતુમાં અને તત્પશ્ચાત્ ગ્રીષ્મઋતુમાં વનસ્પતિકાયિક જીવ ક્રમશઃ અલ્પાહારી હોય છે, ગ્રીષ્મઋતુમાં તે સર્વાલ્પાહારી હોય છે.

**२ जइ णं भंते ! गिम्हासु वणस्सइकाइया सव्वप्पाहारगा भवंति, कम्हा णं भंते! गिम्हासु बहवे वणस्सइकाइया पत्तिया पुप्फिया फलिया हरियगरेरिज्जमाणा, सिरीए अईव अईव उवसोभेमाणा उवसोभेमाणा चिट्ठंति ?**

**गोयमा ! गिम्हासु णं बहवे उसिणजोणिया जीवा य पोग्गला य वणस्सइ–काइयत्ताए वक्कमंति विउक्कमंति चयंति उवचयंति; एवं खलु गोयमा ! गिम्हासु णं बहवे वणस्सइकाइया पत्तिया पुप्फिया *जाव* चिट्ठंति ।**

**શબ્દાર્થ :– हरियगरेरिज्जमाणा** = હરિયાળીથી અત્યંત દીપ્તિ યુક્ત **सिरीए** = શોભાથી **उसिणजोणिया** = ઉષ્ણયોનિવાળા **वक्कमंति** = ઉપજે છે **विउक्कमंति** = વિશેષ ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો ગ્રીષ્મઋતુમાં વનસ્પતિકાયિક જીવ સર્વ અલ્પાહારી હોય છે તો પછી

અનેક વનસ્પતિ ગ્રીષ્મઋતુમાં પત્રો, પુષ્પો અને ફળોથી યુક્ત, હરિયાળીથી દેદીપ્યમાન અને શ્રી–શોભાથી અત્યંત સુશોભિત કેમ દેખાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ગ્રીષ્મઋતુમાં ઘણા ઉષ્ણયોનિવાળા જીવો વનસ્પતિકાયરૂપે ઉત્પન્ન થાય છે, વિશેષ રૂપે ઉત્પન્ન થાય છે, પુદ્ગલોનો ચય થાય છે અર્થાત્ તે વૃદ્ધિને પ્રાપ્ત થાય છે અને વિશેષ રૂપે વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. તેથી હે ગૌતમ ! ગ્રીષ્મઋતુમાં અનેક વનસ્પતિ પત્રો, પુષ્પો અને ફૂલોથી યુક્ત તથા સુશોભિત થાય છે, સુંદર દેખાય છે.

## વિવેચન :–

છ ઋતુઓમાંથી બે ઋતુઓમાં વરસાદ ખૂબ વરસે છે. તેથી જલ–સ્નેહની અધિકતાના કારણે વનસ્પતિને વધુ આહાર મળે છે તેથી તે સમયે વનસ્પતિકાયિક જીવો વધુમાં વધુ આહારગ્રહણ કરે છે. ત્યાર પછી ક્રમશઃ શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મઋતુમાં તેનો આહાર ઓછો થાય છે.

**उसिणजोणिया :–** ઉષ્ણ યોનિક જીવ. પ્રજ્ઞાપના સૂત્રમાં જીવોની ઉત્પત્તિની અપેક્ષાએ ત્રણ યોનિ કહી છે– શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. પ્રત્યેક વનસ્પતિમાં આ ત્રણે ય યોનિ હોય છે. ઉષ્ણયોનિક જીવ ઉષ્ણ પુદ્ગલોના સંયોગમાં વધુ વિકસિત થાય છે. તેથી કેટલીક વનસ્પતિઓ ગ્રીષ્મ ઋતુમાં અત્યંત શોભાયુક્ત દેખાય છે.

**वक्कमंति विउक्कमंति चयंति, उवचयंति :–** આ ચાર ક્રિયાઓમાંથી બે ક્રિયાઓ જીવ સંબંધી અને બે ક્રિયાઓ પુદ્ગલ સંબંધી છે.

(૧) **वणस्सइकाइयत्ताए वक्कमंति** = વનસ્પતિકાય રૂપે જીવ ઉત્પન્ન થાય છે.

(૨) **विउक्कमंति** = વિશેષ ઉત્પન્ન થાય છે.

(૩) **चयंति** = પુદ્ગલોનો ચય–સંગ્રહ થાય છે, વૃદ્ધિ પામે છે.

(૪) **उवचयंति** = પુદ્ગલોનો ઉપચય = વિશેષ સંગ્રહ થાય છે, વિશેષરૂપે વૃદ્ધિ પામે છે. તાત્પર્ય એ છે કે ઘણાં જીવો અને પુદ્ગલો વનસ્પતિમાં આવે છે. તેથી તે હરિયાળી અને સુશોભિત દેખાય છે.

## મૂળ, કંદ આદિનો સંબંધ અને આહાર :–

**૩ से णूणं भंते ! मूला मूलजीवफुडा, कंदा कंदजीवफुडा** *जाव* **बीया बीयजीवफुडा?**
**हंता गोयमा ! मूला मूलजीवफुडा** *जाव* **बीया बीयजीवफुडा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું વનસ્પતિકાયિકના મૂળ, મૂળના જીવોથી સ્પૃષ્ટ(વ્યાપ્ત) હોય છે ? કંદ, કંદના જીવોથી સ્પૃષ્ટ હોય છે ***યાવત્*** બીજ, બીજના જીવોથી સ્પૃષ્ટ હોય છે ?

**ઉત્તર–** હા ગૌતમ ! મૂળ, મૂળના જીવોથી સ્પૃષ્ટ હોય છે, ***યાવત્*** બીજ, બીજના જીવોથી સ્પૃષ્ટ હોય છે.

**૪ जइ णं भंते ! मूला मूलजीवफुडा *जाव* बीया बीयजीवफुडा; कम्हा णं भंते ! वणस्सइकाइया आहारेंति, कम्हा परिणामेंति ?**

**गोयमा ! मूला मूलजीवफुडा, पुढवीजीवपडिबद्धा, तम्हा आहारेंति, तम्हा परिणामेंति; कंदा कंदजीवफुडा मूलजीवपडिबद्धा, तम्हा आहारेंति, तम्हा परिणामेंति; एवं *जाव* बीया बीयजीवफुडा फलजीवपडिबद्धा, तम्हा आहारेंति, तम्हा परिणामेंति।**

**શબ્દાર્થ :– फुडा** = વ્યાપ્ત **पडिबद्धा** = પ્રતિબદ્ધ, બંધાયેલા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જો મૂળ, મૂળના જીવોથી સ્પૃષ્ટ હોય, ***યાવત્*** બીજ, બીજના જીવોથી સ્પૃષ્ટ હોય, તો હે ભગવન્ ! વનસ્પતિકાયિક જીવ કેવી રીતે આહાર કરે અને કેવી રીતે તેને પરિણમાવે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મૂળ, મૂળના જીવોથી સ્પૃષ્ટ છે અને તે પૃથ્વીના જીવોની સાથે પણ સંબદ્ધ જોડાયેલા હોય છે, તેથી તે પૃથ્વીમાંથી આહાર લે છે અને પરિણમાવે છે. આ રીતે કંદ, કંદના જીવોથી સ્પૃષ્ટ હોય અને મૂળના જીવો સાથે સંબદ્ધ હોય છે, તેથી મૂલના જીવો દ્વારા પરિણમાવેલા આહારમાંથી આહાર લે છે અને પરિણમાવે છે. આ રીતે ***યાવત્*** બીજ, બીજના જીવોથી સ્પૃષ્ટ હોય અને ફળના જીવો સાથે સંબદ્ધ હોય છે, તેથી તે ફળના જીવો દ્વારા પરિણમાવેલા આહારમાંથી આહાર કરે છે અને તેને પરિણમાવે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં વૃક્ષાદિની દશે અવસ્થાનું પરસ્પર સંબંધ અને તેના આહારગ્રહણની રીત પ્રદર્શિત કરી છે.

મૂળ, કંદ, સ્કંધ, ત્વચા(છાલ), શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ તે વૃક્ષાદિની દશ અવસ્થા છે.

મૂળ આદિ પોત–પોતાના જીવોથી વ્યાપ્ત હોવા છતાં પણ પરસ્પર એકબીજા સાથે જોડાયેલા (પ્રતિબદ્ધ) હોય છે, તે કારણે એકબીજાથી ક્રમશઃ આહાર ગ્રહણ કરે છે. સર્વ પ્રથમ મૂળના જીવ પૃથ્વીના રસનો આહાર કરે છે, કંદના જીવ, મૂળ દ્વારા પરિણમિત આહારમાંથી આહાર ગ્રહણ કરે છે, આ રીતે ક્રમશઃ બીજ પર્યંત વનસ્પતિના જીવો આહાર ગ્રહણ કરીને પરિણમાવે છે.

## કંદમૂળમાં અનંત અને વિભિન્ન જીવ :–

**૫ अह भंते ! आलुए मूलए सिंगबेरे हिरिली सिरिली सिस्सिरिली किट्ठिया**

**छिरेया छीरविरालिया कण्हकंदे वज्जकंदे सूरणकंदे खेलूडे भद्दमुत्था पिंडहलिद्दा लोही णीहू थीहू थिभगा मुग्गपण्णी अस्सकण्णी सीहकण्णी सीहंढी मुंसुंढी जेयावण्णे तहप्पगारा सव्वे ते अणंतजीवा विविहसत्ता ।**

**हंता गोयमा ! आलुए मूलए** *जाव* **अणंतजीवा विविहसत्ता ।**

**શબ્દાર્થ :– जेयावण्णे** = જે કોઈપણ, જેટલા **तहप्पगारा** = તથા પ્રકારની.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બટેટા, મૂળા, આદુ, હિરિલી, સિરીલી સિસ્સિરિલી, કિટ્ટિકા, ક્ષીરિકા, ક્ષીરવિદારિકા, કૃષ્ણકંદ, વજ્રકંદ, સૂરણકંદ, ખેલુટ, ભદ્રમોથ(ભદ્રમુસ્તા), પિંડહરિદ્રા(હળદર), લોહી, ણીહુ, થીહુ, હસ્તિભાગા, મુદ્ગપર્ણી, અશ્વકર્ણી, સિંહકર્ણી, શિખંડી, મુસુંઢી, એ બધી કંદરૂપ વનસ્પતિઓ તથા તે પ્રકારની બીજી પણ વનસ્પતિઓ શું અનંત જીવોવાળી અને પૃથક્ પૃથક્ જીવવાળી છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! બટેટા, મૂળાથી લઈ મુસુંઢી પર્યંતની અને તે પ્રકારની જેટલી બીજી વનસ્પતિઓ છે, તે સર્વ અનંત જીવવાળી અને પૃથક્ પૃથક્ જીવવાળી છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અનંતકાયિક વનસ્પતિનો નામોલ્લેખ કરીને, તેમાં અનંત જીવોનું અને તે જીવોના સ્વતંત્ર અસ્તિત્વનું નિરૂપણ કર્યું છે.

**अणंत जीवा विविहसत्ता :–** બટેટા આદિ કંદમૂળ સાધારણ વનસ્પતિ છે, તેમાં એક શરીરે અનંતા જીવ છે. અનંત જીવોનું શરીર એક જ છે તેથી તે જીવોની શરીરજન્ય પ્રત્યેક ક્રિયા પણ એક સાથે જ થાય છે, અર્થાત્ તે જીવોનો આહાર, શ્વાસોચ્છ્‌વાસ વગેરે ક્રિયા સાથે થાય છે. તે અનંત જીવો એક શરીરને આશ્રિત રહેલા છે. તે જીવોનું સ્થૂલ શરીર એક છે પરંતુ તે અનંત જીવોના તેજસ–કાર્મણ રૂપ સૂક્ષ્મ શરીર પૃથક્ પૃથક્ છે, પ્રત્યેકનો આત્મા, કર્મ, તેના અધ્યવસાયો વગેરે સ્વતંત્ર છે. તેથી જ કહ્યું છે કે **विविहसत्ता** તે અનંતજીવોની પૃથક્ સત્તા છે. અનંતકાયિક વનસ્પતિના વિશેષ સ્પષ્ટીકરણ માટે જુઓ– [*પ્રજ્ઞાપના સૂત્ર* ૫૯–૧.]

## લેશ્યાની અપેક્ષાએ અલ્પ–મહાકર્મત્વ :–

**६ सिय भंते ! कण्हलेसे णेरइए अप्पकम्मतराए, णीललेसे णेरइए महाकम्मतराए ? हंता, सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું કૃષ્ણલેશી નૈરયિક કદાચિત્ અલ્પકર્મી અને નીલલેશી નૈરયિક કદાચિત્ મહાકર્મી હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કદાચિત્ એ પ્રમાણે હોય છે.

**૭ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– कण्हलेसे णेरइए अप्पकम्मतराए, णीललेसे णेरइए महाकम्मतराए ।**

**गोयमा ! ठिइं पडुच्च । से तेणट्ठेणं गोयमा !** *जाव* **महाकम्मतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કૃષ્ણલેશી નૈરયિક અલ્પકર્મી અને નીલલેશી નૈરયિક મહાકર્મી હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સ્થિતિની અપેક્ષાએ એ પ્રમાણે હોય છે અર્થાત્ અલ્પસ્થિતિવાળા કૃષ્ણલેશી નૈરયિક કદાચિત્ અલ્પકર્મી અને અધિક સ્થિતિવાળા નીલલેશી નૈરયિક મહાકર્મી હોય છે.

**૮ सिय भंते ! णीललेसे णेरइए अप्पकम्मतराए, काउलेसे णेरइए महाकम्म– तराए ? हंता, सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નીલલેશી નૈરયિક અલ્પકર્મી અને કાપોતલેશી નૈરયિક કદાચિત્ મહાકર્મી હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કદાચિત્ એ પ્રમાણે હોય છે.

**૯ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णीललेसे णेरइए अप्पकम्मतराए, काउलेसे णेरइए महाकम्मतराए ?**

**गोयमा ! ठिइं पडुच्च; से तेणट्ठेणं गोयमा !** *जाव* **महाकम्मतराए ।**

**एवं असुरकुमारे वि, णवरं तेउलेसा अब्भहिया । एवं** *जाव* **वेमाणिया जस्स जइ लेस्साओ तस्स तत्तिया भाणियव्वाओ । जोइसियस्स ण भण्णइ;** *जाव* **सिय भंते। पम्हलेस्से वेमाणिए अप्पकम्मतराए, सुक्कलेसे वेमाणिए महाकम्मतराए ? हंता, सिया । से केणट्ठेणं ? सेसं जहा णेरइयस्स** *जाव* **महाकम्मतराए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નીલલેશી નૈરયિક કદાચિત્ અલ્પકર્મી અને કાપોતલેશી નૈરયિક કદાચિત્ મહાકર્મી હોય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સ્થિતિની અપેક્ષાએ આ પ્રમાણે હોય છે. અલ્પસ્થિતિવાળા નીલલેશી નૈરયિક કદાચિત્ અલ્પકર્મી અને અધિક સ્થિતિવાળા કાપોતલેશી નૈરયિક કદાચિત્ મહાકર્મી હોય છે.

આ રીતે અસુરકુમારોના વિષયમાં પણ કહેવું જોઈએ પરંતુ તેમાં એક તેજોલેશ્યા અધિક હોય છે અર્થાત્ કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો આ ચાર લેશ્યાઓ હોય છે.

આ રીતે વૈમાનિકો સુધી કહેવું જોઈએ. જેને જેટલી લેશ્યાઓ હોય તેટલી કહેવી પરંતુ જ્યોતિષી દેવોના દંડકનું કથન ન કરવું જોઈએ; કારણ કે તેમાં એક તેજોલેશ્યા જ હોય છે. તેથી પરસ્પર તુલના થઈ

શકતી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું પદ્મલેશી વૈમાનિક કદાચિત્ અલ્પકર્મી અને શુક્લલેશી વૈમાનિક કદાચિત્ મહાકર્મી હોય છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! કદાચિત્ આ પ્રમાણે હોય છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ? **ઉત્તર–** શેષ સંપૂર્ણ કથન નૈરયિકોની જેમ જાણવું. ***યાવત્*** શુક્લલેશી વૈમાનિક કદાચિત્ મહાકર્મી હોય છે, ત્યાં સુધી કહેવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ૨૪ દંડકના જીવોમાં લેશ્યાની અપેક્ષાએ કર્મની તારતમ્યતાનું સયુક્તિક કથન છે.

**સાપેક્ષ કથનનો આશય :–** સામાન્યતયા કૃષ્ણલેશ્યા અનંત અશુભ પરિણામરૂપ છે, તેની અપેક્ષાએ નીલલેશ્યા કંઈક શુભ પરિણામરૂપ છે. તેથી કૃષ્ણલેશી જીવ મહાકર્મી અને નીલલેશી જીવ તેનાથી અલ્પકર્મી હોય છે પરંતુ આયુષ્ય–સ્થિતિની અલ્પતાના કારણે કૃષ્ણલેશી જીવ અલ્પકર્મી અને અધિકતાના કારણે નીલલેશી જીવ મહાકર્મી પણ હોઈ શકે છે.

જેમ કે સાતમી નરકમાં ઉત્પન્ન થયેલા કોઈ કૃષ્ણલેશી નૈરયિકે પોતાના આયુષ્યની અધિક સ્થિતિ ભોગવી લીધી છે, તેથી તેના અધિક કર્મો ક્ષય થઈ ગયા છે પરંતુ તેની અપેક્ષાએ કોઈ નીલલેશી નૈરયિક દસ સાગરોપમની સ્થિતિએ પાંચમી નરકમાં તત્કાલ ઉત્પન્ન થયો છે, તેણે પોતાના આયુષ્યની સ્થિતિ વધુ ક્ષય કરી નથી, તેના કર્મો પણ વધારે ક્ષય થયા નથી, તેથી તે નીલલેશી નૈરયિક ઉક્ત કૃષ્ણલેશી નૈરયિકની અપેક્ષાએ મહાકર્મી હોય છે. આ રીતે પ્રત્યેક સ્થાનમાં સમજી લેવું જોઈએ.

## વેદના અને નિર્જરા :–

**૧૦ से णूणं भंते ! जा वेयणा सा णिज्जरा, जा णिज्जरा सा वेयणा ?**
**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જે વેદના છે તે નિર્જરા છે અને જે નિર્જરા છે તે વેદના છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૧ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जा वेयणा ण सा णिज्जरा, जा णिज्जरा ण सा वेयणा ?**

**गोयमा ! कम्मं वेयणा, णोकम्मं णिज्जरा; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **ण सा वेयणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જે વેદના છે તે નિર્જરા નથી અને જે નિર્જરા છે તે વેદના નથી ?

**ઉત્તર–** ગૌતમ ! વેદના કર્મ છે અને નિર્જરા નોકર્મ છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહેવાય છે કે જે વેદના છે તે નિર્જરા નથી અને જે નિર્જરા છે તે વેદના નથી.

**૧૨ णेरइयाणं भंते ! जा वेयणा सा णिज्जरा; जा णिज्जरा सा वेयणा ?**
**गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિકોને જે વેદના છે તે નિર્જરા છે અને જે નિર્જરા છે તે વેદના છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. આ રીતે વૈમાનિક પર્યંત કહેવું જોઈએ.

**૧૩ से णूणं भंते ! जं वेदेंसु तं णिज्जरिंसु, जं णिज्जरिंसु तं वेदेंसु ।**
**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જે કર્મોનું વેદન કર્યું (ભોગવ્યા) હતું તે કર્મોની નિર્જરા થઈ હતી અને જે કર્મોની નિર્જરા થઈ હતી તેનું વેદન પણ કર્યું હતું ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૧૪ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जं वेदेंसु णो तं णिज्जरेंसु, जं णिज्जरेंसु णो तं वेदेंसु ?**

**गोयमा ! कम्मं वेदेंसु, णोकम्मं णिज्जरिंसु; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **णो तं वेदेंसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જે કર્મનું વેદન કર્યું, તેની નિર્જરા થઈ નથી અને જે કર્મોની નિર્જરા થઈ તે કર્મોનું વેદન કર્યું નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મોનું વેદન કર્યું હતું અને નોકર્મોની નિર્જરા કરી હતી, તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે કે જે કર્મનું વેદન કર્યું હતું, તેની નિર્જરા કરી નથી અને જે કર્મોની નિર્જરા કરી હતી તેનું વેદન કર્યું નથી.

**૧૫ णेरइयाणं भंते ! जं वेदेंसु तं णिज्जरिंसु ? एवं जहा ओहियो दंडओ तहा णेरइया वि । एवं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોએ જે કર્મોનું વેદન કર્યું, શું તેની નિર્જરા કરી હતી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેમ ઓઘિક જીવોના વિષયમાં કહ્યું તેમ નૈરયિકોના વિષયમાં જાણવું. આ રીતે વૈમાનિક પર્યંત ૨૪ દંડકમાં કથન કરવું જોઈએ.

**१६ से णूणं भंते ! जं वेदेंति तं णिज्जरेंति; जं णिज्जरेंति तं वेदेंति ?**
**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જે કર્મનું વેદન કરે છે, તેની નિર્જરા કરે છે અને જેની નિર્જરા કરે છે, તેનું વેદન કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**१७ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **णो तं वेदेंति ?**
**गोयमा ! कम्मं वेदेंति, णोकम्मं णिज्जरेंति; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **णो तं वेदेंति । एवं णेरइया वि** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જેનું વેદન કરે છે, તેની નિર્જરા કરતા નથી અને જેની નિર્જરા કરે છે, તેનું વેદન કરતા નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મનું વેદન કરે છે અને નોકર્મની નિર્જરા કરે છે, તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે કે જેની નિર્જરા કરે છે, તેનું વેદન કરતા નથી.

આ જ રીતે નૈરયિકોથી વૈમાનિકો પર્યંત ૨૪ દંડકોમાં કથન કરવું જોઈએ.

**१८ से णूणं भंते ! जं वेदिस्संति तं णिज्जरिस्संति, जं णिज्जरिस्संति तं वेदिस्संति?**
**गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જે કર્મોનું વેદન કરશે, તેની નિર્જરા કરશે અને જે કર્મની નિર્જરા કરશે તેનું વેદન કરશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**१९ से केणट्ठेणं** *जाव* **णो तं वेदिस्संति ?**
**गोयमा ! कम्मं वेदिस्संति, णोकम्मं णिज्जरिस्संति; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **णो णिज्जरिस्संति । एवं णेरइया वि** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જેની નિર્જરા કરશે તેનું વેદન કરશે નહીં ?

**ઉત્તર–** હે ગૌતમ ! કર્મનું વેદન કરશે અને નોકર્મની નિર્જરા કરશે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે કે જેનું વેદન કરશે તેની નિર્જરા કરશે નહીં, જેની નિર્જરા કરશે તેનું વેદન થશે નહીં.

આ રીતે નૈરયિકોથી વૈમાનિક પર્યંતના ૨૪ દંડકોમાં જાણી લેવું જોઈએ.

**૨૦ से णूणं भंते ! जे वेयणासमए से णिज्जरासमए, जे णिज्जरासमए से वेयणा– समए ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જે વેદનાનો સમય છે તે જ નિર્જરાનો સમય છે અને જે નિર્જરાનો સમય છે તે વેદનાનો સમય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૨૧ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जे वेयणासमए ण से णिज्जरासमए, जे णिज्जरासमए ण से वेयणासमए ?**

**गोयमा ! जं समयं वेदेंति णो तं समयं णिज्जरेंति; जं समयं णिज्जरेंति णो तं समयं वेदेंति; अण्णम्मि समए वेदेंति, अण्णम्मि समए णिज्जरेंति; अण्णे से वेयणासमए, अण्णे से णिज्जरासमए; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *जाव* **ण से वेयणासमए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જે વેદનાનો સમય છે, તે નિર્જરાનો સમય નથી અને જે નિર્જરાનો સમય છે, તે વેદનાનો સમય નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે સમયે વેદન કરે છે, તે સમયે નિર્જરા કરતા નથી અને જે સમયે નિર્જરા કરે છે, તે સમયે વેદન કરતા નથી, અન્ય સમયે વેદન કરે છે અને અન્ય સમયે નિર્જરા કરે છે, વેદનાનો સમય અન્ય છે, તેમજ નિર્જરાનો સમય અન્ય છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે જે વેદનાનો સમય છે, તે સમય નિર્જરાનો નથી અને નિર્જરાનો જે સમય છે, તે વેદનાનો સમય નથી.

**૨૨ णेरइयाणं भंते ! जे वेयणासमए से णिज्जरासमए, जे णिज्जरासमए से वेयणासमए ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવોને જે વેદનાનો સમય છે તે નિર્જરાનો સમય છે અને જે નિર્જરાનો સમય છે, તે વેદનાનો સમય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૨૩ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइयाणं जे वेयणासमए ण से णिज्जरा– समए, जे णिज्जरासमए ण से वेयणासमए ?**

**गोयमा ! णेरइया णं जं समयं वेदेंति णो तं समयं णिज्जरेंति; जं समयं णिज्जरेंति णो तं समयं वेदेंति; अण्णम्मि समए वेदेंति, अण्णम्मि समए णिज्जरेंति;**

**अण्णे से वेयणासमए अण्णे से णिज्जरासमए; से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ** *જાવ* **ण से वेयणासमए । एवं** *જાવ* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિકોને જે વેદનાનો સમય છે, તે નિર્જરાનો સમય નથી અને જે નિર્જરાનો સમય છે તે વેદનાનો સમય નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ જે સમયે વેદન કરે છે, તે સમયે નિર્જરા કરતા નથી અને જે સમયે નિર્જરા કરે છે તે સમયે વેદન કરતા નથી. અન્ય સમયમાં વેદન કરે છે અને અન્ય સમયમાં નિર્જરા કરે છે, તેનો વેદનનો સમય અન્ય છે અને નિર્જરાનો સમય અન્ય છે; તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે ***યાવત્*** જે નિર્જરાનો સમય છે તે વેદનાનો સમય નથી. આ જ રીતે વૈમાનિકો પર્યંત ૨૪ દંડકોમાં કથન કરવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સામાન્ય જીવ અને ૨૪ દંડકના જીવમાં ત્રણે ય કાલની અપેક્ષાએ વેદના અને નિર્જરાના સમયમાં પૃથક્ત્વ નિરૂપિત કર્યું છે.

**વેદના :–** ઉદય પ્રાપ્ત કર્મોને ભોગવવા તે વેદના.

**નિર્જરા :–** કર્મના વેદન પછી તે નોકર્મ બની જાય અને તેનો નાશ થવો અર્થાત્ આત્માથી દૂર થવા, તે નિર્જરા છે.

બંનેનું સ્વરૂપ જોતાં સ્પષ્ટ થાય છે કે વેદના અને નિર્જરા બંને સર્વથા પૃથક્ છે. તેથી જ સૂત્રમાં કહ્યું છે કે વેદના કર્મની થાય છે અને નિર્જરા નોકર્મ(કર્માભાવ)ની થાય છે. તેનું તાત્પર્ય એ છે કે કષાય અને યોગના નિમિત્તથી જીવ જ્યારે કર્મ પુદ્ગલ ગ્રહણ કરે અને આત્મા સાથે એકમેક થાય, બદ્ધ થાય ત્યારથી તે 'કર્મ' કહેવાય છે અને વેદનના અંતિમ સમય સુધી તે કર્મરૂપે રહે છે. વેદના અનુભૂયમાન કર્મરૂપ છે, વેદના અને કર્મ તે બંને સમાન કાલભાવી હોવાથી વેદના કર્મરૂપ કહેવાય છે. જ્યારે વેદન સમાપ્ત થાય છે ત્યારે તે નોકર્મ બની જાય છે અને નોકર્મ બનેલા દલિકો આત્માથી છૂટા પડે તેને નિર્જરા કહે છે. આ રીતે બંનેના સ્વરૂપની ભિન્નતા સાથે જ તેના સમયની ભિન્નતા સમજાય છે. પહેલા વેદના અને ત્યાર પછી નિર્જરા થાય છે. તેથી બંનેના સમયમાં ભિન્નતા છે. પૂર્વ સમયવર્તી વેદના અને ઉત્તર સમયવર્તી નિર્જરા છે. આ રીતે ત્રણે ય કાલમાં ૨૪ દંડકના જીવોમાં વેદના અને નિર્જરાના સ્વરૂપની અને તેના સમયની ભિન્નતા સ્પષ્ટ થાય છે.

## નૈરયિકાદિની શાશ્વતતા–અશાશ્વતતા :–

**૨૪ णेरइया णं भंते ! किं सासया, असासया ?**

**गोयमा ! सिय सासया सिय असासया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! નૈરયિક જીવ કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે ?

**૨૫ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– णेरइया सिय सासया सिय असासया ?**

**गोयमा ! अव्वोच्छित्ति णयट्ठयाए सासया, वोच्छित्ति णयट्ठयाए असासया । से तेणट्ठेणं** *जाव* **सिय सासया सिय असासया; एवं** *जाव* **वेमाणिया । ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિક જીવ કથંચિત્ શાશ્વત અને કથંચિત્ અશાશ્વત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અવ્યુચ્છિત્તિ નયની અપેક્ષાએ અર્થાત્ દ્રવ્યાર્થિક નયે નૈરયિક જીવ શાશ્વત છે અને વ્યુચ્છિત્તિ નયની અપેક્ષાએ અર્થાત્ પર્યાયાર્થિક નયે નૈરયિક જીવ અશાશ્વત છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહેવાય છે કે નૈરયિક જીવ કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે.

આ જ રીતે વૈમાનિક પર્યંત કહેવું જોઈએ કે તે કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સાપેક્ષ દષ્ટિકોણથી જીવની શાશ્વતતા અને અશાશ્વતતાનું નિરૂપણ છે.

**વ્યચ્છેદનયથી અશાશ્વતતા :–** ચોવીસ દંડકના જીવો ભવસ્થિતિની અપેક્ષાએ અશાશ્વત છે. પ્રત્યેક નારકી જન્મે છે અને મૃત્યુ પામે છે. નારકી જીવ વધારેમાં વધારે તેત્રીસ સાગરોપમથી અધિક કાલ નારક પર્યાયમાં રહેતો નથી. તેથી તે અશાશ્વત છે.

**અવ્યવચ્છેદથી શાશ્વતતા :–** પરંપરાની અપેક્ષાએ નૈરયિકાદિ દંડકના જીવો શાશ્વત છે. આ જગતમાં એક પણ સમય એવો નથી જે સમયે નારક જીવો ન હોય. જગત નારક જીવોથી ક્યારે ય શૂન્ય થતું નથી તેથી પરંપરા પેક્ષયા(પ્રવાહની અપેક્ષાએ) નૈરયિકાદિ ચોવીસ દંડકના જીવો શાશ્વત છે.

**બીજા અને ત્રીજા ઉદ્દેશકમાં વર્ણિત શાશ્વતતા–અશાશ્વતતાનો તફાવત :–** શતક–૭, ઉદ્દેશક–૨, સૂત્ર–૨૪, ૨૫માં જીવદ્રવ્યની અપેક્ષાએ અને તેની પર્યાયની અપેક્ષાએ શાશ્વતતા–અશાશ્વતતાનું નિરૂપણ છે; જ્યારે આ સૂત્રોમાં જન્મ મરણની અપેક્ષાએ જીવોને અશાશ્વત કહ્યા છે અને અવ્યવચ્છેદ(પરંપરા)ની અપેક્ષાએ સર્વ દંડકમાં જીવો સદા હોય છે તેથી દરેક દંડકના જીવો શાશ્વત છે, તેમ જણાવ્યું છે. બંને ઉદ્દેશકના પ્રશ્નોત્તર સમાન જણાતાં હોવા છતાં ઉત્તરના ભાવોમાં ભિન્નતા સ્પષ્ટ છે.

બીજા ઉદ્દેશકમાં સમુચ્ચય જીવ અને ચોવીસ દંડકની પૃચ્છા છે અને આ ત્રીજા ઉદ્દેશકના આ સૂત્રોમાં નૈરયિકાદિ ચોવીસ દંડકની જ પૃચ્છા છે.

સમુચ્ચય જીવમાં જીવની વધ–ઘટ થતી નથી તેથી તેમાં વ્યવચ્છેદનય શક્ય નથી. અહીં વ્યવચ્છેદનય અને અવ્યવચ્છેદ બંને નયથી કથન છે તેથી પ્રસ્તુતમાં સમુચ્ચય જીવની પૃચ્છા કર્યા વિના નૈરયિકની પૃચ્છાથી જ સૂત્રોનો પ્રારંભ કર્યો છે.

॥ શતક ૭/૩ સંપૂર્ણ ॥

# શતક–૭ : ઉદ્દેશક–૪

## જીવ

### સંસાર સમાપન્નક જીવ :–

**१** रायगिहे णयरे *जाव* एवं वयासी– कइविहा णं भंते ! संसारसमावण्णगा जीवा पण्णत्ता ?

गोयमा ! छव्विहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा– पुढविकाइया *जाव* तसकाइया । एवं जहा जीवाभिगमे *जाव* एगे जीवे एगेण समएणं एगं किरियं पकरेइ, तं जहा– सम्मत्तकिरियं वा मिच्छत्तकिरियं वा ।

जीवा छव्विह पुढवी, जीवाण ठिई भवट्ठिई काये ।
णिल्लेवण अणगारे, किरिया सम्मत्त मिच्छत्ता ॥

॥ सेवं भंते ! सेवं भंते ॥

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંસાર સમાપન્નક(સંસારી) જીવના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંસારી જીવના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક (૨) અપકાયિક (૩) તેજસ્કાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) ત્રસકાયિક.

આ સમસ્ત વર્ણન જીવાભિગમ સૂત્રના તિર્યંચ સંબંધી બીજા ઉદ્દેશકમાં કહ્યા અનુસાર જાણવું ***યાવત્*** એક જીવ એક સમયમાં એક ક્રિયા કરે છે. યથા– સમ્યક્ત્વક્રિયા અથવા મિથ્યાત્વક્રિયા.

**ગાથાર્થ–** જીવના છ ભેદ, પૃથ્વીકાયિક જીવોના છ ભેદ, પૃથ્વીકાયિક આદિ જીવોની સ્થિતિ, ભવસ્થિતિ, કાયસ્થિતિ, નિર્લેપન, અણગાર સંબંધી વર્ણન, સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વક્રિયા. ॥ હે ભગવન્! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

### વિવેચન :–

પ્રસ્તુત ઉદ્દેશકમાં સંસારી જીવોના ભેદ તથા જીવાજીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ–૩, ઉદ્દે.–રમાં કથિત વર્ણનનો નિર્દેશ કર્યો છે.

**સંસારી જીવોના સંબંધમાં જીવાજીવાભિગમ સૂત્રોક્ત સારાંશ :–**

**(૧) સંસારી જીવોના છ ભેદ–** પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય.

**(૨) પૃથ્વીકાયિક જીવોના છ ભેદ–** (૧) શ્લક્ષ્ણાપૃથ્વી (૨) શુદ્ધ પૃથ્વી (૩) વાલુકા પૃથ્વી (૪) મનઃશિલા પૃથ્વી (૫) શર્કરા પૃથ્વી (૬) ખર પૃથ્વી.

**(૩) સ્થિતિ :–** તે પૃથ્વીકાયિક સર્વ જીવોની જઘન્ય સ્થિતિ અંતઃમુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે છે– (૧) શ્લક્ષ્ણા પૃથ્વીની–૧૦૦૦ વર્ષની (૨) શુદ્ધ પૃથ્વીની–૧૨૦૦૦ વર્ષની (૩) વાલુકા પૃથ્વીની–૧૪૦૦૦ વર્ષની (૪) મનઃશિલા પૃથ્વીની–૧૬૦૦૦ વર્ષની (૫) શર્કરા પૃથ્વી–૧૮૦૦૦ વર્ષની (૬) ખર પૃથ્વીની–૨૨૦૦૦ વર્ષની.

નારકો અને દેવોની જઘન્ય ૧૦૦૦૦ વર્ષની, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની. મનુષ્યો અને તિર્યંચોની જઘન્ય સ્થિતિ અંતઃમુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩ પલ્યોપમની. આ રીતે અન્ય જીવોની ભવસ્થિતિ પ્રજ્ઞાપનાસૂત્રના ચોથા સ્થિતિપદ અનુસાર જાણવી.

**(૪) નિર્લેપન :–** તત્કાલ ઉત્પન્ન થયેલા પૃથ્વીકાયિક જીવોને પ્રતિસમયે એક–એકને બહાર કાઢીએ તો જઘન્ય અસંખ્યાત અવસર્પિણી–ઉત્સર્પિણી કાલમાં અને ઉત્કૃષ્ટ પણ અસંખ્યાત અવસર્પિણી–ઉત્સર્પિણી કાલમાં તે જીવનો નિર્લેપ(ખાલી) થાય છે. તેમાં જઘન્ય કરતાં ઉત્કૃષ્ટકાલ અસંખ્યાતગુણો હોય છે. આ જ રીતે અપકાય, તેઉકાય અને વાયુકાયનો નિર્લેપનકાલ જાણવો. વનસ્પતિકાયિક જીવો અનંત છે. તેથી તેનું નિર્લેપન થતું નથી. ત્રસકાયનો નિર્લેપનકાલ જઘન્ય અને ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ છે. તેમાં જઘન્યથી ઉત્કૃષ્ટકાલ વિશેષાધિક છે.

**(૫) અણગાર :–** જે અવિશુદ્ધ લેશ્યાવાળા અવધિજ્ઞાની છે, તેના દેવ–દેવીને જાણવા સંબંધી ૧૨ આલાપક થાય છે.

**(૬) સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ ક્રિયા :–** અન્યતીર્થિકો દ્વારા એક સમયમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વ આ બે ક્રિયા જીવ દ્વારા કરવાની પ્રરૂપણાનું ખંડન કરીને, એક સમયમાં આ પરસ્પર વિરોધી બે ક્રિયા–ઓમાંથી જીવ એક જ ક્રિયા કરે છે. આ રીતે સાંસારિક જીવ સંબંધી વિસ્તૃત વક્તવ્યતા જીવાભિગમ સૂત્રમાં છે.

**॥ શતક ૭/૪ સંપૂર્ણ ॥**

# શતક–૭ : ઉદ્દેશક–૫

## પક્ષી

**ખેચર તિર્યંચ પંચેન્દ્રિય :–**

**૧ रायगिहे *जाव* एवं वयासी– खहयरपंचिंदियतिरिक्खजोणियाणं भंते ! कइविहे जोणिसंगहे पण्णत्ते ?**

**गोयमा ! तिविहे जोणीसंगहे पण्णत्ते, तं जहा– अंडया, पोयया, सम्मुच्छिमा; एवं जहा जीवाभिगमे *जाव* णो चेव णं ते विमाणे वीईवएज्जा; एमहालया णं गोयमा ! ते विमाणा पण्णत्ता । ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** રાજગૃહ નગરમાં ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોના યોનિસંગ્રહના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ખેચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોના યોનિસંગ્રહના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અંડજ, પોતજ અને સંમૂર્ચ્છિમ. આ રીતે સંપૂર્ણ વર્ણન જીવાજીવાભિગમ સૂત્રવત્ જાણવું. ***યાવત્*** તે વિમાનોને પાર પામી શકતા નથી; હે ગૌતમ ! તે વિમાન આટલા મોટા છે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ઉદ્દેશકમાં ખેચર પંચેન્દ્રિય જીવોના યોનિસંગ્રહ તથા જીવાજીવાભિગમ સૂત્રના નિર્દેશાનુસાર તત્સંબંધિત અન્ય તથ્યોનું નિરૂપણ કર્યું છે.

**સંગ્રહણી ગાથા–** **जोणीसंगह लेसा, दिट्ठी णाणे य जोग उवओगे ।**
**उववाय ट्ठिइ समुग्घाय, चवण जाइ कुल विहीओ ॥**

**અર્થ–** યોનિસંગ્રહ, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત, સ્થિતિ, સમદ્ઘાત, ચ્યવન અને જાતિકુલના પ્રકાર, આ અગિયાર દ્વારોથી ખેચરાદિ તિર્યંચોના યોનિ સંગ્રહ છે.

**ખેચર પંચેન્દ્રિય જીવોના યોનિસંગ્રહના પ્રકાર :–** ઉત્પત્તિના હેતુને યોનિ કહે છે અથવા ઉત્પત્તિ સ્થાનને

યોનિ કહે છે. અનેકનું કથન એક શબ્દ દ્વારા કરાય તેને સંગ્રહ કરે છે; ખેચર તિર્યંચ પંચેન્દ્રિય અનેક હોવા છતાં પણ ત્રણ પ્રકારના યોનિસંગ્રહ દ્વારા તેનું કથન કરાય છે.

**અંડજ :–** ઈંડાથી ઉત્પન્ન થનારા મોર, કબૂતર, હંસાદિ.

**પોતજ :–** જરાયુ વિના જ ચર્મથી આવૃત્ત કોથળી સહિત ઉત્પન્ન થાય તેને પોતજ કહે છે. વાગળું ચામાચિડિયું આદિ.

**સંમૂર્ચ્છિમ :–** માતા–પિતાના સંયોગ વિના ઉત્પન્ન થનારા જીવ.

અંડજ, પોતજમાં ત્રણે વેદ હોય છે. સંમૂર્ચ્છિમમાં એક નપુંસક વેદ જ હોય છે.

ખેચર તિર્યંચ પંચેન્દ્રિયને લેશ્યા–૬, દષ્ટિ–૩, જ્ઞાન–૩, અજ્ઞાન–૩, યોગ–૩, ઉપયોગ–૨ પ્રાપ્ત થાય છે, સામાન્યતઃ તે ચારે ગતિમાંથી આવે છે અને ચારે ગતિઓમાં જાય છે. તેની સ્થિતિ જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તેમાં આહારક અને કેવળી સમુદ્ઘાત છોડીને, પાંચ સમુદ્ઘાત હોય છે, તેની બાર લાખ કુલકોટી (જીવોના કુલરૂપ વિભાગ) છે, તે પ્રકરણનું અંતિમ સૂત્ર વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત વિમાનનું છે, તે ચારે ય વિમાનનો વિસ્તાર એટલો મોટો છે કે જો કોઈ દેવ ૮, ૫૦, ૭૪૦ – ૧૮/૬૦(આઠ લાખ પચાસ હજાર સાતસો ચાલીસ સાધિક) યોજનનું એક ડગલું ભરતાં છ મહિના સુધી ચાલે તો પણ કોઈ દેવ વિમાનનો અંત પ્રાપ્ત કરે અને કોઈ દેવ વિમાનનો અંત પ્રાપ્ત ન કરે. તેનું વિસ્તૃત વર્ણન જીવાજીવાભિગમ સૂત્રથી જાણી લેવું જોઈએ.

॥ શતક ૭/૫ સંપૂર્ણ ॥

# શતક–૭ : ઉદ્દેશક–૬

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવના આયુષ્યનો બંધ, તેના વેદનનો સમય અને સ્થાન, મહાવેદના, અલ્પવેદનાના ભોગવટાનો સમય અને સ્થાન, બંને પ્રકારની વેદનાનું જનક કર્કશ વેદનીયકર્મ અને અકર્કશ વેદનીય કર્મ, શાતા અને અશાતા વેદનીય કર્મબંધના કારણો તેમજ દુષમદુષમા કાલ ઈત્યાદિ વિષયોનું નિરૂપણ છે.

★ જીવ પરભવનું આયુષ્ય આ ભવમાં બાંધે છે, પરંતુ તેનું વેદન આ ભવમાં થતું નથી. જ્યારે આ ભવનું આયુષ્ય પૂર્ણ થાય અને પરભવમાં જવા માટે જીવ પ્રયાણ કરે, ત્યારથી (વાટે વહેતી અવસ્થામાં) જ પરભવના આયુષ્યના વેદનનો પ્રારંભ થઈ જાય છે. પછી જીવન પર્યંત તે જ આયુષ્યનું વેદન કરે છે.

★ નરકાદિ ચારે ગતિમાં ઉત્પન્ન થનારા જીવો મૃત્યુ સમયે અને વાટે વહેતી અવસ્થામાં મહાવેદના કે અલ્પવેદના વેદે છે પરંતુ નરકગતિમાં ઉત્પન્ન થયા પછી તે જીવ તીવ્ર અશાતાનું વેદન કરે છે; કદાચિત્ શાતા વેદના વેદે છે. દેવગતિમાં ઉત્પન્ન થયા પછી તે જીવ પ્રાયઃ સુખરૂપ વેદના વેદે અને ક્યારેક દુઃખરૂપ વેદના વેદે છે. શેષ ઔદારિક શરીરધારી જીવો સ્વસ્થાનમાં ઉત્પન્ન થયા પછી વિમાત્રાથી સુખ–દુઃખ રૂપ કોઈપણ વેદના વેદે છે.

★ આયુષ્યકર્મનો બંધ અનાભોગપણે–અજાણપણે થાય છે. અર્થાત્ મારું આયુષ્ય બંધાઈ રહ્યું છે, તેમ કોઈ જાણી શકતા નથી. કેવળી આયુબંધને જાણી શકે છે.

★ અઢાર પાપસ્થાનના સેવનથી જીવ કર્કશવેદનીયકર્મ–કઠિનાઈથી ભોગવી શકાય તેવા અશાતા વેદનીયનો બંધ કરે છે અને અઢાર પાપસ્થાનના ત્યાગથી જીવ અકર્કશવેદનીય–તીવ્ર શાતા વેદનીય કર્મનો બંધ કરે છે.

★ અન્ય જીવોને શાતા પમાડવાથી શાતા વેદનીય અને અશાતા પમાડવાથી અશાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

★ **દુષમદુષમા કાલ–** કાલચક્રમાં અવસર્પિણી કાલના છ વિભાગના અંતિમ વિભાગરૂપ છઠ્ઠા આરામાં અને ઉત્સર્પિણી કાલના પ્રથમ વિભાગરૂપ પ્રથમ આરામાં દુષમદુષમા કાલ હોય છે.

તે કાલ ભયંકર દુઃખમય થશે. તે કાલનું સમગ્ર વાતાવરણ પશુ–પક્ષી અને માનવોના આર્તનાદથી અને હાહાકારથી વ્યાપ્ત થશે. તે કાલના પ્રારંભમાં ભયંકર ધૂળની વૃષ્ટિ થશે; સંવર્તક–મહાસંવર્તક વાયુ વહેશે અને અરસ, વિરસ તેમજ અગ્નિ મિશ્રિત વર્ષા થશે. તેનાથી જીવ જંતુ, વનસ્પતિ, મનુષ્યો, પશુ–પક્ષી,

પર્વત, નગર, નદી આદિ સર્વ સ્થાન નષ્ટ થશે. વૈતાઢ્યપર્વતમાં ૭૨ બિલ (ગુફા રૂપ રહેવાના સ્થાન) છે. તેમાં મનુષ્યો અને તિર્યંચો રહેશે. ગંગા–સિંધુ નદીમાં રથની ધુરી પ્રમાણ પાણી રહેશે. તેમાં મચ્છ કચ્છ ઘણા થશે. તેને મનુષ્યો સવારે અને સાંજે રેતીમાં દાટી દેશે. સૂર્યના તાપ અને રાતની ઠંડીથી તે મચ્છ–કચ્છ સીઝી જશે અને મનુષ્યો તેનો આહાર કરશે અર્થાત્ તે મનુષ્યો માંસાહારી થશે.

તે કાલના મનુષ્યો અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘયણ અને સંસ્થાનવાળા થશે. તે બહુ રોગી, ક્રોધી, માની, માયાવી અને લોભી થશે. તેઓની એક હાથની અવગાહના અને ઉત્કૃષ્ટ ૨૦ વર્ષનું આયુષ્ય થશે. તે સર્વ મનુષ્યો વ્રત, પ્રત્યાખ્યાન રહિત, સંકિલષ્ટ પરિણામી થશે. તે સમયના તિર્યંચો પણ માંસાહારી જ થશે. મનુષ્ય અને તિર્યંચ મરીને પ્રાયઃ નરક અથવા તિર્યંચગતિમાં જશે.

આ પ્રકારની દુઃખમય પરિસ્થિતિમાં ૨૧૦૦૦ વર્ષ પૂર્ણ થશે.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૬

## આયુષ્ય

**આયુષ્યબંધ અને વેદન :–**

**१ रायगिहे** *जाव* **एवं वयासी– जीवे णं भंते ! जे भविए णेरइएसु उववज्जित्तए से णं भंते ! किं इहगए णेरइयाउयं पकरेइ, उववज्जमाणे णेरइयाउयं पकरेइ, उववण्णे णेरइयाउयं पकरेइ ?**

**गोयमा ! इहगए णेरइयाउयं पकरेइ, णो उववज्जमाणे णेरइयाउयं पकरेइ, णो उववण्णे णेरइयाउयं पकरेइ । एवं असुरकुमारेसु वि । एवं** *जाव* **वेमाणिएसु ।**

**ભાવાર્થ :–** રાજગૃહ નગરમાં ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે તે શું આ ભવમાં રહીને નારકાયુષ્ય બાંધે કે નરકમાં ઉત્પન્ન થતાં નારકાયુષ્ય બાંધે અથવા નરકમાં ઉત્પન્ન થયા પછી તે નારકાયુષ્ય બાંધે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવ આ ભવમાં નારકાયુષ્ય બાંધે છે પરંતુ નરકમાં ઉત્પન્ન થતાં સમયે નારકાયુષ્ય બાંધતા નથી અને નરકમાં ઉત્પન્ન થયા પછી પણ નારકાયુષ્ય બાંધતા નથી.

આ જ રીતે અસુરકુમારોના આયુષ્ય બંધના વિષયમાં પણ કહેવું તેમજ વૈમાનિક પર્યંત કહેવું.

**२ जीवे णं भंते ! जे भविए णेरइएसु उववज्जित्तए, से णं भंते ! किं इहगए णेरइयाउयं पडिसंवेदेइ, उववज्जमाणे णेरइयाउयं पडिसंवेदेइ, उववण्णे णेरइयाउयं पडिसंवेदेइ ?**

**गोयमा ! णो इहगए णेरइयाउयं पडिसंवेदेइ, उववज्जमाणे णेरइयाउयं पडि– संवेदेइ, उववण्णे वि णेरइयाउयं पडिसंवेदेइ । एवं** *जाव* **वेमाणिएसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ નરકમાં ઉત્પન્ન થવાનો છે, તે શું આ ભવમાં રહીને નારકાયુષ્યનું

વેદન કરે કે નરકમાં ઉત્પન્ન થતાં નારકાયુષ્યનું વેદન કરે અથવા નરકમાં ઉત્પન્ન થયા પછી નારકાયુષ્યનું વેદન કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવ આ ભવમાં રહીને નારકાયુષ્યનું વેદન કરતા નથી, પરંતુ ઉત્પન્ન થતાં તે નારકાયુષ્યનું વેદન કરે છે અને ત્યાં ઉત્પન્ન થયા પછી પણ નારકાયુષ્યનું વેદન કરે છે. આ જ રીતે વૈમાનિક પર્યંત ૨૪ દંડકોમાં આયુષ્ય વેદનનું કથન કરવું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં જીવના આયુષ્યબંધ અને વેદનના સ્થાન અને સમયનું નિરૂપણ છે.

**આયુષ્ય બંધ :–** કોઈ પણ જીવ પોતાના પરિણામ અનુસાર આ ભવમાં જ પરભવનું આયુષ્ય બાંધી લે છે. મનુષ્ય અને તિર્યંચોને વર્તમાન આયુષ્યના બે ભાગ ભોગવાય જાય અને ત્રીજો ભાગ શેષ રહે ત્યારે આયુષ્યબંધ થાય છે. જો ત્યારે ન થાય તો શેષ આયુષ્યનો ત્રીજો ભાગ રહે ત્યારે બંધ થાય. જેમ કે કોઈ મનુષ્યનું આ ભવનું ૯૯ વર્ષનું આયુષ્ય હોય તો ૬૬ વર્ષ પછી આયુષ્યનો બંધ થાય. જો ત્યારે ન થાય તો શેષ રહેલા ૩૩ વર્ષના ત્રીજો ભાગ શેષ રહે ત્યારે અર્થાત્ ૧૧ વર્ષ શેષ રહે ત્યારે થાય. જો ત્યારે પણ ન થાય તો શેષ આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે થાય. આ રીતે કુલ આયુષ્યના ત્રીજા, નવમા, સત્યા–વીસમા આદિ ભાગે આયુષ્યનો બંધ થાય અને જો ત્યારે ન થયો હોય તો અંતિમ અંતર્મુહૂર્તમાં આયુષ્યનો બંધ અવશ્ય થાય છે. નારકી અને દેવો આયુષ્યના છ માસ શેષ રહે ત્યારે જ આયુષ્યનો બંધ કરે છે. તેઓને માટે બીજો વિકલ્પ નથી. આ રીતે આયુષ્ય બંધ કર્યા પછી જ કોઈ પણ જીવ આ દેહને છોડે છે અર્થાત્ તેનું મૃત્યુ થાય છે. જીવ પરભવમાં ઉત્પન્ન થતાં કે ઉત્પન્ન થઈને, તે પરભવનું આયુષ્ય બાંધતા નથી.

**આયુષ્ય વેદન :–** આ ભવનું આયુષ્ય પૂર્ણ થયા પછી જીવ પરભવમાં જવા માટે પ્રયાણ કરે છે, તેની વાટે વહેતી અવસ્થાથી જ પરભવના આયુષ્યનું વેદન શરૂ થઈ જાય છે. ત્યાં ઉત્પન્ન થઈને મૃત્યુ પર્યંત તે જીવ તે આયુષ્યનું વેદન કરે છે. આ રીતે દરેક જીવ આ ભવમાં બંધાયેલા પરભવના આયુષ્યનું વેદન આ ભવમાં કરતા નથી પરંતુ પરભવમાં ઉત્પન્ન થતાં અને ઉત્પન્ન થઈને તે આયુષ્યનું વેદન કરે છે. ૨૪ દંડકના જીવો માટે આ નિયમ સમાન છે.

## મહાવેદના અને અલ્પવેદના :–

**૩ जीवे णं भंते ! जे भविए णेरइएसु उववज्जित्तए, से णं भंते ! किं इहगए महावेयणे, उववज्जमाणे महावेयणे, उववण्णे महावेयणे ?**

**गोयमा ! इहगए सिय महावेयणे सिय अप्पवेयणे, उववज्जमाणे सिय महावेयणे सिय अप्पवेयणे; अह णं उववण्णे भवइ, तओ पच्छा एगंतदुक्खं वेयणं वेदेइ, आहच्च सायं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ નરકમાં ઉત્પન્ન થવાનો છે, શું તેને આ ભવમાં મહાવેદના હોય કે નરકમાં ઉત્પન્ન થતાં મહાવેદના હોય અથવા નરકમાં ઉત્પન્ન થયા પછી મહાવેદના હોય ?

**ઉત્તર–** હે ગૌતમ ! નરકમાં ઉત્પન્ન થનારા જીવોમાંથી કોઈને આ ભવમાં મહાવેદના અને કોઈને અલ્પવેદના હોય છે તથા નરકમાં ઉત્પન્ન થતાં માર્ગમાં પણ કોઈને મહાવેદના અને કોઈને અલ્પવેદના હોય છે પરંતુ નરકમાં ઉત્પન્ન થયા પછી તે જીવ એકાંત દુઃખ રૂપ વેદના વેદે છે અને ક્યારેક શાતા રૂપ વેદનાનું વેદન કરે છે.

**૪ जीवे णं भंते ! जे भविए असुरकुमारेसु उववज्जित्तए, पुच्छा ?**

**गोयमा ! इहगए सिय महावेयणे सिय अप्पवेयणे, उववज्जमाणे सिय महावेयणे सिय अप्पवेयणे; अह णं उववण्णे भवइ, तओ पच्छा एगंतसायं वेयणं वेदेइ, आहच्च असायं । एवं** *जाव* **थणियकुमारेसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ અસુરકુમારોમાં ઉત્પન્ન થનારા છે વગેરે તેઓની વેદનાના સંબંધમાં પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસુરકુમારોમાં ઉત્પન્ન થનારા જીવોમાંથી કોઈને આ ભવમાં મહાવેદના અને કોઈને અલ્પવેદના હોય છે, ઉત્પન્ન થતાં સમયે પણ કોઈને મહાવેદના અને કોઈને અલ્પવેદના હોય છે, પરંતુ ત્યાં ઉત્પન્ન થયા પછી એકાંત શાતા વેદનાનું વેદન કરે છે અને ક્યારેક અશાતા વેદનાનું વેદન કરે છે. આ જ રીતે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.

**૫ जीवे णं भंते ! जे भविए पुढविक्काइएसु उववज्जित्तए, पुच्छा ?**

**गोयमा ! इहगए सिय महावेयणे सिय अप्पवेयणे; एवं उववज्जमाणे वि, अह णं उववण्णे भवइ, तओ पच्छा वेमायाए वेयणं वेदेइ । एवं** *जाव* **मणुस्सेसु । वाणमंतर-जोइसिय-वेमाणिएसु जहा असुरकुमारेसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે જીવ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે વગેરે તેઓની વેદનાના સંબંધમાં પ્રશ્ન કરવો.

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનારા જીવોમાંથી કોઈને આ ભવમાં મહાવેદના અને કોઈને અલ્પવેદના હોય છે, તે જ રીતે ઉત્પન્ન થતા સમયે પણ કોઈને મહાવેદના અને કોઈને અલ્પવેદના હોય છે પરંતુ ત્યાં ઉત્પન્ન થયા પછી તે જીવ વિમાત્રા–વિવિધ પ્રકારથી વેદના વેદે છે. આ જ રીતે મનુષ્ય પર્યંત કહેવું જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના સંબંધમાં અસુરકુમારોની જેમ કથન કરવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પરભવમાં ઉત્પન્ન થનારા જીવોને અલ્પવેદના, મહાવેદના ક્યારે થાય તેનું સ્પષ્ટીકરણ છે.

૨૪ દંડકના જીવોને ઉત્પન્ન થયા પહેલાં કે ઉત્પન્ન થતાં તેના પૂર્વકૃત કર્માનુસાર ક્યારેક મહાવેદના અને ક્યારેક અલ્પવેદના હોય છે. ઉત્પન્ન થયા પછી તે ભવ અનુસાર વેદના હોય છે. નૈરયિકો નરકમાં ઉત્પન્ન થઈને અવશ્ય ભવપ્રત્યય મહાવેદના રૂપ એકાંત દુઃખ ભોગવે છે પરંતુ તેઓ દેવાદિના સંયોગે ક્યારેક શાતાનો અનુભવ કરે છે.

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવ ઉત્પન્ન થયા પછી ભવપ્રત્યય એકાંત સુખ–શાતા વેદના ભોગવે છે પરંતુ ક્યારેક અન્ય દેવના પ્રહારાદિના કારણે અશાતાનો અનુભવ કરે છે. પૃથ્વી–કાયથી મનુષ્યો સુધીના દસ દંડકના જીવો ઉત્પન્ન થયા પછી વિમાત્રાથી–વિવિધ પ્રકારે વેદના વેદે છે અર્થાત્ તેઓને દેવ અને નારકીની જેમ શાતા કે અશાતાની કોઈ નિશ્ચિતતા હોતી નથી.

## અનાભોગનિર્વર્તિત આયુષ્ય બંધ :–

**૬ जीवा णं भंते ! किं आभोगणिव्वत्तियाउया, अणाभोगणिव्वत्तियाउया ? गोयमा ! णो आभोगणिव्वत्तियाउया, अणाभोगणिव्वत्तियाउया । एवं णेरइया वि । एवं *जाव* वेमाणिया ।**

**શબ્દાર્થ :– आभोग** = જાણતાં **अणाभोग** = અજાણતાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ આભોગનિર્વર્તિત આયુષ્યબંધવાળા છે કે અનાભોગ નિર્વર્તિત આયુષ્યબંધવાળા છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ જાણતાં(જાણીને) આયુષ્યબંધ કરનારા નથી, પરંતુ અનાભોગથી (અજાણતાં) આયુષ્યબંધ કરનારા છે. આ જ રીતે નૈરયિકોના વિષયમાં પણ જાણવું. તેમજ વૈમાનિક પર્યંત ચોવીસ દંડકના વિષયમાં જાણવું. તે સર્વે અનાભોગ નિર્વર્તિત આયુષ્યવાળા અર્થાત્ અજાણપણે આયુષ્યબંધ કરનારા હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ૨૪ દંડકના જીવોમાં આભોગનિર્વર્તિત આયુષ્ય બંધનો નિષેધ કરીને અનાભોગ નિર્વર્તિત આયુષ્ય બંધની પ્રરૂપણા કરી છે.

સમસ્ત સંસારી જીવ અનાભોગપૂર્વક અર્થાત્ નહીં જાણતાં જ આયુષ્ય બાંધે છે. તેનું તાત્પર્ય એ છે

કે આયુષ્યબંધ સમયે "મારા આયુષ્યનો બંધ થઈ રહ્યો છે." તેમ કોઈ જીવોને જ્ઞાન હોતું નથી. જીવ જે ગતિમાં જવા યોગ્ય કર્મ કરે છે, તે ગતિના આયુષ્યનો બંધ થાય છે.

### કર્કશ–અકર્કશ વેદનીય કર્મબંધ :–

**૭** **अत्थि णं भंते ! जीवाणं कक्कस–वेयणिज्जा कम्मा कज्जंति ?**
**गोयमा ! हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવો કર્કશ વેદનીય–અત્યંત દુઃખથી ભોગવવા યોગ્ય કર્મનો બંધ કરે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! તેવા કર્મ બાંધે છે.

**૮** **कहं णं भंते ! जीवाणं कक्कस–वेयणिज्जा कम्मा कज्जंति ?**
**गोयमा ! पाणाइवाएणं** *जाव* **मिच्छादंसणसल्लेणं । एवं खलु गोयमा ! जीवाणं कक्कसवेयणिज्जा कम्मा कज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ કર્કશ વેદનીય કર્મ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ પ્રાણાતિપાતથી ***યાવત્*** મિથ્યાદર્શનશલ્ય પર્યંતના અઢાર પાપસ્થાનકના સેવનથી કર્કશ વેદનીય કર્મ બાંધે છે.

**९** **अत्थि णं भंते ! णेरइयाणं कक्कस–वेयणिज्जा कम्मा कज्जंति ? गोयमा ! एवं चेव । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક કર્કશ વેદનીય કર્મ બાંધે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! બાંધે છે. આ રીતે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.

**१०** **अत्थि णं भंते ! जीवाणं अकक्कस–वेयणिज्जा कम्मा कज्जंति ?**
**गोयमा ! हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ અકર્કશ વેદનીય–સુખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મ બાંધે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તેવા કર્મ બાંધે છે.

**११** **कहं णं भंते ! जीवाणं अकक्कस–वेयणिज्जा कम्मा कज्जंति ?**
**गोयमा ! पाणाइवायवेरमणेणं** *जाव* **परिग्गहवेरमणेणं, कोहविवेगेणं** *जाव*

**मिच्छादंसणसल्लविवेगेणं; एवं खलु गोयमा ! जीवाणं अकक्कसवेयणिज्जा कम्मा कज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અકર્કશવેદનીય કર્મ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પ્રાણાતિપાતવિરમણ ***યાવત્*** પરિગ્રહ વિરમણ, ક્રોધ વિવેક ***યાવત્*** મિથ્યાદર્શન –શલ્ય વિવેક; આ રીતે હે ગૌતમ ! સર્વ પાપસ્થાનના પરિત્યાગથી જીવ અકર્કશવેદનીય કર્મ બાંધે છે.

**१२ अत्थि णं भंते ! णेरइयाणं अकक्कसवेयणिज्जा कम्मा कज्जंति ? गोयमा ! णो इणट्ठे समट्ठे । एवं** *जाव* **वेमाणिया; णवरं मणुस्साणं जहा जीवाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું નૈરયિક જીવ અકર્કશવેદનીય કર્મ બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી અર્થાત્ નૈરયિક જીવ અકર્કશવેદનીય કર્મ બાંધતા નથી.

આ જ રીતે વૈમાનિકો પર્યંત કહેવું જોઈએ, પરંતુ મનુષ્યોના વિષયમાં સમુચ્ચય જીવોની સમાન સર્વ કથન કરવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સમુચ્ચય જીવો અને ૨૪ દંડકોવર્તી જીવોના કર્કશવેદનીય અને અકર્કશવેદનીય કર્મબંધના કારણોનું નિરૂપણ કર્યું છે.

**કર્કશ વેદનીય કર્મ :–** અત્યંત દુઃખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મોને કર્કશ વેદનીય કર્મ કહે છે. તે અશાતારૂપ જ હોય છે. યથા સ્કંદકાચાર્યના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલવામાં આવ્યા. તે સમયે કર્કશ વેદનીય કર્મ ઉદયમાં આવ્યું, તેમ કહેવાય. પ્રાણાતિપાત આદિ ૧૮ પ્રકારના પાપના સેવનથી જીવ તે પ્રકારનો કર્મ બંધ કરે છે. ૨૪ દંડકના જીવો આ પ્રકારનો કર્મબંધ કરી શકે છે.

**અકર્કશ વેદનીય કર્મ :–** અત્યંત સુખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મોને અકર્કશ વેદનીય કર્મ કહે છે. તે શાતા રૂપ જ હોય છે. યથા– ભરત ચક્રવર્તીના કર્મો. ૧૮ પ્રકારના પાપના ત્યાગથી અર્થાત્ સંયમ ભાવથી જીવ તેવા પ્રકારનો કર્મબંધ કરે છે. કર્મભૂમિના મનુષ્યો જ અઢાર પાપનો પૂર્ણતયા ત્યાગ કરી શકે છે, સંયમનો સ્વીકાર કરી શકે છે. તેથી ચોવીસ દંડકમાં માત્ર મનુષ્યો જ અકર્કશ વેદનીય કર્મનો બંધ કરે છે. શેષ દંડકના જીવો અકર્કશ વેદનીય કર્મનો બંધ કરી શકતા નથી.

**वेरमणेणं : विवेगेणं :–** હિંસાદિ પાંચ પાપ પ્રવૃત્તિરૂપ છે અને ક્રોધાદિ અવશેષ પાપ આત્માના વૈભાવિક પરિણામરૂપ છે. સૂત્રમાં હિંસાદિ પાપ પ્રવૃત્તિના ત્યાગ માટે **વિરમણ**–વિરામ પામવું તે ક્રિયાવાચક શબ્દનો પ્રયોગ કર્યો છે અને ક્રોધાદિ વૈભાવિક પરિણામ ન કરવા માટે **વિવેક** શબ્દનો પ્રયોગ કર્યો છે.

## શાતા–અશાતાવેદનીય કર્મબંધ અને તેના કારણો :–

**१३ अत्थि णं भंते ! जीवाणं सायावेयणिया कम्मा कज्जंति ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવ શાતાવેદનીય કર્મ બાંધે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! બાંધે છે.

**१४ कहं णं भंते ! जीवाणं सायावेयणिज्जा कम्मा कज्जंति ?**

**गोयमा ! पाणाणुकंपयाए भूयाणुकंपयाए जीवाणुकंपयाए सत्ताणुकंपयाए बहुणं पाणाणं** *जाव* **सत्ताणं अदुक्खणयाए, असोयणयाए, अजूरणयाए, अतिप्पणयाए, अपिट्टणयाए, अपरियावणयाए; एवं खलु गोयमा ! जीवाणं सायावेयणिज्जा कम्मा कज्जंति । एवं णेरइयाण वि । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ શાતા વેદનીય કર્મ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) પ્રાણી પર અનુકંપા કરવાથી (૨) ભૂતો પર અનુકંપા કરવાથી (૩) જીવો પર અનુકંપા કરવાથી અને (૪) સત્ત્વો પર અનુકંપા કરવાથી તથા અનેક પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોને (૫) દુઃખ ન દેવાથી, (૬) શોક ઉત્પન્ન ન કરાવવાથી (૭) ચિંતા, આંસુ, વિષાદ અથવા ખેદ ઉત્પન્ન ન કરાવવાથી (૮) વિલાપ અને રૂદન કરાવીને આંસુ ન પડાવવાથી (૯) મારપીટ ન કરવાથી (૧૦) પરિતાપ ન આપવાથી; આ કારણોથી હે ગૌતમ ! જીવ શાતાવેદનીય કર્મ બાંધે છે.

આ જ રીતે નૈરયિક જીવોના શાતા વેદનીય કર્મબંધના વિષયમાં પણ કહેવું જોઈએ. આ જ રીતે વૈમાનિકો પર્યંત કહેવું જોઈએ.

**१५ अत्थि णं भंते ! जीवाणं आसायावेयणिज्जा कम्मा कज्जंति ? हंता, अत्थि।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અશાતાવેદનીય કર્મ બાંધે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! બાંધે છે.

**१६ कहं णं भंते ! जीवाणं असायावेयणिज्जा कम्मा कज्जंति ?**

**गोयमा ! परदुक्खणयाए, परसोयणयाए, परजूरणयाए, परतिप्पणयाए, परपिट्टण– याए, परपरियावणयाए; बहूणं पाणाणं** *जाव* **सत्ताणं दुक्खणयाए, सोयणयाए** *जाव* **परियावणयाए; एवं खलु गोयमा ! जीवाणं अस्सायावेयणिज्जा कम्मा कज्जंति । एवं णेरइयाण वि । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ અશાતા વેદનીય કર્મ કેવી રીતે બાંધે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) અન્ય જીવોને દુઃખ દેવાથી, (૨) અન્યને શોક ઉત્પન્ન કરવાથી, (૩) અન્યને વિષાદ અથવા વિલાપ કરાવવાથી, (૪) અન્યને આંસુ પડાવવાથી, (૫) અન્યને પીટવાથી અને (૬) પરિતાપ પહોંચાડવાથી તથા (૭) બહુ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોને દુઃખ પહોંચાડવાથી ***યાવત્*** (૧૨) તેને પરિતાપ આપવાથી જીવ અશાતાવેદનીય કર્મનો બંધ કરે છે. હે ગૌતમ ! આ રીતે જીવ અશાતાવેદનીય કર્મ બાંધે છે.

આ જ રીતે નૈરયિક જીવોના અશાતા વેદનીય કર્મબંધના વિષયમાં સમજવું જોઈએ. તેમજ વૈમાનિકો પર્યંતના જીવો સંબંધી અશાતા વેદનીય બંધ વિષયક કથન કરવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં શાતા વેદનીય કર્મબંધના ૧૦ કારણ અને અશાતા વેદનીય કર્મબંધના ૧૨ કારણોનું નિરૂપણ કર્યું છે. કર્મબંધના કારણો સૂત્રપાઠથી જ સ્પષ્ટ છે. સંક્ષેપમાં અન્ય જીવોને શાતા પમાડવાથી શાતાવેદનીય અને અશાતા પમાડવાથી અશાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

**અકર્કશ–કર્કશ વેદનીય અને શાતા–અશાતા વેદનીયનો તફાવત :–**

કર્કશવેદનીય કર્મ અશાતારૂપ છે અને અકર્કશવેદનીય કર્મ શાતારૂપ જ છે. તેમ છતાં બંનેમાં તફાવત છે કારણ કે બંનેના કર્મબંધના કારણમાં જ તફાવત છે.

અન્ય જીવોને અશાતા પહોંચાડવાથી અશાતાવેદનીય કર્મબંધ થાય અને ૧૮ પાપસ્થાનના સેવનથી કર્કશવેદનીય કર્મનો બંધ થાય છે. કેવળ અન્યને અશાતા પહોંચાડવી, તેનાથી ૧૮ પાપસ્થાનનું સેવન વિશેષ હાનિકારક છે, તેથી તદ્જન્ય કર્મ પણ જીવને વિશેષ પીડા પહોંચાડે છે. કર્કશવેદનીય કર્મ અશાતા વેદનીય કર્મની પરાકાષ્ટા છે. જે અત્યંત કઠિનાઈથી ભોગવી શકાય છે. યથા– ગજસુકુમારની અંતિમ સમયની વેદના.

તે જ રીતે અન્યને શાતા પમાડવાથી શાતાવેદનીય કર્મનો બંધ થાય, જ્યારે ૧૮ પાપસ્થાનના ત્યાગથી અર્થાત્ સંયમભાવથી અકર્કશ વેદનીય કર્મનો બંધ થાય છે. અકર્કશ વેદનીય શાતા રૂપ છે. તેમ છતાં તે શાતાવેદનીય કર્મની પરાકાષ્ટા છે. યથા– સંયમની આરાધનાથી પ્રાપ્ત અનુત્તર વિમાનનો ભવ.

શાતા વેદનીય કર્મનો બંધ ૨૪ દંડકના જીવો કરી શકે છે, જ્યારે અકર્કશવેદનીય કર્મનો બંધ મનુષ્યો જ કરી શકે છે. આ રીતે કર્કશ અને અકર્કશ વેદનીય કર્મ અશાતા અને શાતા રૂપ હોવા છતાં તેની પરાકાષ્ટા છે, તેમ સમજવું.

## દુષમદુષમા કાલ :–

**૧૭ जंबुद्दीवे णं भंते ! दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए दुसमदुसमाए**

**समाए उत्तमकट्ठपत्ताए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ।**

**गोयमा ! कालो भविस्सइ– हाहाभूए, भंभाभूए, कोलाहलगभूए; समयाणुभावेण य णं खर–फरुस–धूलिमइला दुव्विसहा वाउला भयंकरा वाया संवट्टगा य वाहिंति; इह अभिक्खं धूमाहिंति य दिसा समंता रओसला, रेणुकलुस तमपडल णिरालोगा; समयलुक्खयाए य णं अहियं चंदा सीयं मोच्छंति, अहियं सूरिया तवइस्संति; अदुत्तरं च णं अभिक्खणं बहवे अरसमेहा, विरसमेहा, खारमेहा, खत्तमेहा(खट्टमेहा), अग्गिमेहा, विज्जुमेहा, विसमेहा, असणिमेहा; अपिवणिज्जोदगा(अजवणिज्जोदगा) वाहि–रोग– वेदणोदीरणापरिणामसलिला, अमणुण्णपाणियगा, चंडाणिलपहयतिक्खधारा– णिवायपउरं वासं वासिहिंति; जे णं भारहे वासे गामागर–णयर– खेड– कब्बड– मडंब– दोणमुह–पट्टणासमगयं जणवयं, चउप्पय–गवेलए, खहयरे य पक्खिसंघे, गामारण्ण पयारणिरए तसे य पाणे, बहुप्पगारे रुक्ख–गुच्छ– गुम्म–लय– वल्लि–तणपव्वग– हरि– ओसहि पवालंकुरमादीए य तणवणस्सइकाइए विद्धंसिहिंति, पव्वय–गिरिडोंगर–उत्थल–भट्ठिमादीए य वेयड्ढगिरिवज्जे विरावेहिंति, सलिलबिल–गड्ड–दुग्गवि–समणिण्णुण्णयाइं च गंगा सिंधुवज्जाइं समीकरेहिंति ।**

**શબ્દાર્થ :– आयारभाव पडोयारे** = સ્વરૂપ, પ્રવૃત્તિઓ અને અવસ્થાઓ **खरफरुसधूलिमइला** = કઠોર સ્પર્શ અને ધૂળથી યુક્ત **दुव्विसह** = દુઃસહ્ય **वायासंवट्टगा य वाहिंति** = સંવર્તક વાયુ વાશે **धूमाहिंति** = ધૂળ ઉડવાથી **रओसला** = રજથી યુક્ત **रेणुकलुस तमपडल णिरालोगा** = રજથી મલિન અંધકારપટલ જેવી અને ન દેખાતી **समयलुक्खयाए** = કાલની રૂક્ષતાથી **चंडाणिलपहयतिक्खधाराणिवायपउरं वासं वासिहिंति** = ભયાનક વાયુની સાથે તીક્ષ્ણ ધારે બહુ વરસાદ વરસશે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ જંબૂદ્વીપ નામક દ્વીપના ભારત વર્ષમાં આ અવસર્પિણીકાલમાં દુષમદુષમા નામનો છઠ્ઠો આરો જ્યારે અત્યંત ઉત્કૃષ્ટ અવસ્થાને પ્રાપ્ત થશે, ત્યારે ભારત વર્ષનું સ્વરૂપ, પ્રવૃત્તિ અને અવસ્થા કેવી હશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે કાલ હાહાભૂત–મનુષ્યોના હાહાકાર યુક્ત, ભંભાભૂત–દુઃખાર્ત પશુઓના ભાં–ભાં શબ્દરૂપ આર્તનાદથી યુક્ત તથા કોલાહલભૂત–પીડિત પક્ષીઓના કોલાહલથી યુક્ત થશે, કાલના પ્રભાવે અત્યંત કઠોર, ધૂળથી મલિન, અસહ્ય, વર્તુળ, ભયંકર વાયુ અને સંવર્તક વાયુ વાશે. ત્યારે ત્યાં વારંવાર ચારે તરફથી ધૂળ ઊડવાથી દિશાઓ ધૂળથી મલિન અને રેતીથી કલુષિત, અંધકારપટલથી યુક્ત, પ્રકાશથી રહિત, ધૂમાડાથી આચ્છાદિત હોય તેવી થશે; કાલની રૂક્ષતાના કારણે ચંદ્ર અત્યંત શીતળતા વરસાવશે, સૂર્ય અત્યંત તપશે. તેમજ ત્યાં વારંવાર અત્યંત ખરાબ રસવાળો મેઘ, વિપરીત રસવાળો મેઘ,

ખારા જળવાળો મેઘ, ખત્તમેઘ–ખાતર સમાન રસવાળો મેઘ અથવા ખટ્ટમેઘ–ખાટા પાણીવાળો મેઘ, અગ્નિમેઘ–અગ્નિ સમાન ગરમ જલવાળો મેઘ, વિદ્યુતમેઘ–વિજળી સહિત મેઘ, વિષમેઘ–ઝેરીલા પાણીવાળો મેઘ, અશનિમેઘ–વજ્ર સમાન પર્વતાદિને તોડનારો મેઘ, અપેય–ન પીવા યોગ્ય જલથી પૂર્ણ મેઘ અથવા તૃષા ન છીપાવી શકે તેવા પાણીવાળો મેઘ; વ્યાધિ, રોગ અને વેદનાને ઉત્પન્ન કરનારા જલથી યુક્ત તથા અમનોજ્ઞ જલવાળો મેઘ, પ્રચંડ વાયુના આઘાતથી આહત થઈને તીક્ષ્ણ ધારાઓની સાથે પ્રચુર વર્ષા વરસાવશે. જેથી ભારતવર્ષના ગ્રામ, આકર–ખાણ, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, બંદર, પટ્ટણ–વ્યાપારિક ક્ષેત્ર અને આશ્રમમાં રહેનારા જનસમૂહ, ચતુષ્પદ પશુઓ, પક્ષી સમૂહ અને જંગલમાં ચાલનારા ત્રસ પ્રાણી તથા અનેક પ્રકારના વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતાઓ, વેલા, ઘાસ, દૂર્વ, પર્વક–લીલી વનસ્પતિ, ઔષધિઓ–શાલિ આદિ ધાન્ય, પ્રવાલ અને અંકુર આદિ તૃણવનસ્પતિઓ, આ સર્વ નાશ થઈ જશે; વૈતાઢ્ય પર્વતને છોડીને શેષ સર્વ પર્વત, નાના પર્વત, ડુંગર, ટીંબા–ધૂળના બનેલા ટેકરાઓ, ધૂળ રહિત સ્થાનો આદિ સર્વનો નાશ થઈ જશે. ગંગા અને સિંધુ આ બે નદીઓને છોડીને શેષ નદીઓ, પાણીના ઝરણા, ખાડા, સરોવર, તળાવ આદિ નષ્ટ થઈ જશે; દુર્ગમ અને વિષમ, ઊંચી, નીચી ભૂમિમાં રહેલા સર્વ સ્થલ સમતલ સપાટ મેદાન થઈ જશે.

**૧૮ तीसे णं भंते ! समाए भरहस्स वासस्स भूमीए केरिसए आयारभावपडोयारे भविस्सइ ?**

**गोयमा ! भूमि भविस्सइ– इंगालब्भूया, मुम्मुरब्भूया, छारियभूया, तत्तकवेल्लुयब्भूया, तत्तसमजोइभूया, धूलिबहुला, रेणुबहुला, पंकबहुला, पणगबहुला, चलणिबहुला, बहूणं धरणिगोयराणं सत्ताणं दुण्णिक्कमा यावि भविस्सइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સમયે ભારત વર્ષની ભૂમિનું સ્વરૂપ કેવું થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સમયે આ ભરતક્ષેત્રની ભૂમિ અંગારાની સમાન, મુર્મરભૂત–ગોબરની અગ્નિ સમાન, ભસ્મીભૂત–ગરમ રાખ સમાન, લોઢી સમાન, તપ્તપ્રાય અગ્નિ સમાન, બહુ ધૂળ યુક્ત, બહુ રજયુક્ત, બહુ કીચડ યુક્ત, બહુ શેવાળયુક્ત, બહુ છિદ્રયુક્ત થશે. જેના પર પૃથ્વીસ્થિત સ્થળચર જીવોને ચાલવું અત્યંત દુષ્કર થઈ જશે.

### દુષમદુષમા કાલના મનુષ્યો :–

**૧૯ तीसे णं भंते ! समाए भारहे वासे मणुयाणं केरिसए आयारभाव पडोयारे भविस्सइ ?**

**गोयमा ! मणुया भविस्संति दुरूवा, दुव्वण्णा, दुग्गंधा, दुरसा, दुफासा, अणिट्ठा, अकंता** *जाव* **अमणामा, हीणस्सरा, दीणस्सरा, अणिट्ठसरा** *जाव*

**अमणामस्सरा, अणादेज्जवयणपच्चायाया णिल्लज्जा, कूड–कवड– कलह–वह–बंध–वेरणिरया, मज्जायातिक्कमप्पहाणा, अकज्ज–णिच्चुज्जता, गुरुणियोग–विणयरहिया य विकलरूवा, परूढणह–केस–मंसु–रोमा, काला, खर–फरुस–झामवण्णा, फुट्टसिरा, कविलपलिय– केसा, बहुण्हारुसंपिणद्ध– दुद्दंसणिज्जरूवा, संकुडियवलीतरंगपरिवेढियंगमंगा, जरा– परिणयव्व थेरगणरा; पविरलपरिसडिय–दंतसेढी, उब्भडघडमुहा विसमणयणा, वंकणासा, वंकवलीविगयभेसणमुहा, कच्छूकसराभिभूया, खरतिक्खणखकंडूइय– विक्खयतणू, दद्दु– किडिभसिज्झ–फुडियफरुसच्छवी, चित्तलंगा, टोलगइ, विसमसंधिबंधण– उक्कुडुअट्ठिग–विभत्तदुब्बला, कुसंघयण–कुप्पमाण– कुसंठिया, कुरूवा, कुट्ठाणासण– कुसेज्ज–दुब्भोइणो, असुइणो, अणेगवाहि– परिपीलियंगमंगा, खलंत–विब्भलगई, णिरुच्छाहा, सत्तपरिवज्जिया, विगयचेट्ठ– णट्ठतेया, अभिक्खणं सीय–उण्ह– खर– फरुस–वायविज्झडिय– मलिणपंसुरयगुंडियंगमंगा, बहुकोह–माण– माया, बहुलोभा, असुह–दुक्खभागी, ओसण्णं धम्मसण्ण–सम्मत्तपरिभट्ठा, उक्कोसेणं रयणिप्पमाणमेत्ता, सोलस–वीसइवासपरमाउसो, पुत्तणत्तु–परियालपणयबहुला गंगासिंधुओ महाणईओ, वेयड्ढं च पव्वयं णिस्साए बावत्तरिं णिओया बीयं बीयामेत्ता बिलवासिणो भविस्संति।**

**શબ્દાર્થ :–** **मज्जायातिक्कमप्पहाणा** = મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં અગ્રગણ્ય **कविलयपलियकेसा** = પીળા અને સફેદ કેશવાળા **कच्छूकसराभिभूया** = ખૂજલીને ખંજવાળવાથી દુઃખી થયેલા **णिस्साए** = આશ્રયમાં.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે સમયે દુષમ–દુષમા નામના છટ્ઠા આરામાં ભારતવર્ષના મનુષ્યોનું સ્વરૂપ કેવું થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સમયે ભારતવર્ષના મનુષ્ય અતિ કુરૂપ, કુવર્ણ, કુગંધ, કુરસ અને કુસ્પર્શથી યુક્ત; અનિષ્ટ, અકાંત–કાંતિ હીન અથવા અપ્રિય, અમનોજ્ઞ, અમનામ–મનને ન ગમે તેવા; હીન સ્વર– વાળા, દીન સ્વરવાળા, અનિષ્ટ સ્વરવાળા ***યાવત્*** અમનામ–મનને ન ગમે તેવા સ્વરવાળા; અનાદેય અને અપ્રીતિયુક્ત વચનવાળા; નિર્લજ્જ, કૂડ–કપટ, કલહ, વધ, બંધ, વેરવિરોધમાં રત, મર્યાદાનું ઉલ્લંઘન કરનારા, અકાર્ય કરવામાં નિત્ય ઉદ્યત; ગુરુજનો, માતા–પિતા આદિ પૂજ્યજનોના આદેશપાલન અને વિનયથી રહિત; વિકૃત રૂપવાળા(બેડોળ), વધેલા નખ, કેશ, દાઢી, મૂંછ અને રોમવાળા, કાળા–કદરૂપા, અત્યંત કઠોર, વિખરાયેલા વાળવાળા, દુર્બળ–પીળાશ પડતા કેશવાળા, બહુ નસો (સ્નાયુઓ)થી શરીર બંધાયેલું હોવાથી દુર્દર્શનીય રૂપવાળા, સંકુચિત અને કરચલીઓથી પરિવેષ્ટિત, વાંકા–ચૂકા અંગોપાંગ–વાળા, જરાપરિણત વૃદ્ધપુરુષોની સમાન; થોડા અને તૂટેલા–સડેલા દાંતોવાળા, ઉદ્‌ભટ ઘટની સમાન ભયંકર મુખવાળા, વિષમ નેત્રોવાળા, વાંકા નાકવાળા, વાંકા–ચૂકા અને કરચલી યુક્ત મુખવાળા, એક પ્રકારની ભયંકર ખુજલીવાળા, કઠોર અને તીક્ષ્ણ નખોથી ખંજવાળવાના કારણે વિકૃત શરીરવાળા; ધાધર

અને ભયંકર કોઢ વગેરેથી ફાટેલી કઠોર ચામડીવાળા, વિચિત્ર અંગોવાળા, ઊંટ આદિની જેમ ગતિવાળા, ખરાબ આકૃતિવાળા, શરીરના વિષમ બાંધાવાળા, નાના–મોટા વિષમ હાડકા અને પાંસળીઓથી યુક્ત; કુગઠન, કુસંઘયણ, કુપ્રમાણ અને વિષમ સંસ્થાનવાળા કુરૂપ, કુસ્થાનમાં વધેલા શરીરવાળા; કુશય્યા–વાળા, ખરાબ સ્થાનમાં શયન કરનારા, કુભોજન કરનારા, ખરાબ વિચારવાળા, વિવિધ વ્યાધિઓથી પીડિત, લથડતી ચાલવાળા, ઉત્સાહ રહિત, સત્ત્વરહિત, વિકૃત ચેષ્ટાવાળા, તેજહીન; વારંવાર શીત–ઉષ્ણ, તીક્ષ્ણ અને કઠોર વાયુથી વ્યાપ્ત–સંત્રસ્ત, રજ આદિથી મલિન અંગવાળા; અત્યંત ક્રોધ, માન, માયા અને લોભથી યુક્ત, અશુભ, દુઃખના ભાગી, પ્રાયઃ ધર્મસંજ્ઞા અને સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ, એક હાથની અવગાહના– વાળા, પ્રાયઃ ૧૬ વર્ષ અને અધિકથી અધિક ૨૦ વર્ષના આયુષ્યવાળા અને બહુ પુત્ર, પૌત્રાદિ પરિવાર– વાળા થશે અને તેના પર અત્યંત સ્નેહભાવયુક્ત અથવા મોહયુક્ત થશે. ગંગા, સિંધુ આ બે મહાનદીઓનો તથા વૈતાઢ્ય પર્વતનો આશ્રય લઈને, તેમના ૭૨ નિગોદબિલરૂપ નિવાસસ્થાનમાં જ તેઓ રહેશે. તે બિલવાસીઓ ભરતક્ષેત્રના પ્રાણીઓના બીજરૂપ અલ્પ પ્રમાણમાં સુરક્ષિત રહેશે.

## દુષમદુષમા કાલના મનુષ્યોનો આહાર :–

**૨૦ ते णं भंते ! मणुया कं आहारं आहारेहिंति ?**

**गोयमा ! तेणं कालेणं तेणं समएणं गंगा–सिंधुओ महाणईओ रहपहवित्थराओ अक्खसोयप्पमाणमेत्तं जलं वोज्झिहिंति । से वि य णं जले बहुमुच्छ–कच्छभाइण्णे णो चेव णं आउबहुले भविस्सइ । तए णं ते मणुया सूरुग्गमणमुहुत्तंसि य सुरत्थमणमुहुत्तंसि य बिलेहिंतो णिद्धाहिंति, णिद्धाइत्ता मच्छ–कच्छभे थलाइं गाहेहिंति, गाहित्ता सीतातव– तत्तएहिं मच्छ–कच्छएहिं एक्कवीसं वाससहस्साइं वित्तिं कप्पेमाणा विहरिस्संति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે દુષમદુષમા કાલના મનુષ્યો કેવા પ્રકારનો આહાર કરશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે કાલે અને તે સમયે ગંગા અને સિંધુ મહાનદીઓ રથના માર્ગ પ્રમાણ વિસ્તારવાળી હશે. તેમાં રથની ધરી ડૂબી શકે તેટલું પાણી વહેશે. તે પાણી પણ અનેક મત્સ્ય, કાચબા આદિથી ભરેલું હશે અને તેમાં પાણી બહુ અલ્પ હશે. તે બિલવાસી મનુષ્ય સૂર્યોદયના સમયે અને સૂર્યાસ્તના સમયે પોત–પોતાના બિલોમાંથી બહાર નીકળશે. બિલોમાંથી બહાર નીકળીને, તેઓ ગંગા અને સિંધુ નદીઓમાં માછલા અને કાચબા આદિને પકડીને, જમીનમાં દાટી દેશે. આ રીતે દાટેલા મત્સ્યાદિ રાતની ઠંડી અને દિવસના તાપથી સેકાઈ જશે. રાતના દાટેલા માછલા આદિને સવારે અને સવારે દાટેલા માછલા આદિને સાંજે કાઢીને તેનો આહાર કરશે. આ રીતે ૨૧૦૦૦ વર્ષ સુધી જીવન નિર્વાહ કરતા તે વિચરશે–રહેશે.

## દુષમદુષમા કાલના મનુષ્ય અને તિર્યંચની ગતિ :–

**૨૧ ते णं भंते ! मणुया णिस्सीला णिग्गुणा णिम्मेरा णिप्पच्चक्खाण**

**पोसहोववासा ओसण्णं मंसाहारा मच्छाहारा खोद्दाहारा कुणिमाहारा कालमासे कालं किच्चा कहिं गच्छिहिंति, कहिं उववज्जिहिंति ?**

**गोयमा ! ओसण्णं णरग–तिरिक्खजोणिएसु उववज्जिहिंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શીલરહિત, ગુણરહિત, મર્યાદારહિત, પ્રત્યાખ્યાન રહિત અને પૌષધો–પવાસથી રહિત, પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, ક્ષુદ્રાહારી અને કુણિમાહારી મૃતકનું માંસ ખાનારા તે મનુષ્યો મૃત્યુના સમયે મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે મનુષ્યો મરીને પ્રાયઃ નરક અને તિર્યંચ યોનિઓમાં ઉત્પન્ન થશે.

**૨૨ ते णं भंते ! सीहा वग्घा विगा दीविया अच्छा तरच्छा परस्सरा णिस्सीला तहेव *जाव* कहिं उववज्जिहिंति ?**

**गोयमा ! ओसण्णं णरग–तिरिक्खजोणिएसु उववज्जिहिंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શીલાદિ રહિત સિંહ, વાઘ, વરુ, ચિત્તા અથવા ગેંડા, રીંછ, તરક્ષ(જરખ) અને પારાશર આદિ તે સમયના હિંસક પશુ મૃત્યુના સમયે મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પ્રાયઃ નરક અને તિર્યંચ યોનિઓમાં ઉત્પન્ન થશે.

**૨૩ ते णं भंते ! ढंका कंका विलका मद्दुगा सिही णिस्सीला *जाव* ओसण्णं णरग–तिरिक्खजोणिएसु उववज्जिहिंति । ॥ सेवं भंते ! सेवं भंते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શીલાદિથી રહિત ઢંક(એક પ્રકારના કાગડા), કંક, વિલય, જલવાયસ (જલકાગડા), મયુર આદિ તે સમયના પક્ષીઓ મરીને ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પક્ષીગણ પણ મરીને પ્રાયઃ નરક અને તિર્યંચ યોનિઓમાં ઉત્પન્ન થશે. ॥ હે ભગવન્ આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દુષમદુષમા કાલનું સ્વરૂપ અત્યંત વિસ્તારથી નિરૂપિત છે.

અવસર્પિણી કાલમાં મનુષ્યના આયુ, અવગાહના, ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, સંઘયણ, સંસ્થાન, પૃથ્વીના રસ–કસ આદિ સર્વ હીન–હીનતર થશે. શુભ ભાવ ઘટતા જશે, અશુભ ભાવો વધતા જશે. તેમાં પણ અવસર્પિણી કાલના છટ્ઠા આરાના અંતિમ વિભાગમાં અને ઉત્સર્પિણીકાલના પ્રથમ આરાના પ્રારંભમાં આ હીનતમ સ્થિતિ પરાકાષ્ટાએ પહોંચી જશે. તેનું વર્ણન મૂળપાઠ અને ભાવાર્થમાં વિસ્તૃત અને સ્પષ્ટ

છે.

સંક્ષેપમાં દુષમદુષમા કાલમાં ભરત ક્ષેત્રની સ્થિતિ અત્યંત સંકટાપન્ન, ભયંકર, હૃદયવિદારક, અનેક રોગોત્પાદક, અત્યંત શીત, તાપ, વર્ષા આદિથી દુઃસહ્ય હશે. આવી ભયંકર સ્થિતિમાં કોઈ માણસ કે જીવો જીવી પણ ન શકે પરંતુ ભરતક્ષેત્રના અધિષ્ઠાયક દેવ બીજ ભૂત કેટલાક મનુષ્યો અને તિર્યંચોને ઉપાડી–ઉપાડીને વૈતાઢ્ય પર્વતની ગુફાઓ પાસે આવેલા ૭૨ બિલોમાં(નાની ગુફાઓમાં) રાખી મૂકશે. તેના દ્વારા સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યોની પરંપરા ચાલતી રહેશે. કારણ કે ગર્ભજ જીવો માટે માતાપિતાની પરંપરા અવિચ્છિન્ન રહેવી જરૂરી છે. આ રીતે દેવ દ્વારા સંહરિત મનુષ્યો અને સ્થલચર, ખેચર વગેરે પશુ પક્ષીઓની પરંપરા ૨૧૦૦૦ વર્ષ પર્યંત ચાલતી રહેશે. ત્યાર પછી ઉત્સર્પિણીના પહેલા આરાના ૨૧૦૦૦ વર્ષ પણ આ જ રીતે વ્યતીત થશે. ત્યારપછી સુવૃષ્ટિ આદિથી કાલ પરિવર્તન થશે. તેના વિસ્તૃત વિવેચન માટે જુઓ– જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર–દ્વિતીય વક્ષસ્કાર.

**॥ શતક ૭/૬ સંપૂર્ણ ॥**

# શતક–૭ : ઉદ્દેશક–૭

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં સંવૃત અને અસંવૃત અણગારને લાગતી ક્રમશઃ ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા, કામભોગ, અકામનિકરણ અને પ્રકામનિકરણ વેદના ઈત્યાદિનું નિરૂપણ છે.

★ જેના કષાયો ઉપશાંત અથવા ક્ષીણ થયા છે, જે પ્રત્યેક પ્રવૃત્તિ ઉપયોગપૂર્વક, જિનાજ્ઞાનુસાર કરે છે, તેવા સંવૃત અણગારને ઐર્યાપથિકી અને અસંવૃત અણગારને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

★ **કામ :–** જેના દ્વારા કેવળ કામના–અભિલાષાની પૂર્તિ જ કરાય છે. જે શરીરના ઉપભોગમાં આવતા નથી, તે ઈન્દ્રિય વિષયને કામ કહે છે. શબ્દ અને રૂપ આ બે ઈન્દ્રિય વિષય કામ છે. તેનાથી મનની તૃપ્તિ થાય છે. તેના પુદ્‌ગલોનું શરીર રૂપે પરિણમન થતું નથી.

★ **ભોગ :–** જે વિષય દ્વારા અભિલાષા–ઈચ્છાની પૂર્તિ થાય અને તેના પુદ્‌ગલ શરીરના ઉપભોગમાં આવે તેને ભોગ કહે છે. ગંધ, રસ, સ્પર્શ આ ત્રણ ઈન્દ્રિય વિષય ભોગ છે. તેના પુદ્‌ગલ શરીરરૂપે પરિણમન પામે છે અને તેનાથી શરીરને પુષ્ટી પણ મળે છે.

★ કામભોગના પદાર્થો રૂપી છે. તે સચિત્ત પણ હોય છે અને અચિત્ત પણ હોય છે. કામભોગ જીવોમાં જ હોય છે, અજીવોને હોતા નથી. ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવ કામી અને ભોગી છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય જીવો કેવળ ભોગી છે.

★ સર્વથી થોડા કામી ભોગી જીવો, તેનાથી નોકામી–નોભોગી જીવો(સિદ્ધ જીવો) અનંતગુણા, તેનાથી ભોગી અનંતગુણા છે.

દેવલોકમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવો ક્ષીણ ભોગી જ હોય તેમ નથી. તે જીવો કામભોગનું સેવન કરનારા હોય શકે છે પરંતુ જો તે કામભોગનો ત્યાગ કરે તો ભોગત્યાગી બની મહાનિર્જરા કરનારા થાય છે. આ જ રીતે દેવલોકમાં ઉત્પન્ન થવા યોગ્ય સામાન્ય અવધિજ્ઞાની જીવો માટે પણ સમજવો.

તે જ ભવે મુક્ત થનારા પરમાવધિજ્ઞાની અને કેવળજ્ઞાની મનુષ્યો ક્ષીણભોગી હોય છે. કારણ કે તે બંને જ્ઞાન અણગારને જ હોય છે અને અણગાર કામભોગના સદા સર્વદા ત્યાગી હોય છે.

★ અસંજ્ઞી જીવો ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિના અભાવમાં અકામનિકરણ અનિચ્છા (અજ્ઞાનતા–પૂર્વક) સુખ દુઃખરૂપ વેદના વેદે છે. કેટલાક જીવો સંજ્ઞી હોવા છતાં, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ હોવા છતાં ઉપયોગના અભાવમાં અકામનિકરણ વેદના વેદે છે. જ્યારે કેટલાક સંજ્ઞી જીવો ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ હોવા છતાં ગમનશક્તિના અભાવમાં પ્રકામનિકરણ–તીવ્ર અભિલાષારૂપ સુખદુઃખ વેદના વેદે છે.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૭

## અણગાર

**સંવૃત અણગારને લાગતી ક્રિયા :–**

**१** **संवुडस्स णं भंते ! अणगारस्स आउत्तं गच्छमाणस्स आउत्तं चिट्ठमाणस्स आउत्तं णिसीयमासस्स आउत्तं तुयट्टमाणस्स आउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गेण्हमाणस्स वा णिक्खिवमाणस्स वा, तस्स णं भंते ! किं इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ?**

**गोयमा ! संवुडस्स णं अणगारस्स** *जाव* **तस्स णं इरियावहिया किरिया कज्जइ, णो संपराइया किरिया कज्जइ ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– संवुडस्स णं अणगारस्स** *जाव* **णो संपराइया किरिया कज्जइ ?**

**गोयमा ! जस्स णं कोह–माण–माया–लोभा वोच्छिण्णा भवंति, तस्स णं इरियावहिया किरिया कज्जइ; तहेव** *जाव* **उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जइ; से णं अहासुत्तमेव रीयइ, से तेणट्ठेणं गोयमा !** *जाव* **णो संपराइया किरिया कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપયોગપૂર્વક ચાલતા, ઊભા રહેતા, બેસતા, સૂતા તથા ઉપયોગપૂર્વક વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન આદિ ગ્રહણ કરતા અને મૂકતા તે સંવૃત અણગારને શું ઐર્યાપથિકી ક્રિયા લાગે છે કે સાંપરાયિકી ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉપયોગપૂર્વક ગમનાદિ કરતા તથા વસ્ત્રાદિ ગ્રહણ કરતા અને મૂકતા તે સંવૃત અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે સંવૃત્ત અણગારને ***યાવત્*** ઐર્યાપથિકી ક્રિયા લાગે છે પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગતી નથી ?

**ઉત્તર–** હે ગૌતમ ! જેના ક્રોધ, માન, માયા અને લોભ નષ્ટ(ઉપશાંત કે ક્ષીણ) થઈ ગયા છે. તે

(૧૧, ૧૨, ૧૩મા ગુણસ્થાનવર્તી) અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, તેમજ જે સૂત્રાનુસાર આચરણ (યથાખ્યાત ચારિત્રનું પાલન) કરે તેને ઈરિયાવહિ ક્રિયા લાગે છે અને જે સૂત્રાનુસાર ક્રિયા ન કરે તેઓને સાંપરાયિકી ક્રિયા લાગે છે. વિવેક સહિત ઉપરોક્ત ક્રિયાઓ કરનાર અણગાર સૂત્રાનુસાર આચરણ કરે છે તેથી હે ગૌતમ ! તેને ***યાવત્*** સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

### વિવેચન :–

શતક–૭/૧/૧૮માં વર્ણિત અવિવેક કે અનુપયોગથી ગમનાદિ ક્રિયા કરનાર અણગારને લાગતી સાંપરાયિકી ક્રિયાની જેમ અહીં ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરનાર સંવૃત અને અકષાયી અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગવાની સયુક્તિક પ્રરૂપણા કરી છે. વિષયનું સ્પષ્ટીકરણ પ્રસ્તુત સૂત્રના ભાવાર્થમાં અને ઉદ્દેશક પ્રથમમાં થઈ ગયું છે.

### કામભોગ :–

**૨ रूवी णं भंते ! कामा, अरूवी कामा ? गोयमा ! रूवी कामा, णो अरूवी कामा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કામ(કાન અને આંખના વિષયભૂત શબ્દ અને રૂપ)રૂપી છે કે અરૂપી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કામરૂપી છે પરંતુ અરૂપી નથી.

**૩ सचित्ता भंते ! कामा, अचित्ता कामा ? गोयमा ! सचित्ता वि कामा, अचित्ता वि कामा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કામ સચિત્ત છે કે અચિત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કામ સચિત્ત પણ છે અને અચિત્ત પણ છે.

**૪ जीवा भंते ! कामा, अजीवा कामा ? गोयमा ! जीवा वि कामा, अजीवा वि कामा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કામ જીવ છે કે અજીવ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કામ જીવ પણ છે અને અજીવ પણ છે.

**૫ जीवाणं भंते ! कामा, अजीवाणं कामा ? गोयमा ! जीवाणं कामा, णो अजीवाणं कामा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કામ જીવોને હોય છે કે અજીવોને હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કામ જીવોને હોય છે, અજીવોને નથી.

**६ कइविहा णं भंते ! कामा पण्णत्ता ? गोयमा ! दुविहा कामा पण्णत्ता, तं जहा– सद्दा य रूवा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કામના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! કામના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શબ્દ અને રૂપ.

**७ रूवी भंते ! भोगा, अरूवी भोगा ? गोयमा ! रूवी भोगा, णो अरूवी भोगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભોગ(નાક, જીભ અને ત્વચાના વિષયભૂત ગંધ, રસ, સ્પર્શ) રૂપી છે કે અરૂપી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભોગ રૂપી છે, તે અરૂપી નથી.

**८ सचित्ता भंते ! भोगा, अचित्ता भोगा ? गोयमा ! सचित्ता वि भोगा, अचित्ता वि भोगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભોગ સચિત્ત છે કે અચિત્ત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભોગ સચિત્ત પણ છે અને અચિત્ત પણ છે.

**९ जीवा भंते ! भोगा, अजीवा भोगा ? गोयमा ! जीवा वि भोगा, अजीवा वि भोगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભોગ જીવ છે કે અજીવ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભોગ જીવ પણ છે અને અજીવ પણ છે.

**१० जीवाणं भंते ! भोगा, अजीवाणं भोगा ? गोयमा ! जीवाणं भोगा, णो अजीवाणं भोगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભોગ જીવોને હોય છે કે અજીવોને હોય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભોગ જીવોને હોય છે, અજીવોને હોતા નથી.

**११ कइविहा णं भंते ! भोगा पण्णत्ता ? गोयमा ! तिविहा भोगा पण्णत्ता, तं जहा– गंधा, रसा, फासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભોગના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! ભોગના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ગંધ, રસ અને સ્પર્શ.

**१२ कइविहा णं भंते ! कामभोगा पण्णत्ता ?**

**गोयमा ! पंचविहा कामभोगा पण्णत्ता, तं जहा– सद्दा रूवा गंधा रसा फासा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કામભોગના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! કામભોગના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ.

**१३ जीवा णं भंते ! किं कामी, भोगी ? गोयमा ! जीवा कामी वि भोगी वि । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– जीवा कामी वि भोगी वि ?**

**गोयमा ! सोइंदिय–चक्खिदियाइं पडुच्च कामी, घाणिंदिय–जिब्भिंदिय–फासिंदियाइं पडुच्च भोगी, से तेणट्ठेणं गोयमा ! जीवा कामी वि भोगी वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ કામી છે કે ભોગી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જીવ કામી પણ છે અને ભોગી પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવ કામી પણ છે અને ભોગી પણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! શ્રોતેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયની અપેક્ષાએ કામી છે, ઘ્રાણેન્દ્રિય, જીહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે, તેથી હે ગૌતમ ! જીવ કામી પણ છે અને ભોગી પણ છે.

**१४ णेरइया णं भंते ! किं कामी, भोगी ? गोयमा ! जहा जीवा तहा णेरइया । एवं** *जाव* **थणियकुमारा**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિક જીવ કામી છે કે ભોગી છે ? **ઉત્તર–** ગૌતમ ! નૈરયિક જીવ પૂર્વવત્ કામી પણ છે અને ભોગી પણ છે. આ જ રીતે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.

**१५ पुढविकाइयाणं पुच्छा । गोयमा ! पुढविकाइया णो कामी, भोगी । से केणट्ठेणं** *जाव* **भोगी ? गोयमा ! फासिंदिय पडुच्च; से तेणट्ठेणं** *जाव* **भोगी; एवं** *जाव* **वणस्सइकाइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવો કામી છે કે ભોગી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો કામી નથી પરંતુ ભોગી છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પૃથ્વીકાયિક જીવો કામી નથી, પરંતુ ભોગી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ પૃથ્વીકાયિક જીવો ભોગી છે. તેઓને અન્ય ઈન્દ્રિયો

હોતી નથી. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે કે પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક પર્યંતના જીવો ભોગી છે પણ કામી નથી.

**૧૬ बेइंदिया एवं चेव, णवरं जिब्भिंदिय–फासिंदियाइं पडुच्च भोगी । तेइंदिया वि एवं चेव, णवरं घाणिंदियजिब्भिंदियफासिंदियाइं पडुच्च भोगी।**

**ભાવાર્થ :–** આ જ રીતે બેઈન્દ્રિય જીવ પણ ભોગી છે પરંતુ વિશેષતા એ છે કે તે જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે.

તેઈન્દ્રિય જીવ પણ તે જ રીતે ભોગી છે પરંતુ વિશેષતા એ છે કે તે ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે.

**૧૭ चउरिंदियाणं पुच्छा । गोयमा ! चउरिंदिया कामी वि भोगी वि । केणट्ठेणं *जाव* भोगी वि ? गोयमा ! चक्खिंदियं पडुच्च कामी, घाणिंदिय जिब्भिंदिय फासिंदियाइं पडुच्च भोगी; से तेणट्ठेणं *जाव* भोगी वि । अवसेसा जहा जीवा *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિય જીવો કામી છે કે ભોગી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચૌરેન્દ્રિય જીવ કામી પણ છે અને ભોગી પણ છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ચૌરેન્દ્રિય જીવ કામી પણ છે અને ભોગી પણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ચૌરેન્દ્રિય જીવ ચક્ષુરિન્દ્રિયની અપેક્ષાએ કામી છે અને ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે ચૌરેન્દ્રિય જીવ કામી પણ છે અને ભોગી પણ છે.

શેષ વૈમાનિક પર્યંતના સર્વ જીવોના વિષયમાં ઔધિક જીવોની સમાન કહેવું. તે કામી પણ છે અને ભોગી પણ છે.

**૧૮ एएसि णं भंते ! जीवाणं कामीभोगीणं, णोकामी–णोभोगीणं, भोगीण य कयरे कयरेहिंतो *जाव* विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा कामीभोगी, णोकामी–णोभोगी अणंतगुणा, भोगी अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! (૧) કામી–ભોગી (૨) નોકામી નોભોગી (૩) ભોગી, આ જીવોમાં

કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા કામીભોગી જીવ છે, (૨) તેનાથી નોકામી નોભોગી(સિદ્ધ) જીવ અનંતગુણા છે (૩) તેનાથી ભોગી જીવ અનંતગુણા છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રોમાં કામ, ભોગ તેના પ્રકાર ૨૪ દંડકના જીવોમાં તેનું અસ્તિત્વ અને તેના અલ્પબહુત્વનું કથન છે.

**કામ :–** કામ શબ્દના અનેક અર્થ થાય છે– કામના, અભિલાષા, ઈચ્છા વગેરે. પ્રસ્તુત પ્રસંગમાં શ્રોતેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયના વિષયભૂત શબ્દ અને રૂપને કામ તરીકે ગ્રહણ કર્યા છે.

જે ઈન્દ્રિય દ્વારા ગ્રહણ થતાં પુદ્‌ગલોનું શરીરરૂપે પરિણમન થતું નથી પરંતુ તેના દ્વારા કેવળ કામનાની(અભિલાષાની) પૂર્તિ થાય છે. તેને કામ કહે છે. જેમ કે કાન સાથે શબ્દનો સ્પર્શ માત્ર થાય અને શબ્દ સંભળાય છે, આંખ રૂપનો સ્પર્શ કર્યા વિના જ દૂરથી રૂપને ગ્રહણ કરે છે તેથી શબ્દ અને રૂપના ગ્રહણ કરેલા પુદ્‌ગલો શરીરરૂપે પરિણત થતા નથી, તેનાથી માત્ર ઈચ્છા પૂર્તિ થાય છે.

**ભોગ :–** જે ઈન્દ્રિય દ્વારા ગ્રહણ થતાં પુદ્‌ગલોનું શરીરરૂપે પરિણમન થાય તેને ભોગ કહે છે. યથા– ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય દ્વારા ગંધ, રસ અને સ્પર્શના પુદ્‌ગલો ગ્રહણ થાય અને તે શરીર દ્વારા ભોગવાય છે, શરીરરૂપે પરિણમન પામે છે. તેથી તેને ભોગ કહેવાય છે.

કામ અને ભોગરૂપ પદાર્થ સચિત્ત કે અચિત્ત, રૂપી કે અરૂપી અને જીવરૂપ–અજીવરૂપ બંને હોય છે.

૨૪ દંડકમાં પાંચ સ્થાવર, બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય જીવો માત્ર ભોગી છે; તેઓને આંખ અને કાન હોતા નથી. શેષ સર્વ દંડકના જીવો કામી અને ભોગી બંને છે.

**અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા કામી–ભોગી જીવો છે. ચૌરેન્દ્રિય અને સર્વ પંચેન્દ્રિય જીવ કામ–ભોગી છે, તે સર્વથી થોડા છે. (૨) તેનાથી નોકામી–નોભોગી અર્થાત્ સિદ્ધજીવ અનંતગુણા (૩) તેનાથી ભોગી (એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય) જીવ અનંતગુણા છે, કારણ કે વનસ્પતિકાયના જીવ અનંત છે.

## ભોગી અને ક્ષીણભોગી :-

**૧૯ छउमत्थे णं भंते ! मणूसे जे भविए अण्णयरेसु देवलोएसु देवत्ताए उववज्जित्तए, से णूणं भंते ! से खीणभोगी; णो पभू उट्ठाणेणं कम्मेणं बलेणं वीरिए णं पुरिसक्कारपरक्कमेणं विउलाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए ? से णूणं**

**भंते ! एयमट्ठं एवं वयह ?**

**गोयमा ! णो इणट्ठे समट्ठे । पभू णं भंते ! से उट्ठाणेण वि कम्मेण वि बलेण वि वीरिएण वि पुरिसक्कारपरक्कमेण वि अण्णयराइं विउलाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए, तम्हा भोगी; भोगे परिच्चियमाणे महाणिज्जरे, महापज्जवसाणे भवइ ।**

**શબ્દાર્થ :– भविए** = ભવિષ્યમાં, અલ્પ સમયમાં જ **खीणभोगी** = ભોગ ભાવનાથી મુક્ત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે છદ્મસ્થ મનુષ્ય અલ્પ સમયમાં જ કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થવાના હોય છે. તે ક્ષીણભોગી(ભોગ ભાવનાથી મુક્ત) હોય છે અને તે ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર–પરાક્રમ હોવા છતાં પણ વિપુલ ભોગોને ભોગવતો નથી. શું આ વિષયમાં આપ પણ એમ જ કહો છો ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ નથી. દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થનારા તે છદ્મસ્થ મનુષ્ય ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર–પરાક્રમ દ્વારા કોઈ પણ વિપુલ ભોગોને ભોગવી શકે છે. તેથી તે ભોગી છે પરંતુ ક્ષીણભોગી નથી. જો તે ભોગોનો પરિત્યાગ કરે, તો જ તે ભોગત્યાગી થાય અને તે મહાનિર્જરા અને મહાપર્યવસાન–કર્મોનો અંત કરનારા થાય છે.

**૨૦ आहोहिए णं भंते ! मणूसे जे भविए अण्णयरेसु देवलोएसु उववज्जित्तए पुच्छा ? गोयमा ! जहा छउमत्थे *जाव* महापज्जवसाणे भवइ ।**

**શબ્દાર્થ :– आहोहिए** = અધોવધિજ્ઞાની મર્યાદિત ક્ષેત્રના અવધિજ્ઞાની, પરમાવધિજ્ઞાની સિવાયના અવધિજ્ઞાની.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આધોવધિક મનુષ્ય જો અલ્પસમયમાં જ કોઈ પણ દેવલોકમાં ઉત્પન્ન થવાના હોય, શું તે ક્ષીણભોગી હોય વગેરે પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ વિષયમાં ઉપર્યુક્ત છદ્મસ્થની સમાન કથન કરવું જોઈએ, ***યાવત્*** તે ભોગોનો પરિત્યાગ કરે, તો જ ભોગત્યાગી થઈ મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા થાય છે.

**૨૧ परमाहोहिए णं भंते ! मणुस्से जे भविए तेणेव भवग्गहणेणं सिज्झित्तए *जाव* अंतं करेत्तए; से णूणं भंते ! से खीणभोगी, सेसं जहा छउमत्थस्स; पुच्छा ?**

**हंता गोयमा ! से णं खीणभोगी; णो पभू उट्ठाणेणं *जाव* भुंजमाणे विहरित्तए; तम्हा से तेणेव भवग्गहणेणं सिज्झइ *जाव* सव्व दुक्खाणं अंतं करेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમ અવધિજ્ઞાની મનુષ્ય જો અલ્પસમયમાં, તે જ ભવે સિદ્ધ, બુદ્ધ,

મુક્ત થવાના હોય અને સર્વ દુઃખોનો અંત કરવાના હોય, શું તે ક્ષીણભોગી હોય વગેરે છદ્મસ્થની જેમ પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હા ગૌતમ ! તે પરમાવધિજ્ઞાની(અણગાર) ક્ષીણભોગી છે. તે ઉત્થાનાદિ દ્વારા ભોગ ભોગવતા નથી માટે તેઓ તે જ ભવે સિદ્ધ થાય ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

**૨૨ केवली णं भंते ! मणूसे जे भविए तेणेव भवग्गहणेणं सिज्झित्तए** *जाव* **अंतं करेत्तए, से णूणं भंते ! से खीणभोगी पुच्छा ?**

**गोयमा ! जहा परमाहोहिए** *जाव* **सव्व दुक्खाणं अंतं करेइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળજ્ઞાની મનુષ્ય જો અલ્પસમયમાં તે જ ભવે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થવાના હોય અને સર્વ દુઃખોનો અંત કરવાના હોય, શું તે ક્ષીણભોગી હોય અને તે વિપુલ ભોગ ભોગવવામાં સમર્થ ન હોય વગેરે પ્રશ્ન કરવો ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેનો ઉત્તર પરમાવધિજ્ઞાનીની જેમ સમજવો જોઈએ ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં દેવલોકમાં જનારા છદ્મસ્થ મનુષ્ય અને અધોવધિજ્ઞાની તથા તે જ ભાવે મોક્ષ જનારા પરમાવધિજ્ઞાની અને કેવળીજ્ઞાની આ ચારના ભોગી–ક્ષીણભોગીપણા વિષયક નિરૂપણ છે.

દેવલોકગામી છદ્મસ્થ મનુષ્ય અને અધોવધિજ્ઞાની ભોગી છે. તેઓ ઉત્થાનાદિ દ્વારા વિપુલ ભોગો ભોગવી શકે છે. કારણ કે તેઓ ભોગ ત્યાગી નથી. ભોગ ત્યાગી કરે તો ત્યાગી થઈ શકે છે.

પરમાવધિજ્ઞાની અને કેવળજ્ઞાની ક્ષીણભોગી છે, તેઓ ઉત્થાનાદિ દ્વારા ભોગ ભોગવતા નથી. કારણ કે તેઓ અણગાર છે, તદ્ભવ મોક્ષગામી છે, ભોગ ભાવનાથી મુક્ત થઈ ગયા છે.

**પરમાવધિજ્ઞાની :–** અહીં પરમાવધિજ્ઞાનીના ત્રીજા સૂત્રમાં પ્રશ્નનો પ્રારંભ કરીને **सेसं जहा छउमत्थस** તેવો સંક્ષિપ્ત પાઠ પ્રતોમાં ઉપલબ્ધ છે. ટીકાકારે તે સંક્ષિપ્ત પાઠનું સ્પષ્ટીકરણ આપ્યું નથી. તેઓએ માત્ર એટલું જ જણાવ્યું છે કે પરમાવધિજ્ઞાની ચરમ શરીરી છે અને સૂત્રમાં પણ તેને તદ્ભવ મોક્ષગામી કહ્યા છે. પ્રસ્તુત સંસ્કરણમાં છદ્મસ્થ કરતાં પરમાવધિજ્ઞાનીની વિશેષતા સ્પષ્ટ કરવા પરમાવધિજ્ઞાનીના ઉત્તર પાઠનો વિસ્તૃતીકરણ કરીને આપ્યો છે.

પરમાવધિજ્ઞાનીનો ઉત્તર સંબંધી પાઠ સ્પષ્ટ થઈ જતાં કેવળજ્ઞાની સંબંધી ઉત્તર પણ સ્પષ્ટ થઈ જાય છે. કારણ કે કેવળજ્ઞાનીના સૂત્રમાં પરમાવધિજ્ઞાનીની જેમ સમજવાનો અતિદેશ કર્યો છે.

| છદ્મસ્થ અને અધોવધિજ્ઞાની | પરમાવધિજ્ઞાની અને કેવળજ્ઞાની |
|---|---|
| ભોગી | ક્ષીણભોગી |
| દેવલોકગામી | તદ્ભવ મોક્ષગામી |
| ભોગ ત્યાગે તો મહાનિર્જરા કરી શકે | ભોગ ત્યાગી જ છે. |

ત્રીજા સૂત્રથી સ્પષ્ટ થાય છે કે પરમાવધિજ્ઞાની તે જ ભવે મોક્ષે જાય છે.

## અકામનિકરણ અને પ્રકામનિકરણ વેદન :-

**૨૩** **जे इमे भंते ! असण्णिणो पाणा, तं जहा– पुढविक्काइया** *जाव* **वणस्सइकाइया, छट्ठा य एगइया तसा; एए णं अंधा, मूढा, तमं पविट्ठा तमपडलमोहजालपडिच्छण्णा अकामणिकरणं वेयणं वेदेंतीत्ति वत्तव्वं सिया ?**

**हंता गोयमा ! जे इमे असण्णिणो पाणा** *जाव* **वेयणं वेदेंतीति वत्तव्वं सिया।**

**શબ્દાર્થ :– अकामणिकरणं** = અનિચ્છાએ, અજાણપણે, અજ્ઞાનરૂપે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જે અસંજ્ઞી(મનરહિત) પ્રાણી છે, યથા– પૃથ્વીકાયિકાદિ પાંચ સ્થાવર તથા છટ્ઠા કેટલાક ત્રસકાયિક(સંમૂર્ચ્છિમ) જીવ છે, જે અંધ છે, મૂઢ છે, અજ્ઞાનરૂપ અંધકારમાં પ્રવિષ્ટ છે, જ્ઞાનાવરણીયરૂપ તમઃપટલ અને મોહજાલથી આચ્છાદિત છે, તે અકામનિકરણ વેદના વેદે છે, શું એમ કહી શકાય છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! જે પૃથ્વીકાયિકાદિ અસંજ્ઞી જીવો છે ***યાવત્*** તે સર્વ અકામનિકરણ વેદના વેદે છે; એ પ્રમાણે કહી શકાય.

**૨૪** **अत्थि णं भंते ! पभू वि अकामणिकरणं वेयणं वेदेंति ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સમર્થ હોવા છતાં પણ જીવ અકામનિકરણ–અનિચ્છાપૂર્વક વેદના વેદે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! વેદે છે.

**૨૫** **कहं णं भंते ! पभू वि अकामणिकरणं वेयणं वेदेंति ?**

**गोयमा ! जे णं णो पभू विणा पईवेणं अंधकारंसि रूवाइं पासित्तए, जे णं णो पभू पुरओ रूवाइं अणिज्झाइत्ता णं पासित्तए, जे णं णो पभू मग्गओ रूवाइं अणवयक्खित्ता णं पासित्तए, जे णं णो पभू पासओ रूवाइं अणवलोइत्ता णं पासित्तए, जे णं णो पभू**

**उड्ढं रूवाइं अणालोएत्ता णं पासित्तए, जे णं णो पभू अहे रूवाइं अणालोएत्ता णं पासित्तए; एस णं गोयमा ! पभू वि अकामणिकरणं वेयणं वेदेंति ।**

**શબ્દાર્થ :– विणा पईवेणं** = દીપક વિના **अणिज्झाइत्ता** = જોયા વિના **अणवयक्खित्ता** = પાછળના ભાગને જોયા વિના **अणवलोइत्ता** = અવલોકન કર્યા વિના.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમર્થ હોવા છતાં પણ જીવ અકામનિકરણ વેદના કેવી રીતે વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) જેમ જીવ સમર્થ હોવા છતાં અંધકારમાં દીપક વિના રૂપ(પદાર્થ)ને જોવામાં સમર્થ નથી, (૨) જેમ અવલોકન કર્યા વિના સમ્મુખ રહેલા પદાર્થોને જોઈ શકતા નથી, (૩) અવેક્ષણ–નજર કર્યા વિના પાછળના ભાગને જોઈ શકતા નથી, (૪) અવલોકન કર્યા વિના પાર્શ્વભાગની બંને તરફના પદાર્થોને જોઈ શકતા નથી, (૫) અવલોકન કર્યા વિના ઉપરના રૂપો(પદાથો)ને જોઈ શકતા નથી, (૬) અવલોકન કર્યા વિના નીચેના રૂપો(પદાર્થો)ને જોઈ શકતા નથી; તેમજ હે ગૌતમ ! અસંજ્ઞી જીવ સમર્થ હોવા છતાં અકામનિકરણ વેદના વેદે છે.

**૨૬ अत्थि णं भंते ! पभू वि पकामणिकरणं वेयणं वेदेंति ? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું સમર્થ હોવા છતાં પણ જીવ પ્રકામનિકરણ એટલે તીવ્ર ઈચ્છાપૂર્વક વેદના વેદે છે ? **ઉત્તર–** હા, ગૌતમ ! વેદે છે.

**૨૭ कहं णं भंते ! पभू वि पकामणिकरणं वेयणं वेदेंति ?**

**गोयमा ! जे णं णो पभू समुद्दस्स पारं गमित्तए, जे णं णो पभू समुद्दस्स पारगयाइं रूवाइं पासित्तए, जे णं णो पभू देवलोगं गमित्तए, जे णं णो पभू देव–लोगगयाइं रूवाइं पासित्तए; एस णं गोयमा ! पभू वि पकामणिकरणं वेयणं वेदेंति। ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમર્થ હોવા છતાં જીવ પ્રકામનિકરણ વેદનાને કેવી રીતે વેદે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) જેમ કોઈ વ્યક્તિ સમુદ્ર પાર કરવામાં સમર્થ નથી; (૨) સમુદ્રની પેલે પાર રહેલા રૂપોને જોવામાં સમર્થ નથી; (૩) દેવલોકમાં જવાને સમર્થ નથી અને (૪) દેવલોકમાં રહેલા રૂપોને જોઈ શકતા નથી; તેમજ હે ગૌતમ ! તે મનુષ્ય પ્રકામનિકરણ(તીવ્ર ઈચ્છાપૂર્વક) વેદના વેદે છે.॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંજ્ઞી અને અસંજ્ઞી જીવોના સુખ કે દુઃખ રૂપ વેદનને અકામનિકરણ અને પ્રકામ–

નિકરણ વેદનાના માધ્યમથી સમજાવ્યું છે.

**અકામનિકરણ :–** અનિચ્છાપૂર્વક અથવા અજ્ઞાનપૂર્વક જે વેદનાનું વેદન થાય તેને અકામનિકરણ કહે છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો મનના અભાવમાં, ઈચ્છાશક્તિ અને જ્ઞાન– શક્તિના અભાવમાં અકામનિકરણ વેદના વેદે છે. સંજ્ઞી જીવોમાં પણ કેટલાક જીવો મૂઢતાના કારણે ઉપયોગશૂન્ય હોય છે, તેની પાસે ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ હોવા છતાં તેનો ઉપયોગ કરતા નથી, જેમ કે શક્તિ હોવા છતાં અંધકારમાં ઉપર, નીચે, આગળ, પાછળ રહેલા પદાર્થોને જોઈ શકતા નથી. તે રીતે જ્ઞાનશક્તિ હોવા છતાં ઉપયોગશૂન્ય વ્યક્તિ અકામનિકરણ વેદના વેદે છે.

**પ્રકામનિકરણ :–** તીવ્ર અભિલાષા રૂપે જેનું વેદન થાય તેને પ્રકામનિકરણ વેદના કહે છે. સંજ્ઞી જીવો આ પ્રકારની વેદનાનો અનુભવ કરે છે. જેમ કોઈ વ્યક્તિમાં સમુદ્ર પાર કરવાની, દેવલોકમાં રહેલા રૂપો જોવાની શક્તિ ન હોય; તે જીવ તેની તીવ્ર અભિલાષા જ કરે છે. તેમજ જીવોમાં ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ હોવા છતાં ગમનશક્તિના અભાવે તેઓમાં પ્રવૃત્ત થવાનું સામર્થ્ય નથી; તે તેની અભિલાષા માત્ર જ કરે છે. તેથી તે જીવો પ્રકામનિકરણ વેદનાનું વેદન કરે છે.

## ॥ શતક ૭/૭ સંપૂર્ણ ॥

# શતક–૭ : ઉદ્દેશક–૮

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં જીવમાત્રમાં જીવત્વની સમાનતા, પાપકર્મની દુઃખરૂપતા, કર્મ નિર્જરાની સુખ–રૂપતા, નૈરયિકોની દશ પ્રકારની વેદના, હાથી અને કુંથુવામાં અપ્રત્યાખ્યાન ક્રિયાની સમાનતા અને આધાકર્મ દોષ યુક્ત આહાર સેવનનું પરિણામ વગેરે વિષયો પ્રગટ કર્યા છે.

★ આ લોકના પ્રત્યેક જીવો જીવત્વની અપેક્ષાએ, અસંખ્યાત પ્રદેશની અપેક્ષાએ, તેમજ શક્તિની અપેક્ષાએ સમાન છે. સકર્મા જીવમાં સંકોચ–વિસ્તારનો ગુણ છે. કર્માનુસાર તેને જે શરીર મળે છે તેમાં દીપકના પ્રકાશની જેમ તે વ્યાપ્ત થઈ જાય છે. તેથી હાથી અને કુંથુવાનો જીવ સમાન છે.

★ કોઈ પણ જીવે કરેલાં પાપકર્મો અને તેનું વેદન દુઃખકારક છે. કારણ કે પાપકર્મનું ફળ સંસાર પરિભ્રમણ છે. વેદન પછી તે કર્મોની નિર્જરા થાય તે સુખરૂપ છે, કારણ કે નિર્જરાનું પરિણામ મોક્ષ છે.

★ નૈરયિકો દશ પ્રકારની વેદનાનો અનુભવ કરે છે. શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, ખંજવાળ, પરાધીનતા જ્વર, દાહ, ભય અને શોક.

★ આ જગતના સર્વ અવિરત જીવોને અપ્રત્યાખ્યાની ક્રિયા સમાનરૂપે લાગે છે, કારણ કે તે સર્વમાં અવિરતભાવની સમાનતા છે.

★ આધાકર્મ દોષયુક્ત આહાર કરનાર સાધુ સંસાર ભ્રમણને વધારે છે અને નિર્દોષ આહાર કરનાર સાધુ સંસારને સીમિત કરી, પરંપરાએ મુક્ત થાય છે.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૮

## છદ્મસ્થ

### છદ્મસ્થની સિદ્ધિનો નિષેધ :–

**१ छउमत्थे णं भंते ! मणूसे तीयमणंतं सासयं समयं केवलेणं संजमेणं** *जाव* **सव्वदुक्खाणमंतं करिंसु ?**

**एवं जहा पढमसए चउत्थुद्देसए तहा भाणियव्वं** *जाव* **अलमत्थु त्ति वत्तव्वं सिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય, અનંત અને શાશ્વત અતીતકાલમાં કેવલ સંવરથી, કેવલ બ્રહ્મચર્યથી તથા કેવલ અષ્ટપ્રવચન માતાના પાલનથી સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે, મુક્ત થયા છે અને સર્વ દુઃખનો અંત કર્યો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી. આ વિષયમાં શતક–૧/૪માં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે સંપૂર્ણ વર્ણન કહેવું જોઈએ. ***યાવત્*** કેવલીને 'અલમસ્તુ' કહેવાય છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં શતક ૧/૪ના અતિદેશપૂર્વક કથન છે કે અતીતકાલમાં કેવલ સંયમ(કેવલી પ્રરૂપિત સંયમ) આદિથી કોઈ **છદ્મસ્થ** સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા નથી, પરંતુ **કેવલી** થઈને જ સિદ્ધ થાય, તેનું નિરૂપણ છે. વિશેષ વિવેચન માટે જિજ્ઞાસુએ ભગવતી સૂત્રના પ્રથમ ભાગમાં પૃષ્ટ–૧૧૨ જોઈ લેવું.

### હાથી અને કુંથુવામાં જીવત્વની સમાનતા :–

**२ से णूणं भंते ! हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे ?**

**हंता गोयमा ! हत्थियस्स य कुंथुस्स य समे चेव जीवे । एवं जहा रायप्पसेणइज्जे** *जाव* **खुड्डियं वा महालियं वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું હાથી અને કુંથુવાનો જીવ સમાન છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! હાથી અને કુંથુવાનો જીવ સમાન છે વગેરે વિસ્તૃત વર્ણન રાજપ્રશ્નીયસૂત્રમાં

કહ્યા અનુસાર **खुड्डियं वा महालियं वा** આ પાઠ સુધી જાણવું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં રાજપ્રશ્નીય સૂત્રપાઠના અતિદેશપૂર્વક હાથી અને કુંથુવામાં સમાન જીવત્વની પ્રરૂપણા કરી છે.

હાથીનું શરીર મોટું અને કુંથુવાનું શરીર નાનું હોવા છતાં પણ બંનેના જીવ સમાન છે, તે વિષયને સિદ્ધ કરવા માટે રાજપ્રશ્નીય સૂત્રમાં દીપકનું દષ્ટાંત આપ્યું છે. જેમ એક દીપકનો પ્રકાશ આખા ઓરડામાં ફેલાયેલો હોય છે. જો તેને કોઈ વાસણ દ્વારા ઢાંકી દઈએ તો તેનો પ્રકાશ વાસણ પ્રમાણ થઈ જાય છે. આ રીતે જ શરીરધારી જીવનો સ્વભાવ પણ સંકોચ–વિસ્તારનો હોય છે. તેને જેવું શરીર મળે તે પ્રમાણે તેનો સંકોચ કે વિસ્તાર થઈ જાય છે. જ્યારે જીવ હાથીનું શરીર ધારણ કરે છે, ત્યારે તેના આત્મ પ્રદેશો વિસ્તાર પામીને તે મોટા શરીરમાં વ્યાપ્ત થઈ જાય છે અને જ્યારે કુંથુવાનું શરીર ધારણ કરે ત્યારે તે આત્મપ્રદેશો સંકોચ પામીને નાના શરીરમાં વ્યાપ્ત થઈ જાય છે. આ રીતે કેવળ નાના–મોટા શરીરનું જ અંતર છે, જીવમાં કોઈ અંતર નથી, સર્વ જીવો અસંખ્યાત પ્રદેશી છે.

## પાપકર્મનું ફળ : દુઃખ :–

**३ णेरइयाणं भंते ! पावे कम्मे जे य कडे, जे य कज्जइ, जे य कज्जिस्सइ सव्वे से दुक्खे, जे णिज्जिण्णे से सुहे ?**

**हंता गोयमा ! णेरइयाणं पावे कम्मे** *जाव* **जे णिज्जिण्णे से सुहे । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો દ્વારા જે પાપકર્મ કરાયું, કરાય છે અને કરાશે, શું તે સર્વ દુઃખરૂપ છે અને (તેના દ્વારા) જેની નિર્જરા થઈ છે, શું તે સુખરૂપ છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! નૈરયિકો દ્વારા જે પાપકર્મ કરાયું, કરાય છે અને કરાશે તે સર્વ દુઃખરૂપ છે અને જે પાપકર્મની નિર્જરા થઈ છે, તે સર્વ સુખરૂપ છે. આ જ રીતે વૈમાનિક પર્યંત કહેવું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં નૈરયિકોથી વૈમાનિક પર્યંત સર્વ જીવોને માટે ત્રણે કાલમાં પાપકર્મ દુઃખરૂપ છે અને તેની નિર્જરા સુખરૂપ છે, તે વિષયનું કથન કર્યું છે.

**નિષ્કર્ષ :–** પાપકર્મ દુઃખરૂપ ફળ આપે છે તેમજ તે સંસાર પરિભ્રમણનું કારણ હોવાથી દુઃખરૂપ છે અને પાપકર્મની નિર્જરા મોક્ષનું કારણ હોવાથી સુખરૂપ છે. સુખ અને દુઃખના કારણને અહીં સુખ અને દુઃખ કહ્યું છે.

## સંજ્ઞાઓના દશ પ્રકાર :-

**૪ कइ णं भंते ! सण्णाओ पण्णत्ताओ ?**

**गोयमा ! दस सण्णाओ पण्णत्ताओ, तं जहा– आहारसण्णा, भयसण्णा, मेहुणसण्णा, परिग्गहसण्णा, कोहसण्णा, माणसण्णा, मायासण्णा, लोभसण्णा, लोगसण्णा, ओहसण्णा । एवं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંજ્ઞાના દસ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) આહારસંજ્ઞા (૨) ભયસંજ્ઞા (૩) મૈથુનસંજ્ઞા (૪) પરિગ્રહસંજ્ઞા (૫) ક્રોધસંજ્ઞા (૬) માનસંજ્ઞા (૭) માયાસંજ્ઞા (૮) લોભસંજ્ઞા (૯) લોકસંજ્ઞા (૧૦) ઓઘસંજ્ઞા. વૈમાનિક પર્યંત ૨૪ દંડકોમાં આ દશ સંજ્ઞા છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં ૨૪ દંડકવર્તી જીવોમાં આહારસંજ્ઞા આદિ ૧૦ પ્રકારની સંજ્ઞાઓનું કથન છે.

**સંજ્ઞા :–** (૧) વેદનીય અને મોહનીય કર્મના ઉદયથી તથા જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતી આહારાદિ પ્રાપ્તિની ઈચ્છા વિશેષને સંજ્ઞા કહે છે. (૨) જીવનું આહારાદિ વિષયક ચિંતન અથવા માનસિક જ્ઞાન સંજ્ઞા છે. (૩) જે ક્રિયાથી જીવની ઈચ્છા જાણી શકાય તે ક્રિયાને સંજ્ઞા કહે છે. શાસ્ત્રમાં અન્યત્ર આહારાદિ ચાર સંજ્ઞાઓનું કથન છે અહીં વિસ્તારની અપેક્ષાએ તેના દશ ભેદ કહ્યા છે.

**(૧) આહાર સંજ્ઞા :–** ક્ષુધાવેદનીયના ઉદયથી આહારની ઈચ્છા, અભિલાષા.

**(૨) ભય સંજ્ઞા :–** ભય મોહનીયના ઉદયથી વ્યાકુળ ચિત્તયુક્ત આત્માનું ભયભીત થવું, કંપવું, રોમાંચિત થવું, ગભરાવું વગેરે.

**(૩) મૈથુન સંજ્ઞા :–** વેદ મોહનીય કર્મના ઉદયથી સ્ત્રી પુરુષ આદિને પરસ્પર એક બીજાના અંગસ્પર્શની અને તેને જોવા આદિની ઈચ્છા થાય, તે મૈથુન સંજ્ઞા કહેવાય અથવા જેનાથી મૈથુનેચ્છા અભિવ્યક્ત થાય, તેને મૈથુન સંજ્ઞા કહે છે.

**(૪) પરિગ્રહ સંજ્ઞા :–** લોભ કષાય મોહનીયના ઉદયથી સચિત્ત, અચિત્ત અથવા મિશ્ર દ્રવ્યનો આસક્તિ–પૂર્વક સંગ્રહ કરવાની ઈચ્છા.

**(૫) ક્રોધ સંજ્ઞા :–** ક્રોધના ઉદયથી આવેશમાં આવવું અને નેત્રનું લાલ થવું, કંપવું વગેરે.

**(૬) માન સંજ્ઞા :–** માનના ઉદયથી અહંકારાદિરૂપ પરિણામ થવા. અપમાન થાય તો દુઃખ થવું.

**(૭) માયા સંજ્ઞા :–** માયાના ઉદયથી દુર્ભાવનાવશ અન્યને ઠગવા, વિશ્વાસઘાત કરવો વગેરે.

**(૮) લોભ સંજ્ઞા :–** લોભના ઉદયથી સચિત્ત–અચિત્ત પદાર્થ પ્રાપ્તિની લાલસા.

**(૯) ઓઘ સંજ્ઞા :–** અસ્પષ્ટ ઈચ્છા અને ધૂનમાં ને ધૂનમાં ઉપયોગ વિનાની પ્રવૃત્તિ કરવી.

**(૧૦) લોક સંજ્ઞા :–** લોકરૂઢિ અથવા લોકદૃષ્ટિ અનુસાર પ્રવૃત્તિ કરવાની ઈચ્છા થવી.

આ દસે સંજ્ઞાઓ ન્યૂનાધિકરૂપે સર્વ છદ્મસ્થ સંસારી જીવોમાં પ્રાપ્ત થાય છે.

## નૈરયિકની દશ પ્રકારની વેદના :–

**૫ णेरइया दसविहं वेयणं पच्चणुभवमाणा विहंरति, तं जहा– सीयं, उसिणं, खुहं, पिवासं, कंडुं, परज्झं, जरं, दाहं, भयं, सोगं ।**

**ભાવાર્થ :–** નૈરયિક જીવ દસ પ્રકારની વેદનાનો અનુભવ કરતા રહે છે, તે આ પ્રમાણે છે– (૧) શીત (૨) ઉષ્ણ (૩) ક્ષુધા (૪) પિપાસા (૫) ખુજલી (૬) પરાધીનતા (૭) જ્વર(તાવ) (૮) દાહ (૯) ભય (૧૦) શોક.

## વિવેચન :–

સૂત્રોક્ત દશ પ્રકારની વેદના ક્ષેત્ર વેદના કહેવાય છે. તે સિવાય નૈરયિકોને દેવકૃત વેદના અને પરસ્પરકૃત વેદના પણ હોય છે.

## હાથી અને કુંથુવાની ક્રિયામાં સમાનતા :–

**૬ से णूणं भंते ! हत्थिस्स य कुंथुस्स य समा चेव अपच्चक्खाणकिरिया कज्जइ ? हंता गोयमा ! हत्थिस्स य कुंथुस्स य** *जाव* **कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું હાથી અને કુંથુવાને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાનરૂપે લાગે છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! હાથી અને કુંથુવાને સમાનરૂપે અપ્રત્યાખ્યાન ક્રિયા લાગે છે.

**૭ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ** *जाव* **कज्जइ ? गोयमा ! अविरइं पडुच्च । से तेणट्ठेणं** *जाव* **कज्जइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે હાથી અને કુંથુવાને સમાનરૂપે અપ્રત્યાખ્યાન ક્રિયા લાગે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! હાથી અને કુંથુવામાં અવિરતિપણું સમાન છે; માટે બંને જીવની અપ્રત્યાખ્યાન ક્રિયા સમાન છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અને કુંથુવાના પ્રશ્નથી સંસારના સમસ્ત જીવોની અપ્રત્યાખ્યાન ક્રિયાનું નિરૂપણ છે. શતક ૧/૯માં આ જ વિષયને શ્રીમંત કે દરિદ્ર આદિની અપેક્ષા સમજાવ્યો છે. વિવેચન માટે જુઓ ભાગ–૧, પૃષ્ટ–૨૧૮.

**આધાકર્મ દોષનું ફળ :–**

**૮ आहाकम्मं णं भंते ! भुंजमाणे किं बंधइ, किं पकरेइ, किं चिणाइ, किं उवचिणाइ ?**

**एवं जहा पढमे सए णवमे उद्देसए तहा भाणियव्वं** *जाव* **सासए पंडिए, पंडियत्तं असासयं । ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આધાકર્મ આહારાદિનું સેવન કરનાર સાધુ શું બાંધે છે ? શું કરે છે ? શેનો ચય કરે છે ? અને શેનો ઉપચય કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આધાકર્મ આહારાદિનું સેવન કરનાર સાધુ આયુષ્યકર્મને છોડીને શેષ સાતકર્મની પ્રકૃતિને, જો શિથિલબંધથી બાંધી હોય તો ગાઢ બંધનવાળી કરે છે ***યાવત્*** તે વારંવાર સંસાર પરિભ્રમણ કરે છે વગેરે તથા પંડિત શાશ્વત છે અને પંડિતત્વ અશાશ્વત છે ત્યાં સુધીનું કથન શતક–૧/૯ પ્રમાણે જાણવું. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શતક ૧/૯ ના અતિદેશપૂર્વક આધાકર્મ દોષ સેવનનું સંસાર પરિભ્રમણરૂપ દુષ્ફળ પ્રગટ કર્યું છે. વિસ્તૃત વિવેચન માટે જુઓ ભાગ–૧, પૃષ્ટ–૨૧૮ થી ૨૨૨.

**॥ શતક ૭/૮ સંપૂર્ણ ॥**

# શતક–૭ : ઉદ્દેશક–૯

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં અસંવૃત અણગારની વિકુર્વણાનું અને મહાશિલાકંટક સંગ્રામ તથા રથમૂસલ સંગ્રામનું વિસ્તૃત વર્ણન છે.

★ વૈક્રિયલબ્ધિસંપન્ન અસંવૃત અણગાર બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને (૧) એકવર્ણ એકરૂપ (૨) એકવર્ણ અનેકરૂપ (૩) અનેકવર્ણ એકરૂપ (૪) અનેકવર્ણ અનેકરૂપની વિકુર્વણા કરી શકે છે. આ રીતે વર્ણના ૧૦, ગંધનો એક, રસના ૧૦ અને સ્પર્શના ૪ વિકલ્પ થાય છે. અર્થાત્ વર્ણની જેમ ભિન્ન ભિન્ન ગંધ, રસ અને સ્પર્શ સાથે સંયોગ કરીને પૂર્વવત્ ચૌભંગી બને છે.

★ **મહાશિલાકંટક સંગ્રામ** રાજા શ્રેણિકના પુત્ર કોણિક અને રાજા ચેટક વચ્ચેનો હતો. પિતા તરફથી પ્રાપ્ત થયેલો સેચનક હાથી અને અઢારસરો હાર નાના ભાઈ વિહલ્લ પાસે હતા. જેને મેળવવાના નિમિત્તે કોણિકને ભાઈ સાથે વૈમનસ્ય થયું. વિહલ્લે પોતાની સલામતી માટે નાનાજી ચેડા રાજાનો આશ્રય લીધો. ચેડા રાજાએ ન્યાયને પ્રાધાન્ય આપ્યું અને યુદ્ધ માટે તૈયાર થયા. ચેડા રાજા અને દોહિત્ર કોણિક વચ્ચે મહાયુદ્ધ થયું. કોણિક રાજાએ પોતાના કાલ આદિ દશ ભાઈઓને યુદ્ધમાં સાથે રાખ્યા, ચેડા રાજાએ કાશી અને કોશલ દેશના નવ મલ્લ જાતિના અને નવ લિચ્છવી જાતિના ૧૮ ગણરાજાઓને સાથે રાખ્યા હતા.

ચેડા રાજાના બાણથી કાલ આદિ દશ કુમારો મૃત્યુ પામ્યા. રાજા કોણિક પોતાની સલામતી માટે ચિંતાતુર બન્યા. તેણે યુદ્ધ સ્થગિત રાખી, અઠ્ઠમ તપની આરાધના કરી, પોતાના પૂર્વભવના મિત્ર શક્રેન્દ્ર અને તાપસ પર્યાયના મિત્ર ચમરેન્દ્રનું સ્મરણ કર્યું. મિત્રતાના સંબંધે બંને ઈન્દ્રો યુદ્ધમાં ઉપસ્થિત થયા.

**મહાશિલાકંટક સંગ્રામમાં** રાજા કોણિકના સૈનિકો તૃણ, પત્ર, કાષ્ઠ આદિ કાંઈ પણ ફેંકે, તેનાથી શત્રુ સેનાને મહાશિલા પડવાનો અનુભવ થતો. તેથી તે મહાશિલાકંટક સંગ્રામ નામથી પ્રસિદ્ધ થયો છે. આ સંગ્રામમાં ૮૪ લાખ મનુષ્યોનો સંહાર થયો. તેમાં શક્રેન્દ્રની સહાયતાથી રાજા કોણિકનો જય અને ચેડા રાજાનો પરાજય થયો.

**રથમુસળ સંગ્રામમાં** મુસળ યુક્ત એક રથ ઘોડા, સારથી વિના જ અર્થાત્ યાંત્રિક રીતે ચાલતો હતો. જેની આગળ યંત્રમાં ગોઠવાયેલું જે મુસળ–સાંબેલુ ફરતું હતું તે ભયંકર જનસંહાર કરતું હતું. તેથી તેને રથમુસલ સંગ્રામ કહે છે. તેમાં ૯૬ લાખનો જનસંહાર થયો. તેમાં ચમરેન્દ્ર અને શક્રેન્દ્ર બે ઈન્દ્રોની સહાયતાથી રાજા કોણિકનો વિજય અને ચેડા રાજાનો પરાજય થયો.

આ રીતે આ ઘોરસંગ્રામમાં એક ક્રોડ એંસી લાખ મનુષ્યો મૃત્યુ પામ્યા. યુદ્ધમાં મરેલા મનુષ્યોમાં

એક મનુષ્ય–વરુણનાગનત્તુઆ દેવલોકમાં ગયો, તેનો મિત્ર મનુષ્યગતિમાં ગયો. શેષ મનુષ્યો પ્રાયઃ નરક અને તિર્યંચગતિને પામ્યા. તેમાંથી દશ હજાર જીવ તો એક સાથે એક માછલીના ઉદરમાં ઉત્પન્ન થયા.

**લોકવાદ :–** વરુણનાગનત્તુઆએ યુદ્ધભૂમિમાં સંલેખના અને અંતિમ આરાધનાપૂર્વક કાલધર્મ પામીને દેવગતિને પ્રાપ્ત કરી. તેના મૃત્યુ સમયે ગગનમાં થયેલો દિવ્યધ્વનિનો નાદ સાંભળી લોકો પરસ્પર ચર્ચા કરવા લાગ્યા કે યુદ્ધમાં મૃત્યુ પ્રાપ્ત કરનારા જીવો દેવગતિને પ્રાપ્ત કરે છે.

આ લોકવાદને સાંભળીને ગૌતમ સ્વામીએ પ્રભુને તદ્‌વિષયક પ્રશ્ન પૂછ્યો. પ્રભુએ વરુણ–નાગનત્તુઆ અને તેના મિત્રના જીવન પ્રસંગનું કથન કરીને તે લોકવાદનું નિરાકરણ કર્યું.

**વરુણનાગનત્તુઆ :–** તે વ્રતધારી શ્રાવક હતા. તે છટ્ઠના પારણે છટ્ઠની તપસ્યા કરી રહ્યા હતા. રાજાદિના આદેશથી તે યુદ્ધમાં ગયા. તેણે છટ્ઠના બદલે અટ્ઠમ તપ કર્યો અને સામી વ્યક્તિ પ્રહાર કરે પછી જ બાણ ફેંકવું, તેવો અભિગ્રહ ધારણ કરીને સંગ્રામનો પ્રારંભ કર્યો. યુદ્ધમાં શત્રુપક્ષના યોદ્ધાના એક બાણથી તે ઘાયલ થયા ત્યારે સમરાંગણમાંથી બહાર નીકળ્યા અને પોતાનો મૃત્યુ સમય નિકટ જાણીને યાવજ્જીવનનું અનશન અંગીકાર કર્યું. પૂર્વકૃત પાપની આલોચના, પ્રતિક્રમણ કરીને, સમાધિપૂર્વક કાલધર્મ પામીને દેવગતિને પ્રાપ્ત કરી. ત્યાંની ચાર પલ્યોપમની સ્થિતિ પૂર્ણ કરીને, મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

તેના મિત્ર પણ યુદ્ધમાં ઘાયલ થતાં એકાંતમાં ગયા અને સ્વયં વ્રત–નિયમને જાણતા ન હોવાથી સરળ અને શુદ્ધ ભાવે **મારા મિત્રે જે વ્રત પ્રત્યાખ્યાન કર્યા તે સર્વ મને હોજો** તેવી ભાવના પ્રગટ કરી. ભાવવિશુદ્ધિના પરિણામે તે પણ મનુષ્ય ગતિ પામી, શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયા. તે પણ મનુષ્ય જન્મ પૂર્ણ કરીને, મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

વરુણનાગનત્તુઆના કાલધર્મ સમયે દેવોએ દિવ્યવૃષ્ટિ કરી અને દિવ્ય ધ્વનિ કર્યો. તેને જોઈને અનેક લોકોએ ધારણા કરી કે યુદ્ધમાં મૃત્યુ પામે તે દેવગતિને પ્રાપ્ત કરે છે. સૂત્રકારે તેનું ખંડન કરીને સ્પષ્ટતા કરી છે કે દેવગતિમાં ઉત્પત્તિનું કારણ યુદ્ધમાં થયેલું તેનું મૃત્યુ નથી. પરંતુ અંત સમયની આરાધના છે. આ મહાસંગ્રામમાં એક ક્રોડ એંસી લાખનો જનસંહાર થયો. તેમાંથી એક વ્યક્તિને દેવગતિ અને એક વ્યક્તિને મનુષ્યગતિની પ્રાપ્તિ થઈ. શેષ સર્વ જીવોએ પ્રાયઃ નરક અને તિર્યંચરૂપ દુર્ગતિને પ્રાપ્ત કરી છે. તેથી લોક સંવાદ યથાર્થ નથી.

આ રીતે આ ઉદ્દેશકમાં ઘોરસંગ્રામ અને તેના ઘોર પરિણામનું હૃદયદ્રાવક વર્ણન છે.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૯

## અસંવૃત

**અસંવૃત અણગારનું વિકુર્વણા સામર્થ્ય :–**

**૧ असंवुडे णं भंते ! अणगारे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगवण्णं एगरूवं विउव्वित्तए ? गोयमा ! णो इणट्ठे समट्ठे ।**

**શબ્દાર્થ :– असंवुडे अणगारे** = અસંવૃત અણગાર, પ્રમત્ત સંયત, બહિર્લક્ષી શ્રમણ **एगवण्णं** = વર્ણ, રંગ **एगरूवं** = એક આકૃતિ, રૂપ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસંવૃત અણગાર બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના એક વર્ણ–વાળા, એક સમાન રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમ શક્ય નથી.

**૨ असंवुडे णं भंते ! अणगारे बाहिरए पोग्गले परियाइत्ता पभू एगवण्णं एगरूवं विउव्वित्तए ? हंता, पभू ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અસંવૃત અણગાર બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને એક વર્ણવાળા એક સમાન રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

**ઉત્તર–** હા, ગૌતમ ! તે પ્રમાણે કરવામાં સમર્થ છે.

**૩ से भंते ! किं इहगए पोग्गले परियाइत्ता विउव्वइ, तत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ, अण्णत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ ?**

**गोयमा ! इहगए पोग्गले परियाइत्ता विउव्वइ, णो तत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ, णो अण्णत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ ।**

**एवं एगवण्णं अणेगरूवं, अणेगवण्णं एग रूवं, अणेगवण्णं अणेगरूवं–चउभंगो । एवं जहा छट्ठसए णवमे उद्देसए तहा इह वि भाणियव्वं, देवस्स ठाणे अणगारं त्ति आलावगो; तत्थगयस्स ठाणे इहगयं त्ति भाणियव्वं ।**

**શબ્દાર્થ :– इहगए** = અહીં રહેલા **तत्थगए** = ત્યાં રહેલા **अण्णत्थगए** = અન્યત્ર રહેલા.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે અસંવૃત અણગાર અહીં (મનુષ્યલોકમાં) રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ? કે ત્યાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ? કે અન્યત્ર રહેલા પુદ્ગલો ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે અસંવૃત અણગાર અહીં (મનુષ્યલોકમાં) રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે; પરંતુ તે ત્યાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરતા નથી અને અન્યત્ર રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને પણ વિકુર્વણા કરતા નથી.

આ જ રીતે (૨) એક વર્ણ અનેક રૂપ (૩) અનેક વર્ણ એક રૂપ, (૪) અનેક વર્ણ અનેક રૂપની વિકુર્વણારૂપ ચૌભંગીનું કથન કરવું. તેમજ શતક–૬/૯/૫ પ્રમાણે અહીં સંપૂર્ણ વર્ણન કરવું પરંતુ વિશેષતા એ છે કે અહીં અણગારના કથનનો આલાપક છે અને ત્યાં દેવ સંબંધી આલાપક છે માટે ત્યાં તત્રગત પુદ્ગલ ગ્રહણ કરીને વિકુર્વણા કરવાનું કથન છે અને પ્રસ્તુતમાં ઈહગત પુદ્ગલ ગ્રહણ કરીને વિકુવર્ણા કરવાનું કથન છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અસંવૃત(પ્રમત્ત) અણગારના વિકુર્વણા સામર્થ્યનું નિરૂપણ શતક–૬/૯ ના અતિદેશપૂર્વક કર્યું છે.

**बाहिरए पोग्गले :–** બાહ્ય પુદ્ગલ. જે પુદ્ગલોને જીવે શરીરાદિ રૂપે પરિણત કરી લીધા હોય તેને આભ્યંતર પુદ્ગલ કહેવાય છે અને તે સિવાયના પુદ્ગલ બાહ્ય પુદ્ગલ કહેવાય છે.

કોઈ પણ જીવ શરીરાદિરૂપે પરિણત ન થયેલા સ્વક્ષેત્રાવગાઢ પુદ્ગલને ગ્રહણ કરીને જ વિકુર્વણા કરી શકે છે.

પ્રમત્ત અણગારને જ્યારે વૈક્રિય શરીર બનાવવું હોય ત્યારે તે શરીર બનાવવા તેને અન્ય પુદ્ગલની જરૂર પડે છે. તે વૈક્રિય શરીર બનાવવા સહુથી પ્રથમ આત્મ પ્રદેશોને દંડાકારે ફેલાવે છે. ત્યારપછી તે આત્મપ્રદેશાવગાઢ વૈક્રિયશરીર યોગ્ય નૂતન પુદ્ગલોને ગ્રહણ કરે છે. તે પુદ્ગલો બાહ્ય પુદ્ગલ કહેવાય છે.

વૈક્રિય લબ્ધિમાન અસંવૃત અણગાર અહીં રહેલા બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને એક વર્ણ એક રૂપ, એક વર્ણ અનેક રૂપ, અનેક વર્ણ એક રૂપ, અનેક વર્ણ અનેક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે. બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના વિકુર્વણા કરી શકતા નથી. વર્ણની જેમ ગંધ, રસ, સ્પર્શ આદિના વિવિધ વિકલ્પ પણ તેના વિકુર્વણા સામર્થ્યમાં છે, જેનું કથન શતક ૬/૯ ની જેમ કરવું. ત્યાં દેવની વિકુર્વણાનું કથન છે. અહીં પ્રમત્ત અણગારની વિકુર્વણાનું કથન છે.

**इहगए, तत्थगए, अणत्थगए :–** આ શબ્દોના અર્થ વિકુર્વણા કરનાર જીવના આધારે બે પ્રકારે થાય છે.

(૧) પ્રસ્તુત સૂત્રાનુસાર વિકુર્વણા કરનાર અણગાર હોય તો જે સ્થાન પર રહી વિક્રિયા કરે છે ત્યાંના પુદ્‌ગલ **ઈહગત.** વિક્રિયા કરીને જે સ્થાન પર જાય ત્યાંના પુદ્‌ગલ **તત્રગત** અને તે બંને સ્થાનથી ભિન્ન સ્થાનના પુદ્‌ગલ **અન્યત્રગત** કહેવાય છે.

(૨) શતક–૬/૯ના કથન અનુસાર વિકુર્વણા કરનાર દેવ હોય તો મનુષ્ય લોકના પુદ્‌ગલ **ઈહગત.** દેવલોકના પુદ્‌ગલ **તત્રગત** અને તે બંને સ્થાનથી ભિન્ન સ્થાનના પુદ્‌ગલ **અન્યત્રગત** કહેવાય છે. પ્રસ્તુત સૂત્રમાં વિકુર્વણા કરનાર અણગારની અપેક્ષાએ કથન છે.

**ઈહગત આદિના અર્થ :–**

| વિકુર્વણા કરનાર | ઈહગતનો અર્થ | તત્રગતનો અર્થ | અન્યત્રગતનો અર્થ |
|---|---|---|---|
| દેવ | મનુષ્યલોક | દેવલોક | બંનેથી ભિન્ન સ્થાન |
| અણગાર | સ્વસ્થાન | વિકુર્વણા કરીને જવાનું સ્થાન | બંનેથી ભિન્ન સ્થાન |

**મહાશિલાકંટક સંગ્રામ :–**

**૪ णायमेयं अरहया, सुयमेयं अरहया, विण्णायमेयं अरहया ! महासिलाकंटए संगामे । महासिलाकंटए णं भंते ! संगामे वट्टमाणे के जइत्था, के पराजइत्था ?**

**गोयमा ! वज्जी, विदेहपुत्ते जइत्था; णव मल्लई, णव लेच्छई कासीकोसलगा अट्ठारस वि गणरायाणो पराजइत्था ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે અર્હંત પ્રભો ! અમે આ જાણ્યું છે, સાંભળ્યું છે અને વિશેષરૂપે જાણ્યું છે કે મહા–શિલાકંટક નામનો સંગ્રામ થયો છે; તો હે ભગવન્ ! તે મહાશિલાકંટક સંગ્રામમાં કોનો વિજય થયો, કોનો પરાજય થયો ?

**ઉત્તર–** હે ગૌતમ ! વજ્રધારી–શક્રેન્દ્રનો અને વિદેહપુત્ર કોણિક રાજાનો વિજય થયો; નવ મલ્લ જાતિના અને નવ લિચ્છવી જાતિના જે કાશી અને કોશલ દેશના ૧૮ ગણરાજા હતા, તેનો પરાજય થયો.

**૫ तए णं से कोणिए राया महासिलाकंटगं संगामं उवट्ठियं जाणित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! उदाइं हत्थिरायं पडिकप्पेह, हय–गय–रह–पवर–जोहकलियं चाउरंगिणिं सेणं सण्णाहेह, सण्णाहित्ता मम एयमाणत्तियं खिप्पामेव पच्चप्पिणह ।**

**ભાવાર્થ :–** તે સમયે મહાશિલાકંટક સંગ્રામની પરિસ્થિતિ ઉપસ્થિત થયેલી જાણીને કોણિક રાજાએ

પોતાના સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો ! શીઘ્ર 'ઉદાયી' નામના હસ્તિરાજ (પટ્ટહસ્તિ)ને તૈયાર કરો અને અશ્વ, હાથી, રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાને શસ્ત્રા–સ્ત્રાદિથી સુસજ્જિત કરો. આ પ્રમાણે કાર્ય કરીને, કાર્ય સંપન્ન થઈ ગયાની શીઘ્ર સૂચના આપો.

**૬ तएणं ते कोडुंबियपुरिसा कोणिएणं रण्णा एवं वुत्ता समाणा हट्ठ–तुट्ठ** *जाव* **अंजलिं कट्टु 'एवं सामी ! तहत्ति' आणाए विणएणं वयणं पडिसुणंति, पडिसुणित्ता खिप्पामेव छेयायरियोवएसमइकप्पणा–विकप्पेहिं सुणिउणेहिं, एवं जहा उववाइए** *जाव* **भीमं संगामियं अउज्झं उदाइं हत्थिरायं पडिकप्पेंति, हय गय** *जाव* **सण्णाहेंति, सण्णाहित्ता जेणेव कूणिए राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयल** *जाव* **कूणियस्स रण्णो तमाणत्तियं पच्चप्पिणंति ।**

**શબ્દાર્થ :– अउज्झं** = જેની સાથે યુદ્ધ કરવું મુશ્કેલ છે તેવા **तमाणत्तियं पच्चपिणंति** = તેની આજ્ઞા પાછી સોંપી.

**ભાવાર્થ :–** ત્યારપછી કોણિકરાજાએ કૌટુમ્બિક પુરુષોને આ પ્રમાણે કહ્યું, ત્યારે કૌટુમ્બિક પુરુષ હૃષ્ટ–તુષ્ટ થયા. મસ્તક પર અંજલિ કરીને, આજ્ઞા શિરોધાર્ય કરીને, તેઓએ કોણિક રાજાને આ પ્રમાણે કહ્યું– જેવી આપની આજ્ઞા છે તે તેમ જ થશે. એ પ્રમાણે કહીને તેઓએ વિનયપૂર્વક વચનનો સ્વીકાર કર્યો, વચન સ્વીકારીને નિપુણ આચાર્યોના ઉપદેશથી પ્રશિક્ષિત અને તીક્ષ્ણ બુદ્ધિ કલ્પનાના વિકલ્પોથી સુનિપુણ ઔપપાતિક સૂત્રાનુસાર વિશેષણોથી યુક્ત ***યાવત્*** ભયંકર અને જેની સાથે યુદ્ધ કરવું અતિશય મુશ્કેલ છે તેવા ઉદાયી નામના હસ્તિરાજને સુસજ્જિત કર્યો. તેમજ ઘોડા, હાથી, રથ અને યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેના પણ સુસજ્જિત કરી. સુસજ્જિત કરીને જ્યાં કોણિકરાજા હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને તેઓએ કોણિકરાજાને તેમની ઉક્ત આજ્ઞા પાછી સોંપી અર્થાત્ આજ્ઞાનુસાર કાર્ય સંપન્ન થવાની સૂચના આપી.

**૭ तएणं से कूणिए राया जेणेव मज्जणघरं तेणेव उवागच्छइ उवागच्छित्ता, मज्जणघरं अणुप्पविसइ, मज्जणघरं अणुप्पविसित्ता ण्हाए** *जाव* **सव्वालंकारविभूसिएसण्णद्ध–बद्ध–वम्मियकवए, उप्पीलिय–सरासणपट्टिए, पिणद्धगेवेज्ज–विमलवरबद्ध– चिंधपट्टे, गहियाउहप्पहरणे, सकोरंट–मल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं चउचामर– बालवीइयंगे, मंगलजयसद्दकयालोए एवं जहा उववाइए** *जाव* **जेणेव उदाई हत्थिराया तेणेव उवागच्छइ उवागच्छित्ता उदाइं हत्थिरायं दुरूढे ।**

**શબ્દાર્થ :– सण्णद्धबद्ध वम्मियकवए** = સનદ્ધબદ્ધ–શસ્ત્રાદિથી સજ્જ થઈ કવચ ધારણ કરીને **उप्पिलियसरासणपट्टिए** = ખેંચેલા ધનુર્દંડને ધારણ કરીને **पिणद्धगेवेज्ज–विमलवरबद्ध चिंघपट्टे** = ગળામાં આભૂષણ પહેર્યા અને ઉત્તમોત્તમ ચિહ્નપટ બાંધીને **गहियाउहप्पहरणे** = આયુધ = ગદા

આદિ પ્રહરણ = ભાલા આદિ શસ્ત્રોને ગ્રહણ કરીને **चउचामरबालवीइयंगे** = ચાર ચામરોના વાળોથી વીંજાતા **मंगलजयसद्दकयालोए** = જય જયકાર અને મંગલ વાક્યોથી તે ક્ષેત્રને ગુંજાવતાં, લોકો દ્વારા જયજયકાર અને મંગલ શબ્દો થવા લાગ્યા.

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ કોણિક રાજા જ્યાં સ્નાનગૃહ હતું, ત્યાં આવ્યા, આવીને સ્નાનગૃહમાં પ્રવેશ કરી સ્નાન કર્યું ***યાવત્*** સમસ્ત આભૂષણોથી વિભૂષિત થયા, શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જિત થયા, લોખંડનું કવચ ધારણ કર્યું. ત્યાર પછી તેમણે દોરી ચડાવેલા ધનુષને ગ્રહણ કર્યું. યોદ્ધાને યોગ્ય ઉત્તમોત્તમ ચિહ્નપટ બાંધ્યા. ત્યાર પછી તેમણે ગદા આદિ આયુધ તથા ભાલા આદિ શસ્ત્ર ગ્રહણ કર્યા. કોરંટક પુષ્પોની માળા સહિત છત્ર ધારણ કર્યું. તેની ચારે તરફ ચાર ચામરો વીંઝાવા લાગ્યા, લોકો દ્વારા માંગલિક અને જય વિજયના શબ્દોચ્ચારણ થવા લાગ્યા; આ રીતે ઔપપાતિક સૂત્રાનુસાર વર્ણન કરવું ***યાવત્*** જ્યાં ઉદાયી પટ્ટહસ્તિ હતો ત્યાં આવ્યા, આવીને ઉદાયી નામના પટ્ટહસ્તિ પર આરૂઢ થયા.

**૮ तए णं से कूणिए राया हारोत्थयसुकयरइयवच्छे जहा उववाइए** *जाव* **सेयवरचामराहिं उद्धुव्वमाणीहिं उद्धुव्वमाणीहिं हय–गय–रह– पवर–जोहकलियाए चाउरंगिणीए सेणाए सद्धिं संपरिवुडे, महयाभडचडगरविंदपरिक्खित्ते जेणेव महासिला –कंटए संगामे तेणेव उवागच्छइ, उवागच्छित्ता महासिलाकंटयं संगामं ओयाए। पुरओ य से सक्के देविंदे देवराया एगं महं अभेज्जकवयं वइरपडिरूवगं विउव्वित्ता णं चिट्ठइ । एवं खलु दो इंदा संगामे संगामेंति, तं जहा– देविंदे य, मणुइंदे य । एगहत्थिणा वि णं पभू कूणिए राया परिजिणित्तए ।**

**શબ્દાર્થ :– हारोत्थयसुकयरइयवच्छे** = હારમાલા આદિથી જેનું વક્ષ:સ્થલ શોભિત છે **महयाभड–चडगरविंदपरिक्खत्ते** = મહાન યોદ્ધાઓના સમૂહથી વ્યાપ્ત **ओयाए** = ઉતર્યા **अभेज्जकवयं** = અભેદ્ય કવચ **वइरपडिरूवगं** = વજ્ર જેવું.

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ હારોથી આચ્છાદિત વક્ષ:સ્થલવાળા ***યાવત્*** ઔપપાતિક સૂત્રાનુસાર શ્વેત ચામરોથી વીંઝાતા–વીંઝાતા અશ્વ, હસ્તિ, રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત, ચતુરંગિણી સેનાથી ઘેરાયેલા, મહાન સુભટોના વિશાળ સમૂહથી વ્યાપ્ત કોણિક રાજા મહાશિલાકંટક સંગ્રામ થવાનો હતો ત્યાં આવ્યા, ત્યાં આવીને મહાશિલાકંટક સંગ્રામમાં ઉતર્યા. તેની આગળ દેવરાજ દેવેન્દ્ર શક્ર વજ્રની સમાન એક મહાન અભેદ્ય કવચની વિકુર્વણા કરીને ઉપસ્થિત થયા. આ રીતે તે યુદ્ધક્ષેત્રમાં બે ઈન્દ્ર સંગ્રામ કરવા લાગ્યા, યથા– (૧) દેવેન્દ્ર દેવરાજ શક્ર (૨) મનુજેન્દ્ર–કોણિક રાજા. કોણિક રાજા ઈન્દ્રની સહાયતાના કારણે કેવળ એક હાથીથી જ શત્રુ સેનાને પરાજિત કરવામાં સમર્થ થઈ ગયા.

**૯ तएणं से कूणिए राया महासिलाकंटगं संगामं संगामेमाणे णव मल्लई णव लेच्छई कासी–कोसलगा अट्ठारस वि गणरायाणो हयमहियपवरवीरघाइयविवडिय–**

**चिंधद्धयपडागे किच्छपाणगए दिसोदिसिं पडिसेहित्था ।**

**શબ્દાર્થ :– हयमहियपवरवीरघाइयविवडियचिंधद्धयपडागे** = તેના મહાન વીર યોદ્ધાઓને માર્યા, ઘાયલ કર્યા, તેમની ચિહ્નાંકિત ધજા–પતાકાઓ પાડી નાંખી **किच्छपाणगए** = પ્રાણ સંકટમાં પડી ગયા **पडिसेहित्था** = ભગાડી દીધા.

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે કોણિક રાજાએ મહાશિલાકંટક સંગ્રામ કરતા નવ મલ્લી અને નવ લિચ્છવી કાશી અને કોશલ દેશના ૧૮ ગણરાજાના શ્રેષ્ઠ યોદ્ધાઓને નષ્ટ કર્યા, ઘાયલ કર્યા અને મારી નાખ્યા, તેમની ચિહ્નાંકિત ધજા પતાકાઓનો નાશ કર્યો, તે વીરોના પ્રાણ સંકટમાં આવી ગયા, તેથી તેઓ યુદ્ધ સ્થળની દસે દિશાઓમાં ભાગવા લાગ્યા.

**१० से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– महासिलाकंटए संगामे, महासिलाकंटए संगामे ?**

**गोयमा ! महासिलाकंटए णं संगामे वट्टमाणे, जे तत्थ आसे वा हत्थी वा जोहे वा सारही वा, तणेण वा पत्तेण वा कट्ठेण वा सक्कराए वा अभिहम्मइ सव्वे से जाणेइ महासिलाए अहं अभिहए । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ महासिलाकंटए संगामे, महासिलाकंटए संगामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાશિલાકંટક સંગ્રામને મહાશિલાકંટક સંગ્રામ શા માટે કહે છે ?

**ઉત્તર–** ગૌતમ ! જ્યારે મહાશિલાકંટક સંગ્રામ થઈ રહ્યો હતો, ત્યારે તે સંગ્રામમાં જે ઘોડા, હાથી, યોદ્ધા કે સારથી આદિ તૃણથી, પત્રથી, કાષ્ઠથી કે કાંકરા આદિથી આહત(ઘાયલ) થતા હતા, તે સર્વ એવો અનુભવ કરતા હતા કે અમે મહાશિલાના પ્રહારથી ઘાયલ થયા છીએ અર્થાત્ મહાશિલા અમારી ઉપર પડી રહી છે, તેથી હે ગૌતમ ! તે સંગ્રામ મહાશિલાકંટક સંગ્રામ કહેવાય છે.

**११ महासिलाकंटए णं भंते ! संगामे वट्टमाणे कइ जणसयसाहस्सीओ वहियाओ?**

**गोयमा ! चउरासीइं जणसयसाहस्सीओ वहियाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યારે મહાશિલાકંટક સંગ્રામ થતો હતો, ત્યારે તેમાં કેટલા લાખ મનુષ્યો મર્યા ?

**ઉત્તર–** હે ગૌતમ ! મહાશિલાકંટક સંગ્રામમાં ૮૪ લાખ મનુષ્યો મર્યા.

**१२ ते णं भंते ! मणुया णिस्सीला** *जाव* **णिप्पच्चक्खाणपोसहोववासा, रुट्ठा, परिकुविया, समरवहिया, अणुवसंता कालमासे कालं किच्चा कहिं गया, कहिं**

**उववण्णा ? गोयमा ! ओसण्णं णरग–तिरिक्खजोणिएसु उववण्णा ।**

**શબ્દાર્થ :– ओसण्णं** = પ્રાયઃ

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શીલ રહિત, વ્રત રહિત, ગુણ રહિત, મર્યાદારહિત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી રહિત, રુષ્ટ અને ક્રોધાયમાન, યુદ્ધમાં ઘાયલ થયેલા અને અનુપશાંત તે યુદ્ધ કરનારા મનુષ્યો મૃત્યુના સમયે મરીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે મનુષ્યો પ્રાયઃ નરક અને તિર્યંચગતિમાં ઉત્પન્ન થયા છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં મહાશિલાકંટક સંગ્રામનું નિરૂપણ છે.

હાર અને હાથી માટે રાજા કોણિક અને ચેટક રાજા વચ્ચે થયેલા યુદ્ધનું મૌલિક અને વિસ્તૃત વર્ણન શ્રી ઉપાંગ સૂત્રના નિરયાવલિકા વર્ગમાં છે. પ્રસ્તુત પ્રસંગમાં ગૌતમ સ્વામીની જિજ્ઞાસાના સમાધાનાર્થે પ્રભુએ આ સંગ્રામમાં કોનો અને કેવી રીતે વિજય થયો ? તેનું સંક્ષિપ્ત વર્ણન કર્યું છે.

કોણિક રાજાના પક્ષમાં કાલકુમાર આદિ દશ ભાઈઓ અને ચેટક રાજાના પક્ષમાં નવ મલ્લી અને નવ લિચ્છવી તે ૧૮ દેશના ગણરાજાઓ પોતાની ચતુરંગી સેના સાથે આવ્યા હતા. નિરયાવલિકા સૂત્રના વર્ણનાનુસાર પ્રથમ દશ દિવસના યુદ્ધમાં ચેટક રાજાનો જય અને કોણિકનો પરાજય થયો. ત્યાર પછી કોણિકે અટ્ઠમ તપની આરાધના કરીને પોતાના પૂર્વભવના મિત્રદેવનું સ્મરણ કર્યું. શક્રેન્દ્ર અને ચમરેન્દ્ર કોણિકની સહાયતા માટે આવ્યા. શક્રેન્દ્ર, અભેદ્ય કવચની વિકુર્વણા કરીને ઉપસ્થિત રહ્યા. શક્રેન્દ્રની સહાયતાથી થયેલા એક દિવસીય મહાશિલાકંટક સંગ્રામમાં શક્રેન્દ્ર અને કોણિકનો જય થયો.

**वज्जी विदेहपुत्ते :–** વજ્રને ધારણ કરનાર વજ્જી. શક્રેન્દ્રનું શસ્ત્ર વજ્ર હોવાથી શક્રેન્દ્રને વજ્જી કહેવાય છે અને વિદેહપુત્રથી કોણિકનું કથન છે.

**कासी कोसलगा :–** કાશી અને કોશલ આ બે દેશ છે. તેના જુદા જુદા વિભાગોમાં નવ મલ્લી અને નવ લિચ્છવી રાજા રાજ્ય કરતા હતા. તે અઢાર રાજાઓનું ગણતંત્ર રાજ્ય હતું. તેઓમાં મુખ્ય ચેટક રાજા હતા. તેઓ ચેટક રાજાના પક્ષમાં યુદ્ધ કરતાં પરાજિત થયા.

**મૃતક સંખ્યા અને ગતિ :–** એક દિવસના મહાશિલાકંટક સંગ્રામમાં ચોરાસી લાખનો જનસંહાર થયો. તે સર્વે પ્રાયઃ નરક અને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયા.

**महासिलाकंटकसंगामे :–** કોણિકના વિજય માટે શક્રેન્દ્ર દ્વારા દૈવિક માયાથી વિકુર્વિત સંગ્રામ. જેમાં કોણિકના સૈનિકો ચેટક રાજાના સૈન્ય પર કાંટા, કાંકરા કે તણખલાનો પ્રહાર કરે તો પણ તેઓને મહાશિલાના પ્રહાર જેવો અનુભવ થતો. તેથી તે મહાશિલાકંટક સંગ્રામ કહેવાય છે.

**अभेज्ज कवयं :–** ચેડા રાજાના અમોઘ બાણથી દશ ભાઈઓની જેમ કોણિકનું હનન ન થઈ જાય તે માટે શક્રેન્દ્રે વજ્રમય અભેદ્ય કવચની વિકુર્વણા કરી હતી.

**રથમુસલ સંગ્રામ :–**

**૧૩ णायमेयं अरहया, सुयमेयं अरहया, विण्णायमेणं अरहया ! रहमुसले संगामे; रहमुसले णं भंते ! संगामे वट्टमाणे के जइत्था, के पराजइत्था ?**

**गोयमा ! वज्जी, विदेहपुत्ते, चमरे असुरिंदे असुरकुमारराया जइत्था; णव मल्लई, णव लेच्छई पराजइत्था ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે અર્હંત પ્રભો ! અમે આ જાણ્યું છે, સાંભળ્યું છે અને વિશેષરૂપે જાણ્યું છે કે રથમુસલ સંગ્રામ થયો છે. તો હે ભગવન્ ! તે રથમુસલ સંગ્રામમાં કોનો વિજય થયો અને કોનો પરાજય થયો ?

**ઉત્તર–** હે ગૌતમ ! શક્રેન્દ્ર, કોણિક તથા અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો વિજય થયો અને નવ મલ્લી, નવ લિચ્છવી ૧૮ ગણ રાજાઓનો પરાજય થયો.

**૧૪ तए णं से कूणिए राया रहमुसलं संगामं उवट्ठियं, सेसं जहा महासिलाकंटए, णवरं भूयाणंदे हत्थिराया** *जाव* **रहमुसलं संगामं ओयाए । पुरओ य से सक्के देविंदे देवराया** *जाव* **चिट्ठइ; मग्गओ य से चमरे असुरिंदे असुरकुमारराया एगं महं आयसं किढिणपडिरूवगं विउव्वित्ता णं चिट्ठइ । एवं खलु तओ इंदा संगामं संगामेंति, तं जहा– देविंदे य मणुइंदे य असुरिंदे य । एगहत्थिणा वि णं पभू कूणिए राया जइत्तए; तहेव** *जाव* **दिसोदिसिं पडिसेहित्था ।**

**શબ્દાર્થ :– महं आयसं** = વિશાળ ઢાલ **किढिण पडिरूवगं** = કાવડમાં રાખવાની છાબ સમાન.

**ભાવાર્થ :–** ત્યારપછી રથમુસલ સંગ્રામ નિશ્ચિત થતાં, કોણિક રાજાએ પોતાના સેવક પુરુષોને બોલાવ્યા વગેરે સંપૂર્ણ વર્ણન મહાશિલા કંટક સંગ્રામની સમાન જાણવું. વિશેષતા એ છે કે અહીં 'ભૂતાનંદ' નામનો હસ્તિરાજ હતો ***યાવત્*** કોણિક રાજા રથમૂસલ સંગ્રામમાં ઉતર્યા.

તેની આગળ દેવેન્દ્ર દેવરાજ શક્ર રહ્યા હતા ત્યાં સુધીનું સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ. પાછળ અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર કાવડમાં રાખવામાં આવતી છાબ સદશ વિશાલ ઢાલની વિકુર્વણા કરીને રહ્યા આ રીતે ત્રણ ઈન્દ્ર સંગ્રામ કરવાને માટે પ્રવૃત્ત થયા. યથા– દેવેન્દ્ર, મનુજેન્દ્ર અને અસુરેન્દ્ર (ચમર). હવે કોણિક કેવળ એક હાથીથી જ સંપૂર્ણ શત્રુ સેનાને પરાજિત કરવામાં સમર્થ હતા ***યાવત્*** તેણે શત્રુ રાજાની સેનાઓને દસે દિશાઓમાં ભગાડી દીધી.

**१५ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ रहमुसले संगामे, रहमुसले संगामे ?**

**गोयमा ! रहमुसले णं संगामे वट्टमाणे एगे रहे अणासए असारहिए अणा- रोहए समुसले महया जणक्खयं जणवहं जणप्पमद्दं जणसंवट्टकप्पं रुहिरकद्दमं करेमाणे सव्वओ समंता परिधावित्था । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- रहमुसले संगामे, रहमुसले संगामे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ રથમુસલ સંગ્રામને રથમુસલ સંગ્રામ શા માટે કહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! રથમુસલ સંગ્રામમાં અશ્વ રહિત, સારથિ રહિત અને યોદ્ધાથી રહિત, કેવળ મુસલ સહિત એક રથ જનસંહાર, જન વધ, જન પ્રમર્દન, જનપ્રલય અને લોહીનું કીચડ કરતો ચારે બાજુ દોડતો હતો; તેથી હે ગૌતમ ! તે સંગ્રામને રથમૂસલ સંગ્રામ કહે છે.

**१६ रहमुसले णं भंते ! संगामे वट्टमाणे कइ जणसयसाहस्सीओ वहियाओ ?**

**गोयमा ! छण्णउइं जणसयसाहस्सीओ वहियाओ ?**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રથમુસલ સંગ્રામમાં કેટલા લાખ મનુષ્યો મર્યા ?

**ઉત્તર–** હે ગૌતમ ! રથમુસલ સંગ્રામમાં(તે એક દિવસે) ૯૬ લાખ મનુષ્યો મર્યા.

**१७ ते णं भंते ! मणुया णिस्सीला** *जाव* **कहिं उववण्णा ?**

**गोयमा ! तत्थ णं दससाहस्सीओ एगाए मच्छीए कुच्छिंसि उववण्णाओ । एगे देवलोगेसु उववण्णे । एगे सुकुले पच्चायाए । अवसेसा ओसण्णं णरगतिरिक्ख- जोणिएसु उववण्णा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શીલ રહિત આદિ વિશેષણયુક્ત તે મનુષ્યો મૃત્યુના સમયે મરીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેમાંથી દસ હજાર મનુષ્યો એક માછલીના ઉદરમાં ઉત્પન્ન થયા, એક મનુષ્ય દેવલોકમાં ઉત્પન્ન થયો, એક મનુષ્ય ઉત્તમ કુળ(મનુષ્ય ગતિ)માં ઉત્પન્ન થયો અને શેષ મનુષ્યો પ્રાયઃ નરક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા.

**१८ कम्हा णं भंते ! सक्के देविंदे देवराया, चमरे य असुरिंदे असुरकुमारराया कूणियरण्णो साहेज्जं दलयित्था ।**

**गोयमा ! सक्के देविंदे देवराया पुव्वसंगइए, चमरे असुरिंदे**

**असुरकुमारराया परियायसंगइए; एवं खलु गोयमा ! सक्के देविंदे देवराया, चमरे य असुरिंदे असुरकुमारराया कूणियस्स रण्णो साहेज्जं दलयित्था ।**

**શબ્દાર્થ :– पुव्वसंगइए** = પૂર્વભવના ગૃહસ્થ જીવનના સાથી–કાર્તિક શેઠ **परियाय संगइए** = તાપસ પ્રવ્રજ્યાના સાથી–પૂરણ તાપસ.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર અને અસુરેન્દ્ર અસુરરાજ ચમર આ બંનેએ કોણિક રાજાને કયા કારણથી સહાયતા આપી હતી ?

**ઉત્તર–** હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર કોણિક રાજાના પૂર્વભવના મિત્ર હતા અને અસુરેન્દ્ર અસુરરાજ ચમર, કોણિક રાજાના તાપસ અવસ્થાના સાથી હતા. તેથી હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર અને અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રે કોણિક રાજાને સહાયતા આપી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં રથમુસલ સંગ્રામનું વર્ણન છે; તે પ્રાયઃ મહાશિલાકંટક સંગ્રામ સમાન છે. વિશેષતા આ પ્રમાણે છે–

| મહાશિલાકંટક સંગ્રામમાં | રથમુસલ સંગ્રામમાં |
|---|---|
| બે ઈન્દ્ર | ત્રણ ઈન્દ્ર |
| ઉદાઈ હસ્તી | ભૂતાનંદ હસ્તી |
| કવચની વિકુર્વણા | ઢાલની વિકુર્વણા |
| ૮૪ લાખનો સંહાર | ૯૬ લાખનો સંહાર |
| પ્રાયઃ નરક અને તિર્યંચ ગતિમાં ગયા | ૧૦ હજાર માછલીના ઉદરમાં ઉત્પન્ન થયા એક મનુષ્ય થયા અને એક દેવ થયા શેષ પ્રાયઃ નરક અને તિર્યંચ ગતિમાં |

### સંગ્રામમાં મરનારાઓ સંબંધી લોકવાદ :–

**१९ बहुजणे णं भंते ! अण्णमण्णस्स एवमाइक्खइ,** *जाव* **परूवेइ–एवं खलु बहवे मणुस्सा अण्णयरेसु उच्चावएसु संगामेसु अभिमुहा चेव पहया समाणा कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति; से कहमेयं भंते ! एवं ?**

**गोयमा ! जण्णं से बहुजणो अण्णमण्णस्स एवं आइक्खइ** *जाव* **उववत्तारो**

**भवंति; जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु । अहं पुण गोयमा ! एवं आइक्खामि** *जाव* **परूवेमि---**

**एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं वेसाली णामं णयरी होत्था,** *वण्णओ* **। तत्थ णं वेसालीए णयरीए वरुणे णामं णागणत्तुए परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए; समणोवासए अभिगयजीवाजीवे** *जाव* **पडिलाभेमाणे छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे विहरइ ।**

**શબ્દાર્થ :– णागणत्तुए**= નાગ નામના ગૃહસ્થાના દોહિત્ર કે પૌત્ર **अपरिभूए**= અતિરસ્કૃત, સમ્માનિત.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનેક લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે, પ્રરૂપણા કરે છે કે નાના–મોટા કોઈ પણ સંગ્રામમાં યુદ્ધ કરતા આહત થયેલા અનેક મનુષ્યો કાલના સમયે કાલ કરીને કોઈ પણ દેવલોકમાં દેવરૂપે થાય છે; હે ભગવન્ ! શું આ કથન સત્ય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનેક મનુષ્યો, જે આ પ્રમાણે કહે છે ***યાવત્*** પ્રરૂપણા કરે છે કે સંગ્રામમાં મરેલા મનુષ્યો દેવલોકમાં ઉત્પન્ન થાય છે; આ પ્રમાણે કહેનારા મનુષ્યો મિથ્યા કહે છે. હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું ***યાવત્*** પ્રરૂપણા કરું છું– (આ ભ્રમિત લોક પ્રવાદના ઉત્પત્તિનું મૂળભૂત કારણ સમજાવવા પ્રભુએ વરુણનાગનત્તુઆનું જીવન વૃત્તાંત કહેવાનો પ્રારંભ કર્યો).

હે ગૌતમ ! તે કાલે, તે સમયે વૈશાલી નામની નગરી હતી, તેનું વર્ણન ઔપપાતિક સૂત્રોક્ત ચંપા નગરીની જેમ જાણી લેવું જોઈએ. તે વૈશાલી નગરીમાં 'વરુણ' નામક નાગનપ્તૃક(વરુણનાગનત્તુઆ) રહેતા હતા. તે ધનાઢ્ય અને અપરિભૂત હતા; તે શ્રમણોપાસક હતા અને જીવાજીવાદિ તત્ત્વોના જ્ઞાતા હતા ***યાવત્*** તે આહારાદિ દ્વારા શ્રમણ નિર્ગ્રંથોને પ્રતિલાભિત કરતા તથા નિરંતર છઠ–છઠની તપસ્યા દ્વારા પોતાના આત્માને ભાવિત કરતાં વિચરણ કરતા હતા.

**૨૦ तएणं से वरुणे णागणत्तुए अण्णया कयाइं रायाभिओगेणं, गणाभिओगेणं, बलाभिओगेणं रहमुसले संगामे आणत्ते समाणे छट्ठभत्तिए अट्ठमभत्तं अणुवट्टेइ, अणुवट्टित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी- खिप्पामेव भो देवाणुप्पिया ! चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठावेह; हय-गय-रह** *जाव* **सण्णाहेत्ता ममं एयं आणत्तियं पच्चप्पिणह ।**

**ભાવાર્થ :–** એક વાર રાજાના આદેશથી, ગણ કે બલ ના અભિયોગથી તે વરૂણનાગનત્તુઆને રથમૂસલ સંગ્રામમાં જવાની આજ્ઞા પ્રાપ્ત થઈ. ત્યારે તેણે છઠ તપને વધારીને, અઠ્ઠમ તપ કરી લીધો. અઠ્ઠમ તપ કરીને તેણે પોતાના સેવક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! ચાર ઘંટા–વાળો અશ્વરથ સામગ્રીયુક્ત તૈયાર કરીને શીઘ્ર ઉપસ્થિત કરો તેમજ અશ્વ, હાથી, રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓથી

યુક્ત ચતુરંગિણી સેનાને સુસજ્જિત કરો અને તે કાર્ય સંપન્ન થવાની મને સૂચના આપો.

**૨૧ तए णं ते कोडुंबियपुरिसा** *जाव* **पडिसुणेत्ता खिप्पामेव सच्छत्तं सज्झयं** *जाव* **उवट्ठावेंति, हय गय रह** *जाव* **सण्णाहेंति, सण्णाहित्ता जेणेव वरुणे णागणत्तुए** *जाव* **पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે સેવક પુરુષોએ તેની આજ્ઞા સ્વીકારી, આજ્ઞા શિરોધાર્ય કરીને યથાશીઘ્ર છત્રસહિત અને ધ્વજા સહિત ચાર ઘંટાવાળો અશ્વરથ તૈયાર કરીને ઉપસ્થિત કર્યો તેમજ ઘોડા, હાથી, રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાને સુસજ્જિત કરી, સુસજ્જિત કરીને વરુણનાગનત્તુઆને તેની સૂચના આપી.

**૨૨ तएणं से वरुणे णागणत्तुए जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ, जहा कूणिओ** *जाव* **जेणेव बाहिरिया उवट्ठाणसाला, जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता चाउग्घंटं आसरहं दुरुहइ, दुरुहित्ता हय गय रह** *जाव* **संपरिवुडे, महयाभडचडगरविंद परिक्खित्ते जेणेव रहमुसलं संगामे तेणेव उवागच्छइ, उवागच्छित्ता रहमुसलं संगामं ओयाओ ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે વરુણનાગનત્તુઆ જ્યાં સ્નાનગૃહ હતું, ત્યાં આવ્યા, આવીને કોણિક રાજાની જેમ સ્નાનાદિ કરીને જ્યાં બહારની ઉપસ્થાનશાળા અને સુસજ્જિત ચાર ઘંટાવાળા અશ્વરથ હતો ત્યાં આવ્યા, આવીને ચાર ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થયા, રથ પર આરૂઢ થઈને અશ્વ, ગજ, રથ અને યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાની સાથે મહાન સુભટોના સમૂહથી પરિવૃત્ત થઈને, જ્યાં રથમુસલ સંગ્રામ થવાનો હતો ત્યાં આવ્યા, ત્યાં આવીને તે રથમૂસલ સંગ્રામમાં ઉતર્યા.

**૨૩ तएणं से वरुणे णागणत्तुए रहमुसलं संगामं ओयाए समाणे अयमेयारूवं अभिग्गहं अभिगेण्हइ– कप्पइ मे रहमुसलं संगामं संगामेमाणस्स जे पुव्विं पहणइ से पडिहणित्तए, अवसेसे णो कप्पइ त्ति; अयमेयारूवं अभिग्गहं अभिगेण्हइ, अभिगेण्हेत्ता रहमुसलं संगामं संगामेइ ।**

**ભાવાર્થ :–** તે સમયે રથમુસલ સંગ્રામમાં પ્રવેશ કરતા વરુણનાગનત્તુઆએ આ પ્રકારનો અભિગ્રહ ધારણ કર્યો કે મારે રથમુસલ સંગ્રામમાં યુદ્ધ કરતાં, જે મારા પર પ્રથમ પ્રહાર કરે તેના પર જ મારે પ્રહાર કરવો, અન્ય વ્યક્તિઓ પર નહીં. આ પ્રકારનો અભિગ્રહ કરીને તે રથમુસલ સંગ્રામમાં પ્રવૃત્ત થયા.

**૨૪ तएणं तस्स वरुणस्स णागणत्तुयस्स रहमुसलं संगामं संगामेमाणस्स एगे पुरिसे सरिसए सरिसत्तए सरिसव्वए सरिसभंडमत्तोवगरणे रहेणं पडिरहं हव्वं आगए ।**

**तएणं से पुरिसे वरुणं णागणत्तुयं एवं वयासी– पहण भो वरुण णागणत्तुया! पहण भो वरुण णागणत्तुया, तए णं से वरुणे णागणतुए तं पुरिसं एवं वयासी– णो खलु मे कप्पइ देवाणुप्पिया ! पुव्विं अहयस्स पहणित्तए, तुमं चेव णं पुव्विं पहणाहि।**

**ભાવાર્થ :–** તે સમયે રથમુસલ સંગ્રામમાં યુદ્ધ કરતા વરુણનાગનત્તુઆના રથની સામે પ્રતિરથીરૂપે એક પુરુષ આવ્યો. જે તેની સમાન, તેની સદશ ત્વચાવાળો, તેની સમાન વયવાળો અને તેની સમાન અસ્ત્ર– શસ્ત્રાદિ ઉપકરણોથી યુક્ત હતો.

ત્યારે તે પુરુષે વરુણનાગનત્તુઆને આ પ્રમાણે કહ્યું– હે વરુણનાગનત્તુઆ ! પ્રહાર(પ્રારંભ) કર; અરે, વરુણનાગનત્તુઆ ! વાર શરૂ કર. ત્યારે વરુણનાગનત્તુઆએ તે પુરુષને કહ્યું– હે દેવાનુપ્રિય ! મારે એવો નિયમ છે કે જે મારા પર પ્રહાર ન કરે, તેના પર મારે પ્રહાર ન કરવો. તેથી તમે જ પહેલાં પ્રહાર કરો.

**૨૫ तएणं से पुरिसे वरुणेणं णागणत्तुएणं एवं वुत्ते समाणे आसुरत्ते** *जाव* **मिसि– मिसेमाणे धणुं परामुसइ, धणुं परामुसित्ता उसुं परामुसइ, उसुं परामुसित्ता ठाणं ठाइ ठाणं ठिच्चा आययकण्णाययं उसुं करेइ, आययकण्णाययं उसुं करेत्ता वरुणं णाग– णत्तुयं गाढप्पहारी करेइ ।**

**ભાવાર્થ :–** જ્યારે વરુણનાગનત્તુઆએ તે પુરુષને આ પ્રમાણે કહ્યું, ત્યારે તે પુરુષે કોપાયમાન થઈને ***યાવત્*** દાંત કચકચાવતાં પોતાનું ધનુષ ઉપાડ્યું, ધનુષ ઉપાડીને તરકસમાંથી બાણ કાઢ્યું, બાણ કાઢીને યથાસ્થાને ચડાવ્યું, બાણ ચડાવીને ધનુષને કાન સુધી ખેંચ્યું, ખેંચીને તેણે નિશાનપૂર્વક વરુણ નાગનુત્તઆ ઉપર બાણનો ગાઢ પ્રહાર કર્યો.

**૨૬ तएणं से वरुणे णागणत्तुए तेणं पुरिसेणं गाढप्पहारीकए समाणे आसुरत्ते** *जाव* **मिसिमिसेमाणे धणुं परामुसइ, धणुं परामुसित्ता उसुं परामुसइ, उसुं परामुसित्ता ठाणं ठाइ, ठाणं ठिच्चा आययकण्णाययं उसुं करेइ, आययकण्णाययं उसुं करेत्ता तं पुरिसं एगाहच्चं कूडाहच्चं जीवियाओ ववरोवेइ ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે પુરુષ દ્વારા કરાયેલા ગાઢ પ્રહારથી ઘાયલ થયેલા વરુણનાગનત્તુઆએ શીઘ્ર કુપિત થઈને ***યાવત્*** દાંત કચકચાવીને ધનુષ ઉપાડ્યું, ધનુષ ઉપાડીને તરકસમાંથી બાણ કાઢ્યું, બાણ કાઢીને યથાસ્થાને ચડાવ્યું, બાણ ચડાવીને ધનુષને કાન સુધી ખેંચ્યુ, ખેંચીને તે પુરુષ પર છોડ્યું. જેમ એક જોરદાર પ્રહારથી પથ્થરના ટુકડે ટુકડાં થઈ જાય છે; તેમ વરુણનાગનત્તુઆએ એક જ ગાઢ પ્રહારથી તત્કાલ તે પુરુષને જીવનથી રહિત કરી નાંખ્યો.

**૨૭ तए णं से वरुणे णागणत्तुए तेणं पुरिसेणं गाढप्पहारीकए समाणे अत्थामे,**

**अबले, अवीरिए, अपुरिसक्कारपरक्कमे अधारणिज्जमिति कट्टु तुरए णिगिण्हइ, तुरए णिगिण्हित्ता रहं परावत्तेइ रहं परावत्तित्ता रहमुसलाओ संगामाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता, एगंतमंतं अवक्कमइ, एगंतमंतं अवक्कमित्ता तुरए णिगिण्हइ, तुरए णिगिण्हित्ता रहं ठवेइ, रहं ठवेत्ता रहाओ पच्चोरुहइ, रहाओ पच्चोरुहित्ता तुरए मोएइ, तुरए मोएत्ता तुरए विसज्जेइ, तुरए विसज्जित्ता दब्भसंथारगं संथरइ, दब्भसंथारगं संथरित्ता दब्भसंथारगं दुरूहइ, दब्भसंथारगं दुरूहित्ता पुरत्थाभिमुहे संपलियंक णिसण्णे, करयल संपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी– णमोत्थुणं अरिहंताणं भगवंताणं** *जाव* **संपत्ताणं, णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स आइगरस्स** *जाव* **संपाविउकामस्स मम धम्मायरियस्स धम्मोव- देसगस्स; वंदामि णं भगवंतं तत्थगयं इहगए, पासउ मे से भगवं तत्थगए** *जाव* **वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– पुव्विं पि मए समणस्स भगवओ महावीरस्स अंतिए थूलए पाणाइवाए पच्चक्खाए जावज्जीवाए; एवं** *जाव* **थूलए परिग्गहे पच्चक्खाए जावज्जीवाए; इयाणिं पि णं अहं तस्सेव भगवओ महावीरस्स अंतिए सव्वं पाणाइवायं पच्चक्खामि जावज्जीवाए, एवं जहा खंदओ** *जाव* **एयं पि य णं चरिमेहिं ऊसास णीसासेहिं वोसिरिस्सामि त्ति कट्टु सण्णाहपट्टं मुयइ, सण्णाहपट्टं मुइत्ता सल्लुद्धरणं करेइ, सल्लुद्धरणं करेत्ता आलोइयपडिक्कंते, समाहिपत्ते, आणुपुव्वीए कालगए ।**

**શબ્દાર્થ :– सण्णाहपट्टं** = રાજચિહ્ન, કવચ પરનો પટ્ટો(Belt).

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ વરુણનાગનત્તુઆ તે પુરુષના ગાઢ પ્રહારથી શક્તિ રહિત, શારીરિક સામર્થ્ય રહિત, માનસિક સામર્થ્યથી રહિત, પુરુષાર્થ અને પરાક્રમથી રહિત થઈ ગયા અને "હવે મારું શરીર ટકશે નહી," તેમ સમજીને તેણે ઘોડાને થોભાવ્યો, ઘોડાને થોભાવીને રથને પાછો ફેરવ્યો, રથને પાછો ફેરવીને રથમૂસલ સંગ્રામના સ્થળમાંથી બહાર નીકળ્યા; સંગ્રામ સ્થળમાંથી બહાર નીકળીને એકાંત સ્થાનમાં આવ્યા, એકાંત સ્થાનમાં આવીને ઘોડાને રોક્યા, ઘોડાને રોકીને રથને સ્થિત કર્યો; પછી રથમાંથી નીચે ઉતરીને ઘોડાને છોડ્યા, છોડીને વિસર્જિત કર્યા. પછી દર્ભ (ડાભ)નો સંથારો બિછાવ્યો અને દર્ભના સંથારા પર આરૂઢ થયા, દર્ભના સંથારા પર આરૂઢ થઈને પૂર્વદિશા તરફ મુખ કરીને, પર્યંકાસને બેઠા, બેસીને બંને હાથ જોડીને શિરસાવર્ત કરતાં મસ્તક પર અંજલિ કરીને આ પ્રમાણે બોલ્યા– નમસ્કાર હો અરિહંત ભગવંતોને ***યાવત્*** જે સિદ્ધગતિને પ્રાપ્ત થયા છે તેઓને નમસ્કાર હો. તેમજ જે ધર્મની આદિના કરનારા ***યાવત્*** સિદ્ધ ગતિને પ્રાપ્ત કરવાના ઈચ્છુક એવા મારા ધર્મગુરુ ધર્માચાર્ય શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને નમસ્કાર હો. અહીં રહેલો હું ત્યાં (દૂર સ્થાનમાં) રહેલા ભગવાનને વંદન કરું છું. ત્યાં રહેલા ભગવાન મારા પર દૃષ્ટિ નાંખો, ઈત્યાદિ કહીને તેણે વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–

પહેલા મેં તે શ્રમણ ભગવાન મહાવીરની પાસે સ્થૂલ પ્રાણાતિપાતથી સ્થૂલ પરિગ્રહ સુધીના જીવન પર્યંત પ્રત્યાખ્યાન કર્યા હતા. હવે હું તે જ અરિહંત ભગવાન મહાવીર સ્વામીની સાક્ષીએ સમસ્ત પ્રાણાતિપાતાદિના જીવન પર્યંત પ્રત્યાખ્યાન કરું છું. આ રીતે સ્કંદકની જેમ અઢાર પાપસ્થાનકોના સર્વથા પ્રત્યાખ્યાન કર્યા ***યાવત્*** આ શરીરનો પણ અંતિમ શ્વાસોચ્છ્વાસ સાથે ત્યાગ કરું છું, એ પ્રમાણે કહીને તેણે રાજચિહ્ન રૂપ પટ્ટાને કાઢ્યો, કાઢીને શરીરમાં લાગેલું બાણ બહાર કાઢ્યું, બહાર કાઢીને આલોચના–પ્રતિક્રમણ દ્વારા સમાધિયુક્ત થઈને અનુક્રમે યથાસમય મરણને પ્રાપ્ત થયા.

**૨૮ तएणं तस्स वरुणस्स णागणत्तुयस्स एगे पियबालवयंसए रहमुसलं संगामं संगामेमाणे एगेणं पुरिसेणं गाढप्पहारीकए समाणे अत्थामे अबले** *जाव* **अधार- णिज्जमिति कट्टु जहा वरुणं णागणत्तुयं रहमुसलाओ संगामाओ पडिणिक्खममाणं पासिए तहा ते वि तुरए णिगिण्हइ, तुरए णिगिण्हित्ता रहं परावत्तेइ, रहं परावत्तित्ता रहसमुसलाओ संगामाओ** *जाव* **तुरए विसज्जेइ, पडसंथारगं दुरुहइ, पडसंथारगं दुरुहित्ता पुरत्थाभिमुहे** *जाव* **अंजलिं कट्टु एवं वयासी– जाइं णं भंते ! मम पिय- बालवयंसस्स वरुणस्स णागणत्तुयस्स सीलाइं वयाइं गुणाइं वेरमणाइं पच्चक्खाण पोसहोववासाइं, ताइं णं ममं पि भवंतु त्ति कट्टु सण्णाहपट्टं मुयइ, सण्णाहपट्टं मुइत्ता सल्लुद्धरणं करेइ, सल्लुद्धरणं करेत्ता आणुपुव्वीए कालगए ।**

**ભાવાર્થ :–** તે સમયે ત્યાં વરુણનાગનત્તુઆના એક પ્રિય બાલમિત્ર પણ રથમુસલ સંગ્રામમાં યુદ્ધ કરી રહ્યા હતા. તે પણ એક પુરુષના પ્રબલ પ્રહારથી ઘાયલ થયા તેમજ અશક્ત, સામર્થ્ય રહિત ***યાવત્*** પુરુષાર્થ–પરાક્રમ રહિત બનેલા તેણે વિચાર્યું કે "હવે મારું શરીર ટકી શકશે નહીં," આ પ્રમાણે વિચાર કરતા તેમણે જે રીતે વરુણનાગનત્તુઆને રથમુસલ સંગ્રામમાંથી બહાર નીકળતા જોયા હતા, તે જ રીતે તેણે પણ પોતાના ઘોડાને થોભાવ્યો, ઘોડાને થોભાવીને રથને પાછો ફેરવ્યો, રથને પાછો ફેરવીને રથમુસલ સંગ્રામમાંથી બહાર નીકળ્યા ***યાવત્*** ઘોડાને વિસર્જિત કર્યા. પછી વસ્ત્રનો સંસ્તારક બિછાવીને તેના પર બેઠા, વસ્ત્રના સંસ્તારક પર બેસીને પૂર્વની તરફ મુખ કરીને ***યાવત્*** મસ્તક પર અંજલિ કરીને આ પ્રમાણે બોલ્યા– "હે ભગવન્ ! મારા પ્રિય બાલમિત્ર વરુણનાગનત્તુઆએ જે શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ અંગીકાર કર્યા છે, તે સર્વ મને પણ હો", આ રીતે કહીને તેને પણ રાજચિહ્ન રૂપ પટ્ટો ઉતાર્યો, ઉતારીને શરીરમાં વાગેલા બાણને બહાર કાઢ્યો, આ રીતે કરીને તે પણ ક્રમશઃ સમાધિયુક્ત થઈને કાલધર્મને પ્રાપ્ત થયા.

**૨૯ तए णं वरुणं णागणत्तुयं कालगयं जाणित्ता अहासण्णिहिएहिं वाणमंतरेहिं देवेहिं दिव्वे सुरभिगंधोदगवासे वुट्ठे, दसद्धवण्णे कुसुमे णिवाइए, दिव्वे य गीयगंधव्वणिण्णाए कए यावि होत्था । तएणं तस्स वरुणस्स णागणत्तुयस्स**

**तं दिव्वं देविड्ढिं, दिव्वं देवज्जुइं, दिव्वं देवाणुभागं सुणित्ता य पासित्ता य बहुजणो अण्णमण्णस्स एवं आइक्खइ** *जाव* **परूवेइ– एवं खलु देवाणुप्पिया ! बहवे मणुस्सा** *जाव* **देवलोएसु देवत्ताए उववत्तारो भवंति ।**

**ભાવાર્થ :–** તે સમયે ત્યાં તે વરુણનાગનત્તુઆને કાલધર્મ પ્રાપ્ત થયેલા જાણીને નિકટવર્તી વાણવ્યંતર દેવોએ તેના પર સુગંધિત જલની વૃષ્ટિ કરી; પાંચ વર્ણના પુષ્પ વરસાવ્યા અને દિવ્યગીત અને ગંધર્વ–નિનાદ પણ કર્યો.

તે સમયે તે વરુણનાગનત્તુઆની તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવને સાંભળીને અને જોઈને ઘણા લોકો પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા ***યાવત્*** પ્રરૂપણા કરવા લાગ્યા– હે દેવાનુપ્રિયો ! સંગ્રામ કરતા જે અનેક મનુષ્યો મરે છે તે દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વરુણનાગનત્તુઆના જીવનના એક પ્રસંગને વિસ્તારથી આલેખ્યો છે. જે શ્રાવકોને માટે અત્યંત પ્રેરક છે. શ્રાવકોને પણ રાજાદિના અભિયોગ–દબાણથી ક્યારેક યુદ્ધમાં જવું પડે, ત્યારે તે કેવા ભાવથી યુદ્ધ કરે અને યુદ્ધમાં જ્યારે જીવનનો અંત નિકટ જણાય ત્યારે કેવા પ્રકારની આરાધનાથી સમરાંગણમાં પણ આરાધક બની જાય, તે વરુણનાગનત્તુઆના પ્રસંગથી સમજી શકાય છે.

વરુણનાગનત્તુઆને છઠ–છઠની તપસ્યા ચાલતી હતી. યુદ્ધમાં જવાના દિવસે એક ઉપવાસ વધારી તેમણે અટ્ઠમ કર્યો. સ્વીકારેલા અહિંસા વ્રતને ટકાવી રાખવા અભિગ્રહ કર્યો કે સામી વ્યક્તિ પ્રહાર કરે પછી જ પ્રહાર કરવો. સ્થૂલ અહિંસાવ્રતમાં સાપરાધી હિંસાનો આગાર હોય છે. તે ઉપરાંત સ્વયં ઘાયલ થયા ત્યારે તુરંત જ યુદ્ધભૂમિમાંથી બહાર નીકળી, એકાંત સ્થાનમાં સ્થિર થઈ, સભાન અને સાવધાનીપૂર્વક પૂર્વકૃત પાપની આલોચના અને પ્રાયશ્ચિત્ત સાથે જીવન પર્યંતનું અનશન વ્રત સ્વીકારી, શ્રાવકના ત્રીજા મનોરથને પૂર્ણ કર્યો અને સમાધિભાવે કાલધર્મ પામી આરાધક થયા.

દઢ શ્રદ્ધા અને લક્ષ્ય પ્રતિ જાગૃતિ હોય તો વ્યક્તિ ગમે તે ક્ષેત્રમાં, ગમે તે પ્રવૃત્તિઓ વચ્ચે આરાધના કરી શકે છે. વરુણનાગનત્તુઆએ યુદ્ધમાં જવાના સમયે છઠનો અટ્ઠમ કર્યો હતો અને યુદ્ધ કરતાં મૃત્યુનો સમય જાણી સાવધાનીપૂર્વક સંથારો કર્યો. આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે ધર્મ આરાધનાને ક્ષેત્ર કે કાલનું બંધન હોતું નથી.

વરુણનાગનત્તુઆ કાલધર્મ પામી દેવલોકમાં ગયા. તેની દેવગતિને જાણીને લોકોમાં ભ્રાન્ત માન્યતા પ્રચલિત થઈ કે સંગ્રામમાં મૃત માનવોની દેવગતિ થાય છે, પરંતુ દેવગતિની પ્રાપ્તિનું કારણ સંગ્રામ નથી કારણ કે યુદ્ધના વેરઝેરના ભાવમાં અસમાધિભાવે કાલધર્મને પ્રાપ્ત કરનારાઓની તો પ્રાયઃ દુર્ગતિ જ થાય છે. રથમુસલ અને મહાશિલા કંટક સંગ્રામના વર્ણનથી સ્પષ્ટ છે કે સંગ્રામમાં મૃત માનવોએ પ્રાયઃ

નરક અને તિર્યંચ ગતિને જ પ્રાપ્ત કરી છે. સંલેખના સંથારાપૂર્વક કાલધર્મ પ્રાપ્ત કરનારા વરુણનાગનત્તુઆ અને તેના મિત્ર આ બંનેએ સદ્ગતિને પ્રાપ્ત કરી છે.

**વરુણનાગનત્તુઆ અને તેના મિત્રની ગતિ :–**

**३० वरुणे णं भंते ! णागणत्तुए कालमासे कालं किच्चा कहिं गए, कहिं उव- वण्णे ?**

**गोयमा ! सोहम्मे कप्पे, अरुणाभे विमाणे देवत्ताए उववण्णे । तत्थ णं अत्थेगइयाणं देवाणं चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता । तत्थ णं वरुणस्स वि देवस्स चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**से णं भंते ! वरुणे देवे ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइ- क्खएणं** *जाव* **अंतं करेहिइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વરુણનાગનત્તુઆ કાલના અવસરે કાલધર્મ પામીને ક્યાં ગયા ? ક્યાં ઉત્પન્ન થયા ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સૌધર્મ કલ્પના અરુણાભ નામના વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે. તે દેવલોકમાં કેટલાક દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની છે, ત્યાં વરુણદેવની સ્થિતિ પણ ચાર પલ્યોપમની છે.

તે વરુણદેવ તે દેવલોકના આયુષ્યનો, ભવનો તથા સ્થિતિનો ક્ષય થવા પર ***યાવત્*** મહાવિદેહક્ષેત્રમાં સર્વ દુઃખોનો અંત કરશે.

**३१ वरुणस्स णं भंते ! णागणत्तुयस्स पियबालवयंसए कालमासे कालं किच्चा कहिं गए, कहिं उववण्णे ? गोयमा ! सुकुले पच्चायाए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વરુણનાગનત્તુઆના પ્રિય બાલમિત્ર કાલના અવસરે કાલધર્મ પ્રાપ્ત કરીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે સુકુલમાં અર્થાત્ મનુષ્યલોકમાં શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયા છે.

**३२ से णं भंते ! तओहिंतो अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ** *जाव* **अंतं काहिइ । ॥ सेवं भंते ! सेवं भते ! ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તે વરુણના બાલમિત્ર ત્યાંથી કાલધર્મ પામીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તે પણ મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, સર્વ દુઃખોનો અંત કરશે. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**॥ શતક ૭/૯ સંપૂર્ણ ॥**

# શતક–૭ : ઉદ્દેશક–૧૦

## સંક્ષિપ્ત સાર

આ ઉદ્દેશકમાં કાલોદાયી આદિ અન્યતીર્થિકોની પંચાસ્તિકાય વિષયક વિચારણા, પ્રભુ મહાવીર પાસે તેનું સમાધાન, કાલોદાયીને સંબોધિની પ્રાપ્તિ, સંયમ સ્વીકાર, તેના અન્ય પ્રશ્નોત્તર, સંયમ તપની સાધના અને તેની અંતિમ આરાધના વગેરેનું નિરૂપણ છે.

★ રાજગૃહ નગરમાં ગુણશીલ ઉદ્યાનની સમીપે અન્યતીર્થિકોનો આશ્રમ હતો. ત્યાં કાલોદાયી આદિ અનેક સંન્યાસી રહેતા હતા. એકદા તેઓ પરસ્પર વિચાર કરી રહ્યા હતા કે શ્રમણ ભગવાન મહાવીર પંચાસ્તિકાયનું કથન કરે છે; જેમાં ધર્માસ્તિકાયાદિ ચાર અરૂપી અને એક પુદ્‌ગલાસ્તિકાય રૂપી છે. ધર્માસ્તિકાયાદિ ચાર અજીવ અને એક જીવાસ્તિકાય જીવરૂપ છે. આ કથન કઈ રીતે માની શકાય ?

સંયોગવશ ગૌતમસ્વામી ગૌચરી લઈ નગરમાંથી ગુણશીલ ઉદ્યાનમાં આવી રહ્યા હતા. સંન્યાસી–ઓએ આશ્રમ પાસેથી નીકળતા ગૌતમ સ્વામીને જોયા અને તેમની નજીક જઈને પોતાની શંકા પ્રગટ કરી. પ્રત્યુત્તરમાં ગૌતમ સ્વામીએ કહ્યું કે અમે અસ્તિભાવને જ અસ્તિરૂપ અને નાસ્તિભાવને જ નાસ્તિરૂપ કહીએ છીએ. આ રીતે સંક્ષિપ્ત ઉત્તર આપીને ગૌતમસ્વામી સ્વસ્થાને ગયા.

ત્યાર પછી વિશેષ સમાધાન મેળવવા કાલોદાયી સંન્યાસી પ્રભુ પાસે ગયા. પ્રભુએ તેને પંચાસ્તિ–કાયનું સ્વરૂપ સમજાવ્યું. વિશેષમાં તે પણ સ્પષ્ટ કર્યું કે ધર્માસ્તિકાયાદિ ચાર અરૂપી દ્રવ્ય પર સૂવા, બેસવાની આદિ કોઈ પણ ક્રિયા થતી નથી. કેવળ પુદ્‌ગલાસ્તિકાય પર જ આ સર્વ ક્રિયાઓ થાય છે; કારણ કે તે રૂપી છે.

ત્યાર પછી કાલોદાયીને બોધ પ્રાપ્ત થયો, તેણે પ્રભુ સમીપે સંયમ સ્વીકાર કર્યો. તેમણે પ્રભુને પુણ્ય પાપકર્મ વિષયક પ્રશ્નો પૂછ્યા. પ્રભુએ દષ્ટાંત સહિત તેનું સ્વરૂપ સમજાવ્યું.

★ હિંસાદિ અઢાર પાપસ્થાનરૂપ પાપકર્મ વિષમિશ્રિત ભોજનની જેમ પાપ વિપાકરૂપ–અશુભફળ આપે છે અને પાપસ્થાનના ત્યાગરૂપ પુણ્યકર્મ ઔષધમિશ્રિત ભોજનની જેમ કલ્યાણવિપાકરૂપ–શુભફળ આપે છે. પુણ્ય અને પાપકર્મ જીવને જ થાય છે, અજીવને નહીં.

★ અગ્નિને પ્રજ્વલિત કરનાર મહાકર્મ બાંધે છે. તેની અપેક્ષાએ અગ્નિ બુઝાવનાર અલ્પકર્મ બાંધે છે કારણ કે અગ્નિ પ્રગટાવનાર પુરુષ પૃથ્વીકાયિકાદિ અનેક જીવોનો વિરાધક બને છે અને અલ્પતર અગ્નિકાયના જીવોનો પણ વિરાધક બને છે. ત્યારે અગ્નિ બુઝાવનાર પુરુષ પૃથ્વી, પાણી, વાયુ વનસ્પતિના

જીવોનો અલ્પારંભ કરે છે અને માત્ર અગ્નિના જીવોનો મહારંભ કરે છે, તેથી તે અલ્પતર વિરાધક છે

★ તેજોલબ્ધિવાન સાધુના તેજોલબ્ધિના અચિત્ત પુદ્‍ગલ પણ અગ્નિકાયના જીવની જેમ પ્રકાશક, તાપયુક્ત, દાહક અને ચળકાટ યુક્ત હોય છે.

ઉપરોક્ત પ્રશ્નોત્તરના સમાધાનથી કાલોદાયી અણગારની શ્રદ્ધા દઢતમ બની. તેણે અનેક પ્રકારના તપની આરાધના કરીને અંતિમ લક્ષ્યને સિદ્ધ કર્યું.

❖❖❖❖❖

# શતક–૭ : ઉદ્દેશક–૧૦

## અન્યયૂથિક

**કાલોદાયીની પંચાસ્તિકાય વિષયક તત્ત્વચર્ચા :–**

**१ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था,** *वण्णओ* **। गुणसीलए चेइए** *जाव* **पुढविसिलापट्टए होत्था,** *वण्णओ* **।**

**तस्स णं गुणसीलयस्स चेइयस्स अदूरसामंते बहवे अण्णउत्थिया परिवसंति, तं जहा– कालोदाई सेलोदाई सेवालोदाई उदए णामुदए णम्मुदए अण्णवालए सेलवालए संखवालए सुहत्थी गाहावई ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલ નામનું ઉદ્યાન હતું. ***યાવત્*** ત્યાં એક પૃથ્વીશિલાપટ્ટક હતું. તે સર્વનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું.

તે ગુણશીલ ઉદ્યાનની ન અતિ દૂર, ન અતિ નજીક અનેક અન્યતીર્થિકો પોતાના આશ્રમમાં રહેતા હતા. યથા– કાલોદાયી, શૈલોદાયી, શૈવાલોદાયી, ઉદક, નામોદક, નર્મોદક અન્નપાલક, શૈલપાલક, શંખપાલક, સુહસ્તી અને ગાથાપતિ આદિ.

**२ तए णं तेसिं अण्णउत्थियाणं अण्णया कयाइं एगयओ सहियाणं समुवागयाणं सण्णिविट्ठाणं सण्णिसण्णाणं अयमेयारूवे मिहोकहासमुल्लावे समुप्पज्जित्था– एवं खलु समणे णायपुत्ते पंच अत्थिकाए पण्णवेइ, तं जहा– धम्मत्थिकायं** *जाव* **पोग्गलत्थिकायं । तत्थ णं समणे णायपुत्ते चत्तारि अत्थिकाए अजीवकाए पण्णवेइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, पोग्गलत्थिकायं; एगं च णं समणे णायपुत्ते जीवत्थिकायं अरूविकायं जीवकायं पण्णवेइ । तत्थ णं समणे णायपुत्ते चत्तारि अत्थिकाए अरूविकाए पण्णवेइ तं जहा– धम्मत्थिकायं अधम्मत्थि– कायं आगासत्थिकायं जीवत्थिकायं; एगं च णं समणे णायपुत्ते पोग्गलत्थिकायं रूविकायं अजीवकायं पण्णवेइ; से कहमेयं मण्णे एवं ।**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ કોઈ સમયે, તે સર્વ અન્યતીર્થિકો એક સ્થાન પર એકત્રિત થયા. એકત્રિત થઈને

બેઠા; આનંદપૂર્વક બેસીને તેઓમાં પરસ્પર આ પ્રકારે વાર્તાલાપ થયો કે શ્રમણ જ્ઞાતપુત્ર મહાવીર પાંચ અસ્તિકાયનું નિરૂપણ કરે છે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય. તેમાંથી ચાર અસ્તિકાયને શ્રમણ જ્ઞાતપુત્ર અજીવકાય કહે છે; જેમ કે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય; એક જીવાસ્તિકાયને શ્રમણ જ્ઞાતપુત્ર અરૂપી અને જીવકાય કહે છે. તેમજ શ્રમણ જ્ઞાતપુત્ર પાંચ અસ્તિકાયમાંથી ચાર અસ્તિકાયોને અરૂપી કહે છે; જેમ કે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય; કેવળ એક પુદ્ગલાસ્તિકાયને જ શ્રમણ જ્ઞાતપુત્ર રૂપીકાય અને અજીવકાય કહે છે. તેમની આ વાત કઈ રીતે માની શકાય ?

**३ तेणं कालेणं तेणं समएणं समणे भगवे महावीरे** *जाव* **गुणसीलए चेइए समोसढे** *जाव* **परिसा पडिगया ।**

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे गोयमगोत्तेणं, एवं जहा बितियसए णियंठुद्देसए** *जाव* **भिक्खायरियाए अडमाणे अहापज्जत्तं भत्तपाणं पडिग्गहित्ता रायगिहाओ णयराओ पडिणिक्खमइ अतुरियं अचवलं असंभंतं** *जाव* **रियं सोहेमाणे सोहेमाणे तेसिं अण्णउत्थियाणं अदूरसामंतेणं वीइवयइ ।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા ***યાવત્*** પરિષદ ધર્મોપદેશ સાંભળીને પાછી ફરી.

તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ગૌતમ ગોત્રીય ઈન્દ્રભૂતિ નામના અણગાર, બીજા શતકના નિર્ગ્રંથ ઉદ્દેશકમાં કહ્યા અનુસાર વિશેષણોથી સંપન્ન ***યાવત્*** ભિક્ષાચરીને માટે પર્યટન કરતાં આવશ્યક આહાર–પાણી ગ્રહણ કરીને રાજગૃહ નગરમાંથી નીકળ્યા અને શાંત, અચપલ, અસંભ્રાંતપણે ઈર્યાસમિતિનું શોધન કરતાં કરતાં તે અન્યતીર્થિકોના આશ્રમ પાસેથી નીકળ્યા.

**४ तए णं ते अण्णउत्थिया भगवं गोयमं अदूरसामंतेण वीइवयमाणं पासंति, पासित्ता अण्णमण्णं सद्दावेंति, सद्दावेत्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हे इमा कहा अविप्पकडा, अयं च णं गोयमे अम्हं अदूरसामंतेणं वीईवयइ । तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं गोयमं एयमट्ठं पुच्छित्तए त्ति कट्टु अण्णमण्णस्स अंतिए एयमट्ठं पडिसुणंति, पडिसुणित्ता जेणेव भगवं गोयमे तेणेव उवागच्छंति, उवागच्छित्ता भगवं गोयमं एवं वयासी–**

**एवं खलु गोयमा ! तव धम्मायरिए धम्मोवएसए समणे णायपुत्ते पंच अत्थिकाए पण्णवेइ, तं जहा– धम्मत्थिकायं** *जाव* **पोग्गलत्थिकायं; तं चेव** *जाव* **एगं च णं समणे**

**णायपुत्ते पोग्गलत्थिकायं रूविकायं अजीवकायं पण्णवेइ; से कहमेयं गोयमा! एवं ?**

**तए णं से भगवं गोयमे ते अण्णउत्थिए एवं वयासी– णो खलु वयं देवाणुप्पिया! अत्थिभावं णत्थि त्ति वयामो, णत्थिभावं अत्थि त्ति वयामो; अम्हे णं देवाणुप्पिया! सव्वं अत्थिभावं अत्थि त्ति वयामो, सव्वं णत्थिभावं णत्थि त्ति वयामो; ते चेयसा (वेदसा) खलु तुब्भे देवाणुप्पिया ! एयमट्ठं सयमेव पच्चुवेक्खह त्ति कट्टु ते अण्णउत्थिए एवं वयइ, वइत्ता जेणेव गुणसीलए चेइए जेणेव समणे भगवं महावीरे एवं जहा णियंठुद्देसए** *जाव* **भत्तपाणं पडिदंसेइ, पडिदंसित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे** *जाव* **पज्जुवासइ ।**

**શબ્દાર્થ :– तं चेयसा** = પોતાના જ્ઞાનથી, પોતાના અંતરમાં **पच्चुवेक्खह** = વિચાર કરો **अविप्पकडा** = અપ્રગટ, અસ્પષ્ટ, સમજાય નહીં તેવા.

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે અન્યતીર્થિકોએ ભગવાન ગૌતમને થોડે દૂરથી જતા જોયા; જોઈને તેઓએ એક –બીજાને બોલાવ્યા, બોલાવીને એક બીજાને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! (પંચાસ્તિકાય સંબંધી) આ વાત આપણને સ્પષ્ટ સમજાતી નથી. આ ગૌતમ આપણાથી થોડે જ દૂર જઈ રહ્યા છે, તેથી હે દેવાનુપ્રિયો! ગૌતમને આ અર્થ પૂછવો તે આપણા માટે શ્રેયસ્કર છે; આ પ્રમાણે વિચાર કરીને તેઓએ પરસ્પર આ સંબંધમાં પરામર્શ કર્યો; પરામર્શ કરીને જ્યાં ભગવાન ગૌતમ હતા ત્યાં તેની પાસે આવ્યા; પાસે આવીને ભગવાન ગૌતમને આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ગૌતમ ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્ર પંચાસ્તિકાયની પ્રરૂપણા કરે છે, જેમ કે ધર્માસ્તિકાય ***યાવત્*** પુદ્ગલાસ્તિકાય. આ રીતે પૂર્વોક્ત સંપૂર્ણ કથન કરવું ***યાવત્*** તેમાં એક પુદ્ગલાસ્તિકાયને શ્રમણ જ્ઞાતપુત્ર રૂપીકાય અને અજીવકાય કહે છે, તો હે ગૌતમ ! આ વાત કેવી રીતે સત્ય છે ?

**ઉત્તર–** ત્યારે ભગવાન ગૌતમે તે અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! અમે અસ્તિભાવને નાસ્તિ કહેતા નથી અને નાસ્તિભાવને અસ્તિ છે તેમ કહેતા નથી. હે દેવાનુપ્રિય ! અમે સર્વ અસ્તિભાવોને અસ્તિ અને સર્વ નાસ્તિભાવોને નાસ્તિ કહીએ છીએ. તેથી હે દેવાનુપ્રિયો ! આ વાતનો તમે સ્વયં અંતરથી વિચાર કરો. અન્યતીર્થિકોને આ પ્રમાણે કહીને શ્રી ગૌતમસ્વામી ગુણશીલ ઉદ્યાનમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા, ત્યાં તેમની પાસે આવ્યા વગેરે વર્ણન દ્વિતીય શતકના નિર્ગ્રંથ ઉદ્દેશક અનુસાર કહેવું ***યાવત્*** ભગવાનને આહાર–પાણી બતાવ્યા, બતાવીને પ્રભુની આજ્ઞા લઈને આહાર પાણી કર્યા, ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ન અતિ દૂર અને ન અતિ નજીક રહીને ભગવાનની ઉપાસના કરવા લાગ્યા.

**૫ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे महाकहापडिवण्णे या वि**

**होत्था, कालोदाई य तं देसं हव्वं आगए ।**

**कालोदाइ ! त्ति समणे भगवं महावीरे कालोदाइं एवं वयासी– से णूणं ते कालोदाई ! अण्णया कयाइ एगयओ सहियाणं समुवागयाणं सण्णिविट्ठाणं तहेव** *जाव* **से कहमेयं मण्णे एवं ? से णूणं कालोदाई ! अट्ठे समट्ठे ? हंता, अत्थि ।**

**तं सच्चे णं एसमट्ठे कालोदाई ! अहं पंचत्थिकायं पण्णवेमि, तं जहा– धम्मत्थिकायं** *जाव* **पोग्गलत्थिकायं । तत्थ णं अहं चत्तारि अत्थिकाए अजीवकाए पण्णवेमि, तहेव** *जाव* **एगं च णं अहं पोग्गलत्थिकायं रूविकायं अजीवकायं पण्णवेमि।**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર મોટા જનસમૂહને ધર્મોપદેશ આપવામાં પ્રવૃત્ત હતા. તે સમયે કાલોદાયી તે સ્થળે આવી પહોંચ્યા.

હે કાલોદાયી ! આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે કાલોદાયીને આ પ્રમાણે પૂછ્યું– કાલોદાયી ! કોઈ સમયે, એક સ્થાને સાથે મળેલા અને એક સાથે આનંદપૂર્વક બેઠેલા તમે પંચાસ્તિકાયના સંબંધમાં આ પ્રમાણે વિચાર કર્યો હતો ***યાવત્*** જ્ઞાતપુત્ર શ્રમણનો પંચાસ્તિકાય વિષયક આ વિચાર કેવી રીતે માની શકાય ? હે કાલોદાયી ! શું આ વાત યથાર્થ છે ?

[કાલોદાયી–] હા, તે વાત યથાર્થ છે.

[ભગવાન–] હે કાલોદાયી ! પંચાસ્તિકાય સંબંધી આ વાત સત્ય છે. હું ધર્માસ્તિકાયથી પુદ્‌ગલાસ્તિકાય પર્યંત પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરું છું. તેમાંથી ચાર અસ્તિકાયને હું અજીવકાય કહું છું ***યાવત્*** પૂર્વ કથન અનુસાર એક પુદ્‌ગલાસ્તિકાયને હું રૂપીકાય અજીવકાય કહું છું.

**६ तए णं से कालोदाई समणं भगवं महावीरं एवं वयासी– एयंसि णं भंते ! धम्मत्थिकायंसि अधम्मत्थिकायंसि आगासत्थिकायंसि अरूविकायंसि अजीवकायंसि चक्किया केई आसइत्तए वा सइत्तए वा चिट्ठइत्तए वा णिसीइत्तए वा तुयट्टित्तए वा ?**

**णो इणट्ठे समट्ठे । कालोदाई ! एगंसि णं पोग्गलत्थिकायंसि रूविकायंसि अजीवकायंसि चक्किया केई आसइत्तए वा सइत्तए वा** *जाव* **तुयट्टित्तए वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ત્યારે કાલોદાયીએ શ્રમણ ભગવન્ મહાવીરને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! શું ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, આ અરૂપી અજીવકાયો પર કોઈ રહેવાની, સૂવાની, ઊભા રહેવાની, નીચે બેસવાની, પડખું ફેરવવાની આદિ ક્રિયાઓ કોઈ કરી શકે છે ?

**ઉત્તર–** હે કાલોદાયી ! તેમ કોઈ કરી શકતા નથી અર્થાત્ અરૂપી દ્રવ્યો પર કોઈ વ્યક્તિ તે ક્રિયાઓ કરી શકતા નથી. એક પુદ્‌ગલાસ્તિકાય જ રૂપી અજીવકાય છે, તેના પર કોઈ વ્યક્તિ બેસવાની,

સૂવાની, પડખું ફેરવવાની આદિ ક્રિયાઓ કરી શકે છે.

**૭ एयंसि णं भंते ! पोग्गलत्थिकायंसि रूविकायंसि, अजीवकायंसि जीवाणं पावा कम्मा पावफलविवागसंजुत्ता कज्जंति ?**

**णो इणट्ठे समट्ठे । कालोदाई ! एयंसि णं जीवत्थिकायंसि अरूविकायंसि जीवाणं पावा कम्मा पावफलविवागसंजुत्ता कज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવને પાપફલવિપાકથી સંયુક્ત કરનાર(અશુભ ફળદાયી) પાપકર્મ શું આ રૂપી અજીવ એવા પુદ્‌ગલાસ્તિકાયથી લાગે છે ?

**ઉત્તર–** તેમ શક્ય નથી. હે કાલોદાયી ! અરૂપી કાયરૂપ જીવાસ્તિકાયથી જ જીવોને પાપફલ–વિપાકથી સંયુક્ત કરનાર પાપકર્મ લાગે છે.

**૮ एत्थ णं से कालोदाई संबुद्धे; समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता, णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भं अंतियं धम्मं णिसामेत्तए । एवं जहा खंदए तहेव पव्वइए, तहेव एक्कारस अंगाइं *जाव* विहरइ ।**

**ભાવાર્થ :–** ભગવાન પાસેથી સમાધાન પ્રાપ્ત કરીને કાલોદાયી બોધિને પ્રાપ્ત થયા. તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું આપની પાસેથી ધર્મ શ્રવણ કરવા ઈચ્છું છું. ભગવાને તેને ધર્મ શ્રવણ કરાવ્યું. પછી સ્કંદકની જેમ (શતક– ૨/૧માં કહ્યા પ્રમાણે) કાલોદાયી પણ ભગવાન પાસે પ્રવ્રજિત થયા તેમજ અગિયાર અંગોનું અધ્યયન કર્યું ***યાવત્*** તપ સંયમથી આત્માને ભાવિત કરતા તે કાલોદાયી અણગાર વિચરણ કરવા લાગ્યા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અન્યતીર્થિક કાલોદાયીની તત્ત્વચર્ચાનો અને પ્રભુ પાસેથી સમાધાન પ્રાપ્ત કરીને તેના દ્વારા પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ઘટનાનો ઉલ્લેખ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું સ્વરૂપ નિરૂપણ તે જૈન દર્શનની પોતાની આગવી વિશેષતા છે, તેથી તે વિષયમાં અન્યતીર્થિકોની ચર્ચા થાય તે સહજ છે.

કાલોદાયી ભદ્ર પરિણામી હતા. તેને પોતાના વિચારો કે માન્યતાનો આગ્રહ ન હતો. તેથી તેણે ગૌતમસ્વામી અને પ્રભુ મહાવીર પાસે જઈને શંકાનું સમાધાન કર્યું.

જૈન દર્શનાનુસાર આ લોકમાં પાંચ દ્રવ્ય અસ્તિકાય રૂપે સ્થિત છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય. તેમાં પ્રથમ ચાર અરૂપી છે અર્થાત્ તે દષ્ટિગમ્ય

નથી, માત્ર બુદ્ધિગમ્ય છે. પુદ્‌ગલાસ્તિકાય રૂપી છે અર્થાત્ તે દષ્ટિગમ્ય છે તેમજ તે દ્રવ્યોમાં જીવાસ્તિકાય જીવરૂપ છે, શેષ ચાર અસ્તિકાય અજીવરૂપ છે.

જીવની સૂવા, બેસવાની આદિ પ્રત્યેક ક્રિયા અરૂપી અજીવ દ્રવ્ય પર થતી નથી. એક રૂપી અજીવ પુદ્‌ગલાસ્તિકાય પર જ જીવની પ્રત્યેક ક્રિયા થાય છે અને શુભાશુભ ફલદાયક શુભાશુભ પુણ્ય પાપકર્મનો સંબંધ જીવને જ થાય છે, જીવ પોતાના શુભાશુભ ભાવોથી તથા પ્રકારના કર્મોનો બંધ કરે છે. અજીવ દ્રવ્યમાં શુભાશુભ ભાવો ન હોવાથી કર્મનો બંધ થતો નથી.

પ્રભુના સત્સંગથી કાલોદાયીને સંતોષપ્રદ સમાધાન થયું. ત્યારપછી ઉપદેશ સાંભળી વૈરાગ્ય વાસિત થઈ પ્રભુના શાસનમાં તે પ્રવ્રજિત થઈ ગયા.

**संबुद्धे :–** સંબુદ્ધ શબ્દના અનેક અર્થ થાય છે, જેમ કે (૧) બોધને પ્રાપ્ત કરવો, (૨) ધર્મ પ્રત્યે આકર્ષણ થવું, (૩) ગુરુ કે ધર્મ પ્રતિપૂર્ણ શ્રદ્ધાભાવ થવો, (૪) ધર્મનો સ્વીકાર કરવો, (૫) સંયમ ધર્મનો સ્વીકાર કરવો વગેરે. પ્રસ્તુતમાં કાલોદાયી ભગવાન અને ધર્મ પ્રત્યે આકર્ષિત થયા તે અર્થમાં **संबुद्ध** શબ્દનો પ્રયોગ થયો છે.

## કાલોદાયી અણગારના પુણ્ય–પાપ વિષયક પ્રશ્નો :–

**૯ तए णं समणे भगवं महावीरे अण्णया कयाइ रायगिहाओ णयराओ, गुणसीलाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ ।**

**तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे गुणसीलए चेइए होत्था । तएणं समणं भगवं महावीरे अण्णया कयाइ** *जाव* **समोसढे** *जाव* **परिसा पडिगया ।**

**तए णं से कालोदाई अणगारे अण्णया कयाइ जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– अत्थि णं भंते ! जीवाणं पावा कम्मा पावफलविवागसंजुत्ता कज्जंति? हंता, अत्थि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશીલ ઉદ્યાનમાંથી નીકળ્યા, નીકળીને બહાર જનપદોમાં વિચરણ કરવા લાગ્યા.

તે કાલે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. નગરની બહાર ગુણશીલ નામનું ઉદ્યાન હતું. કોઈ એક સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પુનઃ ત્યાં પધાર્યા. સમવસરણ થયું. પરિષદ ધર્મોપદેશ સાંભળીને પાછી ગઈ.

ત્યાર પછી અન્ય કોઈ સમયે કાલોદાયી અણગાર, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી

બિરાજમાન હતા, ત્યાં તેમની પાસે આવ્યા અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું–

**પ્રશ્ન–** હે ભગવન્ ! શું જીવોના પાપકર્મ પાપફલ વિપાકથી સહિત હોય છે ?

**ઉત્તર–** હા, કાલોદાયી ! હોય છે.

**૧૦ कहं णं भंते ! जीवाणं पावा कम्मा पावफलविवागसंजुत्ता कज्जंति ?**

**कालोदाई ! से जहाणामए केइ पुरिसे मणुण्णं थालीपागसुद्धं अट्ठारस–वंजणाउणं विससम्मिस्सं भोयणं भुंजेज्जा, तस्स णं भोयणस्स आवाए भद्दए भवइ, तओ पच्छा परिणममाणे परिणममाणे दुरूवत्ताए, दुगंधत्ताए जहा महासवए** *जाव* **भुज्जो भुज्जो परिणमइ । एवामेव कालोदाई ! जीवाणं पाणाइवाए** *जाव* **मिच्छा- दंसणसल्ले, तस्स णं आवाए भद्दए भवइ, तओ पच्छा विपरिणममाणे विपरिणममाणे दुरूवत्ताए** *जाव* **भुज्जो भुज्जो परिणमइ । एवं खलु कालोदाई ! जीवाणं पावा कम्मा पावफलविवागसंजुत्ता कज्जंति ।**

**શબ્દાર્થ :– आवाए** = તત્કાલ **थालीपागसुद्धं** = સુંદર તપેલી, દેગડીમાં પકાવેલું.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોના પાપકર્મ પાપફલ વિપાક સહિત કેવી રીતે હોય છે ?

**ઉત્તર–** હે કાલોદાયી ! જેવી રીતે કોઈ પુરુષ સુંદર તપેલીમાં પકાવેલું શુદ્ધ અઢાર પ્રકારના વ્યંજનોથી યુક્ત મનોજ્ઞ પરંતુ વિષમિશ્રિત ભોજનનું સેવન કરે છે. તે ભોજન તેને તત્કાલ (સ્વાદિષ્ટ હોવાથી) સારું લાગે છે, પરંતુ પશ્ચાત્ તે વિષયુક્ત ભોજન પરિણત થતાં–થતાં ખરાબરૂપે, દુર્ગંધરૂપે ***યાવત્*** શતક–૬/૩ મહાશ્રવમાં કહ્યા અનુસાર વારંવાર તેનું અશુભ પરિણમન થાય છે. હે કાલોદાયી ! આ રીતે પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય સુધીના અઢાર પાપસ્થાનકનું સેવન જીવોને પ્રારંભમાં તો સારું લાગે છે, પરંતુ જ્યારે તેના બાંધેલા પાપકર્મ ઉદયમાં આવે છે, ત્યારે તે અશુભરૂપે પરિણત થતાં–થતાં દુરૂપપણે, દુર્ગંધપણે વારંવાર અશુભ પરિણામને પ્રાપ્ત કરે છે. આ રીતે હે કાલોદાયી ! જીવોના પાપકર્મ અશુભ ફલવિપાકથી યુક્ત હોય છે.

**૧૧ अत्थि णं भंते ! जीवाणं कल्लाणा कम्मा कल्लाणफलविवागसंजुत्ता कज्जंति? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોના કલ્યાણ(શુભ) કર્મ શું કલ્યાણ ફલ(શુભફલ) વિપાક સહિત હોય છે ? **ઉત્તર–** હા, કાલોદાયી ! હોય છે.

**૧૨ कहं णं भंते ! जीवाणं कल्लाणा कम्मा** *जाव* **कज्जंति ?**

**कालादाई ! से जहाणामए केई पुरिसे मणुण्णं थालीपागसुद्धं अट्ठारस– वंजणाउलं ओसहमिस्सं भोयणं भुंजेज्जा, तस्स णं भोयणस्स आवाए णो भद्दए भवइ, तओ पच्छा परिणममाणे परिणममाणे सुरूवत्ताए सुवण्णत्ताए** *जाव* **सुहत्ताए णो दुक्खत्ताए भुज्जो भुज्जो परिणमइ; एवामेव कालोदाई ! जीवाणं पाणाइवायवेरमणे** *जाव* **परिग्गहवेरमणे, कोहविवेगे** *जाव* **मिच्छादंसणसल्लविवेगे, तस्स णं आवाए णो भद्दए भवइ, तओ पच्छा परिणममाणे परिणममाणे सुरूवत्ताए** *जाव* **णो दुक्खत्ताए भुज्जो भुज्जो परिणमइ । एवं खलु कालोदाई ! जीवाणं कल्लाणा कम्मा कल्लाण– फलविवाग–संजुत्ता कज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવોના કલ્યાણ કર્મ કલ્યાણફલવિપાક સહિત કેવી રીતે હોય છે ?

**ઉત્તર–** હે કાલોદાયી ! જેમ કે કોઈ પુરુષ મનોજ્ઞ તપેલી કે દેગડીમાં પકાવેલું, શુદ્ધ અને અઢાર પ્રકારના વ્યંજનોથી યુક્ત, ઔષધમિશ્રિત ભોજન કરે અને તે ભોજન તેને તત્કાલ સારું ન લાગે, પરંતુ પછી પરિણત થતાં થતાં જ્યારે તે સુરૂપે, સુવર્ણરૂપે સુખ(અથવા શુભ) રૂપે વારંવાર પરિણત થાય છે, ત્યારે તે દુઃખરૂપે પરિણત થતું નથી. આ જ રીતે હે કાલોદાયી ! જીવોને માટે પ્રાણાતિપાત વિરમણથી પરિગ્રહ વિરમણ, ક્રોધ વિવેક(ક્રોધ ત્યાગ)થી મિથ્યાદર્શનશલ્ય–વિવેક પ્રારંભમાં સારા ન લાગે પરંતુ પછી તેનું પરિણમન થતાં થતાં સુરૂપપણે, સુવર્ણપણે, સુખરૂપે હોય છે પરંતુ દુઃખરૂપે વારંવાર પરિણત થતું નથી. આ રીતે હે કાલોદાયી ! જીવોના કલ્યાણકારી કર્મ(પુણ્ય કર્મ) કલ્યાણફલવિપાક સહિત હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં કાલોદાયી અણગારના પુણ્ય–પાપના વિપાક વિષયક પ્રશ્નો છે. પુણ્યકર્મનો વિપાક અને પાપકર્મનો વિપાક સમજાવવા માટે પ્રભુએ ઔષધમિશ્રિત અને વિષમિશ્રિત ભોજનનું દષ્ટાંત આપ્યું છે.

૧૮ પાપસ્થાનના ત્યાગરૂપ પુણ્યકર્મ ઔષધમિશ્રિત ભોજનની જેમ કદાચ તત્કાલ અપ્રિય લાગે પરંતુ તેનું પરિણામ હિતકારી હોય છે.

૧૮ પાપસ્થાનના સેવનરૂપ પાપકર્મ વિષમિશ્રિત મધુર ભોજનની જેમ કદાચ તત્કાલ પ્રિય લાગે પરંતુ તેનું પરિણામ અહિતકારી હોય છે.

આ રીતે જીવના પરિણામ અનુસાર તેને પુણ્ય અથવા પાપનો વિપાક ભોગવવો પડે છે.

## અગ્નિના સમારંભ કરનારને લાગતી ક્રિયા :–

**૧૩ दो भंते ! पुरिसा सरिसया** *जाव* **सरिसभंडमत्तोवगरणा अण्णमण्णेणं सद्धिं**

अगणिकायं समारंभंति, तत्थ णं एगे पुरिसे अगणिकायं उज्जालेइ, एगे पुरिसे अगणिकायं णिव्वावेइ, एएसि णं भंते ! दोण्हं पुरिसाणं कयरे पुरिसे महाकम्मतराए चेव महाकिरियतराए चेव महासवतराए चेव महावेयणतराए चेव ? कयरे वा पुरिसे अप्पकम्मतराए चेव *जाव* अप्पवेयणतराए चेव ? जे वा से पुरिसे अगणिकायं उज्जालेइ, जे वा से पुरिसे अगणिकायं णिव्वावेइ ?

कालोदाई ! तत्थ णं जे से पुरिसे अगणिकायं उज्जालेइ से णं पुरिसे महाकम्मतराए चेव *जाव* महावेयणतराए चेव । तत्थ णं जे से पुरिसे अगणिकायं णिव्वावेइ से णं पुरिसे अप्पकम्मतराए चेव *जाव* अप्पवेयणतराए चेव ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમાન વય, સમાન ભંડ–પાત્ર અને ઉપકરણવાળા બે પુરુષ એક સાથે અગ્નિકાયનો સમારંભ કરે, તેમાંથી એક પુરુષ અગ્નિકાયને પ્રજ્વલિત કરે અને બીજો પુરુષ અગ્નિકાયને બુઝાવે; હે ભગવન્ ! તે બે પુરુષોમાંથી કયો પુરુષ મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાવાળો છે ? અને કયો પુરુષ અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પવેદનાવાળો છે ? જે પુરુષ અગ્નિકાયને પ્રજ્વલિત કરે છે તે પુરુષ કે અગ્નિકાયને બુઝાવે છે તે પુરુષ ?

**ઉત્તર–** હે કાલોદાયી ! તે બે પુરુષોમાંથી જે પુરુષ અગ્નિકાયને પ્રજ્વલિત કરે છે તે પુરુષ મહાકર્મવાળો ***યાવત્*** મહાવેદનાવાળો છે અને જે પુરુષ અગ્નિને બુઝાવે છે તે અલ્પકર્મવાળો ***યાવત્*** અલ્પવેદનાવાળો હોય છે.

**१४** से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– तत्थ णं जे से पुरिसे *जाव* अप्पवेयणतराए चेव ?

कालोदाई ! तत्थ णं जे से पुरिसे अगणिकायं उज्जालेइ से णं पुरिसे बहुतरागं पुढविकायं समारंभइ, बहुतरागं आउक्कायं समारंभइ, अप्पतरागं तेउकायं समारंभइ, बहुतरागं वाउकायं समारंभइ, बहुतरागं वणस्सइकायं समारंभइ, बहुतरागं तसकायं समारंभइ । तत्थ णं जे से पुरिसे अगणिकायं णिव्वावेइ, से णं पुरिसे अप्पतरागं पुढविक्कायं समारंभइ, अप्पतरागं आउक्कायं समारंभइ, बहुतरागं तेउक्कायं समारंभइ, अप्पतरागं वाउकायं समारंभइ, अप्पतरागं वणस्सइकायं समारंभइ, अप्पतरागं तसकायं समारंभइ । से तेणट्ठेणं कालोदाई ! *जाव* अप्पवेयणतराए चेव ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે બે પુરુષમાંથી જે પુરુષ અગ્નિકાયને પ્રજ્વલિત કરે છે તે મહાકર્મવાળો આદિ અને જે અગ્નિકાયને બુઝાવે છે તે પુરુષ અલ્પકર્મવાળો આદિ થાય છે ?

**ઉત્તર–** હે કાલોદાયી ! તે બે પુરુષોમાંથી જે પુરુષ અગ્નિકાયને પ્રજ્વલિત કરે છે, તે બહુતર પૃથ્વીકાયિક જીવોનો સમારંભ(વધ) કરે છે, બહુતર અપ્કાયિક જીવોનો સમારંભ કરે છે, અલ્પતર તેજસ્–કાય જીવોનો સમારંભ કરે છે, બહુતર વાયુકાયિકજીવોનો સમારંભ કરે છે, બહુતર વનસ્પતિકાયિક જીવોનો સમારંભ કરે છે, બહુતર ત્રસકાયિક જીવોનો સમારંભ કરે છે.

જે પુરુષ અગ્નિને બુઝાવે છે, તે અલ્પતર પૃથ્વીકાયિક જીવોનો સમારંભ કરે છે, અલ્પતર અપ્કાયિક જીવોનો સમારંભ કરે છે, બહુતર અગ્નિકાયિક જીવોનો સમારંભ કરે છે, અલ્પતર વાયુકાયિક જીવોનો સમારંભ કરે છે, અલ્પતર વનસ્પતિકાયિક જીવોનો સમારંભ કરે છે અને અલ્પતર ત્રસકાયિક જીવોનો સમારંભ કરે છે.

તેથી હે કાલોદાયી ! જે પુરુષ અગ્નિકાયને પ્રજ્વલિત કરે છે તે પુરુષ મહાકર્માદિવાળો અને જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે પુરુષ અલ્પકર્મવાળો આદિ હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અગ્નિ પ્રજ્વલિત કરવી અને બુઝાવવી તે બંને ક્રિયામાંથી કઈ ક્રિયા વિશેષ કર્મબંધનું કારણ બને છે, તે વિષયને સ્પષ્ટ કર્યો છે.

અગ્નિને પ્રજ્વલિત કરવાથી અનેક અગ્નિકાયિક જીવોની ઉત્પત્તિ થાય છે, તેમાંથી સર્વ જીવોનો વિનાશ ત્યારે જ થતો નથી, અલ્પ અગ્નિકાયના જીવોનો જ વિનાશ થાય છે. તેવું કેવળજ્ઞાનીઓનું કથન છે. તે જીવ અગ્નિકાયને પ્રજ્વલિત કરવા માટે અનેક પૃથ્વી, પાણી, વાયુ વનસ્પતિ અને ત્રસજીવોનો વિનાશ કરે છે અને પ્રજ્વલિત અગ્નિ પણ નિરંતર પૃથ્વી આદિ અનેક જીવોનો વિનાશ કરે છે. આ રીતે અગ્નિને પ્રજ્વલિત કરનાર વ્યક્તિ અલ્પ અગ્નિકાયના જીવોનો અને શેષ પાંચ કાયના બહુ જીવોનો વિનાશ કરે છે. તેની મહાહિંસા જ તેને મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવ અને મહાવેદનાનું કારણ બને છે.

જ્યારે અગ્નિને બુઝાવવાથી અગ્નિકાયના સર્વ જીવોનો વિનાશ થાય, પરંતુ શેષ પાંચ કાયના અલ્પ જીવોનો જ વિનાશ થાય છે અને બુઝાયેલી અગ્નિમાં પૃથ્વી આદિના આરંભની પરંપરા પણ અટકી જાય છે.

સમગ્ર રીતે જોતાં અગ્નિ પ્રજ્વલિત કરવાની અપેક્ષાએ બુઝાવવાની ક્રિયા અલ્પહિંસક છે, તેથી અગ્નિ બુઝાવનાર જીવ પ્રજ્વલિત કરનારની અપેક્ષાએ અલ્પકર્મ, અલ્પક્રિયા, અલ્પાશ્રવ અને અલ્પ–વેદનાવાળા થાય છે.

## પ્રકાશમાન પુદ્ગલો :–

**૧૫ अत्थि णं भंते ! अचित्ता वि पोग्गला ओभासंति, उज्जोवेंति, तवेंति, पभासेंति? हंता, अत्थि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શું અચિત્ત પુદ્ગલ પણ અવભાસિત–પ્રકાશયુક્ત હોય છે, તે વસ્તુઓને ઉદ્યોતિત કરે છે, તાપ આપે છે(સ્વયં તપે છે) અને દાહકરૂપ હોવાથી પોતે ચળકે છે ?

**ઉત્તર–** હા, કાલોદાયી ! અચિત્ત પુદ્ગલ પણ પ્રશ્નોક્ત સર્વ ક્રિયા કરે છે.

**૧૬ कयरे णं भंते ! अचित्ता वि पोग्गला ओभासंति** *जाव* **पभासेंति ?**

**कालोदाई ! कुद्धस्स अणगारस्स तेयलेस्सा णिसट्ठा समाणी दूरं गया, दूरं णिपतति, देसं गया देसं णिपतति, जहिं जहिं णं सा णिपतति, तहिं तहिं णं ते अचित्ता वि पोग्गला ओभासंति** *जाव* **पभासेंति । एएणं कालोदाई ! ते अचित्ता वि पोग्गला ओभासंति** *जाव* **पभासंति ।**

**શબ્દાર્થ :– ओभासंति** = પ્રકાશિત થાય છે **उज्जोवेंति** = વસ્તુને પ્રકાશિત કરે છે **तवेंति** = વસ્તુને તપાવે છે **पभासंति** = વસ્તુને પ્રભાસિત કરે છે **णिसट्ठा** = કાઢીને **णिपतति** = પડે છે.

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કયા પુદ્ગલ અચિત્ત હોવા છતાં પણ પ્રકાશ, તાપ, ચળકાટ આદિથી યુક્ત હોય છે ?

**ઉત્તર–** હે કાલોદાયી ! કુપિત અણગારની તેજોલેશ્યા નીકળીને દૂર જાય છે, દૂર જઈને પડે છે. તેને જે સ્થાને પહોંચાડવી હોય તે સ્થાનમાં જઈને પડે છે; જ્યાં જ્યાં તે પડે છે, ત્યાં ત્યાં તે અચિત્ત પુદ્ગલ પણ અવભાસિત થાય છે ***યાવત્*** પ્રભાષિત થાય છે. તેથી હે કાલોદાયી ! અચિત્ત પુદ્ગલ પણ પ્રકાશયુક્ત, તાપયુક્ત, દાહક અને ચળકાટ આદિથી યુક્ત હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રકાશમાન પુદ્ગલોની પ્રરૂપણા કરી છે. જેમ અગ્નિ જીવોના શરીરરૂપ સચિત્ત પુદ્ગલ પ્રકાશ, તાપ, ઉદ્યોત આદિ કરે છે, તેમ શું અચિત્ત પુદ્ગલ પણ પ્રકાશમાન આદિ હોઈ શકે ? કાલોદાયી અણગારનો આ પ્રકારનો પ્રશ્ન છે. પ્રભુએ તેનો ઉત્તર દષ્ટાંત સહિત આપ્યો છે.

તેજોલબ્ધિવાન સાધુ દ્વારા છોડાયેલી તેજોલેશ્યાના પુદ્ગલ અચિત્ત હોવા છતાં તે દાહમય, તેજોમય, તાપમય અને ઉદ્યોતમય હોય છે.

## કાલોદાયી અણગારની અંતિમ આરાધના :–

**૧૭ तए णं से कालोदाई अणगारे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता बहूहिं चउत्थछट्ठट्ठम** *जाव* **अप्पाणं भावेमाणे जहा पढमसए कालास– वेसियपुत्ते** *जाव* **सव्वदुक्खप्पहीणं । ॥ सेवं भंते ! सेवं भंते ॥**

**ભાવાર્થ :–** તત્પશ્ચાત્ તે કાલોદાયી અણગારે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને બહુ ઉપવાસ છઠ, અઠ્ઠમ વગેરે તપ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતાં વિચરણ કરવા લાગ્યા. શતક–૧/૯માં વર્ણિત કાલાસ્યવેષી પુત્ર અણગારની જેમ ***યાવત્*** તેઓ સર્વ દુઃખોનો અંત કરનાર થયા. ॥ હે ભગવન્ ! આપ કહો છો તેમજ છે, આપ કહો છો તેમજ છે. ॥

**વિવેચન :–**

શતક–૧/૯માં કથિત પાર્શ્વપરંપરાના કાલાસ્યવેષીપુત્ર અણગારની જેમ કાલોદાયી અણગાર પણ અનેક વર્ષોની દીક્ષા પર્યાયનું પાલન કરી, અંતિમ સંલેખના, સાધના આદિ દ્વારા સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

**॥ શતક ૭/૧૦ સંપૂર્ણ ॥**

**શતક–૭ સંપૂર્ણ**

# ભગવતી સૂત્ર ભાગ–૨ સંપૂર્ણ

## પરિશિષ્ટ–૧

## મહાશિલાકંટક અને રથમુસલ સંગ્રામ પછીનું કથા વિવરણ :–

શક્રેન્દ્ર અને ચમરેન્દ્રની સહાયતાથી રાજા કોણિક વિજયને પામ્યા. રાજા ચેટકના બાણ નિષ્ફળ ગયા. ત્યારે અઢારે ગણરાજાઓ નાસીને પોત–પોતાના નગરમાં પેસી ગયા અને ચેડા રાજા પણ પોતાની નગરીમાં ચાલ્યા ગયા. ત્યાર પછી કોણિકે વૈશાલી નગરીને ઘેરી લીધી. યુદ્ધ વિરામ થવા છતાં બંને પક્ષે વૈરની ભાવના યથાવત્ રહી.

પરસ્પરની વૈરભાવનાની પરાકાષ્ટાએ યુદ્ધ પછી કોણે કેવા–કેવા કૃત્યો કર્યા અને તેનું અંતિમ પરિણામ શું આવ્યું ? આ વિષયમાં શ્રી નિરયાવલિકા સૂત્ર, શ્રી ભગવતી સૂત્ર તથા અન્ય આગમોમાં કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. **તીર્થંકર ચરિત્ર**ના આધારે અહીં પરિશિષ્ટરૂપે તે વિષયોનું આલેખન કર્યું છે.

**હલ્લ વિહલ્લ અને સેચનક ગંધહસ્તિ :–** દરરોજ રાત્રે સેચનક ગંધહસ્તિ ઉપર ચઢીને હલ્લ વિહલ્લ કોણિકની છાવણીમાં આવીને ઘણા સૈન્યનો વિનાશ કરવા લાગ્યા. એક દિવસ કોણિકે મંત્રીઓને કહ્યું કે આ હલ્લ વિહલ્લ આપણા સૈન્યને વિલુપ્ત કરી રહ્યા છે. તેને રોકવાનો કોઈ ઉપાય વિચારવો જોઈએ. મંત્રીઓએ કહ્યું કે જ્યાં સુધી હલ્લ વિહલ્લ સેચનક હસ્તિ ઉપર બેસીને આવે છે ત્યાં સુધી તેને કોઈ રીતે જીતી શકાશે નહીં. માટે યુક્તિપૂર્વક હાથીનો નાશ કરવો જોઈએ. મંત્રીઓએ તેના નાશ માટે ઉપાય શોધી કાઢ્યો કે "તેના આવવાના માર્ગમાં એક ખાઈ ખોદી તેમાં ખેરના અંગારા ભરવા, તેના ઉપર એવી રીતે આચ્છાદન કરવું કે જેથી તેને ખબર પડે નહીં. જ્યારે સેચનક વેગપૂર્વક દોડતો આવશે ત્યારે તે તેમાં પડશે અને મરણ પામશે." કોણિકને આ યુક્તિ ગમી ગઈ અને તેને શીઘ્ર અજમાવી.

રાત્રે હલ્લ વિહલ્લ ગર્વપૂર્વક નગરીમાંથી નીકળ્યા. માર્ગમાં અંગારાવાળી ખાઈ આવી. સેચનકે તરત જ વિભંગજ્ઞાનથી રાજા કોણિકની યુક્તિને જાણી લીધી અને ખાઈના કાંઠે ઊભો રહી ગયો. મહાપ્રયત્ન કરવા છતાં તે ખસ્યો નહીં. તેથી હલ્લ વિહલ્લે તિરસ્કારપૂર્વક હાથીને કહ્યું– અરે સેચનક ! તું અત્યારે ખરેખર ! પશુ થયો છે, તેથી જ કાયર થઈને ઊભો રહી ગયો છે. તારા માટે અમે પિતાની નગરી છોડી, વિદેશગમન કર્યું; બંધુ ત્યાગ કર્યો; તારા માટે અમે નાનાજી ચેટક રાજાને પણ મુશ્કેલીમાં મુક્યા. જે સ્વામીને વફાદાર રહે છે તેવા પ્રાણીઓને જ પાળવા શ્રેષ્ઠ છે પણ તારા જેવાનું પોષણ કરવું વ્યર્થ છે." આવા તિરસ્કારપૂર્વકના વચનો સાંભળીને નિમક હલાલી વફાદાર સેચનક હસ્તિએ હલ્લ વિહલ્લને પોતાની પીઠ પરથી નીચે ઉતાર્યા અને સ્વયં અંગારાની ખાઈમાં પડીને ઝંપાપાત કર્યો. કાપોતલેશ્યાના પરિણામોમાં મૃત્યુ પામીને તે સેચનક હસ્તિરત્ન પ્રથમ નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થયો.

હલ્લ વિહલ્લ બંને ભાઈઓએ વાસ્તવિકતા નિહાળી. નિર્દોષ પ્રાણીને તિરસ્કારપૂર્વકના વચનો કહીને આપણે મહાપાપનું કામ કર્યું છે માટે ધિક્કાર છે આપણને ! આપણે શું કર્યું ? ખરેખર આપણે પશુ તુલ્ય છીએ. પૂજનીય માતામહ–નાના ચેટકને મહાસંકટમાં નાંખી, બંધુના સૈન્યનો મહાવિનાશ કર્યો. હવે આપણે જીવવું યોગ્ય નથી અને જો જીવીએ તો પાપના પ્રાયશ્ચિત રૂપે પ્રભુ વીરના શિષ્ય થઈને સંયમી

જીવન જીવવું, અન્યથા જીવવું નથી. આ રીતે બંને કુમારોના વૈરાગ્યભાવને, સંયમ સ્વીકારવાના ભાવને કોઈ શાસન રસિક દેવીએ પોતાના અવધિજ્ઞાનથી જાણી લીધા. તે દેવીએ ભક્તિભાવે બંને કુમારોને પ્રભુના સમવસરણમાં પહોંચાડી દીધા. બંને કુમારોએ પરમાત્માના શ્રીમુખે સંયમનો સ્વીકાર કર્યો. તપ સંયમની આરાધના કરી આયુષ્ય પૂર્ણ કરી અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. દેવાયુ પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી બંને કુમારો મોક્ષગતિને પ્રાપ્ત કરશે.

**વૈશાલી નાશ :–** રાજા કોણિક, પ્રયત્ન કરવા છતાં વૈશાલીનો કોટ તોડી શક્યા નહીં; તેથી વૈશાલીને મેળવી શક્યા નહીં. તેમ છતાં તેમણે પ્રતિજ્ઞા કરી કે "જો હું આ નગરીને ગધેડા જોડેલા હળ વડે ન ખોદું તો મારે ભૃગુપાત કે અગ્નિ પ્રવેશ કરીને મરવું." આવી વિકટ પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે કોણિક મથી રહ્યો હતો.

યોગાનુયોગ તે સમયે કૂળવાળુક મુનિ ઉપર રુષ્ટમાન થયેલી દેવીએ આકાશમાં રહીને કહ્યું– "હે કોણિક! જો માગધિકા વેશ્યા કૂળવાળુક મુનિને મોહિત કરીને વશ કરે તો તું નગરીને ગ્રહણ કરી શકીશ." આ પ્રમાણે કહી દેવી અદશ્ય થઈ ગઈ. આ વચન સાંભળી રાજાએ મંત્રીને પૂછ્યું– માગધિકા વેશ્યા અને કુળવાળુક મુનિ કયાં મળી શકે ? તે સાંભળી મંત્રીએ કહ્યું– રાજન્ ! 'વેશ્યા આપના નગરમાં જ છે અને મુનિની જાણકારી મેળવી લેશું.' ત્યારપછી કોણિક અર્ધ સૈન્યને વૈશાલીના નિરોધ માટે મૂકીને અર્ધ સૈન્ય સાથે ચંપાનગરીમાં આવ્યો. વેશ્યાને બોલાવીને કહ્યું– હે ભદ્રે ! તું અનેક પુરુષોને વશ કરે છે. તારી સર્વ પ્રકારની કળાનો પ્રયોગ કરીને કૂળવાળુક મુનિને તારા પતિપણે કરીને લાવ." વેશ્યાએ રાજાના વચનનો સ્વીકાર કર્યો. રાજાએ વસ્ત્રાલંકાર વડે તેનો સત્કાર કરીને વિદાય આપી.

મુનિને ઠગવા માટે વેશ્યાએ દઢ શ્રાવિકાનું રૂપ ધારણ કર્યું. ત્યાં બિરાજીત એક આચાર્યને કૂળ–વાળુક મુનિના સમાચાર પૂછ્યા. આચાર્યે તેને શ્રાવિકા જાણીને સત્ય હકીકત પ્રગટ કરી.

કૂળવાળુક મુનિ એક આચાર સંપન્ન આચાર્યના અવિનીત શિષ્ય હતા. તેણે ગુરુની હિતશિક્ષાને સ્વીકારી નહીં અને ગુરુના પ્રત્યનીક બની ગયા. એકદા ઉજ્જયંતગિરિ ઉપરથી ગુરુ શિષ્ય નીચે ઉતરતા હતા. ત્યારે તેણે દુષ્ટ બુદ્ધિથી ગુરુને મારી નાંખવા એક મોટો પાષાણ ગબડાવ્યો. પાષાણના અવાજથી ગુરુદેવ શિષ્યના કાવતરાને જાણી ગયા. તત્કાલ ગુરુએ પોતાના બંને પગ પહોળા કર્યા એટલે તે પાષાણ તેની વચ્ચેથી નીકળી ગયો. પરંતુ શિષ્યના દુષ્કૃત્યથી ક્રોધિત થઈને તેઓએ શાપ આપ્યો કે હે પાપી ! જા, તું કોઈ સ્ત્રીના સંયોગે વ્રતભંગને પામીશ. ક્ષુલ્લક શિષ્યે કહ્યું, "ગુરુદેવ ! આપના શાપને હું વૃથા કરીશ. જ્યાં સ્ત્રી સંયોગ ન થાય તેવા અરણ્યમાં જ રહીશ." આ પ્રમાણે કહીને તે ગુરુને છોડીને જંગલમાં ચાલ્યો ગયો. તે નદીના કિનારે કાયોત્સર્ગ કરીને રહેતો, માસ–અર્ધમાસે જ્યારે કોઈ પથિક ત્યાંથી નીકળે ત્યારે કાયોત્સર્ગ પૂર્ણ કરીને પારણુ કરતો. આ રીતે મહિનાઓ વ્યતીત થયા. વર્ષાૠતુ આવી. નદીમાં પૂર આવ્યું. મુનિની રક્ષા થવી કઠિન બની ગઈ. ત્યારે અરિહંત ભક્ત દેવીએ ભક્તિથી તે પૂરને બીજી દિશામાં વાળી દીધું. તપસ્વીઓની રક્ષા સર્વત્ર થાય જ છે. ત્યારથી તે મુનિનું નામ કૂળવાળુક પ્રસિદ્ધ થયું છે. અત્યારે તે મહાતપસ્વી મુનિ તે નદીના નજીકના પ્રદેશમાં જ રહેલા છે.

મુનિના સમાચાર મળતાં જ વેશ્યા હર્ષિત થઈ. તરત જ તે સ્થાનમાં આવી. માયાપૂર્વક મુનિને

વંદન કરી અને બોલી, "હે તપસ્વીરાજ ! આપના દર્શનથી હું ધન્ય બની છું. આપ જેવા સાધુ સંતોની સેવા અને ધર્મારાધના તે જ મારા જીવનનું લક્ષ્ય છે. ઘણા પથિકો પાસેથી આપની મહત્તા સાંભળીને આજે આપના દર્શન માટે આવી છું. મારો મનોરથ સફળ થયો છે. હવે થોડા દિવસ અહીં રહીને આપની પર્યુપાસના કરીને સુપાત્રદાનનો લાભ લેવાની મારી ઈચ્છા છે. આપ કૃપા કરો અને મારી ભાવના પૂર્ણ કરો, મારી પાસે નિર્દોષ મોદક છે. મને લાભ આપો."

શ્રાવિકાની ભક્તિથી મુનિનું હૃદય દ્રવિત થયું. મોદક ગ્રહણ કર્યા અને પારણુ કર્યું. તે માયાવી શ્રાવિકાએ મોદકમાં ઔષધ મિશ્રિત કર્યું હતું. તેથી તેના આહારથી મુનિને અતિસાર[દસ્ત] થવા લાગ્યા. અતિસારની અધિક્તાથી મુનિ અત્યંત અશક્ત થઈ ગયા. તેને માટે હલનચલન કરવું પણ કઠિન થઈ ગયું. ત્યારે શ્રાવિકા પશ્ચાત્તાપ કરતાં બોલી, "તપસ્વીરાજ ! મારા આહારથી આપની સ્થિતિ આપત્તિગ્રસ્ત બની ગઈ છે. હવે હું આપને આ સ્થિતિમાં છોડીને જઈ શકીશ નહીં. આપની સેવા કરીને આપને સ્વસ્થ કરીને પછી હું જઈશ."

મુનિને સેવાની આવશ્યકતા હતી જ તેથી તે સમ્મત થઈ ગયા. વેશ્યા મુનિની સેવા કરવા લાગી. ક્રમશઃ અંગસ્પર્શ, રસવંતા ભોજન, મધુર આલાપ સંલાપ, રાગવર્ધક વ્યવહારથી મુનિનું ચિત્ત ચલાયમાન થઈ ગયું. ધીરે ધીરે વેશ્યા અને મુનિ દંપતી સંબંધે રહેવા લાગ્યા. વેશ્યાનું કામ સફળ થયું. પછી વેશ્યા મુનિને લઈને ચંપાનગરીમાં આવી અને કોણિકને કહ્યું– "રાજન્ ! આ કૂળવાળુક મુનિને હું પતિ કરીને લાવી છું. હવે આપની શું આજ્ઞા છે ?" રાજાએ કહ્યું– કૂળવાળુક ! વૈશાલી નાશ માટે ગમે તેમ કરીને પ્રત્યન કરો.

કૂળવાળુક વૈશાલીમાં ગયા. ફરતાં ફરતાં નગરીનું અવલોકન કર્યું. વૈશાલી નાશ ન થવામાં કયુ કારણ છે ? તેને શોધી કાઢ્યું. કૂળવાળુકે પોતાના અનુભવ જ્ઞાનથી જાણ્યું કે જ્યાં સુધી નગરીમાં મુનિસુવ્રત સ્વામીનો સ્તૂપ છે, ત્યાં સુધી આ નગરીનો નાશ શક્ય નથી. આ સ્તૂપ કોઈ ઉત્તમ નક્ષત્રમાં સ્થાપિત થયો હોવાથી તેના દ્વારા નગરીની રક્ષા થઈ રહી છે. હવે આ સ્તૂપનો નાશ કરવો.

કૂળવાળુકને નગરીમાં ફરતા જોઈને નગરજનોએ પોતાની વ્યથા મુનિ સમક્ષ પ્રગટ કરી. "હે ભગવન્ ! શત્રુઓથી ઘેરાયેલા અમે બહુ દુઃખી છીએ, ક્યાં સુધી અમારી આ સ્થિતિ રહેવાની છે ? આપ તપસ્વી છો, જ્ઞાની છો, કૃપા કરીને આ સ્થિતિ માટે કોઈ ઉપાય બતાવો."

કૂળવાળુકે કપટપૂર્વક આ તકને ઝડપી લીધી. નગરજનોને કહ્યું, "આપની પરિસ્થિતિ જોઈને મને પણ દુઃખ થાય છે. તેનો ઉપાય પણ મેં જાણી લીધો છે. તમારી નગરીમાં રહેલા આ સ્તૂપની સ્થાપના કોઈ આપત્તિજનક યોગમાં થઈ છે. તે સ્તૂપ રહેશે ત્યાં સુધી આ રાજ્ય પર સંકટ રહેવાનું છે. જો સ્તૂપ તૂટી જાય તો સંકટ દૂર થાય."

ધૂર્ત મુનિની વાત પર નગરજનોને વિશ્વાસ આવી ગયો. "વિનાશકાળે વિપરીત બુદ્ધિ" તે ન્યાયે બધા ભેગા મળીને સ્તૂપને તોડવા લાગ્યા.

કૂળવાળુકના પૂર્વે કરેલા સંકેતાનુસાર કોણિકનું સૈન્ય પાછળ હઠવા લાગ્યું; તેથી લોકોને કૂળ

વાલુકની વાત પરનો વિશ્વાસ દઢ બન્યો અને સ્તૂપને સંપૂર્ણ ભાંગી નાખ્યો. સ્તૂપનો નાશ થતાં જ કોણિકે વૈશાલીનો કોટ ભાંગી નાખ્યો અને નગરીમાં પ્રવેશ કરી તેનો સંપૂર્ણ નાશ કરી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી.

આ અવસર્પિણી કાલનું મહાયુદ્ધ બાર વર્ષના અંતે વિરામ પામ્યું.

**રાજા ચેટક :–** રાજા કોણિકે રાજા ચેટકને સંદેશ મોકલ્યો કે "તમે મારા પૂજનીય છો, હવે હું આપનું શું પ્રિય કરું ?" ચેટકે ખિન્ન હૃદયે કહ્યું, "હે રાજન્ ! તમે વિજયના ઉત્સવમાં ઉત્સુક છો, તથાપિ જરા વિલંબથી નગરીમાં પ્રવેશ કરજે. કોણિકે તે વચનનો સ્વીકાર કર્યો.

તે સમયે રાજા ચેટકની પુત્રી સુજ્યેષ્ઠાનો પુત્ર સત્યકી હતો. તે આકાશગમનની વિદ્યાનો ધારક હતો. તેણે વિચાર્યું કે મારા માતામહ–નાનાજીની પ્રજાને શત્રુઓ લૂંટી લે તે મારાથી કેમ જોવાય ? વિદ્યાના પ્રયોગથી મારે કોઈ પણ ઉપાય કરવો જોઈએ." સત્યકીએ તરત જ નિર્ણય કરીને નગરજનોને વિદ્યાપ્રભાવથી પુષ્પમાળાની જેમ નીલવાન પર્વત પર લઈ ગયો અને સર્વનું રક્ષણ કર્યું.

રાજા ચેટક સંસારની પલટાતી પરિસ્થિતિઓને જોઈને જીવનથી ઉદાસ બની ગયા. તેઓ મરવા માટે લોઢાની પૂતળીને ગળે બાંધીને અનશન કરીને જળાશયમાં કૂદી પડ્યા. તેમને ડૂબતા જોઈને ધરણેન્દ્રે પોતાનો સાધર્મિક જાણીને ઉપાડી લીધા અને પોતાના ભવનમાં લઈ ગયા. ત્યાં રાજા ચેટકે નિર્ભય બનીને અનશનની અંતિમ આરાધના કરી અને અંતે કાલધર્મ પામી દેવલોકમાં ગયા.

**રાજા કોણિક :–** એકદા પ્રભુ મહાવીર ચંપાનગરીમાં પધાર્યા. કોણિક પ્રભુના દર્શનાર્થે ગયો. ધર્મોપદેશ સાંભળી પ્રશ્ન પૂછ્યો– "હે પ્રભો ! જે ચક્રવર્તી જીવન પર્યંત ભોગ વિલાસમાં આસક્ત રહે છે તેની કઈ ગતિ થાય છે ?" ભગવાને કહ્યું– તે સાત નરકમાંથી કોઈ નરકમાં જાય છે. તેણે પુનઃ પ્રશ્ન કર્યો– "હે પ્રભો ! મારી કઈ ગતિ થશે ? ભગવાને કહ્યું– તું મરીને છઠ્ઠી નરકમાં જઈશ. હે પ્રભો ! હું સાતમી નરકમાં કેમ ન જઈ શકું ? પ્રભુએ કહ્યું, કોણિક ! તું ચક્રવર્તી નથી. તારો પાપાનુબંધ ચક્રવર્તી જેટલો તીવ્રતમ નથી. કોણિકની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી. તેણે વિચાર્યું કે હું કાંઈ ચક્રવર્તીથી અલ્પસામર્થ્યવાળો નથી. તરત જ લોખંડના સાત એકેન્દ્રિય રત્ન તૈયાર કરાવ્યા. પદ્માવતીને સ્ત્રીરત્ન માનીને, હસ્તિરત્ન વગેરે બીજા છ પંચેન્દ્રિય રત્નને કલ્પી લીધા. આ રીતે ચૌદ રત્નો હસ્તગત કરીને ભરતક્ષેત્રના છ ખંડને સાધવા નીકળ્યા. ક્રમશઃ તમિસ્રા ગુફા પાસે આવી દંડ વડે કપાટ પર ત્રણ વાર તાડન કર્યું. તેથી તમિસ્રા ગુફાના અધિષ્ઠાયક કૃતમાલ દેવ કોપિત થયા અને કહ્યું, ભરતક્ષેત્રમાં બાર ચક્રવર્તી થઈ ગયા છે, તું હવે કોણ છે ? કોણિકે પોતાનું અભિમાન છોડ્યું નહીં. કૃતમાલ દેવે કોણિકને ભસ્મીભૂત કરી નાંખ્યો અને મરીને છઠ્ઠી નરકે ગયો. પ્રભુના વચન યથાર્થ થયા. આ રીતે મહાસંગ્રામના વિજેતા પોતાના દુષ્કૃત્યોને ભોગવવા નરકગામી બન્યા.

કથા ગ્રંથોના આધારે વર્ણિત આ લેખનમાં સૂત્રથી કંઈ પણ ઓછું અધિક નિરૂપણ થયું હોય તો મિચ્છામિ દુક્કડં.......

## પરિશિષ્ટ–૨

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | અકર્કશ વેદનીય કર્મ | ૩૬૬ | | અનંતર–પરંપર ઉત્પન્નક | ૬૬ |
| | અકામ નિકરણ | ૩૮૬ | | અપરિત્ત | ૧૯૮ |
| | અકારણ દોષ | ૩૨૦ | | અપશ્ચિમ મારણાંતિક સંલેખના | ૩૩૩ |
| | **अक्खोवंजणवणाणुलेवणभूयं** | ૩૨૩ | | અપ્રદેશ–સપ્રદેશ | ૧૩૫ |
| | અગ્નિ પરિણામિત | ૩૩ | | અપ્રમાણ દોષ | ૩૧૯ |
| | અચરમ | ૨૦૧ | | અબાધાકાલ | ૧૮૮ |
| | અચક્ષુદર્શની | ૧૯૫ | | **अब्भक्खाणेणं** | ૯૮ |
| | અઢીદ્વીપનો પરિચય અને તેમાં સૂર્ય ચંદ્રની સંખ્યા | ૨૪ | | **अभेज्जकवयं** | ૪૦૨ |
| | **अणद्धे, अमज्झे, अपएसे** | ૧૦૮ | | અયન | ૨૦ |
| | **अणंत जीवा विविहसत्ता** | ૩૪૬ | | **अयणेपडिवज्जइ** | ૨૦ |
| | **अणंतर पच्छाकड समयंसि** | ૧૮ | | **अलिएणं** | ૯૮ |
| | **अणंतर पुरक्खड समयंसि** | ૧૮ | | અલ્પકર્મી નિર્મલ આત્મા | ૧૮૧ |
| | **अण्णमण्ण विवच्चासेणं** | ૩૦ | | અલ્પબહુત્વ (સ્થાનાયુ દ્રવ્ય, ક્ષેત્રાદિ) | ૧૧૯ |
| | અતિક્રાંત પ્રત્યાખ્યાન | ૩૩૧ | | અલ્પવેદના અલ્પનિર્જરા [અનુત્તર વિમાનવાસી દેવો] | ૧૭૩ |
| | અતિથિ સંવિભાગવ્રત | ૩૩૩ | | અલ્પવેદના મહાનિર્જરા [શૈલેશી અણગાર] | ૧૭૩ |
| | અદ્ધા પ્રત્યાખ્યાન | ૩૩૨ | | અલ્પાયુબંધ | ૮૪ |
| | અર્ધમાગધી ભાષા – શબ્દ વિચારણા | ૬૧ | | અવધિદર્શની | ૧૯૫ |
| | અનર્થદંડ વેરમણવ્રત | ૩૩૨ | | અવસર્પિણી કાલ | ૨૧ |
| | અનાગત પ્રત્યાખ્યાન | ૩૩૧ | | અસ્થિતકલ્પ | ૧૫૯ |
| | અનાદિ અનંત કર્મબંધ | ૧૮૫ | | **असब्भूएणं** | ૯૮ |
| | અનાદિ સાન્ત કર્મબંધ | ૧૮૫ | | **अहासुत्तं** | ૩૧૫ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | **अहिगरणी** (અધિકરણી) | ૩૦૬ | | ઉત્તરગુણ પ્રત્યાખ્યાન | ૩૩૧ |
| આ | **आउडिज्जमाणाइं** | ૪૭ | | **उत्तरड्ढे दाहिणड्ढे**નો પ્રસંગાનુકૂલ અર્થ | ૧૧ |
| | આણપ્રાણ | ૨૦ | | ઉત્સર્પિણી કાલ | ૨૧ |
| | આયુષ્યકર્મની સત્તા | ૪૦ | | ઉદય અસ્ત અને દિવસ રાત્રિનું કારણ | ૧૧ |
| | આયુષ્ય કર્મમાં વિશેષતા (કર્મ નિષેકમાં) | ૧૮૯ | | ઉદ્ધાર, પરિમાણ અને ઉત્પાદ | ૨૭૯ |
| | આયુષ્ય કર્મ સાથે બંધાતી પ્રકૃતિ | ૨૭૭ | | ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત | ૩૩૨ |
| | આયુષ્ય બંધ | ૩૬૨ | | **उवउत्ते अणुवउत्ते** | ૬૬ |
| | આયુષ્ય બંધના છ/બાર પ્રકાર | ૨૭૫ | | **उवगरणाइं** | ૭૧ |
| | આયુષ્ય વેદન | ૩૬૨ | | **उवसंतमोहा** | ૬૮ |
| | આયુષ્ય વેદન સંબંધી અન્યતીર્થિકોનું મંતવ્ય | ૩૯ | | **उसिणजोणिया** | ૩૪૪ |
| | આયુષ્ય વેદન સંબંધી પ્રભુનું મંતવ્ય | ૪૦ | | **उस्सुत्तमेव रीयइ** | ૩૧૫ |
| | આરંભ–પરિગ્રહ | ૧૨૩ | ઋ | ઋજુગતિ [એક સમયની] | ૩૦૨ |
| | **आरंभिया** આદિ પાંચ ક્રિયા | ૮૮ | એ | એક જ સમયે બે દિશામાં દિવસ કેમ ? | ૧૧ |
| | આરંભી હિંસા | ૩૦૭ | | એકેન્દ્રિયાદિમાં હાસ્યાદિનું સ્પષ્ટીકરણ | ૪૯ |
| | આવલિકા | ૨૦ | | **एग पएसियाए सेढीए** | ૨૩૫ |
| | **आहाकम्मं** | ૯૬ | | **एग पएसियाए सेढीए मोत्तूण** | ૨૫૪ |
| | આહારક–અનાહારક | ૩૦૧ | | **एयइ वेयइ चलइ फंदइ** | ૧૦૪ |
| | આહારક–અનાહારક | ૨૦૯ | | **एसियस्स** | ૩૨૨ |
| | આહાર દાનનો લાભ | ૩૦૮ | ઐ | ઐર્યાપથિક કર્મબંધ | ૧૮૫ |
| | આહાર ગુણોનું કોષ્ટક (શ્રમણના) | ૩૨૩ | | ઐર્યાપથિકી ક્રિયા | ૩૦૬ |
| ઈ | **इमे जीवा इमे अजीवा** | ૩૨૯ | ઓ | **ओगाहेज्जा** | ૧૦૫ |
| | **इहगए, तत्थगए अणत्थगए** | ૩૯૬ | અં | અંગારદોષ | ૩૧૯ |
| ઉ | **उग्गमुप्पायणेसणा** | ૩૨૨ | | અંડજ | ૩૫૮ |
| | ઉત્કરિકાભેદ | ૭૨ | | અંતરકાલની પરિભાષા | ૧૧૭ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| ક | **कम्मकरणे** | ૧૭૨ | ચ | **चयंति उवचयंति** | ૩૪૪ |
| | કર્કશ વેદનીય કર્મ | ૩૬૬ | | ચરમ કર્મ અને ચરમ નિર્જરા | ૬૪ |
| | કર્કશવેદનીય આદિનો તફાવત | ૩૬૮ | | ચક્ષુદર્શની | ૧૯૫ |
| | કર્મનિષેક | ૧૮૮ | | ચાતુર્યામ અને પંચમહાવ્રતરૂપ ધર્મ સ્વરૂપ | ૧૫૯ |
| | કર્મબંધ ગુણસ્થાનની અપેક્ષાએ | ૧૯૧ | | ચાર સમયની વિગ્રહગતિ | ૩૦૨ |
| | કામ | ૩૮૧ | | **चिक्कणीकयाइं** | ૧૬૯ |
| | કાલના સમસ્ત એકમોનું પરિમાણ | ૨૦ | | ચૌદ પૂર્વધારીની લબ્ધિ | ૭૨ |
| | કાલાતિક્રાંત દોષ | ૩૨૦ | | ચંપાનગરીનો ઐતિહાસિક પરિચય | ૬ |
| | **कासीकोसलगा** | ૪૦૧ | છ | **छारियभूयं** | ૮૯ |
| | **कुक्कुडीअंडग** | ૩૧૯ | જ | જીવ અને પ્રાણનો સંબંધ | ૨૯૨ |
| | કૃષ્ણરાજિ અંતર્ગતદ્રવ્ય | ૨૪૩ | | જીવની પર્યાયનો જીવ સાથેનો સંબંધ | ૨૯૨ |
| | કૃષ્ણરાજિના પર્યાયવાચીનામ | ૨૪૩ | | જીવનું સ્વરૂપ | ૨૯૧ |
| | કૃષ્ણરાજિનું સ્વરૂપ અને સંખ્યા | ૨૪૨ | | **जोणिओ गब्भं साहरेइ** | ૫૨ |
| | કૃષ્ણરાજિનો વિસ્તાર | ૨૪૩ | ણ | **णवकोडी परिसुद्धं** | ૩૨૨ |
| | કેવળદર્શની | ૧૯૫ | | **णिट्ठियाइं कयाइं** | ૧૬૯ |
| | કેવલી પાક્ષિક | ૬૩ | | **णेवत्थि ओसप्पिणी** | ૨૦ |
| | કોટિ સહિત પ્રત્યાખ્યાન | ૩૩૧ | | **णो इत्थी णो पुरिस णो णपुंसओ** | ૧૯૧ |
| | **कोडाकोडी** | ૨૬૪ | ત | તમસ્કાય અંતર્ગત દ્રવ્ય | ૨૩૬ |
| | કંપન | ૧૦૩ | | તમસ્કાયના પર્યાયવાચી નામ | ૨૩૭ |
| | ક્રિયા | ૩૦૫ | | તમસ્કાયનું સંસ્થાન | ૨૩૬ |
| ખ | **खिलीभूयाइं** | ૧૬૯ | | તમસ્કાયનું સ્વરૂપ | ૨૩૪ |
| | **खुब्भइ उदीरइ** | ૧૦૪ | | તમસ્કાયનો ઉદ્‌ભવ અને અંત | ૨૩૫ |
| ગ | ગણનાકાલ | ૨૬૦ | | તમસ્યકાયનો વિસ્તાર અને વિશાળતા | ૨૩૬ |
| | **गाढीकयाइं** | ૧૬૯ | | **तहारूवं समणं वा माहणं वा** | ૮૪ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | તાપ દિશા | ૮ | | પરમાણુની ત્રિપ્રદેશી સ્કંધ સાથે સ્પર્શના | ૧૧૧ |
| | ત્રણ સમયની વિગ્રહગતિ | ૩૦૨ | | પરમાણુનું અંતર | ૧૧૭ |
| દ | દિગ્વ્રત | ૩૩૨ | | પરમાવધિજ્ઞાની | ૩૮૩ |
| | દીર્ઘાયુબંધ (અશુભ અને શુભ) | ૮૪ | | પરિત્ત | ૧૯૮ |
| | દિવસ રાત્રિની કાલગણના અને સૂર્યના માંડલા | ૧૪ | | પરિમાણકૃત પ્રત્યાખ્યાન | ૩૩૨ |
| | દેસાવગાસિક વ્રત | ૩૩૨ | | પર્યાપ્ત–અપર્યાપ્ત | ૬૬ |
| | દ્રવ્યગત પુદ્‌ગલ સ્થિતિ | ૧૧૪ | | **पविद्धंसइ / विद्धंसइ** | ૨૫૮ |
| | દ્વિપ્રદેશી સ્કંધનું અંતર | ૧૧૭ | | પુદ્‌ગલ કંપનના ભંગની ચાવી | ૧૦૩ |
| | દ્વીપ સમુદ્રોનો આકાર | ૨૭૮ | | પુદ્‌ગલની સ્પર્શનાના નવ વિકલ્પ | ૧૧૧ |
| | દ્વીપ સમુદ્રોનો જલસ્વભાવ | ૨૭૮ | | પૂર્વ પ્રયોગ (મુક્ત જીવની ગતિનું કારણ) | ૩૧૨ |
| | દ્વીપ સમુદ્રોમાં વરસાદ | ૨૭૮ | | **पुव्वभावपण्णवणं** | ૩૩ |
| | દ્વીપ સમુદ્રોનો વિસ્તાર | ૨૭૮ | | પૃથ્વીકાય આદિની સ્થિતિ | ૩૫૬ |
| | દ્વીપ સમુદ્રોની સંસ્થિતિ | ૨૭૮ | | પૃથ્વીકાય આદિનો નિર્લેપન કાળ | ૩૫૬ |
| ધૂ | ધૂમદોષ | ૩૧૯ | | પોતજ | ૩૫૮ |
| ન | નિધત્ત–નિયુક્ત | ૨૭૪ | | પૌષધોપવાસ વ્રત | ૩૩૩ |
| | નિર્યંત્રિત પ્રત્યાખ્યાન | ૩૩૧ | | **पंचमहव्वयाइं सपडिक्कमणं धम्मं** | ૧૫૯ |
| | નિરવશેષ પ્રત્યાખ્યાન | ૩૩૨ | | પ્રકામ નિકરણ | ૩૮૬ |
| | નિરિન્ધનતા(મુક્ત જીવની ગતિનું કારણ) | ૩૧૨ | | પ્રમાણાતિક્રાંત દોષ | ૩૨૦ |
| | નિર્જરા | ૩૫૨ | બ | **बज्झंति चिज्जंति** આદિ | ૧૮૨ |
| | નિઃસંગતા (મુક્ત જીવની ગતિનું કારણ) | ૩૧૨ | | **बाहिरए पोग्गले** | ૩૯૬ |
| | નીરાગતા(મુક્ત જીવની ગતિનું કારણ) | ૩૧૨ | | **बिलमिवपण्णगभूएणं** | ૩૨૩ |
| | નૈરયિકોની વિકુર્વણા | ૯૪ | | બે સમયની વિગ્રહ ગતિ | ૩૦૨ |
| પ | પરમાણુની પરમાણુ સાથે સ્પર્શના | ૧૧૧ | | **बोहिं बुज्झइ** | ૩૦૯ |
| | પરમાણુની દ્વિપ્રદેશી સ્કંધ સાથે સ્પર્શના | ૧૧૧ | | બંધચ્છેદ (મુક્ત જીવની ગતિનું કારણ) | ૩૧૨ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | બંધસ્થિતિ | ૧૮૮ | | વાયુ વહેવાના ત્રણ કારણોમાં વાચનાંતર | ૩૨ |
| ભ | ભવી અભવી સાથે નારકાદિનો સંબંધ | ૨૯૨ | | વિગ્રહગતિ (બે–ત્રણ–ચાર સમયની) | ૩૦૨ |
| | ભાવગત પુદ્ગલ સ્થિતિ | ૧૧૫ | | **विपरिणामियाइं** | ૧૬૯ |
| | ભોગ | ૩૮૧ | | વિષમ સંખ્યક સ્કંધ | ૧૦૮ |
| મ | **मणोदव्ववग्गणाओ लद्धाओ....** | ૬૮ | | **वीरिय सजोग सद्दव्वयाए** | ૭૧ |
| | **महाकम्मे – महाकिरिए** આદિ | ૧૮૨ | | વૃદ્ધિ–હાનિ અને અવસ્થિતિ | ૧૪૨ |
| | મહાકર્મી મલિન આત્મા | ૧૮૧ | | વેદના | ૩૫૨ |
| | મહાવેદના–અલ્પનિર્જરાની ચૌભંગી (સદષ્ટાંત) | ૧૭૪ | | વેદનીય કર્મની સ્થિતિ | ૧૮૯ |
| | મહાવેદના મહાનિર્જરા મહાપર્યવસાન | ૧૬૯ | | **वेरमणेणं–विवेगेणं** | ૩૬૬ |
| | **महासिलाकंटक संगामे** | ૪૦૧ | | **वेलं णाइक्कमइ** | ૨૯ |
| | **माई मिच्छादिट्ठी अमाई सम्मदिट्ठी** | ૬૬ | | **वोच्छिण्णा** (ક્રોધાદિ) | ૩૧૫ |
| | **माणं पमाणं पण्णायए** | ૧૫૫ | | **वेसियस्स** | ૩૨૨ |
| | મારણાંતિક સમુદ્ઘાતનું ક્ષેત્ર પ્રમાણ | ૨૫૫ | | શબ્દ–અશબ્દ પરિણત પુદ્ગલ સ્થિતિ | ૧૧૫ |
| | મારણાંતિક સમુદ્ઘાત સહિત કે રહિત ગતિ | ૨૫૪ | | શબ્દ–અશબ્દ પરિણત પુદ્ગલનું અંતર | ૧૧૮ |
| | માર્ગાતિક્રાંત દોષ | ૩૨૦ | | શાશ્વતા–અશાશ્વતાનો તફાવત (બીજા અને ત્રીજા ઉદ્દેશકમાં) | ૩૪૦ |
| | મિશ્રદષ્ટિમાં આયુષ્ય બંધનો અભાવ | ૧૯૩ | | શ્રમણોની નિર્જરાની શ્રેષ્ઠતા | ૧૬૮ |
| | મૂળગુણ પ્રત્યાખ્યાન | ૩૩૧ | | શ્રમણોની સાંપરાયિકી ક્રિયા | ૩૧૪ |
| ય | યોનિસંગ્રહ | ૩૫૭ | | શ્રમણોપાસકની સાંપરાયિકી ક્રિયા | ૩૦૬ |
| લ | લવણસમુદ્રનું સંક્ષિપ્ત વર્ણન | ૩૬ | | શ્રાવક વ્રતમાં આગાર | ૩૦૭ |
| વ | **वक्कमंति विउक्कमंति** | ૩૪૪ | ષ | ષડ્વિધ આયુષ્યબંધ | ૨૭૫ |
| | **वज्जी विदेहपुत्ते** | ૪૦૧ | સ | **सअड्ढे, समज्झे, सपएसे** | ૧૦૭ |
| | વર્ણાદિ પરિણામના પચ્ચીસ ભંગ | ૨૮૪ | | સકંપ નિષ્કંપ પુદ્ગલનું અંતર | ૧૧૮ |
| | વર્ષાઋતુમાં વનસ્પતિના વધુ આહારના કારણો | ૩૪૪ | | **सत्थातीयस्स सत्थपरिणामियस्स** | ૩૨૨ |
| | **ववगय चुय चइय** | ૩૨૨ | | સપ્રદેશી–અપ્રદેશીની પદ્ગલોનો પરસ્પર સંબંધ | ૧૩૫ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | સમય | ૨૦ | | સંજ્ઞા દશ પ્રકારની–પરિભાષા | ૩૯૦ |
| | સમસંખ્યક સ્કંધ | ૧૦૮ | | સાંપરાયિક કર્મબંધ | ૧૮૫ |
| | સમુદ્‌ઘાત રહિતનું મરણ | ૨૫૪ | | સાંપરાયિકી ક્રિયા | ૩૦૬ |
| | સમુદ્‌ઘાત સહિતનું મરણ | ૨૫૪ | | સ્થાનાયુ (દ્રવ્યાદિ) | ૧૧૯ |
| | સાગાર–અનાગાર પ્રત્યાખ્યાન | ૩૩૨ | | સ્થિત કલ્પ–અસ્થિત કલ્પ | ૧૫૯ |
| | સાદિ સાન્ત કર્મબંધ | ૧૮૫ | હ | હરિણૈગમેષી દેવનો સંક્ષિપ્ત પરિચય | ૫૨ |
| | સામાયિક વ્રત | ૩૩૨ | | **हेउं–हेउणा, अहेउं अहेउणा** | ૧૨૫ |
| | **सामुदाणियस्स** | ૩૨૩ | | હેતુ–અહેતુ (આશ્રવ સંવર અર્થમા) | ૧૨૫ |
| | **सावए उवासए** | ૬૩ | | હેતુ–અહેતુ જ્ઞાન દષ્ટિએ | ૧૨૬ |
| | **सिढिलीकयाइं** | ૧૬૯ | ક્ષ | ક્ષેત્રગત પુદ્‌ગલ સ્થિતિ | ૧૧૫ |
| | **सिलिट्ठीकयाइं** | ૧૬૯ | | ક્ષેત્રદિશા | ૮ |
| | સુખ–દુઃખાદિને બહાર બતાવવા | ૨૮૯ | | ક્ષેત્રાતિક્રાંત દોષ | ૩૨૦ |
| | **सुणेइ, जाणइ–पासइ** | ૪૭ | | | |
| | **सुपच्चक्खायं** | ૩૨૯ | | | |
| | સુષમસુષમા કાલના ભાવ | ૨૬૫ | | | |
| | સૂર્યના ઉદય અસ્તનો વ્યવહાર | ૧૦ | | | |
| | સૂર્યના સીમિત પ્રકાશનું કારણ | ૧૧ | | | |
| | સૂર્ય મંડલની અપેક્ષાએ દિવસ રાત્રિનું પરિમાણ | ૧૬ | | | |
| | સોપચય સાપચય આદિ ચાર વિકલ્પ | ૧૪૬ | | | |
| | સોપચય સાપચય આદિ ભંગ અને સ્થિતિ (જીવોમાં) | ૧૪૭ | | | |
| | સંકલ્પી હિંસા | ૩૦૭ | | | |
| | **संजमजायामायावत्तियं** | ૩૨૩ | | | |
| | સંમૂર્ચ્છિમ | ૩૫૮ | | | |
| | સંયોજના દોષ | ૩૧૯ | | | |

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org